કૃષ્ણચરિત્ર.

૨-૮

कृष्णचरित्र

બાબુ બંકિમચન્દ્રના મૂળ બંગાળી ઉપરથી

ભાષાન્તરકર્તા

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ., એલ્. એલ્. બી., જે. પી.,

ચીફ જજ, પ્રેસિડેન્સી સ્મૉલકૉઝ કોર્ટ,—મુંબાઈ.

ત્રીજી આવૃત્તિ—પ્રત ૧૦૦૦.

સંવત્ ૧૯૮૦—ઈ. સ. ૧૯૨૪.

પ્રસિદ્ધકર્ત્તા—કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી,
ઠેકાણું-નંબર ૧ કાંદાવાડી. મુંબઈ.

અમદાવાદ
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિંટિંગ પ્રેસમાં,
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

મૂલ્ય રૂ ૨-૪-૦

पादाङ्गं सन्धिपर्वाणं स्वरव्यञ्जनभूषणम् ।
यमाहुरक्षरं दिव्यं तस्मै वागात्मने नमः ॥

शान्तिपर्व ४७ अध्याय.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

આ ભાષાંતર મે આજથી પાંચ વર્ષ ઉપર પૂરું કરેલું અને ત્યારપછી થોડે વખતે પ્રસિદ્ધ કરવાને રા રા ભગુભાઈ ફતેહચંદ કારભારીના હાથમાં તેમની માગણી ઉપરથી મૂકેલું છપાઈ બહાર પડતા આટલી લાંબી ઢીલ થઈ ને મજકૂર પ્રકાશકની કામ કરવાની ધાટીનું એક દૃષ્ટાંત આપે છે.

મર્હૂમ બાબુ બંકિમચંદ્રની ઓળખાણ વાચકને કરાવવાની જરૂર નથી "વંદે માતરમ્" કાવ્યના બનાવનાર તરીકે હિન્દુસ્તાનના નાનાસરખા ખૂણામાં પણ એ સમર્થ વિદ્વાને આજે નામના તથા યશ મેળવ્યા છે માત્ર વાર્તાઓ લખવા સિવાય પણ ધર્મ ઉપર એમણે બે મોટા જાણીના ગ્રંથ લખ્યા છે એક 'કૃષ્ણચરિત્ર' અને બીજો 'ધર્મતત્ત્વ' કૃષ્ણને સંબંધે એકલા ગુજરાતમાં જ નહિ, પણ આખા દેશમાં એવી ગેરસમજ ચાલે છે કે જે પુસ્તકનું અત્રે ભાષાંતર કર્યું છે તે વાંચતાં મને એમ થયું કે એમાં સમાવેલો મજકૂર કોઈ રીતે ગુજરાતી વાંચનાર આલમ સમક્ષ મુકાય તો તે ગેરસમજ ઘણે દરજ્જે ઓછી થાય. કૃષ્ણચરિત્રના એકેએક બનાવનું બંકિમ બાબુએ શાસ્ત્રીય રીતે સંશોધન કરી, ઇતિહાસના પૂરાવા વડે સાબિત કરી આપ્યું છે કે તેમાં સત્યાસત્યનો ભાગ કેટલો છે, તેના પર લોકવાયકાને લીધે મિથ્યાત્વના કેટલા પડ બાઝી ગયા છે, અને પહેલેથી તે છેલ્લે સુધી બારીક નજરે નિરીક્ષણ કરતાં કૃષ્ણને અંગે અંગે અયોગ્ય વર્તન અથવા તો ગેરરીતની રહેણીકરણીનો એક તલ જેટલો પણ કાળો ડાઘ બેસે તેવું કેટલું છે. બંકિમ બાબુની વિદ્વત્તા, તેમનું પાણ્ડિત્ય, અને ઇતિહાસ, પુરાણ તથા ધર્મનું ઊંડું જ્ઞાન, આ ભાષાંતર વાંચનારને સહજ જણાઈ આવશે. વળી એવા એક વિરલ પુરુષની ગુજરાતી સાહિત્યને પીછાન કરાવવાની મારી બીજી મતલબ પણ આ ભાષાંતરથી પાર પડશે.

પુસ્તકમાં જણાવેલા અભિપ્રાયના ગુણદોષનું તોલન વાચક પોતે

જ કરશે. એ અભિપ્રાય બકિમ બાબુના છે, મારા તરફથી તેમા મે કોઈ પણ પ્રકારનો સુધારોવધારો કર્યો નથી

આ પુસ્તકમા ઠેકાણે ઠેકાણે મહાભારતમાથી ઉતારા કરવામા આવ્યા છે બગાળીમા કાળીપ્રસન્નસિહનો મહાભારતનો અનુવાદ એક ઉત્તમ ગ્રથ છે એ અનુવાદ એવી રમીલી ને રહેલી ભાષામા લખવામા આવ્યો છે કે તે વાચતા સહજ પણ કટાળો છૂટતો નથી પરતુ તેનો મોટામા મોટો ગુણ તેની શુદ્ધતા છે, ભાષાતર અક્ષરશ ખરૂ છે આપણે કમનસીબે ગુજરાતી ભાષામા તેવુ કશુ નથી મે કેટલીક જગ્યાએ મહાભારતના તરજુમા માટે થોડા વર્ષ ઉપર પ્રસિદ્ધ થયલા ભારતાર્થપ્રકાશની મદદ લીધી છે જ્યારે એ પુસ્તક પ્રસિદ્ધ થયુ ત્યારે અલબત્ત એવા ભાષાતરની ખોટ હતી, અને તેથી તેટલે દરજ્જે એ પુસ્તક આવકાર આપવા લાયક ગણાય ખરૂ, બાકી એક શુદ્ધ ભાષાતર તરીકે તો એ કદિ લેખાય જ નહિ. એમા ઠેકાણેઠેકાણે ભૂલો રહી ગઈ છે, કેટલાક શ્લોકોનુ તો ભાષાતર થયુ જ નથી, માત્ર ભાવાર્થ જ અપાયો છે, અને કેટલીક જગ્યાએ કા તો અર્થરહિત ભાષા વપરાઈ છે, અથવા તો અર્થનો અનર્થ થઈ ગયો છે પરતુ મારે જ્યા જ્યા શુદ્ધ ભાષાતરને બદલે માત્ર ભાવાર્થ લીધાથી જ કામ સરે એવુ હતુ ત્યા ત્યા મે એ ભારતાર્થપ્રકાશની માળામાથી ઉતારા કર્યા છે. ‘ગુજરાતી’ છાપખાનાનુ મહાભારતનુ ભાષાતર મારે ઉપયોગમા આવે તેના કરતા ઘણુ મોડુ બહાર પડ્યુ. એ ભાષાતર ભારતાર્થપ્રકાશ કરતા દરેક બાબતમા ચઢીઆતુ છે, અને તેનો લાભ મારાથી પૂરેપૂરો લેવાયો નહિ—છતા જ્યા બની શક્યુ ત્યાં તો સ્હેજસ્હાજ પણ લીધો છે,—એ હુ મારૂ કમનસીબ અને આ પુસ્તકની ખામી સમજુ છુ

આ પુસ્તકના પ્રુફ તપાસવામા તથા કેટલીક જગ્યાએ જરૂરના ફેરફાર સૂચવવામા મારા મોટા ભાઈ રા. મોતીલાલે મદદ આપેલી છે તે ઉપકાર સાથે અત્રે સ્વીકારૂ છુ

મુબઈ
તા૦ ૨૯ મી એપ્રિલ ૧૯૦૮ } કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આજથી દોઢ બે વર્ષ ઉપર કૃષ્ણચરિત્રની પહેલી આવૃત્તિ પૂરી થઈ જવાથી અને ત્યાર બાદ એ પુસ્તકની વારવાર માગણી થતી હોવાથી આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની જરૂર પડી છે આ આવૃત્તિમા આગલી આવૃત્તિ કરતા ઘણો સુધારો કરવામા આવ્યો છે, અસલ જોડે ફરીથી લીટીએ લીટી સરખાવી યોગ્ય ફેરફાર કર્યો છે. અસ્પષ્ટતા હતી ત્યા સ્પષ્ટતા આણવા પ્રયત્ન કર્યો છે, જૂની આવૃત્તિમાનો કેટલોક ભાગ વાચકને અશ્લીલ જેવો લાગતો હશે એમ ધારી કાઢી નાખ્યો છે, અને સસ્કૃત શ્લોકો વગેરેનો તરજુમો જેમ બને તેમ શુદ્ધ કરવા કોશિશ કરી છે, જેને પરિણામે આ આવૃત્તિ આગલીના કરતા ઘણે ભાગે વધારે ઉપયોગી નિવડવા સભવ છે

આ બીજી આવૃત્તિના સબધમા મારા પોતાના તરફથી ઘણો ઓછો શ્રમ લેવામા આવ્યો છે, કારણ અસલ બગાળી જોડે ભાષાતરનો મુકાબલો કરવાનુ કામ, ભાષાને સ્પષ્ટ કરવાનુ કામ, સસ્કૃત શ્લોક વગેરેના તરજુમાની શુદ્ધિ અશુદ્ધિ ઇત્યાદિ જોવાનુ કામ અને પ્રૂફ તપાસવાનુ કામ, ટૂકામા આખા પુસ્તકને સુધારી ફરી પ્રસિદ્ધ કરવાનુ કામ મારા વડીલ બધુ રા મોતીલાલને માથે મે નાખ્યુ હતુ અને એ કટાળાભરેલુ કામ તેમણે ઘણી ઝીણવટથી અને બિલકુલ વગર ફરીઆદે કરી મારા ઉપર જે આભાર કર્યો છે તેનો બદલો વાળી શકાય તેમ નથી. તેમનુ સસ્કૃતનુ જ્ઞાન જેવુ ઉચ્ચ છે તેવુ જ ગુજરાતીનુ છે, અને જોડે જોડે બગાળી ભાષા ઉપરનો કાબુ પણ તેવો જ છે

આ આવૃત્તિમા એક નવીન તત્ત્વ ઉમેરાયુ છે, તે મારા મિત્ર રા. મનસુખલાલ રવજીભાઈ મહેતા તરફથી શરૂઆતમા છપાયલા "ગવેષણ"(observations)નુ છે એ જાણીતા જૈન લેખકે શ્રી કૃષ્ણનુ ચરિત્ર જૈન તેમ જ જૈનેતર તરીકે પણ તપાસ્યુ છે, અને જો કે તે વાચતા વાચકને તેમની ભાષા કઈક મહેનત આપે એવી લાગશે

તો પણ એ લેખ પૂરો વાચ્યા બાદ તેમની વિદ્વત્તા, તેમના બહોળા વાચન અને તેમની તર્કશકિત માટે ઉંચો ખ્યાલ આવ્યા વિના રહેશે નહિ, એમ હું ધારૂ છુ

ભરૂચ
તા ૫મી જુન ૧૯૧૫ } કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

છેલ્લા બાર મહીના થયા કૃષ્ણચરિત્રની બીજી આવૃત્તિની પ્રતિ બધી ખપી ગયલી હોવાથી તરતમા ફરી ત્રીજી આવૃત્તિ બહાર પાડવાની જરૂર હતી પરતુ એ તકનો લાભ લઈ મૂળ બગાળી સાથે ગુજરાતી ભાષાન્તર ફરી તપાસી જવાય તો ઠીક એમ ધારી, તે કામ, કલકત્તામા રહેતા બગાળી ભાષાના ઉત્તમ પરિચયવાળા રા કાન્તિલાલ મુગટલાલ ધોળકીયા એમ એ, એમને સોપતા, પુસ્તક પ્રસિદ્ધ થતા જરા વિલબ થયો તેમણે કેટલીક જગ્યાએ ફેરફાર સૂચવેલા તે અમલમા આણ્યા છે

ભાઈ અબાલાલ બુલાખીરામ જાની, બી એ, એમણે ખાસ વખત કાઢી પ્રૂફ તપાસવામા મદદ કરી છે, તેમનો મારા ઉપર ઉપકાર થયો છે

મુબઇ
તારીખ ૮મી ઓકટોબર ૧૯૨૪ } કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

ગવેષણ

Lives of great men all remind us
We can make our lives sublme

Longfellow.

જગત પાસે પોતાનો આજ સુધીનો જે ઇતિહાસ છે તેમા મનુષ્ય-સ્વભાવને વિશેષમા વિશેષ ક્ષોભ લાગવાના કોઈ પ્રસગો આવ્યા દેખાતા હોય તો તેની સખ્યા માત્ર બેની જ છે એક આ દિવસોમા અપૂર્વ યુદ્ધ–unprecedented war–તરીકે ઓળખાતુ જર્મન પ્રજા સાથે યૂરોપમા હમણા ચાલતુ અસાધારણ યુદ્ધ, અને બીજુ ભારતમા થઈ ગયલુ મહાભારત યુદ્ધ મહાભારતના યુદ્ધમા સૌથી અગ્રપદ ધરાવનાર પુરૂષ કે જેને અતિમ આપ્તુ–મી૦ રાઇસ ડેવીડ્સ શાક્યસિહ બુદ્ધને જે લાગુ પાડે છે તે શબ્દો–હિન્દુઓમા મોટામા મોટા અને ડાહ્યામા ડાહ્યા–Wisest and Greatest of Hindus–લાગુ પાડે છે તે પુરૂષ શ્રી કૃષ્ણ છે ઉપર મૂકેલ કવિવચન પ્રમાણે જો મોટા પુરૂષના જીવન આપણા જીવન ઉચ્ચ રચવાનુ સ્મરણ કરાવતા હોય તો "મોટામા મોટા અને ડાહ્યામા ડાહ્યા પુરૂષ"–શ્રી કૃષ્ણનુ જીવન આપણા જીવનને ઉચ્ચતમ રચવાનુ અવશ્ય સ્મરણ કરાવનાર થવુ જ જોઇએ.

માનસ ઇતિહાસકારો–Psycho-historians–ના અનુભવ-કથનોને સગૃહીત કરી, પૃથક્કરણશાસ્ત્ર–analytical science–ની દૃષ્ટિએ જોવામા આવતા એવો અભિપ્રાય વ્યક્ત થાય તેમ છે કે, આર્યાવર્તે ચોક્કસ સખ્યામા એવી વ્યક્તિઓ ઉત્પન્ન કરેલી છે, કે જે વ્યક્તિઓના જીવનની અસરો–effects–આર્યાવર્તના માત્ર વિચારદેહ પર જ થઈને રહી ગઈ છે એમ નથી, પણ તે અખિલ આર્યાવર્તના આત્માના પ્રત્યેક પ્રદેશમા પ્રવેશ પામી શકી છે,–જેને આપણે વ્યવહાર જીવન–practical life–તરીકે સબોધીએ છીએ તે વ્યવહાર જીવનના સૂક્ષ્મમા સૂક્ષ્મ ભાગ–વિભાગમા એ અસરો દાખલ થઈ ગયલી છે. લોકભાષામા કહીએ તો તે અસરોએ દ્રવ્યાત્મક–physical અને

ભાવાત્મક–perceptional જીવનબંધારણો–constitutions of life ઘડયા છે આ ચોક્કસ સખ્યામા ઐતિહાસિક વ્યક્તિઓ તરીકે **રામ, કૃષ્ણ,** મહાવીર અને બુદ્ધાદિ મુખ્ય પદવી ધરાવે છે રામ, કૃષ્ણ, બુદ્ધ અને મહાવીરાદિએ જે પ્રકારના જીવનબંધારણો કર્યા હતા તેના ભિન્ન ભિન્ન અંશોને પોતપોતાની શક્તિ અનુસાર ચૂટી કાઢીને આર્યાવર્તના સર્વ સભ્યોએ પોતાના જીવનબંધારણોની યોજના કરેલી પ્રત્યક્ષ થાય તેમ છે

કેટલાક ઇતિહાસવેત્તાઓનો એવો અભિપ્રાય છે કે રામાયણ અને મહાભારતે ભારત દેશ ઉપર જેટલી અને જેટલી અસર કરી છે તેટલી અને તેટલી અસર કોઈ બીજા સાહિત્યે કરી નથી મહાભારતે જે અસર કરી હોય તે અસરને વિષે મુખ્ય હિસ્સો મહાભારતના એક બળવાન્ પાત્ર શ્રી કૃષ્ણના જીવનવૃત્તનો છે, એમ વળી ઇતિહાસવેત્તાઓનો એક વિશેષ અભિપ્રાય છે

શ્રી કૃષ્ણને જૂદા જૂદા સિદ્ધાંતો–doctrines જૂદી જૂદી ચક્ષુઓથી જુએ છે અકલ્પિતવાદ Realism–પોતાની દૃષ્ટિથી જુએ છે અકલ્પિતવાદ–Realismની વિરૂદ્ધનો નામવિષયવાદ–Nominalism પોતાની દૃષ્ટિથી જુએ છે નામવિષયકવાદની વિરુદ્ધનો મનોમયસૃષ્ટિવાદ–Idealism પોતાની નજરથી જુએ છે અનુભવાતીતવાદ Transcendentalism પોતાની આંખે જુએ છે અધ્યાત્મવાદ–Spiritualism ની વળી જૂદી જ દૃષ્ટિ છે.

આવા ભિન્ન ભિન્ન વાદોની ભિન્ન ભિન્ન દૃષ્ટિઓથી શ્રી કૃષ્ણના જીવનને જોનારાઓએ શ્રી કૃષ્ણને વિષે ભિન્ન ભિન્ન પ્રકારના અભિપ્રાયો રચ્યા હોવાથી શ્રી કૃષ્ણના જીવનવૃત્તનુ સાહિત્ય એટલુ બધુ વિશાળ અને ભિન્નાત્મક રચાયુ છે કે તેની તુલનાઓ–comparisons અને સંશોધનો–researches માટે જર્મન તત્ત્વજ્ઞ નિટ્શે–Nietzscheના શબ્દોમા કહીએ તો "આવા વિચારો અને ખ્યાલોના મૂળોની શોધો કરવા માટે શોધકોના એક સૈન્ય"–an army of seachers to investigate the origin of such ideas and sentiments–ની જરૂર છે

જે કાર્ય કરવા માટે શોધકોના એક સૈન્યની અગત્ય ગણી શકાય તે કાર્ય માત્ર એક જ શોધકે પ્રશસાપાત્ર કૃત્તેહ સાથે પાર પાડ્યુ છે અને તેથી જ તે શોધકને શોધકોની સેનાના અધિપતિની પદવીથી વિભૂષિત કરી શકાય એમ છે બકિમ બાબુ આ પદવીના ધણી છે બાબુજીએ શ્રી કૃષ્ણના સબધમા યોજાયલા સાહિત્યની માત્ર તુલનાત્મક શોધો–comparative researches–કરીને સતોષ પકડ્યો નથી, પરતુ નૈતિક ધાર્મિક, રસજ્ઞાનવિષયક વિચારો અને ખ્યાલોના રસાયણ-શાસ્ત્ર–chemistry of the moral, religious, æsthetic ideas and sentiments–ના નિયમોને અનુસરી, શ્રી કૃષ્ણના જીવનતનું સાહિત્ય શોધ્યુ છે

બકિમ બાબુ તુલનાત્મક તત્ત્વજ્ઞાનના જેમ અભ્યાસી (student of comparative philosophy) હતા તેમ તુલનાત્મક ભાષાવિવેકશાસ્ત્ર (philology) અને શબ્દવ્યુત્પત્તિવિદ્યા(etymology)ના પણ એક સમર્થ અભ્યાસી હતા એમ કહીએ કે, તેઓ તુલનાત્મક તત્ત્વજ્ઞાનના અભ્યાસમા જે પ્રવીણતા ધરાવતા હતા તેના કરતા પણ ભાષાવિવેકશાસ્ત્ર અને શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રને વિષે વિશેષ પ્રવીણતા ધરાવતા હતા, તો તે ઘણુ કરી નિર્જોખમ કથન ગણાશે.

બકિમ બાબુ પ્રસ્તુત ગ્રથના પ્રારભમા કહે છે કે, "વેબર સાહેબ બહુ મોટો પડિત કહેવાય છે, પરતુ મને તો એમ લાગે છે કે, એણે જે દિવસ સસ્કૃત શીખવા માડ્યુ તે દિવસ ભારતખડને માટે તો બહુ જ કમુહૂર્ત્તનો હતો" વેબરે જે દિવસે સસ્કૃત શીખવા માડ્યુ તે દિવસ ભારતખડને માટે તો બહુ જ કમુહૂર્ત્તનો હતો, તો એથી ઉલટુ બકિમ બાબુએ જે દિવસે સસ્કૃત શીખવા માડ્યુ તે દિવસ ભારતખડને માટે બહુ જ સુમુહૂર્ત્તનો હતો કારણ કે વેબર વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોએ સસ્કૃત ભાષાનુ શિક્ષણ લઈ, તેનો ઉપયોગ ભારતખડના સાહિત્યને અન્યથા પ્રકારે દર્શાવવામા કરવા માડ્યો અને તેની જે અસર તે વખતમા હિન્દુસ્તાનના કેળવાયલા વર્ગ પર પણ થવા માડેલી, તે અસરને નિર્મૂળ કરવામા બકિમ બાબુના સસ્કૃત જ્ઞાને અસાધારણ

કાર્ય કર્યું છે પાશ્ચાત્ય પંડિતોના મતની અસર તે વખતના કેળવાયલા વર્ગ ઉપર કેવી થવા માંડી હશે તે બાબુજીના નીચેના શબ્દોથી જણાઈ રહે છે—"ખરૂ જોતા આ બધા મોટા વિદ્વાનોના અભિપ્રાય તરફ મારે લક્ષ આપવાની લેશ માત્ર જરૂર નહતી, કારણ મારૂ પુસ્તક મારા સ્વદેશીઓને સારૂ લખાયલુ છે હિન્દુઓની સામે લખાણ કરનારાઓ સારૂ લખાયલુ નથી, પણ ખેદની વાત એટલી જ છે કે, હિન્દુસ્તાનના કેળવાયલા વર્ગમા પણ એ વિદ્વાનોના મતને ખરો માનનારા ઘણે મોટે ભાગે મળી આવે છે ઘણાઓ પોતે તે વિષય પર બિલકુલ પણ વિચાર કરવાની તસ્દી લીધા સિવાય આખો મીંચી યૂરોપના પંડિતોનો મત તે પોતાનો મત એમ સ્વીકારી લે છે મને સહજ આશા રહે છે કે, વખતે એ વર્ગમાથી કોઈ રડગોખડયો માણસ મારૂ પુસ્તક વાચશે અને તેથી જ યૂરોપી વિદ્વાનોના મતને ખોટા પાડવા મે પ્રયત્ન કર્યો છે" (પૃષ્ઠ ૯) વળી, તેઓ કહે છે કે, "બીજી બાજૂની આફત તે વિલાયતના લોકોના પાંડિત્યની નડે છે તે છે યૂરોપ તથા અમેરિકાના કેટલાક પંડિતોએ સંસ્કૃતનુ શિક્ષણ લીધુ છે અને પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમા કોઈ તારીખની સચ્ચાઈ છે કે નહિ, તે શોધી કાઢવા તેઓ મંડી પડેલા છે પરંતુ પરાધીન, દુર્બળ હિન્દુઓ કોઈ કાળે પણ સુધરેલા હોઈ શકે અથવા તેમનો સુધારો ઘણા પ્રાચીન કાળનો હોય, એ વાત તેમનુ મન કબૂલ કરી શકતુ ન હોવાથી બે ચાર જણ સિવાય બીજા સઘળા આ પ્રાચીન ભરતખંડનુ ગૌરવ જેમ બને તેમ તોડી પાડવા મચ્યા રહ્યા છે।" (પૃષ્ઠ ૮)

આ રીતે જ્યારે હિન્દુ સાહિત્યની વિરૂદ્ધમા પાશ્ચાત્ય વિદ્વાનોના સંસ્કૃત ભાષાજ્ઞાને અસર કરવા માંડી હતી, ત્યારે બંકિમ બાબુએ તે સઘળા વિદ્વાનોના મતોની બારીક રીતે તપાસણી કરી—having scrutinized—સમર્થ રીતે તેને તેના ખરા આકારમા બતાવ્યા ખુદ શ્રી કૃષ્ણના સબંધમા પણ આ પાશ્ચાત્ય વિદ્વાનોએ એવી કલ્પનાઓ કરવા માંડેલી કે જેથી કેળવાયલા વર્ગના મનની સ્થિતિ શ્રી કૃષ્ણ પરત્વે શંકાશીલ થવા લાગેલી. બંકિમ બાબુના સમયમા કૃષ્ણ પરત્વે

લોકમા કેવા કેવા પ્રકારે વિચારો ચાલવા લાગેલા તે તેઓના નીચેના શબ્દોથી આપણે જોઈ શકીશુ—" પુરાણ તથા ઇતિહાસમા કૃષ્ણનુ ચરિત્ર કેવી રીતે વર્ણવેલુ છે તે યથાશક્તિ મે જોવા પ્રયત્ન કર્યો છે, અને તેનુ પરિણામ એ આવ્યુ છે કે, કૃષ્ણને માટે જે જે દુષ્ટ વાતો ચલાવવામા આવી છે, અને જે જે રૂપે પાપી મનુષ્ય તરીકે તેમને આ લેખવામા આવ્યા છે તે બધુ બિનપાયાદાર અને ખોટુ છે, અને ઉપ-ન્યાસ લેખકોએ એમને સબધે જે કાઈ કહ્યુ છે તે જો આપણે છોડી દઈએ, તો જે બાકી રહે છે તે બિલકુલ જ વિશુદ્ધ પવિત્ર, તથા મ-હત્ત્વવાળુ જણાય છે કૃષ્ણનુ ચરિત્ર શરૂ કરતા પહેલા બે મોટી નીચે જણાવેલી મુશ્કેલીઓનો નિકાલ કરવો બહેતર છે જે લોકો કૃષ્ણ એ નામનો કોઈ માણસ આ દુનિઆમા થઈ ગયલો છે એવું માનના હોય તેમને સબધે એ મુશ્કેલી નડતી નથી પરતુ દુનિઆમા કાઈ બધા જ એવા નથી કે, જે એ વાત કબૂલ રાખતા હોય. એ વાત કબૂલ રાખનારાઓ તો પહેલો સવાલ જ એ કરે છે કે, કૃષ્ણચરિત્રનો મૂળ પાયો જ કયા અને કયો છે? કૃષ્ણ નામની કોઈ પણ વ્યક્તિ પૃથ્વી પર થઈ ગયલી છે તેની સાબિતી શી? એવુ કોઈ માણસ થઈ ગયુ હોય તો તેનુ ખરેખરૂ જન્મચરિત્ર કેવુ હતુ તે જાણવાનુ સાધન શુ છે?" (પૃષ્ ૨–૩)

એક તરફથી કેળવાયલા વર્ગની શ્રી કૃષ્ણના સબધી વિચારણા આવી અનિશ્ચિત સ્થિતિમા, પાશ્ચાત્ય વિદ્વાનોના અનુમાનોથી આવી પડેલી હતી, બીજી તરફથી હિન્દમા પાશ્ચાત્ય કેળવણીના પરિચય પછી પદ્ધતિવિદ્યા–methodologyના નિયમો અનુસાર ઇતિહાસશાસ્ત્રનો અભ્યાસ કરવાનો પ્રસગ આવ્યો અને શ્રી કૃષ્ણ સબધી વિશ્વસનીય, ક્રમપૂર્વક ઐતિહાસિક પ્રમાણોથી ગુથાયલા ચરિત્રનો અભાવ હોવાથી તે ઇતિહાસશાસ્ત્રના અભ્યાસીઓને શ્રી કૃષ્ણને અગે ઐતિહાસિક વાસ્તવ્ય શ્રદ્ધા ન ઉપજ થાય એ અસ્વાભાવિક નહોતુ, કારણ કે પુરાણ, મહા-ભારતાદિ ગ્રથોમા અનેક વિલક્ષણ કલ્પનાઓથી દબાયલુ શ્રી કૃષ્ણનું ઐતિહાસિક ચરિત્ર ઉપજાવી કાઢવુ, એ સામાન્યત સારામા સારા ઇતિ-

હાસશાસ્ત્રીઓને ભારે થઈ જાય તેવુ હતું, તો પછી ઇતિહાસશાસ્ત્રના અભ્યાસીઓને તો તે ગુચવાડામા નાખી, વાસ્તવ્ય શ્રદ્ધા ઉત્પન્ન ન થવા દે, એમા કાંઈ આશ્ચર્ય ન ગણાવુ જોઇએ ત્રીજી તરફથી આપણે પ્રારભમા જ કહી ગયા તેમ શ્રી કૃષ્ણને જૂદા જૂદા સિદ્ધાન્તવાદીઓ જૂદી જૂદી રીતે જોઇને તેનુ ચિત્ર આલેખતા હોવાથી શ્રી કૃષ્ણના જીવનવ્રતને લૌકિક સ્વરૂપ ઘટે કે લોકોત્તર સ્વરૂપ ઘટે, એવા પ્રકારનો સ્વાભાવિક સંદેહ જન્મ પામ્યા વિના ન રહે મહાભારત અને તેને લઇને શ્રી કૃષ્ણના જીવનનો અર્થવિસ્તાર જૂદા જૂદા વિચારકોએ જૂદી જૂદી રીતે કર્યો છે. કેટલાક પાંડવો અને કૌરવોને તથા શ્રી કૃષ્ણને ઐતિહાસિક પુરૂષો ન ગણતા મહાભારતાદિ વિશેષ પ્રકારે ઇતિહાસ તરીકે ગણાવા યોગ્ય કાવ્યમાના પાત્રવર્ગને ભિન્ન ભિન્ન નૈતિક વૃત્તિઓ માની, તેને મનુષ્યાકારે રૂપક આપેલ માને છે શ્રી કૃષ્ણ મનુષ્ય દેહધારી તરીકે થયા જ નહોતા, પરતુ એક આત્માને શ્રી કૃષ્ણનુ નામ આપી ગયા છે એમ કેટલાક માને છે કેટલાક કૃષ્ણને પરમાત્મા જ માને છે કેટલાક શ્રી કૃષ્ણ મનુષ્ય હોઈ, મનુષ્યશક્તિ વધારેમા વધારે ઐશ્વર્યનો વિકાસ પામી શકે તેટલો વિકાસ કરનાર પુરૂષ માને છે કેટલાક શ્રી કૃષ્ણે મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓ કરેલી છતા તે પ્રવૃત્તિઓનો તેમને પોતાને સ્પર્શ પણ નહોતો એવી વિદેહતા માને છે, વળી જૈનમાર્ગ એમ માને છે કે, શ્રી કૃષ્ણ એક મનુષ્ય હતા, તેમને આત્મસ્વરૂપનુ સમ્યગ્ભાન અથવા સમ્યગ્જ્ઞાન થયુ હતુ, એટલે તે ભવિષ્યમા અનત શાશ્વત પદ એવુ જે મોક્ષપદ તે પામશે આ રીતે માનનાર જૈનવર્ગનો કર્મસિદ્ધાન્ત એમ કહે છે કે મનુષ્યે કે પ્રાણીમાત્રે કોઈ પણ ગતિમા કરેલા કર્મો અવશ્ય ભોગવવા જ જોઇએ અને શ્રી કૃષ્ણે પણ મનુષ્યદેહે કર્મો કરેલા હતા તે કર્મો તે હાલ ભોગવે છે–નરકગતિમા ભોગવે છે, એવા કર્મો શ્રી કૃષ્ણે મનુષ્યદેહે કરેલા હતા–પણ તેઓને સમ્યગ્જ્ઞાન મનુષ્યદેહમા જ થઈ ચૂકેલુ હોવાથી હમણા ભોગવાતા કર્મો ભોગવાઈ રહેથી શ્રી ઋષભ, પાર્શ્વનાથ કે મહાવીરની પેઠે જૈનમાર્ગના તીર્થંકર થઈ, પછી નિર્વાણપદ પામશે. આ ઉપરાત બીજી અનેક માનીનતાઓ શ્રી કૃષ્ણ પરત્વે અનેક વિચારવાનોની છે

આવા આવા પ્રકારની ભિન્ન ભિન્ન માનીનતાઓ શ્રી કૃષ્ણને અંગે હજુ, એટલે કે જ્યારે ઘણા ઐતિહાસિક સંશોધન થયા છે ત્યારે પણ છે, તો બંકિમ બાબુના સમયમાં–કે જે સમયે ઐતિહાસિક સંશોધન બહુ જ ઓછા અને બહુ અપૂર્ણ હતા તે સમયે આવી ભિન્ન ભિન્ન માનીનતાઓથી શ્રી કૃષ્ણના ઐતિહાસિક જીવનના સંબંધમાં લોકભાવના સંદેહાત્મક હોય, એ કલ્પી શકાય તેવું છે

આ કારણોથી જેમ શ્રી કૃષ્ણના ઐતિહાસિક જીવન પરત્વેની લોકભાવના અનિશ્ચિત હતી તેમ એક બીજા કારણથી શ્રી કૃષ્ણના જીવનના સંબંધમાં લોકભાવનાને વધારે ધક્કો પહોંચે તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ હતી દંતકથાશાસ્ત્ર (mythology ના સંબંધમાં આપણો અભિપ્રાય બહુ જ પામર છે–આપણને દંતકથાઓ એ કલ્પના સિવાય અન્ય કાંઈ લાગતું નથી. આપણે આવા પામર અભિપ્રાય ઉપર આવવા પામ્યા હોઈએ તો તેનું કારણ દંતકથાશાસ્ત્રના આધારે કામ લેનાર પુરુષોના મૂળ હેતુને આપણે જાણતા નથી તે છે હિન્દના દંતકથાશાસ્ત્રીઓએ માત્ર માનસિક વિરામના હેતુથી જ દંતકથાશાસ્ત્રનું અવલંબન લીધું નથી. તેઓનો હેતુ દંતકથાઓ દ્વારા પોતાના આદર્શ પુરુષોના જૂદા જૂદા ગુણો અને શક્તિઓને આનંદ અને સરળતા આપે તેવી કલ્પનાઓ દ્વારા લોકજીવનમાં ઉતારવાનો હતો, અને ખરૂં કહીએ તો ભરતખંડના નૈતિક, સામાજિક કે આધ્યાત્મિક જીવનો બંધાયા હોય તો મુખ્ય કરી આ દંતકથાશાસ્ત્રનો મૂળ હેતુ લોકલક્ષમાંથી ચાલ્યો જવાથી દંતકથાઓએ માત્ર વ્હેમોનું વાતાવરણ (atmosphere of superstition)જ ઉત્પન્ન કર્યું છે, તે સિવાય તેની બીજી કાંઈ સાર્થકતા નથી, એવી દંતકથાશાસ્ત્રને અંગે માનીનતા થવાથી દંતકથાશાસ્ત્રના થરોથી દબાયલા અને બીડાયલા શ્રી કૃષ્ણના ઐતિહાસિક જીવન પરત્વે લોકશ્રદ્ધાને બહુ જ ધકકો પહોંચતો તે એટલી હદ સુધી કે તે કલ્પના (imaginations) અને વ્હેમો (superstitions)ની પ્રતિમા (Idol) શિવાય બીજું કાંઈ નથી, એમ કેળવાયલો વર્ગ માનતો થયલો.

આ ઉપરાંત શૃંગારશાસ્ત્ર દ્વારા આદર્શ પુરુષોના જીવનને લોક-

જીવનમા ઊતારવાનો પૂર્વ પુરૂષોનો ઉદ્દેશ લોકના જ્ઞાનમાથી ચાલ્યો જવાથી તે પ્રસંગે સૌથી મોટુ નુકસાન કરેલુ જે વખતે દેશની એવી સ્થિતિ અનુભવીઓને અનુભવમા આવેલી કે ધર્મવિચારો અથવા તો આદર્શ પુરૂષોના જીવનો લોકજીવનમા ઉતારવાનો તાત્કાલિક ઉપાય શૃગારશાસ્ત્ર છે ત્યારે તેઓએ તે માર્ગે કામ લીધેલુ. વૈષ્ણવાદિ સપ્રદાયો દ્વારા શ્રી કૃષ્ણના જીવનનો બોધ આપવાની જે પ્રણાલિકા બધાઈ છે તે બાધનારાઓએ શૃગારશાસ્ત્રનુ અવલબન લીધેલુ દરેક પદાર્થ કે વિચારમા લાભના તત્ત્વો પણ હોય છે અને ગેરલાભના તત્ત્વો પણ હોય છે જેમ દતકથાશાસ્ત્રના સબધમા બન્યુ તેમ શૃગારશાસ્ત્રના સબધમા પણ બન્યુ શૃગારશાસ્ત્ર દ્વારા શ્રી કૃષ્ણનુ જીવન લોકજીવનમા ઉતારવાનો તે વખતના અનુભવીઓનો હેતુ હતો, તે હેતુ વિસર્જન થઈ જતા શૃગારશાસ્ત્રના ગેરલાભો ઉત્પન્ન થયા. શૃગારથી શ્રી કૃષ્ણને લેપી નાખ્યા અને તેનુ મહત્ત્વભૂત જીવન લોકદૃષ્ટિમાથી ચાલ્યુ ગયુ, એટલુ જ નહિ પણ કેટલાકને શ્રી કૃષ્ણનુ જીવન લોકદૃષ્ટિને ઉપેક્ષા કરવા યોગ્ય અનુભવાવા માડયુ

જે સમયે આવા સંયોગો શ્રી કૃષ્ણના જીવનવૃતના સબધમા થયલા તે સમયે શ્રી કૃષ્ણનુ વાસ્તવિક જીવનચરિત્ર ઐતિહાસિક સ્વતત્ર શોધોથી ઉપજાવી કાઢનાર, બાબુ બકિમચદ્ર થયા અમે એટલે સુધી કહીએ છીએ કે, બાબુ બકિમચદ્ર ન થયા હોત તો શ્રી કૃષ્ણના સબધમા જે અત્યારે અનુપમ આદર્શભાવના છે તે થવા પામત કે નહિ, એ પણ વિદ્વાનોને માટે એક મહા પ્રશ્ન છે બકિમ બાબુના સસ્કૃત શીખવાના સમયને અમે ભરતખડને માટે સુમુહૂર્તનો કહીએ છીએ, તે આજ કારણથી કહીએ છીએ.

વૈષ્ણવાદિ સપ્રદાયના જે અનુયાયીઓ શૃગારશાસ્ત્રનો મૂળ હેતુ વિસર્જન કરી બેઠા છે તે અનુયાયીઓ હજુ પણ બકિમ બાબુએ કરેલા મહા ઉપકારને જોઈ શકતા નથી જ્યારે બકિમ બાબુએ આ ચરિત્ર ગુથવા માડયુ ત્યારે આ જાતિનો વર્ગ પોતાને નિદશે એવુ બકિમ બાબુની નજર બહાર નહોતુ, છતા તેની ચિતા કરવી તેમાં સાર્થકતા ન જોતા તેવા વર્ગની લાગણીઓ(scruples)ને ઈજા થવાની

પણ કાળજી ન કરતા એક ઇતિહાસશાસ્ત્રીને અનુપયોગી જણાય એવી શૃગારશાસ્ત્રની કલ્પનાઓને પોતાના પ્રબળ ભાષાવિવેકશાસ્ત્ર દ્વારા ખડિત કરી નાખી, શ્રીકૃષ્ણના જીવનનુ ઐતિહાસિક શરીર જીવત કર્યું

પુરાણાદિ ગ્રથોની ગુથણીનુ સાગોપાગ સત્ય સ્વીકારનાર વર્ગ, એટલે કે જે વર્ગ એમ માને છે કે એ ગ્રથરચનાઓમા જે છે તે અક્ષરશઃ સત્ય જ છે તેને આઘાત લાગશે એવા પોતાને સપૂર્ણ ભાનપૂર્વક બકિમ બાબુએ તે તે ગ્રથોને એવી રીતે કસોટયા—scrutinized—કે મૂળ પદાર્થ સિવાય બીજા આવી લાગેલા—ભળી ગયલા તત્ત્વોને સર્વથા જૂદા પાડી નાખ્યા જેવી રીતે એક રસાયણશાસ્ત્રી અનેક પદાર્થોથી સબધિત થયલી ધાતુને શોધી કાઢવા માટે તેનુ પૃથક્કરણ કરે છે અને મૂળ પદાર્થને શોધી કાઢે છે તેમ બાબુજીએ શ્રી કૃષ્ણ પરત્વે લખાયલા સર્વ સાહિત્યોનુ પૃથક્કરણ કરી, ઇતિહાસશાસ્ત્રની દૃષ્ટિએ નિરૂપયોગી (બીજી દૃષ્ટિએ ભલે તે ચીજો ઉપયોગી હો) બાબતોને કાઢી નાખી, શ્રી કૃષ્ણનુ જીવન એક ખરેખરૂ ઐતિહાસિક જીવન છે, એમ શોધી કાઢી, જગતને તેની પ્રતીતિ કરાવી બકિમ બાબુને પોતાની ઐતિહાસિક શોધો-(historical researches)ના પરિણામો લાવતા પૂર્વ સાહિત્યો પ્રત્યે કઠોર થયા વિના ચાલે તેવુ નહોતુ તેઓ જે કહે છે તે તેઓના નીચેના શબ્દો કહેશે —

" કૃષ્ણનુ જે મૂળ વૃત્તાન્ત છે તેમા કોઈ રીતના બિનકુદરતી બનાવો નથી મહાભારત અને બધા પુરાણોમા હાલના નવરા બ્રાહ્મણોએ ઘણી નિરર્થક વાતો રચી ભરી દીધેલી છે, અને તેથી તેમા ઘણી જગ્યાએ કૃષ્ણને પણ એવી અતિપ્રકૃત બાબતોની મદદ લેવી પડેલી એમ કહેલુ છે, પરતુ એ બધી બાબતોને માટે મૂળ પાયો કશો નથી આગળ જતા આપણે પ્રમાણ સાથે જોઇશુ કે કૃષ્ણે કોઈ કુદરતી નિયમનુ ઉલ્લઘન કર્યું નથી, યા તો તેવા અનૈસર્ગિક કાર્ય વડે પોતાની મતલબ સાધી નથી. × × છતા લોકોમા ચાલતી વાયકાઓનુ ખરાપણુ, ખોટાપણુ તપાસવાની પદ્ધતિ તે વખતે ન હોવાથી પુરાણોમા પણ ઘણી અનૈસર્ગિક વાતો દાખલ થઈ ગયલી છે." (પૃષ્ઠ ૬૧-૨.)

બંકિમ બાબુનો બ્રાહ્મણો અને પુરાણાદિ સંબંધી આ અભિપ્રાય આપણે તેઓના વિચાર પ્રકાશવાના સ્વાતંત્ર્યને અંગે જોયો છે. અહીં સ્વાભાવિક શંકા થવા યોગ્ય છે કે, ઉપર દર્શાવેલી દન્તકથાશાસ્ત્રની તે શક્તિનો ખ્યાલ બંકિમ બાબુને આવો અભિપ્રાય બાંધના પૂર્વે ન હોવા યોગ્ય છે કે કેમ? દન્તકથાશાસ્ત્રની શક્તિ બંકિમ બાબુ જેવા સમર્થ શોધકની દૃષ્ટિમાં ન હોય એમ કહેવું, એ એક પ્રકારનું જોખમ ખેડવા જેવું છે, એટલે આપણે જે કહી શકીએ તે એટલું જ કે, ઉપર્યુક્ત અભિપ્રાય પ્રકાશતી વખતે બાબુએ દન્તકથાશાસ્ત્રની શક્તિને વિસર્જન કરી છે ખરી, અને વિસર્જન કરે એ એક ઇતિહાસશાસ્ત્રીને માટે યોગ્ય જ હતું, કેમકે ઇતિહાસશાસ્ત્રીને શોધોના પરિણામો લાવવા માટે અન્ય શાસ્ત્રોની શક્તિની ઉપેક્ષા કરવાનો હક્ક રહે છે જો તે ઇતિહાસશાસ્ત્રી, દન્તકથાના શ્રદ્ધાળુ વર્ગને આઘાત લાગશે એમ ધારી, પોતાની શોધો કરવા માંડે તો તે નિષ્ફળ જનારા ધોરણે ઐતિહાસિક પરિણામો લાવી શકે જ નહિ

બંકિમ બાબુનો ઉદ્દેશ, શ્રી કૃષ્ણના જીવન ઉપરથી અથાગ પરિશ્રમયુક્ત શોધો કરી, માત્ર જેને વિદ્યાવિષયક પરિણામો (academical results) કહેવામાં આવે છે તે લાવવાનો જ નહોતો, પરંતુ તદુપરાંત તેઓનો ઉદ્દેશ કોઈ ઓર જ હતો

માનસશાસ્ત્રીઓ (psychologists) કહે છે કે, શબ્દ જે પ્રમાણમાં પોતાની અસર ઉત્પન્ન કરી શકે તે પ્રમાણમાં શબ્દના ઉત્પાદકના ખરા ભાવ(sincerity)નું માપ થઈ શકે, અર્થાત્ એક શબ્દ અથવા એક વચન બીજા મનુષ્ય પ્રત્યે અસર કરવાની જે શક્તિ ધરાવે તે શક્તિને આધારે તે મનુષ્યના હૃદયનું ભાવબળ નિર્ધારી શકાય છે

‘ વન્દે માતરમ્ ’ના જે નાનકડા પદના અદ્ભુત રસથી રાષ્ટ્રીય ભાવનાની પરમ જ્યોતિ હાલમાં હિન્દ અનુભવે છે તે પદના રચનારનો આત્મા રાષ્ટ્રપ્રેમથી કેવો રસબોળ થઈ ગયલો હોવો જોઇએ, એ આપણે ઉપર કહ્યા પ્રમાણે તે પદની થતી અસર માનસશાસ્ત્રની દૃષ્ટિએ નિહાળીએ, તો આપણને ખ્યાલમાં આવી જવું જોઇએ.

'વન્દે માતરમ્'ના યોજક બંકિમ બાબુ છે. તેઓના માતૃભૂમિ પ્રત્યેના પ્રેમભાવની તુલના આપણે તે પદની અલૌકિક–વિદ્યુત્સમ અસર કરવાની શક્તિથી કરી શકીએ છીએ આવા માતૃભૂમિ પ્રત્યેના અનુપમ પ્રેમી બંકિમ બાબુએ શ્રી કૃષ્ણનું ઐતિહાસિક જીવનચરિત્ર શોધવામાં વિદ્યાવિષયક (academical) હેતુ શિવાય અન્ય હેતુ એ ધ્યાનમાં રાખેલો કે હિન્દની આધુનિક રાષ્ટ્રતા (modern nationalism) ઉત્પન્ન કરવામાં બહુ અંશે ઉપયોગી થાય એવા તત્ત્વો, શ્રી કૃષ્ણના જીવન અને શિક્ષણમાં છે એમ બતાવી આપવું પ્રસ્તુત ગ્રંથ આદ્યંત વિચારવાથી બાબુનો આ અભિપ્રાય હતો, એવી પ્રતીતિ થયા વિના નહિ જ રહે બાબુનો આ અભિપ્રાય વાસ્તવિક અને દીર્ઘદષ્ટિવાળો હતો, એવું આપણે, બાબુના સમયથી તે અત્યાર સુધીમાં કૃષ્ણના શિક્ષણના જૂદા જૂદા ભાવો(aspects)ની જે ખીલવણીઓ (developments) થઇ છે અને જે ખીલવણીઓએ ચોક્કસ અંશે પ્રજાની રાષ્ટ્રીય ભાવના ઉપર અસર કરી છે તેનો ઇતિહાસ જોઇશું તો જણાયા વિના નહિ રહે રામતીર્થ, વિવેકાનંદ, બાબા ભારતી કે તે કોટિના બીજા વિચારકોએ શ્રી કૃષ્ણના શિક્ષણો ઉપરથી આપણે રાષ્ટ્રીય કર્ત્તવ્યોના સંબંધમાં કેટલું મહત્ત્વભૂત શિક્ષણ લઈ શકીએ તેમ છીએ તે જે પ્રકારે બતાવ્યું છે તે પ્રકારનું મૂળ, જો કોઈ પણ ચોક્કસ ઇતિહાસશાસ્ત્રી કહેનાર હોય તો તે, બંકિમ બાબુ છે, એમ કહ્યા વિના નહિ ચાલે જો બાબુએ શ્રી કૃષ્ણ સંબંધી પૂર્વે લખાયલા સાહિત્યોને અંગે ઉથલપાથલ કરી નાખે તેવા (revolutionary) સંશોધનો ન કર્યાં હોત તો ભાગ્યે જ શ્રી કૃષ્ણનું શિક્ષણ આપણી વર્ત્તમાન રાષ્ટ્રભાવનાની વૃદ્ધિમાં અત્યંત ઉપકારક છે, એમ આપણે અનુભવી શકત બંકિમ બાબુનો ઉદ્દેશ શ્રી કૃષ્ણ દ્વારા પોતાના દેશનું નૈતિક અને રાજનૈતિક પુનર્જીવન (moral and political regeneration) કરવાનો પણ હતો, એવું તેઓના નીચેના શબ્દોથી પ્રતીત થાય છે –

"પાછલા અધ્યાયમાં સમાજસંસ્કરણ વિષે બોલવું થયેલું આપણે જોયું છે કે, સમાજસુધારક–social reformer થવા તેમણે પ્રયત્ન

કરેલો નથી પોતાના દેશનુ નૈતિક અને રાજનૈતિક પુનર્જીવન–moral and political regeneration–ધર્મપ્રચાર અને ધર્મરાજ્ય-સસ્થાપન એ જ તેમનો (શ્રી કૃષ્ણનો) ઉદ્દેશ હતો એ થાય તો સમાજ-સુધારો એની મેળે જ થઈ આવે, અને તે ન હોય તો કોઈ દિવસ પણ એવો સુધારો થાય નહિ આદર્શ મનુષ્ય એ વાત જાણે છે, અને તેથી માત્ર ઝાડની ડાળ ઉપર પાણી સીંચી તેના ફળ મેળવવા ઇચ્છા કરતો નથી આપણે તે સમજતા નથી, અને સમાજનો સુધારો એ તેનાથી કાંઈ જૂદી બાબત સમજી, નકામો ખળભળાટ કરી મૂકીએ છીએ, કારણ સુધારાવાળામા પોતાનુ નામ ખપાવે તો માણસને બહુ નામના મળે છે, અને તેમા પણ અગ્રેજી રીતિ પ્રમાણે સુધારો કરનારની આબરૂમા તો કાંઈ મણા જ રહેતી નથી એ સઘળા માણસો એટલુ જ ધ્યાનમા રાખે કે, રાજનૈતિક ઉન્નતિનુ મૂળ ધર્મની ઉન્નતિ છે તો બસ છે તે હશે તો બીજા બધા સુધારા એની મેળે થશે" (પૃષ્ઠ ૨૧૬–૭)

રાષ્ટ્રીય સ્વરૂપની બાધણી કરનારાઓ(nation–builders)-નો એવો અનુભવ છે કે, એક રાષ્ટ્ર–પ્રજા બધાવવા માટે તેના મૂળ લક્ષણો કાયમ જ રહેવા જોઇએ વિજ્ઞાનશાસ્ત્ર(science)ના અનુ-યાયીઓ એમ જ કહે છે કે, કોઈ પણ પ્રજા સુદૃઢ રહેવા માટે સ્વજાતીય રક્ત(indigenous blood)ની જરૂર છે, જો વિજાતીય રક્ત (foreign blood) અદર પ્રવેશ પામે તો પ્રજાની સુદૃઢતાના તેટલા અશો ઓછા થાય છે અથવા નબળા પડે છે જેમ જાતીય લોહીના સબધમા વિજ્ઞાનશાસ્ત્રીઓનો આ અનુભવ છે તેમ, રાષ્ટ્ર બાધનારાઓ-(nation-builders)નો એવો અનુભવ છે કે પ્રજાને પોતાનુ અવ્યવસ્થિત થઈ ગયલુ સ્વરૂપ પુન પ્રાપ્ત કરવા માટે, તેને સુદૃઢ કરવા માટે અને પછી જાગૃત રાખવા માટે, પ્રજાના પોતાના જીવનની રચનાની મૂળ ભાવનાઓ અને સસ્કારો કાયમ હોવાની ખાસ જરૂર છે. ભલે પછી તે ભાવનાઓ અને સસ્કારો ઉત્ક્રાન્તિ (evolution) પામ્યા હોય, પણ તેના મૂળબીજ તો અવશ્ય પોષણતા-યુક્ત જોઈએ જ આ સમાલોચનાના પ્રારભમા કહ્યુ છે તેમ **ભારતખડ**-

ના લોકોના જીવનના બંધારણો રામ, કૃષ્ણ, બુદ્ધ અને મહાવીરાદિ પુરુષોના ચરિત્ર અને સસ્કારોના અશોથી ઉત્પન્ન થયલા છે, એમ સપ્રમાણ બોલનારા શોધકો અને વિદ્વાનો માને છે અ ડિમ બાબુ પણ આની માનીનતામા શ્રદ્ધાવાન્ હતા, અને તેથી જ હિન્દના રાષ્ટ્રનો પુન આવિર્ભાવ કરવાને શ્રી કૃષ્ણ–કે જેમના પ્રત્યે તેઓની શ્રદ્ધા બીજા બધા આદર્શ પુરુષો કરતા વિશેષમા વિશેષ હતી તે કૃષ્ણ–ના ચરિત્રમા તેમની ભાવના અને સસ્કારોને ઉતારવાનો તેઓએ પ્રયાસ કર્યો છે શ્રી કૃષ્ણમા તેઓએ સૌથી વિશેષ આદર્શતા માનેલી છે ને તેઓના નીચેના શબ્દોથી જણાશે —

" તેની ઉપાસના કરનાર માણસ પ્રારભમા–પ્રથમાવસ્થામા–અનન્ત પ્રકૃતિવાળા ઇશ્વરને કેવો આલેખવો–કેવો ગણવો તે સમજી શકતો નથી એ ખરૂ, પરતુ ઇશ્વરને અનુકારી–તેને જ મળતો મનુષ્ય જેને તેના અતિ ઘણા ગુણોને લીધે ઇશ્વરાશવાળો કહી શકાય, યા તો કે જેને મનુષ્યદેહ ધારણ કરેલા ઇશ્વરરૂપે મનમા લાવી–ઉપજાવી–શકાય તેવાને ઇશ્વરને બદલે પોતાના આદર્શ–તરીકે લઈ શકાય. આટલા માટે જ ખ્રિસ્તીઓએ ઇસુ ખ્રિસ્તને અને બૌદ્ધ મતવાળાઓએ શાક્યસિહ–બુદ્ધ–ને પોતાના આદર્શ તરીકે ગણેલા પણ આવી જાતના ધર્મની વૃદ્ધિ કરનારા આદર્શ જેટલા હિન્દુસ્થાનમાથી મળી આવે છે તેટલા બીજા કોઈ પણ ધર્મપુસ્તકમા મળતા નથી, અથવા બીજી કોઈ કોમમા પ્રસિદ્ધિ પામ્યા નથી. જનક અને એવા જ બીજા રાજર્ષિઓ, નારદના જેવા દેવર્ષિઓ અને વશિષ્ઠના જેવા બ્રહ્મર્ષિઓ, એ સઘળાને અનુશીલન કરનારા તરીકે ઉંચામા ઉંચા દરજ્જાના આદર્શ–નમૂના ગણી શકાય એ ઉપરાત વળી રામચદ્ર, યુધિષ્ઠિર, લક્ષ્મણ, અર્જુન, ભીષ્મ વગેરે ક્ષત્રિયો તેમનાથી પણ વિશેષ સપૂર્ણતા પામેલા આદર્શો કહેવાય ખ્રિસ્ત અને શાક્યસિહ એ કેવળ ઉદાસીન, સસાર છોડી નીકળેલા, કૌપીનધારી–લગોટ પહેરી ફરનારા સાધુ જેવા નિર્મળ ધર્મવેત્તા જ થઈ ગયા, પરતુ મજકુર શખ્સો તેવા નહતા. તેઓ તો સર્વ ગુણોથી વિશિષ્ટ થયલા હતા, એટલે કે તેમની સઘળી વૃત્તિઓના સઘળા જ અગ સ્ફૂર્તિ પામેલા હતા. એ લોકો સિહાસન ઉપર બેસવા છતા ઉદાસીન–સસારથી વિરક્ત હતા, હાથમા ધનુષ્ય

રાખવા છતા ધર્મવેત્તા હતા. રાજા હોવા છતા પડિત હતા અને મોટ
સત્તાવાળા હોવા છતા સર્વ લોકો ઉપર પ્રેમની નજરથી જોઈ શકતા
પરતુ આ સઘળા નમૂનાઓ કરતાં પણ એક વિશેષ ચઢીઆતે
નમૂનો-જેની આગળ બીજા સઘળા આદર્શો વામનરૂપ થઈ જાય છે
તેવો-હિન્દુઓ સમક્ષ રજૂ થયલો છે તે એ જ છે કે, જેની પાસે
યુધિષ્ઠિર ધર્મશિક્ષા લેતા, અર્જુન પોતે જેના શિષ્ય થઈ રહેલા, રામ
લક્ષ્મણ જેના એક અશ માત્ર હતા અને જેના જેવુ મહિમાથી ભરેલુ
ચરિત્ર હજુ દુનિઆની કોઈપણ ભાષામા પ્રસિદ્ધ થયુ નથી" (પૃષ્ઠ ૪-૫

દરેક વિચારવાનને પોતાનુ સ્વતત્ર તત્ત્વજ્ઞાન (philosophy
હોય છે, અને તેથી જ પોતાના તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ બીજાઓને જુએ
છે, અને આલેખે છે બ કિમ બાબુએ પણ, પોતાના સ્વતત્ર તત્ત્વજ્ઞાન
(philosophy)થી પ્રેરાઈ, જૂદા જૂદા આદર્શ પુરૂષોને જોયા છે
અને પોતાના સ્વતત્ર તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જોતા રામ, લક્ષ્મણ આદિ સૌ
પુરૂષોના કરતા શ્રીકૃષ્ણને ઉત્કૃષ્ટ માનેલ છે બ કિમ બાબુનુ પોતાનુ સ્વત
તત્ત્વજ્ઞાન જે રીતે તેઓએ હિન્દના આદર્શ પુરૂષોને લાગુ પાડયુ છે તે
રીત ઘણુ કરી સર્વસમ્મત થવી શક્ય નથી, કારણ કે, જો હિન્દ
તત્ત્વજ્ઞાનની ભિન્ન ભિન્ન શાળાઓ(different schools of phi
osophy)નો કોઈ પ્રારભકાળ હોય તો તે પ્રારભકાળથી જ એવો
વિચારભેદ છે કે, સસારથી સર્વ પ્રકારે વિરક્તતાથી (અથવા જેને જૈન
પરિભાષામા 'અપ્રમત્તસર્વવિરતિ' કહેવામા આવે છે તેનાથી) અતિમ
પ્રાપ્તવ્ય પ્રાપ્ત થાય છે, કે સસારને વિષે કર્મયોગપરાયણતા રાખવાથી
ભલે પછી તે ઉદાસીન ભાવપૂર્વક હોય-અતિમ પ્રાપ્તવ્ય પ્રાપ્ત થાય છે
જેઓ 'અપ્રમત્તસર્વવિરતિ'ની અગત્ય ગણે છે તેઓ કદાપિ બ કિ
બાબુના અભિપ્રાયને સમ્મત નહિ થઈ શકે કે, શ્રીકૃષ્ણે મનુષ્યપણામાં
જે જીવન ગાળ્યુ હતુ તે જ જીવન માત્ર આદર્શરૂપ (ideal) છે, અને
બીજા પ્રકારે ગાળેલુ આદર્શરૂપ ન હોઈ શકે

'અપ્રમત્તસર્વવિરતિ'નો અનુયાયી વર્ગ બ કિમ બાબુના તત્ત્વ
જ્ઞાનનો સપૂર્ણત સ્વીકાર જો કે કદાપિ નહિ કરે, તથાપિ એટલ

તો નિર્વિવાદ છે કે, 'અપ્રમત્તસર્વવિરતિ'ના અનુયાયી વર્ગની પણ શ્રી કૃષ્ણ સબધી ભાવના કોઈ પ્રકારે અલૌકિક છે, કારણ કે શ્રી કૃષ્ણ પોતાના મનુષ્યદેહે કરવા પડેલા કર્મોનો ક્ષય કર્યા બાદ તીર્થંકરપદ પ્રાપ્ત કરવાના જ છે, એમ તેઓના-'અપ્રમત્તસર્વવિરતિ'ના-અનુયાયી વર્ગના-સિદ્ધાતસૂત્રો સ્વીકારે છે

બકિમ બાબુ જેમને સર્વોત્કૃષ્ટ આદર્શ પુરૂષ તરીકે સ્વીકારે છે તેમને-શ્રીકૃષ્ણને-વિષે 'અપ્રમત્તસર્વવિરતિ'નો અનુયાયી વર્ગ તીર્થંકરપદનુ આરોપણ કરે છે એ વિચાર આપણે જો ધ્યાનમા લઇએ, તો આપણને એમ પ્રતીતિ થવી જોઇએ કે સસારમા રહેવાની જે પ્રકારની શ્રીકૃષ્ણની જીવનપદ્ધતિ હતી તે કરતા સસારીઓને માટે બીજી વધારે અનુકૂળ પદ્ધતિ યોજવી મુશ્કેલ છે, અને એમ હોઇને જ બકિમ બાબુએ હિન્દના નવયુગના મનુષ્યો પોતાના રાષ્ટ્રનો પુનપ્રભાવ કરવાને માટે સસારી તરીકેની કર્તવ્યતા, કર્મયોગ જાણી શકે તે માટે શ્રીકૃષ્ણ અને શ્રીકૃષ્ણના શિક્ષણોને આદર્શ તરીકે ગણવા સારૂ વાસ્તવિક આગ્રહ કર્યો જણાય છે

શ્રીકૃષ્ણને સર્વોત્કૃષ્ટ પુરૂષ તરીકે લેખવાનુ બાબુ બકિમચદ્રે પોતાના સ્વતત્ર તત્ત્વજ્ઞાન(his own philosophy)ની દૃષ્ટિએ આપણને જો કે સૂચવ્યુ છે, છતા તેમ કરવામા તેમનો અતિમ ઉદ્દેશ કોઈ જૂદા જ પ્રકારનો હોય એમ લાગે છે. બાબુ કહે છે કે, "હુ પોતે પણ કૃષ્ણને ભગવાન તરીકે દૃઢ વિશ્વાસથી કબૂલ રાખુ છુ . .. મારો પોતાનો કૃષ્ણને માટે જે ભગવાન તરીકેનો મત છે તે જ વાચકે કબૂલ રાખવો, એવુ મારૂ કહેવુ નથી, કારણ કૃષ્ણ એ જ ઈશ્વર છે, એવુ સાબીત કરી આપવા આ ગ્રથ મે લખ્યો નથી એમા તો માત્ર એક મનુષ્ય તરીકે જ તેમના ચરિત્રનુ મારે અવલોકન કરવુ છે." (પૃષ્ઠ ૩).

બકિમ બાબુનો પોતાનો જ્યારે સ્વીકાર છે કે, તેઓ શ્રી કૃષ્ણ પ્રત્યે ભગવાનની ભાવના રાખે છે અને સાથે સાથે જ્યારે એમ પણ કહે છે કે, એક મનુષ્ય તરીકે જ તેમનુ ચરિત્ર અવલોકવુ છે ત્યારે એ ઉપરથી એવા

અભિપ્રાય ઉપર આપણે નિર્ભેળપણે આવી શકીએ કે બાબુ શ્રીકૃષ્ણ સબધી ઇશ્વિર તરીકેની પોતાની શ્રદ્ધાને એક બાજૂએ રાખી, જ્યારે શ્રી કૃષ્ણ મનુષ્ય તરીકે કેવા હતા એનુ આબેહુબ ચિત્ર, શ્રી કૃષ્ણ સબધી અખૂટ સાહિત્ય ઉપરથી ઉપજાવી કાઢે છે, ત્યારે એમ કરવામા બ કિમ બાબુનો ઉદ્દેશ એવો જ હોવો જોઇએ કે, શ્રી કૃષ્ણને મનુષ્ય તરીકે માનનાર વર્ગ, શ્રી કૃષ્ણને વિષે મનુષ્યત્વની અતિમમા અતિમ ખીલવણી થઈ હતી અને તે ખીલવણી આદર્શરૂપ હોઈ ઉપાદેય છે, એવુ જો શ્રદ્દધતા શીખે તો, તરુણ ભારત(Young India)ને વિષે આવશ્યક મનુષ્યત્વ આવતા તે પોતાનો ઉદ્ધાર તરત કરી શકે

વિજ્ઞાનશાસ્ત્ર(science)ના પ્રભાવ પછી ધર્મ (religion) સબધી કેટલીક-શ્રદ્ધાઓને બહુ સહન કરવુ પડે તેવુ છે—અને તેમ થાય તો "માણસની ઉન્નતિનુ મૂળ ધર્મની ઉન્નતિમા રહેલુ છે," એ પોતાના સિદ્ધાતને હાનિ પહોચે અને તેથી તરુણ ભારતની ઉન્નતિ થતી અટકે, એવો બ કિમ બાબુના અભિપ્રાયનો નિચોડ હોઈ, હિન્દુ ધર્મના તત્ત્વોને હાનિ થવા ન દેવાના ઉદ્દેશથી શ્રી કૃષ્ણના જીવન ઉપરથી હિન્દુ ધર્મના તત્ત્વો પ્રકટે છે તે તત્ત્વો બુદ્ધિવાદ(rationalism)થી દર્શાવવાનો બાબુએ અથાગ પરિશ્રમ કર્યો છે. જડવાદ(materialism)ની ખીલવણી (development) જેટલી હમણા થઈ ચૂકી છે તેટલી બ કિમ બાબુના વખતમા થઈ નહોતી, તોપણ તેમના વખતમા હરબર્ટ સ્પેન્સર, બેન્થામ, મિલ વગેરેના મતોનો પ્રચાર હિન્દમા થવા લાગ્યો હતો હિતવાદ-(utilitarian)ની ફિલસુફી પણ લોકલક્ષ નીચે આવતી જતી હતી. હિન્દના ધર્મો જ નહિ, પણ પૃથ્વી ઉપરના સઘળા ધર્મો જડવાદની ખીલવણીથી, ધર્મશ્રદ્ધાને હાનિ પહોચે છે એવુ અત્યારે માને છે, દઢતાપૂર્વક અનુભવે છે તે બાબુએ તે વખતે અનુભવી લીધુ હતુ. પોતાના સ્વદેશીઓ જો જડવાદની છાયા નીચે આવવા પામશે, તો પોતાનુ જીવનતત્ત્વ જે ધર્મ, તેની શ્રદ્ધા સ્ખલિતપણુ પામી જશે અને તેથી તેમના (સ્વદેશીઓના) નૈતિક જીવનબધારણો નબળા પડી જશે, એવો ખ્યાલ બાબુજીને આવતા તેઓએ પોતાના 'ધર્મતત્ત્વ' નામના ગ્રથ દ્વારા અને આ શ્રી

કૃષ્ણચરિત્ર દ્વારા, હિન્દુ ધર્મના ધમતત્ત્વો, સ્પેન્સરાદિની ફિલસુફીઓના કરતા શ્રેષ્ઠતર છે, એવુ પોતાના સ્વદેશીઓને બતાવવા, તેઓના ઉપર તેની છાપ પાડવા પ્રયત્ન કર્યો છે ઈશ્વરવાદમા પોતે શ્રદ્ધા ધરાવતા હોવાથી તેના સમર્થનને અગે એક ઉત્તમ ન્યાયશાસ્ત્રી logician)ને છાજે તેવી દલીલોપૂર્વક બંકિમ બાબુએ ચર્ચા કરી છે બંકિમ બાબુએ કરેલી ચર્ચા જો કે સર્વમાન્ય ભલે ન થઈ શકવા યોગ્ય હોય, તો પણ તે ચર્ચા સમર્થ છે, એમ તો વિચારવાનોને લાગ્યા વિના રહે તેમ નથી સ્પેન્સર જેને–something higher than personality–સગુણના કરતા પણ જે વિશેષ સગુણરૂપ ઈશ્વર કહે છે–તે કરતા પણ હિન્દુની જેમા માનીનતા છે એવા ઈશ્વરપદના અસ્તિત્વની શ્રદ્ધા વિજ્ઞાનશાસ્ત્રના અનુયાયીઓને કરાવવા માટે, તેમ વૈજ્ઞાનિક દલીલો કરવાને માટે બંકિમ બાબુએ શક્તિનુ કાઈ ઓછુ સ્ફુરણ કર્યું નથી બાબુએ સ્વીકારેલ ઈશ્વરપદનુ સમર્થન શકાત્મક (sceptic) વાતાવરણને સપૂર્ણ સ્વચ્છ કરવા યોગ્ય બળ ધરાવે છે કે નહી એનો નિર્ણય વિચારવાનો કરી શકે તેવુ છે, તો પણ મારા જેવા સામાન્ય અભ્યાસીઓ પણ કહી શકે તેવુ છે કે, જેને હાલમા superman (સવિશેષ પુરુષ) કહેવામા આવે છે તેવો superman (સવિશેષ પુરુષ) મનુષ્ય થઇ શકે છે, એવુ કૃષ્ણના ચરિત્રથી તેઓએ નોખી રીતિએ સિદ્ધ કરી બતાવ્યુ છે અને પોતાના જે સ્વદેશી ભાઈઓ જડવાદની છાયા નીચે જવાને પાત્ર હતા તેમની ધર્મશ્રદ્ધાને આટલી હદ સુધી સારી રીતે બાધી રાખી છે

બંકિમ બાબુ બહુ દીર્ઘદ્રષ્ટિવાળા હતા. તેઓએ પાશ્ચાત્ય વિચારશૈલીની અસર તરુણ જમાના ઉપર થવી જ જોઇએ એવુ તત્કાળ જોઈ લીધુ, અને તેથી જ તેઓએ તે શૈલીનુ અવલબન લઈ, પોતાના પ્રબળ વિચારો તે શૈલીએ દર્શાવ્યા. જેનાથી વિશેષ હિત સધાય તે નિયમથી જગત્પ્રવૃત્તિ ચાલવી જોઇએ એવો એક વિચાર છે, અને તે વિચાર સર્વમાન્ય જેવો હોઈ, બધા અને ખાસ કરી હમણાના વિચારપ્રવાહમા તણાતો નાનો–તરુણ–વર્ગ તેનું અવલંબન લે છે. આ વિચારને ફીલસુફીની ભાષામા " હિતવાદ " utilitarian view–કહેવામા આવે છે, શ્રી

કૃષ્ણે પોતાના આખા જીવનમા અને ખાસ કરી પાંડવ-કૌરવના યુદ્ધમા આ જ "utilitarian" હિતવાદના નિયમને સપૂર્ણપણે અનુસરી કામ લીધેલુ એવુ બકિમ બાબુએ કૃષ્ણના શિક્ષણો, વિચારો અને વર્ત્તનોનુ પૃથક્કરણ કરતા સિદ્ધ કર્યું છે તેઓ કહે છે કે, "ધર્મતત્ત્વ હિતવાદથી છૂટુ પાડી શકાય જ નહિ, જગદીશ્વરની સાર્વભૌમિકતા તથા સર્વમયતાના લક્ષણમાથી જ એ અનુમાન નીકળે છે સાકડા ખ્રીસ્તી ધર્મ જોડે હિતવાદને વિરોધ આવી શકે ખરો, પરતુ જે હિન્દુ ધર્મમા એમ કહેલુ છે કે, દરેક સરજાયલી ચીજમા ઇશ્વર રહેલો છે ને ધર્મનો 'હિતવાદ' એ એક ખરેખરો ભાગ છે, અને તેથી કૃષ્ણનુ ઉપલુ વાક્ય "-જે પ્રાણી માત્રને ધારણ કરે, આધારરૂપે રહે, તેને ધર્મ કહે છે, માટે જેના વડે જીવોનુ રક્ષણ થાય તેનુ જ નામ ધર્મ" "ધર્મનુ યથાર્થ લક્ષણ એ જ છે" પૃષ્ઠ ૩૫૫

પ્રત્યેક મહાયુદ્ધપ્રસગના યુદ્ધનીતિ (war ethics) અને યુદ્ધતત્ત્વજ્ઞાન (war philosophy) ચર્ચાય છે હમણા યૂરોપમા જે યુદ્ધ ચાલે છે તેની નીતિ અને તેના તત્ત્વજ્ઞાનની ચર્ચા જેમ વિચારકો (thinkers) કરે છે તેમ પાંડવકૌરવના મહાભારતના યુદ્ધની નીતિ અને તત્ત્વજ્ઞાનની ચર્ચા તે સમયથી માડી અત્યાર સુધીના વિચારકોએ ચાલુ કર્યા કરેલ જ છે પ્રત્યેક મહાયુદ્ધની નીતિ અને તત્ત્વજ્ઞાન પ્રથમ તો ઘણુ કરી એક જ મનુષ્યના મનની પેદાશ હોય છે, અને તેથી જ એવા મનુષ્યને યુદ્ધના નીતિ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણો-gospels-શીખવનાર માનવામા આવે છે જેમ અત્યારે જર્મન પ્રજાને તેના યુદ્ધની નીતિ અને તત્ત્વજ્ઞાન શીખવનાર નીટ્ઝકે અને ટ્રીએટ્ઝકે નામના વિદ્વાનોને માનવામા અવે છે તેમ મહાભારતના યુદ્ધના નીતિ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણો (gospels) શીખવનાર તરીકે શ્રી કૃષ્ણને પ્રસિદ્ધ રીતે માનવામા આવે છે. યુદ્ધની નીતિ અને તત્ત્વજ્ઞાનના શ્રીકૃષ્ણના શિક્ષણો-gospels-શ્રીમદ્‌ભગવદ્‌ગીતાદિ કૃષ્ણ સબધી સર્વ સાહિત્યો જોઇએ, તો એમ જણાશે કે, તે utilitarian view-હિતવાદની દૃષ્ટિથી જ અપાયલા છે, અને જો તેમ હોય તો વર્ત્તમાન જમાનાને

જે પ્રિય છે તે હિતવાદની શૈલી હિન્દુ ધર્મસાહિત્યોમા અખડપણે છે, એવુ શ્રી કૃષ્ણના જીવન દ્વારા બકિમ બાબુએ દર્શાવી, હિન્દુ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા સ્થિર રખાવવા મથન કર્યું છે. આ રીતે બકિમ બાબુ દીર્ઘદષ્ટિવાળા હતા

શ્રી કૃષ્ણચરિત્ર યોજતા બકિમ બાબુએ જે અનેક ઉદ્દેશો ધ્યાનમા રાખેલા તેમાનો એક અગત્યનો ઉદ્દેશ, આ પણ છે —

ક્રિશ્ચીયન પ્રજાની એક આવડત એ છે કે પોતાની રાજકીય સ્થિતિ ઉત્પન્ન કર્યા પછી તે દઢ કરી ટકાવવા માટે, પૃથ્વીના જે કોઈ ભાગમા પોતે ગયા હોય તે ભાગમા રહેતી સ્થાનિક વસ્તીઓને સમયોચિત ઉપાયો લઈ ક્રિશ્ચીયન બનાવવી ક્રિશ્ચીઍનિટિના પ્રચારનો ઇતિહાસ તપાસીશુ તો સહેજ જણાશે કે, ક્રિશ્ચીયન પ્રજાઓ જ્યા જ્યા ગઈ છે ત્યા ત્યા તેણે આ જ ધોરણે કામ લીધુ છે હિન્દમા જ્યારે પોર્ટુગીઝ રાજ્યનો અમલ હતો ત્યારે પોર્ટુગીઝોએ ક્રિશ્ચીઍનિટિમા હિન્દની સ્થાનિક વસ્તીને લાવવા માટે સારા અને નરસા (fair and foul) બન્ને રસ્તાઓ લીધેલા. 'અભડાઈ જવુ'–'ભ્રષ્ટ થઈ જવુ' એવો સસ્કાર હિન્દુઓમા એટલો બધો જડપણે–ચેતન રહિતપણે–જડ ઘાલી ગયો હતો કે, સહેજ સહેજ કારણોથી હિન્દુ પ્રજાનો જથ્થો, હિન્દુ ધર્મમાથી ચ્યુત થઈ ગયલો થઈ પડતો કળવકળવાળા ((tactful) પોર્ટુગીઝોએ હિન્દમા રહીને જોયુ કે, હિન્દુઓને ક્રિશ્ચીયન ધર્મમા લાવવાનો સહેલામા સહેલો–જો કે અધમ (mean)–ઉપાય એ છે કે, હિન્દુઓ જે ક્રિયાથી અભડાઈ જવુ એમ માને છે તે અભડાવવાના ઉપાય લેવા 'મુબઈ ઇલાકાના ગેઝીટીયર' ના પુસ્તક ૧૩–ભાગ ૧ લાની અદર પોર્ટુગીઝો હિન્દુઓને કેવા કેવા ઉપાયોથી વટલાવી ક્રિશ્ચીયન ધર્મમા આણતા હતા તેનો જે ઇતિહાસ આપ્યો છે તેમા ક્રિશ્ચીઍનિટિમા લાવવાની એક રીત અભડાવવાની પણ હતી તે સ્પષ્ટ રીતે જણાવ્યુ છે આ ગેઝીટીયરની ૧૮૮૨ની આવૃત્તિમા પૃષ્ટ ૨૦૧ ઉપર આ પ્રમાણે ઉલ્લેખ છે

" According to the story of the Urpas and other classes their forefathers were forced to be-

come Christians by having pieces of flesh thrown into their wells So also the writer in the *Oriental Christian Spectator* (June 1859, 238) sp-aks of the Portuguese thrusting biscuit and pork into the mouths of unwilling multitudes Force may have been used in some cases, but the Portuguese accounts seem to show that persuasion and interest were the chief means of conversion. Their treatment of their chief rivals, the Musalmans was specially severe. (As Res. V. 20, 21 and Hough I 266).

" ઉર્પા અને બીજી જાતોની વાતો પ્રમાણે તેઓના પૂર્વજોને ક્રિશ્ચીયન બનવાની ફરજ એ રીતે પાડવામા આવેલી કે, તેઓના કુવાઓની અંદર માસના ટુકડા નાખવામા આવતા હતા " **ઑરીએન્ટલ ક્રિશ્ચીયન સ્પેક્ટેટર** "(જુન, ૧૮૫૯, ૨૩૮)માનો એક લેખક પણ એમ જ કહે છે કે પોર્ટુગીઝો જથ્થાબંધ લોકોના મોઢામા પરાણે–તેઓની ઇચ્છા ઉપરાત–બીસ્કીટો અને ડુક્કરના માસના ટુકડાઓ ઘોચતા હતા કેટલાક દાખલાઓમા જબરાઇ વાપરવામા આવી હશે, પણ પોર્ટુગીઝ અહેવાલો એમ દેખાડતા જણાય છે કે, ફોસલાવવુ અને હિત દેખાડવુ એ ઉપાયો વટલાવવાના મુખ્ય હતા તેઓના મુખ્ય હરીફો–મુસલમાનો તરફનુ તેમનુ વર્તન ખાસ કરીને સખત હતુ."

જેમ ક્રિશ્ચીયન પ્રજા આવડતવાળી (tactful) છે, તેમ સ્થિતિસ્થાપક (elastic) પ્રકૃતિવાળી પણ છે પોર્ટુગીઝોએ હિન્દુઓના હલકા ગણાતા વર્ગો(depressed classes)ને ક્રિશ્ચીયન ધર્મમા વટલાવવા માટે આવા—એ વર્ગોના અજ્ઞાનનો લાભ લેનારા—ઉપાયો લીધેલા ને ઉપાયો લેવાના સંજોગો જ્યારે ન જોવામા આવ્યા ત્યારે પોર્ટુગીઝોની પછી આવેલા કેટલાક ક્રિશ્ચીયન મિશનોએ વટલાવવાના જૂદી જ જાતના ઉપાયો લેવા માંડયા.

જ્યારથી અગ્રેજી રાજ્યસ્થાપન સ્થિર થયુ ત્યારથી માડી, અમેરિકાના શીકાગોની ધર્મપરિષદ્ (Parliament of Religions) ભરાઇ ત્યા સુધીના વર્ષોમા કેળવાયલા વર્ગની ધર્મ સબધી કે સામાજિક વિચારો સબધી મનની સ્થિતિના ઇતિહાસનો જેઓને ખ્યાલ હશે તેઓને વિદિત હશે કે, તે વર્ષોમા કેળવાયલા વર્ગને પાશ્ચાત્ય વિચાર, રીતભાત વગેરેના પ્રવાહનો જબરો મોહ થયો હતો બકિમ બાબુ કહે છે કે—

"પણ ખેદની વાત એટલી જ છે કે, હિન્દુસ્તાનના કેળવાયલા વર્ગમા પણ એ (પાશ્ચાત્ય) વિદ્વાનોના મતને ખરો માનનારા ઘણે મોટે ભાગે મળી આવે છે. ઘણાઓ પોતે તે વિષય ઉપર બીલકુલ પણ વિચાર કરવાની તસ્દી લીધા સિવાય આખો મીંચી યૂરોપના પડિતોના મત તે પોતાના મત એમ સ્વીકારી લે છે અને સ્હેજ આશા રહે છે કે, વખતે એ વર્ગનમાથી કોઈ રડગોખડયો માણસ મારૂ પુસ્તક વાચશે અને તેથી જ યૂરોપી વિદ્વાનોના મતને ખોટો પાડવા મે પ્રયત્ન કર્યો છે. બાકી જેને વિલાયતી તે જ બધુ સારૂ લાગે, વિલાયતી પડિતાઈ, અરે! કૂતરા સરખા પણ વિલાયતી જેને ગમે છે, અને દેશી પુસ્તક વાચવાની વાત તો એક બાજુ ઉપર રહી પણ જો ભીખારી પણ દેશી હોય તો તેને પૈસો દાન કરવા યોગ્ય જે ધારતો નથી તેને માટે હુ કશુ જ લખતો નથી" (પૃષ્ઠ ૯–૧૦)

બગાળા ઇલાકો કે જે ક્ષેત્રપ્રતિક્રિયા(reaction)ના નિયમાનુસાર હાલમા સ્વદેશીનુ કેન્દ્રસ્થાન થઈ પડયુ છે ત્યા તે વર્ષોમા પાશ્ચાત્ય વિચાર અને રીતભાત તરફ મુબઈ ઇલાકા કરતા ઘણો જ વધારે મોહ થયો હતો, તે વખત એવો હતો કે, જ્યારે બગાળી બાબુઓ યૂરોપી સ્ત્રીઓની સાથે લગ્ન કરવામાં, યૂરોપી જીવન ગાળવામા અને તેવુ કરવામા સ્વોન્નતિ માનતા હતા આ પ્રવાહ હિન્દુસ્થાનમા લગભગ સર્વત્ર ફેલાયો હતો. શીકાગોની ધર્મપરિષદ્ થઈ અને વિવેકાનદ, વીરચદ ગાંધી આદિ વિદ્વાનોએ હિન્દુ ધર્મોના સિદ્ધાન્તોની વિશેષતા દાખવી ત્યારથી તેમ જ રામતીર્થ, બાબા ભારતી વગેરે સમર્થ પુરૂષોએ હિન્દુ

ધર્મવિચારોની ખુબીઓ તરફ આકર્ષણ કરાવ્યુ ત્યારથી પાશ્ચાત્ય વિચાર-પ્રવાહનો ઓટ થવા લાગ્યો થીઓસોફીકલ હિલચાલ આપણને સર્વસમ્મત નહોતી તો પણ એટલુ સ્વીકારવુ જોઇએ કે, હિન્દના કેળવાયલા વર્ગનો ઉપયુક્ત મોહ ઓછો કરવામા તે હિલચાલે પણ ઉપયોગી ભાગ ભજવ્યો છે

આ રીતે હિન્દુ ધર્મ તરફ પ્રીતિ રાખવાને માટે ઉપર કહ્યુ તેમ પાણી પાછા વળ્યા તે પહેલાના વર્ષોમા જ્યારે પાશ્ચાત્ય વિચારો ભણીનો કેળવાયલા વર્ગને મોહ હતો ત્યારે તેનો લાભ લઈ, ક્રિશ્રીયન મીશનરીઓને હિન્દુ ધર્મ પ્રત્યેથી હિન્દુઓની શ્રદ્ધા ખસેડવા અને તે રીતે પોતાના ક્રિશ્રીયન ધર્મ તરફ આકર્ષવા માટે કૃષ્ણ વગેરે હિન્દુઓના આદર્શ પુરૂષો(ideal men)ના સબંધમા ચાલતી દતકથાઓ અને મૂર્તિપૂજન વગેરે વિષયોના સબધમા શ્રદ્ધા ઉથલાવનાર દલીલોવાળા સાહિત્યો સાથે પ્રકટ થયલુ આવા પ્રકારનુ સાહિત્ય જોવાથી આ વાતની પ્રતીતિ થશે.

ઉપર જણાવ્યુ તેમ ક્રિશ્રીયન પ્રજાઓ સ્થિતિસ્થાપક (elastic) પ્રકૃતિની હોઈ તેઓ સમયસૂચકતા વાપરી, પોતાનો હેતુ સાધવા માટે જે ઉપાયો લેવા જોઈએ તે લે છે વટલાવવાના ઉપર જણાવ્યા તે ઉપાયો લેવાનો કાળ ચાલ્યો ગયલો જોઈ, લોકવૃત્તિ આકર્ષવા માટે તેઓએ હવે વધારે સારા ઉપાયો લીધા સ્કૂલો, કૉલેજો, દવાશાળાઓ, ઉદ્યોગશાળાઓ, આદિ લોકોપકારી સસ્થાઓ સ્થાપી અને તે દ્વારા વટલાવવા માડ્યુ

જેને અગ્રેજીમા in advance of his time–પોતાના વખત કરતા આગળ વધેલા–કહેવામા આવે છે એ પ્રકારના પુરૂષ બકિમ બાબુ હતા શ્રી કૃષ્ણ જેવા અસાધારણ પુરૂષ કે જેના શિક્ષણો દ્વારા અને ચરિત્ર દ્વારા હિન્દ પોતાનો પુનરૂદ્ધાર કરી શકે તેમ છે તે કૃષ્ણને ખોટી રીતે ચિતરી, હિન્દની અદર ક્રિશ્રીયાનીટીનો પ્રચાર ક્રિશ્રીયન પ્રજાઓ કરશે, અને તેથી પોતાના આદર્શ પુરૂષોનુ હિન્દુ લોકોને વિસ્મરણ થઈ જશે એવો અગાઉથી તેણે–બકિમ બાબુએ–ખ્યાલ કરી લીધો, અને ક્રિશ્રીયાનીટી તરફ લોકવલણ ન થાય તે માટે શ્રી કૃષ્ણચરિત્રમાં ક્રિશ્રીયન કરતા હિન્દુ આદર્શતા વિશેષ ઉપકારક છે, એમ બતાવવા યત્ન કર્યો

" પરંતુ આ સબંધી એક બીજી વાત વિચારવી જોઇએ આ Christian ideal તે શુ યથાર્થ–ખરેખર મનુષ્યત્વનો આદર્શ છે ? સઘળી કોમનુ જાતીય આદર્શસ્થાન શુ એવુ જ હોઈ શકે ?

" આ પ્રશ્નમાથી વળી એક બીજો પ્રશ્ન ઉભો થાય છે હિન્દુઓને પોતાનો જાતીય–કાંઈ આદર્શ કે નહિ ? Hindu Ideal છે કે નહિ ? છે, તો તે કેવો છે ? આ પ્રશ્ન જો કેળવાયલા હિન્દુઓને પૂછવામા આવે તો જરૂર તેમાના ઘણા તો માથુ જ ખજવાળવા માડશે કોઈ જટાધારી, ધોળી દાઢી મછવાળા વ્યાસ, વશિષ્ઠાદિ ઋષિને આગળ કરશે, તો કોઈ કહેશે માત્ર રાખ અને ભસ્મ ચોળવામા જ એ આદર્શસ્થાન આવી જતુ નથી, અને ખરી વાત પણ તે જ છે જો તેમા આદર્શસ્થાન આવી ગયુ હોત તો આપણી આવી દુર્દશા થાત જ કેમ ? પરતુ એક દિવસ એવો પણ હતો કે જ્યારે હિન્દુ જાત પૃથ્વી ઉપર વસતી જાતોમા શ્રેષ્ઠ હતી પણ તે વખતના હિન્દુ તે આદર્શ હિન્દુ કહેવાય ? આનો જવાબ આગળ અમારી સમજ મુજબ આપ્યો છે રામચદ્ર વગેરે ક્ષત્રિયો તે આદર્શ પ્રતિમાને મળતા આવનારા ખરા, પરતુ યથાર્થ હિન્દુ આદર્શ તો શ્રી કૃષ્ણ જ, મનુષ્યત્વનુ ખરેખર આદર્શસ્થાન તો તે જ ઇસુ ખ્રિસ્ત વગેરેમા આદર્શતાની તેવી સપૂર્ણતા મળવાનો જરા પણ સભવ નથી

' આનુ કારણ કહીશુ ' ધર્મતત્ત્વ ' નામના ગ્રથમા મનુષ્યત્વ શુ તે સમજાવવા પ્રયત્ન કર્યો છે માણસની બધી વૃત્તિઓની સપૂર્ણ સ્ફુર્તિ અને સામજસ્ય તે મનુષ્યત્વ જેને તે બધી વૃત્તિઓની સ્ફૂર્તિ અને સામજસ્ય પ્રાપ્ત થયા હોય તે આદર્શ મનુષ્ય, ક્રાઇસ્ટમા તે ન હતુ શ્રી કૃષ્ણમા હતુ રોમના શહેનશાહે કદિ ઇસુને યાહુદીઓના હાકેમ તરીકે નીમ્યો હોત તો તે શુ પોતાનો ઓદ્દો બરાબર બજાવી શકત ? તેને રાજ્ય કરતા આવડત ? ન આવડત, કારણ રાજ્યકાર્યને સબધે જે જે વૃત્તિઓનુ અનુશીલન કરવુ જરૂરનુ હતું તે તેનામા થયલુ હતુ નહિ, તેથી જો એવો ધર્માત્મા પુરૂષ રાજ્યકર્તા થાય તો તેથી લોકોનુ જરાએ લીલુ થાય નહિ. એથી ઉલટુ શ્રી કૃષ્ણ તો સર્વથી શ્રેષ્ઠ નીતિજ્ઞ હતા, તે વાત પ્રસિદ્ધ

છે. શ્રેષ્ઠ નીતિજ્ઞ તરીકે મહાભારતમા તો તેમને ઠેકાણેઠેકાણે વર્ણુવ્યા છે, ને યુધિષ્ઠિર કે ઉગ્રસેન રાજ્યકાજના કોઈ પણ મોટા કામમા તેમની સલાહ લીધા વગર કાઈ કામ કરતા નહિ એ જ પ્રમાણે કૃષ્ણે પોતે રાજા થયા વગર પણ પ્રજાનુ ઘણુ ભલુ કર્યું છે જરાસધને ત્યા પડેલા કેદીઓનો છૂટકારો એ જ તેનુ એક ઉદાહરણ છે વળી, એમ ધારો કે, યાહુદીઓએ રોમના શહેનશાહોનો જુલમ ન ખમાવાને લીધે સ્વતત્ર થવાના ઇરાદાથી બળવો કરી, પોતાનુ સેનાપતિત્વ ઇસુને આપ્યુ હોત તો તે શુ કરત ? યુદ્ધ કરવાની તેનામા શક્તિ પણ ન હતી, તેમ તેની તે તરફ પ્રવૃત્તિ પણ ન હતી "Give unto Cæsar what is Cæsar's"–સીઝરનુ સીઝરને આપો–એમ કહી તે રસ્તે પડત કૃષ્ણ પણ યુદ્ધ માટે કાઈ પ્રવૃત્ત હતા નહિ, છતા ધર્માર્થ માટે યુદ્ધની જરૂર છે, એમ તે જાણુતા હતા તેથી ધર્મને માટે યુદ્ધ થાય ત્યા જરૂર તેમને પ્રવૃત્ત થવુ પડતુ, અને એક વખત યુદ્ધમા ઉતર્યા પછી તે અજેય હતા કોઈ તેમને જિતી શકતુ નહતુ ઇસુ અભણ, વગર કેળવાયલો હતો, કૃષ્ણ બધા શાસ્ત્રોમા પ્રવીણ હતા બીજા બધા ગુણોમા પણ તેમ જ હતુ બન્ને જણા શ્રેષ્ઠ ધાર્મિક ને ધર્મજ્ઞ હતા આ બધા સબબોને લીધે ખરા આદર્શ મનુષ્ય તે શ્રી કૃષ્ણ જ અને Hindu Ideal Christian Ideal કરતા શ્રેષ્ઠ જ (પૃષ્ઠ ૨૩૯–૪૦)

ઐતિહાસિક પૃથક્કરણો તુલનાત્મક ઇતિહાસ (comparative history) અને તુલાનાત્મક ભાષાવિવેકશાસ્ત્ર (comparative philology) દ્વારા કરવાની બકિમ બાબુની શક્તિ અપૂર્વ છે, એ સબધી આપણે પ્રારભમા જ ઉલ્લેખ કરી ગયા છીએ શ્રી કૃષ્ણચરિત્રના જૂદા જૂદા પ્રકરણોને અવલોકતા બકિમ બાબુની વિષયચાલવણીને માટે અદ્ભુત માન જ ઉત્પન્ન થાય છે.

આ કૃષ્ણચરિત્રમાના સર્વ પ્રકરણોનુ નિરીક્ષણ–observation–કરવાની બળવાન્ ઇચ્છા છતા હમે તેમ કરી શકયા નથી, કારણ કે પ્રસ્તાવના રૂપે લખાયલો આ લેખ ઘણો લબાણવાળો થઈ જાય આ કારણથી શરૂઆતના થોડાક પ્રકરણોનુ નિરીક્ષણ–observation–માત્ર નમુના દાખલ

આપી સંતોષ પકડીશુ પ્રથમ પ્રકરણુમા પોતાનો ગ્રથ લખવાનો ઉદ્દેશ તેઓએ બતાવ્યો છે શ્રી કૃષ્ણનુ અન્યથા આકારે ચિત્ર દોરવામા આવે છે તે ચિત્ર સર્વથા અસત્ય છે, એવુ દર્શાવવાની બકિમ બાબુની ઇચ્છા તેઓના નીચેના શબ્દોમા વ્યક્ત થાય છે

" કૃષ્ણ એ પોતે જ ભગવાન છે એવુ ઘણા હિન્દુઓનુ માનવું છે, અને તેથી જ કૃષ્ણનુ નામ, કૃષ્ણની કથા, કૃષ્ણની પુજા, એને તેઓ પોતાના ધર્મની ઉન્નતિના સાધન ગણે છે, પરતુ એ લોકો કૃષ્ણને-કૃષ્ણના માનવચરિત્રને-કેવી રીતે જુએ છે? બાલ્યાવસ્થામા જે દહીંમાખણની ચોરી કરતો, યુવાવસ્થામા જે વ્યભિચારી હતો, જેણે હજારો ગોપીઓનુ પતિવ્રતાપણુ હરી લીધુ હતુ, ઉત્તરાવસ્થામા જે ઠગાઇ અને શઠતાનો શિરોમણિ થઈ પડયો હતો, જેણે ઠગાઈ વાપરી દ્રોણ વગેરેના જીવ લેવડાવ્યા હતા, તેવા એક માણસ તરીકે હવે જો એ વાત ખરી હોય તો ભગવાન તરીકે એવા માણસને કેવી રીતે આપણાથી કબલ રખાય? સબબ ઇશ્વરચરિત્ર કોઈ દિવસ એવુ હોઈ શકે જ નહિ જે કેવળ શુદ્ધ સત્ત્વ, જેના નામ માત્રથી સર્વ પ્રકારની અશુદ્ધતા, સર્વે જાતના પાપ દૂર નાસે તે ભગવાન શુ મનુષ્યદેહ ધારણ કરી આવા પાપાચરણ કરે?" (પૃષ્ઠ ૨)

" પુરાણ તથા ઇતિહાસમા કૃષ્ણનુ ચરિત્ર કેવી રીતે વર્ણવેલુ છે તે યથાશક્તિ જોવા મે પ્રયત્ન કર્યો છે, અને તેનુ પરિણામ એ આવ્યુ છે કે, કૃષ્ણને માટે જે જે દુષ્ટ વાતો ચલાવવામા આવી છે, અને જે જે રૂપે પાપી મનુષ્ય તરીકે તેમને આલેખવામા આવ્યા છે તે બધુ બિનપાયાદાર અને ખોટુ છે. અને ઉપન્યાસલેખકોએ એમના સબંધમા જે કાઈ કહ્યું છે તે જો આપણે છોડી દઇએ તો જે બાકી રહે છે તે હકીકત બિલકુલ જ વિશુદ્ધ, પવિત્ર તથા મહત્ત્વવાળી જણાય છે. મારો એ જ અભિપ્રાય છે કે, એમના ચરિત્ર જેવુ બધા સદ્‌ગુણોથી ભરપૂર, સઘળી જાતના પાપના સ્પર્શથી દૂર, નમૂનાદાર ચરિત્ર બીજે ક્યાંઈ મળશે જ નાગ્રે, બીજા કોઈ દેશના ઇતિહાસમા વર્ણવાયુ હશે જ નાગ્રે,

અથવા તો કોઈ બીજી ભાષાના કાવ્યમા પણ રચાયુ હશે જ ભાગ્યે "
(પૃષ્ઠ ૨–૩)

બાબુએ પોતાનો શ્રી કૃષ્ણ સબધી આ પવિત્ર નિર્ણય દૃષ્ટાંત સાથે સિદ્ધ કરી બતાવ્યો છે, એમ એ ગ્રથનુ સપૂર્ણ અવલોકન કર્યા વિના નહીં રહે

કૃષ્ણચરિત્ર કેવુ હતુ ને તે જાણવાના સાધન શા છે તે સબધી ઉલ્લેખ બીજા પ્રકરણમા છે કૃષ્ણને લગતુ વૃત્તાન્ત મહાભારત, હરિવશ અને પદર પુરાણોમા મળી આવે છે મહાભારત અને હરિવશાદિ અન્ય ગ્રંથોની અદર કૃષ્ણ સબધી હકીકતમા ઘણો તફાવત પડે છે બાબુજી એ ધર્મપુસ્તકો તરફ અધ શ્રદ્ધાથી ન જોતા તેમા કટલુ ઐતિહાસિક સત્ય છે તે તુલના કરી જોવા માગે છે

" હવે મહાભારતમા કૃષ્ણના જીવન સબધમા જે કાઈ જણાવેલુ છે તેમાની અને તે સિવાય જે બીજા ગ્રથો ઉપર જણાવેલા છે તેમાની હકીકતમા બહુ તફાવત છે, કારણ જે જે વાત મહાભારતમા છે તે તે હરિવશ અને પુરાણોમા નથી, અને જે જે હરિવશ તથા પુરાણોમા છે તે તે મહાભારતમા નથી " (પૃ૮ ૬)

કૃષ્ણચરિત્ર કેવુ હતુ તે જાણવાના સાધનોની ઓળખ કરાવતા યૂરોપીય પડિતોના અભિપ્રાયોમા મુદ્દલ વિશ્વાસ રાખવા જેવુ નથી, એમ બાબુજીએ સપ્રમાણ સિદ્ધ કરી બતાવ્યુ છે બાબુજીનુ એમ માનવુ છે કે તે વખતના કેટલાક યૂરોપીય પડિતોએ જાણી જોઇને–ઇરાદાપૂર્વક–ભારતખડ-ના સાહિત્યને અગે વિપરીતતા દર્શાવી છે

" આ મતની બાબતો માટે અભિપ્રાય આપવામા તેઓએ પોતાના મૂળ સૂત્ર તરીકે એક જ વાત ધ્યાનમા રાખેલી લાગે છે તે એ કે, ભારતખડમા લખાયલા ગ્રથોમાથી જે જે વાત એ દેશની તરફેણમા જતી હોય તે તે મતની ખોટી તથા ચોરી લીધેલી જે જે સામે જતી હોય તે તે ખરી, જેમ કે, પાંડવ જેવા હિન્દુસ્તાનમા થઇ ગયલા વીર પુરુષોના ચરિત્ર તે ખોટા, પાંડવ તે માત્ર કવિની કલ્પના, પરતુ પાંડવની સ્ત્રી દ્રૌપદી પાચ ધણીને વરેલી એ કથા સાચી "
(પૃષ્ઠ ૮)

વસ્ત્ર રહિત સ્ત્રીઓની મૂર્તિથી ફર્ગ્યૂસને ઉપજાવી કાઢેલ અનુમાન, વેબરે હિન્દુઓના જ્યોતિ શાસ્ત્રના સબધમા બાબિલોન લોકો પાસેથી ચોક્કસ હકીકતો લીધા વિષે કરેલી ખોટી કલ્પના અને બિહ્લરનીએ હિન્દુઓ ઉપર કરેલા આક્ષેપ–"હિન્દુઓનુ મગજ એવુ તેજસ્વી નથી કે જેથી તેઓ એવુ કાઈ પણ પોતાની મેળે ઉપજાવી શકે"–એ ત્રણ બાબતો તેની લબાણ ચર્ચા સાથે બાબુ પોતાના અભિપ્રાયના સમર્થનમા મૂકે છે

ત્રીજા પ્રકરણમા મહાભારતની ઐતિહાસિકતા વિષે ચર્ચા કરી છે બાબુ કેવા સ્વતત્ર વિચારના પુરુષ હોવા જોઇએ તે તેઓએ મહાભારત ઐતિહાસિક ગ્રથ છે એમ સાબીત કરતા છતા મહાભારતમા આવેલી સઘળી હકીકતો અધશ્રદ્ધાળુઓ સત્ય તરીકે માની લે છે તેમ માની નથી તે પરથી જણાશે —

" એ વાત ખરી છે કે, મહાભારતમા એવા ઘણા પ્રસગો વર્ણવેલા છે કે જે તદ્દન જ નિરૂપયોગી, અસભવિત અને અનૈતિહાસિક હોય એમ જણાઈ આવે છે, અને તે સઘળા પ્રસગો નકામા અને અનૈતિહાસિક ગણી એ ગ્રથમાથી છોડી દઈ શકાય એમ છે પરતુ જે ભાગમા એવા પ્રસગો હોય નહિ, જે ભાગ નિરૂપયોગી કે અનૈતિહાસિક કહેવાય નહિ, તે ભાગને શી રીતે અનૈતિહાસિક કહી છોડી દેવાય ? દરેક દેશનો પ્રાચીન ઇતિહાસ લેશો તો તેમા એવી જ રીતે ખરૂ અને ખોટુ–ઐતિહાસિક અને અનૈતિહાસિક બાબતોનુ મિશ્રણ મળી આવશે" (પૃષ્ઠ ૧૦–૧૧) મહાભારતની ઐતિહાસિકતા નિ સશય છે જ એવુ સિદ્ધ કરતા બકિમ બાબુએ જે કારણો દર્શાવ્યા છે તે કારણો અવશ્ય માનનીય થાય તેવા સગીન છે.

ચોથા પ્રકરણમા મહાભારતની ઐતિહાસિકતાના સબધમા યૂરોપીય પડિતોના અભિપ્રાયો કેવા છે તેની ચર્ચા કરી છે હિન્દમા શરૂઆતમા આવેલા યૂરોપીય પડિતોએ મહાભારતને ઇતિહાસરૂપે ન સ્વીકારતા એક વીરરસ કાવ્ય (epic) તરીકે સ્વીકારેલુ યૂરોપીય પડિતોનો આ અભિપ્રાય અસત્ય છે, એવુ સિદ્ધ કરતા યૂરોપીય વિદ્વાનોના મતના

સબંધમા આ પ્રમાણે શબ્દો ઉચ્ચારે છે –

" વિલાયતી વિદ્વાનુ એક લક્ષણ એ છે કે, જેવુ તે પોતાના દેશમા દેખે તેવુ જ બીજા બધા દેશોમા હશે, એમ ધારી લે છે 'મૂર' લોક સિવાય યૂરોપમા તેમણે કાળી ચામડીના બીજા માણસો જોયલા નહિ હોવાથી આ દેશમા આવી હિન્દુઓને પણ યૂરોપીયનોએ 'મૂર'-નુ જ ઉપનામ આપ્યુ તે જ પ્રમાણે epic–વીરરસ કાવ્યો–સિવાય બીજા પદબંધ આખ્યાનગ્રંથો યૂરોપીયનોએ પોતાના દેશમા જોયલા નહિ અને તેથી એ લોકોના હાથમા રામાયણ તથા મહાભારત આવી પડતા જ તેમણે તેને epic કાવ્યનુ નામ આપી દીધુ " (પૃષ્ઠ ૧૩)

હિન્દમા પ્રારભમા આવેલા જર્મન સશોધકોએ મહાભારતની પ્રાચીનતા સ્વીકારવામા કરેલી આનાકાનીથી બકિમ બાબુને ઘણો ગુસ્સો થઈ આવેલો અને તેથી તેઓના મતો કેવી રીતે ખોટા છે એવુ બતાવવા ન તોડી શકાય એવા પ્રમાણો આપ્યા છે

" હિન્દુસ્થાનનુ પ્રાચીન ગૌરવ તે સમયે જર્મનીમા વસતા જગલી અગ્રેના હાવના વશજોથી જોઈ શકાયુ નહિ અને તેથી પ્રાચીન ભારતખડનો સુધારો તે તેટલો જૂનો નહિ, પણ હાવનો નવો છે એમ સાબિત કરી આપવા તેણે સર્વદા પ્રયત્ન કરવા માડયા." (પૃષ્ઠ ૧૪)

(૧) ' ઇસુ ખ્રિસ્તના જન્મ પહેલા મહાભારત લખાયલુ એમ કહેવા માટે કાઈ જ મજબૂત આધાર નથી " એમ તે જર્મન પડિતો માનતા હતા (૨) મહાભારત પ્રાચીન ગ્રથ છે ખરો પણ ઇસ્વી સન પૂર્વે આશરે ૪૦૦–૫૦૦ વર્ષપર એ ગ્રથ રચાયલો હોવો જોઈએ, તે પહેલા એવો કોઈ ગ્રથ હતો જ નહિ (૩) મૂળ મહાભારતમા પાંડવો વગેરેની કાઈ જ કથા હતી નહિ પાંડવ અને કૃષ્ણ વગેરે તો માત્ર કવિઓની કલ્પનાના પરિણામ છે આ ત્રણ યૂરોપીયન અભિપ્રાયો અને (૪) સ્વદેશી મત "કળિયુગના આરભની પૂર્વે ઘણા વખત પહેલાં કુરુક્ષેત્રનુ યુદ્ધ થયલુ " (પૃષ્ઠ ૧૬) એ ચારે મુદ્દાઓને પરાસ્ત કરવા માટે પાચમા પ્રકરણમા " કુરુક્ષેત્રનુ યુદ્ધ ક્યારે થયુ હશે ? " તે સબંધી જે ચર્ચા કરી છે તે ખરેખર ઇતિહાસશોધકોને માટે એક અદ્વિતીય

અભ્યાસ છે. જ્યોતિષશાસ્ત્રને આધારે તેઓએ ગણત્રી આપી બતાવ્યુ છે કે, "વિષ્ણુપુરાણમાથી ઈ. સ. પૂર્વે ૧૮૩૦નુ વર્ષ મળી આવ્યુ છે તે જ બરાબર લાગે છે" (પૃષ્ઠ ૩૩)

આ ક્રિમ બાબુએ કુરૂક્ષેત્રના યુદ્ધનો જે સમય બતાવ્યો છે તેનાથી પણ હવેના શોધકો આગળ જાય છે. મી૦ તિલક તથા મી૦ વૈદ્યના અભિપ્રાયો તરફ હમણા લોકલક્ષ વિશેષે જાય છે તેમા પણ મી૦ વૈદ્યના અભિપ્રાય તરફ વિશેષે ઢળે છે આ સબધી વિશેષ ચર્ચા હવે પછી કરશુ

પાંડવોની ઐતિહાસિકતા સબધી ચર્ચા પ્રકરણ છઠ્ઠા અને સાતમામા કરી છે—"મહાભારતનુ યુદ્ધ ઈ સ પુ ચૌદમા સૈકામા થયુ હતુ એમ કોલબ્રુક કહે છે વિલસન અને એલ્ફીન્સ્ટન પણ તે જ મત ગ્રહણ કરે છે વિલ્ફૉર્ડ ૧૩૭૦, બુકેનન તેરમી સદી અને પ્રાટ બારમી સદીનો પાછલો ભાગ કહે છે" (પૃષ્ઠ ૨૩) જર્મન વિદ્વાન લૅાસન, સર મોનિઅર વિલિઅમ્સ, મી૦ રમેશચદ્ર દત્ત વગેરે એવો અભિપ્રાય ધરાવે છે કે, "પાંડવ કૌરવનુ યુદ્ધ જે કહેવામા આવે છે તે કુરૂ અને પાંચાલ વચ્ચેનુ યુદ્ધ," મતલબ કે પાંડવોને તો માત્ર "કવિ કલ્પના ગણીને ઉડાવી દે છે" (પૃષ્ઠ ૨૪) તેઓ એમ જ કહે છે કે "એ લડાઈ માત્ર કૌરવો અને પાંચાલો વચ્ચે થયલી, પાંડવો એવે નામે કોઈ માણસ જ હતા નહિ પાંડુ અને તેના પુત્ર પાંડવો કદિ થઈ ગયા જ નથી." (પૃષ્ઠ ૨૫) આવા અભિપ્રાયને પરાસ્ત કરવા માટે બાબુ બંકિમે વાપરેલી દલીલો ખરેખર ન્યાયસમત (logical) છે

વેબર જે એમ કહે છે કે, "શતપથ બ્રાહ્મણમા અર્જુન શબ્દ વપરાયલો છે, પરતુ તે ઈન્દ્રના અર્થમા, નહિ કે પાંડવોમાના કોઈ એક અમુક જણને ઓળખાવવા માટે. આ ઉપરથી તેનુ કહેવુ એમ છે કે, પાંડુપુત્ર અર્જુન એ માત્ર મિથ્યા કલ્પના છે; અને ખરૂ જોતા તો એને ઇન્દ્રને ઠેકાણે બેસાડી દીધો છે" (પૃષ્ઠ ૨૯) લાસન સાહેબ જે એમ કહે છે કે "કુરૂ-પાંચાલ વચ્ચેનુ યુદ્ધ એ ઐતિહાસિક બનાવ છે, માટે એટલે દરજ્જે મહાભારતમા ઐતિહાસિકતા છે ખરી, પરતુ પાંડવ દ્રૌપદી વગેરે તેમાંના મુખ્ય નાયકનાયિકા હતા, એ વાત તે માનતો

નથી તે કહે છે કે, અર્જુન વગેરે સઘળા માત્ર રૂપક તરીકે એ ગ્રંથમાં છે, જેમ કે અર્જુનનો અર્થ ધોળુ, તેથી જે સઘળુ તેજવાળુ તે અર્જુન. અને કાળુ, તિમિરમય કૃષ્ણ કૃષ્ણા એટલે દ્રૌપદીનુ પણ તેમ જ "(પૃષ્ઠ ૩૦)

આ અભિપ્રાયોને બંકિમ બાબુએ તદ્દન તોડી નાખેલ છે. પાણિનીસૂત્રાદિની શાખો આપી સિદ્ધ કર્યુ છે કે પાંડવો એ ઐતિહાસિક પાત્રો જ છે

આઠમા પ્રકરણમા કૃષ્ણની ઐતિહાસિકતા વિષે ચર્ચા આવે છે "પાણિનિના આઠે અધ્યાય શોધતા કૃષ્ણનુ નામ જો કે જડતુ નથી," (પૃષ્ઠ ૩૫, નોંધ) એમ સ્વીકારી, કયા કયા સ્થળોએ શ્રી કૃષ્ણના નામના ઉલ્લેખો આવે છે તે બંકિમ જણાવે છે "ઋગ્વેદ સહિતામા કૃષ્ણનુ નામ વારે વારે મળી આવે છે " (પૃષ્ઠ ૩૫, નોંધ) તેમ જ 'લલિતવિસ્તર' નામક બૌદ્ધ ગ્રંથમા પણ શ્રી કૃષ્ણનુ નામ મળે છે એ પ્રસગો દર્શાવ્યા (પૃષ્ઠ ૩૭) બાદ છાંદોગ્ય ઉપનિષદમા નીચેનો ભાગ જેમા છે તે કયા ટાંકી બાબુ કૃષ્ણની ઐતિહાસિકતા સિદ્ધ કરે છે —

"अथैतद्घोर आङ्गिरसः कृष्णाय देवकीपुत्राय उक्त्वा उवाच"(પૃષ્ઠ ૩૭) ઐતિહાસિકતા સિદ્ધ કરતા બાબુ જે શબ્દો કહે છે તે આ છે

" હવે પહેલા વેદના સૂક્તો થયલા, પછી વેદના વિભાગ થયલા, એ વાતની કોઈથી ના કહેવાતી નથી અને તેથી વેદવિભાગકર્તા વેદવ્યાસના સમયમા થઈ ગયલા એક માણસ તે કૃષ્ણ, અને નહિ કે કોઈ કવિના મગજમાથી ઉત્પન્ન થયલી માત્ર કલ્પના, એ વાત આપણે કબૂલ રાખવી પડે છે "(પૃષ્ઠ ૩૮) વેદના જે ભાગને 'બ્રાહ્મણ' કહેવામા આવે છે તેમા " કૌશીતકી બ્રાહ્મણ " નામના ભાગમા તેમ જ વિષ્ણુપુરાણમા કૃષ્ણનુ નામ મળી આવે છે એ જણાવ્યા બાદ પાણિનિસૂત્રમા "**वासुदेवार्ज्जुनाभ्यां वुन**" એવો જે પાઠ છે તે ટાંકી બતાવે છે કે " એ પાણિનિસૂત્ર ઉપરથી એટલુ તો કહી શકીએ છીએ કે તેટલા જૂના વખતમા પણ કૃષ્ણ કોઈ એવા મોટા માણસ થઈ ગયા હોવા જોઈએ કે, જેને તે સમયે પણ આર્ય લોકો

પૂજતા હતા " (પૃષ્ઠ ૩૯)

આ સ્થળે જૈન શાસ્ત્રોને આધારે એક નવી ચર્ચા ઉપસ્થિત થાય તેવુ છે, જેમ વેદના મહાભારત અને રામાયણ અને હરિવંશ છે તેમ જૈનોના પણ છે જૈન રામાયણ રામને મોક્ષ પામેલા ગણે છે શ્રી કૃષ્ણ હવે પછીની ચોવિશિમા તીર્થંકરપદ પામશે એમ જૈન મહાભારત કહે છે આ વાત કેવા પ્રકારે તેઓ માને છે તેની થોડીક ચર્ચા પ્રારભમા કરી છે, વિશેષ આ કથા તે ગ્રથોથી જોઈ શકાશે અહીં જે પ્રસગ પ્રત્યે લક્ષ ખેચવાનુ છે તે પ્રસગ માત્ર એટલો જ છે કે, જૈનના બાવીશમા તીર્થંકર નેમિનાથ અને કૃષ્ણ બન્ને કાકાના દીકરા ભાઈ થતા હતા, એટલે કે કૃષ્ણનો પિતા વસુદેવ અને નેમિનાથના પિતા સમુદ્રવિજય બન્ને સગા ભાઈ હતા શ્રી નેમિનાથ અને કૃષ્ણનો પરિચય જૈન ગ્રથોમા બહુ નિકટ બતાવ્યો છે

શ્રી કૃષ્ણચરિત્રની યોજના કરવામા બકિમ બાબુએ જે હેતુઓ પોતાની બુદ્ધિમા રાખેલા તે સબધી તેમ જ તેમ કરતા તેઓએ તુલનાત્મક પૃથક્કરણો કેવી રીતે કરેલા છે તે સબધી આટલી ચર્ચા કર્યા બાદ હવે શ્રી કૃષ્ણચરિત્રમા ચર્ચેલા અનેક મુદ્દાઓમાથી થોડાક મુદ્દાઓ ઉપર સ્વતત્ર રીતે વિચાર કરીશુ

મહાભારતનુ યુદ્ધ

રામ અને રાવણ વચ્ચે થયલુ યુદ્ધ વસ્તુત થયલુ છે કે નહીં તે સબધી કેટલાકોને શકા રહે છે, પણ કુરુક્ષેત્રના મેદાન ઉપર પાંડવો અને કૌરવો વચ્ચે થયલા યુદ્ધના સબધમા કોઈને હવે શકા રહેતી જ નથી શોધકો અને ઇતિહાસકારોની વચ્ચે કાંઈ પણ મતભેદનો વિષય હોય તો આ કુરુક્ષેત્રનુ યુદ્ધ ક્યારે થયુ તે સબધી છે. મી૦ મોદક નામના એક વિદ્વાને ખગોળશાસ્ત્રને આધારે ગણત્રીઓ કરી એમ બતાવવા પ્રયત્ન કર્યો છે કે, આ યુદ્ધને ૭,૦૦૦ વર્ષ થયા છે વરાહ મિહિરના અભિપ્રાયને અવલબનારાઓની ગણત્રી એમ છે કે, ક્રાઇસ્ટની પૂર્વે ૨,૬૦૪ વર્ષ ઉપર આ યુદ્ધ થયુ હતુ. વિષ્ણુપુરાણના એક શ્લોકને આધારે, યુરોપીયન વિદ્વાનો કહે છે કે, તે ક્રાઇસ્ટની પૂર્વે ૧,૫૦૦ વર્ષ ઉપર થયુ હતુ. મી૦ રમેશચદ્ર દત્ત કુરુપાંચાલ યુદ્ધનો સમય મગધના

ઇતિહાસને આધારે ક્રાઇસ્ટની પૂર્વે ૧,૨૫૦ નો ઠરાવે છે મી૦ વેલરી આયર ક્રાઇસ્ટની પૂર્વે ૧,૧૯૪ના ઑક્ટોબરની ૧૪ મી તારીખ કુરૂક્ષેત્રના યુદ્ધની નક્કી કરે છે, મી૦ સી૦ સી૦ વૈદ્ય, એમ એ, એલ એલ બી, કે જેઓનો મહાભારતનો અભ્યાસ ઘણો ગંભીર લેખાય છે તેઓ પોતાનો અભિપ્રાય આ પ્રમાણે આપે છે —

આ પ્રમાણે આંતરૂ અને બાહ્ય પ્રમાણોથી ઘણું સંભવિત જણાય છે કે, શતપથ બ્રાહ્મણનો પ્રારંભ થયા પછી મહાભારતનું યુદ્ધ થયું હતું, અને અવશ્ય તેના પાછળના ભાગો લખાયા પહેલા, અને છાંદોગ્ય અને બૃહદારણ્યક ઉપનિષદોના પ્રાચીનતમ ભાગો રચાયા પહેલા થયું હતું મહાભારતની તારીખના સંબંધમા આ વાત નિશ્ચયાત્મક અનુમાનો પર સીધી રીતે આપણને લાભ કરી શકતી નથી, છતાય લગભગ સમય નક્કી કરી શકાય જો કે યૂરોપીયન પંડિતોએ વેદનો સમય ઘણો જૂનો કહ્યો છે, પણ ત્યાર પછીના શોધકે ખાસ કરીને મી૦ તિલક અને મી૦ શંકર દીક્ષિતની શોધોએ એમ બતાવ્યું છે કે, વેદનો મંત્ર–વિભાગ ક્રિશ્ચીયન શકની પૂર્વે ઓછામા ઓછા ચાર હજાર વર્ષ પૂર્વે લખાયલો હોવો જોઇએ, અને બ્રાહ્મણવિભાગ ઘણું કરી ક્રા૦ પૂ૦ ૩,૦૦૦ વર્ષ ઉપર લખાયલો હોવો જોઇએ, આપણે બ્રાહ્મણવિભાગની સાથે જ કામ છે અમારા અભિપ્રાય પ્રમાણે મી૦ દીક્ષિતની દલીલો ઘણી મજબૂત છે અને ચર્ચાનો અવકાશ રાખતી નથી 'ભારતીય જ્યોતિષ શાસ્ત્ર' નામનો મી૦ દીક્ષિતનો ગ્રંથ કે જેનું અમે માનીએ કે અંગ્રેજીમા ભાષાંતર થયું નથી તેમાથી તેઓની મુખ્ય દલીલો ઉતારવાની છૂટ લઇએ છીએ " પૂર્વ દિશા ચ્યવતી નથી બીજા નક્ષત્રો ચ્યવે છે " એ પ્રમાણે શતપથ બ્રાહ્મણના ખંડ બીજામા લખ્યું છે આથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે શતપથ બ્રાહ્મણના ખંડ બીજાના સમયમા કૃત્તિકા–કૃત્તિકાના તારા જ (નક્ષત્ર) બરાબર પૂર્વમા ઉગતા હતા અને તેટલા માટે તે ખગોળવિષયક વિષુવવૃત્ત ઉપર બરાબર હોવા જોઇએ મી૦ દીક્ષિતની ગણત્રીઓ પ્રમાણે આમ ક્રા૦ પૂ૦ ૩,૦૦૦ અથવા વધારે વર્ષે થયું હોવું જોઇએ, અને જો આપણે વૈદિક અવલોકનોની સ્થૂલતાઓ ધ્યાનમા રાખીએ તો એક

અથવા બે અથવા ત્રણ શતકોની છૂટ આપવી જોઇએ જ્યાસુધી અમે ખાત્રી કરી શકયા છીએ ત્યા સુધી મે બસો વર્ષોની આગળપાછળવાળી મી૦ દીક્ષિતની તારીખ તે શતપથ બ્રાહ્મણના પ્રાચીનતર ભાગોની રચનાની તારીખ લેખાવી જોઇએ. ભારતનુ યુદ્ધ આ પછી થયુ અને બ્રાહ્મણના પાછલા ભાગો રચાયા તે પહેલા થયુ આ પાછલા ભાગો વેદાગ જ્યોતિષ–કે જેનો સમય ખગોળવિષયક અવલોકનોમા ક્રા૦ પૂ૦ ૧,૫૦૦(જુઓ દીક્ષિત)નો ગણાય છે તે પહેલા ઘણે વખતે રચાયા હોવા જોઇએ, અને તે સહીસલામત રીતે ક્રા૦ પૂ૦ ૨,૦૦૦ વર્ષ મોડામા મોડા લેવા જોઈએ આ રીતે મહાભારતનુ યુદ્ધ ક્રા૦ પૂ૦ ૩,૧૦૦ અને ૨,૦૦૦ વર્ષપર થયુ હોવુ જોઈએ સ્વાભાવિક રીતે આર્ય ખગોળવેત્તાઓ કે જેઓ ક્રાઇસ્ટની પછી ૧૦૦ વર્ષે હારબધ થયા છે તેઓના અભિપ્રાય પ્રમાણે ક્રાઇસ્ટ પહેલા ૩,૧૦૧ વર્ષ ઉપર મહાભારતનુ યુદ્ધ થયલુ હોવુ જોઈએ ”

બ'કિમ બાબુનો અભિપ્રાય આ પ્રમાણે છે –“ પહેલા આપણે સ્વદેશી મતનુ જ અવલોકન કરીએ આજથી ૪,૯૯૨ વર્ષ ઉપર કુરૂક્ષેત્રનુ યુદ્ધ થયલુ એ વાત ખરી નથી, તે દેશી ગ્રથોપરથી જ સિદ્ધ કરી શકાય છે રાજતરગિણીમા જણાવેલુ છે કે, કળીયુગના શરૂ થયા પછી ૬૫૩મા વર્ષમા કાશ્મીરમા ગોનર્દ રાજા થઈ ગયો એ રાજા અને યુધિષ્ઠિર સમકાલીન હતા એમ પણ તેમા જણાવેલુ છે. એણે ૩૫ વર્ષ રાજ્ય કરેલુ માટે આશરે સાનસે વર્ષ બાદ થવા જોઇએ, જેથી ક્રાઇસ્ટની પૂર્વે ૨,૪૦૦ વર્ષનો આશરો આવે છે ” (પૃષ્ઠ ૧૬–૭)

આટલી વિગત આપ્યા પછી વિષ્ણુપુરાણ અને જ્યોતિષશાસ્ત્રને આધારે બાબુ આ પ્રમાણે સમય નક્કી કરે છે “ એટલુ તો કહી શકાય કે, કોઈ રીતે પણ કુરૂક્ષેત્રનુ યુદ્ધ એ વર્ષ પહેલા તો થયલુ ગણી શકાય જ નહિ, તેથી વિષ્ણુપુરાણમાથી ઈ. સ પૂર્વે ૧૫૩૦ નુ વર્ષ મળી આવે છે તે જ બરાબર લાગે છે. ” (પૃષ્ઠ ૨૩)

મી. વૈદ્ય વિષ્ણુપુરાણથી નીકળતો સમય ન સ્વીકારતા કહે છે કે —

"We are now in a position to consider the contradictory evidence adduced from the Vishnu Purana and the Bhagwata which presumably follows the former in this respect We will use Mr Dutt's translation of the Vishnu Purana here In the last section of part IV Parashara says, from the birth of King Parikshita up to the installation of the King Nanda, it is to be known that 1065 years have passed This, no doubt, would give to the Mahabharata war a date much later than we have assigned, viz, somewhere about 1400 B C But this statement in the Vishnu Purana is opposed to what has been stated in it a little before"

વિષ્ણુપુરાણ અને ભાગવત કે જે આગલા અનુમાનને આ સબંધમા અનુસરે છે તે ઉપરથી પરસ્પર વિરૂદ્ધ જતા પુરાવાનો વિચાર થઈ શકે છે આપણે અહી મી. દત્તના વિષ્ણુપુરાણના ભાષાન્તરનો ઉપયોગ કરીશુ ચોથા ખડની છેલ્લી કલમમા પારાશર કહે છે કે "પરિક્ષિત રાજાના જન્મ પછીથી અને નદ રાજાના રાજ્યાભિષેક સુધી, ૧૦૬૫ વર્ષ પસાર થયા હોવા જોઇએ એમ જણાય છે આ વાત નિ શકપણે મહાભારતના યુદ્ધને આપણે આપેલી તારીખ–ક્રાઇસ્ટની પૂર્વે લગભગ ૧,૪૦૦ વર્ષ–કરતા ઘણી વહેલી આણશે પણ વિષ્ણુપુરાણમાની આ હકીકત તેમાં સહેજ પૂર્વે કહેવામા આવ્યુ તેના કરતા વિરૂદ્ધ છે" આ પછી જૂદા જૂદા પ્રમાણો આપી મી વૈદ્ય આપણને પૂર્વે તેઓના આપેલા અભિપ્રાય ઉપર લઇ જાય છે

મી. ત્ર્યબક ગુરૂનાથ કાળે નામના એક મહારાષ્ટ્રીય વિદ્વાન જેઓ હમણા જ સ્વર્ગવાસ પામ્યા છે તેઓએ સનાતન ધર્મીઓએ નિર્ણીત કરેલો ઇ પૂ ૩,૧૦૦ નો સમય પણ યુક્તિ અને પ્રમાણથી ટકી શકતો

નથી એમ કહી, શ્રી કૃષ્ણનો વાસ્તવિક સમય ઈ સ પૂર્વે ૧૨૦૦–૧૫૦૦ ની દરમ્યાન અથવા તેની લગભગનો નક્કી કર્યો છે

આટલા અભિપ્રાયો મહાભારતના યુદ્ધના સમય સબંધી આપ્યા પછી અત્યાર સુધીમા ભૂમિકા (stage) ઉપર નહી આવેલ એવા એક બીજા સાહિત્યપર આપણે જઈશુ.

જેમ વેદાનુયાયીઓમા મહાભારત, રામાયણ છે તેમ જૈનોના પણ તે જ પ્રસગ ઉપર લખાયેલા સ્વતત્ર ગ્રથો છે જૈનો પોતાનાં મહાભારત અને રામાયણમા તે તે (એટલે જૈનેતર) ગ્રથોના પાત્રોને સ્વીકારે છે મહાભારતને અગે પાંડવાદિ તથા કૃષ્ણ વગેરે પાત્રોને તથા રામાયણને અગે રામાદિ પાત્રોને સ્વીકારે છે

પાંડવો અને કૃષ્ણને સમકાલીન માન્યા વિના છૂટકો જ નથી, એમ વિદ્વાનોને સ્વીકારવુ જ પડે છે. જૈનોના બાવીસમા તીર્થંકર નેમીનાથ શ્રીકૃષ્ણના કાકાના દીકરા ભાઈ હતા, એટલે કે, કૃષ્ણના વડીલ 'વસુદેવ' અને નેમીનાથના જનક સમુદ્રવિજય એ બે સગા ભાઈઓ હતા એમ જૈન સાહિત્ય કહે છે નેમીનાથનો અને શ્રીકૃષ્ણનો પરિચય જૈન સાહિત્યમા એટલો બધો ગાઢ બતાવવામા આવ્યો છે કે જાણે શ્રીકૃષ્ણ એ નેમીનાથના કુટુબના વડીલ હતા જૈન સાહિત્યમા જૈનના છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામીને મુખેથી શ્રેણિક રાજા પ્રત્યે નીચે પ્રમાણે શબ્દો કહેવાયલા જણાવવામા આવે છે " સમુદ્રના તીર ઉપર આવી સમુદ્ર આધષ્ઠાપકને વશ કરી જેણે દ્વારિકા નગરી વસાવી હતી, અને જેના ભ્રાતા નેમીનાથ જેવા તીર્થંકર છે, એવા કૃષ્ણ રાજાના અતિશય ધૈર્યનુ શુ વર્ણન કરૂ ?"

જૈનેતર સાહિત્યમા નેમીનાથ અને કૃષ્ણનો પ્રસગ ક્યાએ ચર્ચ્યો છે કે નહીં, એ સબધી મને માહિતી નથી, પણ મારી માહિતી એટલી છે કે, મહાભારતમા તો તેનો ઉલ્લેખ નથી, અને મહાભારતમા ઉલ્લેખ ન હોય એ સ્વાભાવિક છે, કારણ કે નેમીનાથને અને મહાભારતને કાંઈ સબધ નથી, નેમીનાથ અને કૃષ્ણનો જ સબંધ છે.

નેમીનાથનો સમય જૈન ગણત્રી પ્રમાણે, હમણા સુધીમા નક્કી

થતા સમય કરતા જૂદો જ પડે છે અને તે કેવી રીતે જૂદો પડી શકે તે વાત ચર્ચાવાને યોગ્ય છે

જૈનના ૨૨મા તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાનનુ આયુષ્ય ૧૦૦૦ વર્ષનુ હતુ, એમ જૈનસાહિત્ય કહે છે તેઓને મોક્ષપ્રાપ્તિ થયા બાદ ૮૩, ૭૫૦ વર્ષે ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ થયા, તેઓની આયુષ્યમર્યાદા ૧૦૦ વર્ષની હતી, ત્યાર પછી ૨૫૦ વર્ષે ૨૪મા તીર્થંકર શ્રી મહાવીર અથવા શ્રી વર્દ્ધમાન સ્વામી અવતીર્ણ થયા, તેઓનુ માત્ર ૭૨ વર્ષનુ આયુષ્ય હતુ શ્રી મહાવીર સ્વામી મોક્ષે ગયાને ૨,૪૪૦ વર્ષે થયા, એમ અનેક પ્રમાણો(જુઓ હર્મન જેકોબીના લેખો)થી સિદ્ધ થયુ છે, અને તે પ્રમાણે જૈનોમા હમણા મહાવીર શક ચાલે છે આ હીસાબે ૨૪૪૦+ ૭૨+૨૫૦+૧૦૦+૮૩,૭૫૦=૮૬,૬૧૨ નેમીનાથને થાય છે

મી ત્ર્યબક કાળે કહે છે કે (જુઓ જ્ઞાનપ્રકાશક તા ૧૩ [illegible]) "શ્રી કૃષ્ણ અને જૈનોના ૨૨મા તીર્થંકર શ્રી નેમીનાથ સમકાલીન હતા, એ વાત મને પૂર્વે જ લક્ષમા આવેલી છે માત્ર શ્રી નેમીનાથ અને ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથની વચ્ચે જૈન પરપરા પ્રમાણે ૮૩, ૭૫૦ વર્ષ ગયા એમ માનવાને હુ તૈયાર નથી આ બાબતમા જૈનોની અતિશયોક્તિ ઘણી છે "

જો મી કાળે શ્રી કૃષ્ણ અને નેમીનાથને સમકાલીન તરીકે સ્વીકારે છે તો પછી જૈનો તરફથી બતાવવામા આવતા વર્ષોની સખ્યાના સબધમા વિચાર કરવો રહે છે મી કાળે જેમ કહે છે કે, જૈનોની વર્ષોના સબધમા અતિશયોક્તિ ઘણી છે તેમ અતિશયોક્તિ કહેવી કે જૈનોની ગણત્રી કોઈ બીજી રીતે હોવા યોગ્ય છે, એ પ્રશ્ન સશોધકો અને ઇતિહાસકારોને માટે બહુ અગત્યનો થઈ પડશે

જૈન સાહિત્ય અતિ વિશાળ છે તે સસ્કૃત અને પ્રાકૃતમા છે પ્રાકૃતમા લખાયલુ સાહિત્ય સસ્કૃત કરતા વિશેષ પ્રાચીન છે જિનાગમો જૈનના સૂત્રો-મહાવીર સ્વામી, કે જેઓને આજે ૨,૪૪૧ વર્ષ થાય છે તેઓથી ઉપદેશાયા હતા, અને તે ત્યાર પછીના આચાર્યોએ કઠસ્થ રાખેલા, જે કઠસ્થ રખાયલા તે મહાવીર પછી લગભગ ૯૮૦ વર્ષે

દેવર્દ્ધિ ગણી ક્ષમાશ્રમણે પુસ્તકારૂઢ કર્યા ભાષાશાસ્ત્રીઓ જૈનસૂત્રોની ભાષા કયા સમયની છે તે નક્કી કરી શકે તેવુ છે, અને તેમ નક્કી કરતા, તે સૂત્રોની અદર કહેવાયલા કૃષ્ણાદિના પ્રસગોથી મહાભારતના તે (કૃષ્ણાદિ) પાત્રો સબધી વિશેષ પ્રકાશ પડી શકવા યોગ્ય છે

કૃષ્ણની ઐતિહાસિકતા

મહાભારતના યુદ્ધની ઐતિહાસિકતા સબધી આટલી ચર્ચા કર્યા બાદ કૃષ્ણની ઐતિહાસિકતા સબધી થોડો વિચાર કરીએ ટૅલ્બૉયઝ વ્હીલરનો એવો અભિપ્રાય હતો કે મહાભારતના યુદ્ધપ્રસગે શ્રી કૃષ્ણ અસ્તિત્વમા ન જ ઘટે આ પાશ્ચાત્ય વિદ્વાનના અભિપ્રાયો સર્વથા અસત્ય છે, એવુ હવે પૌરસ્ત્ય વિદ્વાનોએ સ્પષ્ટપણે સિદ્ધ કરી આપ્યુ છે મી વૈદ્ય કહે છે કે,

" But the great Krishna cannot be separated from the Pandavs In fact, the Mahabharata would not have been what it is but for his wonderful personality. We have strong external evidence also in support of this connection Heracles, who is none other than Krishna, and Pandia have been talked together by Greek historians, though by similarity of sound the Pandias of the south have undoubtedly been mistaken for Pandavs "

ફ્રાન્સના નામાંકિત શોધક મી. બરનુફે એમ કહ્યુ છે કે, બૌદ્ધ શાસ્ત્રમા કૃષ્ણનુ નામ જડતુ નથી પણ બ કિમ બાબુએ કૃષ્ણનુ નામ બૌદ્ધના પ્રખ્યાત ગ્રથ " લલિતવિસ્તાર " મા છે એમ સાબિત કરી આપ્યુ છે- બ કિમ બાબુ કહે છે કે "એ (બૌદ્ધ) સાહિત્યમા સૂત્રપિટ ગ્રથ જૂનામા જૂનો છે, તેમા પણ કૃષ્ણનુ નામ છે તેમા કૃષ્ણને અસુર કહે તેમા નવાઈ નથી (કારણ કે બૌદ્ધો હિન્દુ ધર્મ વિરોધી હતા) (પૃષ્ઠ ૩૭) ." વેદનો સૌથી છેલ્લામા છેલ્લો ભાગ ઉપનિષદ્ છે, તેથી તેને વેદાન્ત કહે છે વેદના જે ભાગને 'બ્રાહ્મણ' કહે છે તે ઉપનિષદ્ કરતા વધારે જૂનો છે અને તેથી છાંદોગ્યોપનિષદ્ કરતા કૌશીતકી બ્રાહ્મણ વધારે પ્રાચીન ગણાય

છે, તેમા પણ એ જ **આંગિરસ ઘોર** ઋષિનુ નામ છે, અને તેની જોડે કૃષ્ણુનુ નામ છે." (પૃષ્ઠ ૩૯)

બૌદ્ધ અને જૈન ધર્મોને વેદના પ્રતિસ્પર્દ્ધિઓ માનવામા આવે છે, અને તે ધર્મોના સાહિત્યમા કૃષ્ણાદિ પાત્રોને પોતાના તરીકે સ્વીકારી જો તેઓને અગત્ય આપવામા આવી છે, તો તે પરથી કૃષ્ણાદિની ઐતિહાસિકતા વિશેષ દૃઢ રીતે સિદ્ધ કરી શકાત, પણ દિલગીરીભર્યું છે કે, અદ્યાપિ પર્યંત જૈન સાહિત્ય આ વિષયમા કેટલો પ્રકાશ પાડી શકે તેમ છે તે તપાસવા કોઈએ શ્રમ લીધો નથી, અને લીધો હોય તો બહુ જ ઓછો જૈન સાહિત્ય પ્રકાશ પાડી શકે તેવુ છે તે મી૰ વૈદ્યના નીચેના કથન પરથી જણાશે

"Again we have the mention of a Nagna Kshapanaka(naked Jain) in the Paushya Akhyana in the Adi Parva The origin of Jainism is usually believed to have been laid by Mahavira about 500 B C, i e., about the same time as Buddhism. The Mahabharata does not directly refer to Buddhism or any of its votaries. But this is not an argument to put it before Buddhism Dis cussions and discourses in the nature of Buddhistic controversies are hinted at in the Moksha Dharma section of the Shanti Parv. Buddhism and Jainism had assumed an offensive appearance, and were threatening to be powerful rivals of the orthodox Aryan religion, &c"

વેદ ધર્મના બળવાન પ્રતિસ્પર્દ્ધી અને હુમલાની વલણ (offensive appearance) ધરાવનાર સાહિત્ય આ પાત્રોને મહાવીરના સમયથી તે આજ સુધી સંપૂર્ણ પૂજ્યતાપૂર્વક જુએ છે એ વાત કૃષ્ણની ઐતિહાસિકતાને દૃઢતર બનાવે છે. શ્રી કૃષ્ણ તરફ જૈનોની આજે

પણ કેટલી પૂજ્યભાવના છે તે શ્રીમદ્ રાજચન્દ્ર, કે જેઓ આ સમ- યના એક સમર્થ વિદ્વાન તરીકે લેખાય છે, તેમના શબ્દો ઉપરથી જણાશે

"શ્રી કૃષ્ણ ગમે તે ગતિને પ્રાપ્ત થયા હોય, પણ વિચારતા તે આત્મભાવ ઉપયોગી હતા, એમ સ્પષ્ટ જણાય છે શ્રી કૃષ્ણે કાચનની દ્વારિકાનુ છપ્પન કોટિ યાદવોએ સગૃહીત પચ વિષયના આકર્ષિત કાર ણોના યોગમા સ્વામીપણુ ભોગવ્યુ તે, શ્રી કૃષ્ણે જ્યારે દેહ મૂકયો છે ત્યારે શી સ્થિતિ હતી તે વિચારવા યોગ્ય છે, અને વિચારી આ જીવને જરૂર આ કુળપણાથી મુક્ત કરવા યોગ્ય છે કુળનો સહાર થયો છે, દ્વારિકાનો દાહ થાય છે તે શોકે શોકવાન એકલા વનમા ભૂમિપર આધાર કરી સુતા છે ત્યા જરા કુમારે બાણ માર્યું તે સમયે પણ જેણે ધીર- જને અવગાહી છે તે શ્રી કૃષ્ણની દશા વિચારવા યોગ્ય છે"

કૃષ્ણનુ અવતારધારણ

કૃષ્ણચરિત્રના પ્રથમ ખડના ૧૩મા પ્રકરણમા "ઈશ્વર પૃથ્વી ઉપર અવતાર લઈ ઉતરે છે ખરો?"એ વિષયક બકિમ બાબુએ ચર્ચા કરી છે વૈજ્ઞાનિકો કૃષ્ણનો અવતાર થવાની ના પાડે છે બકિમ બાબુ પોતાની દૃષ્ટિ અનુસાર દલીલો કરી ધર્મસરક્ષણના કારણે અવતાર લઈ શકે એમ દેખાડવા પ્રયત્ન કરે છે, પણ તે પ્રયત્ન વૈજ્ઞાનિકો (scientists)ને સપૂર્ણ સમાધાન પમાડી શકે તેવો પૂરતો સભવ નથી. આમ છતા બકિમ બાબુ કૃષ્ણને મનુષ્યની શક્તિઓ જે કામ કરી શકે તેવુ કરનાર તરીકે ચિતરે છે તેઓ કહે છે કે —

"આ ઉપરથી કોઈ એમ તો નહિ જ કહી શકે કે, કૃષ્ણે માણુ સનો દેહ ધરી માણસની શક્તિ ઉપરાતની શક્તિ વાપરી પોતાના કામ કર્યા હતા" (પૃષ્ઠ ૬૨–૩)

પોતાના કથનની સમર્થના માટે Indian Antiquaryમા આવેલ લૅાસન (Lassen) સાહેબનો અભિપ્રાય બકિમ બાબુ આ પ્રમાણે ટાકે છે —

"It is true that in the epic poems Rama and Krishna appear as incarnations of Vishnu, but

they at the same time come before us as human heroes, and these two characters (the divine and the human) are so far from being inseparably blended together, that both of these heroes are for the most part exhibited in no other light than other highly gifted men-acting according to human motives, and taking no advantage of human superiority" (પૃષ્ઠ ૬૩)

શ્રીમદ્ રાજચદ્ર, કે જેઓને વિષે આપણે હમણા જ ઉલ્લેખ કરી ગયા છીએ તેઓની શ્રીકૃષ્ણ પ્રત્યે કેવી અપ્રતિમ પૂજ્ય ભાવના હતી તે તેઓએ ભક્તિપ્રાધાન્ય આધ્યાત્મિક ભાષામા લખેલ નીચેના શબ્દોથી જણાશે --

"આજના પ્રભાતથી નિરજન દેવની કોઈ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે. આજે ઘણા દિવસ થયા ઇચ્છેલી પરા ભક્તિ કોઈ અનુપમ રૂપમા ઉદય પામી છે ગોપીઓ ભગવાન વાસુદેવ(કૃષ્ણચદ્ર)ને મહીની મટુકીમા નાખી વેચવા નીકળી હતી, એવી એક શ્રીમદ્ ભાગવતમા કથા છે તે પ્રસગ આજે બહુ સ્મરણમા રહ્યો છે અમૃત પ્રવહે છે ત્યા સહસ્ર દૈવકમળ છે એ મહીની મટુકી છે, અને આદિ પુરુષ તેમા બિરાજમાન છે તે ભગવત વાસુદેવ છે તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતા તે ઉલ્લાસમા આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે "કોઈ માધવ લ્યો, હા રે કોઈ માધવ લ્યો," એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે, આદિ પુરુષની અમને પ્રાપ્તિ થઈ અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે બીજુ કશુય પ્રાપ્ત કરવા યોગ્ય નથી, માટે તમે પ્રાપ્ત કરો ઉલ્લાસમા ફરી ફરી કહે છે, "તમે તે પુરાણ પુરુષને પ્રાપ્ત કરો, અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો તો અમે તમને તે આદિ પુરુષ આપી દઈએ મટુકીમા નાખીને વેચવા નીકળ્યા છીએ, ગ્રાહક દેખી આપી દઈએ છીએ, કોઈ ગ્રાહક થાઓ અચળ પ્રેમના કોઈ ગ્રાહક થાઓ. વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ." "મટુકીમા નાખીને

વેચવા નીકળ્યાનો અર્થ સહસ્રદળ કમળમા અમને વાસુદેવ ભગવાન મળ્યા છે મહીનુ નામ માત્ર છે આખી સૃષ્ટિને મથીને જો મહી મથી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે. એવુ સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરી વ્યાસજીએ અદ્‌ભુત ભક્તિને ગાઈ છે. આ વાત અને આખુ ભાગવત એ એકને જ પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષર ભરપૂર છે ”

શ્રી કૃષ્ણ પ્રત્યે જેની આવી અદ્વિતીય ભક્તિ છે તે વિદ્વાન પણ ઈશ્વરરૂપે કૃષ્ણ હતા અને ત્યાર પછી અવતાર ધારણ કર્યો હતો, એમ માનતા નથી. દક્ષિણ આફ્રિકાવાળા નામાંકિત દેશભક્ત મી મોહનદાસ ગાંધીએ શ્રીમદ્ રાજચદ્રને જે પ્રશ્ન કર્યો હતો અને તેનો તેઓએ જે ઉત્તર આપ્યો હતો તે અમે અત્ર આપીએ છીએ

મી૦ ગાંધી—કૃષ્ણાવતાર ને રામાવતાર એ ખરી વાત છે ? એમ હોય તો તે શુ ? એ સાક્ષાત્ ઈશ્વર હતા ? કે તેના અશ હતા ? તેમને માનીને મોક્ષ ખરો ?

શ્રીમદ્ રાજચદ્ર— બન્ને મહાત્મા પુરૂષ હતા, એવો તો મને પણ નિશ્ચય છે. આત્મા હોવાથી તેઓ ઈશ્વર હતા સર્વ આવરણ તેમને મટયા હોય, તો તેનો મોક્ષ પણ સર્વથા માનવામા વિવાદ નથી ઈશ્વરનો અશ કોઈ જીવ છે એમ મને લાગતુ નથી, કેમકે તેને વિરોધ આપતા એવા હજારો પ્રમાણ દૃષ્ટિમા આવે છે ઈશ્વરનો અશ જીવને માનવાથી બધમોક્ષ બધા વ્યર્થ થાય, કેમકે ઈશ્વર જ અજ્ઞાનાદિનો કર્તા થયો, એમ અજ્ઞાનાદિનો જે કર્તા થાય તે પછી સહેજે ઈશ્વર હોય તોય ઈશ્વર-પણુ ખોઈ બેસે અર્થાત્ ઉલટુ જીવના સ્વામી થવા જતા ઈશ્વરને નુક-સાન ખમવાનો પ્રસગ આવે તેવુ છે. તેમ જીવને ઈશ્વરનો અશ માન્યા પછી પુરૂષાર્થ કરવો યોગ્ય શી રીતે લાગે ? કેમકે તે રીતે તો કોઈ પણ જીવ કઈ કર્ત્તાહર્ત્તા ઠરી શકે નહીં એ આદિ વિરોધથી ઈશ્વરના અશ તરીકે કોઈ જીવને સ્વીકારવાની પણ મારી બુદ્ધિ થતી નથી, તો પછી શ્રી કૃષ્ણ કે રામ જેવા મહાત્માને તેવા યોગમા ગણવાની બુદ્ધિ કેમ થાય ? બન્ને 'અવ્યક્ત ઈશ્વર' હતા એમ માનવામા અડચણ નથી, તથાપિ તેમને

વિષે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રકટયુ હતું કે કેમ તે વાત વિચારવા યોગ્ય છે.

(૨) 'તેમને માનીને મોક્ષ ખરો કે, એનો ઉત્તર સહજ છે જીવને સર્વ રાગદ્વેષ અજ્ઞાનનો અભાવ અર્થાત્ તેથી છૂટવુ તે મોક્ષ છે તે જેના ઉપદેશે થઈ શકે તેને માન્યે અને તેવુ પરમાર્થ સ્વરૂપ વિચારી સ્વાત્માને વિષે પણ તેવી જ નિષ્ઠા થઇ તે જ મહાત્માના આત્માને આકારે (સ્વરૂપે) પ્રતિષ્ઠાન થાય ત્યારે મોક્ષ થવો સભવે છે બાકી બીજી કોઈ ઉપાસના કેવળ મોક્ષનો હેતુ નથી તેના સાધનનો હેતુ થાય છે તે પણ નિશ્ચય થાય જ એમ કહેવા યોગ્ય નથી."

કૃષ્ણની આધ્યાત્મિક દશા અને તત્સબધી તત્ત્વજ્ઞાન

આપણે પ્રારભમા જ કહી ગયા છીએ કે, શ્રી કૃષ્ણના જીવનને જૂદી જૂદી દૃષ્ટિએ જોવામા આવ્યુ છે અને તે પ્રમાણે તેઓનુ ચિત્રામણ કરવામા આવ્યુ છે એટલે શ્રી કૃષ્ણની વાસ્તવિક આધ્યાત્મિક દશા કયા તત્ત્વજ્ઞાનને અવલબીને સ્થિત થઈ હતી તેનો નિશ્ચય કરવો, એ મુશ્કેલ કામ છે વેદાન્ત, સાંખ્ય, શક્તિવાદ, દ્વૈતવાદ, અદ્વૈતવાદ, એ સઘળાએ જેમ શ્રી કૃષ્ણને પોતપોતાના તત્ત્વજ્ઞાનો (philosophy) લાગુ પાડયા છે તેમ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય આદિ ધર્મવેત્તાઓએ પોતાના તત્ત્વજ્ઞાનો લાગુ પાડયા છે. આ ઉપરાત જૈન દર્શને પોતાનુ તત્ત્વજ્ઞાન શ્રી કૃષ્ણની દશાને અગે લાગુ પાડયુ છે આ સ્થિતિમા શ્રી કૃષ્ણની દશા વાસ્તવિક કયા તત્ત્વજ્ઞાનને અવલબીને હતી તે શોધવુ એ અસાધ્ય નહીં તો દુ સાધ્ય તો જરૂર છે જ અસાધારણ ધર્મવેત્તાઓના અભિપ્રાયોની વચ્ચે આપણા જેવા ક્ષુલ્લક મનુષ્યો પોતાના સ્વતત્ર અભિપ્રાય બાધે એનુ જો કે નિર્જીવ મૂલ્ય છે, તો પણ એક વ્યક્તિના અભિપ્રાય બાધવા સ્વાતત્ર્યના હક્કનુ અવલબન લઈ આપણે એમ જણાવવા હિમ્મત કરીશુ કે, શ્રી કૃષ્ણે કલ્પાયલા કોઈ પણ ચોક્કસ દર્શનને જ અધીન રહી પોતાનું જીવન કે પોતાની આધ્યાત્મિક દશા ઉત્પન્ન કરી નહોતી, પરતુ તેઓમા એવા પ્રકારના અનેક ગુણના વિકાસો થયા હતા કે, જે ગુણવિકાસના જે પ્રશસક હોય તે તે તેઓને પોતાના અભિપ્રાયરૂપ નિ શકપણે ચિતરી શકે.

અમને તો એમ પણ લાગે છે કે, જેમ સર્વ દેશો અને સવ સમયમા બને છે તેમ, જ્યારે એક સાધારણ ઐશ્વર્યવાળી વ્યક્તિ થાય છે ત્યારે તે વ્યક્તિને સૌ ધર્મવાળાઓ તે વ્યક્તિના ચોક્કસ ગુણવિકાસના અશને લઈને તેને પોતાના ધર્મના ગણુવા પ્રયત્ન કરે છે આ રામ અને કૃષ્ણના સબંધમા પણ તેનુ જ બન્યુ જણાય છે. જો એમ ન હોત, તો એટલે કે જો તેઓ ચોક્કસ દર્શનને આધીન જ હોત, તો સામસામી દિશાવાળા ધર્મજ્ઞાનો તેમને પોતાના તરીકે ગણી શકત જ નહીં વેદમાથી ઉદ્‌ભવ પામતા છ દર્શનો શ્રી કૃષ્ણને પોતપોતાના તરીકે ગણાવવા પ્રયત્ન કરે, એ જો કે, આશ્ચર્ય જેવુ છે તો પણ એથી વધારે આશ્ચર્ય જેવુ એ છે કે વેદથી પરાઙ્‌મુખ ગણાતા જૈન દર્શને પણ શ્રી કૃષ્ણને પોતાના ગણવા પ્રયત્ન કર્યો છે આ વાત અમારી ઉપર્યુક્ત માનીનતા દૃઢ કરે છે કે, શ્રી કૃષ્ણે કોઈ પણ કલ્પાયલા ચોક્કસ દર્શનને અધીન રહી, પોતાનું આધ્યાત્મિક જીવન ઉત્પન્ન કર્યું નહોતુ, પરતુ તેઓમા સ્વય એવા ગુણોનો વિકાસ થયો હતો કે, જે ગુણોના જૂદા જૂદા અશોના પ્રશસકો, પોતાના અભિપ્રાય પ્રમાણે તે ગુણો તેમને લાગુ પાડી શકે

ભગવદ્‌ગીતા, જે શ્રીકૃષ્ણ મુખે કહેવાયલો ગ્રથ કહેવાય છે, તેમાના નીચેના વિચારો ગમે તે દર્શનવાળા પોતાને ત્યા શ્રીકૃષ્ણને લઈ જઈ શકે તેવા છે

तस्मादसक्त सतत कार्य कर्म समाचर ।
असक्तो ह्याचरन कर्म परमाप्नोति पूरुष. ॥ ३-१९

"તેથી અનાસક્ત એવો તુ કર્તવ્યકર્મનુ નિરતર સમાચરણ કર. કેમકે અનાસક્ત થયો છતા કર્મને આચરતો પુરુષ પરમ તત્વને પામે છે"

વેદનું કહેવાતુ પ્રતિસ્પર્ધી (rival) જૈન દર્શન શ્રીકૃષ્ણની દશાને પોતાને ત્યા લઈજઈ શકે છે તે શ્રીમદ્ રાજચદ્રના નીચેના શબ્દોથી જણાશે—

"શ્રીકૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય તેને સર્વ પ્રકારની સસારી ક્રિયા તે જ સમયે ન હોય. એવો કંઈ નિયમ નથી. સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) ઉત્પન્ન થવા પછી

અસાર-અસારી ક્રિયા રસરહિતપણે થવી સભવે છે. ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવથી હોતી નથી, કે જેથી પરમાર્થ વિષે ભ્રાન્તિ થાય, અને જ્યા સુધી પરમાર્થને વિષે ભ્રાન્તિ થાય નહીં ત્યા સુધી બીજી ક્રિયાથી સમ્યકત્વને બાધ થાય નહીં સર્પને આ જગતના લોકો પૂજે છે તે વાસ્તવિકપણે પૂજ્યબુદ્ધિથી પૂજતા નથી, પણ ભયથી પૂજે છે, ભાવથી પૂજતા નથી અને ઇષ્ટ દેવને લોકો અત્યત ભાવે પૂજે છે એમ સમ્યગ્દૃષ્ટિ જીવ તે સસારને ભજતો દેખાય છે તે પૂર્વે નિબધન કરેલા એના પ્રારબ્ધકર્મથી દેખાય છે વાસ્તવ્યપણે ભાવથી તે સસારનો તેનો પ્રતિબધ ઘટે નહીં. પૂર્વ કર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે જેટલે અશે ભાવપ્રતિબધ ન હોય તેટલે અશે જ સમ્યગ્દૃષ્ટિપણ તે જીવને હોય છે ”

શ્રી કૃષ્ણની રાજનીતિ

થોડા વર્ષો ઉપર શ્રી કૃષ્ણની રાજનીતિ અને ધર્મનીતિના સબધમા લોકમા ઘણી ખોટી ભ્રમણાઓ હતી હવે તે ભ્રમણા દૂર થઇ છે એટલુ જ નહીં, પણ હવે લોકશ્રદ્ધા એવે પ્રકારે દૃઢ થતી જાય છે કે કૃષ્ણની રાજનીતિ જ વ્યવહાર્ય જીવન(practical life)ને માટે ઉપયોગી છે આપણને ખેદ અને આશ્ચર્ય બન્ને થાય છે કે, આવા એક મહાન્ એશ્વર્યવાન્ પુરુષના સબધમા આવી ખોટી ભ્રમણા થવા પામી હતી. બકિમ બાબુએ શોધી કાઢેલી શ્રી કૃષ્ણની રાજનીતિના થોડાક અશો (fragments) એક પ્રાચીન સાહિત્યની સાથે સરખાવીએ —

બકિમ બાબુ

૧ આ પ્રમાણે તેમની બુદ્ધિ પૂરેપૂરી ખીલેલી હોવાથી તે સર્વ વ્યાપી, સર્વદર્શી અને સર્વ પ્રકારના ઉપાયો યોજનાર થઈ પડ્યા હતા માણસથી જેટલુ આદર્શરૂપ બની શકાય તેટલુ કૃષ્ણ બન્યા હતા અપૂર્વ અધ્યા-

પ્રાચીન સાહિત્ય:

૧ જાણે પ્રજાના પિતા હોય તેવા તે રાજાના જેવા પૃથ્વીમા દાતા, ભોક્તા, વિવેકી અને જ્ઞાનવિજ્ઞાનથી વિભૂષિત કોઈ બીજા હતા નહી

ત્મવિદ્યા અને ધર્મતત્ત્વ જેનો પાર આજે પણ માણસો પામી શક્યા નથી ત્યાથી માડીને તે વૈદક અને સંગીત વિદ્યા પણ તેમને આવડતી હતી

૨ સર્વ મનુષ્યનુ પોતે ભલુ ચહાતા હતા એટલુ જ નહીં પણ ગાયવાછરડા આદિ જનવરો તરફ પણ તેમની તેવી જ દયામય વૃત્તિ રહેલી

૩ પોતાના સગાંવ્હાલાં, કુટુંબીઓનુ ભલુ કરવા તે કેટલા તત્પર હતા તે આપણે જોયુ છે એટલુ જ નહીં, પણ તે સગા સબધી પાપાચારી હોય તો તેમની જોડે કેવા શત્રુ જેવા વર્ત્તતા હતા તે પણ જોયુ છે કસ અને શિશુપાળને તેમના કૃત્યનો બદલો તેમણે આપ્યો

૪ તે સર્વશ્રેષ્ઠ અને સભ્રાન્ત રાજનિતિજ્ઞ છે, એવુ જાણીને જ શુ યાદવો કે શુ પાંડવો તેમને પૂછ્યા વિના સળી સરખી પણ ખસેડતા નહી. મનુષ્ય લોકમા એમના જેવો બળવાન તથા વેદવેદાંગને જાણનાર બીજો માણસ મળી આવવો મુશ્કેલ છે.

૨ વાછરડાની રક્ષા માટે ગોવર્ધન નામનો પર્વત ધારણ કર્યો હતો

૩ બાલ્યાવસ્થામા પણ જેણે કંસ પ્રમુખ શત્રુઓને મારી નાખ્યા હતા રાજા પોતાના બંધુજનનો સેવક થઈ, સેવકોનો મિત્ર થઇ અને શરણાર્થી લોકોનો રક્ષક થઇ રહેનો હતો પૃથ્વી ઉપર યાચકોને કલ્પવૃક્ષ સમાન હતો.

૪ યાદવોના કુળરૂપી સમુદ્રમા નિત્ય ઉદય પામેલ ચન્દ્ર હતો, અર્થાત્ કે તેના જેવા લક્ષણ અને ગુણવાળો પૃથ્વી ઉપર કોઇ બીજો રાજા હતો નહિ.

૫ તે વિશુદ્ધ, પુણ્યમય, પ્રીતિમય, દયામય હતા. નીતિજ્ઞ, ક્ષમાશીલ, ધિક્કારવૃત્તિ વિનાના ભોળા, અહંકાર વિનાના યોગી અને તપસ્વી હતા.

૫ મનોરથ અને સંપત્તિ કરતાં પણ અધિક એવી તેની દાનશક્તિ જોઈ વ્યતીત થઈ ગયેલા કલ્પવૃક્ષો અદ્યાપિ આગમન કરતા નથી "હે નાથ ! તમે ગુણનો આદર કેમ કરો છો?" એમ કહીને ક્રોધ વગેરે દોષો તેમનાથી દૂર થયા હતા 'તે મારૂં નિર્મળપણું સુવ્રતપણું અને આહ્લાદપણું લઈ લીધું' એમ વિચારી ચન્દ્રે કલંકને ધારણ કર્યું હતુ

૬ કૃષ્ણનો સ્વભાવ ગંભીર અને ક્ષમાશીલ હતો

૬ તે રાજા સાધુઓને પાલન કરવામા દક્ષ, દુષ્ટનો નિગ્રહ કરવામા સમર્થ, સમુદ્રના જેવો ગંભીર અને પર્વતરાજના જેવો ધીર હતો

૭ મહા બળવાળા, મગરૂર માણસોથી પણ પોતે બળવાન હોવા છતા જ્યા લોકોના હિતની વાત આવે ત્યા શાન્તિથી કામ લેવા પોતે દૃઢ પ્રયત્ન કરતા અને તેમ કરવા પોતે દૃઢ પ્રતિજ્ઞા લીધી હતી.

૭ સમુદ્રના તીર ઉપર આવી સમુદ્રના અધિષ્ઠાપકને વશ કરી જેણે દ્વારિકા નગરી વસાવી હતી અને જેના ભ્રાતા નેમીનાથ જેવા તીર્થંકર છે, એવા કૃષ્ણ રાજાના અતિશય ધૈર્યનુ શુ વર્ણન કરૂ ? હે વત્સ ! બૃહસ્પતિ પણ પોતાની એક જીવ્હાથી તેના ધૈર્યની સંપત્તિ વર્ણવી શકે તેમ નથી, તો પછી મારાથી તેનું શી રીતે વર્ણન થાય?

૮ પોતે માનુષી શક્તિ વાપરી કામ કરતા હતા, છતાં તેમનુ ચરિત્ર ઈશ્વરી હતુ.	૮ પ્રતિદિન રાજ્યને પાલન કરતા, ધર્મશાસ્ત્રો સાભળતા, ગુરૂજનને અભિવદન કરતા હતા, નિરતર બધુઓને માન આપતા હતા સમ્યકૂત્વને દૃઢ રીતે પાલન કરતા આ સંસારને ચિત્તમાં કદળીના સ્તભના જેવો ગણુતા હતા.

બકિમ બાબુ અને આ પ્રાચીન સાહિત્યના શબ્દો જો કે બરાબર એકસરખા નથી, પણુ શબ્દોમા રહેલો આશય એકસરખો જ છે જે પ્રાચીન સાહિત્ય ઉપરથી અમે આ ઉતારાઓ (quotations) લીધા છે તેનુ બાબુને સ્વપ્ન પણુ નહોતુ, અર્થાત્ બાબુના એ વિચારો કેવળ સ્વતત્ર જ હતા.

જે પ્રાચીન સાહિત્ય ઉપરથી અમોએ આ ઉતારાઓ લીધા છે તે પ્રાચીન સાહિત્ય કયુ તે જ્યારે વાચક જાણુશે ત્યારે તેને એક અદ્‌ભુત આશ્ચર્ય થશે આ પ્રાચીન સાહિત્ય તે બીજુ કોઇ જ નહી, પણુ તે જ કે જેને વેદાનુયાયીઓ પોતાનું પ્રતિસ્પર્દ્ધી માને છે, તે જૈન દર્શનનુ છે.

પ્રત્યેક વિચારવાનને ખેદ થવો જોઇએ કે, જે દર્શનની શ્રીકૃષ્ણુ પ્રત્યે આવી અદ્‌ભુત પૂજ્યવૃત્તિ છે તે દર્શનને પ્રતિસ્પર્દ્ધી અને કૃષ્ણુને નિન્દનાર માનવાની પરપરાએ ભૂલ કરવામા આવી છે. અમે ઉપર આપેલા ઉતારાઓ જે પ્રાચીન સાહિત્ય ઉપરથી લીધા છે તે પ્રાચીન સાહિત્ય-પ્રદ્યુમ્ન ચરિત્ર કૃષ્ણુના પુત્રનુ ચરિત્ર છે. પ્રદ્યુમ્નચરિત્ર જૈન સૂત્રો ઉપરથી ઉદ્ધૃત કરવામા આવેલ છે.

બંકીમ બાબુ જેવા સમર્થ analyst પૃથક્કરણુશાસ્ત્રીના હાથમા જૈન સાહિત્ય કૃષ્ણુચરિત્ર લખતી વખત આવ્યુ હોત, તો તેઓએ કૃષ્ણુ સબધમાં જે અભિપ્રાયો બાધ્યા છે તેને ઉચ્ચ પ્રકારના સમર્થનો support આ સાહિત્ય જરૂર આપી શકત.

શ્રી કૃષ્ણની યુદ્ધફિલસુફી

શ્રીકૃષ્ણની યુદ્ધફિલસુફી એ આખા મહાભારતના યુદ્ધની નાવિકા હતી, એટલે તે ફિલસુફી આપણને જાણવી રસમય થવી જોઇએ વિશેષ રસમય એટલા માટે થવી જોઇએ કે, પ્રાચીન મહાભારતના યુદ્ધ કરતા પણ અનેક ગણુ વધારે યુદ્ધ અત્યારે–જ્યારે આ લખાય છે ત્યારે યૂરોપમા લઢાય છે મહાભારતના યુદ્ધ અને અત્યારના યુદ્ધની ફિલસુફીમા કેટલી સમાનતા છે અને કેટલી ભિન્નતા છે, એ આપણે જોવા પ્રયત્ન કરીએ

ભગવદ્‌ગીતાની શરૂઆતમા જ કૃષ્ણ અર્જુનને પોતાનો ધર્મ પાળવાનો ઉપદેશ કરે છે સજયને તેઓ કહે છે કે —

" હે સજય ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે સઘળા લોકોના ધર્મની તને સારી માહીતિ હોવા છતા શા માટે કૌરવોનુ ભલુ કરવાની ઇચ્છાથી પાંડવોનુ અયોગ્ય તાકે છે ? ધર્મરાજ યુધિષ્ઠિર વેદજ્ઞ છે, અશ્વમેધ ને રાજસૂય યજ્ઞો કરવા એ તેમનુ કર્તવ્ય છે યુદ્ધવિદ્યામા બહુ હુશિયાર તેમ જ હાથીઘોડાના રથ ચલાવવામા પણ તેટલા જ નિપુણ છે હવે જો પાંડવો કૌરવોનો વધ ન કરતા કોઈ રીતે ભીમસેનને શાન્ત પાડી શકે અને પોતાનુ રાજ્ય પાછુ મેળવવા લઢાઈ સિવાય કોઈ બીજો રસ્તો લઇ શકે, તો જરૂર ધર્મનુ રક્ષણ ને પુણ્યનુ કામ થાય, અથવા તો તેઓ ક્ષત્રિયોનો ધર્મ પાળવા માટે પોતાનુ કર્મસંશોધન કરતાં કમનસીબે મોતના મોંઢામાં પડે તો તે પણ વખાણવા લાયક છે. સધિ સ્થાપન કરી. અલબત્ત તુ બન્નેનુ હિત ઇચ્છતો હશે, પરતુ હુ એમ પૂછુ છુ કે ક્ષત્રિયો યુદ્ધ કરે તો તેમના ધર્મની રક્ષા થાય કે ન કરે તો ધર્મની રક્ષા થાય ? એ એમાથી જે શ્રેષ્ઠ હોય તે કહી દે " (પૃષ્ઠ ૨૮૩–૪)

" ચોર છૂપાઇને કે ખુલ્લી રીતે ગમે તેમ–સર્વસ્વ હરણ કરી જાય છે, તેથી તે બન્ને કામ નિદા લાયક છે. તેથી દુર્યોધનનુ કામ પણ એક જાતની ચોરી કહી શકાય " (પૃષ્ઠ ૨૮૫)

(સજયનો તિરસ્કાર કરી કૃષ્ણે કહી સભળાવ્યુ કે) " બન્ને પક્ષનુ ભલુ થાય એવા ઇરાદાથી હુ પોતે જ હસ્તિનાપુર આવીશ. જેથી

પાંડવોનો અર્થ બગડે નહીં, અને કૌરવો પણ સધિ કરવાની હા કહે તેવી રીતની હવે કોશીશ કરવાની છે, અને જો તેમ થશે તો તે એક મોટુ પુણ્યનુ કામ થયુ સમજવુ, અને કૌરવો પણ મોતના પાશમાથી છૂટયા સમજવા " (પૃષ્ઠ ૨૮૫)

"એ કામને માટે પ્રાણ સુદ્ધાત છોડવો તે પ્રસશાપાત્ર છે પરતુ બાપીકુ રાજ્ય ફરી લેવાને માટે કાઈ ન કરતા મોઢુ ફેરવીને બેસવુ, એ કોઈ પણ રીતે યોગ્ય ગણાય નહિ " (પૃષ્ઠ ૨૮૫)

"યુદ્ધ જેનુ ઉપજીવન છે એવા ક્ષત્રિયોનો તો એ જ રસ્તો છે યુદ્ધ કરતા મરવુ તે જ ક્ષત્રિયોનો સનાતન ધર્મ છે "

શ્રી કૃષ્ણના આ ઉદ્ગારોની સાથે અત્યારે જગબત્રીશીએ ચઢેલ જર્મનીના–Prussian militarism–ના લડાયક શિક્ષકના અગ્રેસર વૉન બર્નહાર્ડીના વિચારો સરખાવીએ —

"War has its ideal side and peace has its blessing"

"જેમ સુલેહને અગે સુખ છે તેમ યુદ્ધને અગે પણ તેની આદર્શ બાજુ છે "

"War is a violent means of policy and it demands heavy sacrifices. Therefore war is justified only if the highest and the most vital interests of highly civilized nation are at stake. It is, therefore, undoubtedly the duty of mankind to limit war to such cases and to abolish the possibility of wars which are not fought for the great and abiding interests of mankind. Those who make up their mind to go to war assume a great responsibility"

"યુદ્ધ એ રાજનીતિનો ભયકર ઉપાય છે, અને તે અતિ ભોગ માગે છે. આટલા કારણથી લઢાઈ તો જ ન્યાયપાત્ર છે, જો ઉચ્ચ પ્રકારે સસ્કારી થયલી પ્રજાના ઉચ્ચતમ અને અત્યત સગીન હિતો ભયમા

આવી પડયા હોય આટલા કારણુથી, નિ સશય રીતે, મનુષ્ય જાતની ફરજ છે કે, જે યુદ્ધો મનુષ્ય જાતના મહાન્ અને આવશ્યક હિતોને અર્થે લઢવાના ન હોય તેને મર્યાદિત કરવા, અને તેવા યુદ્ધો અટકાવવા જેઓ યુદ્ધ ઉપર જાય છે તેઓ પોતાની પર જબરી જવાબદારી વ્હોરે છે"

શ્રી કૃષ્ણના મુખમા મૂકાયના અને ઉપર ટાકેલા વિચારો અને 'પ્રસ્યન મીલીટેરીઝમ'ના શિક્ષક બર્નહાર્ડીના વિચારોની તુલના કરતા તો પ્રથમ દષ્ટિએ (prima facie) એમ જ લાગે કે, જેમ કૃષ્ણ સુલેહને પ્રશસતા હતા, તેમ જ ' પ્રસ્યન મીલીટેરીઝમ" પણ સુલેહને પ્રશસે છે લઢાઇના ઘોરપણાઓનો સ્વીકાર જેમ કૃષ્ણ કરે છે, તેમ પ્રસ્યન મીલીટેરીઝમમ પણ સ્વીકારે છે આમ છતા લઢાઈની અગત્ય જેમ કૃષ્ણ કહે છે, તેમ જ 'પ્રસ્યન મીલીટેરીઝમ' કહે છે વળી જેમ કૃષ્ણ ધર્મરક્ષણના હેતુઓ યુદ્ધની આવસ્યકતા અર્થે બતાવે છે, તેમ જર્મન મીલીટેરીઝમ, માણુસાઇ નીતિ અને સ્વાતત્ર્ય માટે તેની આવશ્યકતા કહે છે જ્યારે આમ મુકાબલો કરીએ ત્યારે આપણને જૂદા પડવા જેવુ કાઈ લાગશે નહીં, એટલે કે બન્નેની લઢાઈ સબધીની ફિલસુફીઓ સરખી લાગે તેવુ છે

અને જો તે સરખી લાગે તેવુ હોય તો તેનુ કારણ માત્ર એક જ છે, મનુષ્ય–પ્રકૃતિ સર્વકાળ અને સર્વદેશમા સરખી જ હોય છે.

જેમ શ્રી કૃષ્ણ પોતાના અગત હેતુઓ (personal reasons) સાધવાની ખાતર નહી, પણ ધર્મહેતુઓ સાધવાની ખાતર યુદ્ધની અગત્ય સ્વીકારે છે તેમ બર્નહાર્ડી પણ અગત હેતુઓ માટે યુદ્ધ ન જોઇએ એમ નીચેના શબ્દોમા કહે છે

"On the other hand one must not judge of wars by those wars of the past, which have arisen from dynastic or personal reasons, sheer lust of robbery"

" બીજા હાથ ઉપર, રાજવશિક અથવા અગત કારણોથી, અથવા માત્ર લુટની તૃષ્ણાથી આગળના વખતમા થયલી લઢાઇઓ ઉપરથી, બધા યુદ્ધો વિષે અભિપ્રાય બાધવો ન જોઇએ."

અર્થાત્ આ શબ્દોથી તેનો કહેવાનો હેતુ એવો જણાય છે કે પોતાના અંગત સ્વાર્થની ખાતર નહીં, પણ પ્રજાહિત અથવા મનુષ્યહિતને અર્થે યુદ્ધ કરવાની જરૂર છે

જેમ શ્રી કૃષ્ણના યુદ્ધો માણુસાઈ ધર્મને માટે હતા એમ જણાવવામા આવે છે, તેમ જ જર્મનો પણ માણુસાઈના અગ્રેસર ગણાઈ, લડાઈ કરવાને હક્કદાર હોવાનો દાવો કરે છે તેઓ કહે છે કે,

"A great progress has been achieved. At a single stroke the German nation became the leader of humanity. Germany's genius has been responsible for the most decisive results, and has therefore been of universal service."

" એક મહાન્ પ્રગતિ પ્રાપ્ત કરવામા આવી છે એક જ ધાએ જર્મન પ્રજા માણુસાઈની અગ્રેસર થઈ જર્મનીની બુદ્ધિશક્તિ જ ઘણી જ નિશ્ચિત આધ્યાત્મિક પ્રગતિને માટે જવાબદાર છે અને તેટલા માટે તે આખા જગત્‌ની સેવા બજાવનાર છે."

શ્રી કૃષ્ણના મુખમાં મૂકાયલા વિચારો અને જર્મન પ્રજાના આ વિચારો ઉપર કોઈ સિદ્ધાંત (thesis) બાંધવા માગે તો ઉપર કહ્યું તેમ પ્રથમ દૃષ્ટિએ તો એક જ સરખો બંધાય તેવુ છે

પરંતુ વાસ્તવિક તેમ નથી. શ્રી કૃષ્ણ અને જર્મન પ્રજાના લડાઈ કરવાના હેતુઓમા ઘણો તફાવત છે. શ્રી કૃષ્ણે અર્જુનને યુદ્ધ કરવા માટે જે ઉપદેશ આપેલો તે બીજાનુ છીનવી લેવાને નહીં, પણ બીજાએ પોતાનું છીનવી લીધુ હતુ તે પાછુ મેળવવા માટે આપેલો.

"The more deeply we penetrate into history, the more clearly we recognise that peace is the normal and the desirable state, but that wars are required from time to time in order to cleanse the moral atmosphere"

" ઇતિહાસની અંદર આપણે જેમ જેમ ઊંડા ઉતરતા જઈએ તેમ તેમ વધારે સ્પષ્ટ રીતે આપણે સ્વીકારવું જોઈએ કે, સુલેહ એ યોગ્ય

જોઇએ તેની અને ઇચ્છવાયોગ્ય સ્થિતિ છે, પરતુ નૈતિક વાતાવરણુ સ્વચ્છ કરવા માટે વખતો વખત યુદ્ધાની જરૂર છે."

"A war always leads to brutalities and to suffering But at the same time it leads to the noblest actions, especially when the freedom, honour and future of a nation are at stake"

"યુદ્ધ હમ્મેશા ઘાતકીપણાઓ અને દુખો લાવે છે, પણુ તે જ વખતે તે ઉત્તમોત્તમ કર્મો પણુ આપે છે, ખાસ કરીને જ્યારે એક પ્રજાનુ સ્વાતન્ત્ર્ય, માન અને ભવિષ્ય જોખમમા હોય છે ત્યારે"

"It cannot be denied that war frequently destroys the strongest vital elements of a nation"

'એ વાતની ના નહીં કહી શકાશે કે, યુદ્ધ એ ઘણી વાર એક પ્રજાના જીવનોપયોગી મજબૂતમા મજબૂત તત્ત્વોનો નાશ કરે છે"

'પ્રસ્યન મીલીટેરીઝમ'ના વિચારો અને શ્રી કૃષ્ણુના વિચારોમા આ પ્રમાણે પ્રથમ દૃષ્ટિએ સામ્ય લાગે છે, છતા બન્નેની વચ્ચે ભેદ છે કે નહીં તે જોઇએ

લડાઈ લડવાનો જર્મનોનો હેતુ આ પ્રમાણે બર્નહાર્ડીના શબ્દોમા જોઇએ

"Vigorous and progressive nations increase in numbers and require from time to time larger territories. That requirement can be fulfilled by emigration to foreign states ..These should be established only in countries inhabited by lower races. If territories suitable for colonial settlement are unobtainable, foreign territories must be conquered. A nation must be forced into war

by the increase of the population and possibly also by regard for the position of its workers."

"ઉત્સાહી અને પ્રગતિમાન્ પ્રજાઓ સખ્યામા વધે છે અને વખતોવખત તેને વધારે મુલકો-સસ્થાનો-પ્રદેશોની જરૂર પડે છે. આ જરૂરીઆત પરદેશી સસ્થાનોમા વસવાટે જવાથી પૂરી પડે છે .જ્યા આગળ હલકી પ્રજાઓ રહેતી હોય ત્યા આગળ આ સસ્થાનો સ્થાપવા જોઈએ જો એવા સાંસ્થાનિક વસવાટને માટે પ્રદેશો ન મળી શકે તેવુ હોય તો તે **જિતી લેવાં જ જોઈએ** એક પ્રજાને પોતાની સખ્યા વધવાની લઢાઈમા ઉતરવાની ફરજ પડે છે તેની સાથે તેના કામદાર વર્ગની સ્થિતિને માટે પણ ઘણુ કરી તેવી ફરજ પડે છે"

શ્રી કૃષ્ણના શિક્ષણમા આવો હેતુ કયાય પણ નહોતો પાંડવોનુ કૌરવે પચાવી પાડેલુ રાજ્ય પાછુ લેવાનો જ તેમનો ઉદ્દેશ હતો, જ્યારે જર્મનોનો હેતુ આપણે ઉપર જોયુ તેમ એમ કહેવાનો છે કે, કોઈ પણ પ્રગતિમતી પ્રજાની જરૂરીઆતો વધે ને તેને બીજા મુલકો સહેલાઈથી ન મળી શકે, તો લઢાઈ કરીને મેળવવા એ કુદરતી નિયમ છે આ જ બનેના સિદ્ધાતોમા ભેદ છે અને તે ભેદ આકાશપાતાળ જેટલો છે, કારણ કે એક ન્યાયપૂર્વક સ્વાર્થી લઢનાર છે, અને બીજા પોતે માનેલ જરૂરીઆત પૂરી પાડવાના સ્વાર્થથી લઢનાર છે જે દલીલથી યુદ્ધ કરવાની જરૂરીઆત જર્મન યુદ્ધની નીતિ બતાવે છે તે દલીલનુ અવલબન શ્રી કૃષ્ણે કદાપિ પણ લીધુ નહતુ શ્રી કૃષ્ણે જે દલીલનુ અવલબન લેવા અર્જુનને ઉપદેશ્યુ હતુ તે દલીલનુ અવલબન લઈ અત્યારે કોઈ પણ લઢતું હોય તો તે માત્ર બેલજીઅમ જ છે "માત્ર બેલજીઅમ જ છે" એમ કહેવાનો હેતુ એટલો જ છે કે, અત્યારે યુદ્ધમા ઉતરેલી (belligerent) પ્રજાઓમાથી બેલજીઅમ સિવાય કોઈ પણ પ્રજા લઢાઈમા નિસ્વાર્થપણાએ ઉતરેલી હોવાનો દાવો કરતી નથી લઢાઈમા ઉતરેલી સર્વ પ્રજાઓએ સ્વીકાર કર્યો છે કે, જો અમે લઢાઈમા ન ઉતરીએ તો અમારામાના કેટલાકને પોતાના હિતને નુકશાન થાય તેવી સ્થિતિમા જર્મની મૂકી દે, એમ હતુ, તો કેટલાકને એક બીજાના હિતની

અર્થે કરવામા આવેલ સહાય કરવાના કરારનામાઓ(treaties)ની જાળવણી કરવા માટે ઉતરવાની જરૂર હતી. કેટલાકને એકબીજાના રાજકીય (political) અને વ્યાપારિક (commercial) હિત(interest)ની વચ્ચે અથડામણુ થાય તેવુ હતુ, આવા કોઈને કોઈ હેતુથી લઢાઈમા ઉતરવાની જરૂર પડવાનુ દરેક લઢાઈમા ઉતરેલુ રાજ્ય કહે છે, જ્યારે એથી ઉલટુ બેલજીઅમ તેને પોતાની હદમાથી કોઇને પણ પસાર થવા ન દેવાના પોતાના ન્યાયી હક્કનુ ઉલ્લઘન કરવામા આવતા, લઢાઈમા ઉતરવાની ફરજ પાડવામા આવતા, ઉતર્યું તો તેને ન્યાયી ગણવુ જ જોઇએ

જો એમ દલીલ કરવામા આવે કે, શ્રી કૃષ્ણે પણ યુદ્ધ દ્વારા સ્વદેશાભિમાન શીખવ્યુ હતુ, તેમ જર્મન પ્રજાએ પણ સ્વદેશાભિમાનના હેતુએ જ યુદ્ધની અગત્ય ધરી છે, તો તે બન્ને સ્વદેશાભિમાન જૂદી જ દિશાના છે, એમ આપણે રશીઅન મહર્ષિ કાઉન્ટ ટૉલસ્ટૉયની સાક્ષીએ કહી શકીશુ

મી૦ ફેલીક્સ ન્યૂટન, કે જે રશીઅન જન્મ્યો છે, અને જે પ્રથમ જર્મનીમા એક પ્રોફેસર હતો અને જે તે ભાષાનો મહાન્ અભ્યાસી છે તે હાલમા યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરિકામા રહે છે, તેણે કાઉન્ટ ટૉલ્સ્ટૉયના ઘણા લેખોના અનુવાદો અગ્રેજીમા કર્યા છે મી૦ ન્યૂટને કાઉન્ટ ટૉલસ્ટૉયના "સ્વદેશાભિમાન અને સરકાર" એ શીર્ષક એક લેખનો અનુવાદ કર્યો છે, જેમાથી યુનાટેડ સ્ટેટસમા આવેલ નેબ્રાસ્કાની સરકારી યુનિવર્સિટીના મી૦ ઇન્દુપ્રકાશ બદોપાધ્યાય બી એ નામના એક પ્રોફેસરે નીચેનો ભાગ લીધો છે —

"I have been led", says Tolstoi, "several times before to express the thought that patriotism in our times is an unnatural sentiment, unreasonable, dangerous, causing a great part of those misfortunes from which humanity is suffering and therefore this sentiment ought not to be instilled by education as is now done; but

on the contrary ought to be crushed and destroyed by all the means under the control of sensible people."

ટૉલસ્ટૉય કહે છે કે, "પ્રથમ ઘણી વાર મારે એવો વિચાર પ્રકટ કરવો પડ્યો હતો કે, આપણા વખતમા સ્વદેશાભિમાન એ અસ્વાભાવિક ખ્યાલ છે, અન્યાયી ભયકર અને મનુષ્યજાતિ જે દુખોથી સતાપ પામે છે, તેને મુખ્યપણે ઉત્પન્ન કરનાર છે, અને તેટલા માટે હમણા જેમ કરવામા આવે છે તેમ શિક્ષણ દ્વારાએ તે ખ્યાલને પ્રવેશાવવો જોઇએ નહી, પરતુ એથી ઉલટુ તેને કચડી નાખી, વિચક્ષણ મનુષ્યોના અધિકારમા જે ઉપાયો હોય તે વડે તેનો નાશ કરવો જોઈએ"

કાઉન્ટ ટૉલસ્ટૉય આગળ ચાલતા કહે છે કે,

"Talking lately with an Englishman about the last war (not the one that is being fought at present by the allies with the Germans, but the one that was fought in the times of Count Tolstoi) I told him that the actual cause of that war was not the object of profit, but patriotism such as is observed in the building up of the entire society.

"All nations", continues the Count, "of the so called Christian world are led by patriotism to such bestiality, that not only do those peoples which are unavoidably in a position to kill or to be killed, desire and enjoy slaughter, but also people living at peace in their own homes in Europe, unthreatened by any one, all the people of Europe, and America at every year, thanks to quick and easy communication by the press

take the position of the spectators at the Roman circus and as there, take pleasure in slaughter and blood thirsty cry "finish him," "Police Verso"...Not only adults, but clean, bright children, according to their nationality, take pleasure in learning that there have been killed and torn with leaden bullets not 700 but a thousand English, or Boers, and parents, I know encouraget their children in such ferocity"

"છેલ્લા યુદ્ધના સબધમા એક અંગ્રેજ ગૃહસ્થની સાથે થોડા વખત ઉપર વાત થતા, મે તેને કહ્યુ કે, આ યુદ્ધનુ ખરેખર કારણુ લોભનુ નહોતુ, પરતુ સ્વદેશાભિમાન હતુ, કે જેવુ સ્વદેશાભિમાન આખી સમાજ બાધવામા ઉપયોગમા લેવામા આવે છે"

આગળ બોલતા, કાઉન્ટ ટૉલસ્ટોયે કહ્યુ "કહેવાતા ક્રિશ્રીઅન જગતૂની બધી પ્રજાઓ સ્વદેશાભિમાનથી એટલા પશુપણા સુધી દોરવાઇ ગઈ છે કે, જે લોકો અનિવાર્યપણે મરવા અથવા મારવાની સ્થિતિમા છે તે લોકો જ માત્ર વધ-કતલને ઇચ્છે છે અને આનદ લે છે એમ નથી, પરતુ યૂરોપમા જે લોકો પોતાના ઘરમા સુલેહમા કોઈના પણુ ભય વિના બેઠા છે તે લોકો પ્રત્યેક વર્ષે-યૂરોપ અને અમેરિકાના બધા લોકો-શિઘ્ર અને સહેલા વર્તમાનપત્રોના સદેશાને લીધે રોમન સરક-સમા પ્રેક્ષકોની માફક "કતલ કરો" અને "તેને પૂરો કરી નાખો" ઇત્યાદિ લોહીની તરશી બૂમોમા આનદ લે છે મોટી ઉમ્મરના માણુસો જ નહીં, પણુ નિર્મળ ચચળ બચ્ચાઓ પોતાના જાતીયત્વ પ્રમાણે, એમ શીખવવામા આનદ લે છે કે, ૭૦૦ નહીં પણુ હજાર અગ્રેજ અથવા બોરો મરાયા છે અને સીસાની ગોળીઓથી વિધાઈ ગયા છે, અને મે એવા માબાપો જોયા છે કે, જે આવી ક્રૂરતામા પોતાના બાળકોને ઉત્તેજન આપે છે"

જો શ્રી કૃષ્ણના વિચારોનો યથાસ્થિત અભ્યાસ કરવામા આવે તો સ્પષ્ટ જણાય છે કે, તેઓએ ઉપદેશેલુ સ્વદેશાભિમાન આ પ્રકારનુ નહોતુ બીજાનુ પડાવી અથવા પચાવી પાડવાની બુદ્ધિનો તેમા અંશ પણ નહોતો બીજા પોતાનુ લઈ ગયલા તે પાછુ લેવા માટે તેમનો ઉપદેશ હતો, એટલે કે તે તેમનુ સ્વદેશાભિમાન હતુ જ્યારે યૂરોપિય પ્રજાનો ઉદ્દેશ પોતાની રાજકીય, ઔદ્યોગિક અને વ્યાપારવિષયક તૃષ્ણાઓ પરિપૂર્ણ કરવા માટેનુ સ્વદેશાભિમાન છે

અત્યારે ઘણા માણસો મહાભારતના યુદ્ધની અને અત્યારે યૂરોપમા ચાલતા યુદ્ધની સરખામણી કરે છે, અને તેઓ તેમ કરી એમ કહે છે કે, "મહાભારતના યુદ્ધમા અને અત્યારના યુદ્ધમા આકાશ પાત્તાળ જેટલો ફેર છે મહાભારતનુ યુદ્ધ એ ધર્મયુદ્ધ હતુ અને અત્યારનુ યુદ્ધ એ સ્વાર્થયુદ્ધ છે" આપણે એટલે સુધી મળતા થઈ શકીશુ કે જે હેતુથી પાંડવોએ મહાભારતનુ યુદ્ધ પોતાને શિર વ્હોરેલુ તે હેતુ ન્યાયી હતો, કારણ કે તેઓને પોતાનુ પચાવી પાડેલુ પાછુ લેવાનુ હતુ; પણ આપણે એમ તો નહિ જ કહી શકીએ કે, મહાભારતનુ યુદ્ધ એ દૈવી પ્રકૃતિથી પ્રેરાયલુ હતુ, અને આ યુદ્ધ એ માનુષી પ્રકૃતિથી પ્રેરાયલુ છે અમે કહીએ છીએ કે, બન્ને યુદ્ધો માનુષી પ્રકૃતિથી જ પ્રેરાયલા હતા, અથવા એમ કહીએ કે, જેને જૈન પરિભાષામા 'કષાય'-સંસાર વધારનારી પ્રકૃતિઓ-કહેવામા આવે છે તેથી પ્રેરાયલા છે, તો તે ખોટુ નહીં ગણાય,-થોડાક શબ્દોમાં કહીએ તો મનુષ્યપ્રકૃતિ જેવી અત્યારે છે તેવી જ તે સમયે પણ કષાયવાન્-સંસાર વધારનારી હતી જેમ અત્યારે બેલ્જીઅમ લઢે છે તેને ન્યાયી અથવા સ્થૂળ ધર્મવ્યાખ્યા પ્રમાણે ધર્મી લઢાઈ કહી શકીએ, અને જર્મની આદિ લઢે છે તે સ્વાર્થપરાયણ ગણાય, તેમ પાંડવોનુ લઢવુ એ ન્યાયી અથવા ધર્મી ગણાય અને કૌરવોનુ સ્વાર્થપરાયણ ગણાય, મતલબ કે અત્યારે જેમ ન્યાયી અને અન્યાયીપણે લઢનાર માનીએ છીએ તેમ તે વખતના પણ માનવા જોઇએ. બાકી યુદ્ધની ભયકરતાઓ, છળભેદ, ક્રૂરતાઓ, અસત્યો અત્યારે જેમ છે, તેમ તે વખતના યુદ્ધમાં નહોતા એમ કહી શકાય નહીં. એક

વિદ્વાને જેમ કહ્યુ છે કે, "War is a deception—લડાઈ એ એક છેતરપીંડી છે," તેવુ અત્યારના યુદ્ધમા પણ છે, અને તે વખતના યુદ્ધમા પણ હતુ જો આ લડાઇમા જૂદા જૂદા રાજ્યો બાતમીદારો (spies) રાખે છે તો તે વખતમા પણ તેવુ હતુ, તે વાત આપણે મહાભારત પરથી જોઈ શકીએ છીએ જો અત્યારે ક્રૂરતા (atrocities) કરવામા આવે છે, તો તે વખતે પણ હતી. દ્રૌપદી ઉપર વીતડાવવામા આવેલા સસ્કારો એ ક્રૂરતા (atrocity) ન કહેવાય તો શુ કહેવાય ? ' અશ્વત્થામા પડ્યો " એ પ્રસગ જો સાચો હોય તો તે યુક્તિ–છળભેદ નહીં તો બીજુ શુ ?

તાત્પર્ય કહેવાનુ એટલુ જ છે કે, એક લડાઈ ન્યાયકારણથી લડાઈ હતી, માટે તે દયામય હતી, અને બીજી લડાઈ સ્વાર્થકારણથી લડાય છે તેથી તે દયાથી દૂર છે, એમ કહેવુ એ યોગ્ય નથી ન્યાયકારણથી લડાઈ લડાય તેનો વ્યવહારદૃષ્ટિએ એક પ્રકારે બચાવ છે અને સ્વાર્થકારણથી લડાય તેનો બચાવ નથી એ વાત ખરી છે, પણ લડાઈ થયા પછી તે લડવામા એકને દયામય લડવુ કહેવુ અને બીજાને ક્રૂર લડવુ કહેવુ, એ વાજબી નથી

જો આ વાત સ્વીકારવામા આવે તો પછી મહાભારતના યુદ્ધમા કજીઆની શરૂઆત કરનાર (offensive, agressive) કૌરવો હતા અને બચાવપક્ષમા રહેનાર (defensive) તરીકે પાંડવોએ વ્યવહારદૃષ્ટિએ યોગ્ય જ કર્યુ હતુ અને તેમને પ્રેરવામા કૃષ્ણ વ્યવહારદૃષ્ટિએ વાજબી હતા, એમ સૌ કોઈ કબૂલ કરશે

મહાભારતના લડવાને દયામય ગણનારાઓને ઉપલા વિચારોથી જરા આચકો તો લાગશે, પણ માત્ર આપણા જાતીય સસ્કારો (personal sentiments)ની ખાતર વસ્તુસ્થિતિ ઉલટાવીને શી રીતે કહી શકાય ?

આમ છતા અમે એક વાત જરૂર માનીએ છીએ કેન્ટ, શોપનહાવર આદિ તત્ત્વજ્ઞોને ઉત્પન્ન કરવામા અભિમાન માનનાર જર્મની રાજકીય, વ્યાપારવિષયક તૃષ્ણાઓ તૃપ્ત કરવા માટે લડાઇની નીચેના કારણોથી જરૂરીઆતો દેખાડી પોતાને વાજબી અને હક્કદાર ગણાવવા

માગે છે તેમ હિન્દમા કદાપિ માનવામા આવ્યુ નહોતુ જર્મની લડાઇનો બચાવ જે રીતે કરે છે તે રીત આ પ્રમાણે છે

"Wherever we look in nature, we find that war is a fundamental law of development. This verity which has been recognised in past ages, has been convincingly demonstrated in modern times by Charles Darwin. He proved that nature is ruled by an unceasing struggle for existence, by the right of the stronger, and that this struggle, in its apparent cruelty, brings about a selection, eliminating the weak and the unwholesome. That great naturalist has shown that only those types survive the struggle for existence which possess the most favourable conditions Generally speaking those beings only increase which possess the greatest vitality The struggle for existence is ruled by biological laws...If men and states acted absolutely unselfishly, war would be avoidable This is a condition which can be neither expected nor be hoped for. Hence war is inevitable"

"કુદરતમા આપણે જ્યા જ્યા જોઇએ છીએ ત્યા ત્યા આપણને માલમ પડે છે કે વિકાસ માટે લડાઈ એ મુખ્ય નિયમ છે. આ ખરી વાત જે જૂના કાળથી સ્વીકારવામા આવેલી છે તે આધુનિક કાળમા ચાર્લ્સ ડારવીને સતોષકારક રીતે સિદ્ધ કરી આપી છે એણે એમ સાબીત કર્યું છે કે, કુદરત જીવનને માટે અશ્રાત તરફડીઆથી વર્તે છે, વળી જે વધારે મજબત તેનો હક્ક વધારે અને તેની સાથે ક્રૂરતાના બાહ્ય ચિહ્નોવાળા આ તરફડીઆ–કલહ–યોગ્યાયોગ્યની ચૂટણી કરે છે,

અને નબળાંને અને નહીં ઇચ્છવા ચોગ્યને ઉડાડી મેલે છે. આ મોટા વૈજ્ઞાનિકે બતાવી આપ્યુ છે કે, જે જાતિઓ વધારે સારી વસ્તુસ્થિતિ ધરાવતી હશે ને જ ટકી રહેશે સામાન્યત બોલતા, જે પ્રાણીઓ વધારેમા વધારે વીર્યશક્તિ ધરાવતા હશે તે વધશે જીવનકલહ એ જીવનવિદ્યાવિષયક નિયમો પ્રમાણે ચાલે છે જો મનુષ્યો અને રાજ્યો સર્વથા અસ્વાર્થપણે વર્તે તો જ લઢાઈ અટકાવી શકાય આ સ્થિતિની કદાપિ અપેક્ષા કે આશા રખાઈ નથી અને આટલા કારણથી લઢાઈ અનિવાર્ય છે."

ટુકમા કહીએ તો જેને Justice in the interests of the stronger–બળીઆના એ ભાગ–બળવાનનુ જેમા હિત હોય તે ન્યાય–એવા વિચારનુ અવલબન જર્મનની લઢાઈની ફીલસુફી લે છે. નામાકિત તત્ત્વજ્ઞ પ્લેટો આ Justice in the interests of the strongerની કલ્પનાને ભૂલભરેલી માને છે આ કલ્પનાના સબધમા બધા તત્ત્વજ્ઞો એકમત થયા નથી, અને થવાનો સભવ પણ નથી

ત્યારે આ બાબતનો ખુલાસો કયાથી મેળવવો ? આનો ખુલાસો એક જ હોઈ શકે જ્યા સુધી પ્રાણીમાત્ર કષાય–સસાર કરનારી પ્રકૃતિઓને આધીન છે ત્યા સુધી કોઈ ને કોઈ આકારે, પોતાનો સ્વાર્થ સાધના બીજાના હિતને નુકસાન લગાડવા પ્રેરાયા જ કરશે અને ત્યા સુધી યુદ્ધોનુ અસ્તિત્વ રહેવાનુ જ છે

તો પણ યુદ્ધની ભાવનાની તીવ્રતાના સબધમા જૂદા જૂદા દેશો અને તેથી પ્રજાઓમા ફેર રહેશે, એમ તો વૈજ્ઞાનિક (scientific) કારણોથી લાગે છે હિન્દ અને ઠડા મુલકોની લડાયક ભાવનાની તીવ્રતામા ભેદ રહેવામા કુદરત(nature)ના કારણો છે હિન્દની અદર જે દયાની લાગણીનું શિક્ષણ છે તે તેના ભૌગોલિક કારણોને લઇને છે, અને જ્યા સુધી આ ભૌગોલિક કારણોને લઇને દયાની લાગણીનુ શિક્ષણ હિન્દમા છે ત્યા સુધી લઢાઈની તીવ્રભાવનાને બદલે હિન્દમા ભ્રાતૃભાવની ભાવનાનો સભવ છે. ભૌગોલિક અને હવાપાણીના કારણોથી આ ભ્રાતૃભાવની ભાવનાઓ ગરમ એવા હિન્દમા છે અને ઠડા મુલકોમા નથી, એમ બતાવતા એક વિદ્વાને કહ્યુ છે કે

"The early development of humane feeling in India was due to various circumstances. Nature herself was the great apostle of mercy and brotherhood. India enjoys a climate which is warm but not torrid. In warm, humid countries, Nature wears a more benign aspect than in the cold northern latitudes. In cold countries Nature is more an enemy than a friend to man."

" દયાવૃત્તિનો હિન્દમા વ્હેલો પ્રારભ થવાના જૂદા જૂદા ઘણા કારણો છે કુદરત પોતે જ દયા અને ભ્રાતૃભાવપ્રચારક દૂત છે હિન્દ ઉષ્ણ પણ અતિ ઉષ્ણ નહીં એવી હવા ભોગવે છે ગરમ અને ભીની હવા-વાળા પ્રદેશોમા ઉત્તર અક્ષાશના ઠડા પ્રદેશ કરતા, કુદરત વધારે માયાળુ વૃત્તિનું પરિધાન કરે છે ઠડા પ્રદેશોમા કુદરત મનુષ્ય પ્રત્યે મિત્ર હોય તેના કરતા શત્રુ વધારે છે."

દયા, નીતિ, બધુભાવ કે શત્રુવટ દેશની ભૌગોલિક સ્થિતિ ઉપર આધાર રાખે છે, એવો આ વિદ્વાને આપેલો અભિપ્રાય એક કલ્પના નથી જર્મન તત્ત્વજ્ઞ નીએટ્ઝેના જીવનચરિત્રમા નીચે પ્રમાણે ઉલ્લેખ છે

"Morals, according to him, depend on the geographical conditions of a people."

" સદાચાર, તેના અભિપ્રાય પ્રમાણે એક પ્રજાની ભૌગોલિક અને ઐતિહાસિક સ્થિતિ ઉપર આધાર રાખે છે.

આ સઘળી ચર્ચાનો સરવાળો શ્રીકૃષ્ણની યુદ્ધફીલસુફીને અગે શો કરવો ? સરવાળો એ જ થઈ શકે કે શ્રીકૃષ્ણે " Justice in the interests of the stronger–બળીઆના એ ભાગ "નુ સૂત્ર પોતાના યુદ્ધ–ઉપદેશમાં કદાપિ ઉપદેશ્યુ નહોતુ, શ્રીકૃષ્ણે " Might for the right–સત્યને માટે બળ" એમ ઉપદેશ્યુ હતુ, જ્યારે પાશ્ચાત્ય ફિલસુફીઓ "Might is right–બળ એ જ સત્ય છે," એમ ઉપ-

દેને છે પાશ્ચાત્ય પ્રજાઓ એ સૂત્રને જ સત્ય માની લડાયક ખીલવ-ણીઓ કરે છે હિન્દુ તત્ત્વજ્ઞાને અને તેને લઇને શ્રીકૃષ્ણે પણ એમ જ માન્યુ હતુ કે,

" The reality of life is a republic of equals and not an oligarchy with men as masters and animals as slaves; that the man is not the crown of creation.'

" જીવન એ સમાન વ્યક્તિઓનુ પ્રજાસત્તાક રાજ્ય છે, અને નહિ કે, પશુઓ ગુલામ તરીકે અને મનુષ્યો સ્વામી તરીકે હોય એવુ અલ્પજનસત્તાક (oligarchy) રાજ્ય છે, તેમ જ મનુષ્ય એ બધા જન્મધારીઓનો તાજ નથી "

અકિમ બાબુએ ,શ્રીકૃષ્ણે–Might for the right–સત્યને માટે બળ વાપર્યું હતુ એમ સાગોપાગ સિદ્ધ કરી આપ્યુ છે, તેની સાથે તેમ કરવામા શ્રીકૃષ્ણની અનાસક્ત બુદ્ધિનુ પણ સુદર રીતે પ્રતિપાદન કરી બતાવ્યુ છે આસક્તિ અને અનાસક્તિથી થતા કર્મોમા ભેદ છે, એ નિ સશય વાત છે અનાસક્તિથી થયલા કર્મોના મર્મો એકદમ નિવૃત્ત થાય તેવા હોય છે, જ્યારે, આસક્તિથી કરેલા કર્મો ચિકટ હોય છે કૃષ્ણે અનાસક્તિથી કર્મો કર્યા હતા એમ સર્વ દર્શનોએ સ્વીકાર્યું છે, અને તે જ વાત બાબુએ પણ સાબિત કરી આપી છે પ્રખ્યાત કવિ વર્ડસ્વ-ર્થનુ નીચેનુ પદ હિન્દુઓના તત્ત્વજ્ઞાનનો ખ્યાલ આપે છે

" And'tis my faith that evey flower
Enjoys the air it breathes "

મુબાઇ
એપ્રિલ ૧૯૧૫ } મનસુખલાલ રવજીભાઈ મહેતા

અનુક્રમણિકા

પ્રથમ ખંડ

ઉપક્રમણિકા

ખંડ બીજો

વૃંદાવન

ખંડ ત્રીજો

મથુરા-દ્વારકા

ખંડ ચોથો

ઇન્દ્રપ્રસ્થ

ખંડ પાંચમો

ઉપપ્લવ્ય

ખંડ છઠ્ઠો

કુરૂક્ષેત્ર

ખંડ સાતમો

પ્રભાસ

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩	૧	स्वरव्यञ्जन	स्वरव्यञ्जन
૯	૩	sublme	sublime
૩	૧૩	ઉદ્દેશ	ઉદ્દેશ
૪	૬	ઉદ્દેશ	ઉદ્દેશ
૨૧	૧૧	માઘ	માવ
૨૯	૨૦*	પાંડ્યુ	પાડ્ય
૩૩	૨૪	नम्राण्-	नम्राणू-
૩૬	૨૧	વથ	વથ
૩૭	૨૫	अथैतद्घार-	अथैतद्घोर-
૪૧	૨૮	शतानिच	शतानि च
૪૩	૧૮	साहस्री	साहस्री
૪૪	૧૬	ધોરણ	ધોરણ
૪૭	૨૭	જેવે	જેવે
૫૧	૧૧	ઉગ્રશ્રવા	ઉગ્રશ્રવા
૫૭	૧૮	विनाशाव	विनाशाय
૫૮	૨૪	-माप्नोनि	-माप्नोति
૭૧	૨૧	જ્યોતિ	જ્યોતિ
૭૮	૧૬	વિષ્ણુપવ	વિષ્ણુપર્વ
૭૯	૫	अनुवादक	अनुवाक
૯૧	૧૬	ક્રમ	ક્રમ

* આપણે ત્યા દરેક ચાંદ્રમાસ શુક્લપક્ષના પડવાથી કૃષ્ણપક્ષની અમાવાસ્યા સુધીનો ગણાય છે બંગાળા તરફ કૃષ્ણપક્ષના પડવાથી શુક્લપક્ષની પુનેમ સુધીનો ગણાય છે, એટલે આપણો પોષ માસનો કૃષ્ણપક્ષ તે બંગાળા તરફ માઘનો કૃષ્ણપક્ષ માઘનો શુક્લપક્ષ તે બને ઠેકાણે સરખો. ભા. ક.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૨	'	ધોપવલ્પલી	ચોપવલ્લી
૯૪	૮	સહિના	મહિના
૯૫	૧૬	દહિ	નહિ
૧૦૧	૧૫	ઘેનુકાસુર	ધેનુકાસુર
૧૦૫	૪	પ્રચારિત	પ્રચરિત
૧૨૦	૧૬	વણુનને	વણુનને
૧૪૩	૧	सर्वयाषित	सर्वयोषित
૧૪૬	૧૮	-विंद्यते	-विंद्यने
૧૭૮	૨૨	क्षोणा	क्षीणां
૨૧૪	૨૬	મડપ	મંડપ
૨૨૫	૧૬	રવતક	રૈવતક
૨૪૦	૨૫	પ્રવિણુ	પ્રવીણુ
૨૮૯	નોધ	सिद्ध्यसिद्ध्यो	सिद्ध्य-सिद्धयो
૨૯૪	૧૮	હૃપીકેશની	હૃષીકેશની
૩૦૦	૭	પૃથ્વીને	પૃથ્વીને
૩૫૧	૧૪	प्राणीना-	प्राणीना-
૩૫૨	૨૭	पचानृ-	पश्चानृ-
૩૬૫	૪	આ ' ી	આવી
૩૬૫	૧૩	પોતાના	પોતાની
૩૭૯	૨૦	અમુસ્થ	અસ્વસ્થ
૩૮૧	૨૧	વર્મરાજ	ધર્મરાજ
૩૮૧	૨૨	અશ્વમેધ	અશ્વમેધ
૩૮૫	૩	सहस्त्रन्ते	सहस्त्रान्ते
૩૮૫	૩	प्रदीप्तार्चि-	प्रदीप्तार्चिं-

પ્રથમ ખંડ.

ઉપક્રમણિકા.

महतस्तमसः परि पुरुषं ह्यतितेजसम् ।
यं ज्ञात्वा मृत्युमत्येति तस्मै ज्ञेयात्मने नम. ॥

महाभारत, शान्तिपर्व, ४७ अध्याय.

શ્રી કૃષ્ણચરિત્ર

ખંડ ૧ લો.

ઉપક્રમણિકા

પ્રકરણ ૧ લું

ગ્રંથનો ઉદ્દેશ

ભારતખંડના લગભગ સઘળા હિન્દુઓ, અને તેમા ખાસ કરીને બંગાળાના તો સઘળા જ હિન્દુઓનુ માનવુ એવુ છે કે શ્રીકૃષ્ણ ઈશ્વરનો જ અવતાર થઈ ગયા, શ્રીકૃષ્ણ પોતે જ ઇશ્વર છે, એવો તેમનો દૃઢ વિશ્વાસ થઈ બેઠો છે બંગાળામા કૃષ્ણની ઉપાસના ઠેર ઠેર થાય છે ત્યા એકે એક ગામમા કૃષ્ણનુ મંદિર, ગામમા ઘેરે ઘેર કૃષ્ણની પૂજા, મહીને મહીને કૃષ્ણનો ઉત્સવ, ઉત્સવે ઉત્સવે કૃષ્ણયાત્રા (રાસલીલા), અને દરેકના મોઢામા યા તો કૃષ્ણ સબંધી ગીતો અથવા તો કૃષ્ણનુ નામ, સાધારણ રીતે જોવામા આવે છે કોઇના પહેરવાના વસ્ત્ર ઉપર કૃષ્ણનામાવલિ, તો કોઇના શરીર ઉપર કૃષ્ણની છાપ મારેલી નજરે પડે છે. કૃષ્ણનુ નામ લીધા સિવાય કોઈ એકથી બીજી જગાએ જતું નથી, કૃષ્ણનુ નામ લખ્યા સિવાય કોઈ કાગળ લખતુ નથી, અથવા તો લખવા વાચવાનું શરૂ કરતું નથી; ભીખારી પણ "રાધેકૃષ્ણ" નું

નામ દીધા સિવાય, ભિક્ષા માગતો નથી કાંઈ તિરસ્કારયુક્ત વાત સાભળી જો કોઈને તિરસ્કાર બતાવવો હોય છે તો “ રાધેકૃષ્ણ ” બોલ્યા સિવાય તે તે બતાવતો નથી, જગલમાનુ પક્ષી પિજરામા રાખી ઘેર પાળે છે તો તેને પણ “ રાધેકૃષ્ણ ” એ નામ બોલતા શીખવે છે આ પ્રમાણે બગાળામા તો કૃષ્ણ સર્વવ્યાપક છે, એમ કહીએ તો ચાલે

કૃષ્ણ એ પોતે જ ભગવાન છે, એવુ જ હિન્દુઓ માને છે, તો પછી બધી જ વખત કૃષ્ણનુ નામ, કૃષ્ણની કથા, કૃષ્ણની પૂજા, એ સૌને તેમણે પોતાના ધર્મની ઉન્નતિના સાધક ગણવા જોઈએ માણસ માટે બધો વખત ઈશ્વરનુ નામ લેવાય તેથી વિશેષ સારૂ બીજુ શુ હોઈ શકે ? પરતુ એ લોકો કૃષ્ણને—કૃષ્ણના માનવચરિત્રને—કેવી રીતે જુએ છે ? બાલ્યાવસ્થામા જે દહિમાખણની ચોરી કરતો, યુવાવસ્થામા જે વ્યભિચારી હતો,—જેણે હજારો ગોપીઓનુ પતિવ્રતાપણુ હરી લીધુ હતુ—ઉત્તરાવસ્થામા જે ઠગાઈ અને શઠતાનો શિરોમણિ થઈ પડયો હતો—જેણે ઠગાઈ વાપરી દ્રોણ વગેરેના જીવ લેવડાવ્યા હતા, તેવા એક માણસ તરીકે હવે જો એ વાત ખરી હોય તો ભગવાન તરીકે એવા માણસને કેવી રીતે આપણાથી કબલ રખાય ? સબબ ઈશ્વરચરિત્ર કોઈ દિવસ એવુ હોઈ શકે જ નહિ જે કેવળ શુદ્ધ—સત્ત્વ હોય, જેના નામ માત્રથી સર્વ પ્રકારની અશુદ્ધતા જાય અને જેમાથી બધી જાતની શુદ્ધિ પ્રાપ્ત થાય, અને સર્વ જાતના પાપ દૂર નાસે, તે શુ મનુષ્યદેહ ધારણ કરી આવા પાપાચરણ કરે ? એ શુ ભગવાનના ચરિત્રને યોગ્ય કહેવાય ?

ભરતખડના સનાતન ધર્મની નિદા કરનાર માણસોનુ કહેવુ એવુ છે કે ઈશ્વરચરિત્રના આવા સ્વરૂપને લીધે આ દેશમા પાપપુજ વધતો ગયો છે એ વાતનો હજુ સુધી કોઈએ સતોષપૂર્વક રદીઓ આપ્યો હોય એવુ મારા જોવામા આવ્યુ નથી હુ (**બાબુ બકિમચદ્ર**) પોતે પણ કૃષ્ણને ભગવાન તરીકે દૃઢ વિશ્વાસથી કબલ રાખુ છુ અગ્રેજી કેળવણીની અસર મારા ઉપર એ જ થઈ છે કે મારો આ વિશ્વાસ તેનાથી વિશેષ દૃઢીભૂત થયો છે પુરાણ તથા ઇતિહાસમા કૃષ્ણનુ ચરિત્ર કેવી

રીતે વર્ણવેલું છે, તે યથાશક્તિ જોવા મે પ્રયત્ન કર્યો છે, અને તેનું પરિણામ એ આવ્યુ છે કે કૃષ્ણને માટે જે જે દુષ્ટ વાતો ચલાવવામા આવી છે, અને જે જે રૂપે પાપી મનુષ્ય તરીકે તેમને આલેખવામા આવ્યા છે, તે બધુ બિનપાયાદાર અને ખોટુ છે, અને ઉપન્યાસલેખકોએ એમના સબધમા જે કાઈ કહ્યુ છે તે જો આપણે છોડી દઇએ તો જે બાકી રહે છે તે હકીકત બિલકુલ જ વિશુદ્ધ, પવિત્ર, તથા મહત્ત્વવાળી જણાય છે મારો એ જ અભિપ્રાય છે કે એમના ચરિત્ર જેવુ બધા સદ્ગુણોથી ભરપૂર, સઘળી જાતના પાપના સ્પર્શથી દૂર, નમનાદાર ચરિત્ર બીજે ક્યાઈ મળશે જ ભાગ્યે, બીજા કોઈ દેશના ઇતિહાસમા વર્ણવાયુ હશે જ ભાગ્યે, અથવા તો કોઈ બીજી ભાષાના કાવ્યમા પણ રચાયુ હશે ભાગ્યે જ

આ સિદ્ધાંત ઉપર હુ શી રીતે આવ્યો, તે બતાવવાનો આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ છે, પરતુ એ સિવાય પણ મારી બીજી મતલબ છે મારો પોતાનો કૃષ્ણને માટે જે ઈશ્વર તરીકેનો મત છે તે જ વાચકે કબૂલ રાખવો, એવુ મારૂ કહેવુ નથી, અને કૃષ્ણ એ જ ઈશ્વર છે, એવુ સાબિત કરી આપવા આ ગ્રથ મે લખ્યો પણ નથી આમા તો માત્ર એક મનુષ્ય તરીકે જ મારે તેમના ચરિત્રનુ અવલોકન કરવુ છે હમણા જ્યારે હિન્દુ ધર્મની હિલચાલે કાઇક પ્રબળતા મેળવી છે ત્યારે ધર્મના આવા ઊહાપોહના સમયે જ કૃષ્ણચરિત્રનુ વિસ્તારપૂર્વક અવલોકન કરવુ આવશ્યક છે વળી જો આપણે આપણો અસલ ધર્મ—આપણુ પુરાતનપણુ જાળવી રાખવા ઇચ્છતા હોઇએ તો તેને આનાથી લાભ છે કે નહિ તે બાબત વિચાર કરવા માટે એ ચરિત્રનુ અવલોકન જરૂરનુ છે, જો અસલ ધર્મ છોડી જ દેવો હોય, જો પુરાતન બાબતોથી વિરક્ત જ થવુ હોય તો પણ કૃષ્ણના ચરિત્રનુ અવલોકન કરવુ તો આવશ્યક જ છે, કારણ જ્યા સુધી આપણામાથી કૃષ્ણનુ નામ આપણે દૂર નહિ કરી શકીએ ત્યા સુધી આપણુ પુરાતનત્વ પણ આપણી પાસેથી ખસવાનુ નથી

આ સિવાય પણ આ પુસ્તક લખવામા મારો એક વધારે મ્હોટો

ઉદ્દેશ છે અત્યાર પહેલા મે "ધર્મતત્ત્વ" નામે ગ્રથ બહાર પાડ્યો છે. તેમાની કેટલીક બાબતો સક્ષેપમા નીચે પ્રમાણે છે –

"૧ માણસમા કેટલીક જાતની શક્તિઓ છે અને જેને હુ વૃત્તિ કહુ છુ, તેને આગ્રહપૂર્વક ખિલવવી, સ્ફુરાવવી અને છેવટ તે વડે ફૂત્તેહ મેળવવી, તેનુ નામ મનુષ્યત્વ

૨. તે જ મનુષ્યનો ધર્મ

૩ એવી રીતે એ વૃત્તિના અનુશીલનની સીમા તે એ વૃત્તિઓનુ એક બીજા જોડેનુ સામજસ્ય, એટલે બધબેસતા આવવુ તે

૪ ઉપર વર્ણવેલી એ સામજસ્યની સ્થિતિ તે જ સુખ"

હુ કબૂલ કરૂ છુ કે એક જ માણસમા એ બધી વૃત્તિઓનુ અનુશીલન, પ્રસ્ફુરણ, ચરિતાર્થતા અને સામજસ્ય મળવુ દુર્લભ છે એ વિષે મે એ પુસ્તકમા કહ્યુ જ છે કે —

"**શિષ્ય**—જ્ઞાનમા પાણ્ડિત્ય, વિચારમા દક્ષતા, કાર્ય કરવામાં તત્પરતા, ચિત્તમા ધર્માત્મતા, અને સુરસમા રસિકતા, એ સઘળુ જ્યારે ભેગુ થયલુ હોય ત્યારે માનસિક પરિપક્વતા સપૂર્ણ થયલી ગણાય તે ઉપરાત વળી શરીર પણ તેવી જ રીતે પરિપક્વ થવુ જોઇએ, એટલે કે તે બલિષ્ઠ, મજબૂત તથા માણસને સર્વ શારીરિક કામ કરવા માટે સુદક્ષ બનાવે તેવુ હોવું જોઇએ × × × એવો નમૂનો ક્યાથી મળે ? કારણ એવુ માણસ હજુ સુધી મે કોઈ જોયુ નથી

ગુરૂ—એવુ માણસ નહિ જોયુ હોય, પણ ઇશ્વર તો એવો છે સઘળી જાતની સ્ફૂર્તિ તથા પરિપકવતાના છેક છેલ્લા દરજ્જાનુ એ એક જ ઉદાહરણ છે."

વળી મે એમ પણ કહ્યુ છે કે —

"તેની ઉપાસના કરનાર માણસ પ્રારભમા–પ્રથમાવસ્થામા–અનન્ત પ્રકૃતિવાળા ઇશ્વરને કેવો આલેખવો–કેવો ગણવો–તે સમજી શકતો નથી એ ખરૂ, પરતુ ઇશ્વરને અનુકારી–તેને જ મળતો મનુષ્ય જેને તેના અતિ ઘણા ગુણોને લીધે ઇશ્વરાશવાળો કહી શકાય, યા તો કે જેને મનુષ્યદેહ ધારણ કરેલા ઇશ્વર રૂપે, મનમા લાવી–ઉપજાવી–શકાય તેવાને

ઈશ્વરને બદલે પોતાના આદર્શ–તરીકે લઇ શકાય આટલા માટે જ ખ્રિસ્તીઓએ ઇસુ ખ્રિસ્તને અને બૌદ્ધ મતવાળાઓએ શાક્યસિંહ(બુદ્ધ)ને પોતાના આદર્શ તરીકે ગણેલા પણ આવી જાતના ધર્મની વૃદ્ધિ કરનારા આદર્શ જેટલા હિન્દુ શાસ્ત્રમાંથી મળી આવે છે તેટલા બીજા કોઈ પણ ધર્મપુસ્તકમાં મળતા નથી–અથવા બીજી કોઈ કોમમાં પ્રસિદ્ધિ પામ્યા નથી જનક અને એવા જ બીજા રાજર્ષિઓ, નારદના જેવા દેવર્ષિઓ અને વસિષ્ઠના જેવા બ્રહ્મર્ષિઓ, એ સઘળા અનુશીલન કરનારાઓ તરીકે ઊંચામાં ઊંચા દરજ્જાના આદર્શ–નમૂના ગણી શકાય. એ ઉપરાંત વળી રામચંદ્ર, યુધિષ્ઠિર, લક્ષ્મણ, અર્જુન, ભીષ્મ વગેરે ક્ષત્રિયો તેમનાથી પણ વિશેષ સંપૂર્ણતા પામેલા આદર્શો કહેવાય ખ્રિસ્ત અને શાક્યસિંહ એ કેવળ ઉદાસીન, સંસાર છોડી નીકળેલા, કૌપીનધારી–લંગોટ પહેરી ફરનારા સાધુ જેવા નિર્મમ ધર્મવેત્તા જ થઈ ગયા, પરંતુ મજકૂર શખ્સો તેવા નહતા તેઓ તો સર્વ ગુણોથી વિશિષ્ટ થયલા હતા, એટલે કે તેમની સઘળી વૃત્તિઓના સઘળા જ અંગ સ્ફૂર્તિ પામેલા હતા એ લોકો સિંહાસન ઉપર બેસવા છતાં ઉદાસીન–સંસારથી વિરક્ત હતા, હાથમાં ધનુષ્ય રાખવા છતાં ધર્મવેત્તા હતા, રાજા હોવા છતાં પંડિત હતા, અને મ્હોટી સત્તાવાળા હોવા છતાં સર્વ લોકો ઉપર પ્રેમની નજરથી જોઇ શકતા. પરંતુ આ સઘળા નમૂનાઓ કરતા પણ એક વિશેષ ચઢીઆતો નમૂનો–જેની આગળ બીજા સઘળા આદર્શો વામન રૂપ થઈ જાય છે તેવો–હિંન્દુઓ સમક્ષ રજૂ થયલો છે તે એ જ છે કે જેની પાસે યુધિષ્ઠિર ધર્મશિક્ષા લેતા, અર્જુન પોતે જેના શિષ્ય થઈ રહેલા, રામલક્ષ્મણ જેના એક અંશ માત્ર હતા અને જેના જેવું મહિમાથી ભરેલું ચરિત્ર હજુ દુનીઆની કોઈ પણ ભાષામાં પ્રસિદ્ધ થયું નથી."

મજકૂર હકીકત સપ્રમાણ સાબિત કરવાના વિચારથી જ મે કૃષ્ણચરિત્રનું વ્યાખ્યાન લખવાનું માથે લીધું છે

પ્રકરણ ૨ જું

કૃષ્ણચરિત્ર કેવું હતુ ને તે જાણવાનાં સાધન શાં છે?

કૃષ્ણનુ ચરિત્ર શરૂ કરતા પહેલા બે મ્હોટી નીચે જણાવેલી મુશ્કેલીઓ આવી ઉભી રહે છે જે લોકો આ ભૂમડળને વિષે કૃષ્ણનો અવતાર થયો એમ વિશ્વાસપૂર્વક માને છે, તેમની વાત હાલ છોડી દઇએ, છતા દુનીઆમા કાઈ બધા જ એવા નથી કે જે એ વાત ઉપર દૃઢ વિશ્વાસ રાખતા હોય એ વાત નહિ કબૂલ રાખનારાઓ નો પહેલો સવાલ જ એ કરે છે કે કૃષ્ણચરિત્રનો મૂળ પાયો જ ક્યા અને કયો છે? કૃષ્ણ નામની કોઈ વ્યક્તિ પૃથ્વિ પર કદિ પણ થઈ ગયલી છે તેની સાબિતી શી? એવુ કોઈ માણસ થઈ ગયુ હોય તો તેનુ ખરેખરૂ જન્મચરિત્ર કેવુ હતુ તે જાણવાનુ સાધન શુ છે? માટે પહેલવહેલા તો એ બે પ્રશ્નોનો નિકાલ કરવો જ બહેતર છે

મહાભારત, હરિવશ અને પુરાણ, એ પ્રાચીન પુસ્તકોમા કૃષ્ણને લગતો વૃત્તાન્ત મળી આવે છે પુરાણની સખ્યા અઢાર છે, પરતુ તે સઘળામા કાઈ કૃષ્ણને વિષે હકીકત જણાવેલી નથી માત્ર (૧) બ્રહ્મપુરાણ, (૨) પદ્મપુરાણ, (૩) વિષ્ણુપુરાણ, (૪) વાયુપુરાણ, (૫) શ્રીમદ્ભાગવત, (૧૦) બ્રહ્મવૈવર્ત્તપુરાણ, (૧૩) સ્કદપુરાણ, (૧૪) વામનપુરાણ, અને (૧૫) કુર્મપુરાણ, એમા જ એ સબધી વર્ણન મળી આવે છે

હવે મહાભારતમા કૃષ્ણના જીવન સબધી જે કાઈ જણાવેલુ છે તેમાની, અને તે સિવાય જે બીજા ગ્રથો ઉપર જણાવેલા છે તેમાની હકીકતમા બહુ તફાવત છે કારણ જે જે વાત મહાભારતમા છે, તે તે હરિવશ અને પુરાણોમા નથી, અને જે જે હરિવશ તથા પુરાણોમા છે તે તે મહાભારતમા નથી આનુ કારણ એ છે કે, મહાભારત એ માત્ર પાંડવાદિને લગતો જ ઇતિહાસ છે કૃષ્ણ પાંડવોના મિત્ર અને તેમના મદદગાર હતા, તેથી જે જે વખતે તેમણે તેમને મદદ કરી હોય યા તે તેમની સોબતમા રહ્યા હોય તે તે પ્રસગનુ જ વર્ણન તેમા હોઈ શકે, અથવા તો તે પ્રસગ જોડે સબધ રાખતી વળી એક બે બીજી વાતો હોઈ શકે, તે ઉપરાત અન્ય એટલે અપ્રાસ-

ગિક બનાવો તેમાથી મળી આવે નહિ. હરિવંશમા જ કહેલુ છે કે કૃષ્ણના જીવનના બાકીના ભાગની હકીકત મહાભારતમા નથી, માટે જ હરિવંશ રચાયો છે ભાગવતમા પણ એમ જ જણાવેલુ છે, વ્યાસે નારદને મહાભારત અસપૂર્ણ છે, એવુ કહ્યુ તે ઉપરથી નારદે વ્યાસને કૃષ્ણચરિત્ર પૂરેપૂરૂ રચવા ઉપદેશ કર્યો આ કારણને લીધે જે જે પ્રસગો મહાભારતમા મળી આવે છે તે તે ભાગવત, હરિવંશ કે બીજા પુરાણોમા નજરે પડતા નથી, તેમા તો મહાભારતમા જે ન હોય—મહાભારત રચતા જે જે હકીકત છોડી દીધી હોય તે–તે લખેલી છે

આ ઉપરથી એટલુ તો સાબિત થાય છે કે એ સર્વ ગ્રથોમા પહેલામા પહેલો મહાભારતનો ગ્રથ રચાયો છે, અને તેમા જે જે બાબત બાકી રહી ગયલી તે તે પૂરી કરવા હરિવંશ વગેરે ગ્રથો લખાયલા છે હવે જે ગ્રથ સૌથી પહેલા લખાયો હોય તેને તેમા વર્ણવેલા બનાવોના મૂળ પાયા તરીકે ગણવો જોઇએ, અને તે જ સભવિત વાત છે. કેટલાએકોનુ તો એવુ જ કહેવુ છે કે મહાભારત, હરિવંશ તથા અઢારે પુરાણ એ એક જ માણસે એટલે કે વેદવ્યાસે જ રચેલા છે. એ મત ખરો છે કે ખોટો તે જોવાનુ આપણે અત્યારે કાંઈ પ્રયોજન નથી આપણે આગળ જતા જોઇશુ કે મહાભારતમા કોઈ પણ પ્રકારની ઐતિહાસિકતા છે કે નહિ. જો ખુદ મહાભારતમા જ તે ન હોય તો પછી હરિવંશાદિ ગ્રંથોમા તો તે હોવાનો સભવ જ નથી

પણ આ બાબત વિષે જરા પણ ઊંડો વિચાર કરવા માડનારના માર્ગમા બે મ્હોટી આફતો આડી આવે છે એક બાજૂએ, આ દેશના વતનીઓના મગજમા અસલથી જ જે અભિપ્રાય બેસી ગયો છે તે, અને તે એ છે કે સસ્કૃત ભાષામા જે જે કાંઈ લખાયલુ, જે જે કાંઈ રચાયલુ છે તે તે સઘળુ નિર્વિવાદ ઋષિઓની જ કૃતિ છે અને તે સઘળામા સદેહ રહિત સત્ય સમાયલુ છે ચારે વેદ, લાખ શ્લોકોથી ભરેલુ મહાભારત, હરિવંશ, અઢારે પુરાણો એ સઘળુ એક જ માણસે રચ્યુ છે, તે પણ કળિયુગના પ્રારભમા આશરે પાચ હજાર વર્ષ ઉપર, અને તે રચનાર વેદવ્યાસનુ લખાણ તેવી ને તેવી સ્થિતિમા કાંઈ પણ સુધારાવધારા સિવાય—હજુ સુધી જળવાઈ રહેલુ છે. આ સસ્કારે

કેટલાએકના ઉપર તો એવી એકતરફી અસર કરી મૂકી છે કે જો કોઈ તેની વિરુદ્ધ દલીલ કરવા જાય તો તે દલીલ સાભળવાની વાત તો આઘી રહી, પણ તેવી દલીલ કરનારને તેઓ મહાપાપી, ચાડાળ તથા દેશદ્રોહી ગણે છે

બીજી બાજૂની આફત તે વિલાયતના લોકોના પાડિત્યની નડે છે તે છે યૂરોપ તથા અમેરિકાના કેટલાક પડિતોએ સસ્કૃતનુ શિક્ષણ લીધુ છે, અને પ્રાચીન સસ્કૃત ગ્રંથોમા કાઈ તવારીખી સચ્ચાઈ છે કે નહિ, તે શોધી કાઢવા તેઓ મડી પડેલા છે પરતુ પરાધીન, દુર્બળ હિન્દુઓ કોઈ કાળે પણ સુધરેલા હોઈ શકે અથવા તેમનો સુધારો ઘણા પ્રાચીન કાળનો હોય, એ વાત તેમનુ મન કબૂલ કરી શકતુ ન હોવાથી, એ ચાર જણ સિવાય બીજા સઘળાઓ પ્રાચીન ભારતખડનુ ગૌરવ જેમ બને તેમ તોડી પાડવા મચ્યા રહ્યા છે. અસલ હિન્દુસ્થાનમા રચાયલા ગ્રંથોનો મજકૂર (માત્ર હિન્દુ ધર્મના વિરોધી બૌદ્ધ ધર્મના ગ્રંથોમાની હકીકત સિવાયનો) આધુનિક, હાલ થોડા વખત પર રચાયલો છે, અને હિન્દુઓના પુસ્તકોમા જે જે કાઈ છે તે સઘળુ ખોટુ છે, અસત્ય છે, અથવા તો તે બધુ પારકા દેશમાથી ચોરી લીધેલુ છે, એવુ સાબિત કરવા તેઓ યત્નપૂર્વક મડ્યા રહ્યા છે. એક પડિત કહે છે કે રામાયણ તે હોમરના કાવ્યનુ માત્ર અનુકરણ છે, તો બીજો કહે છે કે ભગવદ્-ગીતા એ ફક્ત બાઇબલની છાયા છે. હિન્દુઓની જ્યોતિષની વિદ્યા તે ચીન, યવન અથવા કાલદીઆના લોકો પાસેથી મેળવેલી; હિન્દુનુ ગણિત-શાસ્ત્ર પારકાઓ પાસેથી પ્રાપ્ત થયલુ અને લખવાના અક્ષર સુદ્ધાં કોઈ બીજી એટલે સેમીટીક જાતના લોકો પાસેથી લીધેલા છે, એવુ તેમનું કહેવુ છે આ સઘળી બાબતો માટે અભિપ્રાય આપવામા તેઓએ પોતાના મૂલ સૂત્ર તરીકે એક જ વાત ધ્યાનમા રાખેલી લાગે છે તે એ કે, ભારતખડમા લખાયલા ગ્રંથોમાથી જે જે વાત એ દેશની તરફેણમા જતી હોય તે તે સઘળી ખોટી તથા ચોરી લીધેલી, જે જે સામે જતી હોય તે તે ખરી, જેમકે, પાંડવ જેવા હિન્દુસ્થાનમા થઈ ગયલા વીર પુરુષોના ચરિત્ર તે ખોટા, પાંડવ તે માત્ર કવિની કલ્પના; પરતુ પાંડવની સ્ત્રી દ્રૌપદી પાચ ધણીને વરેલી, એ કથા સાચી, કારણ કે, તે ઉપરથી

એમ સાબિત થાય છે કે અસલ હિન્દુસ્થાનના વતનીઓ અધમ હતા, તેમનામાં એક સ્ત્રી અનેક પતિને પરણી શકતી હતી. ફર્ગ્યૂસન જે હિન્દુસ્થાનના ખડીએર મકાનોને લગતી સઘળી હકીકત વિષે મ્હોટો પ્રમાણભૂત ગણાય છે તેણે કેટલીએક જગ્યાએ વસ્ત્ર વગરની કેટલીએક મૂર્તિઓ જોઈ એવો અભિપ્રાય આપ્યો છે કે પ્રાચીન કાળમા ભરતખડની સ્ત્રીઓમા શરીર પર કપડા પહેરવાનો ધારો જ ન હતો વળી મથુરા વગેરે કેટલીએક જગ્યા પરતુ અપૂર્વ શિલ્પકામ જોઇ કેટલાકએક યૂરોપીઅન પડિતોનો એવો જ મત થયો છે કે એ કામ બધુ ગ્રીસના મિસ્તરીઓને હાથે જ થયલુ. જ્યારે હિન્દુઓના જ્યોતિ શાસ્ત્રની પ્રાચીનતા ઉડાવી દેવાનો વેબરને કાઈ જ રસ્તો સઝયો નહિ ત્યારે તેણે એટલુ તો નક્કી જ કરી મૂક્યુ કે ચાદ્ર નક્ષત્રોનુ મડળ તો બાબિલોનના લોકો પાસેથી જ હિન્દુઓએ લીધુ છે, (પરતુ તેમ કરતા તેણે એટલી વાત દબાવી રાખી કે બાબિલોનના જોશીઓને કદિએ નક્ષત્રમડળની માહીતી હતી જ નહિ) આ વાત વ્હિટનીથી સપ્રમાણ સાબિત થઈ શકી નહિ, કારણ તેની પાસે કાઈ પ્રમાણ હતુ જ નહિ, છતા તે પણ એમ તો કહે છે જ કે હિન્દુઓએ તો તે શોધી કાઢેલુ ન જ હોવુ જોઈએ, કારણ હિન્દુઓનુ મગજ એવુ ચાલાક નથી કે જેથી તેઓ એવુ કાઈ પણ પોતાની બુદ્ધિ વડે શોધી કાઢી શકે!

ખરૂ જોતા આ બધા મહાપુરૂષોના અભિપ્રાય તરફ મારે લક્ષ આપવાની લેશ માત્ર જરૂર ન હતી, કારણ મારૂ પુસ્તક મારા સ્વદેશીઓને સારૂ લખાયલુ છે, હિન્દુઓની સામે લખાણ કરનારાઓ સારૂ લખાયલુ નથી, પણ ખેદની વાત એટલી જ છે કે હિન્દુસ્થાનના કેળવાયલા વર્ગમાં પણ એ વિદ્વાનોના મતને ખરો માનનારા ઘણે મ્હોટે ભાગે મળી આવે છે ઘણાઓ પોતે તે વિષયપર બિલકુલ પણ વિચાર કરવાની તસ્દી લીધા સિવાય આખો મીંચી યૂરોપના પડિતોનો મત તે પોતાનો મત એમ સ્વીકારી લે છે. મને સહજ આશા રહે છે કે વખતે એ વર્ગમાથી કોઈ રડયોખડયો માણસ મારૂ પુસ્તક વાચશે અને તેથી જ યૂરોપી વિદ્વાનોના મતને ખોટો પાડવા મે પ્રયત્ન કર્યો છે. બાકી જેને વિલાયતી તે જ બધુ સારૂ લાગે; વિલાયતી પડિતાઇ, અરે !

કૂતરા સરખા પણ વિલાયતી જેને ગમે છે, અને દેશી પુસ્તક વાચવાની વાત તો એક બાજૂપર રહી પણ જો ભીખારી પણ દેશી હોય તો તેને પૈસો દાન કરવા યોગ્ય જે ધારતો નથી, તેને માટે હુ કશુ જ લખતો નથી શિક્ષિત વર્ગમા ઘણાઓ સત્યપ્રિય તથા દેશભક્ત હશે, અને તેમને જ માટે હું લખુ છુ

પ્રકરણ ૩ જું

મહાભારતની ઐતિહાસિકતા

આગળ જણાવેલુ છે કે, જે સઘળા પુસ્તકોમા કૃષ્ણનુ ચરિત્ર મળી આવે છે તેમા સૌથી પહેલવહેલુ મહાભારત છે પરતુ મહાભારત ઉપર જ પૂરેપૂરો વિશ્વાસ મૂકી શકાય ખરો ? મહાભારત ઇતિહાસનુ પુસ્તક કહી શકાય ખરૂ ? મહાભારતને ઇતિહાસ કહીએ તો તે History ના અર્થમા સમજાય ખરૂ ? ઇતિહાસ જ કોને કહેવો ? હાલના વખતમા શિયાળ ને કૂતરાની વાતો લખી લોકો તેને " ઇતિહાસ " એવુ નામ આપે છે તે યથાથ છે કે કેમ ? આ બધા સવાલોનો નિર્ણય થવો જરૂરનો છે ખરૂ જોતા જેમા પુર્વવૃત્ત એટલે પૂર્વે–આગળ ઉપર થઈ ગયલા બનાવોનુ વર્ણન હોય–તેની આવૃત્તિ હોય-તે સિવાય બીજા કશાને ઇતિહાસનુ નામ આપી શકાય નહિ *

હિન્દુસ્થાનમા લખાયલા સઘળા પ્રાચીન ગ્રથોમા માત્ર મહાભારત તથા રામાયણને જ ઇતિહાસ એ નામ મળ્યુ છે, અને જ્યારે મહાભારત ઇતિહાસપદ ગ્રહણ કરે છે ને રામાયણ સિવાય બીજો કોઈ પણ ગ્રથ એ નામ ધરાવતો નથી, ત્યારે જરૂર તેમા ખાસ ઐતિહાસિકતા રહેલી હોવી જોઇએ

એ વાત ખરી છે કે મહાભારતમા એવા ઘણા પ્રસગો વર્ણવેલા

---

* " धर्म्मार्थकाममोक्षाणामुपदेशसमन्वितम् ।
पूर्व्ववृत्तकथायुक्तइतिहासं प्रचक्षते " ॥
(ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થોના ઉપદેશોથી યુક્ત હોય એવા પૂર્વે બની ગયલા બનાવોનું વર્ણન, એ ઇતિહાસ કહેવાય છે.)

છે કે જે તદ્દન જ નિરૂપયોગી, અસભવિત અને અનૈતિહાસિક હોય એમ જણાઈ આવે છે, અને તે સઘળા પ્રસગો નકામા અને અનૈતિહાસિક ગણી એ ગ્રથમાથી છોડી દઈ શકાય એમ છે પરતુ જે ભાગમાં એવા પ્રસગો હોય નહિ, જે ભાગ નિરૂપયોગી કે અનૈતિહાસિક કહેવાય નહિ, તે ભાગને શી રીતે અનૈતિહાસિક કહી છોડી દેવાય ? દરેક દેશનો પ્રાચીન ઇતિહાસ લેશો તો તેમા એવી જ રીતે ખરૂ અને ખોટુ, ઐતિહાસિક અને અનૈતિહાસિક બાબતોનુ મિશ્રણ મળી આવશે રોમની તવારીખ લખનાર લિવિ, ગ્રીસનો ઇતિહાસ લખનાર હિરોડોટસ, મુસલમાન અખબારનવેસ ફિરસ્તા, એ સઘળાના પુસ્તકોમા ઐતિહાસિક વૃત્તાન્તની જોડે અસ્વાભાવિક તથા અનૈતિહાસિક વૃત્તાન્તોનુ મિશ્રણ મળી આવે છે ત્યારે જો એ સઘળા ગ્રથોનો ઇતિહાસ તરીકે સ્વીકાર થાય તો મહાભારતનો પણ તે પ્રમાણે ઇતિહાસમા શા માટે સમાવેશ થવો ન જોઇએ ?

એક વખત આપણે એમ કબૂલ કરીએ કે એ બધા પરદેશી ગ્રથોમા જેટલુ અનૈતિહાસિકપણુ દેખાઈ આવે છે તેના કરતા મહાભારતમા ઘણુ જ વધારે દેખાઈ આવે છે, છતા એ ગ્રથમાથી જેટલા સ્વાભાવિક, સભવિત વૃત્તાન્તો હોય તેટલાનો સ્વીકાર કરવો, એ મ્હોટી મુશ્કેલીની વાત નથી બીજા ગ્રથો કરતા મહાભારતમા કાલ્પનિક વૃત્તાન્તો વધારે છે, તેનુ કારણુ છે દરેક જગ્યાએ ઇતિહાસના વર્ણનમા ખોટા વૃત્તાન્તો દાખલ થઈ જવાના બે કારણ છે એક તો લોકો જે કાંઈ કહે તેનાપર વિશ્વાસ રાખી તેને જ લેખક ખરૂ માની પોતાના પુસ્તકમા દાખલ કરે છે તે, અને બીજુ, એક લેખકનો ગ્રથ રચાઈ બહાર પડે ને તેનો પ્રચાર થાય ત્યાર પછી પાછળ થનારા બીજા લેખકો પોતાના લેખ આગલા લેખમા દાખલ કરી દે છે તે આમાના પહેલા સબબને લીધે દરેક દેશના પ્રાચીન ઇતિહાસમા કાલ્પનિક વાતો દાખલ થઈ ગઈ છે, અને તેવુ મહાભારતમા પણ થયુ છે બીજા સબબે બીજા દેશના ઇતિહાસોપર એટલી બધી અસર નથી કરી, પરતુ મહાભારતમાં તો તેણે વિશેષ રીતે પોતાનુ પ્રાબલ્ય અજમાવ્યુ છે, અને તેમ થવાના ત્રણ કારણો છે.

પહેલું કારણ એ કે બીજા બધા દેશોમાં જેવો ઇતિહાસ રચાયો કે તરત તેને લખી લેવાનો ધારો આગળના વખતમા હતો એવા લખેલા ગ્રથમા પાછળના લેખકને પોતાનો લેખ દાખલ કરી દેવો, એ સ્હેલી વાત હોતી નથી, કારણ તેવા વખતમા એક નકલપરથી બીજી નકલની શુદ્ધાશુદ્ધિ નક્કી થતી હોવાથી નવુ ઉમેરણ ઝટ પકડાઈ આવે છે. આગળના વખતમા ભરતખડમા આખો ગ્રથ રચાયો કે તેનો પ્રચાર મોઢે મોઢે થતો અને લખવાની કળા આવક્યા પછી પણ ગુરૂ શિષ્યને શીખવે અને તે બીજાને મુખપાઠથી શીખવે એમ ચાલતુ આને લીધે અદર અદર નવીન રચના દાખલ કરી દેવાનુ સરળ થઇ પડતું.

બીજુ કારણ એ છે કે આપણા લોકોમા મહાભારત જેટલુ પ્રિય તથા ગૌરવવાળુ પુસ્તક થઈ પડયુ છે તેટલુ બીજુ કોઈ પણ ઇતિહાસનું પુસ્તક ગ્રીસ, રોમ કે બીજા કોઈ દેશમા થઈ પડેલુ નહિ, અને તેથી જેટલી લાલચ (લોભ) ભરતખડના લેખકોને પોતાનો લેખ તેમા દાખલ કરી દેવાની હોય તેટલી તે દેશના લેખકોમા સ્વાભાવિક રીતે જ હોય નહિ.

ત્રીજુ કારણ એ છે કે અન્ય દેશના લેખકો યશ મેળવવા અથવા એવી જ કોઈ બીજી તૃષ્ણાથી ગ્રથ રચતા અને તેથી હમેશા પોતાની કૃતિ પોતાને જ નામે ઓળખાવવા તેમનો ઉદ્દેશ રહેતો, પારકાની કૃતિમા પોતાની કૃતિ મિલાવી દઈ પોતાના નામનો લોપ કરી નાખવા તેમને ઇચ્છા થતી જ નહિ પરતુ ભરતખડના બ્રાહ્મણો તો નિસ્વાર્થ અને નિષ્કામ રહીને જ પોતાનુ કામ કરતા, લોકોનુ ભલુ કરવુ એ સિવાય કોઈ બીજા જશના તેઓ ભૂખ્યા હતા જ નહિ આ દેશમા એવા ઘણા ગ્રથો કે જેના બનાવનારનુ નામ હજુ સુધી પણ કોઈ જાણતુ નથી. આવા લેખકો મહાભારત જેવા લોકપ્રિય ગ્રથ મારફતે પોતાની કૃતિ પણ લોકોમાં વિશેષ ફેલાય એવા વિચારથી તે ગ્રથમાં પોતાના લેખ દાખલ કરી દેતા.

આવા આવા કારણોને લીધે મહાભારતમા કલ્પિત કથાઓ ઘણી છે, પણ તેટલા જ ઉપરથી એમ કહેવુ કે એ પ્રસિદ્ધ ગ્રથમા કાંઈ ઐતિહાસિક વાર્તા છે જ નહિ, એ ઘણું અનુચિત છે.

પ્રકરણ ૪ થું

મહાભારતની ઐતિહાસિકતા

યૂરોપીઅનોનો અભિપ્રાય

ઉપરના પ્રકરણમા કહેલી વાત અનુચિત હો કે ઉચિત હો, પરંતુ મહાભારતને ઇતિહાસ રૂપે કબૂલ નહિ રાખનાર ઘણા માણસો છે, તેમા મુખ્ય યૂરોપીઅનો તથા તેમના શિષ્યો છે તેમનો મત ટૂકામા કહીએ તો નીચે પ્રમાણે છેઃ

વિલાયતી વિદ્યાનુ એક લક્ષણ એ છે કે, જેવુ તે પોતાના દેશમા દેખે તેવુ જ બીજા બધા દેશોમા હશે એમ ધારી લે છે. "મૂર" લોક સિવાય યૂરોપમા તેમણે કાળી ચામડીના બીજા માણસો જોયલા નહિ હોવાથી આ દેશમા આવી હિન્દુઓને પણ યૂરોપીઅનોએ "મૂર"નુ જ ઉપનામ આપ્યુ. તે જ પ્રમાણે Epic-વીરરસ કાવ્યો સિવાય બીજા પદબંધ આખ્યાનના ગ્રંથો યૂરોપીઅનોએ પોતાના દેશમા જોયલા નહિ અને તેથી એ લોકોના હાથમા રામાયણ તથા મહાભારત આવી પડતા જ તેમણે તેને Epic વીરરસ કાવ્યનુ નામ આપી દીધુ, અને જ્યારે એ કાવ્ય ઠર્યા ત્યારે પછી તેની સઘળી ઐતિહાસિકતાનો લોપ થઈગયો આમ એક જ બાબતમા બધુ ધોવાઈ ગયુ યૂરોપીઅન પંડિતોએ જો કે આ શબ્દ હાલમા કેટલેક અંશે વાપરવો છોડી દીધો છે, છતા તેમના દેશી શિષ્યો હજુ તેને વળગી રહ્યા છે

યૂરોપીઅનોએ મહાભારતને કાવ્યગ્રંથ કહ્યો છે તે કાઈ બહુ સમજીને કહ્યો નથી, એ ગ્રંથ પદબંધ છે તેથી તેને એ નામ આપ્યુ હોય એમ પણ ધારી શકાતું નથી. કારણ સઘળી જાતના સંસ્કૃત ગ્રંથો કવિતામા જ લખાયલા છેઃ વિજ્ઞાન, દર્શન, કોશ, જ્યોતિષ, વૈદકશાસ્ત્ર વગેરે સઘળા જ પદ્યમય છે. મહાભારતમાંનો કવિતાનો ભાગ બહુ જ સુંદર છે અને તેથી વખતે એમ બન્યુ હોય કે, કવિતાનુ જે જાતનુ સૌંદર્ય Epic કાવ્યનું લક્ષણ યૂરોપીઅનોમાં ગણાય છે તેવું જ સૌંદર્ય મહાભારતમાં ઘણે મ્હોટે દરજ્જે જોવામાં આવતુ હોવાને લીધે તેમણે તેને

Epic કહ્યું હોય. પરંતુ જરા વધારે વિચાર કરતા એમ જણાશે કે એ જાતની સુદરતા યૂરોપના બીજા ઘણા ખરા ઇતિહાસના ગ્રથોમા પણ છે ઇંગ્લાડમા મેકોલે, કાર્લાઇલ તથા ફ્રૂડ, ફ્રાન્સમા લામાર્તિન અને મિશેલ, ગ્રીસમા થુકિડિડિસ વગેરેના પુસ્તકોમા અને બીજા ઇતિહાસના ગ્રંથોમા પણ એ જ લક્ષણ જોવામા આવે છે કાવ્યોનુ ઊચામા ઊચું ઉપાદાન તે માનવ ચરિત્ર છે, ઇતિહાસલેખક માણસના ચરિત્રનુ જ વર્ણન કરે છે, તેથી જો તે પોતાનુ કામ બરાબર રીતે કરી પોતાનો ઉદ્દેશ પાર પાડી શકે તો વગર કહ્યે આપોઆપ તેની કૃતિમા કાવ્યની સુદરતા આવી જ જાય માટે જેમા એવુ સૌદર્ય હોય તેવા સઘળા ગ્રથો અનૈતિહાસિક છે, એમ કહી કાઢી નખાય નહિ મહાભારતને પણ તેટલા માટે અનૈતિહાસિક કહેવાય નહિ એ ગ્રથમા કાવ્યનુ એવુ ગાઢ સૌદર્ય છે, તેના ઘણા કારણો છે.

મૂર્ખ માણસોના મનને માટે ઝાઝી ચર્ચા (વાદવિવાદ) કરવાનું કઈ કારણ નથી, પરતુ જ્યારે પડિતો પણ તેમના જેવી વાતો કરવા માડે ત્યારે શુ કરવુ ? વેબર સાહેબ બહુ મ્હોટો પડિત કહેવાય છે, પરતુ મને તો એમ લાગે છે કે એણે જે દિવસે સસ્કૃત શીખવા માડયુ તે દિવસ ભરતખડને માટે તો બહુ જ કમુહૂર્તનો હતો હિન્દુ-સ્થાનનુ પ્રાચીન ગૌરવ તે સમયે જર્મનીમા વસતા જગલી બર્બરોના હાલના વશજથી જોઈ શકાયુ નહિ અને તેથી પ્રાચીન ભરતખડનો સુધારો તે તેટલો જૂનો નહિ પણ હાલનો નવો છે, એમ સાબિત કરી આપવા તેણે સર્વદા પ્રયત્ન કરવા માડયા ઇસુ ખ્રિસ્તના જન્મની પહેલા મહાભારત લખાયલુ એમ કહેવા માટે કાઈ જ મજબૂત આધાર નથી એમ તેનુ કહેવુ છે વળી ઇસુ ખ્રિસ્તના જન્મ પછી તે લખાયલુ હોવુ જોઇએ એટલી પ્રાચીનતા આપવા માટે પણ તે આનાકાની કરત, પરતુ એક કારણને લીધે તેમ કર્યા સિવાય છૂટકો ન હતો, કારણ ક્રિસો-સ્ટમ ખ્રિસ્તી સાધુ ભરતખડમા આવી મહાભારતની કથા માછીઓને મોઢેથી સાભળી ગયલો પાણિનિના સૂત્રમા મહાભારત શબ્દ છે, તેમ યુધિષ્ઠિર વગેરેના નામો પણ છે, પરતુ તેના પર કાઈ વિશ્વાસ રખાય નહિ એવુ તેનુ કહેવુ છે, કારણ તેના મત પ્રમાણે પાણિનિ પણ

અર્વાચીન વખતમા જ થઈ ગયલો છે. છતા પણ એક યૂરોપીઅનના પવિત્ર કાનમા જે માછીઓના શબ્દો પડયા હતા તેની એ લેખકથી અવગણના થઈ શકી નહિ, તેથી કમને પણ મહાભારત ખ્રિસ્તીઓના પહેલા સૈકામા રચાયલુ હતુ એમ તેને કબૂલ રાખ્યા વગર ચાલતુ નથી. આમ હોવા છતા પણ મિગાસ્થનિસ નામનો એક લેખક જે ક્રિશ્ચિઅન સૈકાની પહેલા આશરે ત્રણ ચાર સદીપર હિન્દુસ્થાનમા આવી ચન્દ્રગુપ્તની રાજધાનીમા રહી ગયો હતો, તેણે પોતાના પુસ્તકમા મહાભારત વિષે કાંઈ પણ ઇશારો કરેલો ન હોવાથી વેબર સાહેબનુ એવુ ધારવુ છે કે તેના સમયમા એ પુસ્તક હોવુ જોઇએ નહિ આમ કહેવામાં એ જર્મન પડિતે જાણી બુઝીને જૂઠાણુ ચલાવ્યુ છે કારણ, એને સારી પેઠે એ બાબતની ખબર હોવી જોઇએ કે મિગાસ્થનિસનો હિન્દુસ્થાન સબધી ગ્રથ હયાતીમા છે જ નહિ તેના પુસ્તકમાથી કેટલાએક લેખકોએ પોતાની ચોપડીઓમા જે જે ઉતારાઓ લીધેલા તે બધાને એકબીજા જોડે મેળવી લઈ, તેમાથી ડા થ્વાનબેક નામના એક હાલના લખનારાએ એક પુસ્તક ઉભુ કર્યું છે. એ પુસ્તક હાલ મિગાસ્થનિસનો રચેલો ભારતવૃત્તાન્ત એ નામે ઓળખાય છે આ ઉપરથી તેણે મહાભારત સબધે કાંઈ લખેલુ કે નહિ તે કાંઈ જ કહી શકાય નહિ મિગાસ્થનિસના પુસ્તકના મ્હોટા ભાગનો લોપ થઈ ગયો છે, એ વાતની વેબરને ખબર હોવા છતા તેણે ઉપરની હકીકત માત્ર હિન્દુસ્થાન ઉપર દ્વેષબુદ્ધિને લીધે જ લખેલી હોવી જોઈએ એના હિન્દુસ્થાનના સાહિત્ય સબધી ઇતિહાસના પુસ્તકનો પહેલેથી તે છેલ્લે સુધી ભરતખડની મ્હોટાઈને તોડી પાડવા કરેલા પ્રયત્નો સિવાય બીજો કાંઈ જ ઉદ્દેશ જણાતો નથી આ ઉપરથી એટલુ તો સ્હેજ સમજાશે કે મિગાસ્થનિસે મહાભારત વિષે કાંઈ કહ્યુ નથી તેથી તેના સમયમા એ ગ્રથની હસ્તી જ નહિ હોય એમ કહેવાય નહિ. કેટલાએક હિન્દુઓ જર્મનીમા ફરી આવ્યા છે, તેમણે પુસ્તકો પણ લખ્યા છે, પણ તેમા વેબરનું નામ સરખુ પણ જડતું નથી, તેથી શુ એમ કહેવાય કે એ સાહેબ કોઈ વખત હયાતીમા જ ન હતો?

બીજા યૂરોપીઅન પડિતો, વેબરની માફક, મહાભારતની પ્રાચી-

નતા તદ્દન જ ઉડાવી દેવા માગતા નથી તેમની તકરારોમાંની બે નીચે મુજબ છે

૧. મહાભારત પ્રાચીન ગ્રથ છે ખરો, પણ ઇસિવી સન પૂર્વે આશરે ૪૦૦–૫૦૦ વર્ષ પર એ ગ્રથ રચાયલો હોવો જોઈએ, તે પહેલા એવો કોઈ ગ્રથ હતો જ નહિ

૨. મૂળ મહાભારતમા પાંડવો વગેરેની કાંઈ જ કથા હતી નહિ પાંડવ અને કૃષ્ણ વગેરે તો માત્ર કવિઓની કલ્પનાના પરિણામ છે.

આપણો સ્વદેશી મત તો વળી એથી પણ આગળ ગયો છે દેશી પંડિતો કહે છે કે કળિયુગના આરભની પૂર્વે ઘણા વખત પહેલા કુરુ-ક્ષેત્રનુ યુદ્ધ થયલુ, વેદવ્યાસ તે વખતે હયાત હતા, કળિયુગ પ્રવૃત્ત થતા જ પાંડવો સ્વર્ગે ગયા, તેટલા માટે કળિયુગની શરૂઆતમા એટલે આજથી આશરે ૪,૯૯૨ વર્ષ પર જ મહાભારત રચાયલુ.

આ બને મત ખોટા છે, અને તે બને પક્ષનો ભ્રમ ભાગવો જોઇએ, તેથી પહેલવહેલા એ નિર્ણય થવો જોઈએ કે કુરુક્ષેત્રનુ યુદ્ધ ક્યારે થયુ તે ઉપરથી મહાભારત ક્યારે રચાયુ હશે તે નક્કી થઈ શકશે, તેમ જ પાંડવ વગેરે માત્ર કવિની કલ્પના જ છે કે કેમ, તે પણ સમજાશે, અને તે ઉપરથી મહાભારત ઉપર વિશ્વાસ રાખી શકાય કે નહિ, એ પ્રશ્નનો પણ નિકાલ થશે

પ્રકરણ ૫ મું

કુરુક્ષેત્રનુ યુદ્ધ ક્યારે થયું હશે ?

પહેલા આપણે સ્વદેશી મતનુ જ અવલોકન કરીએ આજથી ૪,૯૯૨ વર્ષપર કુરુક્ષેત્રનુ યુદ્ધ થયલુ, એ વાત ખરી નથી, તે દેશી ગ્રંથો પરથી જ સિદ્ધ કરી શકાય છે રાજતરગિણીમા જણાવેલુ છે કે કળિયુગ શરૂ થયા પછી ૬૫૩ મા વર્ષમા કાશ્મીરમા ગોનર્દ રાજા થઈ ગયો. એ રાજા અને યુધિષ્ઠિર સમકાલીન હતા, એમ પણ તેમા જણા-વેલુ છે. એણે ૩૫ વર્ષ રાજ્ય કરેલુ માટે આશરે સાતસે વર્ષ બાદ

થવા જોઇએ, જેથી ક્રાઇસ્ટની પૂર્વે ૨,૪૦૦ વર્ષનો આશરો આવે છે પરતુ વિષ્ણુપુરાણુમા કહ્યુ છે કે —

सप्तर्षीणान्तु यौ पूर्वौ दृश्येते उदितौ दिवि ।
तयोस्तु मध्यनक्षत्रं दृश्यते यत् समं निशि ॥
तेन सप्तर्षयो युक्तास्तिष्ठन्त्यब्दशतं नृणाम् ।
ते तु पारिक्षिते काले मघास्वासन् द्विजोत्तम ॥
तदा प्रवृत्तश्च कलिर्द्वादशाब्दशतात्मकः ॥

४ अंशः २४ अ. ३३–३४

સપ્તર્ષિ મડળના ઝુમખામા આકાશમા પૂર્વ દિશાએ જે બે તારા ઉદિત થયલા દેખાય છે તે બેની સીધી લીટીમા જે મધ્ય નક્ષત્ર (એટલે અહિઆ અશ્વિનિ વગેરેનુ) દેખાય છે, તે નક્ષત્રમા સપ્તર્ષિ મનુષ્યના શત (૧૦૦) વર્ષ એકત્ર થઈને રહે છે હે દ્વિજોત્તમ ! પરિક્ષિતના વખતમા સપ્તર્ષિ મઘા નક્ષત્રમા હતા અને તે વખત કળિયુગના બારસે વર્ષ થઈ ગયા હતા.

મતલબ કે એ ગણત્રિ પ્રમાણે કળિયુગના બારસે વર્ષ થઈ ગયા પછી પરિક્ષિત રાજા થયલો, અને જો તેમ હોય તો ઉપરના ૩૪ મા શ્લોકમા કહ્યા પ્રમાણે ક્રાઇસ્ટની પૂર્વે ૧૯૦૦ વર્ષ ઉપર કુરૂક્ષેત્રની લડાઈ થઈ હોવી જોઇએ

પરતુ ૩૩ મા શ્લોકમા કહ્યુ છે તે પ્રમાણે આ ગણત્રિ અને તે ગણત્રિ મળતી આવતી નથી એ ૩૩મા શ્લોકનુ તાત્પર્ય સમજવુ મુશ્કેલ છે, તેથી તે વિગતવાર સમજવુ જોઇશે સપ્તર્ષિમડળ, જેને અંગ્રેજીમા the Great Bear અથવા Ursa Major કહે છે તે એક સ્થિર નક્ષત્ર છે, મઘા નક્ષત્ર પણ કેટલાએક સ્થિર તારાઓનુ ઝૂમખુ છે. સ્થિર તારા બિલકુલ ફરતા નથી, એ સૌ જાણે છે હવે વિષુવવૃત્તને એક જાતની સામાન્ય ગતિ છે અંગ્રેજી જ્યોતિષ શાસ્ત્રમા તેને Precession of the Equinoxes કહે છે. હિન્દુઓના કહેવા પ્રમાણે એ ગતિ દર વર્ષે ૫૪ વિકલા છે. દરેક નક્ષત્રમાં ૧૩⅓ અશ, એ હિસાબે હરકોઈ સ્થિર તારાના એક આખા નક્ષત્રને ફરી રહેતાં (વિષુ-

વને) હજાર વર્ષ થાય, સો નહિ. એટલુ જ નહિ, પણ સપ્તર્ષિમંડળ કોઈ દહાડો મઘા નક્ષત્રમાં હોઈ શકે જ નહિ, કારણ એ નક્ષત્ર સિંહ રાશિનુ છે, અને બારે રાશિઓનો રાશિચક્રની અંદર જ સમાવેશ થાય છે, જ્યારે સપ્તર્ષિમંડળ રાશિચક્રની બહાર છે જેમ ઇંગ્લિડ કોઈ દહાડો હિન્દુ-સ્થાનમા હોઈ શકે નહિ તેમ સપ્તર્ષિમંડળ મઘા નક્ષત્રમા હોઈ શકે નહિ.

કોઈ વાચનાર પૂછશે કે જો આમ છે તો એ પુરાણ લખનાર ઋષિએ કાંઈ કેફ કરીને તો એ પુરાણ નહિ લખ્યુ હોય અમારૂ કહેવુ તેમ નથી, પરતુ એ અસલની જે વાત લખી છે તે અમારાથી સમજી શકાતી નથી પુરાણકારે શુ સમજીને એમ લખ્યુ હશે તે અમારાથી કહી શકાતુ નથી, પરતુ બેન્ટલી સાહેબ તેનો આવો ખુલાસો આપે છે.

"The notion originated in a contrivance of the astronomers to shew the quantity of the precession of the equinoxes. This was by assuming an imaginary line or great circle, passing through the poles of the ecliptic and the beginning of the fixed Maghā, which circle was supposed to cut some of the stars in the Great Bear. × × × The seven stars in the Great Bear, being called the Rishis, the circle so assumed was called the line of the Rishis, and being invariably fixed to the beginning of the lunar asterism Maghā, the precession would be noted by stating the degree &c., of any moveable lunar mansion cut by that fixed line or circle as an index." *Historical View of the Hindu Astronomy. p. 65.*

આ ગણુત્રિને આધારે બેન્ટલી યુધિષ્ઠિરને ક્રાઇસ્ટની પૂર્વે ૫૭૫ વર્ષ પર લાવી મૂકે છે, મતલબ કે તેના કહેવા પ્રમાણે શાક્યસિંહને

અને યુધિષ્ઠિરને થોડું જ છેટું હતું. અમેરિકાનો પંડિત વ્હિટનિ કહે છે કે હિન્દુઓની જ્યોતિષી ગણત્રિ એટલી બધી અશુદ્ધ છે કે તે ઉપરથી કોઈ પણ સમય નક્કી કરવાનો પ્રયત્ન જ મિથ્યા થાય છે તે ગમે તેમ હોય પણ અમે એમ બતાવીશું કે કુરુક્ષેત્રના યુદ્ધનો કાળ તો નક્કી થઈ જ શકે છે

પ્રથમ આપણે પુરાણકાર ઋષિનું વાક્ય લઈએ તેના કહેવા પ્રમાણે યુધિષ્ઠિરના સમયમા સપ્તર્ષિમંડળ મઘામા હતુ, અને નન્દ મહાપદ્મના સમયમાં પૂર્વાષાઢામા હતું.

> प्रयास्यन्ति यदा चैते पूर्वाषाढां महर्षयः ।
> तदा नन्दात् प्रभृत्येष कलिर्वृद्धिं गमिष्यति ॥
>
> वि. अं. ४, २४, श्लो. ३९.

પછી વળી શ્રીમદ્ ભાગવતમા નીચે પ્રમાણે છે—

> यदा मघाभ्यो यास्यन्ति पूर्वाषाढां महर्षयः ।
> तदा नन्दात् प्रभृत्येष कलिर्वृद्धिं गमिष्यति ॥
>
> स्कंध १२, अ. २, श्लो. ३२.

મઘાથી પૂર્વાષાઢા દશમુ નક્ષત્ર છે, મઘા, પૂર્વ ફલ્ગુની, ઉત્તર ફલ્ગુની, હસ્તા, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા, મૂલા, પૂર્વાષાઢા —આ ઉપરથી યુધિષ્ઠિર અને નન્દ વચ્ચેનો અંતર ૧૦×૧૦૦= એક હજાર વર્ષનો હોવો જોઈએ

આ સિવાયની બીજી એક ગણત્રિ છે કે જે સૌ સમજી શકશે વિષ્ણુપુરાણનો જે શ્લોક ઉપર ઉતારી લીધો છે, તેની પહેલાનો શ્લોક નીચે પ્રમાણે છે —

> यावत् परिक्षितो जन्म यावन्नन्दाभिषेचनम् ।
> एतद्वर्षसहस्रन्तु ज्ञेयं पञ्चदशोत्तरम् ॥
>
> अं. ४, अ. २४, श्लो. ३२.

નન્દનુ પૂરૂ નામ નન્દ મહાપદ્મ. વિષ્ણુપુરાણના એ ૪થા અંશના ૨૪ મા અધ્યાયમા કહ્યુ છે કે—

" महापद्मः तत्पुत्राश्च एकवर्षशतमवनीपतयो भविष्यन्ति ।
नवैव तान् नन्दान् कौटिल्यो ब्राह्मणः समुद्धरिष्यति ।

तेषामभावे मौर्य्यांश्च पृथिवीं भोक्ष्यन्ति ।
कौटिल्य एव चन्द्रगुप्तं राज्येऽभिषेक्ष्यति ॥ "

મહાપદ્મ અને તેના પુત્રો એકસો વર્ષ સુધી રાજ્ય કરશે. કૌટિલ્ય (પ્રખ્યાત ચાણક્ય) નામે બ્રાહ્મણ નંદના વંશજોનો નાશ કરશે તેમના પછી મૌર્યો રાજ્ય કરવા માંડશે કૌટિલ્ય ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડશે

આ રીતે યુધિષ્ઠિર પછી ચંદ્રગુપ્ત ૧૧૧૫ વર્ષે થયો હોવો જોઇએ. ચંદ્રગુપ્ત મોટો પ્રખ્યાત રાજા હતો ગ્રીસના શહેનશાહ સિકંદર અને સેલ્યુકસ લગભગ તેના સમકાલીન રાજાઓ હતા એણે પોતાની સત્તાના જોરે મૅકીડોનીઅન યવનોને ભરતખંડમાંથી હાંકી કાઢ્યા હતા, અને બળવાન સેલ્યુકસને શિકસ્ત આપી તેની છોકરી જોડે લગ્ન કર્યાં હતા તે સમયમાં તેના જેવો સત્તાવાન બીજો કોઈ રાજા હતો નહિ. એવું કહેવાય છે કે વગર ભયે તે સિકંદરની છાવણીમાં દાખલ થઈ ગયો હતો. સિકંદરે ક્રાઇસ્ટની પૂર્વે ૩૨૫ વર્ષપર હિન્દુસ્થાનપર ચઢાઈ કરી હતી

ઉપર જણાવેલા ૧૧૧૫ માં ૩૧૫–ખ્રિસ્તના જન્મની પૂર્વે જે સાલમાં ચંદ્રગુપ્તને રાજ્ય મળ્યુ છે તે–ઉમેરતા યુધિષ્ઠિરનો સમય મળી આવે છે ૩૧૫+૧૧૧૫=૧૪૩૦ માં ખ્રિ પૂ. મહાભારતનુ યુદ્ધ થયુ હોવુ જોઇએ.

બીજા પુરાણોમાં પણ એવી જ કથા છે મત્સ્ય તથા વાયુપુરાણમાં ૧૧૧૫ ને બદલે ૧૧૫૦ લખ્યા છે, તે પ્રમાણે ૧૪૭૫ ની સાલ થાય

કુરૂક્ષેત્રનુ યુદ્ધ આ સાલ પૂર્વે ઘણા વખતપર થયુ નહિ હોય, બલ્કે તેથી સ્હેજ મોડુ હશે તેનુ એક બીજું બહુ મજબૂત પ્રમાણ છે, અને તે જ્યોતિષની ગણુત્રિનુ છે, કે જે ગણુત્રિ કદિ ખોટી પાડી શકાય જ નહિ " **चंद्रार्कौ यत्र साक्षिणौ** "

વર્ષમાં બે દિવસ રાત તથા દિવસ સરખા લાંબા રહે છે તે સૌ જાણે છે, અને તે સમય ૬ ૬ મહિનાને અંતરે આવે છે. આને જ્યો-

તિષમાં "વિષુવ" કહે છે. આકાશમા જે જે સ્થાને એ બે દિવસે સૂર્ય હોય છે તેને "ક્રાન્તિપાત" અથવા "ક્રાન્તિપાત બિંદુ" (Equinoctial point) કહે છે. એ દરેક બિંદુથી સૂર્ય ૯૦ અંશ (૯૦ ડિગ્રિ) છેટે જઈ પાછો ફરે છે, જેને (Solstice) કહે છે મતલબ કે એટલા અંશ ફરી સૂર્ય દક્ષિણાયનમાથી ઉત્તરાયનમા જાય છે, અને ઉત્તરાયનમાથી દક્ષિણાયનમા જાય છે.

ભીષ્મ જ્યારે મોત માગે ત્યારે તેનુ મોત આવે એવુ તેમને વરદાન હતુ, એવુ મહાભારતમા કહ્યુ છે બાણના બિછાનાપર પડ્યા પડ્યા તેમણે કહ્યુ હતુ કે હું દક્ષિણાયનનો સૂર્ય હશે તે વખત મરીશ નહિ (કારણ તેમ થવાથી અસદ્ગતિ થાય), અને તેથી એ શય્યાપર સૂતા સૂતા ઉત્તરાયનનો સૂર્ય થાય તેની તે રાહ જોયા કરતા હતા માઘ માસમા તેમ થતા તેમણે પ્રાણ છોડયા. તેમ કરતા પહેલાં તેમણે કહ્યુ છે કે—

माघोऽयं समनुप्राप्तो मासः सौम्यो युधिष्ठिर ।

મતલબ કે તે વખતે માઘ માસમા જ ઉત્તરાયનનો સૂર્ય થયલો. પણ ઘણાઓ કહેશે કે હમણા પણ માઘ માસમા જ એ પ્રમાણે સૂર્ય ઉત્તરાયનનો થાય છે કારણ માઘ શુદિ પડવાને ઉત્તરાયનનો દિવસ અને તેની પહેલાના દિવસને મકરસક્રાંતિ કહે છે, પણ તેમ હાલ થતુ નથી. જ્યારે અશ્વિની નક્ષત્રના પહેલા અંશમા જ ક્રાન્તિપાત થાય છે, ત્યારે અશ્વિની જ પહેલા નક્ષત્ર તરીકે ગણાય છે, અને તેથી આશ્વિન (આસો) માસથી વર્ષની શરૂઆત ગણવી પડે છે, અને તેને લીધે માઘમા ઉત્તરાયનના સૂર્ય થાય છે. હાલની ગણત્રિ પણ તે જ પ્રમાણે ચાલી આવે છે, ફસલી સન આશ્વિનથી જ શરૂ થાય છે, જો કે હાલમાં અશ્વિની નક્ષત્રમા ક્રાન્તિપાત થતો નથી, અને તેને લીધે આગળની માફક માઘ માસમા ઉત્તરાયન પણ થતુ નથી હાલમા તો પોષ શુદિ સાતમ કે આઠમે (૨૧ મી ડીસેમ્બરે) ઉત્તરાયન થાય છે. આનો સબબ એ છે કે ક્રાન્તિપાતબિંદુને પણ એક પ્રકારની ગતિ છે, અને તેને લીધે ક્રાન્તિપાત અને તેથી અયનનુ પરિવર્તનસ્થાન પણ દરેક વર્ષે પાછુ હઠે

જાય છે. આને અંગ્રેજીમા Precession of the Equinoxes કહે છે, જેને આપણે “ અયનચલન ” કહીએ છીએ એ સ્થાન કેટલું પાછું હઠતુ જાય છે તેની પણ ગણત્રિ છે હિન્દુઓ કહે છે કે તે વર્ષની ૫૪ વિકલા છે, પરતુ એમા થોડીક ભૂલ છે. ઇ સ પૂર્વે ૧૭૨ વર્ષપર હિપાર્કસ નામના એક યુનાની જ્યોતિષીએ ચિત્રા નક્ષત્રને ક્રાન્તિપાતથી ૧૭૪ અશ જેટલે છેટે જોયુ હતુ ઈ સ. ૧૮૦૨ મા મારકેલાઈને એ જ નક્ષત્રને ૨૦૧ અશ, ૪ કલા અને ૪ વિકલા દૂર જોયુ હતુ. આ ઉપરથી સ્હેજ ગણત્રિ થઈ શકે કે ક્રાન્તિપાતની વાર્ષિક ગતિ સાડીપચાશ વિકલા હોવી જોઇએ ફ્રાન્સના પ્રખ્યાત ખગોળશાસ્ત્રી લેવેરીઅર, એ ગતિ ૫૦.૨૮ વિકલાની કહે છે અને સ્ટૉકવેલ ૫૦.૪૩૮ કહે છે આમા અને ઉપલી ગણત્રિમા બહુ ફેર નથી, તેથી એ જ ગણત્રિ ખરી ગણાય તો હરકત નથી.

ભીષ્મના મોતવખતે પણ માઘ માસમા જ ઉત્તરાયન હતુ, પરતુ સૌર* માઘને કયે દિવસે તે લખેલુ નથી. પોષ અને માઘના હમેશા ૨૮ કે ૨૯ દિવસ ગણાય છે, અને એ બને મહિનાના દિવસોનો સરવાળો ૫૭ કરતા કોઈ વખત વધારે થતો નથી, પરતુ તેથી એવુ તો બની ન જ શકે કે તે વર્ષમા માઘ માસના પાછલા ભાગમા ઉત્તરાયનના સૂર્ય થયા હોય, કારણ તેમ હોય તો “ **माघोऽयं समनुप्राप्तः** ” એવુ કહેવાય જ નહિ માઘને ૨૮ મે દિવસે ઉત્તરાયન હોય એમ લઇએ તો ૪૮ દિવસનો તફાવત પડે એટલા દિવસમા સૂર્યની ગતિ વધારેમા વધારે ૪૮ અશ ગણી શકાય, પણ તેમ ગણવુ બરાબર નથી, કારણ સૂર્યને શીઘ્ર તેમ મદ બે જાતની ગતિ છે હાલની પચાગ પ્રમાણે ગણતા પૌષ શુદિ ૭ થી તે માઘ માસના ૨૯ મા દિવસ સુધીમા સૂર્ય માત્ર ૪૪ અશ અને ૪ કલા ચાલી શકે તેના ઉપરથી ઈ. સ પૂર્વે ૧૨૬૩ નુ વર્ષ મળી આવે છે જો ૪૮ અશ પૂરા લઇએ

---

* તે વખતે પણ સૌર માસ નામ જાણીતું હતું એમ સાબિત કરી શકાય છે. છ ઋતુનું વર્ણન મહાભારતમાં છે. બાર માસ ન હોય તો છ ઋતુ ન થાય.

તો ૧૫૩૦ નું વર્ષ આવે છે અને તેથી એટલુ તો કહી શકાય કે કોઈ રીતે પણ કુરુક્ષેત્રનુ યુદ્ધ એ વર્ષ પહેલા થયલુ તો ગણી શકાય જ નહિ. તેથી વિષ્ણુપુરાણુમાથી ઈ સ પૂર્વે ૧૪૩૦ નુ વર્ષ મળી આવ્યુ છે, તે જ બરાબર લાગે છે.

આશા છે કે આ બધી ગણુત્રિ જોયા પછી કોઈ એમ કહેનાર નહિ નીકળે કે પાચ હજાર વર્ષ ઉપર દ્વાપરયુગના પાછલા ભાગમા મહાભારતનુ યુદ્ધ થયુ હતુ, તેમ હોત તો સૌર ચૈત્રમા ઉત્તરાયન થાત ચાન્દ્ર માઘ કદિ પણ સૌર ચૈત્રમા હોઈ શકે જ નહિ.

પ્રકરણ છઠ્ઠું

પાંડવોની ઐતિહાસિકતા

(યૂરોપીય મત)

મહાભારતના યુદ્ધકાળ સબધે યૂરોપીઅન વિદ્વાનો જોડે આપણે બહુ મતભેદ નથી. ઈ સ પૂર્વે ચૌદમા સૈકામા એ યુદ્ધ થયુ હશે એમ કોલબ્રુક કહે છે. વિલ્સન અને એલ્ફિન્સ્ટન પણ તે જ મત ગ્રહણ કરે છે. વિલફોર્ડ ૧૩૭૦, બુકેનન તેરમી સદી અને પ્રાટ બારમી સદીનો પાછલો ભાગ કહે છે આ મત તોડવાનુ કાઈ બહુ પ્રયોજન નથી, પરતુ આગળ આપણે જોયુ છે કે એ વિદ્વાનોનો એવો પણ અભિપ્રાય છે કે મહાભારતનું પુસ્તક તો ઈ સ પૂર્વે ચોથા કે પાચમા સૈકામાં રચાયલુ આદિ (અસલ) મહાભારતમા પાંડવોને લગતી લેશ માત્ર પણ વાત હતી નહિ, તેમની કથા તો પાછળથી કવિઓએ રચી દાખલ કરી દીધેલી

જો આ પાછલી વાત સાચી હોય તો પછી મહાભારત ક્યારે લખાયુ તે વખતનો નિર્ણય કરવો એ કાઈ જરૂરનુ નથી, કારણ મહાભારત ગમે ત્યારે લખાયુ હોય તો પણ તેમા કૃષ્ણને માટે લખેલુ બધુ જ નકામુ સમજવાનુ. સબબ કૃષ્ણને લગતી બધી જ વાતો પાંડવો જોડે સબધ રાખે છે, માટે આપણે જોઈએ કે એ મતમા કાઈ ખરાપણું છે કે નહિ.

પહેલ વહેલા પ્રખ્યાત જર્મન વિદ્વાન લૅાસન સાહેબનો અભિપ્રાય તપાસીએ. મહાભારત ગમે ત્યારે રચાયુ હોય પરતુ તે એટલુ તો કબૂલ કરે છે કે તેમા કાઇક તવારીખનો અશ છે, પરતુ તે અશ એટલો જ કે મહાભારતમા જે યુદ્ધ વર્ણવ્યુ છે તે કુરૂ અને પાંચાલ વચ્ચેનું યુદ્ધ મતલબ કે પાંડવોને તો માત્ર કવિકલ્પના ગણી તે ઉડાવી જ દે છે. વેબરનો પણ તેવો જ મત છે સર મોનિઅર વિલિઅમ્સ, રમેશચદ્ર દત્ત વગેરેનુ પણ તેમ જ કહેવુ છે એમનો મત ટૂકામા નીચે પ્રમાણે છે —

કુરૂ નામે એક રાજા થઈ ગયો પુરાણ, ઈતિહાસ વગેરેમા તે જ વશના રાજાને કુરૂ અથવા કૌરવ કહેતા, એટલુ જ નહિ પણ તેમના અધિકાર નીચે રહેનાર રૈયત પણ એ નામે ઓળખાતી, અને તેથી કૌરવ એટલે કુરૂ રાજાના વશજોના તાબામા વસતી રૈયત કહીએ તો ચાલી શકે તે જ પ્રમાણે પાંચાલ પણ એવી જ એક બીજી પ્રજા હતી મહાભારતમા પાંચાલ શબ્દ એ જ અર્થમા વપરાયો છે. એ બને કોમ એક બીજાની પાસે વસતી હતી. વાયવ્ય ખૂણાપર જે સઘળી જાત વસતી હતી તેમા મહાભારતના યુદ્ધ પહેલા એ બે જાતો બહુ ઉંચી પક્તિ ભોગવતી હતી. એમ લાગે છે કે કોઈ વખત એ બને જાત હળીમળીને રહેતી હશે, કારણ વેદના ગ્રથોમા કુરૂ—પાંચાલ એ નામ મળી આવે છે પાછળથી તેમનામા વિરોધ ઉત્પન્ન થયો હશે અને તે વિરોધનુ પરિણામ તે મહાભારતનુ યુદ્ધ, જે યુદ્ધમા કૌરવોને પાંચાલોએ હરાવ્યા

આટલે સુધી એ અભિપ્રાયમા કાઈ વાધો લેવા જેવુ નથી, કારણ ખરૂ જોતા કૌરવોના ખરા દુશ્મનો તો પાંચાલો જ હતા કૌરવોની સામે લઢનાર સેના પાંચાલો અથવા તો પાંચાલ અને સૃંજયોની જ* બનેલી હતી. પાંચાલ રાજપુત્ર ધૃષ્ટદ્યુમ્ન તેમનો સેનાપતિ હતો, પાંચાલ રાજપુત્ર શિખણ્ડિએ જ કૌરવોના મોટામા મોટા યોદ્ધા ભીષ્મને હરાવ્યો હતો. ધૃષ્ટદ્યુમ્ને કૌરવોના આચાર્ય દ્રોણને પોતાનો હાથ બતાવ્યો હતો.

---

* સૃંજયો તે પાંચાલોનો એક વિભાગ, તેમની એક જ્ઞાતિ.

જો ખરેખરી રીતે એ યુદ્ધ પાંડવો અને કૌરવો વચ્ચે જ થયુ હોત તો એને પાંડવ-કૌરવનુ યુદ્ધ કહેત જ નહિ, કારણ પાંડવો પોતે પણ કુરુના વશજો એટલે કૌરવો જ હતા અને તેથી એને ખરેખરૂ તો ધાર્તરાષ્ટ્ર અને પાંડવો વચ્ચેનુ યુદ્ધ કહેત. ભીષ્મ, દ્રોણ, કૃપ, વગેરે જોડે ધૃતરાષ્ટ્રના વશજોને જેટલો સબધ હતો તેટલો જ પાંડવોને હતો, તેમનો સ્નેહ પણ તેમનાપર સરખો જ હતો, અને તેથી જો એ યુદ્ધ વાસ્તવિક રીતે પાંડવો ને ધૃતરાષ્ટ્રના વશજો વચ્ચે થયુ હોત તો તેઓ કદિ પણ દુર્યોધનનો પક્ષ પકડી પાંડવોનુ બગાડવા તૈયાર થાત નહિ, કારણ તેઓ ન્યાયી અને ધર્માત્મા હતા. પાંડવો ઉમર લાયકના થતા પહેલા તો કુરુપાંચાલ વચ્ચે વિરોધ થઈ ગયો હતો એવુ ખુદ મહાભારતમા જ છે, વળી તેમા એમ પણ જણાવેલુ છે કે પાંડવો, ધૃતરાષ્ટ્રના વશજો વગેરે સઘળા કૌરવોએ દ્રોણાચાર્યના રક્ષણ નીચે રહી પાંચાલના રાજ્ય પર હુમલો કર્યો હતો, અને ત્યાના રાજાને હરાવી તેની બેઆબરૂ કરી હતી.

હવે એ યુદ્ધ તે કુરૂ અને પાંચાલ વચ્ચેનુ યુદ્ધ એટલું આપણે કબૂલ કરીશુ, પરંતુ તે ઉપરથી યૂરોપીઅન પંડિતો જે વાત કહેવા માગે છે તે સ્વીકારી શકાતી નથી· કારણ તેઓ તો એમ જ કહે છે કે, એ લઢાઈ માત્ર કૌરવો અને પાંચાલો વચ્ચે થયલી, પાંડવો એવે નામે કોઈ માણુસ જ હતા નહિ. પાંડુ અને તેના પુત્ર પાંડવો કદિ થઈ ગયા જ નથી. આ ખોટુ છે, કારણ પાંડવોના સસરા એટલે પાંચાલ દેશના રાજાએ ધૃતરાષ્ટ્રના પુત્રો ઉપર ચઢાઈ આણી હોય અને પાંડવોએ તેમા તેને મદદ આપી તેનો પક્ષ લઈ લઢાઈ પણ કરી હોય એ વધારે સભવિત છે. પાંડવોનો વૃત્તાન્ત નીચે પ્રમાણે છે. કૌરવાધિપતિ વિચિત્રવીર્યને બે પુત્ર હતા, ધૃતરાષ્ટ્ર અને પાંડુ (વિદુર દાસીને પેટે જન્મ્યો હતો) ધૃતરાષ્ટ્ર મોટો પણ આધળો હોવાથી ગાદીએ બેસવાને અધિકારી નહતો અથવા શક્તિવાન નહતો, તેથી પાંડુ બાપની ગાદીએ બેઠો, પણ પરિણામે પાંડુ રાજ્ય છોડી જગલવાસી થઈ ગયો અને તેથી ધૃતરાષ્ટ્રનું રાજ્ય પાછુ ધૃતરાષ્ટ્રના જ હાથમાં ગયું. તેટ-

લામા પાંડુના પુત્રો ઉમર લાયક થયા, અને પોતાનુ રાજ્ય પાછુ પોતાના હાથમા લેવા ઇચ્છા કરવા લાગ્યા, તેથી ધૃતરાષ્ટ્ર અને તેના છોકરાઓએ તેમને જગલમા કાઢી મૂક્યા તેઓ વનવન રખડી અતે પાંચાલ દેશના રાજાની છોકરી પરણ્યા અને તેની જોડે સબધ બાધ્યો પાંચાલ દેશના રાજાની તથા તેમના મામાના છોકરા અને પ્રતાપી જોરાવર યાદવોના નાયક કૃષ્ણની સહાયતાથી છેવટે ઇન્દ્રપ્રસ્થમા તેમણે નવુ રાજ્ય સ્થાપ્યુ, પરતુ આખરે તે રાજ્ય ધૃતરાષ્ટ્રના વશજોના હાથમા જ જઈ પડ્યુ તેમને, તેથી, પાછો વનવાસ લેવો પડયો તે અવસ્થામા વિરાટના રાજા જોડે તેમને દોસ્તી તથા સબધ બધાયા. ફરી પાછી પાંચાલ દેશના રાજાએ કૌરવો પર ચઢાઈ આણી આનુ કારણ આગળનુ વેર વાળવાની કે પાંડવોને રાજ્ય પાછુ આપવાની મતલબ હોય તે કહી શકાતુ નથી ગમે તેમ હોય પરતુ પાંચાલોના એ યુદ્ધમા પાંડવોએ તેમની જોડે રહી ધૃતરાષ્ટ્રના પુત્રો સામે લઢાઈ કરી હશે, એ જ સભવિત છે

યૂરોપીઅન પડિતો પાંડવો નામે કોઈ થઈ ગયુ જ નથી, એવુ બતાવવા એક કારણ એવુ જણાવે છે કે તે વખતના કોઈ પણ ગ્રથમા પાંડવ એવુ નામ જણાતુ નથી. એના જવાબમા એટલુ જ કહેવાનુ છે કે મહાભારત એ જ તે વખતનો ગ્રથ, એ સિવાય વળી બીજો કયો ગ્રથ જોઇએ ? તે સમયમા ઇતિહાસ લખી રાખવાનો ચાલ હતો નહિ, કે જેથી એક કરતા વધારે પુસ્તકમાથી એ નામ જડી આવે પણ તેઓ કદાચ એમ કહી શકે, કે શતપથ બ્રાહ્મણ એ ગ્રથ તેમના થઈ ગયા પછી થોડે જ વખતે લખાયલો હોવા છતા તેમા ધૃતરાષ્ટ્ર, પરિક્ષિત અને જનમેજયના જ નામ છે અને પાંડવોના નામની ગધ સરખી નથી, માટે પાંડવો થઈ ગયા હોવા જ ન જોઈએ

પરતુ આવા આવા સિદ્ધાતો ભરતખડના પ્રાચીન રાજાઓના સબ-ધમા લાવવા, એ ભૂલભરેલુ છે ગ્રીસના પાદશાહ સિકદરનુ નામ કોઈ જૂના હિન્દુ ગ્રથમા નથી તેણે હિન્દુસ્થાનપર ચડાઈ કરી જે મોટું ધાંધળ મચાવેલુ તે કુરુક્ષેત્રના યુદ્ધ જેવી જ મોટી બીના હતી પણ તેથી શું ઉપરના કારણને લીધે એમ કહી શકાશે કે સિકદર નામનો

કોઈ પાદશાહ જ થઈ ગયો નથી, અને ગ્રીસના ઇતિહાસ લખનારાઓએ તેને માટે જે કાંઈ લખ્યુ હોય તે માત્ર કલ્પના જ છે ? એ જ પ્રમાણે ભારતવર્ષના કોઈ પણ પુસ્તકમા મહમૂદ ગઝનવીનુ નામ પણ નથી, તેથી શુ કાંઈ એમ કહી શકાય કે એ માત્ર મુસલમાન તવારિખ લખનારાઓના મગજમાથી જ પેદા કરેલો પાદશાહ છે ? બગાળના સાહિત્યમા બખ્તયાર ખિલજીના નામનો ઇશારો સરખો પણ નથી, તેથી શુ એમ કહેવાય કે એ માત્ર મિનહાજ–ઉદ્–દીનની કલ્પનાએ ઉભુ કરેલું એક માણુસ હતુ ? જો તેમ ન હોય તો પછી મિનહાજ–ઉદ્–દીન કહે તે વાત ખરી માનવી અને મહાભારત કહે તે ખોટી માનવી, એનો સબબ શો ?

વેબર કહે છે કે શતપથ બ્રાહ્મણમા અર્જુન શબ્દ વપરાયલો છે, પરતુ તે ઇન્દ્રના અર્થમા, નહિ કે પાંડવોમાના કોઈ એક અમુક જણને ઓળખાવવા માટે. આ ઉપરથી તેનુ કહેવુ એવુ છે કે પાંડુપુત્ર અર્જુન, એ માત્ર મિથ્યા કલ્પના છે, અને ખરૂ જોતા તો એને ઇન્દ્રને ઠેકાણે બેસાડી દીધો છે અક્કલના આવા ઉપયોગને પહોચી શકવુ કઠણ છે. અર્જુન શબ્દ ઇન્દ્રને સ્થાને વપરાયો છે, અને તેથી અર્જુન નામે કોઈ માણુસ જ થઈ ગયુ નથી, એ સિદ્ધાત મગજમા ઉતરવો મુશ્કેલ થઈ પડે છે

બીજો કોઈ આવી વ.ત કહે તો તેને હસી કાઢીએ પણ વેબર મહા મોટા વિદ્વાન પડિત અને વળી વેદના છપાવનાર, અને આપણે એક તો હિન્દી અક્કલ વગરના એટલે એમને ઉડાવીએ એ મોટી ધૃષ્ટતા કહેવાય. તો પણ એ વાતને જરા પ્રમાણુસર તપાસીશુ જેમ શતપથ બ્રાહ્મણમા અર્જુન એ નામ છે તેમ ફાલ્ગુન એ નામ પણ છે જેમ અર્જુન એ ઇન્દ્ર તથા પાંડવોમાના વચલા ભાઇનુ નામ છે તેમ જ ફાલ્ગુન પણ ઇન્દ્ર તથા પાંડવોના વચલાનુ નામ છે. ઇન્દ્રનુ નામ ફાલ્ગુન છે, કારણુ કે તે ફલ્ગુની નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ છે (એ વાત અહીંના જોશીઓ કહેતા નથી, શતપથ બ્રાહ્મણુમાં છે, જુઓ ૨જો

કાંડ, ૧ લો અધ્યાય, ૨ જુ બ્રાહ્મણ, ૧૧) અર્જુનનુ નામ ફાલ્ગુન હતું, કારણ કે તે તે નક્ષત્રમા જન્મેલો હતો. જે નક્ષત્રનો દેવ ઈન્દ્ર છે તે નક્ષત્રમા તેનો જન્મ થયલો હોવાથી એ ઈન્દ્રપુત્ર તરીકે પણ ઓળખાય છે (કારણ ઈન્દ્રનાથી તેનો જન્મ થયલો, એ વાત કોઈ કેળવાયલો વાચનાર ભાગ્યે જ કબૂલ કરશે) વળી અર્જુન શબ્દનો અર્થ સફેદ થાય છે મેઘ દેવતા ઈન્દ્ર જેમ સફેદ વર્ણનો નથી તેમ મેઘવર્ણું અર્જુન પણ સફેદ ન હતો છતા બન્ને નિર્મળ કામ કરનારા, શુદ્ધ અને પવિત્ર હોવાને લીધે બનેને અર્જુન કહ્યા છે (ઈન્દ્રનુ નામ અર્જુન કહ્યુ છે, તે વિષે શતપથ બ્રાહ્મણમા આ પ્રમાણે કહ્યુ છે) **अर्जुनो वै इन्द्रो यदस्य गुह्यं नाम ॥** અર્જુન, ઈન્દ્ર એ એનુ ગુહ્ય નામ આ ઉપરથી શુ ઉલટુ એમ સમજાતુ નથી કે અર્જુન નામે કોઈ એક જૂદુ જ માણસ હોવુ જોઇએ, જેનો મહિમા વધારવા માટે જ ઈન્દ્ર ને તે એક છે એમ બતાવવા અર્જુન તે ઈન્દ્રનુ છૂપુ (ગુહ્ય) નામ છે, એમ પ્રચલિત કર્યું હોય ? વેબર સાહેબે "ગુહ્ય" નો અર્થ "Mystic" કરી બધાને મૂર્ખ બનાવ્યા છે

બીજી એક ખુબીની વાત એ છે કે, અર્જુન એ એક ઝાડનું નામ પણ છે (Terminalia alata glabra), ને ઝાડને ફાલ્ગુન પણ કહે છે. એને અર્જુન કહેવાનુ કારણ કે તેના ફુલ ધોળા હોય છે, અને ફાલ્ગુન કહેવાનુ કારણ કે તે ફાગણ માસમા ફુટે છે ત્યારે શુ આ ઉપરથી એમ ધારવુ કે ઈન્દ્રનુ નામ અર્જુન અને ફાલ્ગુન છે, અને તેથી એ નામનુ ઝાડ છે જ નહિ અને કદિ હતુ પણ નહિ ?

વળી એ સઘળા પડિતોનુ કહેવુ એવુ છે કે માત્ર બૌદ્ધ ગ્રથ લલિતવિસ્તરમા પાંડવોનુ નામ મળી આવે છે, પણ તે પાંડવો તો પર્વત પર રહેનારા લૂટારા હતા કદિ એ વાત ખરી હોય તો પણ તે ઉપરથી એમ કહેવાય નહિ કે પાંડુના પાચ પુત્રો આ દુનિઆપર કદિ થઈ ગયા જ નથી. બગાળી સાહિત્યની એક બે ચોપડીમાં "ફીરગી" એ શબ્દ જડી આવે છે તેનો અર્થ "યૂરેશીઅન" અથવા

તો "યૂરોપીઅન" છે. "ફ્રાંક" (Frank) એ શબ્દ બિલકુલ જડતો જ નથી, તેમ તે ભાવમા "ફીરંગી" શબ્દ વપરાયો પણ નથી. આ ઉપરથી જો આપણે એમ સાબિત કરવા માગીએ કે "ફ્રાંક" લોકોની જાત કદિ હતી જ નહિ, તો પછી જે ભૂલ યૂરોપીઅન પડિત તથા તેમના શિષ્યો કરે છે, તે જ ભૂલ કરવાના આપણે પણ દોષિત થઇએ †

† બૌદ્ધ ગ્રથકારોએ પોતાના પુસ્તકોમા પાંડવ નામની એક પર્વતવાસી જાતનો ઇશારો કર્યો છે: તેઓ ઉજ્જન અને કોશલ દેશ તરફ વસનારા લોકોના શત્રુ હતા. (Weber's Hindu Literature, 1878, p 185) મહાભારતમા જો કે પાંડવોને હસ્તિનાપુરના રહેવાશી તરીકે જણાવ્યા છે ખરા, પરંતુ તેમા પણ એક ઠેકાણે લખેલુ છે કે તેઓ પહેલાં હિમાલય પર્વત પર રહીને મોટા થયા હતા

> एवं पाण्डोः सुताः पञ्च देवदत्ता महाबलाः ।
> विवर्द्धमानास्ते तत्र पुण्ये हैमवते गिरौ ॥
>
> आदिपर्व १२४–२७–२९.

આવી રીતે પાણ્ડુના, મહા પ્રતાપવાન દેવના આપેલા પાચ પુત્ર ... . -પવિત્ર હિમાલય પર્વતપર ઉછરીને મોટા થતા હતા.

પ્લીની અને સોલીનસ નામના ગ્રીક ગ્રથકારોએ ભારતખંડના વાયવ્ય ભાગ પર આવેલા વાહ્લિક દેશની ઉત્તરે આવેલા સોગડીઆના (હાલના સ્વાટ) પ્રાતના એક શહેરનું નામ પાંડયું હતુ એમ જણાવ્યુ છે અને સિંધુ નદીના મુખ પાસે રહેનારી જાતિને પણ પાંડય કહેતા હતા એમ જણાવેલુ છે. ભૂગોળવેત્તા ટૉલમી પાંડય નામના લોકો વિતસ્તા (જેહલમ) નદી પાસે રહેતા હતા એમ લખી ગયો છે. પાણિનિના એક સૂત્રના વાર્ત્તિકમા કાત્યાયન પાણ્ડય શબ્દ પાંડુ પરથી આવ્યો એમ કહે છે (पाण्डोर्ड्यण् वक्तव्य–वार्तिक।) લક્ષ્મીધરે પોતાના ષડ્ભાષાચન્દ્રિકાના ગ્રથમા કેકય, વાહ્લિક વગેરે ઉત્તર દિશાના મુલકોનાં નામ કહ્યાં છે, તેમા પાણ્ડય દેશનુ નામ પણ છે, અને તે બધા મુલકોને પિશાચના એટલે અસભ્ય-નહિ સુધરેલા એવા લોકોના દેશ તરીકે ગણ્યા છે. (पाण्ड्य केकय वाह्लिक : : : : : एते पैशाच-देशाः स्युः)

લૅાસેન એમ કહે છે કે કુરૂપાંચાલ વચ્ચેનું યુદ્ધ એ ઐતિહાસિક બનાવ છે, માટે એટલે દરજ્જે મહાભારતમા ઐતિહાસિકતા છે ખરી. પરંતુ પાંડવ, દ્રૌપદી વગેરે તેમાના મુખ્ય નાયકનાયિકા હતા, એ વાત તો તે માનતો નથી તે કહે છે કે અર્જુન વગેરે સઘળા માત્ર રૂપક તરીકે એ ગ્રથમા છે જેમકે, અર્જુનનો અર્થ ધોળુ, તેથી જે સઘળુ તેજવાળુ તે અર્જુન અને કાળુ, તિમિરમય તે કૃષ્ણ-કૃષ્ણા, એટલે દ્રૌપદીનુ પણ તેમ જ પાંડવો જ્યારે રઝળતા હતા ત્યારે

હરિવ શમા દક્ષિણ દિશામા આવેલા ચોલ, કેરલ વગેરે દેશોની જોડે પાણ્ડય દેશનુ નામ લખ્યુ છે, (હરિવંશ ૩૨ અ. ૧૨૪ શ્લોક), તેથી એ દક્ષિણ તરફ આવેલો પાણ્ડય દેશ સમજવો. વિલ્સન સાહેબનુ કહેવું એમ છે કે એ જાત પ્રથમ સોગડીઆનામા વસતી હોવી જોઇએ, ત્યાથી ધીમે ધીમે ભારતખડ પર ઉતરી આવી, પછી હસ્તિનાપુરમા રહી છેવટ દક્ષિણ તરફ જઈ ત્યાં પાણ્ડય રાજ્ય સ્થાપ્યુ હશે, (Asiatic Researches Vol. XV pp 95-96)

રાજતરંગિણી પ્રમાણે કાશ્મીરના રાજ્યના પહેલા રાજા કુરૂવંશના હતા, અને ત્યાથી આવી પાડવોએ હસ્તિનાપુરમા રહેવા માડયુ હોય એ સભવિત છે તેઓ મધ્યદેશવાસી હોઇને પાડવ એટલે પાણ્ડય દેશના રહેવાસી તરીકે શી રીતે ઓળખાય એ એક સમસ્યા છે તેનો ખુલાસો કરવા માટે તો વખતે પાંડુના પુત્ર તેથી તેઓ પાડવ, એવુ તો લોકામાં તેમનુ ઓળખાણુ નહિ ચાલ્યુ હોય? તેમના જન્મવૃત્તાન્તના સબધમા ગોટાળો તો છે જ તે વખતના લોકોને તે વિષે જે જે સશય હતા તે જાણીતા છે "यदा चिरमृतः पाण्डु: कथं तस्येति चापरे ।"

आदिपर्व १–११७.

બીજાઓ એમ પણ કહેતા હતા કે પાણ્ડુએ ઘણો વખત થયા પ્રાણત્યાગ કર્યો છે, ત્યારે આ લોકો શી રીતે એના પુત્ર હોઈ શકે?

ભારતવર્ષીય ઉપાસક સપ્રદાય, અક્ષયકુમાર દત્તપ્રણીત, બીજો ભાગ ઉપક્રમણિકા પાનું ૧૦૫. અક્ષયબાબુ હડહડતા યુરોપીઅન મતને માનનારા હતા

જેણે રાજ્ય ધારણ કર્યું તે ધૃતરાષ્ટ્ર, પાચ પાંડવ તે પાંચાલની પાચ જાતો અને પાંચાલી જોડે તેમનો વિવાહ તે એ પાચ જાતોનુ એક બીજા જોડે મિશ્રણ જે ભદ્ર કહેતા સારૂ કરે તે સુભદ્રા, અર્જુન વગેરે જોડે યાદવોનુ મળી જવુ તે સુભદ્રા, વગેરે

હિન્દુઓના દરેક શાસ્ત્રીય ગ્રથમા રૂપકનુ બહુ જ પ્રાબલ્ય છે, એ આપણે કબૂલ કરવુ પડશે વેદ, ઇતિહાસ, પુરાણ, કાવ્ય એ સઘળામાં એ તત્ત્વ જોવામા આવે છે, પરતુ તેથી એમ ન કહી શકાય કે હિન્દુ શાસ્ત્રમા જે બધુ કહેલુ છે તે માત્ર રૂપક જ છે, અને રૂપક સિવાય બીજુ કઈ છે જ નહિ.

વળી એ પણ ખરૂ કે શાસ્ત્રમા યા સસ્કૃત સાહિત્યમા જે કાઈ કહેલુ છે તે બધાને, પછી તે રૂપક હો વા ન હો તોપણ તેને રૂપક તરીકે ગણી કાઢવુ ઘણાઓને ગમે છે રામના નામમા "રમ્" ધાતુ અને સીતાના નામમા "સિ" ધાતુ હોવાથી, રામાયણને ખેતીવાડીનુ રૂપક અપાયલુ છે. એ જ પ્રમાણે કેટલાક જર્મન વિદ્વાનોએ બે ચાર ધાતુઓનો આશ્રય લઈ ઋગ્વેદના બધા સૂક્તોને સૂર્ય અને વાદળાના રૂપક ગણી ઉડાની દીધા છે જો એ પ્રમાણે જોવા જઇએ તો તો પૃથ્વીપર જે કાઈ છે તે બધુ જ રૂપક તરીકે ગણી શકાય આ પુસ્તક લખનારને સાભરે છે કે નવદ્વીપના પ્રખ્યાત રાજા કૃષ્ણચન્દ્રનુ અસ્તિત્વ તેણે એક વખતે એવી જ રીતે ખુબીથી ઉડાવી દીધુ હતુ કોઈ કહેશે કે એમ કેમ બને, તે તો હમણા જ થઇ ગયલો માણસ છે, અને તેની રાજધાની, તેનો મહેલ, તેના વશજો સઘળુ આજે હયાત છે, તેની પોતાની કીર્ત્તિ પણ ઇતિહાસમા ગાજી રહી છે તેનો જવાબ એવો આપી શકાય કે, કૃષ્ણ કહેતા અધકાર, એટલે તમોગુણનુ રૂપ. કૃષ્ણનગર કહેતા અંધારાથી ભરેલા સ્થાનમા તેની રાજધાની, તેના છ છોકરા એટલે તમોગુણમાથી ઉત્પન્ન થતા છ શત્રુઓ વળી પ્લાસી-(પલ અસિ)ની લડાઈ સબધે એક બાળકે પણ એવુ જ રૂપક લગાવ્યુ હતું. એક પળ માત્ર ઝળકતી જે અસિ કહેતા તરવાર તેને ક્લીબ (નપુસક) ગુણયુક્ત ક્લૈવ (Clive) તેણે ફેરવી, સુરાજા

એટલે સારા રાજાનો પરાભવ કર્યો. આ પ્રમાણે રૂપકો તો જોઇએ તેટલા જડી આવે છે ખરૂ જોતા એ બાળકે ઘટાવેલા રૂપકમા અને લૅાસનના રૂપકમા કાંઈ ઘણો તફાવત હોય તેવુ જણાતુ નથી જો ધારીએ તો, લૅાસન શબ્દનો "લસ" એટલે ક્રીડા કરવી, એ ધાતુપરથી અર્થ કાઢી તેણે કરેલી ઐતિહાસિક શોધ એ માત્ર ક્રીડાકૌતુક છે, એમ સિદ્ધ કરી ઉડાવી દેવાય.

વળી ટાલબૉયસ વ્હીલરનો એવો મત છે કે એ વાતમા કાંઇક તવારીખી સચ્ચાઈ છે ખરી, પરતુ તે ઘણા જ સાધારણ પ્રકારની.

The adventures of the Pandavas in the jungle and their encounters with Asuras and Rakshasas are all palpable fictions, still they are valuable as traces which have been left in the minds of the people of the primitive wars of the Aryans against the Aborigines

વ્હીલરને સસ્કૃત આવડતુ ન હતુ અને તેણે મહાભારત કદિ વાચ્યુ નહતુ કોઈ બાબુ અવિનાશચદ્ર ઘોષ ઉપર તેનો બધો આધાર છે એ બાબુએ તેના હુકમથી મૂળ મહાભારતનો તેને તરજુમો કરી આપેલો અવિનાશચદ્ર પણ કોઈ મસ્કરો માણસ જણાય છે કાશીદાસી મહાભારતમાથી તેણે કેટલુ ભાષાતર કર્યું હશે તે કાંઈ કહી શકાતુ નથી, પરતુ ચન્દ્રહાસ ને વિષયાની કથા પણ વ્હીલર સાહેબે તો મૂળ મહાભારતના અશ તરીકે જ ગોઠવી દીધી છે ! માટે એવા એવા લેખકોનો અભિપ્રાય ખોટો છે, એવુ બતાવવુ તે વાચનારાઓનો વખત મિથ્યા ગુમાવવા જેવુ છે

ટૂકામા એ જ કે, મહાભારતનો જે અસલ ભાગ છે, તેમા જે વૃત્તાન્ત લખેલો છે તે તથા પાંડવો વગેરેનુ અસ્તિત્વ એ કેવળ કલ્પના વડે ઉભી થયલી વાતો છે, એવું કહેવાતુ હજુ સુધી કોઈ યોગ્ય કારણ મળ્યુ નથી. મહાભારતમા ઘણો ભાગ પાછળથી ઉમેરાયો છે, તે વાત અમારે કબુલ છે. પરતુ પાંડવોને લગતી બધી જ બાબતો તેવી છે, એવુ કહેવાનુ કાઇ કારણ નથી. તેઓ ઐતિહાસિક વ્યક્તિઓ છે એમ

ગણવાને ઉપર કહેલાં કારણો પૂરતા ન હોય, એ વિષે આગામી પ્રકરણમા વધારે વિવેચન કરીશુ

પ્રકરણ ૭ મું

પાંડવોની ઐતિહાસિકતા

પાણિનિનુ એક સૂત્ર એવુ છે કે—

महान् व्रीह्यपराह्णगृष्टीष्वासजाबालभारभारतहैलिहिलरौरवप्रवृद्धेषु. ૬–૨–૩૮.

"**व्रीहि**" વગેરે શબ્દોની પૂર્વે "**महत्**" શબ્દ વપરાય છે, તેમાનો એક શબ્દ "**भारत**" છે મતલબ કે પાણિનિના ગ્રથમા પણ મહાભારત શબ્દ મળી આવે છે, અને આ પ્રખ્યાત ઇતિહાસના ગ્રથ સિવાય બીજો કોઈ ગ્રથ "મહાભારત"ને નામે જણાયો હોય એવી સાબિતી છે નહિ વેબર કહે છે કે અહિ મહાભારતનો અર્થ "ભરતવશ" એવો થાય છે આને માટે તેના પોતાના અભિપ્રાય સિવાય બીજો કાઈ જ આધાર નથી "

વળી પાણિનિના સૂત્રમા છે કે, **गवियुधिभ्यां स्थिरः** ૮–૩–૯૫ "**गवि**" અને "**युधि**" શબ્દ પછી "**स्थिर**" શબ્દના "**स्**" નો "**ष्**" થાય છે, જેમ **गविष्ठिरः । युधिष्ठिर. ।**

વળી "**बह्व च इञः प्राच्य भरतेषु**" । ૨–૪–૬૬ ભરતગોત્રનું ઉદાહરણ "**युधिष्ठिराः**" । (ઉદાહરણ **सिद्धांतकौमुदी**નુ છે)

વળી "**कियामघन्तिकुन्तिकुरुभ्यश्च**" ૪૪—૧—૧૭૬ એમાથી "**कुन्ती**" મળે છે

વળી "**वासुदेवाऽर्जुनाभ्यां वुन्।**" ૯–૩–૯૮ એટલે કે વાસુદેવ અને અર્જુન શબ્દ પછી છઠ્ઠીને અર્થે "**वुन्**" થાય છે.

વળી "**नभ्राण्नपान्नवेदानासत्यानमुचिनकुलनखनपुंसकनक्षत्रनक्रनाकेषु।**" ૬–૩–૭૫ આમાથી "નકુલ" મળી આવે છે.

"**द्रोणपर्वतजीवन्तादन्यतरस्याम्**" ૪–૧–૧૦૩.

આમાથી "**द्रोणायन**" શબ્દ જડે છે, જેથી "અશ્વત્થામા"

સિવાય બીજુ કાંઈ સમજાતુ નથી આ પ્રમાણે પાચે પાંડવોના નામ તેમ જ કુન્તી, દ્રોણ, અશ્વત્થામા વગેરેના નામ પણ પાણિનિના સૂત્રોમાથી મળી આવે છે તેથી એટલુ તો કહી શકાય કે પાણિનિના વખતમા પણ મહાભારત એ પાંડવોના ઇતિહાસ તરીકે લેખાતુ હતુ હવે પાણિનિ ક્યારે થઈ ગયો તે જોઇએ

ભારતદ્વેષી વેબરે પાણિનિને પણ હાલના સમયનો જ ઠેરવવાનો પ્રયત્ન કર્યો છે, પણ અહિ તે જ દલીલ કાંઈ ચાલી શકે તેમ નથી ગોલ્ડ્સ્ટકરે પોતે જ તેના સમયનો નિર્ણય કર્યો છે તે વિસ્તારથી અહિ જણાવવાનુ પ્રયોજન નથી તેણે એમ સિદ્ધ કર્યું છે, કે પાણિનિ બહુ જ પ્રાચીન સમયમા થઈ ગયો છે એથી વેબર સાહેબ બહુ કચવાયા છે વેબરે એ મતની સામે ઘણુ લખ્યુ છે, અને શરમ મૂકીને તે પોતાનો મત છે, એમ જાહેર કરે છે, છતા તેની વાત કોઈ કબૂલ કરતુ નથી

ગોલ્ડ્સ્ટકર કહે છે કે જ્યારે પાણિનિ થઈ ગયો ત્યારે બુદ્ધ* દેવનો આવિર્ભાવ પણ થયો નહતો, એટલે કે ઈ સ પૂર્વે છઠ્ઠી સદીના અરસામા એ થયો હોવો જોઇએ, પણ કેવળ તેમ પણ નથી. કારણ તે સમયે બ્રાહ્મણ. આરણ્યક, ઉપનિષદ્ વગેરે વેદાશ રચાયલા હતા નહિ ઋક્, યજુ, સામ, સહિતા સિવાય બીજુ કાંઈ જ હતુ નહિ આશ્વલાયન, સાંખ્યાયન વગેરેનો ઉદય જ થયો નહતો મેકસમ્યૂલરનુ કહેવુ છે કે બ્રાહ્મણ રચાવાનો સમય ઈ સ પૂર્વે હજાર વર્ષ પહેલાથી શરૂ થયો હશે ડા માર્ટિન હૉગ કહે છે કે તે વખત એ પૂરૂ રચાઈ ગયુ હશે, કારણ ઈ સ પૂર્વે ચૌદસે વર્ષ પહેલા તેનો આરભ થયલો, તેથી પાણિનિનો સમય ઇ સ પૂર્વે એક હજારથી અગીઆરસે વર્ષપરનો કહીએ તો તે ખોટુ કહેવાય નહિ

આ ઉપરથી એમ સાબિત થાય છે કે ઇ સ પૂર્વે હજાર વર્ષ પહેલા યુધિષ્ઠિર વગેરેના વૃત્તાન્તથી ભરેલો મહાભારત નામનો ગ્રથ લોકોના

* મહાભારતમા "બૌદ્ધ" શબ્દ વપરાયો છે ખરો, પરંતુ પાછળથી જે ભાગ તેમાં દાખલ થઈ ગયો છે, તેમાં એ શબ્દ વપરાયો છે, એવું અનાયાસે સિદ્ધ કરાય એમ છે.

જાણવામા હતો, અને તે એટલે દરજ્જે જાણીતો હતો કે પાણિનિને મહાભારત, યુધિષ્ઠિર વગેરેની વ્યુત્પત્તિ આપવી પડી, એટલુ જ નહિ પણ તે વખત પહેલા પણ ઘણા વર્ષ પર એ ગ્રંથ લખાયલો હોવો જોઇએ, કારણ "**वासुदेवार्ज्जुनाभ्यां वुन्**" એ સૂત્રમા "**वासुदेवक**" "**अर्ज्जुनक**" નો અર્થ એ જ થાય છે કે વાસુદેવનો ઉપાસક, અર્જુનને પૂજનાર. મતલબ કે પાણિનિના સૂત્ર લખાયા તે પહેલા પણ કૃષ્ણાર્જુન દેવતા તરીકે ગણાયલા આથી કરીને મહાભારતમા વર્ણવેલા યુદ્ધની પછી થોડે વખતે આદિ મહાભારત લખાયલુ, એ વાત આગળ કહી છે, તે ખોટી પાડવાનુ કાંઈ કારણ રહેતુ નથી.

વળી એટલુ જ નહિ પણ આશ્વલાયન અને સાંખ્યાયન ગૃહ્યસૂત્રમા પણ મહાભારતના પ્રસગ મળી આવે છે, તેથી મહાભારતની પ્રાચીનતા વિષે સવાલ ઉઠાવવાનો કોઇને બહુ અધિકાર રહ્યો નથી.

પ્રકરણ ૮ મુ

કૃષ્ણની ઐતિહાસિકતા

કૃષ્ણનુ નામ પાણિનિના કોઈ સૂત્રમા હોય કે ન હોય તે વિષે આપણને કઈ લેવા દેવા નથી * કારણ કે ઋગ્વેદ સહિતામા એ શબ્દ ઘણી વાર મળી આવે છે પહેલા મડળના ૧૧૬ મા સૂક્તની ૨૩મી ઋક્ તથા

---

* પાણિનિના આઠે અધ્યાય શોધતાં તેમા કૃષ્ણનું નામ જડતુ નથી પરંતુ પાણિનિના સમય પહેલા પણ એ શબ્દ વપરાશમા હતો તે વિષે કશો સંદેહ નથી. કારણ ઋગ્વેદ સહિતામા એ શબ્દ વારેવારે મળી આવે છે એ નામના વૈદિક ઋષિની કથા પણ પાછળ જણાવવામા આવશે તે સિવાય આઠમા મણ્ડલના ૯૬મા સૂક્તમા કૃષ્ણ નામના એક જ ગલી—અનાર્ય રાજાની વાત કહેલી છે તે અંશુમતી નદીને કિનારે રહેતો તેથી વાસુદેવ એટલે વસુદેવનો છોકરો કૃષ્ણ તો તે નહિ જ એ પણ નક્કી છે આથી વખતે પાણિનિના સૂત્રમાં કૃષ્ણ શબ્દ વપરાયશો માલમ પડી આવે તો તેથી કાંઈ વાસુદેવ કૃષ્ણની ઐતિહાસિકતા સાબિત થયલી ગણાય નહિ પરંતુ જો વાસુદેવ શબ્દ એકલો મળી આવે તો તે સાબિતી તરીકે ગણાય ખરો અને છે પણ તેમ જ.

૧૧૭ મા સૂક્તની ૭મી ઋક્માં કોઈએક કૃષ્ણનું નામ વપરાયલું છે. એ કૃષ્ણ કયો તે જાણી શકાતુ નથી, પણ ઘણુ કરીને તે વસુદેવનંદન કૃષ્ણ તો નથી જ વળી ઋગ્વેદ સહિતાના ઘણા સૂક્તોનો ઋષિ કોઈ એક કૃષ્ણ મળી આવે છે, તેની વાત પછી કહીશુ અથર્વવેદ–સહિતામા કૃષ્ણકેશી અસુરને સહારનારનુ નામ કૃષ્ણ કહેલુ છે, અને તે તો વસુદેવનન્દન કૃષ્ણ હોવા જ જોઈએ, એ નિસશય છે કેશીના સહાર વિષે પણ હવે પછી બોલીશુ

પાણિનિના જે સૂત્રમા વાસુદેવનુ નામ છે, તે આપણે ઉપર જોયુ છે. કૃષ્ણ મહાભારતમાં જ્યા ત્યા વાસુદેવને નામે ઓળખાય છે એ વસુદેવના પુત્ર હતા અને તેથી જ વાસુદેવ કહેવાતા હતા, એમ નહતુ તે આગળ ચાલતા સમજાવીશુ વસુદેવનો જે પુત્ર ન હોય તે પણ વાસુદેવ કહેવાય એ મહાભારતમા જ છે કે પુણ્ડ્રાધિપતિનુ નામ પણ વાસુદેવ હતુ

યૂરોપીઅનોનો એવો મત છે કે આદિ મહાભારતમા કૃષ્ણનું બિલ્કુલ નામ જ હતુ નહિ, તે પાછળથી તેમા દાખલ કરી દીધેલુ આમ કહેવાને તેઓ જે સઘળા કારણો બતાવે છે તે અત્યત નજીવા છે કોઈ કહે છે કે કૃષ્ણને મહાભારતમાથી તદ્દન જ કાઢી નાખીએ તો તેથી એ ગ્રથને કાઈ નુકસાન કે હાનિ થતી નથી હા, એક લેખે નથી થતી. ફ્રાન્સ અને જર્મનીને જે મોટી લઢાઈ થઈ હતી તેમાથી કાઉન્ટ મોલ્ટકીને લઈ લઈએ તો તેથી પણ એ લઢાઈના બનાવોને કોઈ રીતની હાનિ થતી નથી એથી ગ્રેવલોટ, વથ, મેટ્ઝ, સેડન, પારીસ વગેરે જગ્યાએ થયલી લઢાઈમા જર્મનોએ મેળવેલી ફત્તેહમા કોઈ રીતનુ કમીપણું થતુ નથી, કારણ એ સઘળામા મોલ્ટકીએ પોતાના હાથમા હથીઆર લઈ કાઈ કર્યું ન હતુ, સેનાપતિ તરીકેનુ તેનુ સઘળુ કામ તો તાર અને ટપાલ કરતા હતા મહાભારતમાથી કૃષ્ણને બાદ કરીએ તો તેટલી જ હાનિ થાય એ ઉપરાત વિશેષ થાય કે નહિ, તેનો તો આ ગ્રથ પૂરો વાચી વાચક પોતે જ વિચાર કરી શકશે

વ્હીલર સાહેબની આગળ ઓળખાણ આપી છે તે જોતા તેના મતનુ ખડન કરવાની જરૂર નથી. છતા તેનો મત પણ થોડો ઘણો

લોકોમા પ્રચાર પામ્યો છે, તેથી તે પણ તપાસીએ તેનુ કહેવુ એવુ છે કે દ્વારિકા હસ્તિનાપુરથી સાતસે કોશ દૂર હતુ અને તેથી જ કૃષ્ણની જોડેનો પાડવોનો જે ગાઢ સબધ મહાભારતમા વર્ણવ્યો છે તે સભવિત નથી. શા માટે સભવિત નથી તે કાઈ સમજી શકાતુ નથી, તેથી તેનો જવાબ પણ શી રીતે અપાય ? બગાળામા વસતા મુસલમાન રાજાઓ વગેરે જોડે દિલ્લીના મોગલ રાજાઓનો સબધ જેઓ ધ્યાનમા રાખી એ વાતનો વિચાર કરશે, તેઓ વ્હીલર સાહેબની આ ન સાભળવા જેવી વાતને ભાગ્યે જ કાઈ વજન આપશે.

ફ્રાન્સનો પ્રખ્યાત પડિત બુરનુફ એમ કહે છે કે બૌદ્ધ શાસ્ત્રમાં કૃષ્ણનુ નામ જડતુ નથી, અને તેથી એ શાસ્ત્રનો પ્રચાર થયા પછી કૃષ્ણની ઉપાસના શરૂ થઈ હોવી જોઈએ આ મત આપણે તપાસીએ. ખરૂ જોતા બૌદ્ધ ગ્રથ લલિતવિસ્તરમા કૃષ્ણનુ નામ છે. એ સાહિત્યમા સૂત્રપિટક ગ્રથ જૂનામા જૂનો છે, તેમા પણ કૃષ્ણનુ નામ છે તેમા કૃષ્ણને અસુર કહ્યો છે પરતુ નાસ્તિક અને હિન્દુ ધર્મવિરોધી બૌદ્ધો કૃષ્ણને રાક્ષસ કહે તેમા નવાઈ નથી વળી એ પણ યાદ રાખવાનુ છે કે વેદાદિ ગ્રથોમા ઇન્દ્ર વગેરે દેવતાઓને પણ કોઈ કોઈ વેળા અસુરો કહ્યા છે ધર્મનો મોટામા મોટો શત્રુ જે પ્રવૃત્તિ, તેને બૌદ્ધો "માર" કહે છે. કૃષ્ણે પ્રવર્તાવેલો અપૂર્વ નિષ્કામ ધર્મ, તેનાથી ઉદ્‌ભવેલા સનાતન ધર્મના અપૂર્વ સસ્કાર અને કૃષ્ણની પોતાની ઉપાસના, એ બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવામા મુખ્ય મુશ્કેલીઓ હતી, એ સદેહ રહિત છે, અને તેથી તેઓએ ખૂદ કૃષ્ણને જ ઘણી વેળાએ "માર" કહી ઓળખાવવા પ્રયત્ન કર્યો છે.

એ સઘળુ ગમે તેમ હોય, પણ છાંદોગ્ય ઉપનિષદ્‌મા એક કથા છે, તે અત્રે જણાવીએ છીએ

"अथैतद्घोर आङ्गिरसः कृष्णाय देवकीपुत्राय उक्त्वा उवाच। अपिपास एव स बभूव। सोऽन्तवेलायामेतत्त्रयं प्रतिपद्येत अक्षितमसि अच्युतमसि प्राणसंशितमसीति।"

એટલે—"આંગિરસ ગોત્રના ઘોર નામે ઋષિએ દેવકીપુત્ર

કૃષ્ણને એ (પુરૂષયજ્ઞવિદ્યા) સભળાવીને (જે સાંભળી કૃષ્ણને અન્ય વિદ્યા સાભળવાની તૃષ્ણા રહી નહિ તેને) કહ્યું–'તુ અક્ષિત એટલે ક્ષીણતા વિનાનો છે, અચ્યુત એટલે સ્વરૂપથી ભિન્ન નથી, અને પ્રાણસશિત એટલે સૂક્ષ્મ પ્રાણવાળો છે–એ ત્રણ મત્રનો જપ મરણ સમયે કરજે."

એ ઘોર ઋષિના પુત્ર તે કણ્વ (શકુતલાના પાલક નહિ, તે *કાશ્યપ, આ આંગિરસ) એ કણ્વ ઋગ્વેદના કેટલાક સૂક્તોના ઋષિ છે જેમકે, પહેલા મડળના ૩૬ થી ૪૩ સૂક્ત સુધીના કણ્વપુત્ર મેધાતિથિ એ મડળના ૧૨ થી ૨૩ સૂક્ત સુધી, અને તેના બીજા પુત્ર પ્રષ્કણ્વ ૪૪ થી ૫૦ સૂક્ત સુધીના ઋષિ છે હવે નિરૂક્તનો બનાવનાર યાસ્ક કહે છે કે "यस्य वाक्यं ऋषिः" એટલે કે ઋષિઓ એ સૂક્તોના બનાવનાર હો કિવા ન હો, પરતુ તેઓ તેના વક્તા તો ખરા જ, તેથી ઘોર અને તેના પુત્રપૌત્રો ઋગ્વેદના કેટલાક સૂક્તોના વક્તા તો ખરા જ, અને જો તેમ હોય તો ઘોર ઋષિના શિષ્ય કૃષ્ણ તે તેમના વખતમા થઈ ગયલા હોવા જ જોઈએ, એ નક્કી છે હવે પહેલા વેદના સૂક્તો થયલા, પછી વેદના વિભાગ થયલા, એ વાતની કોઈથી ના કહેવાય એમ નથી, અને તેથી વેદવિભાગકર્તા વેદવ્યાસના સમયમા થઈ ગયલો એક માણસ તે કૃષ્ણ, અને નહિ કે કોઈ કવિના મગજમાથી ઉત્પન્ન થયલી માત્ર કલ્પના, એ વાત આપણે કબૂલ રાખવી પડે છે

વળી ઋગ્વેદ સહિતાના આઠમા મડળના ૮૫–૮૬–૮૭મા સૂક્ત અને દશમા મડળના ૪૨–૪૩–૪૪મા સૂક્તના ઋષિ કૃષ્ણ એ કૃષ્ણ તે દેવકીનન્દન કૃષ્ણ કે નહિ તેનો નિર્ણય કરવો મુસ્કેલ છે પરતુ કૃષ્ણ માત્ર ક્ષત્રિય હતા અને તેથી આ સૂક્તોના ઋષિ હોઈ શકે નહિ, એમ કહેવાય નહિ કારણ ત્રસદસ્યુ, અ્યરૂણ, પુરૂમીઢ, અજમીઢ, સિધુદ્વીપ, સુદાસ, માન્ધાતા, શિબિ, પ્રતર્દન, કક્ષિવાન વગેરે રાજર્ષિઓ, જેઓ ક્ષત્રિય હતા તેઓ પણ ઋગ્વેદના સૂક્તોના ઋષિ તરીકે જ વર્ણવાયલા છે બેએક જગાએ તો શૂદ્રો પણ ઋષિ તરીકે ગણાયલા જણાય છે. કવષ નામના એક દશમા મડળમાના ઋષિ શૂદ્ર જાતિના હતા, તેથી ક્ષત્રિય કૃષ્ણ ઋષિ ક્ષત્રિય હોવા છતા કૃષ્ણ ઋષિ હોય એમા કંઈ વાંધા જેવુ નથી. પણ એક વાત એ છે કે ઋગ્વેદ સંહિતાની અનુ-

ક્રમણિકામા શૌનક અને કૃષ્ણને આંગિરસ ઋષિઓ કહ્યા છે

વેદનો સૌથી છેલ્લામા છેલ્લો ભાગ ઉપનિષદ્ છે, તેથી તેને વેદાત પણ કહે છે. વેદના જે ભાગને બ્રાહ્મણ કહે છે તે ઉપનિષદ્ કરતા વધારે જૂનો લાગે છે અને તેથી છાંદોગ્યોપનિષદ્ કરતા કૌષીતકિ બ્રાહ્મણ વધારે પ્રાચીન જણાય છે તેમા પણ એ જ આંગિરસ ઘોર ઋષિનુ નામ છે, અને તેની જોડે કૃષ્ણનુ પણ છે પરતુ ત્યા તેને દેવકીપુત્ર કહ્યા નથી, આંગિરસ કહ્યા છે પણ કેટલાએક ક્ષત્રિયોને પણ આંગિરસ કહેતા હતા એને વિષે વિષ્ણુપુરાણમા એક પ્રાચીન શ્લોક છે કે—

> एते क्षत्रप्रसूता वै पुनश्चांगिरसाः स्मृताः ।
> रथीतराणां प्रवराः क्षत्रोपेता द्विजातयः ॥
>
> ४ अंश. २, २

(એ ક્ષત્રિય વશમા જન્મેલા છતા આંગિરસ કહેવાતા હતા રથીતર વશના ઉત્તમ પુરુષો ક્ષત્રિય અશથી ઉપયુક્ત દ્વિજાતિ હતા)

૪ અશ, ૨, ૨

પરતુ એ રથીતર રાજા સૂર્યવશી હતો કૃષ્ણના મૂળ પુરુષ યદુ તે યયાતિનો પુત્ર અને તે ચન્દ્રવશી હતો આ વાત જો કે સઘળા પુરાણોમા છે, તો પણ હરિવશના વિષ્ણુપર્વમા કહ્યું છે કે મથુરાના યાદવો ઇક્ષ્વાકુના વશજો હતા

> एवं इक्ष्वाकुवंशाद्धि यदुवंशो विनिःसृतः ॥
>
> ९५ अध्याय, ५२९ श्लोक.

(આ પ્રમાણે ઇક્ષ્વાકુ વશમાથી પણ યદુ વશ નિકળેલો છે.)

૯૫મો અધ્યાય, શ્લોક ૫૨૯.

આ વાત સભવિત છે, કારણ રામાયણમા એમ છે કે ઇક્ષ્વાકુ વશના રામના ન્હાના ભાઈ શત્રુઘ્ને મથુરા જિતી લીધુ હતું. તે એમ તેમ હો, પરતુ આપણે "वासुदेवार्जुनाभ्यां वुन्" એ પાણિનિસૂત્રપરથી એટલુ તો કહી શકીએ છીએ કે કૃષ્ણ એટલા જૂના વખતમાં થઈ ગયલા કે ને સમયે પણ આર્ય લોકોમા પૂજાતા હતા. એટલુંએ ઘણુ છે.

પ્રકરણ ૯ મું

મહાભારતમાં ઉમેરો

ઉપર જે સઘળુ જણાવ્યુ છે તેની મતલબ એ છે કે મહાભારતમા તવારીખી સચ્ચાઈ છે, અને તેમા કૃષ્ણ અને પાંડવ સબધી ઐતિહાસિક વાતો મળી આવે છે પરતુ જોડે જોડે આપણે એ પણ જોવુ જોઈએ કે તેમા પાંડવ અને કૃષ્ણના સબધમા જે જે લખ્યુ છે તે બધુ સાચુ છે કે કેમ ?

સદરહુ બાબતો વિષે યુરોપીઅનો વિરુદ્ધ પડે છે, તેના કારણનુ મૂળ એ છે કે તેઓ એમ કહે છે કે પ્રાચીન કાળમા મહાભારત હતુ ખરૂ, પણ તે આ મહાભારત નહિ જો એનો અર્થ એવો થતો હોય કે હાલના મહાભારતમા મૂળ મહાભારતનો કાંઈજ અશ નથી, તો તે વાત આપણાથી કબૂલ રાખી શકાય તેવી નથી, અને તેથી જ પૂર્વે તે મતનુ ખડન કર્યું છે પરતુ જો તેમના કહેવાનો ભાવાર્થ એવો હોય કે એ પ્રાચીન મહાભારતમા કથાવાર્તા વગેરેનો એટલો ઉમેરો પાછળથી થઈ ગયો છે કે તેમા અસલ ગ્રથ ડૂબી ગયો છે, તો તે વાત આપણે માન્ય રાખી શકીએ ખરા

આગળ ઘણી વખત કહ્યુ છે કે બીજાત્રીજા લેખકોએ તેમાં ઉમેરો કરી અસલ મહાભારત ભરી નાખ્યુ છે, પરતુ જે કાંઈ તવારીખ તરીકે સચ્ચાઈ એ ગ્રથમા છે તે આદિ ગ્રથમા છે. માટે હાલના ગ્રથમા એ આદિ તત્ત્વ કેટલુ અને કયુ છે તે આપણે જોવુ જોઈએ, અને એ તત્ત્વમા જે કાંઈ કૃષ્ણ સબધમા જણાવવામા આવ્યુ હોય તેમા જ કાંઈ ઐતિહાસિક સત્ય હોઈ શકે અને તેમા જો કાંઈ ન હોય અને બીજા પુસ્તકમા હોય, તો તે વાત બહુ કીમતી ગણાય નહિ, કારણ તે સર્વે ગ્રંથોમા પ્રાચીન ગ્રથ મહાભારતનો જ છે.

આપણા દેશના કેટલાક અસલી વિચારના માણસો કહે છે કે મહાભારતમાં પાછળથી ઉમેરા થયો છે, તેની સાબિતી શી ? આ પ્રકરણમા તે સાબિતીઓનો આપણે વિચાર કરીશુ

આદિ પર્વના બીજા અધ્યાયનુ નામ પર્વસગ્રહાધ્યાય છે મહાભારતમા જે જે બાબતોનુ ધ્યાન કરવામા આવ્યુ છે અથવા જેને વિષે લખવામા આવ્યું છે તે સઘળાનો ટૂકામા ઇશારો એ અધ્યાયમા કરેલો છે તેને મહાભારતનુ સૂચીપત્ર અથવા અનુક્રમણિકા (Table of Contents) કહીએ તો ચાલે. ન્હાનામા ન્હાના વિષયની પણ એમા ગણત્રિ થયલી છે, માટે જો કોઈ મોટો મહત્વવાળો વિષય એમા ગણાયા વગરનો રહી ગયલો માલમ પડે તો તે પાછળથી વધારાયલો એમ કહી શકાય. દાખલા તરીકે અશ્વમેધપર્વમા અનુગીતા અને બ્રાહ્મણગીતા પર્વાધ્યાય છે એ બને ઘણી મહત્વની બાબતો છે, કારણ તેમાં છત્રીસ અધ્યાય ગયા છે, પરતુ પર્વસગ્રહાધ્યાયમા તેને માટે જરા પણ ઇશારો નથી, માટે એવુ કહી શકાય કે અનુગીતા અને બ્રાહ્મણગીતા એ બને મૂળ ગ્રથમા નહતા

વળી બીજી, અનુક્રમણિકાધ્યાયમા કહ્યુ છે કે મહાભારતમા એક લાખ શ્લોક છે, તેમ કયા પર્વમા કેટલા શ્લોક છે તે પર્વસગ્રહાધ્યાયમા જણાવેલુ છે

આદિ	૮,૮૮૪	ભીષ્મ	૫,૮૮૪	સ્ત્રી	૭૭૫	મૌસલ	૩૨૦
સભા.	૨,૫૧૧	દ્રોણ.	૮,૯૦૯	શાન્તિ	૧૪,૭૩૨	મહાપ્રસ્થાનિક	૩૨૦
વન	૧૧,૬૬૪	કર્ણ.	૪,૯૬૪	અનુશાસન.	૮ ०००	સ્વર્ગારોહણ.	૨૦૯
વિરાટ.	૨,૦૫૦	શલ્ય	૩,૨૨૦	આશ્વમેધિક.	૩,૩૨૦		
ઉદ્યોગ.	૬,૬૯૮	સૌપ્તિક.	૮૭૦	આશ્રમવાસિક	૧,૫૦૬		

આનો સરવાળો ૮૪,૮૩૬ થાય, લાખ શ્લોકનો થતો નથી, માટે બાકી પુરી કરી આપવા સારૂ પર્વાધ્યાયસગ્રહકાર જણાવે છે કે—

अष्टादशैवमुक्तानि पर्व्वाण्येतान्यशेषतः
खिलेषु हरिवंशे च भविष्यं च प्रकीर्त्तितम्
दशश्लोकसहस्राणि विंशश्लोकशतानि च
खिलेषु हरिवंशे च संख्यातानि महर्षिणा.

"એ રીતે અઢાર પર્વ વિસ્તારપૂર્વક થયા, ત્યાર પછી હરિવંશ ને ભવિષ્ય પર્વ થયા, અને મહર્ષિએ હરિવંશના શ્લોકની ગણત્રિ બાર હજારની કરી છે."

પર્વસંગ્રહ અધ્યાયમા આ સિવાય હરિવંશને લગતુ બીજુ કાંઈ જ નથી એ પ્રમાણે ગણુતા ૯૬,૮૩૬ શ્લોક થાય છે. હાલના મહાભારતમાં નીચે મુજબ સંખ્યા મળી આવે છે

આદિ.	૮,૪૭૯	ભીષ્મ	૫,૮૫૬	સ્ત્રી	૮,૨૭ાા	મૌસલ	૨૯૨
સભા	૨,૭૦૯	દ્રોણ	૯,૬૪૯	શાન્તિ	૧૩,૯૪૩	મહાપ્રસ્થાનિક	૧૦૯
વન	૧૭,૪૭૮	કર્ણ	૫,૦૪૬	અનુશાસન	૭,૭૯૬	સ્વર્ગારોહણ	૩૬૨
વિરાટ	૨,૩૭૬	શલ્ય	૩,૬૭૧	આશ્વમેધિક	૨,૯૦૦	ખિલહરિવંશ	
ઉદ્યોગ	,૭,૬૫૬ાા	સૌપ્તિક	૮૧૧	આશ્રમવાસિક	૧,૧૦૫		૧૬,૩૭૪

જુમલે ૧,૦૭,૩૯૦. આ ઉપરથી દેખાય છે કે પહેલા મહાભારતમા કદિ પણ લાખ શ્લોક હતા જ નહિ પર્વસંગ્રહમા હરિવંશની સખ્યા ઉમેરતા પણ તે ઉપરાત લગભગ અગિયાર હજાર શ્લોકની સખ્યા વધી ગઈ છે, એટલે કે તેટલો ભાગ પાછળથી ઉમેરાયો છે

ત્રીજી—એવી જ રીતે અનુક્રમણિકાધ્યાયપરથી શ્લોકની સખ્યાનો ઘટાડો વધારો પકડાઈ આવે છે એ અધ્યાયના ૧૦૨મા શ્લોકમા કહ્યુ છે કે વ્યાસદેવે દોઢસો શ્લોકવાળી અનુક્રમણિકા લખી છે

ततोऽध्यर्द्धशत भूयः संक्षेपं कृतवानृषिः
अनुक्रमणिकाध्यायं वृत्तान्तानां सपर्व्वणाम् ॥

હાલના મહાભારતના એ જ અધ્યાયમા ૨૭૨ શ્લોક જોવામા આવે છે એટલે કે પર્વસગ્રહાધ્યાય લખાયા પછી એ અનુક્રમણિકામા ૧૨૨ શ્લોક વધારાના મળી આવે છે

ચોથી—પર્વસગ્રહાધ્યાયમા ૮૪, ૮૩૬ શ્લોકની સખ્યા લખી છે. પરતુ સહજ વિચાર કરતા માલમ પડશે કે એ અધ્યાય આદિ મહાભારત લખનારનો રચેલો નહિ તેમ જ એ ગ્રથ રચાતી વખત તેમા લખાયલો પણ નહિ. મહાભારતમા જ કહ્યુ છે કે વૈશપાયને જનમેજય

આગળ તે કહી સભળાવેલુ, તે ઉગ્રશ્રવાએ નૈમિષ્યારણ્યમા શૌનકાદિ ઋષિઓને કહેલુ, પણ પર્વાધ્યાયસગ્રહકાર એ સગ્રહ ઉગ્રશ્રવાએ કહી સભળાવ્યો હોય તેમ લખે છે, તેથી વૈશપાયનના એ વચન નહિ, માટે એ ભાગ આદિ એટલે વૈશપાયનના મહાભારતનો પણ નહિ અનુક્રમણિકાધ્યાયમા જ છે કે, ભારતનો આરભ કોઈ પહેલેથી, કોઈ આસ્તિકપર્વથી, તો કોઈ ઉપરિચર રાજાના આખ્યાનથી ગણે છે. માટે જ્યારે ઉગ્રશ્રવા એ ગ્રથ ઋષિઓને સભળાવતા હતા ત્યારે પણ પર્વસગ્રહાધ્યાય તો શુ પણ પહેલા ૬૨* અધ્યાય સુદ્ધા તેમા નહિ હોય, અને તે સઘળા જ પાછળથી ઉમેરાયલા છે એવી માન્યતા હતી એ અધ્યાય જોતા જ એવો વિચાર આવે છે કે ભવિષ્યમા ધીમે ધીમે મહાભારતમા ઘણો ભાગ ઉમેરાતો જશે, એમ ધારી તેનો અટકાવ કરવા માટે જ અનુક્રમણિકાધ્યાયના પછી કોઇએ પર્વસગ્રહાધ્યાય રચી કાઢયો છે, અને તેથી એવુ અનુમાન પણ થઈ શકે છે કે પર્વસગ્રહાધ્યાય રચાયા પહેલા પણ મહાભારતમા નવી વાતો દાખલ થઈ ચૂકેલી

પાચમી–વળી એ જ અનુક્રમણિકાધ્યાયમા કહેલુ છે કે મહાભારતમા ઉપાખ્યાનો છોડી દેતા પહેલા ૨૪,૦૦૦ શ્લોક રચાયલા અને એ શ્લોક વેદવ્યાસે પોતાના પુત્ર શુકદેવને શીખવેલા

चतुर्विंशतिसाहस्रीं चक्रे भारतसंहिताम् ।

વગેરે આદિપર્વ. ૧૦૧–૧૦૩.

"પ્રથમ આ ભારત રૂપી સહિતા વ્યાસજીએ ચોવીશ હજાર શ્લોકોની કરી એમા ઉપાખ્યાનો ન હતા અને એને વિદ્વાનો ભારત કહેતા. વળી પર્વ સહિત વૃત્તાન્તોની અનુક્રમણિકા વાસ્તે દોઢસો શ્લોક બીજા કર્યા એવી રીતે એ ભારતની રચના કરીને વ્યાસજીએ પહેલા પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યુ, ને પછી તેમના જેવા બીજા કેટલાક યોગ્ય શિષ્યોને પણ શીખવ્યુ"

વૈશપાયન શુકદેવ પાસે મહાભારત શીખેલા, તેથી જનમેજયની પાસે પણ એ જ ચોવીશ હજાર શ્લોકવાળા મહાભારતની જ કથા થયલી,

* અનુક્રમણિકાધ્યાયના ૧૫૦ શ્લોક બાદ કરતા.

માટે આદિ મહાભારતના શ્લોકની સંખ્યા એટલી જ હતી એમ કહેવાય. પછી તેમા ઘણી જાતના લેખકોની કૃતિ વડે ઉમેરો થતા થતા આજ તેનુ કદ અસલના કરતા ચાર ગણુ વધી ગયુ છે એ ખરૂ છે કે અનુક્રમણિકામા એમ કહેલુ છે કે ત્યાર પછી વેદવ્યાસે સાઠ લાખ શ્લોકવાળુ એક મહાભારત રચેલુ, જેમાનો કેટલોક ભાગ દેવલોકમા, કેટલોક પિતૃલોકમા, કેટલોક ગંધર્વલોકમા અને માત્ર એક લાખ શ્લોક જેટલો ભાગ મનુષ્ય લોકમા વચાય છે આવી અસ્વાભાવિક વાત આદિ અસલ-અનુક્રમણિકાધ્યાયમા પાછળથી દાખલ થઈ ગયલી છે, એમા કોઈ રીતનો શક નથી દેવલોક કે બીજા કોઈ લોકમા મહાભારત વચાય છે કે વેદવ્યાસ અગર કોઈ બીજાએ સાઠ લાખ શ્લોકનુ મહાભારત બનાવ્યુ, એ વાત સહજ મનાય તેવી નથી આપણે આગળ જ જોઈ ગયા કે ૨૭૨ શ્લોકવાળી ઉપક્રમણિકામા ૧૨૨ શ્લોક નવા છે, તેવી જ રીતે ઉપરની સાઠ લાખ શ્લોકની અને એક લાખ શ્લોકની-એ વાતો પણ તેમા નવી દાખલ કરી દીધેલી, તેમા જરાએ સંશય નથી.

પ્રકરણ ૧૦ મું

ઉમેરો શોધી કાઢવાનાં ધોરણ

ઉપર જણાવ્યુ છે કે અસલ મહાભારતમા ઉમેરો તો ઘણો થયલો છે તે નિસંદેહ છે, હવે તેમાનો કયો ભાગ અસલ અને કયો નહિ, તે શોધી કાઢવાનુ કાંઈ સાધન છે કે નહિ' તે આપણે જોઇશુ.

આપણી જીદગીમા જે જે સઘળા કામો આપણે કરીએ છીએ, તે સઘળા કેટલાક પ્રમાણોને આધારે પુરવાર કહી શકાય છે. બાકી જેમ જેમ તે કામના વિષય જૂદા જૂદા, તેમ તેમ તે સબંધમા વધારે યા ઓછા બળવાળા પ્રમાણોની જરૂર રહે છે, જે પ્રમાણોપર આધાર રાખી આપણે આપણા હમ્મેશના કામકાજના સબંધમા ખરાખોટાપણાનો વિચાર કરીએ છીએ, તેના કરતા વધારે મજબૂત પ્રમાણો, વધારે વિશ્વાસ લાયક સાબિતી વગર અદાલતનો મુકદમો ચૂકી શકતો નથી અને જે

સાબિતીઓપર આધાર રાખી ન્યાયાધીશ વગર અડચણે ચૂકાદો આપી શકે છે, તેના કરતા વધારે બળવાન પ્રમાણો વિના વૈજ્ઞાનિક વિજ્ઞાન શાસ્ત્રનો કોઈ સિદ્ધાંત સાબિત કરી શકાતો નથી આ સબબને લીધે વિષયના ભેદ પ્રમાણે જૂદા જૂદા પ્રમાણશાસ્ત્ર રચાયા છે જેમકે અદાલતના મુકદમા સબંધે Law of Evidence શાહેદી પુરાવાનો કાયદો, વિજ્ઞાનને માટે અનુમાનતત્ત્વ (Logic યા Inductive Philosophy), અને ઇતિહાસનુ તત્ત્વ નક્કી કરવા માટે એવુ જ એક પ્રમાણશાસ્ત્ર રચાયલું છે, અને તેને માટે કેટલાએક નિયમો પણ સસ્થાપિત થયેલા છે, આપણે પણ મહાભારતમાનુ તે તત્ત્વ નક્કી કરવા માટે નીચેના નિયમો ઘડી કાઢીશુ –

જેમકે (૧) પૂર્વસગ્રહાધ્યાયને માટે આગળ જે વિવેચન કરેલુ છે તે વાચકને યાદ હશે, તેથી જે બાબતનો એ અધ્યાયમા ઇશારો પણ કરેલો ન હોય તે બાબત નક્કી નવી ઉમેરેલી, એટલી તો વગર સદેહની વાત, એ આપણો પહેલો નિયમ

(૨) અનુક્રમણિકાધ્યાયમા જણાવ્યુ છે કે વ્યાસદેવ અથવા જે કોઈ મહાભારતનો બનાવનાર હોય તેણે એ મહાભારત રચી દોઢસો શ્લોકવાળી એક અનુક્રમણિકામા આખા ભારતનો સાર સમાવ્યો, એ અધ્યાયના ૯૩ થી ૨૫૧ શ્લોક સુધીમા એ સાર વર્ણવ્યો છે જો કે આ સખ્યામા દોઢસો કરતા નવ શ્લોક વધારે છે. પણ તે શ્લોક છોડી દઇએ તોયે ચાલે. એમ પણ બની શકે કે એમા જ નવ શ્લોક નવા ઉમેરાયલા ગણાય. છતા એ વધારો અદર ગણતા પણ આ ૧૫૯ શ્લોકોમા વર્ણવેલા પ્રસગો સિવાયની બીજી જે બાબત મહાભારતમાથી મળી આવે તે નવી રચાયલી ગણાય ખરી

(૩) જે પરસ્પર વિરોધી વૃત્તાન્ત હોય તેમાનુ એક અવશ્ય જ નવુ ઉમેરેલુ હોવુ જોઇએ. વળી કોઈ વાત બે વાર અથવા ત્રણ ત્રણ વાર કહેવાયલી હોય, તેમા બીજી વખત કહેલુ તે પહેલી વખતના કહેવાથી જૂદુ અથવા તો ઉલટુ હોય, તો તેમાથી એક વાત તો ખચિત જ નવી ઉમેરેલી હોવી જોઇએ. કારણ કે કોઈ પણ અક્કલમદ લેખક

નિરર્થક એક વાત ફરી ફરીને લખે નહિ, અને વળી તેમ કરતાં પોતે પહેલા કહ્યુ હોય તેના કરતા કાંઈ જૂદુ અથવા ઉલટુ કહે નહિ, ભૂલ-ચૂક અથવા બીજા કોઈ એવા જ કારણને લીધે પુનરુક્તિ યા આત્મવિ-રોધ થાય તો તે જૂદી વાત છે, તે અનાયાસે જણાઈ આવે છે.

(૪) સારા લેખકો તથા કવિઓની શૈલિના કેટલાક ખાસ લક્ષણ હોય છે મહાભારતમા પણ કેટલીક એવી નિશાનીઓ છે કે જે જોતા તેના અસલપણા વિષે કાંઈ જ શક રહે નહિ, કારણ તે જો બાદ કરીએ તો મહાભારતનુ મહાભારતપણુ જ જતુ રહે છે હવે ઉપર કહેલી શૈલીના લક્ષણ જ્યા જ્યા મળે છે ત્યા ત્યા સઘળે એક જ પ્રકારના હોય છે, માટે કોઈ ભાગની રચના એવી જણાય કે જેમા એ લક્ષણો મળી ન આવે અથવા તે હોય તો પણ એવા રૂપમા કે આગળ તેવા જ લક્ષણ આવી ગયા હોય તેની જોડે બરાબર બેસતા ન આવે તો તે પાછલા લક્ષણવાળો સઘળો ભાગ નવો ઉમેરેલો ગણી શકાય

(૫) મહાભારત રચનાર કવિ એક શ્રેષ્ઠ કવિ હતો અને એવા કવિઓના રચેલા ચરિત્રો સર્વાંશે એક બીજાની જોડે બરાબર બેસતાં આવે છે તેમા જો કોઈ જગાએ ફેરફાર જોવામા આવે તો તે ભાગ નવો ઉમેરેલો સમજવો જેમકે, ધારો કે કોઈ મહાભારતની હાથે લખેલી નકલમા કોઈ જગાએ ભીષ્મને વ્યભિચારી યા ભીમને બ્હીકણ કહેલો જણાય, તો તે વાત નવી ઉમેરેલી ગણવાને કોઈ રીતનો બાધ આવે નહિ.

(૬) જે બાબત અપ્રાસગિક હોય તે નવી પણ હોય અથવા તેમ ન પણ હોય, પરતુ તેવા અપ્રાસગિક વિષયમા જો ઉપર કહેલા પાચ લક્ષણમાનુ એક પણ હોય તો તે જરૂર નવો જ સમજવો

(૭) બે બાબતો જૂદી જૂદી રીતે કહેલી હોય તેમાની એક ત્રીજા નિયમ પ્રમાણે નવી ઉમેરેલી જણાય તો તે બેમાથી જેને બીજો કોઈ નિયમ લાગુ પડતો હોય તેને જ નવી ઉમેરાયલી ગણી રદ કરવી.

આ સઘળા નિયમોનો વિશેષ ખુલાસો આગલા પ્રકરણમા કર્યો છે.

પ્રકરણ ૧૧ મું

શોધનું પરિણામ શું ?

જો મહાભારત ઘણી વખત વાચવામા આવે અને ઉપર જણાવેલા નિયમો વડે તેનું અવલોકન કરવામા આવે, તો વાચકને એટલુ તો માલુમ પડશે કે એ આખો ગ્રંથ ત્રણ જૂદા જૂદા થરનો બનેલો છે. પહેલો થર માત્ર હાડપિંજર કહીએ તો ચાલે, તેમા પાંડવોની જીવનકથા તથા તેને લગતી થોડી કૃષ્ણ સબધી વાત એ સિવાય બીજુ કાંઈ નથી. અને તે પણ બહુ ટૂંકાણમા છે—તે ઉપરથી એમ લાગે છે કે ચોવીસ હજાર શ્લોકવાળી ભારતસહિતા તે એ જ હોવી જોઇએ જે બીજો થર તેનાપર ગોઠવાયો છે તેનું લક્ષણ પહેલાના કરતા જૂદુ છે; પરતુ તે થરવાળા ભાગમા પહેલેથી તે છેલ્લે સુધી તે જ લક્ષણ જોવામા આવે છે મહાભારતના કેટલાક ભાગની રચના, વાચકને ખબર હશે કે ઘણી ઉદાર, વિકૃતિશૂન્ય, અને અતિ ઉત્તમ પ્રકારના કવિત્વથી ભરપૂર છે, તો બીજા કેટલાક ભાગની રચના અનુદાર (સાકડા વલણની) પરતુ પરમાર્થના દાર્શનિક તત્ત્વ જોડે ઘણો ગાઢ સબધ રાખનારી છે, અને તેથી કરીને તેમાંનો કવિતાનો ભાગ કઈક વિકૃતિથી ભરેલો છે. તેમા કવિત્વ નથી એમ નહિ, પરતુ તે કવિત્વનો મોટો ભાગ ન બને તેવા બનાવો બનાવવાની હિકમતથી અને તેને અંગે વાતો જોડી કાઢવાની ચતુરાઈથી ભરપૂર દેખાઈ આવે છે પહેલા થરમા જે વિશેષ લક્ષણ દેખાઈ આવે છે, તે ઉપરથી તે આખો ભાગ એક જ માણસે રચેલો હોવો જોઇએ. બીજા થરના લક્ષણ જોતા તેને માટે પણ એવો જ વિચાર આવે છે કે તે બીજા કોઈ શખસનો રચેલો હોવો જોઇએ પહેલો થર પ્રથમ અથવા આદિ અને બીજો થર પછીથી રચાઈ તેનાપર ગોઠવાયો હશે એમ લાગે છે કારણ જો પહેલો થર ઉઠાવી લઇએ તો અવશેષે કાંઈ જ રહેતું નથી, મહાભારતનુ અસ્તિત્વ જ નાશ પામી જાય છે. જે રહે છે તે માત્ર હાડપિંજર વગરના માંસના પિંડના જેવે બન્ધનશૂન્ય અને પ્રયોજનશૂન્ય નિરર્થક ભાગ રહે છે, પરતુ બીજા થર-

વાળો ભાગ જો કાઢી લઇએ તો તેથી મહાભારતને કાંઈ હાનિ થતી નથી માત્ર કેટલાક વિના પ્રયોજન દાખલ થયલા અલકાર નીકળી જાય છે, અને પાંડવોનુ જીવનવૃત્તાન્ત અખડ રહે છે. આ સિવાય એ બે થરમા એક બીજો પણ મોટો તફાવત છે પ્રથમ ભાગમા કૃષ્ણને વિષ્ણુના અથવા ઇશ્વરના અવતાર તરીકે ઓળખાવવામા આવતા નથી, તેમ હુ દેવ છુ એમ પોતે કહેતા પણ નથી, તેમ કઈ પણ કામ તેમણે માનુષી શક્તિથી નહિ પણ દૈવી શક્તિથી કર્યું છે એમ પણ તેમા નથી તે કૃષ્ણ બીજા ભાગમા ખુલ્લી રીતે વિષ્ણુના અવતાર અથવા નારાયણ તરીકે ઓળખાય અને પૂજાય છે, પોતે જ પોતાનુ ઇશ્વરત્વ કહી બતાવે છે અને કવિ પણ તેમનુ ઇશ્વરત્વ બતાવવા ખાસ યત્ન કરે છે.

આ બે સિવાય મહાભારતમા વળી એક થર છે, તેને આપણે ત્રીજો થર કહીશુ

ત્રીજા થરમા ઘણા સૈકાઓની મહેનતનો સમાવેશ થયલો છે જે કોઇએ કાંઈ લખ્યુ ને તેના મનમા સારૂ લાગ્યુ તે તેણે મહાભારતમા ભેળવી દીધુ એવુ બન્યુ છે, તેનુ કારણ એ કે મહાભારત પાચમો વેદ કહેવાય છે, અને તેમ હોવામા મોટુ તાત્પર્ય રહેલુ છે, કારણ ચારે વેદ વાચવા યા સાભળવાનો સ્ત્રી કે શુદ્રોને અધિકાર નહતો હવે તે વર્ગને એટલે સાધારણ વર્ગને કેળવણી શી રીતે આપવી એ–(Mass Education ના)–વિષય પર તર્કવિતર્ક આજ અગ્રેજના રાજ્યમા જ નવા થાય છે એમ નથી પ્રાચીન ભરતખડના ઋષિઓ અલૌકિક જ્ઞાનવાળા અને અસાધારણ બુદ્ધિશાળી હતા, તેઓ પણ જાણતા હતા કે વિદ્યા અને જ્ઞાન સપાદન કરવાનો સ્ત્રી તેમ જ સાધારણ વર્ગોને ઉચ્ચ પક્તિના વર્ગ જેટલો જ અધિકાર છે તેઓને ખબર હતી કે સાધારણ તેમ જ હલકા વર્ગો કેળવણી પામ્યા સિવાય સમાજની ઉન્નતિ થતી નથી પરતુ હાલના હિન્દુઓની માફક તેમના પ્રતિભાશાલી પૂર્વજોની તેઓ અવગણના કરતા નહતા તેઓ ભૂતકાળનો વર્તમાનકાળ જોડેનો સબધ તોડતા બહુ ડરતા હતા તેમના પૂર્વજો કહી ગયા હતા કે વેદ ભણવા માટે સ્ત્રી તથા શૂદ્રને અધિકાર નથી, તેથી તેઓએ ધાર્યું કે ભલે, એ

વાત કબૂલ રાખવી. પણ તેઓએ વિચાર કર્યો કે જે જે તેમને શીખવવાનું છે, તે, અગર જો કે સ્ત્રી તથા શૂદ્ર વેદનું અધ્યયન ન કરે તોપણ તેમને એક જ જગામાંથી મળી આવે એવું બને તો પૂર્વજોનું વેણ કબૂલ રહે અને તેમની મતલબ પાર પડે વળી બધાને જ ગમે તેવી રીતે જો એવી કેળવણીના સાધન મળે તો તે રીતનું શિક્ષણ સૌને આદરણીય પણ થઈ પડે. હવે ત્રણ થરવાળું મહાભારત જે હાલમાં આપણે વાંચીએ છીએ તે એ બ્રાહ્મણોનું સાધારણ લોકોને શિક્ષણ આપવાના ઉદ્દેશથી રચેલું અક્ષયકીર્તિવાળું સાધન*, પરંતુ એ જ સબબને લીધે સારી માઠી બધી વાતો એમાં દાખલ થઈ ગઈ છે. શાન્તિપર્વ અને અનુશાસનપર્વનો ઘણો ભાગ, ભીષ્મપર્વનો શ્રીમદ્ભગવદ્ગીતાપર્વાધ્યાય, વનપર્વનો માર્કણ્ડેય સમસ્યાપર્વાધ્યાય, ઉદ્યોગપર્વનો પ્રજાગરપર્વાધ્યાય, એ સઘળું આ સમયમાં રચાયલું લાગે છે. કથાન્તરે આદિપર્વમાં શકુંતલાની કથા પહેલાંનો જે ભાગ છે તે, વનપર્વનો તીર્થયાત્રાપર્વાધ્યાય ઇત્યાદિ અપકૃષ્ટ ઉતરતી પંક્તિના ભાગ પણ એ જ વખતમાં દાખલ થઈ ગયેલા

એ ત્રણ થરમાંનો નીચેનો થર તે જ પ્રાચીન, અને એટલા માટે જ એ પહેલો ભાગ તે મહાભારતનું ખરેખરૂં મૂળ સમજવું, જે ત્યાં ન હોય તે માત્ર કવિના મગજની કલ્પના, અને ઐતિહાસિક વૃત્તાન્ત નહિ, એવું ગણી તેને છોડી દેવું જ યોગ્ય છે

---

* स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा।
कर्मश्रेयसि मूढानां श्रेय एवं भवेदिह ।
इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ॥
श्रीमद्भागवत १ स्क. ४ अ. २५

પ્રકરણ ૧૨ મું

અનૈસર્ગિક વા અતિપ્રકૃત

અત્યાર સુધી કરેલા વિવેચનની ટૂંકાણમા મતલબ એ છે કે જે જે ગ્રંથોમા કૃષ્ણના સબધમા કથા લખેલી છે તેમા સૌથી જૂનો મહાભારતનો ગ્રથ છે, હાલ જે મહાભારત આપણે વાચીએ છીએ તેના બરાબર ત્રણ ભાગ નવા એટલે પાછળથી ઉમેરાયલા છે, અને એક જ ભાગ માત્ર અસલ છે, અને તેમા જ કાઈક ઐતિહાસિકતા છે. પરતુ તે કેટલે દરજ્જે છે, તે એક સવાલ છે.

એ સવાલના જવાબમા કેટલાએક એમ કહે છે કે એનો વિચાર કરવાની જરૂર જ નથી, કારણ મહાભારત વ્યાસદેવે જ બનાવ્યુ છે, અને તેમા વર્ણવેલા યુદ્ધવખતે વ્યાસદેવ થઈ ગયલા, તેથી તેણે તેમાં પોતાના જ વખતનો ઇતિહાસ—Contemporary History—લખ્યો છે અને તેથી તેના અસલ અથવા મૂળ ભાગપર વિશ્વાસ નહિ રાખવાનુ કાઈ કારણ નથી

હવે હાલ જે ગ્રથ પ્રચલિત છે તેને સમસામયિક–વ્યાસદેવના પોતાના વખતનો ઈતિહાસ—ગ્રથ બરોબર રીતે કહી શકાય નહિ. આદિ મહાભારત તેનુ રચેલુ હોઈ શકે ખરૂં, પરતુ હાલ આપણી પાસે તે ગ્રથ છે ખરો? એમા નવો ઉમેરેલો ભાગ બાદ કર્યા પછી પણ જે રહે તે વ્યાસદેવનો રચેલો ભાગ કહી શકાય ખરો? હાલનુ મહાભારત ઉગ્રશ્રવા સૌતિએ નૈમિષારણ્યમા શૌનકાદિ ઋષિઓને કહી સભળાવેલુ, કારણ તે કહે છે કે જનમેજયના સર્પયજ્ઞમા વૈશપાયન પાસે મે જે ભારત સાભળેલુ તે હુ ઋષિઓને સભળાવીશ. એક જગ્યાએ એમ પણ જણાવેલુ છે કે વૈશપાયનવાળી સહિતા ઉગ્રશ્રવા સૌતિ પોતાના પિતા પાસે શીખેલા. હવે વ્યાસના જન્મવૃત્તાન્ત પછી ૬૩મા અધ્યાયમા વૈશપાયન જ કહે છે કે—

> वेदानध्यापयामास महाभारतपञ्चमान् ।
> सुमन्तुं जैमिनिं पैलं शुकञ्चैव स्वमात्मजम् ॥

प्रभुर्वरिष्ठो वरदो वैशंपायनमेव च ॥
संहितास्तैः पृथक्त्वेन भारतस्य प्रकाशिताः ॥

आदिपर्व, ६३ अ. ९५–९६.

વ્યાસદેવે ચાર વેદ અને પાંચમો વેદ મહાભારત તે સુમન્તુ, જૈમિનિ, પૈલ, પોતાના પુત્ર શુક અને વૈશંપાયનને શિખવ્યા. તેઓએ દરેકે જૂદી જૂદી ભારતસંહિતા રચી પ્રસિદ્ધ કરી*.

આને લીધે પ્રચલિત મહાભારત તે વૈશંપાયનની રચેલી ભારતસંહિતા હોવી જોઇએ અને તે જનમેજયની સભામાં પહેલવહેલી વંચાયલી. એ જનમેજય પાંડવોનો પ્રપૌત્ર થતો હતો.

એ તો ગમે તેમ હો, પણ આપણને હાલનું મહાભારત વૈશંપાયન પાસેથી પણ મળ્યું નથી. ઉગ્રશ્રવા કહે છે કે મને તે વૈશંપાયન પાસેથી મળ્યું અથવા તો તેના પિતાને તે વૈશંપાયન પાસેથી મળ્યું અને તેને પોતાને તેના પિતા પાસેથી મળ્યું. ઉગ્રશ્રવા કહે છે તે વાત એક બીજા માણસ પાસેથી મળી આવે છે. તે જ માણસ હાલના મહાભારતના પ્રથમ અધ્યાયનો બનાવનારો, અને મહાભારતમાં ઘણે ઠેકાણે તે જ પોતે બોલતો હોય એમ લાગે છે.

તે કહે છે કે નૈમિષારણ્યમાં શૌનકાદિ ઋષિઓ બેઠા હતા ત્યાં ઉગ્રશ્રવા આવ્યા, ત્યાં તેમની જોડે ભારત તથા બીજા વિષયો સબંધમાં ઉગ્રશ્રવાને જે જે વાતચિત થઈ તે હું કહી બતાવું છું.

એથી એટલું નક્કી થાય છે કે (૧) હાલનું મહાભારત તે અસલ વ્યાસનો બનાવેલો ગ્રંથ નહિ, (૨) તે વૈશંપાયનસંહિતા તરીકે ઓળખાય છે, પરંતુ તે ખરેખરી તે જ સંહિતા છે કે નહિ તે પણ નક્કી

* જૈમિનિભારતનું નામ સાંભળવામાં આવ્યું છે. તેમાંનું અશ્વમેધ પર્વ વેબરે (Weber) જોયલું. તે સિવાય બીજો બધો ભાગ નાશ પામ્યો છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં છે કે “सुमन्तुजैमिनिवैशम्पायनपैल-सूत्रभारतमहाभारत–धर्म्माचार्याः ।” તેમ હોય તો સુમન્તુ સૂત્ર રચનાર, જૈમિનિ ભારત રચનાર, વૈશંપાયન મહાભારત રચનાર અને પૈલ ધર્મશાસ્ત્ર રચનાર કહેવાય.

કહી શકાતુ નથી, (૩) અને એ ઉપરાત એ ગ્રથના લગભગ ત્રણ ભાગ પાછળથી વધારાયલા છે, માટે જો કૃષ્ણચરિત્રનો પાયો એ મહાભારતપર જ રચવો હોય તો ઘણી સાવચેતીથી કામ લેવુ જરૂરનું છે, અને તેટલા માટે જે અસ્વાભાવિક, અથવા તો અતિપ્રકૃત હોય તેનાપર વિશ્વાસ રાખવો નહિ

આ ઉપરથી કહેવાની મતલબ એવી નથી કે જેને આપણે અસ્વાભાવિક કહીએ તે તેવુ જ એટલે ખોટુ હોવુ જોઇએ ઘણાએ કુદરતના નિયમ એવા છે કે જે આપણે જાણતા જ નથી જેમ કોઈ જગલમાં રહેનાર માણસ ઘડીઆળ કે વિજળીના તારને અસ્વાભાવિક ગણે તેમ આપણે પણ ઘણી બાબતોને તેવી ગણતા હોઇશુ આવુ આપણે જાણીએ છીએ છતા પણ કોઈ અસાધારણ બનાવને ઘણી સબળ સાબિતી સિવાય આપણે માની શકતા નથી, કારણ આપણી અક્કલ બહારનો કોઈ ઈશ્વરી નિયમ યા બનાવ સાબિતી વગર માનવો, એ આપણું કર્તવ્ય નથી જેમકે કોઈ કહે કે “ આબાના ઝાડ ઉપર મે તાડફળ થતાં જોયા છે, ” તો તે વાત માનવી એ સામા માણસનુ કર્તવ્ય નથી. તે એમ કહેશે કે, “ કા તો આબે તાડફળ બતાવો, નહિ તો મને સમજાવો કે એમ શી રીતે બની શકે ” વળી જે માણસ કહે છે કે આબે તાડફળ આવ્યા છે તે જો એમ કહે કે ‘ મે જોયુ નથી, સાભળ્યુ છે,’ તો તેથી સામા માણસને તે નહિ માનવાનુ કારણ પણ વધારે સબળ થતુ જાય છે, સબબ કે તેને પ્રત્યક્ષ પ્રમાણ મળ્યુ નહિ મહાભારતમા પણ તેમ જ થાય છે અતિપ્રકૃત બાબતનું પ્રત્યક્ષ પ્રમાણ મળતુ નથી.

પ્રત્યક્ષ પ્રમાણ મળે છે તો પણ ઘણી વાતો એકદમ મનાતી નથી, નજરે દીઠેલી વાતપર પણ એકાએક વિશ્વાસ આવતો નથી કેમકે વખતે આપણી જ્ઞાનેન્દ્રિયમા ભૂલ થવાનો સભવ રહે છે, પણ કુદરતના નિયમમા કદિ ચૂક થતી નથી, તેથી જેને આપણે અતિપ્રકૃત કહીએ છીએ, તે જો કુદરતના નિયમ પ્રમાણેની જ ઘટના છે એમ બતાવાય તો તે માની શકાય ખરી જગલી માણસને જો ઘડીઆળ કે તાર કેમ બને છે તે સમજાવીએ તો તેને તે અકુદરતી નહી માને, અર્થાત્ તેને કુદરતી બનાવ માનશે

હવે એટલુ પણ કહેવાની જરૂર છે કે જો કૃષ્ણને ઇશ્વરનો અવતાર ગણીએ તો પછી તેમની ઇચ્છા વડે અનૈસર્ગિક બનાવો ન બને એમ કહી શકાય નહિ પરતુ જ્યા સુધી કૃષ્ણ ઇશ્વરના અવતાર તરીકે સાબીત ન થાય, યા તો તેમણે મનુષ્યનો દેહ ધારણ કરી પોતાની ઇશ્વરી શક્તિ વડે પોતાના ધારેલા કામ પાર પાડયા એમ ન મનાય, ત્યા સુધી અનૈસર્ગિક બનાવો તેમની મરજીથી બન્યા એમ આપણાથી કહેવાય પણ નહિ, તેમ મનાય પણ નહિ એટલુ જ નહિ પણ તેમણે એ શક્તિ વડે અથવા તો પોતાનો ઇશ્વરાવતાર હોવાને લીધે સ્વેચ્છાથી ગેરકુદરતી બનાવો બનાવ્યા, એમ કબૂલ રાખીએ તો પણ એટલેથી બસ થતુ નથી કારણ તેમની મારફત જેટલુ થયુ હોય તેને માટે એ ખુલાસો ચાલી શકે, પણ જે બીજાની મારફતે થયુ હોય તેનુ કેમ? સાલ્વ નામના રાક્ષસે હવામા—અતરિક્ષમા—સૌભ નગર વસાવી યુદ્ધ કર્યું, બાણને હજાર હાથ હતા, અશ્વત્થામાએ બ્રહ્મશિરા અસ્ત્ર છોડી બ્રહ્માડ સળગાવી મૂક્યુ અને છેવટે તેના હુકમ મુજબ તે બાણે ઉત્તરાના પેટમાંનો ગર્ભ હણ્યો, એવી એવી વાતો શી રીતે મનાય?

વળી તે ઉપરાત કૃષ્ણના પોતાના પણ કેટલાક અસાધારણ કામો ઉપર અણવિશ્વાસ આવવાનુ કારણ છે, અને તે પણ તેમને ઇશ્વરનો અવતાર ગણવા છતા, કારણ મનુષ્યદેહ ધારણ કરી કાઇક અસ્વાભાવિક કામ તે કરે તો તે પોતાની ઇશ્વરી યા દૈવી શક્તિ વડે જ કરી શકે, પણ જો તેમ હોય તો પછી માનવ શરીર ધારણ કરવાનુ તેમને પ્રયોજન જ શુ રહે? જે સર્વના કર્ત્તા, સર્વશક્તિમાન, જેની ઇચ્છા ઉપર આખા વિશ્વની સૃષ્ટિ અને નાશનો આધાર છે, તે શુ મનુષ્યદેહ ધારણ કર્યા સિવાય માત્ર પોતાની ઇચ્છા દ્વારા, કોઈ અસુર અથવા માણસનો સહાર કરવા અથવા કાંઈ બીજુ કામ તેમણે ધાર્યું હોય તે સપાદન કરવા શક્તિમાન નહતા? કારણ જો એ દૈવી શક્તિ વડે તે સઘળા કામ કરી શકે તો પછી તેમને માણસનુ શરીર ધારણ કરવાની અગત્ય રહે નહિ, અને જ્યારે પોતાની મરજીથી જ તેઓ માણસ દેહ ધારણ કરે ત્યારે પછી દૈવી શક્તિ મારફતે પ્રયોગ કરવા, એ તેમનો

ઉદ્દેશ હોઈ શકે જ નહિ.

માટે એ દેહ ધારણ કરવાનું પ્રયોજન શું? એવુ કયુ કામ છે કે જે જગદીશ્વર જો મનુષ્યદેહ ધારણ ન કરે તો તેનાથી થઈ શકે નહિ, કે પાર પડે નહિ?

આના ઉત્તરમા પહેલો એ જ ખુલાસો કરવો પડશે કે જગદીશ્વર માણસનુ રૂપ લે એ વાત સભવિત છે ખરી?

પ્રકરણ ૧૩ મું

ઇશ્વર પૃથ્વી ઉપર અવતાર લઈ ઉતરે છે ખરો?

આ પ્રશ્નના ઉત્તરમાં એ કહેવાનુ છે કે આ દેશના ઘણા લોકોના મનમા એવો દૃઢ વિશ્વાસ બેસી ગયો છે કે કૃષ્ણ તે ઈશ્વરનો જ અવતાર હતો, પરતુ કેળવાયલો વર્ગ કહે છે કે એ વાત અવૈજ્ઞાનિક એટલે વિજ્ઞાનશાસ્ત્રથી ઉલટી છે, અને ખ્રિસ્તિ મિશનરીઓ (ઉપદેશકો) તો તેને હસી જ કાઢે છે

અહિ આપણે બે પ્રશ્નોનો વિચાર કરવાનો છે એક તો આ પ્રકરણને મથાળે લખ્યો છે તે અને બીજો એ કે તેમ હોય તો કૃષ્ણ ઇશ્વરનો અવતાર ખરો કે નહિ? આ બીજા પ્રશ્નનો કાંઈ પણ ઉત્તર આપવાનો અમારો વિચાર નથી

પહેલા પ્રશ્નને માટે સારે નસીબે ખ્રિસ્તિ પડિતો જોડે આપણે મતભેદમા ઉતરવુ પડે તેમ નથી, કારણ તેઓ ઈશ્વર અવતાર લે છે એવુ માનતા હોવા જોઇએ, નહિ તો ઈસુ ખ્રિસ્ત ટકી શકે નહિ મત-ભેદ તો જે એ બાબતની સાબિતીઓ માગે છે તેમની જોડે–દાર્શનિક અને વૈજ્ઞાનિકોની જોડે છે

એમાના ઘણા ખરાઓ તો એ જ મુશ્કેલી ઉઠાવે છે કે શરૂઆતમા ઈશ્વર છે કે નહિ, એ જ બાબતની સાબિતીઓનો અભાવ છે

તો પછી તેના અવતારની તો વાત જ શી કરવી ? આ વર્ગના માણુસો જોડે આપણાથી અહિં સકસારમા ઉતરી શકાય એવું નથી જેઓ એનું અસ્તિત્વ કબૂલ રાખે છે, તેમની જોડે જ વિવાદમા ઉતરીશુ. હવે કેટલાએક એ વાત કબૂલ કરે છે, પણ એમ કહે છે કે ઇશ્વિર તો નિર્ગુણ છે, અને જે સગુણ હોય તે જ અવતાર લે એમ બને, માટે તેણે અવતાર ધારણ કર્યો હોય એ વાત સભવતી નથી. આનો જવાબ એ જ છે કે નિર્ગુણ ઇશ્વિર તે શુ તે સમજી શકાતુ નથી, તો પછી એ ગુરૂકેલીનો રદીઓ તો ક્યાથી જ આપી શકાય ? ઘણા મોટા પડિતો અને ભક્તો ઇશ્વિરને નિર્ગુણ માને છે, તે આપણે જાણીએ છીએ, પરતુ એમ આપણને લાગે છે કે નિર્ગુણ ઇશ્વિર તે કેવો તે તેઓ પણ સમજી શકતા નથી, કારણ આપણી માણુસ જાતની કોઈ પણ એવી ચિત્તવૃત્તિ નથી કે જે વડે આપણે ઇશ્વિરને નિર્ગુણ તરીકે ઓળખી શકીએ ઇશ્વિર નિર્ગુણ હોઈ શકતો હશે, પરતુ તેને આપણે તેવે રૂપે જાણી શકતા નથી, કારણ આપણામા તે શક્તિ નથી.* મોઢે એમ બોલીએ તો ખરા કે ઇશ્વિર નિર્ગુણ છે, તેમ એક મોટુ શાસ્ત્ર પણ ઘડી કઢાય ખરૂ કે ઇશ્વિર નિર્ગુણ છે. પરંતુ મોઢે જે બોલીએ છીએ તે મનમાં બરાબર સમજી પણ શકીએ છીએ, એમ ખાતરીપૂર્વક કહેવાય નહિ. "ચોખડો ગોળો" એ બોલતા જીભ ચીરાતી નથી, પરતુ એનો અર્થ કઈ સમજાતો નથી આ જ કારણને લીધે હર્બર્ટ સ્પેનસર નિર્ગુણ ઇશ્વિરની વાત છોડી સગુણના કરતાં પણ જે વિશેષ સગુણ ઇશ્વિર–Something higher than personality–એટલે આવી અટક્યો છે, તેથી એની નિર્ગુણતાનો પ્રશ્ન આપણે પણ છોડી દઈશુ. જો એમ નિર્ગુણ કહીએ તો પછી સ્રષ્ટા, વિધાતા, રક્ષક, ઉદ્ધારક તરીકે આપણાથી તેને ગણી શકાય જ નહિ

---

* "Our conception of the Deity is then bounded by the conditions which bound all human knowlegde and therefore we cannot represent the Deity as he is, but as he appears to us."—Mansel, Metaphysics, p 384.

જેઓ ઇશ્વરને સગુણ માને છે તેમને પણ અવતાર લે એવું માનવામા અનેક વાધા ઉભા થતા લાગે છે એક તો એ કે જો કે ઇશ્વર સગુણ છે તો પણ નિરાકાર છે જે નિરાકાર હોય તે આકાર શી રીતે ધારણ કરી શકે ?

એના ઉત્તરમા એવો પ્રશ્ન થઈ શકે કે જે ઇચ્છામય તથા સર્વ-શક્તિમાન હોય તે જો ઇચ્છા કરે તો નિરાકારત્વ છોડી આકાર શા માટે ધારણ ન કરી શકે ? તેના સર્વશક્તિમાનપણા ઉપર આપણે એટલો અકુશ શી રીતે મૂકી શકીએ ? જો એમ થાય તો તેને સર્વશક્તિમાન કહી શકાય જ નહિ અને જેણે આ જડ જગતને આકાર બક્ષ્યો છે તે શુ ઇચ્છા કરે તો પોતે સાકાર થઈ ન શકે ?

જેઓને આ વાધો નડતો નથી, તેઓ કહે છે કે તે સર્વશક્તિ-માન ખરો, પણ જે સર્વશક્તિમાન છે તેને વળી જગતને શિક્ષા કરવા અથવા જગતનુ ભલુ કરવા મનુષ્યનુ ક્લેવર ધારણ કરવાની જરૂર શી ? જે માત્ર પોતાની ઇચ્છાથી કરોડો સૃષ્ટિઓ પેદા કરે છે અને કરોડો સૃષ્ટિઓનો નાશ કરે છે તેને શુ રાવણ, કુભકર્ણ, કસ, કે શિશુપા-ળનો વધ કરવા જન્મ લેવો પડે, બાળક રૂપે અવતરી પોતાની માતાનું ધાવણ ધાવવુ પડે, ક, ખ, ગ, ઘ, શીખી શાસ્ત્રોનું અધ્યયન કરવુ પડે, એક માણસ તરીકે લાબી જીદગીના અપાર દુ ખ અનુભવી છેવટ અસ્ત્ર લઈ, કા તો કોઈ વાર ઘવાઈ અથવા તો પરાજિત થઈ, મહા મહેનતે પાપીઓને હણવા પડે, એ વાત માનવા લાયક છે ખરી ?

આવી રીતે મુશ્કેલી ઉઠાવનારાઓના મનમા એક એવી રીતનો વિચાર ઠસી ગયલો હોવો જોઇએ કે માણસની જીદગીને અગે રહેતા સઘળા દુ ખ-ગર્ભમા રહેવ, જન્મ, સ્તનપાન, બાળશિક્ષણ, હારજિત, ઘડપણ, મરણ જેમ આપણને કષ્ટ રૂપે છે તેમ ઇશ્વરને પણ છે પરતુ તેમની સ્થૂલ બુદ્ધિ એટલુ સમજી શકતી નથી કે તે તો સુખદુ ખથી, પર છે, તેને કશાથી દુ ખ થતુ નથી, કષ્ટ થતું નથી જગતને સરજા-વવુ, પાળવુ, તેનો લય કરવો, એ જેમ તેની લીલા (Manifes

tation) છે તેમ એ પણ તેની લીલા કા ન હોઈ શકે ? કોઈ એમ કહેશે કે જેનો નાશ કરવા તે એક ક્ષણ માત્રમા સમર્થ છે તો પછી તે જ કામ કરવા માટે એક આખી મનુષ્યની જીદગીને જેટલો વખત જોઈએ તેટલો બધો તેણે શા માટે કાઢવો જોઈએ ? પણ તેણે એટલું યાદ રાખવુ જોઈએ કે ઈશ્વરની પાસે અનન્ત કાળ તે માત્ર એક પલક જેવો જ છે, તો પછી એક ક્ષણ અને માણસની સાધારણ જીદગી જેટલો કાળ એ બે વચ્ચે અતર શુ રહ્યુ ?

પુરાણાદિ પુસ્તકોમાથી આપણે અસુરવધ વિષેની વાતો વિષ્ણુના અવતાર સબધમા સાભળીએ છીએ, અને તે સાભળી ઘણાઓને એ અવતાર વિષે અનાસ્થા ઉપજે ખરી કારણ એકલા કંસ કે શિશુપાળને મારવા ઈશ્વરને પોતાને પૃથ્વીપર માનવીનો જન્મ લેવો પડે, એ અસ-ભવિત વાત છે. જે અનત શક્તિમાન છે તેની પાસે શુ કંસ કે શું શિશુપાળ કે શુ પતગીઉ, સૌ સરખા છે વાસ્તવિક રીતે જેઓ હિન્દુ ધર્મનો ખરો મર્મ સમજી શકતા નથી તેઓ જ એમ ધારે છે કે ઈશ્વરને અવતાર લેવાની મતલબ અમુક દૈત્યો વા અમુક દુરાત્માઓનો નાશ કરવાની હતી, પરતુ જે ખરેખરી વાત છે તે તો ભગવદ્‌ગીતામાં ટૂકામાં નીચેના શ્લોકમા કહેલી છે—

"परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे"

३, अध्याय, ८ श्लोक.

"ધર્મસસ્થાપન" શુ માત્ર એક કે બે અસુરોનો વધ કર્યાથી જ થાય છે કે ? ધર્મ તે શુ ? તેનુ સસ્થાપન શી શી રીતે થઈ શકે ?

આપણી શારીરિક અને માનસિક બધી વૃત્તિઓમા વ્યાપી રહેલાં સ્ફૂર્તિ અને પરિણતિ, સામજસ્ય અને ચરિતાર્થતા—એ ધર્મ છે, એ ધર્મનો આધાર અનુશીલન—એટલે સતત અભ્યાસ—ઉપર રહેલો છે, અને અનુશીલનનો આધાર કર્મ ઉપર રહેલો છે. મતલબ કે કર્મ જ ધર્મનુ

મુખ્ય સાધન છે*, અને એ જ કર્મ સ્વધર્મપાલન (Duty) કહેવાય છે.

માણુસ કંઇક પોતાનુ રક્ષણ કરવામા અને કંઇક વૃત્તિમાત્રને તાબે થઈ કર્મ કરવામા પોતે જ પ્રવૃત્ત થાય છે, પરતુ જે કર્મ દ્વારા સઘળી વૃત્તિઓના અગમા રહેલાં સ્ફૂર્તિ અને પરિણુતિ, સામજસ્ય અને ચરિતાર્થતા પ્રવર્ત્તે છે તે કર્મ મુશ્કેલ છે, અને જે મુશ્કેલ હોય છે તે વાત માત્ર ઉપદેશથી શિખવાતી નથી. તેને માટે તો દાખલો–દ્દષ્ટાત–આદર્શ જોઇએ. સપૂર્ણ ધર્મનુ સપૂર્ણ–ખોડ ખાપણ વિનાનુ–દ્દષ્ટાત–આદર્શ માત્ર એક ઇશ્વિર સિવાય કોઈ જ નથી પરતુ નિરાકાર ઇશ્વિર આપણને આદર્શ રૂપે ઉપયોગમા આવી શકે નહિ, કારણ તે અશરીરી હોય, એટલે શારીરિક વૃત્તિ તેનામા હોય ક્યાથી ? માણુસ જાત શરીરી છે, અને શારીરિક વૃત્તિઓ તો તેના ધર્મનુ મોટામા મોટુ વિઘ્ન છે. વળી તે અનત, અને માણુસ જાત સાન્ત–બહુ નજીવી, નાની–ક્ષુદ્ર પડી તેથી જો ઇશ્વિર પોતે શરીરવાળો અને સાન્ત–અતવાળો થઈ લોકોને દર્શન દે તો તેનો દાખલો લઈ, તે જોઈ, તે પ્રમાણે ચાલવાથી યથાર્થ ધર્મની ઉન્નતિ થઈ શકે આટલા જ માટે ઇશ્વિરને અવતાર લેવાનુ કારણ માણુસ કર્મથી અજ્ઞાન છે, કેવી રીતે કર્મ કર્યાથી તે ધર્મ રૂપ થઈ પડે છે તે પણ તેને ખબર નથી, તેથી ઇશ્વિર પોતે જો અવતાર લે તો તે સારી રીતે શિખવી શકે એવો સભવ ખરો, અને જો તેમ હોય તો જીવોના ઉપર દયા કરી ઇશ્વિર શરીર ધારણ કરે તેમા ન બની શકે તેવુ શુ ?

આ વાત કાઈ બનાવી કાઢી અત્રે કહી નથી. ભગવદ્દગીતામા ભગવાને જે વચન કહ્યા છે તેનુ તાત્પર્ય જ એ છે

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पूरुषः ॥ १९ ॥
कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि ॥ २० ॥

* જાણુ બકિમચદ્રના “ધર્મતત્ત્વ” નામના પુસ્તકમાં આ વ્યાખ્યાનું વિશેષ સ્પષ્ટીકરણ છે.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत् प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥
न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ॥
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ २२ ॥
यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ॥
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ २३ ॥
उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहं ॥
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ २४ ॥
गीता ३ अ.

“ માણસ આસક્તિ છોડી કર્મ કરે તો તેને મોક્ષ મળે, માટે આસક્તિ છોડી દઈ, તું કર્ત્તવ્ય કર્મ કર. જનક વગેરે મહાત્માઓએ કર્મ કરીને જ સિદ્ધિ મેળવી છે. મોટા માણસ જે આચરણ કરે છે, તે જોઈ બીજા સાધારણ માણસો તેમને પગલે ચાલે છે, અને જે પ્રમાણ તેઓ કબૂલ રાખે તે પ્રમાણે તેઓ કામ કરે છે. માટે લોકના ધર્મનું રક્ષણ કરવા માટે તુ કર્મ કર. જો કે, ત્રણે ભુવનમા મને ન મળી શકે તેવુ કાઈ જ નથી, તેથી મારે કોઈ પણ પ્રકારનુ કામ કરવાની જરૂર નથી, છતા હું* કર્મ કરૂ છુ. કારણ આળસ છોડી જો હુ કર્મ ન કરૂં તો બધા લોકો મારે પગલે ચાલે, તેથી જો હુ કર્મ ન કરૂં તો એ બધા લોકો ભ્રષ્ટ થાય, અને હું વર્ણસંકરનો કર્ત્તા ને પ્રજાને મલીન બનાવનાર અણાઉ.”

સેશ્વર એટલે ઈશ્વરનુ અસ્તિત્વ માનનાર વિજ્ઞાનશાસ્ત્રવાળાઓની જે મોટી મુશ્કેલી છે તે નીચે મુજબ છે. તેઓ કહે છે કે ઈશ્વર છે ખરો, તે જગતને સરજાવનારો તથા તેનો નિયતા છે, એ પણ ખરૂ, પણ તે ગાડી હાકનાર ગાડીવાનની માફક અછોડા હાથમા લઈ અથવા તો વહાણના સુકાનીની માફક પોતાને હાથે સુકાન પકડી આ વિશ્વ-સસાર ચલાવતો નથી. તેણે તો કેટલાક અચળ નિયમો જ ઘડી રાખેલા

* એટલે કૃષ્ણ, દેહધારી ઈશ્વર આમ બોલે છે.

છે અને તેને અનુસરી જગત ચાલ્યુ જાય છે તે નિયમો ફરી શકે તેવા નથી, તેમ જ જગતની સ્થિતિને જોઈએ તેવા છે, અને તેની વચમા ઇશ્વિરને હાથ ઘાલવાની જગ્યાએ નથી તેમ જરૂરે નથી, તેથી ઇશ્વિર માનવદેહ ધારણ કરી આ પૃથ્વી ઉપર જન્મે, એ વાત માની શકાય નહિ.

ઇશ્વિરે કેટલાએક નિયમ ઘડી મૂકેલા છે, અને તેને તાબે રહી જગત ચાલે છે, એ વાત ખરી છે. જગતની રક્ષા તથા જગતના પાલનને માટે એ નિયમો જેવા જોઇએ તેવા છે તે વાત પણ બરાબર છે. પરન્તુ એ ઉપરથી તેમા હાથ ઘાલવા માટે ઇશ્વિરને પોતાને સ્થાન નથી કે કારણ નથી, એમ કેમ સાબિત થઈ શકે ? જગતમા કોઈ વસ્તુ એટલી બધી મોટાઈ યા સપૂર્ણતાને પામી નથી કે જો સર્વ-શક્તિમાન ઇશ્વિર ઇચ્છા કરે તો તેની વધારે ઉન્નતિ ન કરી શકે જગ-તના વ્યાપારો જોતા અને વિજ્ઞાનશાસ્ત્રીની મદદ લઈ નિગાહ પહોચાડતા એટલુ તો જણાય છે કે જગત ધીમે ધીમે અસપૂર્ણ અને અપરિણુત અવસ્થામાથી સપૂર્ણ અને પરિણુત અવસ્થામા આવતુ જાય છે. જગ-તની આવી જ ગતિ છે અને જગત્કર્ત્તાનો પણ એવો જ અભિપ્રાય હોવો જોઈએ એમ લાગે છે વળી હાલની જગતની હાલતમા કાઈ એવુ પણ દેખાતુ નથી કે જેથી એમ માની શકાય કે તે સપૂર્ણતાની ટોચે પહોચ્યુ છે. હજુ તો માણસને ઘણુ સુખ મેળવવાનુ બાકી છે, તેમ ઉન્નતિ મેળવવાની પણ ઘણી રહેલી છે, અને જો એમ છે તો પછી ઇશ્વિરને તેમા હાથ ઘાલવાનો માર્ગ નથી કે તેમ કરવાનુ પ્રયોજન નથી એમ કેમ કહી શકાય ? સૃજવુ, રક્ષણુ કરવુ, પાળવુ અને નાશ કરવો, એ સિવાય પણ જગતને માટે એક બીજુ નૈસર્ગિક કામ બાકી રહેલુ છે, અને તે તેની ઉન્નતિ કરવાનુ છે માણસની ઉન્નતિનુ મૂળ ધર્મની ઉન્નતિમાં રહેલુ છે, ઇશ્વિરના ઘડેલા નિયમોને અનુસરી ધર્મની ઉન્નતિ પણ કરી શકાય, એમ માનીએ તો પણ માત્ર નિયમફળ વડે જેટલી તેની ઉન્નતિ કરી શકાય, તેના કરતા કોઈ કાળે ઇશ્વિર પોતે જ જગતમા અવતાર લઇને આવે તો તેના કરતા પણ વિશેષ ઉન્નતિ ન

થઈ શકે એમ કેમ કહેવાય ? અને એ પ્રમાણે વિશેષ ઉન્નતિ કરવી એવી તેની મરજી નહિ હોય એમ પણ કેમ કહેવાય ?

વળી આ વાધો ઉઠાવનારા એમ પણ કહે છે કે સઘળા કુદરતી નિયમો ઇશ્વિરના બનાવેલા છે અને તેનુ ઉલ્લઘન કરવાથી જગતમા કોઈ કામ થઈ શકે એવુ જોવામાં આવતું નથી, અને તે માટે આ બધા મોજેઝા (Miracles)–કુદરતના નિયમોથી ઉલટા બનાવો–માની શકાતા નથી એ વાત બરાબર છે, અને ઘણા ઇશ્વિરાવતારને માટે એવુ જ કહેવાય છે કે તેમણે એ મોજેઝાઓ બતાવીને જ પોતાનુ કામ ક્રાઇસ્ટના અવતાર સબંધમા એવી ઘણી કથાઓ ચાલે છે, તેમ જ મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિહ વગેરે જાતના વિષ્ણુના અવતારોને માટે પણ એના સિવાય બીજુ કાઈ કારણ નથી પરતુ સહજ બુદ્ધિવાળો માણસ પણ સમજી શકશે કે મત્સ્ય, કૂર્મ, વરાહ વગેરે વાર્તા જેવી કથાઓના વિષયભૂત પશુગણને ઇશ્વિરાવતાર જોડે કાઈ દાવોદાવી જ નથી આગળ જતા બતાવવામા આવશે કે વિષ્ણુના દશે અવતારની' કથાઓ ઘણા જ થોડા વખતપર રચાયલી છે–બહુ જૂની નથી–અને તદ્દન ઉપ-ન્યાસ–વાર્તા જેવી છે. એ વાર્તાઓ ક્યાથી દાખલ થઈ છે તે પણ જણાશે. બધા પુરાણોમા એ કથાઓ ગવાઈ છે એ ખરૂ છે, પરતુ પુરાણમા ઘણી નકામી વાતો દાખલ થઈ ગઈ છે, એ કહેવાની જરૂર નથી. ખરૂ જોતા તો શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈને પણ ઇશ્વિરના અવ-તાર તરીકે માની શકાય જ નહિં.

કૃષ્ણનુ જે મૂળ વૃત્તાન્ત છે, તેમા કોઈ રીતના બિનકુદરતી બનાવો નથી મહાભારત અને બધા પુરાણોમા હાલના નવરા બ્રાહ્મણોએ ઘણી નિરર્થક વાતો રચી ભરી દીધેલી છે, અને તેથી તેમા ઘણી જગ્યાએ કૃષ્ણને પણ એવી અતિપ્રકૃત બાબતોની મદદ લેવી પડેલી એમ કહેલુ છે, પરતુ એ બધી બાબતોને માટે મૂળ પાયો કશો નથી આગળ જતાં આપણે પ્રમાણ સાથે જોઇશુ કે કૃષ્ણે કોઈ કુદરતી નિયમનુ ઉલ્લઘન કર્યું નથી, યા તો તેવા અનૈસર્ગિક કાર્ય વડે પોતાની મતલબ સાધી

નથી, માટે ઉપર કહેલી મુશ્કેલી એના સબંધમા ઉભી થતી જ નથી.

હવે તેવો જ પુરાણકાર ઋષિઓનો પણ અભિપ્રાય છે. છતાં લોકોમા ચાલતી વાયકાઓનુ ખરાપણુ–ખોટાપણુ તપાસવાની પદ્ધતિ તે વખત ન હોવાથી પુરાણોમા ઘણી અનૈસર્ગિક વાતો દાખલ થઈ ગયલી છે.

વિષ્ણુપુરાણમા કહ્યુ છે કે—

मनुष्यधर्मशीलस्य लीला सा जगत पतेः ।
अस्त्राण्यनेकरूपाणि यदरातिषु मुञ्चति ॥
मनसैव जगत्सृष्टिं संहारञ्च करोति यः ।
तस्यारिपक्षक्षपणे कोऽयमुद्यमविस्तरः ॥
तथापि यो मनुष्याणां धर्म्मस्तमनुवर्त्तते ।
कुर्व्वन् बलवता सन्धिं हीनैर्युद्धं करोत्यसौ ॥
साम चोपप्रदानञ्च तथा भेदं प्रदर्शयन् ।
करोति दण्डपातञ्च कचिदेव पलायनम् ॥
मनुष्यदेहिनां चेष्टामित्येवमनुवर्त्तत. ।
लीला जगत्पतेस्तस्य छन्दत. संप्रवर्त्तते ॥

५ अंश, २२ अध्याय, १४–१८

"જગત્પતિ હોવા છતા પણ તેમણે પોતાના શત્રુ વગેરેપર અસ્ત્ર ફેંકેલા, એ મનુષ્યના ધર્મ પ્રમાણે પોતે ચાલતા હતા એથી તે તેમની લીલા કહેવાય, નહિ તો જે માત્ર પોતાના મનની ઇચ્છા વડે જગતને સરજાવે યા સહારે, તેને પોતાના શત્રુઓને મારવા આટલો બધો શ્રમ શુ કરવા લેવો પડે? તે મનુષ્યના ધર્મ પ્રમાણે ચાલતા હતા, તેથી બળવાન જોડે સલાહ, ને કમજોર જોડે લડાઈ કરતા, સામ, દામ, અને ભેદ દેખાડીને સામાને દંડ કરતા, કદિ પોતે જ નાસી જતા મનુષ્યદેહ ધારણ કરનારાઓની ક્રિયાને અનુસરી એવી લીલા તેમની ઇચ્છા અનુસાર જ થતી હતી."

આ ઉપરથી કોઈ એમ તો નહિ જ કહી શકે કે કૃષ્ણે માણસનો

દેહ ધરી માણસની શક્તિ ઉપરાતની શક્તિ વાપરી પોતાના કામ કર્યાં હતા* આ ઉપરથી આગળ જણાવેલો ત્રીજો નિયમ સાબિત થાય છે

---

* It is true that in the epic poems Rama and Krishna appear as incarnations of Vishnu, but they at the same time come before us as human heroes, and these two characters, (the divine and the human), are so far from being inseparably blended together, that both of these heroes are for the most part exhibited in no other light than other highly gifted men-acting according to human motives and taking no advantage of their divine superiority It is only in certain sections which have been added for the purpose of enforcing their divine character that they take the character of Vishnu. It is impossible to read either of these two poems with attention, without being reminded of the later interpolation of such sections as ascribe a divine character to the heroes, and of the unskilful manner in which these passages are often introduced and without observing how loosely they are connected with the rest of the narrative, and how unnecessary they are for its progress.-"Lassen's Indian Antiquities, quoted by Muir.

In other places (એટલે ભગવદ્ગીતાપર્વાધ્યાય સિવાય) the divine nature of Krishna is less decidedly affirmed, in some it is disputed or denied, and in most of the situations he is exhibited in action, as a prince and warrior, not as a divinity. He exercises no super-human faculties in defence of himself, or his friends, or in the defeat and destruction of his foes. The Mahabharata, however is the work of various periods and requires to be read through carefully and critically, before its weight as an authority can be accurately appreciated."-Wilson, Preface to the Vishnu Purana.

જે ત્રણ નિયમો ઉપર આ વિષયનો પાયો રચાયલો છે, તે ફરીથી જણાવીશુ

(૧) જે નવો ઉમેરેલો ભાગ સાબિત થાય તે છોડી દેવો

(૨) જે કુદરતથી ઉલટુ હોય તે છોડી દેવુ.

(૩) જે નવુ યા અતિપ્રકૃત ન હોય પરતુ જેમા મિથ્યાપણાના કાઈ બીજા લક્ષણ હોય તો તે છોડી દેવુ

પ્રકરણ ૧૪ મુ

પુરાણ

મહાભારતની ઐતિહાસિકતા સબધે ઉપર કહેલુ છે, પરતુ પુરાણો વિષે તે જ બાબત જોવાની બાકી રહી છે, તે હવે જોઇએ. પુરાણ વિષે પણ એ જાતના ભ્રમ ચાલે છે, દેશી ને વિલાયતી દેશીઓ એમ કહે છે કે સઘળા પુરાણો એક જ માણસે રચ્યા છે યૂરોપીઅનો એમ કહે છે કે દરેક પુરાણ જૂદા જૂદા માણસનુ બનાવેલુ છે

દેશીઓનો અભિપ્રાય ખોટો છે, તેના કેટલાક કારણો છે—

૧ એક કલમ એક જ રીતે લખી શકે, એક માણસ એક જ પ્રકારની રચના રચી શકે, જેમ એક માણસનો લેખ પાચ જાતનો હોઈ શકે નહિ, તેમ એક માણસની રચનાનુ બધારણ જૂદા જૂદા પ્રકારનુ હોઈ શકે નહિ, પરતુ આ અઢારે પુરાણની રચના જૂદી જૂદી જાતની—અઢાર જાતની—છે, એમ કહીએ તો ચાલે તેથી તે બધા એક માણસે તો લખ્યા ન જ હોવા જોઇએ છતા જે કોઈ—દાખલા તરીકે—વિષ્ણુપુરાણ અને ભાગવતપુરાણ વાચીને તે એક જ માણસની કૃતિ છે, એમ કહે તો પછી તેની જોડે વિવાદમા ઉતરવુ જ નકામુ છે

૨ એક માણસ એક ને એક વિષય ઉપર ઘણા ગ્રથ સાધારણ રીતે લખે નહિ જે ઘણા ગ્રથ લખે તે એક ને એક વિષય ફરી ફરીને પાછો એક ગ્રથથી બીજા ગ્રથમા વર્ણવવા માટે અથવા વિસ્તારીને લખવા

માટે લખે નહિ પરતુ આ અઢારે પુરાણો જોતા એમ જણાય છે કે એકનો એક વિષય જૂદા જૂદા પુરાણોમા વારે ઘડીએ વિસ્તારપૂર્વક વર્ણવાયલો છે આપણે આ કૃષ્ણચરિત્રનો જ દાખલો લઇએ, એ બ્રહ્મપુરાણના પૂર્વ ભાગમા, વિષ્ણુપુરાણુના પાચમા ભાગમા, તેમ જ વાયુપુરાણુમા, શ્રીમદ્‌-ભાગવતના દશમા તથા અગીઆરમા સ્કધમા, બ્રહ્મવૈવર્તપુરાણુના ત્રીજા ખડમા, અને પદ્મ, વામન તથા કૂર્મપુરાણુમા સક્ષેપ રૂપે છે તેવી જ રીતે બીજા વિષયો પણ જૂદા જૂદા પુરાણોમા ફરી ફરીને આપણી દૃષ્ટિએ પડે છે જો એક જ માણસે એ બધા પુસ્તકો લખ્યા હોય તો આમ બને નહિ

૩ વળી જો એક જ માણસની કલમથી એ લખાયલા હોય તો તેમા એક બીજાથી ઘણી ઉલટી હકીકત મળી આવે નહિ, પણ અઢારે પુરાણોમા વચમા વચમા, એવી રીતના ઘણા મોટા વિરોધ–તફાવત નજરે પડે છે કૃષ્ણનુ ચરિત્ર જ જૂદા જૂદા પુરાણોમા જૂદી જૂદી રીતે વર્ણવાયલુ છે, અને તે વર્ણન પરસ્પર મળતા આવતા નથી

૪ વિષ્ણુપુરાણુમા કહ્યુ છે કે —

आख्यानैश्चाप्युपाख्यानैर्गाथाभिः कल्पशुद्धिभिः ।
पुराणसंहितां चक्रे पुराणार्थविशारदः ॥
प्रख्यातो व्यासशिष्योऽभूत् सूतो वै लोमहर्षणः ।
पुराणसंहितां तस्मै ददौ व्यासो महामुनिः ॥
सुमतिश्चाग्निवर्चाश्च मित्रयुः शांसपायनः ।
अकृतव्रणोऽथ सावर्णिः षट्शिष्यास्तस्य चाभवन् ॥
काश्यपः संहिताकर्ता सावर्णिः शांसपायनः ।
लौमहर्षणिका चान्या तिसृणां मूलसंहिता ॥

विष्णुपुराण, ३ अंश, ६ अध्याय, १६–१९ श्लोक ।

પુરાણુનો અર્થ જાણુનાર વેદવ્યાસે આખ્યાન, ઉપાખ્યાન ગાથા અને કલ્પશુદ્ધિ દ્વારા પુરાણુસહિતા રચી છે લોમહર્ષણુ નામે સૂત વેદ-વ્યાસનો પ્રખ્યાત શિષ્ય હતો. એ મહામુનિ વ્યાસે પુરાણુસહિતાનુ તેને

દાન કર્યું તેને સુમતિ, અગ્નિવર્ચા, મિત્રયુ, શાંસપાયન, અકૃતવ્રણ, અને સાવર્ણિ નામે ૭ શિષ્યો હતા તેમાથી કાસ્યપ, સાવર્ણિ અને શાસપાયને લોમહર્ષણવાળી મૂળ સહિતામાથી બીજી ત્રણ સહિતા તૈયર કરી

હવે ભાગવતમા છે કે—

त्रय्यारुणिः कश्यपश्च सावर्णिरकृतव्रणः ।
शिंशपायनहारीतौ षड् वै पौराणिका इमे ॥
अधीयन्त व्यासशिष्यात् संहितां मत्पितुर्मुखात् * ।
एकैकामहमेतेषां शिष्यः सर्वाः समध्यगाम् ॥
कश्यपोऽहञ्च सावर्णी रामशिष्योऽकृतव्रणः ।
अधीमहि व्यासशिष्याच्चतस्रो मूलसंहिताः

श्रीमद्भागवत, १२ स्कन्ध, ७ अध्याय, ४-६ श्लोक ।

એટલે ત્ર્યારુણિ, કસ્યપ, સાવર્ણિ, અકૃતવ્રણ, શિશપાયન, અને હારિત, એ ૭ જણાએ પુરાણ લખ્યા વાયુપુરાણમા વળી જૂદા નામ છે.

आत्रेय सुमतिर्धीमान् काश्यपोऽह् कृतव्रण ।

વળી અગ્નિપુરાણમા—

प्राप्य व्यासात् पुराणादि सूतो वै लोमहर्षण. ।
सुमतिश्चाग्निवर्चाश्च मित्रयु शांसपायन ॥
कृतव्रतोऽथ सावर्णिः शिष्यास्तस्य तु चाभवन् ।
शांसपायनादयश्चक्रुः पुराणानां तु संहिता: ॥

આ સઘળા ઉપરથી સહજ જણાગે કે એ અઢારે પુરાણ વેદવ્યસના બનાવેલા તો નહિ જ તેના શિષ્યો અને શિષ્યોના શિષ્યોએ પુરાણસહિતા બનાવેલી, પરતુ તે પણ હાલમા હાથ આવતી નથી હાલ જે પુરાણસહિતા પ્રચલિત છે તે કોણે બનાવી, ક્યારે ગ્યાર્ડ, વગેરે કાઈ જ નક્કીપણે કહી શકાતુ નથી

હવે યૂરોપીઅન પડિતોની ભૂલ ક્યા છે

---

* ભાગવતના વક્તા વ્યાસપુત્ર શુકદેવ, वैशम्पायनहारीतौ એ પ્રમાણે પાઠાન્તર પણ છે.

એ લોકોનુ સમજવુ એમ છે કે દરેક પુરાણ એક એક માણસને હાથે જ લખાયલુ, અને તેને લીધે તેઓ હાલના બધા પુરાણો ક્યારે લખાયા હશે તે વખત નક્કી કરવા બેસે છે ખરી વાત તો એમ છે કે દરેક પુરાણની અંદરનો મજકૂર એક જ માણસને હાથે રચાયલો નથી હાલના પુરાણો તો માત્ર એક જાતનો સગ્રહ છે, અને તે સગ્રહમા જૂદા જૂદા વખતમા રચાયલી વાતો ભેગી થયલી છે

પુરાણનો મૂળ અર્થ જૂનુ. પછી “ જૂના પુરાતન—વખતમા બનેલા બનાવોનુ વર્ણન ” એવો એનો અર્થ થયો. હવે દરેક સમયે તેન કરતા આગળના સમયમા બનેલા બનાવો પણ ખરા અને તેથી દરેક સમયે “ પુરાણ ” પણ હોવા જોઈએ જ વેદમા પણ “ પુરાણ ” છે શતપથ-બ્રાહ્મણ, ગોપથબ્રાહ્મણ, આશ્વલાયનસૂત્ર, અથર્વસહિતા, બૃહદારણ્યક, છાન્દોગ્યોપનિષદ, મહાભારત, રામાયણ, માનવધર્મશાસ્ત્ર, એ બધામા પુરાણો હતા એવુ લખેલુ છે, પરતુ તેમા હાલ જે પુરાણો ચાલુ છે તેમાથી એકેનુ નામ નથી આપણે એટલુ યાદ રાખવુ જરૂરનુ છે કે જો કે પ્રાચીન ભરતખડના લોકોને લિપિવિદ્યાની એટલે લખવાવાચવાની માહિતી હતી તો પણ તે વખત ગ્રંથો લખાતા નહતા, મોઢે મોઢે રચાતા, શિખવાતા અને પ્રસિદ્ધ થતા એ પ્રમાણે પ્રાચીન પુરાણની વાતો એક મોઢેથી બીજે મોઢે જતા ઘણી વાર માત્ર એક જાતની દત-કથા—લોકવાયકાના—રૂપમા બદલાઈ ગઈ અને પછી વખત જતા એ બધી દતકથાઓ તથા પ્રાચીન રચનાને એકઠી કરી તેમાથી એક એક પુરાણ ઉભુ કરવામા આવ્યુ વેદના સૂત્રો પણ પહેલા એ પ્રમાણે બધા સામટા ભેગા થઈ પછી તેના ઋક્, યજુસ્, સામ, એ ત્રણ વિભાગ પડયા, ને વાત તો સૌ જાણે છે, અને જેણે વેદના એ પ્રમાણે વિભાગ કર્યા તેને તેટલા માટે “વ્યાસ” એવુ ઉપનામ મળ્યુ કારણ “ વ્યાસ ” એ તેનુ ઉપનામ—અવટક—ઉપાધિ—છે, નામ નથી, તેનુ નામ તો કૃષ્ણ હતુ, અને દ્વીપમા તેનો જન્મ થયલો હોવાથી તેને કૃષ્ણદ્વૈપાયન કહેતા. કેટલાએકોનુ એમ કહેવુ છે કે જેણે વેદના વિભાગ કર્યા તે જ માણસ પુરાણો ભેગા કરી લખનાર નહિ હોય, એ બનવા જોગ છે, પરતુ જેણે પુરાણો ભેગા કરી લખ્યા તેનુ ઉપનામ “ વ્યાસ ” હોય

એ સંભવિત છે હાલના અઢારે પુરાણો એક જ માણસને હાથે લખાયા હોય અથવા એક જ સમયે તેના જૂદા જૂદા વિભાગ થઈ જઈ રચાયા હોય એમ લાગતુ નથી, કારણ જૂદે જૂદે વખતે લખાયા હોય એવી સાબિતિઓ તે બધા પુરાણોમાથી જ મળી આવે છે તેથી જેણે થોડુ ઘણુ પૈરાણિક વૃત્તાન્ત પાઠ કરી તેનો એક સગ્રહ બનાવી તૈયાર કર્યો હેય તે પણ "વ્યાસ" એ નામનો અધિકારી થયલો ગણાય વખતે એમ હોવાને લીધે જ એવી વાયકા ચાલી હશે કે અઢારે પુરાણ વ્યાસના જ બનાવેલા છે, પરતુ એ વ્યાસ એ એક જણનુ નામ નહિ, પણ ઘણા જણાઓનુ ઉપનામ હોવુ જોઈએ, એમ માનવાના ઘણા કારણ છે જેણે વેદના વિભાગ કર્યા તેનુ નામ વ્યાસ, મહાભારત બનાવનારનુ નામ વ્યાસ, અઢારે પુરાણ લખનારનુ નામ વ્યાસ, વેદાન્તસૂત્રકારનુ નામ વ્યાસ અને છેવટ પાતંજલના દર્શન ઉપર ટીકા લખનારનુ નામ-પણ વ્યાસ હતુ આ સઘળા એક જ વ્યાસ હોઈ શકે જ નહિ આગળના વખતમા અને હાલમા પણ ઘણા જણાએ વ્યાસ ઉપનામ ધારણ કર્યું છે, એમા કઈ સંદેહ નથી, અને તેથી વેદવિભાગકર્ત્તા વ્યાસ અને મહાભારત બનાવનાર વ્યાસ જેમ જૂદા જૂદા, તેમ અઢારે પુરાણ બનાવનાર અઢાર જૂદા જૂદા વ્યાસ હશે, એ બેશક છે

કેટલાએકનો અભિપ્રાય એવો છે કે કૃષ્ણદ્વૈપાયને જ પહેલવહેલા પુરાણોનો સગ્રહ કરેલો, જેમ તેણે વેદના સૂત્રો સકલિત કરેલા તેમ વિષ્ણુ, ભાગવત, અગ્નિ વગેરે પુરાણોના કેટલાક શ્લોક જોતા પણ એમ લાગે છે કે તેણે પુરાણનો સગ્રહ કરેલો, પરતુ તે ઉપરથી એટલુ પણ નક્કી થાય છે કે વેદવ્યાસે એક જ પુરાણનો સગ્રહ કરેલો, અઢારનો નહિ તેના વિભાગ કરી તેના શિષ્યોએ ત્રણ પુરાણ બનાવ્યા તેમ પણ થયુ નથી, વખત જતા જૂદા જૂદા માણસોને હાથે ચઢતા એકમાથી અઢાર થઈ ગયા

આમાથી ગમે તે અભિપ્રાય આપણે માન્ય રાખીએ તો પણ પુરાણો ક્યારે લખાયા તે કાળ નક્કી કરવા માટે તો એટલુ જ ફળ તેમાથી પ્રાપ્ત થઈ શકે કે અમુક પુરાણ ક્યારે અસ્તિત્વમાં આવ્યું,

તે નક્કી કરી શકાય અને તે પણ થતુ મુશ્કેલ છે, કારણ જૂના લખાણ પર નવા લખાણ વધતા જ ગયા, અને દરેક પુરાણમા એમ થયલુ હોવાનુ જણાય છે, ત્યારે પછી અમુક પુરાણનો કયો ભાગ લઈ તેનો સકલનસમય નક્કી કરવો ?

દાખલા તરીકે, મત્સ્યપુરાણમા બ્રહ્મવૈવર્ત્તપુરાણ સબધે આ બે શ્લોક છે —

"रथन्तरस्य कल्पस्य वृत्तान्तमधिकृत्य यत् ।
सावर्णिना नारदाय कृष्णमाहात्म्यसंयुतम् ॥
यत्र ब्रह्मवराहस्य चरितं वर्ण्यते मुहु. ।
तदष्टादशसाहस्रं ब्रह्मवैवर्त्तमुच्यते ॥"

એટલે જે પુરાણમા રથતરકલ્પના* વૃત્તાન્ત ઉપરથી રચાયલી કૃષ્ણના માહાત્મ્યની કથા નારદને સાવર્ણિ મનુ કહે છે, તથા જેમા વારવાર બ્રહ્મવરાહના ચરિત્રની કથા વર્ણવેલી છે, તેવુ અઢાર હજાર શ્લોકવાળુ બ્રહ્મવૈવર્ત્તપુરાણ

હવે હાલ જે બ્રહ્મવૈવર્ત્તપુરાણ છે તે સાવર્ણિએ નારદને કહેલુ નહિ, તે તો નારાયણ નામના એક બીજા ઋષિએ નારદને સભળાવેલુ, તેમા રથન્તરકલ્પ અથવા બ્રહ્મવરાહચરિતનો પ્રસગ જ નથી, ઉલટુ તેમા પ્રકૃતિ અને ગણેશખડ છે, કે જેનુ નામ સરખુ પણ સદરહુ બે શ્લોકોમા નથી—મતલબ કે પ્રાચીન બ્રહ્મવૈવર્ત્તપુરાણ હાલમા વિદ્યમાન નથી, જે તે નામે ઓળખાય છે, તે બીજુ નવીન જ પુરાણ છે આમ હોવાથી બ્રહ્મવૈવર્ત્તપુરાણ ક્યારે લખાયુ એ નક્કી કરવુ, એ મ્હોટી મુશ્કેલી છે

વિલ્સને પુરાણો ક્યારે ક્યારે લખાયા તે સમય નીચે પ્રમાણે નક્કી કર્યો છે —

બ્રહ્મપુરાણ ઈ. સ.ની ૧૩મી કે ૧૪મી સદીમા
પદ્મપુરાણ ઈ સ ની ૧૩થી ૧૬મી સદી સુધીમા
વિષ્ણુપુરાણ- ઈ. સ.ની ૧૦મી સદી
વાયુપુરાણ . વખત નક્કી થઈ શકતો નથી, ઘણુ જૂનુ છે.

* રથતર એ સામવેદના એક ભાગ(કલ્પ)નુ નામ છે

ભાગવતપુરાણ ઈ. સ.ની ૧૩મી સદી.

નારદપુરાણ ઈ સ.ની ૧૬મી–૧૭મી સદી એટલે કે બસે વરસનો ગ્રંથ

માર્કંડેયપુરાણ ઈ સ.ની ૯મી કે ૧૦મી સદી

અગ્નિપુરાણ અનિશ્ચિત, ઘણુ નવુ

ભવિષ્યપુરાણ નક્કી નથી

લિંગપુરાણ ઈ સ.ની ૮મી કે ૯મી સદીની આ કે પેલી પાસે

વરાહપુરાણ ઈ સ.ની ૧૨મી સદી.

સ્કંદપુરાણ જૂદા જૂદા વખતના પાચ પુરાણોનો સગ્રહ

વામનપુરાણ ત્રણસે ચારસે વરસપર

કૂર્મપુરાણ પ્રાચીન નથી

મત્સ્યપુરાણ પદ્મપુરાણ પછી

ગરૂડપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, બ્રહ્માંડપુરાણ — પ્રાચીન નથી, પ્રચલિત ગ્રંથ પુરાણ નથી

હાલ સઘળા આ મતને માને છે, એ મત પ્રમાણે કોઈ પણ પુરાણ એક હજાર વરસ કરતા જૂનુ હોય તેમ જણાતુ નથી અગ્રેજી શિખી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતા જેઓ ભૂલી ગયા હોય તે સિવાય બીજો કોઈ હિન્દુ ભાગ્યે જ એ સમયનિર્ધારણ કબૂલ રાખે એ બરાબર નથી, તે નીચેની એક બે વાતોપરથી સમજાશે

આ દેશમા સઘળાનુ માનવુ એવુ હતુ કે કાળીદાસ વિક્રમાદિત્યના વખતમા થઈ ગયો અને વિક્રમાદિત્ય ઈ સ પર્વે ૫૬ વરસ પર થઈ ગયો પરતુ હાલ એ વાત કબૂલ રહી શકની નથી, કારણ ડાક્તર ભાઉ દાજીએ એવુ સિદ્ધ કર્યુ છે કે કાળીદાસ ઈ. સ.ની છઠ્ઠી સદીમા થઈ ગયો, અને યૂરોપી પડિતો અને તેમના દેશી શિષ્યો હજી તે વાત કબૂલ રાખે છે છતા આપણે પણ તે મત કબૂલ રાખીએ, અને વિલ્સન સાહેબનો ઉપર જણાવેલો સમય પણ માન્ય રાખીએ તો પછી કાળીદાસ પછી ઘણે વર્ષે પુરાણો લખાયા હોવા જોઈએ, એમ કબૂલ રાખવુ જોઈએ પરતુ કાળીદાસે મેઘદૂતમા કહ્યુ છે કે—

येन श्यामं वपुरतितरां कान्तिमापत्स्यते ते ।
बर्हेणेव स्फुरितरुचिना गोपवेशस्य विष्णोः ॥

૧૫ શ્લોક.

આ શ્લોકના છેલ્લા ચરણમા મોરપિચ્છથી સુશોભિત થયલા વિષ્ણુના ગોપવેશ સાથે મેઘધનુષ્યથી સુશોભિત થયલા આકાશની સરખામણી કરી છે હવે વિષ્ણુએ કદિ ગોપવેશ લીધેલો નહિ, પણ વિષ્ણુના અવતાર કૃષ્ણે ગોપવેશ લીધેલો ખરો ઇન્દ્રધનુષ્યની જોડે સરખામણી કૃષ્ણના માથાપર ખોસેલા મોરપિચ્છની કરી છે હવે જ્યારે ઇ સની છઠ્ઠી સદી સુધી કોઈ પણ પુરાણ રચાયુ જ ન હોય તો પછી કૃષ્ણના માથાપરના મોરપિચ્છની આ શ્લોકમા વાત આવી ક્યાથી ? એ નથી વેદમા કે નથી મહાભારતમા કે નથી રામાયણમા પુરાણ અને તેને અનુસરી લખાયલા ગીતગોવિંદ વગેરે કાવ્યો સિવાય બીજે કોઈ ઠેકાણે નથી. માત્ર હરિવંશમા છે, પણ તે પણ વિલ્સનના મત પ્રમાણે વિષ્ણુપુરાણ પછીનો ગ્રંથ, તેથી એટલુ નક્કી થાય છે કે, કાળીદાસની પૂર્વે એટલે ઓછામા ઓછુ ઈ સની છઠ્ઠી સદી પહેલા હરિવંશ અથવા વિષ્ણુને લગતુ કોઈ પણ પુરાણ રચાયલુ ખરૂ જ

વળી એક બીજી બાબતનો પણ અહિ નિકાલ કરીશુ હાલમા જે બ્રહ્મવૈવર્તપુરાણ આપણી પાસે છે તે અસલ ગ્રંથ ન હોય તો પણ અગીઆરમા સૈકાની પૂર્વનો તો એ ગ્રંથ હોવો જોઇએ, કારણ ગીતગોવિન્દનો રચનાર જયદેવ ગૌડ દેશના રાજા લક્ષ્મણસેનની સભાનો પંડિત થઈ ગયો. લક્ષ્મણસેન બારમી સદીના પહેલા ભાગમા થઈ ગયો આગળ જતા આપણે જોઇશુ કે જો એ બ્રહ્મવૈવર્તપુરાણ તે વખતે જાણમા ન હોત અને સન્માનિત ન હોત તો ગીતગોવિન્દ લખાત જ નહિ, અને હાલના પુરાણનો પંદરમો અધ્યાય—શ્રીકૃષ્ણજન્મખંડનો—જો તે વખતે પ્રચલિત હોત નહિ તો ગીતગોવિન્દનો પહેલો શ્લોક “**मेघैर्मेदुरमम्बरम्**” ઇત્યાદિ લખાત જ નહિ, તેથી એટલુ પણ નિશ્ચિત થાય છે કે આ ભ્રષ્ટ બ્રહ્મવૈવર્તપુરાણ

પણ અગીઆરમી સદીની પૂર્વે તો ખરૂ જ. અસલ પુરાણ તેથી પણ કેટલુ વહેલુ લખાયુ હશે તે આપણે જાણતા નથી, છતા વિલ્સન તો એમ જ કહે છે કે માત્ર બસે વર્ષપર એ પુરાણ રચાયલુ

પ્રકરણ ૧૫ મું

પુરાણ

અઢારે પુરાણ સરખાવી જોતા ઘણી વખત એમ દેખાય છે કે ઘણા શ્લોકો કેટલાક પુરાણોમા એકના એક જ છે કોઈ ઠેકાણે કાંઈક ફેરફાર હોય છે, અને કોઈ ઠેકાણે તે પણ બિલકુલ હોતો નથી આગળ પાચમા પ્રકરણમા નન્દ મહાપદ્મનો સમય નક્કી કરતી વખતે આપેલા શ્લોકો એ બાબતનુ ઉદાહરણ છે, પણ તે ઉપરાત બીજા પણ ઘણા દાખલા છે બ્રાહ્મપુરાણના પાછલા ભાગમા કૃષ્ણચરિત્ર વિસ્તારીને આપેલુ છે, તેમ જ વિષ્ણુપુરાણના પાચમા ભાગમા પણ કૃષ્ણચરિત્રનુ વિસ્તારથી વર્ણન આપ્યુ છે એ બેમા જરાએ ફેર નથી અક્ષરે અક્ષર સરખુ છે એ પાચમા ભાગમા ૨૮ અધ્યાય છે વિષ્ણુપુરાણના એ બધાએ અધ્યાયમાના શ્લોકો બ્રાહ્મપુરાણના કૃષ્ણચરિત્રમા છે અને તેમ જ બ્રાહ્મપુરાણના બધા શ્લોકો વિષ્ણુપુરાણમા છે આ બાબતમા એ બે પુરાણમા કોઈ પણ જાતનો તફાવત યા ફેરફાર નથી તેનુ નીચે લખેલા ત્રણ કારણોમાથી એક કારણ હોવુ જોઇએ

(૧) કા નો બ્રાહ્મપુરાણમાથી વિષ્ણુપુરાણમા ચોરી કરેલી હોવી જોઇએ,

(૨) યા તો વિષ્ણુપુરાણમાથી બ્રાહ્મપુરાણમા ચોરી કરેલી હોવી જોઈએ,

(૩) અથવા તો કોઈએ કોઈનામાથી ચોરી કરેલી હોવી જોઈએ નહિ, પરતુ એ કૃષ્ણચરિત્ર તે અસલ વ્યાસની બનાવેલી પુરાણ-સહિતાનો જ ભાગ હોવો જોઇએ, અને વિષ્ણુ અને બ્રાહ્મપુરાણ બન્નેમા (સગ્રહી) રાખેલો હોવો જોઇએ.

હવે પહેલા બન્નેમાથી એકે કારણ ખરૂ હોવુ જોઇએ એમ લાગતુ નથી. કારણ એવા જાણીતા ગ્રથમાથી ૨૮ અધ્યાયની એકદમ ચોરી કરવી એ નહિ બનવા જેવી વાત છે અને બીજી કોઈ જગ્યાએ તેવુ થયલુ દેખાતુ નથી જે કોઈ એ પ્રમાણે ચોરી કરે તે કાઈ નહિ તો તેમા સહેજસ્હાજ ફેરફાર કરે અને વળી એ શ્લોકની રચના એવી નથી કે જેમા ફેરફાર થઈ શકે નહિ વળી માત્ર આ બે પુરાણમા જ આ પ્રમાણે થયુ છે એમ નથી, પણ આગળ કહ્યુ છે તેમ બીજા ઘણા પુરાણોમા એ પ્રમાણે એકમાના શ્લોક બીજામા મળી આવે છે, તેમ જ ઘણી બાબતોમા પુરાણોમા જેમ વિરોધ છે તેમ મળતાપણુ પણ છે આથી આગળ કહ્યુ તેમ પૂર્વે અસલ એક પુરાણસહિતા તો હશે જ. વખતે એમ હોય કે તે કૃષ્ણદ્વૈપાયને બનાવી ન હોય, પણ એટલુ તો માનવુ પડશે જ કે તે સહિતા ઘણા પ્રાચીન સમયમા રચાયલી, કારણ આગળ જતા આપણે જોઇશુ કે પુરાણમા કહેલી ઘણી બાબતોની ન તોડી શકાય તેવી સાબિતિઓ મહાભારતમા મળી આવે છે, પરતુ તે બધાનુ મહાભારતમા સવિસ્તર વર્ણન કરેલુ હોતુ નથી અને તેથી એમ કહી શકાય નહિ કે પુરાણકારોએ તે બાબતો મહાભારતમાથી ઉતારી લીધેલી.

હવે યુરોપીઅન રીત પ્રમાણે પુરાણસગ્રહનો સમય નક્કી કરવા બેસીએ તો તેનુ શુ ફળ આવે છે તે જોઇએ વિષ્ણુપુરાણના ૪થા ભાગના ૨૪મા અધ્યાયમા મગધ દેશના રાજાઓની વશાવલિ આપેલી છે. વિષ્ણુપુરાણની એ વશાવલિઓ ભવિષ્યમા થનારા રાજાઓ સબધમા છે એવા રૂપમા અપાયલી છે, કારણ એ પુરાણ લખનાર શરૂ જ એમ કહીને કરે છે કે વેદવ્યાસના પિતા પરાશર ઋષિએ કલિયુગના આરભમા એ ગ્રથ કહી સભળાવેલો તે વખતે નદના વશજો વગેરેનો તો જન્મ પણ ન હતો, છતા જ્યારે તેમના નામ તેમા ગવાઈ ગયા ત્યારે પછી જો ભવિષ્યવાણિનુ રૂપ તેને આપવામાં આવે નહિ તો પછી પરાશરકથિત ગ્રથ તરીકે તે પસાર થઈ શકે નહિ, તેથી એ

પુરાણનો જે સંગ્રહ કરનાર અથવા તો તેમા પાછળથી વધારો કરનાર હશે તેણે એ બાબત લખતી વખતે જ એવુ રૂપ તેને આપેલુ કે જાણે તે ભવિષ્યમા બનવાની વાત હોય જેમ કે ફલાણો રાજા થશે, તેની પછી ફલાણો રાજા થશે, તેની પછી ફલાણો થશે. એ રાજાઓ-ઓમાથી ઘણાઓના નામ તવારિખમા અમર થઈ ગયા છે, અને તેમના રાજ્યસબધે બૌદ્ધ, યવન, અને સસ્કૃત ગ્રંથોમા, તેમ જ મોટા મોટા ખડકોપર કોતરાયલા લેખોમા વર્ણન મળી આવે છે

જેમકે, નન્દમહાપદ્મ, મૌર્યચન્દ્રગુપ્ત, બિદુસાર અશોક, પુષ્પ-મિત્ર, પુલિમાન, શકરાજગણુ, અધ્રરાજગણુ, વગેરે વળી વિષ્ણુપુ-રાણમા છે કે—

"नवनागा पद्मावत्यां कान्तिपुर्यां मथुरायामनुगंगाप्रयागं मागधा गुप्ताश्च भोक्ष्यन्ति।" (विष्णुपुराण ४ अंश. २० अ. १८).

ગુપ્ત વશજોનો સમય ફ્લીટ (Fleet) સાહેબે નક્કી કર્યો છે. એ વશના પહેલા રાજાનુ નામ મહારાજગુપ્ત હતું, તેના પછી ઘટો-ત્કચ, ચદ્રગુપ્ત વિક્રમાદિત્ય ને સમુદ્રગુપ્ત (ઇ સ ના ચોથા સૈકામા) થયા પછી ચદ્રગુપ્ત વિક્રમાદિત્ય બીજો, કુમારગુપ્ત, સ્કન્દગુપ્ત, બુદ્ધગુપ્ત (ઇ સ ની પાચમી સદીમા) થયા આ બધળા ગુપ્ત નામના રાજા થઈ ગયા, અથવા રાજ્ય કરે છે એ વાતની માહીતી હોવા સિવાય પુરાણકાર ને લખી શકે નહિ મતલબ કે તેઓ ગુપ્ત સજ્ઞક રાજાઓના સમયમા યા તો તે પછી થઈ ગયા હોવા જોઇએ, અને તેથી એ પુરાણ ઇ સ ના ચોથા કે પાચમા સૈકામા લખાયુ હોવુ જોઇએ વળી એમ પણ બની શકે ખરૂ કે વિષ્ણુપુરાણના ચોથા ભાગમા પાછળથી એ ગુપ્ત સજ્ઞક રાજાઓના નામ વધારી દેવામા આવ્યા હોય, અથવા એમ પણ હોય કે એ ચોથો ભાગ એક વખતે લખાયો હોય અને બાકીનો ભાગ બીજી વખતે લખાયો હોય, અને તે બધા ભાગ કોઈ એક વખતે એકઠા થઈ ગયા હોય અને તેનુ નામ વિષ્ણુપુરાણ

અપાયુ હોય. આજે પણ શુ યૂરોપમા કે શુ અહિ એવુ ઘણી વખત બને છે કે, જૂદા જૂદા સમયમા રચાયલી બાબતોનો એક ગ્રથના સગ્રહ થાય અને તે આખા સગ્રહને એક નામ આપવામા આવે જેમકે " Percy Reliques " અથવા બંગાળીમા રસિક મોહન ચટ્ટોપાધ્યાયનુ સગ્રહ કરેલુ " ફલિત જ્યોતિષ " અમને તો તેથી એમ જ લાગે છે કે બધા પુરાણો આ પ્રમાણે જ સગૃહીત થયલા. સદરહુ એ પુસ્તકો જો કે હાલના વખતનો સગ્રહ છે, તોપણ તેમા જે બાબતો ભેગી કરી લખેલી છે તે જૂના વખતની છે, એટલે સગ્રહ નવો થયો, તેથી તેમાની સગૃહીત બાબનો કાંઈ નવી થઈ શકતી નથી.

એમ પણ બને છે કે સગ્રહ કરનાર પોતે ઘણી નવી બાબતો રચીને તેમા દાખલ કરી દે છે, અથવા જૂની હકીકતોને નવીન કલ્પના વડે કે અતિશયોક્તિભરેલા અલકારવડે નવા જેવી બનાવી દે છે. વિષ્ણુપુરાણમા તેવુ થયુ નથી, પણ ભાગવતમા ઘણે દરજ્જે એમ થયુ છે ખરૂ

ભાગવતપુરાણ બોપદેવે લખેલુ એમ કહેવાય છે ઈ સના તેરમા સૈકામા એ બોપદેવ દેવગિરિના રાજા હેમાદ્રિનો સભાસદ હતો. ઘણા હિન્દુઓ એ ગ્રથને બોપદેવે બનાવેલો એમ કબૂલ કરતા નથી. વૈષ્ણવો કહે છે કે તેમના શત્રુ શાક્તોએ એ વાત ચલાવી છે.

ખરૂં જોતા ભાગવત પુરાણ છે કે નહિ તે વિષે જ બહુ તકરાર છે શક્તિના ભક્ત શાક્તો કહે છે કે એ ભાગવત પુરાણ જ નથી, દેવી ભાગવત તે જ ભાગવત પુરાણ છે. તેઓ કહે છે " **भगवतः इदं भागवतं** " એવો અર્થ ન કરતા " **भगवत्या इद भागवतं** " એવો અર્થ કરવો જોઇએ.

ઉપર જણાવેલી શકા કેટલાએકના મનમા હોવાથી શ્રીધર સ્વામીએ એ ગ્રથના પહેલા શ્લોકની ટીકા કરતા જ લખ્યુ છે કે " **भागवतं नामान्यदित्यपि नाशंकनीयम्.** " આથી જણાશે કે એ પુરાણ નથી, પરંતુ દેવી ભાગવત જ ખરૂં પુરાણ છે એ શકા શ્રીધર

સ્વામીના વખત પહેલાથી ચાલતી આવેલી, અને તે સબંધે તકરાર પણ ચાલતી આવેલી એ વિવાદને અગે જે સઘળા પુસ્તકો લખાયા છે તેના નામ જ વાચતા એમ લાગશે કે તકરારે આકરૂ રૂપ પકડ્યુ હતું એકનુ નામ "**दुर्जनमुखचपेटिका**", તેના જવાબમા લખાયલી ચોપડીનુ નામ "**दुर्जनमुखमहाचपेटिका**", અને વળી બીજીનુ નામ "**दुर्जनमुखपद्मपादुका**" વળી "**भागवत-स्वरूप-विषय शंकानिरासत्रयोदश**" વગેરે બીજા ઘણા ગ્રંથો એ જ વિષયપર લખાયલા છે. બુરનૂફ (Bournouf) "**चपेटिका**", "**महाचपेटिका**" અને "**पादुका**" ના તરજુમા કર્યા છે, અને વિલ્સને વિષ્ણુપુરાણના તરજુમાની પ્રસ્તાવનામા તેનો સાર આપ્યો છે તે આપણે જોવાની કાંઈ જરૂર નથી, કારણ અત્રે તો સાબિત કરવાનુ એ જ છે કે ભાગવતપુરાણમા પણ કેટલીએક પ્રાચીન બાબતો સમાયલી છે, તેમ ઘણી નવી બાબતો પણ તેમા દાખલ થઈ ગયલી છે. વળી પ્રાચીન બાબતો પણ નાના પ્રકારના અલકાર તથા અતિશયોક્તિ વડે નવા રૂપમા મૂકાઈ છે, એ પુરાણ બીજા ઘણા પુરાણો કરતા નવુ હોવુ જોઇએ, કારણ તેમ ન હોય તો તેના પુરાણત્વ સબંધે આટલો બધો વાદવિવાદ થાય શા માટે ?

જે પુરાણમા કૃષ્ણના ચરિત્રની કાંઈ વાત નથી, તેને આ પુસ્તક જોડે કાંઈ સબધ નથી, માટે તેને વિષે અહિ કાંઈ જ કહેવાની જરૂર નથી કૃષ્ણચરિત્ર સબંધી કાંઈ પણ જેમા પ્રસગ છે તેવા પુરાણ બ્રહ્મ, વિષ્ણુ, ભાગવત અને બ્રહ્મવૈવર્ત્ત એ ચાર છે તેમા વિસ્તારથી તે પ્રસગના વર્ણન કરેલા છે, તેમા બ્રહ્મ અને વિષ્ણુપુરાણની હકીકત એક જ છે, તેથી હવે આપણે વિષ્ણુ, ભાગવત અને બ્રહ્મવૈવર્ત્ત સિવાય બીજા ગ્રંથો જોવાની જરૂર નથી એ ત્રણ પુરાણો માટે જે કાંઈ કહેવાનુ હતુ તે આગળ કહ્યું છે, બ્રહ્મવૈવર્ત સબધે કાંઈક હજુ વિશેષ કહેવાનુ છે તે હવે પછી કહીશુ હાલ તો હરિવંશ વિષે આગળ વિચાર કરીએ

પ્રકરણ ૧૬ મું

હરિવંશ

હરિવંશમા જ કહેલુ છે કે મહાભારતની કથા પૂરી થયા પછી શૌનકાદિ ઋષિની વિનંતિ બહાલ રાખી ઉગ્રશ્રવાએ હરિવંશ કહી સભળાવ્યો આથી એ ગ્રંથ મહાભારત પછી થયો એટલુ તો સિદ્ધ થાય છે, પણ મહાભારત પછી કેટલે કાળે એ ગ્રંથ રચાયો તે નક્કી કરવાની જરૂર છે હરિવંશ વિષે ઇશારો મહાભારતના પર્વસંગ્રહાધ્યાયને છેડે છે, ને તે શ્લોકનો ઉતારો આપણે નવમા પ્રકરણમા કરેલો છે, પરંતુ મહાભારતના અઢારે પર્વની અંદરના વિષયોનુ સક્ષેપ રૂપે એ અધ્યાયમા વર્ણન કર્યું છે તેવુ હરિવંશનુ કાંઈ જ વર્ણન કર્યું નથી એ શ્લોક વાચતા એવુ જણાય છે કે જ્યારે પ્રથમ પર્વસંગ્રહાધ્યાય રચાયો હશે ત્યારે તેમા હરિવંશ સબંધમા કાંઈ જ લખેલુ નહિ હોય. એક લાખ શ્લોકનો મેળ કરી દેવાને માટે કોઈએ એ શ્લોક બનાવી દીધેલો લાગે છે. હાલમા હરિવંશમા ત્રણ પર્વ છે, હરિવંશપર્વ, વિષ્ણુપર્વ, ભવિષ્યપર્વ, સદરહુ મહાભારતના શ્લોકમા માત્ર એ જ પર્વ—હરિવંશ ને ભવિષ્યના—નામ છે, વિષ્ણુપર્વનુ નામ સરખુ પણ નથી, તેમ જ એ બે પર્વના શ્લોકની સખ્યા ૧૨,૦૦૦ ની છે, એમ પણ કહ્યુ છે હાલના ત્રણે પર્વ મળી, ૧૬,૦૦૦ ઉપર શ્લોક છે. માટે જરૂર મહાભારતમા એ શ્લોક લખાયા પછી જ વિષ્ણુપર્વ હરિવંશમા દાખલ થઈ ગયલુ.

બાબુ કાળીપ્રસન્નસિંહે મહાભારતનો બગાળી ભાષામા તરજુમો કર્યો છે, પણ તે માત્ર અઢાર જ પર્વનો તેમા હરિવંશનો સમાવેશ કર્યો નથી, તેનુ કારણ તે નીચે પ્રમાણે જણાવે છે “ મહાભારતના અઢાર પર્વ સિવાય હરિવંશ નામના ગ્રંથને કેટલાક ભારતનુ એક પર્વ ગણે છે, અને તેને આશ્ચર્યપર્વ અથવા ઓગણીસમુ પર્વ કહે છે, પણ ખરૂ જોતા હરિવંશ ભારતનુ પર્વ નથી મૂળ મહાભારત રચાયા પછી ઘણે વખતે પરિશિષ્ટ રૂપે તે ભારતમા દાખલ થઈ ગયુ છે. હરિવંશની રચના, શૈલી, તાત્પર્ય વગેરે જોતા વિચક્ષણ માણસને તરત જણાઈ

આવશે કે તે સાંપ્રત કાળમાં લખાયલો ગ્રંથ હોવો જોઇએ મહાભારતના સ્વર્ગારોહણપર્વમાં હરિવંશ સાંભળવાના ફળ વર્ણવ્યાં છે ખરાં, પણ તેથી કાંઈ એ ગ્રંથનું પ્રાચીનત્વ સાબિત ન થતાં ઉલટું એ સાંભળવાના ફળનું વર્ણન જ પાછળથી તેમાં દાખલ થયું છે એમ સાબીત થાય છે. તેથી જો મૂળ મહાભારતના ગ્રંથ જોડે હરિવંશનો તરજુમો કરવામાં આવે તો લોકોના મનમાં ઉપર જણાવેલો ભ્રમ વધારે દૃઢ થઈ જાય, માટે તેનું ભાષાંતર કર્યું નથી."

વિલ્સન પણ હરિવંશ વિષે એમ જ કહે છે કે "The internal evidence is strongly indicative of a date considerably subsequent to that of the major portion of the Mahabharata.' (H. H. Wilson's Essays, Analytical, Critical and Philosophical on subjects connected with Sanskrit Literature Vol I Dr Reinhold Rost's Edition)

આ વાત ખરી છે, અને મહાભારત લખાયા પછી ઘણે થોડે વખતે હરિવંશ રચાયો હશે એમ કબૂલ રાખીએ તોપણ વિષ્ણુપર્વ તો તેમાં ઘણું જ મોડું ઉમેરાયલું, પણ એ બધા કાળનો નિર્ણય કરવાનું કામ બહુ મુશ્કેલ છે

સુબંધુકૃત વાસવદત્તામાં હરિવંશમાં પુષ્કરપ્રાદુર્ભાવ નામના વૃત્તાન્તનો લેખ છે યૂરોપીઅન પંડિતોએ એવું સાબિત કર્યું છે કે ઇ સ ના સાતમા સૈકામાં સુબંધુ થઈ ગયો, એટલે કે તે વખતે હરિવંશ હસ્તીમાં હતો, એટલું માત્ર નક્કી થાય છે, પરંતુ અસલ તે ક્યારે રચાયલો તે નક્કી થઈ શકતું નથી, પરંતુ એટલું તો કહેવાય કે મહાભારત અને વિષ્ણુપુરાણ પછી, અને ભાગવત તથા બ્રહ્મવૈવર્તપુરાણોની પહેલાં તો તે લખાયલો જ.

આમ કહેવાનું કારણ તથા તેની સાબિતી એ જ આ પુસ્તક—કૃષ્ણચરિત્ર—નું મૂળ સૂત્ર છે એમ કહીએ તો ચાલે. એ કારણ હવે પછીના પ્રકરણમાં જણાવ્યું છે.

પ્રકરણ ૧૭ મું

ઐતિહાસિક પૌર્વાપર્ય

જગદીશ્વર પોતે એક છતા બહુ થવાની ઇચ્છા થવાથી તેણે જગત્ સરજાવ્યુ. આ કારણ—જગતને સરજાવવાનુ—ઉપનિષદ્મા કહ્યુ છે

[सोऽकामयत । बहु स्यां प्रजायेयेति—तैत्तिरीयोपनिषद्, २ वल्ली, ६ अनुवाक.]

અદ્વૈતવાદીઓ જ્યારે ત્યારે આ જ વાત આગળ કરે છે યુરોપના વિજ્ઞાનશાસ્ત્રીઓ વગેરે પણ ઘણા પ્રયત્નો પછી એ અદ્વૈતવાદની ઘણી પાસે આવી પહોચ્યા છે તેઓ પણ એમ જ કહે છે કે શરૂઆતમા જગત્ સમસ્ત એક જ હતુ, ધીમે ધીમે તે બહુતાને પામ્યુ જેને Evolution કહે છે તે મતને માનનારાઓનુ આવુ કહેવુ છે એકમાથી બહુ કર્યુ એટલે કેવળ સખ્યામા જ તેમ થયુ, એમ નહિ પણ તેને એકપણુ અને બહુપણુ—એકાંગિત્વ અને બહ્વંગિત્વ—સમજવા. જેમકે જે અભિન્ન—એક—હતુ તે જૂદે જૂદે અગે ઓળખાવા માડ્યુ. જે Homogeneous હતુ તે પરિણતિ પામી Heterogeneous થયુ Uniform હતુ તે Multifarious થયુ વળી એકલા જડ જગત્મા જ આ પ્રમાણે થયુ એમ નથી. જડ જગત્, જીવ જગત્ માનસ જગત્, સમાજ જગત્, બધે જ એ નિયમ લાગુ પડે છે જગત્ની અદર રહેલા દરેક વિષયમા એમ થયુ છે, જેમકે સાહિત્ય અને વિજ્ઞાન, જે એ સમાજ જગત્ની અદરના વિષયો છે તેમા તેમ થયુ એટલુ જ નહિ પણ સાહિત્યના અતર્ગત વિષયો જેવા કે ઉપન્યાસ અને આખ્યાનો તેમા પણ એ જ ક્રમ ચાલવા માડ્યો, તે એટલે સુધી કે બજારમાની ગપ તથા અફવાઓ પણ એ જ નિયમને તાબે થઈ એક જણે બીજાને કહ્યુ કે " કાલે રાત્રે અધારામા હુ સૂતો હતો, ત્યા એક જાતનો અવાજ સાભળી હુ ખૂબ બીધો " તે બીજો માણસ જરૂર ત્રીજાને મોઢે એમ કહેશે કે, " પેલા ઘરમા કાલે રાત્રે ભૂતે કઈક અવાજ કર્યો હતો. "

તે ત્રીજો વળી ચોથાને મોઢે કહેશે કે "કાલે રાત્રે ફલાણાએ ભૂત જોયુ હતુ." અને તે વળી પાચમાને કહેશે કે "ફલાણાના ઘરમા ભૂતનો ઉપદ્રવ બહુ વધી પડયો છે,' અને છેવટ લોકોમા એવી વાત ચાલશે કે ભૂતના ઉપદ્રવથી આખુ કુટુબ ત્રાહે ત્રાહે પોકારે છે

બજારની ગપોમાજ આવો ફારફેર થાય છે એમ નથી, પણ પ્રાચીન ઉપાખ્યાનોને સબધે પણ એમ થતુ આવ્યુ છે પહેલ વહેલુ તો તેનુ નામ પડે છે. જેમકે 'વિષ' ધાતુપરથી વિષ્ણુ, પછી તેનુ રૂપક થાય છે, જેમકે વિષ્ણુને ત્રણ પગ છે પછી કોઈ એમ કહે છે કે તેનો અર્થ સૂર્યનો ઉદય, મધ્યાહ્નની સ્થિતિ અને અસ્ત એવો કરવો, કોઈ કહે છે કે ઇશ્વરનુ ત્રણે લોકમા વ્યાપી રહેવુ એવો કરવો, અને કોઈ કહે છે કે ભૂત, વર્તમાન અને ભવિષ્યની સજ્ઞા એવો કરવો પછી ત્રીજુ પગલુ તે ઇતિહાસ–જેમ કે બળી રાજા અને વામનનો વૃત્તાન્ત ચોથુ પગલુ, એ ઇતિહાસમા મીઠુ મરચુ ઉમેરવુ તે. જેનો દાખલો પુરાણોમાથી મળી આવે છે

આ નિયમના ઉદાહરણ તરીકે ઉર્વશી પુરૂરવાનુ આખ્યાન આ પણે લઈએ એ કથાની પહેલી અવસ્થા યજુર્વેદસહિતામાથી જડી આવે છે ત્યા ઉર્વશી ને પુરૂરવા એ માત્ર અરણિ નામના લાકડાના બે કટકાના નામ છે વેદના સમયમા દીવાસળી કે ચકમક હતા નહિ તેથી યજ્ઞનો અગ્નિ ચેતાવવામા તે વપરાતા નહિ એક લાકડાના કટકાને બીજા લાકડાના કટકા જોડે ઘસી તેમાથી દેવતા પાડવામા આવતો હતો આ ક્રિયાને "**अग्निचयन**" (દેવતા ભેગો કરવો) કહેતા હતા, અને તેમ કરવા માટે મત્ર ભણવામા આવતા એ મત્ર યજુર્વેદ સહિતામા (માધ્યન્દિની શાખામા) પાચમા અધ્યાયના બીજા કાડમા છે તેના ત્રીજા મત્ર વડે એક કટકાને તથા પાચમા વડે બીજાને પૂજવામા આવતા એ બંને મત્રોનો ભાવાર્થ નીચે પ્રમાણે છે

હે અરણિકાષ્ઠ ! અગ્નિની ઉત્પત્તિ કરવા માટે અમે તને સ્ત્રી રૂપે કલ્પીએ છીએ, આજથી તારૂ નામ ઉર્વશી. ૩

[હવે ઉત્પત્તિને માટે એકલી સ્ત્રી હોય તે ચાલે નહિ પુરૂષ પણ જોઇએ, તેથી ઉપર કહેલા કાષ્ઠના કટકાપર બીજો કટકો મૂકી નીચેનો મંત્ર ભણવામા આવતો]

હે અરણિકાષ્ઠ ! અગ્નિની ઉત્પત્તિ કરવા માટે અમે તને પુરૂષ રૂપે કલ્પીએ છીએ આજથી તારૂ નામ પુરૂરવા ૫

• અરણિ જેને અડકેલો તેવુ ઘી તેનુ નામ "આયુ" તરીકે ચોથા મંત્રમા આપ્યુ છે

આ પહેલુ પગલુ બીજુ પગલુ, ઋગ્વેદસંહિતાના ૧૦ મા* મંત્રનું ૯૫ મુ સૂક્ત કે જ્યા ઉર્વશી ને પુરૂરવા તે માત્ર લાકડાના કટકા નહિ પણ નાયકનાયિકા રૂપે દેખા દે છે પુરૂરવાને ઉર્વશીનો વિરહ થશે એવી શંકા ઉભી થાય છે. આ જ રૂપક અવસ્થા ઉર્વશી રૂપકમા જ પુરૂરવાને કહે છે "હે પુરૂરવા ! તુ દરરોજ ત્રણ વખત મારી સાથે ભોગ કરે છે" યજ્ઞના ત્રણ અગ્નિ આ ઉપરથી સમજાય છે† વળી ઉર્વશી પુરૂરવાને "ઇલાપુત્ર" કહી સંબોધે છે "ઇલા"નો અર્થ પૃથ્વી, અને પૃથ્વીનો પુત્ર તે અરણિકાષ્ઠ

હવે મહાભારતમા એ બધુ બદલાઈ જઈ પુરૂરવા તે ચંદ્રવંશનો રાજા થઈ જાય છે ચંદ્રનો છોકરો બુધ, તેનો છોકરો ઇલા, ને તેનો છોકરો પુરૂરવા. ઉર્વશીથી એને છોકરો થયો તેનુ નામ આયુ ઉપરના મંત્રપરથી વાચકને જણાયુ હશે કે જેને અરણિ અડકેલો એવુ ઘી તે આયુ મહાભારતમા એ આયુના પુત્રનુ નામ નહુષ છે, તેના પુત્રનું

---

* યુરોપીઅનોનુ કહેવુ એમ છે કે બીજી બધી સંહિતા કરતાં ઋગ્વેદ સંહિતા જૂની છે પરંતુ ખરૂ જોતા તેમ નથી. કારણ એક સંહિતા બીજીના કરતા જૂની છે એમ નથી, પરંતુ તેમાના કેટલાક મંત્રો વિષે એ વાત ખરી છે, એટલે કે ઋગ્વેદ સંહિતાના કેટલાક મંત્રો યજુર્વેદના મંત્રો કરતા જૂના છે, અને કેટલાએક તેના કરતા આધુનિક છે.

† મેકસમ્યૂલર આદિ આનો જૂદો અર્થ કરે છે ઉર્વશી તે પરોઢ અને પુરૂરવા તે સૂર્ય. પરંતુ તે ઉપરના મંત્ર તથા ત્રણ વારના સંસર્ગનો ખુલાસો અત્રે આપ્યો છે તે જ ખરો લાગે છે.

નામ યયાતિ. યયાતિના ઘણા પુત્રોમાથી એના નામ, યદુ અને પુરૂ હતા, તેમાથી યદુ તે જાદવોનો આદિપુરૂષ અને પુરૂ તે કૌરવ પાંડવોના કુટુબનો મૂળ પુરૂષ આ ત્રીજી અવસ્થા–કે જેમા અરણિનુ લાકડુ મોટા ઐતિહાસિક શહેનશાહની પદવીએ પહોચી ગયુ છે

ચોથી અવસ્થા વિષ્ણુ, પદ્મ વગેરે પુરાણોમા દેખાય છે, તેમા ત્રીજી અવસ્થાનો સઘળો ઇતિહાસ અતિશયોક્તિથી ભરપૂર થઈ ગયો છે. તેના એક બે નમૂના અત્રે આપ્યા છે

"ઉર્વશી ઇન્દ્રની સભામા નાચતા નાચતા પુરૂરવાને જોઈ એટલી મોહિત થઈ ગઈ કે તેના નાચની તાલ તૂટવા માડી અને તેથી ઇન્દ્રના શાપથી અઢીહજાર વર્ષ તેને સ્વર્ગ છોડી પૃથ્વીપર પુરૂરવા જોડે રહેવુ પડયુ"

વળી એ જ વાત બીજે રૂપે પણ કહેવાઈ છે.

"આગળના વખતમા કોઈ એક કાળે ભગવાન વિષ્ણુ ધર્મપુત્ર થઈને ગંધમાદન પર્વતપર ભારે તપસ્યા માડી બેઠા હતા એ ઉગ્ર તપ જોઈ ઇન્દ્રને બીક લાગી અને તેથી તેમા ભગાણુ પડાવવાને તેણે વસત તથા કામદેવને અપ્સરા સાથે મોકલ્યા પણ તેમનાથી કાઈ વળ્યુ નહિ, ત્યારે તે અપ્સરાઓની જાગ(ઊરૂ)માથી કામદેવે એને (ઉર્વશીને) સરજાવી અને તેણે વિષ્ણુના તપમા ભગ પડાવ્યો તેથી ઇન્દ્રને બહુ સંતોષ થયો અને તેના રૂપથી મોહિત થઈ પોતે તેને ગ્રહણ કરવા ઇચ્છા બતાવી, તેની તેણે સમ્મતિ આપી પછી મિત્ર અને વરૂણદેવે પણ તેના તરફ એવી જ ઇચ્છા બતાવી, જેને માટે તેણે હા કહી નહિ, તેથી તેઓએ તેને શાપ દીધો, અને તેટલા માટે તે મનુષ્યને પાલવે પડી–મતલબ કે પુરૂરવાની સ્ત્રી થઈ"

આ બધી હકીકત જોતા સહેજ એમ લાગશે કે તેમા યજુર્વેદ સહિતાવાળો મત્ર સૌથી પહેલો, પછી ઋગ્વેદ સહિતાવાળો મત્ર, પછી મહાભારતની હકીકત, અને છેવટ પદ્માદિ પુરાણોમાથી હકીકત, એવો એ ઉપાખ્યાનનો ક્રમ હોવો જોઈએ

આગળ ચાલતા કૃષ્ણચરિત્રની જે જે હકીકત જણાવવામા આવશે

તે સર્વે આ જ નિયમને અનુસરી કહેવામા આવશે તેના એક બે ઉદાહરણ અત્રે આપીશુ દાખલા રૂપે પૂતનાનો વધ લઇએ.

આ બનાવની પહેલી અવસ્થા કોઈ જગાએ જોવામા આવતી નથી ઉપરના ઉદાહરણમા જેમ "વિષ્" ધાતુપરથી વિષ્ણુ શબ્દ આવ્યો છે, એવુ કોશમાથી જણાય છે, તેમ એ શબ્દની પહેલી અવસ્થા માત્ર ભાષાના કોશ–Dictionary માથી જ જડે છે પછી એનો ખરેખરો અર્થ સુવાવડમા નાના બાળકને થતો રોગ (Atrophy) એવો થયો. પણ શકુનિ–ગીધ પક્ષીને પણ પૂતના કહે છે, તેથી મહાભારતમા પૂતના તે જ શકુનિ એમ થયુ વળી વિષ્ણુપુરાણમા તેથી પણ એક પગથીયુ આગળ વધ્યુ, તેને રૂપક આપવા માડયુ. પૂતના, "બાળઘાતિની," નાના છોકરાંનો નાશ કરનાર, બહુ બીહામણી, મોટા શરીરવાળી અને એવી કે જેને જોઈ નન્દ ડરી ગયા અને અચબો પામ્યા, એ રૂપે વર્ણવાઈ. પરતુ હજુ એટલે વિષ્ણુપુરાણમા તો તે માનવી* રૂપે ગણાઈ છે પણ હરિવંશમા એ બને બાબતોનુ મિશ્રણ થઈ ગયુ પૂતના માનવી રૂપે રહી ખરી, કારણ તે કંસની દાઇએણ હતી, પરતુ તે મોહ પમાડે એવુ પક્ષીરૂપ લઈ વ્રજમા આવી મતલબ કે હવે રૂપકત્વ નહિ પણ આખ્યાન અથવા ઇતિહાસની અવસ્થા આવી, એટલે ત્રીજી અવસ્થાનો પહેલો પ્રવેશ અહિ થયો છેવટે ભાગવતમા તેનો પૂરેપૂરો અત આવ્યો, એટલે ત્યા પૂતના એ રોગનુ નામ પણ નહિ, પક્ષિણી પણ નહિ, માનવી પણ નહિ, પરતુ પૂતના તે ઘોર રૂપવાળી રાક્ષસી થઈ ગઈ, છ ગાઉ જેટલુ લાબુ તો જેનુ શરીર, એક એક દાત હળના દાતા જેવો, નાકનાં નસકોરા તે પર્વતની ખીણ જેવા ઊંડા, સ્તન તે નાના સરખા પહાડ, આખ તે મોટા કૂવા, પેટ તે પાણી વગરના જલાશય જેવુ, વગેરે વગેરે આ તેના શરીરનુ વર્ણન જે અસલ માત્ર એક રોગનુ નામ તે ધીમે ધીમે આવી મોટી રાક્ષસીનુ રૂપ ધારણ કરે તે જોઈ જરૂર વાચકને આનદ થશે આ રાક્ષસી તે ચોથી અવસ્થા.

---

* કોઈ અનુવાદકર્ત્તાએ "રાક્ષસી" એવું અનુવાદમાં બેસાડી દીધું છે, વિષ્ણુપુરાણ મૂળમાં એવું નથી.

વળી આ ઉપરથી જણાય છે કે એમા પહેલો મહાભારતનો, પછી વિષ્ણુપુરાણ(પાચમા અશ)નો પછી હરિવશનો, પછી ભાગવતનો વારો આવે છે

એક બીજુ ઉદાહરણ લઇએ "કાલ" શબ્દમા 'ઇય" પ્રત્યય ઉમેરતા "કાલિય" થાય છે એ નામ મહાભારતમા નથી, વિષ્ણુપુરાણમા તેની હકીકત છે તે વાચતા સમજાય છે કે કાળ તથા કાળનો ભય નિવારણ કરનાર કૃષ્ણપાદપદ્મ સબધી તેમા એક રૂપક છે સાપને જોકે માત્ર એક જ ફેણ હોય છે તો પણ વિષ્ણુપુરાણમા 'મધ્યમ ફેણ" ને વિષે લખેલુ છે મધ્યમ કહીએ એટલે ત્રણની સખ્યા તો હોય જ, તેથી એમ સમજાય છે કે ભૂત, વર્ત્તમાન ને ભવિષ્ય સૂચવનારી 'કાલિય" ને ત્રણ ફણા હતી પરતુ હરિવશ લખનાર કા તો આ રૂપક સમજતો ન હોય કે પછી તેને કા તો નવો અર્થ આપવો હોય, ગમે તેમ હોય, પણ તેણે તેમા બે ફેણ વધારી દીધી ભાગવત લખનારને તેટલેથી સતોષ ન થયો, તેણે તો એકદમ હજાર ફેણ કરી દીધી આથી પણ સિદ્ધ થાય છે કે પહેલા ભારત, પછી વિષ્ણુપુરાણ, પછી હરિવશ અને પછી ભાગવત

આગળ ચાલતા આવા ઘણા દાખલા મળી આવશે, તેથી હાલ બીજા વધારે આપવાની જરૂર નથી જે પુસ્તકમા અમૌલિક, અનૈસર્ગિક અને ઉપન્યાસનો ભાગ જેમ વિશેષ તેમ તે વધારે તાજુ, એ નિયમ પ્રમાણે જોતા, કૃષ્ણચરિત્રના ગ્રથોનો ક્રમ નીચે પ્રમાણે નક્કી થાય છે

૧ મહાભારતનો પહેલો થર ૨ વિષ્ણુપુરાણનો પાચમો અશ,
૩ હરિવશ. ૪ શ્રીમદ્‌ભાગવત.

આ સિવાય બીજા ગ્રથો ઉપયોગી નથી મહાભારતનો બીજો તથા ત્રીજો થર મૂળ નથી એમ ધારી તે ઉપયોગમા લઇશુ નહિ. પરતુ તે ભાગ નવા અથવા તાજા છે તે બતાવવા કોઈ કોઈ જગાએ તેનો ઇશારો કરવો પડશે બ્રહ્મપુરાણ તરફ જોવાની કાઈ જરૂર નથી, કારણ વિષ્ણુ ને બ્રહ્મપુરાણનો મજકૂર એક જ છે બ્રહ્મવૈવર્ત્તપુરાણ પણ દૂર

રાખીશુ, કારણ તેનુ અ શ નાશ પામ્યુ છે, છતા શ્રીરાધાના વૃત્તાન્ત માટે એ પુસ્તકનો ઉપયોગ કરવો પડશે બીજા પુરાણોમા કૃષ્ણચરિત્રનો અહવાલ બહુ ટૂકામા છે, એટલે તે આપણા કામને માટે નિરૂપયોગી છે વિષ્ણુપુરાણના પાચમા ઉપરાત ચોથા ભાગની વખતે જરૂર પડશે, કારણ તેમા સ્યમન્તકમણિ, સત્યભામા અને જામ્બુવતીના વૃત્તાન્તો છે

બધા પુરાણોમા કયો કયો ભાગ નવો ઉમેરાયો છે તે નક્કી કરવુ અઘરૂ છે મહાભારતમા જે જે લક્ષણ મળે છે તે તે હરિવ તથા પુરાણમા મળવા મુસ્કેલ છે, છતા મહાભારત માટે આપણે જે બે નિયમ બાધ્યા છે, તે પુરાણો માટે પણ ચાલી શકશે, કે જે અસ્વાભાવિક તે નવુ, અને જે સ્વાભાવિક લાગે છતા તેમા ખોટાપણાના લક્ષણ જણાઈ આવે તો તે પણ નવુ, માટે તે બે છોડી દેવા

આ નિયમાનુસાર હવે આપણે કૃષ્ણનુ ચરિત્ર તપાસીશુ

ખંડ બીજો

વૃંદાવન

यो मोहयति भूतानि स्नेहपाशानुबन्धनैः ।
सर्गस्य रक्षणार्थाय तस्मै मोहात्मने नम. ॥

शांतिपर्व, ४७ अध्याय.

ખંડ બીજો

વૃંદાવન

પ્રકરણ ૧ લું

જદુવંશ

ઉપર પુરૂરવાના પુત્રનુ નામ આયુ હતુ એમ આપણે જોયુ અને વળી જોયુ કે યજુર્વેદમા આયુ તે યજ્ઞનુ ઘી પરતુ ઋગ્વેદસહિતાના ૧૦ મા મડળમા તે ઐતિહાસિક રાજા રૂપે દેખા દે છે એ મડળના ૪૯મા સૂક્તનો ઋષિ વૈકુઠ ઇંદ્ર તે કહે છે કે “ મે આયુને વશીભૂત કરી દીધો છે ”

આયુના પુત્ર નહુષ તથા તેના છોકરા યયાતિના નામ પણ ઋગ્વેદસહિતામા છે તેના પાચ છોકરા કહ્યા છે. ઇતિહાસ પુરાણમા મોટાનુ નામ યદુ, નાનાનુ પુરૂ, અને બાકીના ત્રણના નામ તુર્વસુ, દ્રુહ્યુ, અને અણુ એમાના યદુ, તુર્વસુ, તથા પુરૂના નામ ઋગ્વેદસ-હિતામા છે (મડળ ૧૦–સૂક્ત ૪૮–૪૯) પરતુ તેઓ યયાતિના પુત્ર કે એક બીજાના ભાઈ થાય તે ત્યા કહ્યુ નથી

એમ કહેવાય છે કે યયાતિના ચારે પુત્રોએ તેમના બાપની આજ્ઞા ન પાળવાથી તેમને ચારેને તેણે શાપિત કરી, પોતાનુ રાજપાટ

નાના છોકરાને સોપ્યુ તે પુરૂના વશમા દુષ્યત, ભરત, કુરૂ, અજ-મીઢ વગેરે રાજાઓ થઈ ગયા દુર્યોધન, યુધિષ્ઠિર વગેરે કૌરવો તે એ જ પુરૂના વશના, અને કૃષ્ણ વગેરે જાદવો તે જદુના વશના. પુરાણોમા બધે એ જ ઇતિહાસ મળી આવે છે કે યયાતિના પુત્ર યદુના વશમાથી જ મથુરાવાસી યાદવોની ઉત્પત્તિ થઈ

હવે હરિવશમાની હકીકત તપાસીએ. હરિવશના હરિવશપર્વમા યદુવશની કથા છે, તેમા તેને યયાતિનો પુત્ર જ કહેલો છે વિષ્ણુપર્વમા જૂદી વાત છે તેમા એમ કહેલુ છે કે ઇક્ષ્વાકુ વશનો હર્યશ્વ નામે એક અયોધ્યાનો રાજા હતો, તેનુ લગ્ન મધુવન(મથુરા)ના રાજા મધુની કન્યા મધુમની જોડે થયુ હતુ હર્યશ્વને કાઈ કારણને લીધે અયોધ્યા છોડવુ પડયુ, તેથી તે પોતાના સસરાને ઘેર આવી રહ્યો ત્યા તેને યદુ નામે પુત્ર થયો, અને તે તેના બાપના મરી ગયા પછી રાજા થયો એ યદુનો પુત્ર માધવ, માધવનો સત્વત, અને સત્વતનો ભીમ મધુના છોકરા લવણને રામના ભાઈ શત્રુઘ્ને હરાવી તેનુ રાજ્ય લઈ મથુરા નગર વસાવ્યુ હરિવશમા કહ્યુ છે કે એ લોકો મથુરા છોડી ગયા પછી ભીમે તે પાછુ લીધુ અને તેથી મથુરાના યાદવો તે એ મૂળ પુરૂષ યદુના વશજો

ઋગ્વેદસહિતામા (મડળ ૧૦ સૂક્ત ૬૨) યદુ ને તુર્વા-(તુર્વસુ)ના નામ છે (૧૦ ઋક્), પરતુ તેઓને દાસ જાતિના રાજા કહ્યા છે.

હવે એ મડળના ૪૯મા સૂક્તમા ઈંદ્રિ કહે છે કે " તુર્વસુ અને યદુ એ બને બળવાન હોવાથી તેમને મે કીર્ત્તિમાન કર્યા છે " છતા એ જ સૂક્તની ૩જી ઋક્‌મા કહ્યુ છે કે " મે દસ્યુ નામની જાતિને આર્ય જાતિમા ગણી નથી." ત્યારે હવે દાસ જાતિના રાજાને એણે કીર્ત્તિમાન કર્યા એનો અર્થ શો ? એ યદુને આર્ય કે અનાર્ય કહેવો તે સમજાતુ નથી.

વળી પહેલા મડળના ૩૬મા સૂક્તની ૧૮મી ઋક્‌નો અર્થ એવો છે કે, " અગ્નિ દ્વારા તુર્વસુ, યદુ અને ઉગ્રદેવને અમે દૂરથી બોલા-

નીએ છીએ. ' અનાર્ય-જગલી રાજાઓને આર્ય ઋષિઓ આ પ્રમાણે કહે ખરા ?

તે ગમે તેમ હો, પણ આપણને ત્રણ યદુ વિષે વાત મળે છે

(૧) યયાતિ-પુત્ર, (૨) ઇક્ષ્વાકુવશજ, (૩) જગલી રાજા

આમાથી કયા યદુના વશમા કૃષ્ણનો જન્મ થયલો તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે. એ યાદવો મથુરા સિવાય બીજે કાંઈ રહેલા જણાતા નથી, અને ઇક્ષ્વાકુ વશના રાજાઓએ જ મથુરા બનાવ્યુ તેથી આપણાથી ખાત્રીપૂર્વક કહી શકાય નહિ કે યાદવો ઇક્ષ્વાકુ વશના નહિ જ હોય

જે યદુવંશમા કૃષ્ણનો જન્મ થયલો તે જ વશમા મધુ, સત્વત, વૃષ્ણિ, અધક, કુકુર અને ભોજ વગેરે રાજાઓ જન્મ્યા હતા એ વૃષ્ણિ, અંધક, કુકુર અને ભોજ વશજો મથુરામા જ વસતા હતા. કૃષ્ણ વૃષ્ણિના કુટુબના અને કસ અને દેવકી ભોજના કુટુબના કસ અને દેવકીનો પિતામહ એક જ.

પ્રકરણ ૨ જું

કૃષ્ણનો જન્મ

કસના બાપ ઉગ્રસેન યાદવોના અધિપતિ હતા, અને કૃષ્ણના પિતા વસુદેવ, તે દેવકીના સ્વામી થાય

જ્યારે દેવકીના લગ્ન પછી વસુદેવે તેને પોતાને ઘેર આણી ત્યારે કસને તેના પર એટલુ બધુ હેત હતુ કે તેણે તેમનો રથ પોતાને હાથે હાકયો હતો એ રથ હાકતો હતો તેવામા એવી આકાશવાણી થઈ કે એ દેવકીના ગર્ભમા પાકેલો આઠમો બાળક તેનો વધ કરશે એ સાભળી પોતાનુ રક્ષણ કરવા માટે કસ ત્યા ને ત્યા જ દેવકીને મારી નાખવા તૈયાર થયો. પણ વસુદેવે તેને શાત પાડી કહ્યુ કે એને પેટે જેટલા છોકરા થશે તે બધા હુ મારી જાતે આવી તને સોપી જઇશ આને

લીધે જો કે તે સમયે દેવકીનો જીવ બચ્યો છતાં કંસે વસુદેવ દેવકીને ઘણાં હેરાન કરવા માંડયાં, અને તેમાંના પહેલા છએ છોકરાને મારી નખાવ્યાં સાતમું છોકરૂં તો ગર્ભમાં જ મરી ગયું જો કે પુરાણમાં તો એવી કથા છે કે વિષ્ણુની આજ્ઞા પ્રમાણે યોગનિદ્રાએ તે ગર્ભનું આકર્ષણ કરી વસુદેવની બીજી સ્ત્રીના ગર્ભમાં તે મૂકી દીધું હતું.

એ સ્ત્રીનું નામ રોહિણી હતું મથુરા પાસે ઘોષ(વ્રજ)પલ્લી નામના નેસડામાં નન્દ નામનો એક ભરવાડ (ગોપ) રહેતો હતો, અને તેને ને વસુદેવને સારો બનાવ હતો, તેથી પોતાની સ્ત્રી રોહિણીને તેણે ત્યાં જ રાખેલી, અને ત્યાં તેને છોકરો જન્મ્યો, એ છોકરો તે બળરામ

દેવકીનો આઠમો ગર્ભ તે શ્રી કૃષ્ણ પોતે એ બાળકનો જન્મ થયો કે તરત જ વસુદેવ તેને નન્દને ઘેર રાત્રે ને રાત્રે લઈ ગયા તે જ રાત્રે નન્દની સ્ત્રી જસોદાને એક છોકરી પ્રસવી હતી પુરાણમાં એવું કહ્યું છે કે એ છોકરી તે ઉપર જણાવેલી યોગનિદ્રા દેવી કે જેણે યશોદાને થોડોક વખત બેહોશ (મુગ્ધ) કરી દીધેલી, જેનો લાભ લઈ વસુદેવ પોતાના છોકરાને તેની પાસે મૂકી છોકરીને લઇને પોતાના ઘર તરફ પાછા આવતા રહ્યા એ કન્યાને પોતાની છોકરી છે એમ કહી તેણે કંસને સોંપી દીધી કંસ તેને મારી નાખી શક્યો નહિ, કારણ તે આકાશ તરફ ઉડી ગઈ, અને આકાશ તરફ જતાં જતાં યોગનિદ્રા કંસને કહેતી ગઇ કે તારો નાશ કરનાર જન્મી ચૂક્યો છે એ બનાવ બન્યા પછી કંસે પોતાની બેનને કેદખાનામાંથી છૂટી કરી, અને કૃષ્ણ નન્દને ત્યાં ઉછરવા લાગ્યા

આ બધી વાત અનૈસર્ગિક–બની ન શકે તેવી–લાગે છે, અને તેથી આગળ નક્કી કરેલા નિયમ પ્રમાણે તે આપણે માની શકતા નથી છતાં એમાં થોડું ઇતિહાસનું તત્ત્વ પણ મળી આવે છે, કે કૃષ્ણ મથુરામાં યદુવંશમાં દેવકીને પેટે, વસુદેવનાથી જ જન્મેલા બહુ જ બચપણમાં તેમના પિતા તેમને નન્દને ત્યાં મૂકી આવેલા, પરંતુ તેમ કરવાનું–કૃષ્ણને નન્દને ઘેર છૂપાવી રાખવાનું–કારણ કંસનો નાશ

કરનાર મનુષ્ય જન્મ્યો છે એવી દેવવાણી, અથવા કે કંસને પોતાના જીવની બ્હીક લાગતી હતી, તે નહિ ભાગવત, પુરાણ, મહાભારત વગેરેમા જણાવેલુ છે કે એ અરસામા કંસે બહુ દુરાચરણ કરવા શરૂ કર્યાં હતા ઔરંગજેબની માફક, તેણે પણ તેના પિતા ઉગ્રસેનને ગાદીએથી ઉઠાડી મૂકી રાજ્યની લગામ પોતાના હાથમા લઈ લીધી હતી, અને યાદવો પર એવો જુલમ કરવા માડયો હતો કે તેમાના ઘણાખરા મથુરા છોડી બીજે ગામ જઈ વસેલા વસુદેવે પણ પોતાની બીજી સ્ત્રી રોહિણી તથા તેના પુત્રને નન્દને ત્યા મોકલી દીધેલા, અને તેથી કંસની બ્હીકથી કૃષ્ણને પણ ત્યા છૂપાવી રાખ્યા હોય એ સંભવિત છે, અને ઇતિહાસની નજરે જોતા બની શકે તેવુ છે

પ્રકરણ ૩ જું

કૃષ્ણનુ બાળપણ

કૃષ્ણના બાળપણ વિષે પુરાણમા ઘણી અસ્વાભાવિક વાતો લખી છે તેમાની એક પછી એક કેટલીક નીચે આપી છે

(૧) પૂતનાવધ–પૂતના તે કંસે મોકલેલી રાક્ષસી, તે રૂપાળી સ્ત્રીનો વેષ લઈ કૃષ્ણને મારી નાખવા નન્દને ઘેર આવેલી તેણે પોતાના થાનને ઝેર લગાડેલુ અને જેવા કૃષ્ણને તેણે ધવડાવવા માડયા કે તેમણે તેને એવી હેરાન કરી કે તેના પ્રાણ બ્હાર નીકળી પડયા અને તેથી તેણે પોતાનુ અસલ રૂપ પકડયુ અને જમીનપર પડી છ ગાઉ સુધીની લાબી જગા રોકી લીધી.

શિશુપાળવધપર્વાધ્યાયમા મહાભારતમા પણ પૂતનાવધનો પ્રસગ લીધેલો છે પૂતનાને શિશુપાળ શકુનિનુ નામ આપે છે, અને તેનો અર્થ ગીધ, સમડી, શ્યામા પક્ષી (કોયલ) વગેરે થાય છે, અને તેથી એક બળવાન છોકરૂ એવુ એક નાનુ પક્ષી મારી નાખે તેમા કાંઈ નવાઈ જેવુ નથી.

આ સિવાય પૂતનાનો એક બીજો અર્થ છે* આપણે જેને આકડી આવવી, (સુકતાન થવુ) એવો રોગ કહીએ છીએ તે રોગ નાના બાળકને થાય છે અને " પૂતના ' કહેવાય છે જો છોકરૂ જોરથી ધાવવા માડે છે તો એ રોગ રહેતો નથી, તેથી વખતે તેને જ પૂતનાવધ કહ્યો હોય

(૨) ગાડાનુ ઉલટાઈ જવુ–જસોદા કૃષ્ણને એક ગાડા નીચે સુવાડીને એક વખત ક્યાક ગયલી અને તેટલામા કૃષ્ણનો પગ લાગવાથી તે ગાડુ ઉલટાઈ ગયુ ઋગ્વેદસહિતામા ઈન્દ્રને હાથે ઉષાનુ ગાડુ ભાગી જવાની એક વાત છે. આ કૃષ્ણે ઉલટાવી નાખેલા ગાડાની કથા વખતે તે અસલ રૂપકનો નવો સસ્કાર હોય તેમ બની શકે કૃષ્ણની લીલામા વેદના ઘણા ઉપાખ્યાનો દાખલ થઈ ગયા છે, એવુ માનવાને ઘણા કારણો છે

(૩) કૃષ્ણે પોતાની માતાના ખોળામા પડ્યા પડ્યા વિશ્વભરનુ રૂપ ધારણ કરેલુ, અને પોતાના ખુલ્લા મોઢામા યશોદાને આખુ વિશ્વ બતાવેલુ આ વાત પહેલ વહેલી ભાગવતમા જ મળી આવે છે, અને તેથી વખતે ભાગવતકારની બનાવી કાઢેલી કથા હશે

(૪) તૃણાવર્ત—તૃણાવર્ત નામનો અસુર એક વખત કૃષ્ણને આકાશમા ઉપાડી લઈ ગયલો આ કથાનુ વર્ણન જોતા તે વટોળીઆને સબધે લખાયલી લાગે છે કારણ ભાગવતમા કહ્યુ છે કે એ રાક્ષસ વટોળીઆનુ રૂપ ધારણ કરીને આવેલો, એ વાત પણ પહેલી ભાગવતમાથી જ જડી આવે છે, અને તેથી તે પણ બનાવટી જ લાગે છે તેમ વળી નાના છોકરાને વટોળીઓ ઉપાડી જાય તેમા કાઈ વિચિત્રપણુ પણ નથી

---

* पूतना, Yellow myrobalan 2 Name of a female demon killed by कृष्ण 3 A disease, atrophy and wasting in a child, ascribed to the malignant operations of the female fiend पूतना (पूत् to be pure) Also पूत् an imitative word expressive of hard breathing or blowing

(૫) કૃષ્ણે એક વખત માટી ખાધેલી અને તે વાત નાકબૂલ કરવાથી જસોદાએ તેમનુ મોઢુ ઉઘાડી જોવા માડયુ, કૃષ્ણે મોઢુ ઉઘાડયુ તો તેમા આખુ બ્રહ્માડ જસોદાને જણાયુ આ પણ કેવળ ભાગવતકારની બનાવી કાઢેલી વાત છે

(૬) ભાગવતમા એમ પણ કહેલુ છે કે કૃષ્ણને ચાલતા આવડયુ એટલે તેમણે ગોપીઓને ઘેર જઈને બહુ તોફાન કરવા માડયુ, એમના બીજા તોફાનોમા દહિમાખણ ચોરી ખાવાનુ મુખ્ય હતુ એ વાતો નથી વિષ્ણુપુરાણમા કે નથી મહાભારતમા

હરિવશમા એ વાતનો થોડો પ્રસગ છે ખરો, પરતુ ભાગવતમા તે બહુ જ વિસ્તારથી લખેલો છે જે નાના બચ્ચાને જન્મતી વખત ધર્મ કે અધર્મ શુ તેનુ જ્ઞાન હોય નહિ તે ખાવાના પદાર્થ ચોરી ખાય તેમા કાઈ દોષ ગણાય નહિ પરતુ જે કૃષ્ણને તમે ઇશ્વરના અવતાર તરીકે ગણતા હો તેને નાનપણમા કે મોટપણમા કોઈ પણ જાતનુ જ્ઞાન ન હોય એવુ માની શકાય નહિ આનો જવાબ કૃષ્ણના ભક્તો એવી રીતે આપે કે જે ઇશ્વર કરે તે ચોરી કહેવાય નહિ, જે આખા જગતનો માલિક છે, આખી પૃથ્વીપરતુ ઘી, માખણ, દહિ જેણે પોતે બનાવ્યુ છે, તે વળી કોઈનો માલ લઈ લે તે ચોરી કહેવાય? ન કહેવાય, કારણ સર્વસ્વ તેનુ જ છે જો તેને મનુષ્યના ધર્મ પ્રમાણે ચાલનાર ગણો તો પછી માનવ ધર્મ પ્રમાણે ચોરી કરવી તે પાપ ગણાય પરતુ તેનો રદીઓ તેઓ એવો આપે કે એવા નાના છોકરા જે કાઈ કરે છે તે પાપ કહેવાય નહિ, કારણ તેઓને ધર્માધર્મનુ જ્ઞાન હોતુ નથી પરતુ એ બધી વાતોનો વિચાર કરવાની આપણને જરૂર નથી, કારણ એ સઘળી વાતો વગર પાયાની છે માત્ર ભાગવતમા જ તેનુ મૂળ છે, અગર જો કે ભાગવત લખનારે બહુ મનોહર ભાવે એ કથાઓ કહી છે કારણ તે એમ કહે છે કે દહિમાખણની ચોરી કૃષ્ણ પોતાને સારૂ કરતા નહોતા. ચોરી કરીને વાદરાઓને ખવડાવી દેતા અને જો વાદરાઓને ખવડાવવાનુ તેમને ન મળતુ તો તે પડયા પડયા રડયા

કરતા **ભાગવતકાર** કહી શકે છે કે કૃષ્ણની બધાઓ પર સરખી દૃષ્ટિ હતી, ગોપીઓ મરજી માફક દૂધ માખણ ખાય, અને વાંદરાઓને કંઈ મળે નહિ તેથી ગોપી પાસેથી લઈ તે વાનરોને આપતા, કારણ આખી દુનિયાના ઈશ્વર પાસે ગોપી અને વાંદરા બંને દહિ માખણ ખાવા સરખા જ અધિકારી હતા

એ બાળક સૌનુ દુખ તોડવાને અને સૌને મદદ કરવાને હમેશ તત્પર રહેતુ તિર્યક જાતના વાનર સાઉ જે ચિંતા એણે બતાવેલી તે એ જ ગુણને લીધે, તેમ જ એક ગરીબ દુખી ફળ વેચનારી બાઈ જેને કૃષ્ણે ખોબો ભરી રત્ન આપી દીધેલા તે પણ એક જ સબબને લીધે આ વાત પણ **ભાગવત** સિવાય બીજે જડતી નથી છતા આપણે આગળ જતા જોઈશુ કે પારકાનુ ભલુ કરવુ એ જ કૃષ્ણના જીવનનુ વ્રત હતુ

યમલાર્જુન નામના ઝાડનો નાશ—એક વખતે કૃષ્ણે બહુ નોકશાન કર્યાથી જસોદાએ તેમને પેટે દોરડુ બાંધી એક લાકડાના ખાંડણીઆ જોડે તેમને બાંધી રાખેલા કૃષ્ણ ખાંડણીઆને તાણતા તાણતા આગળ ચાલ્યા રસ્તામા ચાલતા ચાલતા યમલાર્જુન નામના બે ઝાડ આવ્યા, અને ખાંડણીઓ તેની વચમા ભરાઈ ગયો, પણ કૃષ્ણના જોરે તે બંને ઝાડ ભાગી ગયા—મળથી ઉખડી ગયા, અને કૃષ્ણે આગળ ચાલવા માડયુ

આ વાત વિષ્ણુપુરાણમા છે તેમ મહાભારતમા શિશુપાળના તિરસ્કારયુક્ત ભાષણમા પણ છે પરતુ આપણે આગળ જોયુ છે કે અર્જુન એક જાતના ઝાડનુ નામ છે, યમલાર્જુન એટલે એવા ઝાડની જોડ, એ ઝાડ બહુ મોટા ઉગતા નથી, નાના ને નાના રહે છે, (બે તો શુ પણ એવા ચાર છોડવા હોય તો) તે એવા સજોગોમા બળવાન બાળકને હાથે ઉખડી જઈ શકે

પરતુ આપણે જોયુ છે કે **ભાગવત** લખનાર અસલ વાર્તાઓ પર મરી મસાલો ભભરાવવામા બિલકુલ ઊણુ રાખતો નથી એ બંને

ઝાડને તે કુબેરના પુત્ર કહે છે, શાપને માટે તેઓને ઝાડનુ રૂપ લેવુ પડેલુ, તેઓને કૃષ્ણનો સ્પર્શ થવાથી તેઓ શાપમુક્ત થઈ પોતાને ધામે પાછા જતા રહ્યા કૃષ્ણને બાધવા આખા ગોકુળના દોરડા ભેગા કર્યા તો પણ તેનુ પેટ બાંધી શકાયુ નહિ છેવટ તેણે દયા કરી જશોદાને પોતાનુ પેટ બાધવા દીધુ !

વિષ્ણુનુ એક નામ **દામોદર** છે બાહ્યઇન્દ્રિયોને તાબામા રાખવી તેને "દમ" કહે છે, "ઉત્–ઉદ્" એટલે ઉપર અને "ઋ" એટલે "જવુ" તે ઉપરથી ઉદર, એટલે ઊચે ચઢવું અથવા ઉત્કૃષ્ટ ગતિ મતલબ કે "દમ" મારફતે જેણે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરેલુ તેનુ નામ **દામોદર** વેદમા છે કે **વિષ્ણુએ** તપસ્યા કરી **વિષ્ણુત્વ** મેળવેલુ, બાકી ખરૂ જોતા તો તે ઇન્દ્રથી પણ નીચી પક્તિના હતા **શકરાચાર્યે** દામોદર શબ્દનો એ જ અર્થ કર્યો છે "**दमादिसाधनेन उदरा उत्कृष्टा गतिर्या तया गम्यत इति दामोदर.**" મહાભારતમા પણ કહ્યુ છે કે–**दमाद्दा मोदरं विदुः**"

પરતુ દામન્ એટલે ગાય બાધવાનુ દોરડુ પણ થાય છે. જેનુ ઉદર એટલે પેટ ગાયના દોરડાથી બધાયુ હોય તે પણ દામોદર કહેવાય ગાયના દોરડાથી બાધવાની વાત **ભાગવતમા** લખાયા પહેલા પણ દામોદર નામ પ્રચલિત હતુ, માટે એ નામ લઈ તેના ઉપર **ભાગવત** લખનારે આ કથા રચી કેમ ન હોય ?

એ વખતે નન્દ વગેરે બીજા બધા ગોપ પોતાનુ અસલ ગામ છોડી વૃન્દાવનમા આવી રહેલા કૃષ્ણને ઘણી જાતની વિપત્તિઓ પડવાથી તે લોકોને ગોકુળ છોડી વૃન્દાવન જવુ પડયુ, એમ પુરાણમા છે. વૃન્દાવન વધારે સારી ને સુખની જગ્યા હશે, તેથી પણ એમ હોય વળી હરિવશમા જણાવ્યુ છે કે તે વખતમા ભરવાડોને રહેવાની જગામા વરુનો ભય ઘણો પથરાઈ ગયો હતો, તેથી વખતે તે કારણને લીધે પણ તેમણે પોતાની અસલ જગ્યા છોડી દીધી હોય

પ્રકરણ ૪ થું

કિશાર અવસ્થામાં કરેલી લીલા

એ વૃન્દાવનને કવિની કલ્પનાએ એક અતુલ સૃષ્ટિ જેવુ બનાવી દીધુ છે તાજા લીલા ફૂલોથી શોભના કિનારાવાળી, કલકલ સ્વરે વહેતી કાલિન્દી(જમના)ના તીરપર આવી રહેલુ, મોર અને કોયલના અવાજથી ગાજી રહેલા કુજવનોથી ભરેલુ, ગોપબાળકોની મધુર વાસળીના ગાયનથી ગાજી રહેલુ, હજારો કુસુમની સુવાસથી મઘમઘતુ, નાના પ્રકારના ઘરેણાગાઠા પહેરેલી વિશાળ આખોવાળી વ્રજની ગોપીઓથી શોભી રહેલુ વૃન્દાવનનુ નામ સાંભળતા જ હૃદય પ્રફુલિત થઇ જાય છે, પરતુ એ કાવ્યરસનો સ્વાદ ન લેતા આપણે વધારે અગત્યનુ તત્ત્વ જે તેમા છે તે જોઇએ

ભાગવતમા કહ્યુ છે કે વૃન્દાવન આવ્યા પછી કૃષ્ણે ત્રણ અસુરોનો વધ કર્યો (૧) વત્સાસુર, (૨) બકાસુર, અને (૩) અઘાસુર પહેલો વાછરડાને રૂપે, બીજો પક્ષીને અને ત્રીજો સાપને રૂપે આવ્યો હતો એ ત્રણે પ્રાણીઓ ભરવાડના બાળકોને હેરાનગતિ કરનારા હોવાથી કૃષ્ણ જેવો બળવાન છોકરો તેને મારી નાખે, એ બનવા જોગ છે પરતુ એ ત્રણેમાથી એકે બનાવનુ વર્ણન વિષ્ણુપુરાણ કે ભારતમા છે નહિ, તેમ જ હરિવશમા પણ નથી, તેથી તેને બીનપાયાદાર ગણી આપણે છોડી દઇશુ

છતા એ ત્રણે કથાઓમાથી જો આપણે કાઇ પણ તત્ત્વ કાઢવુ હોય તો તે મળી શકે છે 'વદ્' ધાતુપરથી વત્સ, 'બક્' ધાતુપરથી બક, અને 'અઘ્' ધાતુપરથી અઘ થયો છે વદ્‌નો અર્થ પ્રકાશ કરવો, 'બક'નો વક્ર હોવું, અને 'અઘ'નો પાપ કરવુ છે જેઓ ખુલ્લી રીતે નિદા કરે તે વત્સ, મીંઢા છુપ્યા શત્રુઓ તે બક, અને પાપીઓ તે અઘ કૃષ્ણને કિશોર વય પ્રાપ્ત થતા જ તેમણે એ ત્રણ શત્રુઓને વશ કર્યા એવુ એ કથાપરથી સમજી શકાય યજુર્વેદની માધ્યદિની શાખાના અગીઆરમા અધ્યાયમા અગ્નિચયન મત્રની ૮૦ મી કડિકામા જે મત્ર છે તેમા પણ એવી જ રીતની

શત્રુના પરાભવ વિષે પ્રાર્થના છે એ મત્રનો અર્થ એવો છે કે, " હે અગ્નિ ! જેઓ અમારા શત્રુ, અમારાપર અદેખાઈ રાખનાર, અમારી નિંદા કરનાર તથા અમારો વધ કરવાની ઇચ્છા રાખનાર હોય તે ચારેને બાળી ભસ્મ કરી નાખ." એ મત્રનો મોટો ભાગ અરાતિ એટલે જેઓ પૈસા આપતા નથી તેવા, લુચ્ચાલફગાઓને લાગુ પડે છે, અને તેમા તેમના નાશ માટે પ્રાર્થના કરેલી છે, છતા ઉપલી વાતો લખતી વખત ભાગવતકારને એ મત્ર યાદ આવ્યો હોવો જોઇએ, અથવા તો એમ કહીએ તો પણ ચાલશે કે એ ત્રણે રૂપકોનુ મૂળ એ મત્ર જ છે

પછી વળી ભાગવતમા બીજી વાત છે કે એક વખત બ્રહ્મા કૃષ્ણની પરીક્ષા કરવા માટે માયાના પ્રભાવથી ભરવાડના છોકરા તથા ગાયો વગેરેને ઉપાડી ગયા કૃષ્ણે તે ઉપરથી તેવો જ એક બીજો ભરવાડ તથા ગાયોનો સમૂહ બનાવી તે વડે આગળના જેવો જ વિહાર કરવો શરૂ રાખ્યો એ વાતનુ તાત્પર્ય એ છે કે બ્રહ્મા પણ કૃષ્ણના મહિમાનો પાર પામી શક્યા નહિ, પછી એક દહાડો કૃષ્ણ આખો દાવાનળ પી ગયા, એવી વાત છે શિવ ઝેર પી ગયા એવી વાત છે. તેના જવાબમા વૈષ્ણવોનો મોટો દેવ દાવાનળ પી ગયો, એ કથા કહેવાયલી હોવી જોઇએ.

કાળીનાગને નાથવાની કથા મહાભારતમા નથી હરિવશ ને વિષ્ણુપુરાણમા છે, ભાગવતમા બહુ વિસ્તારથી છે એ માત્ર એક વાર્તા જેવી જ લાગે છે અને અસ્વાભાવિક બનાવોથી પરિપૂર્ણ છે, છતા કેવળ તેમ નથી, એમા રૂપક સમાયલુ છે, અને તે પણ બહુ મનોહર રૂપક છે

એ કથા આ પ્રમાણે છે જમનાના વમળવાળા, ઊંડા પાણીમા એક જગાએ કાળી નામનો એક ઝેરી નાગ પોતાના પરિવાર સાથે રહેતો હતો. તેને બહુ ફેણો હતી વિષ્ણુપુરાણમા ત્રણ, હરિવશમા પાચ અને ભાગવતમા હજાર ફેણ કહી છે. તેને સ્ત્રી, છોકરા, છોકરાના છોકરા પણ ઘણા હતા. તેના ઝેર વડે નદીનો એ સઘળો ભાગ એટલો તો ભરપૂર થઈ ગયો હતો કે ત્યા કોઈ ઉભું સરખુ પણ

રહી શકતુ નહતુ ઘણા ભરવાડ તથા ઢોર તે પાણી પીને મરણ પામતા હતા એ વિષની જ્વાળાથી કિનારાપર ઝાડનુ તરણુ પણ ઉગી શકતુ નહતુ ત્યા થઇને પક્ષી પણ જો ઉડતુ તો તે ઝેરની અસરથી એકદમ પછડાઈ નીચે પાણીમા પડતુ, માટે જો એ નાગનુ કોઈ રીતે દમન થાય તો જ વૃદાવનમા રહેનારાઓના જીવનુ રક્ષણ થાય, એવુ કૃષ્ણના મનમા આવ્યુ, તેથી તે ભૂસ્કો મારી નદીમા પડયા અને ત્યા કાળી નાગે તેમનાપર હુમલો કર્યો તેની ફેણપર ચઢી જઈ, એ ગોપબાળે વાસળી વગાડતા વગાડતા નૃત્ય કરવા માડયુ તે નૃત્યના ભારથી નાગ પીડા પામી લોહી ઓકવા લાગ્યો તથા મરણ-તોલ થઈ ગયો. ત્યારે તેની સ્ત્રીઓએ મનુષ્યની ભાષામા કૃષ્ણની પ્રાર્થના કરવા માડી. એ નાગણીઓના મોઢામા ભાગવતકારે જે ભાષા મૂકી છે તે વાચતા દર્શનશાસ્ત્રથી એ સ્ત્રીઓ ઘણી માહિતગાર હોય તેમ લાગે છે વિષ્ણુપુરાણમા તેમને મોઢે જે પ્રાર્થના કરાવી છે તે પણ બહુ મધુર છે તે જોતા એમ લાગે છે કે વખતે આપણી માનુષી સ્ત્રીઓના મોઢા-માથી ઝેરી–વિષમય ભાષા નીકળે છે ખરી, પરતુ એ ઝેરી નાગપત્ની-ઓના મોઢામાથી તો અમૃત જ વહેતુ છેવટે કાળીનાગે પોતે કૃષ્ણની સ્તુતિ કરવા માડી, તેથી શ્રીકૃષ્ણે સતોષ પામી તેને છોડી દીધો અને જમના નદી છોડી સમુદ્રમા જઈ રહેવાની આજ્ઞા કરી. તે પ્રમાણે તેણે કર્યું અને જમના નદીનુ જળ નિર્મળ થઈ ગયુ

આ કથામા નીચે જણાવેલુ રૂપક સમાયલુ છે કલકલરવે વહેતી, કૃષ્ણ–કાળા રગવાળી કાલિદી–જમના–તે અધકારમય, ઘોર નાદવાળી, કાળની નદી–વખતનો પ્રવાહ તેમા બહુ મોટા વમળો રહેલા છે આપણે જેને દુ ખનો સમય યા આપત્તિનો વખત કહીએ છીએ તે જ એ કાળ-રૂપી સ્રોતના વમળ, માણસના ઘણા જ ભયકર અને વિષમય શત્રુઓ ત્યા છૂપાઈ રહેલા છે નાગના દર જેવો જ તેમનો વાસ છૂપાયલો છે, નાગના જેવી જ તેઓની વાકીચૂકી ગતિ છે, અને નાગના જેવુ જ તેમનામા અમોઘ વિષ સમાયલુ છે એ નાગની ત્રણ ફેણ તે આધિ-ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણ પ્રકારના દુ ખ. જો

આપણા બધા અનર્થનુ મૂળ આપણે આપણી ઈંદ્રિયોને ગણતા હોઇએ તો તે પાચે ઈંદ્રિયો તે એ નાગની પાચ ફેણો, અને આપણી વિપત્તિઓના બીજા હજારો કારણો છે, ને બધા નજરમા રાખીએ તો એ નાગની સહસ્ર ફેણો કહી શકાય ઘોર આપત્તિમા આવી પડી જ્યારે આપણે એ નાગને વશ થઈ જઇએ છીએ ત્યારે ઈશ્વરના પાદપદ્મ સિવાય આપણા ઉદ્ધારનો બીજો કોઈ ઉપાય રહેતો નથી જો તેની કૃપા હોય છે તો એ નાગને પગ તળે કચરી નાખી, પોતાની મનોહર મૂર્તિ બતાવી, અભયદાનની વામળી વગાડી, જીવને આશાથી ભરપૂર કરી સુખે તે સસારની યાત્રા કરાવે છે તેના વડે ભયકર નાદવાળી નદી સુખમય થઈ જાય છે કાળા નીરવાળી, ઘોર અવાજવાળી, કાળરૂપી નદીના વમળમા દુ ખરૂપી નાગના મસ્તક ઉપર આસન લીધેલી, અભયદાનની બસી બજાવતી મૂર્ત્તિ, એ પુરાણકારોની અપૂર્વ કૃતિ છે એ મૂર્ત્તિની પ્રતિમા બનાવી–ઘડી કોઈ તેની પૂજા કરે તો તેમા હાસી કરવા જેવુ શુ છે ’

ધેનુકાસુર (ગધેડ) અને પ્રલબાસુરના વધનુ વૃત્તાન્ત અત્રે કહેવાની જરૂર નથી, કારણ તે વધ બળરામને હાથે થયલા, કૃષ્ણને હાથે નહિ વસ્ત્રહરણનો પ્રસગ એક જૂદા જ પ્રકરણમા વર્ણવેલો છે, તેથી માત્ર ગોવર્દ્ધનપર્વતની કથા કહી આ પ્રકરણ પૂરૂ કરીશુ.

વૃદાવનમા ગોવર્દ્ધન નામનો પર્વત હતો અને હજુ પણ છે હાલ જ્યા સાધુ, ગુસાઈ વગેરેએ વૃદાવન ઠરાવી દીધુ છે તે એક જગ્યાએ છે, અને ગોવર્દ્ધન પર્વત બીજી જગ્યાએ છે પરતુ પુરાણો વગેરેમા તેનુ સ્થાન વૃદાવનની હદ બહાર–જ્યા હદ પૂરી થાય છે ત્યા બતાવેલુ છે હાલ જે સ્થિતિમા એ પર્વત જોવામા આવે છે તે ઉપરથી એમ જણાય છે કે કોઈ કાળે કોઈ કુદરતી તોફાનને લીધે ઉખડી જઈ ફરી પાછો તે ગોઠવાયલો છે એ પર્વત ઘણા વર્ષો થયા એવી હાલતમા હોય એમ જણાય છે, અને તેથી જ તેને વિષે એવી વાર્ત્તા રચાઈ હશે કે કૃષ્ણે તેને ઉપાડી એક અઠવાડીઆ સુધી ઉચો ને ઊચો ધરી રાખી પછી પાછો જમીનપર ગોઠવી દીધો.

એ વાર્તા નીચે મુજબ છે દરેક વર્ષની આખરે નંદ વગેરે સૌ ગોપલોકો એક ઇન્દ્રિયજ્ઞ કરતા હતા તેવા એક યજ્ઞની તૈયારી થતી જોઈ શ્રી કૃષ્ણે પૂછયુ કે એ યજ્ઞ શા માટે કરવો પડે છે ? નંદે કહ્યુ કે એટલા માટે કે એ યજ્ઞથી સતુષ્ટ થઇ ઇન્દ્ર પૃથ્વીપર વૃષ્ટિ કરે, તે વરસાદથી ધાન્ય ઉગે, અને ધાન્ય વડે સઘળાનુ પોષણ થાય, ગાયોને ચારો મ ' ને તેઓ દૂધ દે તે સાભળી કૃષ્ણે કહ્યુ કે આપણે કાંઈ ખેડુત નથી, આપણો આધાર તો ગાયોપર છે, તેથી આપણે તો તેની પૂજા કરવી જોઇએ, મતલબ કે તેને સારૂ સારૂ ખવડાવવુ જોઇએ વળી આપણે આ પર્વતના આશ્રિત છીએ, માટે તેની પણ પૂજા કરવી જોઇએ, વળી બ્રાહ્મણો તથા ભૂખ્યાઓને ભોજન કરાવીશુ તો પણ એ જ પરિણામ આવશે, એટલ નન્દે તેમ કર્યું અને ઘણા બ્રાહ્મણોને તથા ગરીબ માણસોને ભોજન કરાવ્યુ ગાયાએ ખૂબ ખાધુ, ગોવર્દ્ધન પર્વતે પણ મૂત્તિમાન થઈ ઢગલાબધ અન્ન ઉપાડયુ એમ કહેવાય છે કે કૃષ્ણે પોતે જ એ પર્વતનુ મૂત્તિમાન રૂપ ધારણ કરી ભોજન લીધુ હતુ.

આથી ઇન્દ્રયજ્ઞ થયો નહિ પુરાણો વગેરે આપણા ગ્રથોમા વર્ણવેલા દેવતા તથા બ્રાહ્મણો બહુ તુદમિઝાજી હતા તે સૌ જાણે છે ઇન્દ્ર પણ તેવો જ હતો તેથી ઇન્દ્રનો બહુ મિઝાજ ગયો અને તેથી તેણે વરસાદને એકદમ હુકમ કર્યો કે તુ વૃષ્ટિ કરી આખુ વૃદા- વન ડૂબાડી દે તેવી વૃષ્ટિ થઈ અને વૃદાવન ડૂબવા માડયુ ગાયો અને ભરવાડોના દુ ખની સીમા રહી નહિ આથી શ્રી કૃષ્ણે ગોવર્દ્ધન પર્વત ઉપાડી વૃદાવનપર ધરી રાખ્યો એક આખુ અઠવાડીઉ એવો સખત વરસાદ વરસ્યો અને એક આખુ અઠવાડીઉ એક જ હાથે તેમણે પર્વત ઝાલી રાખ્યો વૃદાવન બચ્યુ, અને ઇન્દ્રે હાર ખાઈ કૃષ્ણની સાથે સધિ કરી.

આ ગિરિયજ્ઞને લગતી વાત સ્હેજ મહાભારતમા પણ છે શિશુપાળ એક જગ્યાએ કહે છે કે કૃષ્ણે કીડીઓના રાફડા જેટલો ગોવર્દ્ધન પર્વત ઉચો કર્યો તેમા શી મોટી નવાઈ કરી ? આ સિવાય ઉપર કહેલા પર્વતને

ધરાવેલો પ્રસાદ કૃષ્ણ ખાઈ ગયા તેને માટે પણ તેમની મશ્કરી કરેલી છે, પરતુ તે સિવાય બીજુ કાઈ મહાભારતમા નથી ગોવર્દ્ધન પર્વત આજે પણ હયાત છે, તે કીડીના રાફડા જેટલો નથી, પરતુ પહાડ છે ત્યારે શુ કૃષ્ણે એ પર્વત સાત દિવસ સુધી એ પ્રમાણે ઉચકી રાખ્યો હશે ? જેઓ તેને ઈશ્વરનો અવતાર માને છે તેઓ કહે છે કે એમા ન બની શકે તેવુ શુ છે ? એ વાત કબૂલ રાખીએ તો પણ સ્વાભાવિક રીતે સવાલ ઉભો થાય છે કે જો ઈશ્વરનો અવતાર હોય તેને પર્વત ધારણ કરવાની જરૂર શી ? જેના હુકમ વગર એક ફોરૂ પણ વરસી શકે નહિ, તેને એક આખુ અઢવાડીઉ વૃદાવનપર પર્વત ધરી રાખી મૂશળધાર વૃષ્ટિમાથી તેનો બચાવ કરવો પડયો તેનુ કારણ શુ ? જેની માત્ર ઇચ્છા વડે બધા વાદળા દૂર થઈ જાય, વરસાદ બધ પડી જાય અને આકાશ સુદ્ધા નિર્મળ થઈ જાય, તેને પર્વત ધરી રહી સાત દિવસ ઉભા થઈ રહેવુ પડયુ, તેનો સબબ શો ?

આના જવાબમા કોઈ કહેશે કે એ તો ભગવાનની લીલા હતી. એવા મોટાની ઇચ્છાનુ પ્રયોજન આપણી અલ્પ મતિ શી રીતે જાણી શકે ? એ વાત પણ ખરી, પણ એમને જ્યારે આપણે ભગવાનરૂપે કબૂલ રાખીએ ત્યારે જ એમની ઈચ્છા વડે એ અમુક લીલા અમલમા આવી એમ કહી શકાય, પરતુ એ ભગવાન છે તે જાણવુ શી રીતે ? એમના કામ જોઇને ? જે કોઈ કામનુ કારણ યા સબબ આપણાથી સમજી શકાય નહિ તેનો કર્તા ઈશ્વર, એવો સિદ્ધાત નક્કી કરી શકાય ખરો ? તેમ ન થાય તો પછી કોઈ પણ બીજો સિદ્ધાત ઉપસ્થિત કરાય ખરો ? અને તે જ્યારે ન કરાય ત્યારે જે વાત અનૈસર્ગિક હોય તે છોડી દેવી, એ નિયમ પ્રમાણે આ ગિરિ ધારણ કરવાની કથા પણ માત્ર વાર્તા રૂપે ગણાય, છતા તેમાથી માત્ર એટલુ સત્ય ખેચી કઢાય કે કૃષ્ણે ગોપલોકને ઈન્દ્રયજ્ઞ કરતા અટકાવી ગિરિયજ્ઞ કરતા કરી દીધા માત્ર એટલા પાયા ઉપર પછી ગોવર્દ્ધન પર્વત ઉચકીને તેને પાછો મૂકવાની વાત રચાઈ હોવી જોઇએ.

આ કથાનો બીજો ગૂઢ અર્થ પણ છે, જે મારી સમજ મુજબ

અત્રે સમજાવ્યો છે જગત્‌મા ઇશ્વર એક જ છે, ઇશ્વર સિવાય બીજો કોઈ દેવ નથી ઇન્દ્ર નામનો પણ કોઈ દેવ નથી, 'ઇદ્' એટલે વરસવું. એ ધાતુને "રક્" પ્રત્યય લગાડયાથી "ઇન્દ્ર" શબ્દ બન્યા છે, અને તેનો અર્થ "જે વરસે—વરસાદ લાવે—તે" એવો થાય છે વરસાદ કોણ લાવે ? જે સર્વકર્ત્તા, સર્વનો વિધાતા, તે જ વરસાદ લાવી શકે, વૃષ્ટિ આણવા માટે જ માત્ર કોઈ જૂદો કર્ત્તા હોય એવુ ધારી શકાય નહિ તે સમયમા ઇન્દ્રને માટે યજ્ઞ કરવાની અથવા સાધારણ યજ્ઞમા ઇન્દ્રનો થોડો ભાગ રાખવાની રીત ચાલુ હશે ખરી, પણ તેનુ પણ કારણ છે ઇશ્વર અનન્ત પ્રકૃતિવાળો છે, તેના ગુણ અનત, તેના કાર્ય અનત, તેની શક્તિ અનત છે એવા અનત(ઇશ્વર)ની ઉપાસના શા રીતે કરવી ? એવા અનત ઉપર ધ્યાન શી રીતે ચોટાડવુ ? હવે જેમનાથી એમ ને એમ તેમ બની શકતુ નથી તેઓ તે કારણસર તેની જૂદી જૂદી શક્તિની જૂદી જૂદી રીતે પૂજા કરે છે જડ જગત્‌મા તેની શક્તિ બહુ જાજ્વલ્યમાન થઈ રહી છે બધા જડ પદાર્થમા તેની શક્તિનો પરિચય મળી આવે છે, તેથી તેની મદદથી અનત ઉપર ધ્યાન સ્હેલથી ચોટાડી શકાય છે, અને તેથી જ અસલના આર્ય લોકો જગત્‌ને હયાતીમા લાવનારી શક્તિનુ સ્મરણ કરી સૂર્યની, સર્વ વસ્તુને ઢાકી દેનારી શક્તિનુ સ્મરણ કરી વરૂણની, સઘળા તેજના આધાર ભૂત તરીકેનુ સ્મરણ કરી અગ્નિની, જગત્‌ના પ્રાણ તરીકેનુ સ્મરણ કરી વાયુની, અને એવા એવા બીજા જડ પદાર્થોની આરાધના કરતા હતા* તે જ પ્રમાણે તેની વરસાદ લાવવાની શક્તિનુ સ્મરણ કરી તેઓ ઇન્દ્રને પૂજતા હતા વખત જતા લોકો એની ઉપાસનાનો અર્થ ભૂલી ગયા, પણ તે ઉપાસનાનો આકાર રહી ગયો કાળની ગતિ જ એવી છે બ્રાહ્મણોની ત્રિકાળસધ્યા સબધમા પણ એવુ જ બન્યુ છે ભગ

---

* નિરૂક્તકાર યાસ્કનો પણ એ જ મત છે

माहात्म्याद् देवताया एक आत्मा बहुधा स्तूयते । एकस्यात्मनोऽन्ये देवा. प्रत्यङ्गानि भवन्ति । * * * आत्मा एव एषा रथो भवति, आत्मा अश्वाः, आत्मा आयुधं, आत्मा इषव. आत्मा सर्वदेवस्य ।

વદ્ગીત તથા મહાભારતમા પણુ કેટલેક ઠેકાણે જોવામા આવે છે કે ધર્મના એ મૃતદેહની ઉત્તરક્રિયા કરવામા કૃષ્ણુ પ્રવૃત્ત હતા, અને તેને બદલે ઘણુા ઉચા પ્રકારની ઇશ્વરોપાસના કરવા માટે લોકોને પ્રવૃત્ત કરવા મથતા હતા પાકી ઉમરે જે વાત એમણે પ્રચારિત કરી તેનો આ ગિરિયજ્ઞ પહેલો દાખલો યા નમૂનો કહીએ તો ચાલે દરેક ચીજમા ઇશ્વર છે, જેવો તે વાદળામા છે તેવો જ તે પર્વત યા ગોવત્સમા પણુ રહેલો છે, તેથી જો આકાશ કે મેઘની પૂજા કર્યાથી તેની આરાધના થઈ શકતી હોય તો પછી પર્વત યા ગાયની પૂજા કર્યાથી પણુ તેની થઇ શકે, ઉલટુ આકાશ વગેરે જડ પદાર્થોની પૂજા કરવા કરતા ગરીબ માણુસોને અને ગાય જેવા પશુને ભોજન વગેરેથી સતોષવા તે વધારે ધર્મનુ કામ છે, અને એવુ એ ગિરિયજ્ઞના બનાવમાથી તાત્પર્ય નીકળી શકે

પ્રકરણુ ૫ મુ

વ્રજગોપી—વિષ્ણુપુરાણુ

કૃષ્ણુની નિદા કરનારાઓ તેમની જીદગીનુ જે મોટામા મોટુ કલક, અને હાલના તેમના ઉપાસકો તેમની ભક્તિના કેદ્ર તરીકે જેને ગણે છે તે વિષયપર આપણે હવે આવીએ કૃષ્ણુચરિત્રના વિચારમા તેમનો વ્રજની ગોપીઓ જોડેનો વ્યવહાર એ મુખ્ય બાબત છે, અને તેથી તેને વિષે વિસ્તારપૂર્વક વિવેચન કરીશુ

ગોપીઓને લગતો એક શબ્દ પણુ મહાભારતમા નથી સભાપર્વના શિશુપાળવધપર્વાધ્યાયમા શિશુપાળે કૃષ્ણુની બહુ નિદા કરી છે, તેથી જે વખતે મહાભારત રચાયુ તે વખતે જો કૃષ્ણુનો ગોપીઓ જોડે એવો કલકિત સબધ જાણુમા હોત તો શિશુપાળે પોતે અથવા જેણે શિશુપાળના વધની હકીકત લખી તે માણુસે કૃષ્ણુનો એ દોષ એમ ને એમ વગર ટીકા કર્યે જવા દીધો હોત જ નહિ, તેથી એટલુ

તો નક્કી છે કે આદિ મહાભારત રચાયુ હશે તે વખતે એ હકીકત પ્રચલિત નહિ હોય, ત્યાર પછી યોજાઈ હશે.

સભાપર્વમા દ્રૌપદીના વસ્ત્રહરણ વખતે દ્રૌપદી કૃષ્ણનુ જે સ્તવન કરે છે, તેમા "ગોપીજનપ્રિય" એટલો શબ્દ છે

आकृष्यमाणे वसने द्रौपद्या चिन्तितो हरि ।
गोविन्द द्वारकावासिन् कृष्ण गोपीजनप्रिय ॥

[દ્રૌપદીનુ વસ્ત્ર ખેચાવા માડયુ તે વખતે તેણે પોતે ભગવાનનુ સ્મરણ કરી (કહ્યુ), હે ગોવિન્દ ! હે દ્વારકાવાસી ! હે ગોપીઓને પ્રિય કૃષ્ણ !]

વૃદાવનમા ગોપ-ભરવાડો રહેતા હતા જ્યા ગોપ હોય ત્યા ગોપીઓ પણ હોવી જ જોઇએ હવે કૃષ્ણ બહુ સુદર, મધુર, તથા રમતીઆળ બાળક હતા, અને ગોપીઓને તે બહુ પ્રિય હતા હરિવશમા પણ કહ્યુ છે કે શ્રી કૃષ્ણના ઉપર નાની છોકરીઓ, યુવાન સ્ત્રીઓ અને ઘરડી ડોશીઓ સૌનો પ્રેમ હતો તેમ યમલાર્જુન ઝાડો ઉખડીને પડયા તે વખતે, તેમ જ તેમનાપર પડેલા બીજા તેવા દુખો વખતે ગોપની સ્ત્રીઓ તેમને જોઈ રડતી હતી, એવો પણ લેખ છે એટલે કે સુદર બાળકપર સ્ત્રીઓનો જે સહજ પ્રેમ ઉતરે છે તે સ્નેહ દર્શાવવા સિવાય બીજો કાંઈ આશય "ગોપીજનપ્રિય" એ શબ્દનો માલમ પડતો નથી

આપણા નિયમ પ્રમાણે આપણે મહાભારત પછી વિષ્ણુપુરાણ તપાસવુ જોઇએ, અને તેમ કરતા માલમ પડશે કે આગળની માફક વિષ્ણુપુરાણ, હરિવશ અને ભાગવતમા કથાવાર્તાના પ્રસગમા ઉત્તરોત્તર વધારો થતો જાય છે મહાભારતમા ગોપી સબધે બિલકુલ ઇશારો જ નથી, વિષ્ણુપુરાણમા છે તે પવિત્ર ભાવે છે, હરિવશમા થોડો વિલાસભાવ દાખલ થયો છે, પછી ભાગવતમા એ ભાવનો વિસ્તાર વધી ગયો છે, ને બ્રહ્મવૈવર્ત્તપુરાણમા તો તેની નદીઓ વહે છે

વિષ્ણુપુરાણમા એ બાબતને વિષે જે કહ્યુ છે તે સદતર અત્રે ઉતારી લીધુ છે, તે પછી તેનુ ભાષાન્તર આપ્યુ છે.

कृष्णस्तु विमलं व्योम शरच्चन्द्रस्य चन्द्रिकाम् ।
तथा कुमुदिनीं फुल्लामामोदितदिगन्तराम् ॥ १४ ॥
वनराजिं यथा कूजद्भृङ्गमालां मनोरमाम् ।
विलोक्य सह गोपीभिर्मनश्चक्रे रतिं प्रति ॥ १५ ॥
सह रामेण मधुरमतीव वनिताप्रियम् ।
जगौ कलपदं शौरिर्नानातन्त्री-कृत-व्रतम् ॥ १६ ॥
रम्यं गीतध्वनिं श्रुत्वा सन्त्यज्यावसथांस्तदा ।
आजग्मुस्त्वरिता गोप्यो यत्रास्ते मधुसूदनः ॥ १७ ॥
शनैः शनैर्जगौ गोपी काचित् तस्य लयानुगम् ।
दत्तावधाना काचित्तु तमेव मनसा स्मरन् ॥ १८ ॥
काचित् कृष्णेति कृष्णेति प्रोक्ता लज्जामुपागता ।
ययौ च काचित् प्रेमान्धा तत्पार्श्वमविलज्जिता ॥१९॥
काचिदावसथस्यान्तःस्थिता दृष्ट्वा बहिर्गुरून् ।
तन्मयत्वेन गोविन्दं दध्यौ मीलितलोचना ॥ २० ॥
तच्चिन्ताविपुलाह्लादक्षीणपुण्यचया तथा ।
तदप्राप्तिमहादुःखविलीनाशेषपातका ॥ २१ ॥
चिन्तयन्ती जगत्सूतिं परब्रह्मस्वरूपिणम् ।
निरुच्छ्वासतया मुक्तिं गतान्या गोपकन्यका ॥ २२ ॥
गोपीपरिवृतो रात्रिं शरच्चन्द्रमनोरमाम् ।
मानयामास गोविन्दो रासारम्भरसोत्सुकः ॥ २३ ॥
गोप्यश्च वृन्दशः कृष्णचेष्टास्वायत्तमूर्तयः ।
अन्यदेशं गते कृष्णे चेरुर्वृन्दावनान्तरम् ॥ २४ ॥
कृष्णे निरुद्धहृदया इदमूचुः परस्परम् ।
कृष्णोऽहमेतल्ललितं व्रजाम्यालोक्यतां गतिः ।
अन्या ब्रवीति कृष्णस्य मम गीतिर्निशाम्यताम् ॥२५॥
दुष्ट कालिय तिष्ठात्र कृष्णोऽहमिति चापरा ।
बाहुमास्फोट्य कृष्णस्य लीलासर्वस्वमाददे ॥२६॥
अन्या ब्रवीति भो गोपा निःशङ्कैः स्थीयतामिह ।
अलं वृष्टिभयेनात्र धृतो गोवर्द्धनो मया ॥ २७ ॥

धेनुकोऽयं मया क्षिप्तो विचरन्तु यथेच्छया ।
गोपी ब्रवीति वै चान्या कृष्णलीलानुकारिणी ॥२८॥
एवं नानाप्रकारासु कृष्णचेष्टासु तास्तदा ।
गोप्यो व्यग्राः समं चेरू रम्यं वृन्दावन वनम् ॥२९॥
विलोक्यैका भुवं प्राह गोपी गोपवराङ्गना ।
पुलकाञ्चितसर्वाङ्गी विकाशिनयनोत्पला ॥३०॥
ध्वजवज्राङ्कुशाब्जाङ्करेखावन्त्यालि पश्यत ।
पदान्येतानि कृष्णस्य लीलालंकृतगामिनः ॥३१॥
कापि तेन समं याता कृतपुण्या मदालसा ।
पदानि तस्याश्चैतानि घनान्यल्पतनूनि च ॥३२॥
पुष्पावचयमंत्रोच्चैश्चक्रे दामोदरो ध्रुवम् ।
येनाग्राकान्तिमात्राणि पदान्यत्र महात्मनः ॥३३॥
अत्रोपविश्य सा तेन कापि पुष्पैरलङ्कृता ।
अन्यजन्मनि सर्वात्मा विष्णुरभ्यर्चितो यया ॥३४॥
पुष्पबन्धनसम्मानकृतमानामपास्य ताम् ।
नन्दगोपसुतो यातो मार्गेणानेन पश्यत ॥ ३५ ॥
अनुयानेऽसमर्थान्या नितम्बभारमन्थरा ।
या गन्तव्ये द्रुत याति निम्नपादाग्रसंस्थिति ॥३६॥
हस्तन्यस्ताग्रहस्तेयं तेन याति तथा सखि ।
अनायतपदन्यासा लक्ष्यते पदपद्धति ॥ ३७ ॥
हस्तसंस्पर्शमात्रेण धूर्तनैषा विमानिता ।
नैराश्यमन्दगामिन्या निवृत्त लक्ष्यते पदम् ॥३८॥
नूनमुक्त्वा त्वरामीति पुनरेष्यामि तेऽन्तिकम् ।
तेन कृष्णेन येनैषा त्वरिता पदपद्धति ॥३९॥
प्रविष्टो गहवं कृष्णः पदमत्र न लक्ष्यते ।
निवर्तध्व शशाङ्कस्य नैतद्दीधितिगोचरे ॥ ४० ॥
निवृत्तास्तास्ततो गोप्यो निराशाः कृष्णदर्शने ।
यमुनातीरमागत्य जगुस्तच्चरितं तदा ॥ ४१ ॥

ततो ददृशुरायान्त विकाशिमुखपङ्कजम् ।
गोप्यस्त्रैलोक्यगोप्तारं कृष्णमक्लिष्टचेष्टितम् ॥ ४२ ॥
काचिदालोक्य गोविन्दमायान्तमतिहर्षिता ।
कृष्ण कृष्णेति कृष्णेति प्राह नान्यदुदीरयत् ॥४३॥
काचिद्भ्रूभङ्गुरं कृत्वा ललाटफलक हरिम् ।
विलोक्य नेत्रभृङ्गाभ्यां पपौ तन्मुखपङ्कजम् ॥ ४४ ॥
काचिदालोक्य गोविन्द निमीलितविलोचना ।
तस्यैव रूप ध्यायन्ती योगारूढेव चाबभौ ॥ ४५ ॥
ततः काश्चित् प्रियालापैः काश्चिद् भ्रूभङ्गवीक्षणैः ।
निन्येऽनुनयमन्याश्च करस्पर्शेन माधवः ॥ ४६ ॥
ताभि प्रसन्नचित्ताभिर्गोपीभिः सह सादरम् ।
रराम रासगोष्ठीभिरुदारचरितो हरि ॥ ४७ ॥
रासमण्डलबन्धोऽपि कृष्णपार्श्वमनुज्झता ।
गोपीजनेन नैवाभूदेकस्थानस्थिरात्मना ॥ ४८ ॥
हस्ते प्रगृह्य चैकैकां गोपिकां रासमण्डलीम् ।
चकार तत्करस्पर्शनिमीलितदृशां हरि ॥ ४९ ॥
ततः स ववृते रासश्चलद्वलयनिस्वन ।
अनुयातशरत्काव्यगेयगीतिरनुक्रमात् ॥ ५० ॥
कृष्ण शरच्चन्द्रमसं कौमुदीं कुमुदाकरम् ।
जगौ गोपीजनस्त्वेकं कृष्णनाम पुनः पुनः ॥ ५१ ॥
परिवर्त्तश्रमेणैका चलद्वलयलापिनीम् ।
ददौ बाहुलतां स्कन्धे गोपी मधुनिघातिन ॥ ५२ ॥
काचित्प्रविलसद्बाहुः परिरभ्य चुचुम्ब तम् ।
गोपी गीतस्तुतिव्याजनिपुणा मधुसूदनम् ॥ ५३ ॥
गोपी-कपोलसंश्लेषमभिपत्य हरेर्भुजौ ।
पुलकोद्गमशस्याय स्वेदाम्बुघनतां गतौ ॥ ५४ ॥
रासगेय जगौ कृष्णो यावत् तारतरध्वनिः ।
साधु कृष्णेति कृष्णेति तावत्ता द्विगुणं जगुः ॥ ५५ ॥

गते तु गमनं चक्रुर्बलने सम्मुख ययुः ।
प्रतिलोमानुलोमाभ्यां भेजुर्गोपाङ्गना हरिं ॥ ५६ ॥
स तथा सह गोपीभी रराम मधुसूदनः ।
यथाब्दकोटिप्रमितः क्षणस्तेन विनाऽभवत् ॥ ५७ ॥
ता वार्यमाणाः पतिभिः पितृभिर्भ्रातृभिस्तथा ।
कृष्ण गोपाङ्गना रात्रौ रमयन्ति रतिप्रियाः ॥ ५८ ॥
सोऽपि कैशोरकवयो मानयन् मधुसूदनः ।
रेमे ताभिरमेयात्मा क्षपासु क्षपिताहितः ॥ ५९ ॥
विष्णुपुराणम् । पञ्चमांशः । १३ अ. ॥

"સ્વચ્છ આકાશ, શરદ્ ઋતુના ચદ્રની ચાંદની, આસપાસ સઘળે સુગધ પ્રસારતા ખીલેલા કમળ, ભ્રમરના ગુજારવથી ગાજી રહેલુ, મનોહર વન જોઈ કૃષ્ણને ગોપીઓ સાથે ક્રીડા કરવાનુ મન થઈ આવ્યુ. બળરામની જોડે સ્ત્રીઓને પ્રિય એવુ, નાના પ્રકારના સાજ સાથે ઘણુ ધીમુ પણ અતિ મધુર ગાયન ગાવા માડયુ રમણીય ગીતનો અવાજ સાભળી પોતાના ઘરબાર છોડી જ્યા મધુસૂદન હતા ત્યા ગોપીઓ ઉતાવળી આવી પહોચી કોઈ ગોપી તેના લય(તાલ)ને અનુવર્ત્તી ધીરે ધીરે ગાવા લાગી કોઇએ તેનાપર જ ચિત્ત ચોટાડી મનમા કૃષ્ણનુ સ્મરણ કર્યું કોઇ કૃષ્ણ કૃષ્ણ કહી લજ્જા પામવા લાગી કોઈ લાજ છોડી પ્રેમાન્ધ બની તેની પાસે આવી ઉભી કોઈ ઘરમા હતી તે બહાર પોતાના મોટેરાઓને જોઈ આખો મીંચી ગોવિદમા તન્મય થઈ જઈ તેનુ ધ્યાન ધરવા લાગી બીજી ગોપકન્યાએ કૃષ્ણચિતનથી ઉત્પન્ન થતા અતિશય હર્ષથી પોતાનુ આગળનુ સચિત કરેલુ પુણ્ય ભોગવી લીધુ અને કૃષ્ણને ન મળવાથી થતા મહાદુઃખને ભોગવી પોતાના સઘળા પાપ ખુટાડી દીધા, પછી પરબ્રહ્મસ્વરૂપ જગત્કારણનુ ચિતવન કરતા કરતા શ્વાસોચ્છ્વાસ ભૂલી જઈ મુક્તિ મેળવી ગોપીઓથી ઘેરાયલા અને રાસ* આરભ કરવાને—રમવાને-ઉત્સુક થયલા ગોવિદને રાત્રિ શરદ્ચદ્રથી

* "રાસ" એટલે નાચ, નાચવુ તે શ્રીધર કહે છે કે. "अन्योन्यव्यतिषक्तहस्तानां स्त्रीपुंसां गायतां मण्डलीरूपेण भ्रमतां नृत्यविनोदः रासो नाम । "

મનોહર થયલી લાગી પણ કૃષ્ણ બીજે કાંઈ જતા રહ્યા તેથી, ગોપીઓ કૃષ્ણના જેવી જ ચેષ્ટા કરતી કરતી જૂદી જૂદી ટોળીઓમા બધાઈ જઈ વૃન્દાવનમા ફરવા લાગી, અને કૃષ્ણમા જ નિરૂદ્ધહૃદય બની જવાથી એક બીજાને કહેવા લાગી કે, “હુ કૃષ્ણ છુ, જુઓ હું કેવી લલિત ગતિથી ચાલુ છુ તમે મારી ચાલ તરફ નજર કરો ” બીજી કહે, “ હુ જ કૃષ્ણ છુ, હુ ગીત ગાઉ છુ, તે તો સાભળો ” ત્રીજી કહે, “ દુષ્ટ કાળીનાગ! અહિ જ રહે, હુ કૃષ્ણ છુ ” એવુ કહી તે (મલ્લની પેઠે) હાથપર હાથ ઠોકી કૃષ્ણલીલાનુ અનુકરણ કરવા લાગી વળી કોઈ બીજી કહે કે, “ હે ગોપગણો! તમે બેધડક અહિ રહો, નકામા વરસાદના ભયથી ડરો નહિ, મ અહિ ગોવર્દ્ધન ધરી રાખ્યો છે ” વળી કૃષ્ણની લીલાનુ અનુકરણ કરનારી ચોથી કોઈ ગોપી કહે કે, “ આ ધેનુકને મે મારી નાખ્યો છે હવે તમારી મરજી હોય તેમ ફરો ફરો ” એ પ્રમાણે સઘળી ગોપીઓ કૃષ્ણની નાના પ્રકારની ચેષ્ટાનુ અનુસરણ કરતી કરતી ઉચે અને વૃન્દાવનના રમણીય વનમા ફરવા લાગી તેમાની એક ગોપવરાગના—ગોપીના તો જમીન જોતા જ શરીરના રૂવે રૂવા ઉભા થઈ આવ્યા, અને આખો ફાડીને તે કહેવા લાગી, “ હે સખી! જો તો ખરી, આ ધ્વજ, વજ્ર, તથા અકુશની રેખાવાળા પગલા તે લીલા કરતા કરતા જતા કૃષ્ણના જ હોવા જોઈએ, તેની જોડે કોઈ મદથી મન્દ ગમન કરનારી પુણ્યવતી (ગોપી) ગઈ લાગે છે, કારણ આ નાના નાના ને પાસે પાસે પડેલા પગલા તેના જ છે એ મહાત્માના પગલાનો આગલો ભાગ જ માત્ર અત્રે દેખાય છે, તેથી જરૂર દામોદરે અહિ ઉભા રહી ઉચે ઉગેલા ફૂલ તોડયા હશે જેણે પૂર્વ જન્મમા સર્વાત્મા વિષ્ણુને પૂજ્યા હશે તેવી કોઈ ગોપીને અહિ બેસી જરૂર તેણે ફૂલથી શણગારી હશે, તેને ફૂલથી શણગારેલી તેથી તે ગર્વિત થઈ હશે, અને તેથી તેને છોડી નન્દ ગોપનો સુત આ રસ્તે ગયો હશે જો, અહિ વળી પગલાનો આગલો ભાગ જમીનમા બહુ ઊંડો પડેલો હોવાથી, એમ લાગે છે કે કોઈ મોટા નિતબવાળી ગોપી તેની જોડે ચાલવાને અશક્ત થઈ પડેલી હશે અને તેથી પોતે તેની જોડે રહી

શકે તેથી તેણે ઉતાવળથી ચાલવાનો પ્રયત્ન કર્યો લાગે છે હે સખી! મને અહિની પગલી જોતા જણાય છે કે તે ટૂકાં ટૂકા પગલા ભરીને ચાલતી હશે અને તે ગોપીનો હાથ કૃષ્ણે પોતાના હાથમા રાખ્યો હશે એનો હાથ પકડયા પછી એને છોડી દીધી હશે, કારણ નિરાશ થઈ ધીમી ચાલનારી(ગોપી)નાં પગના નિશાન થઈ ગયા લાગે છે, અને કૃષ્ણે જરૂર તેને કહ્યુ હશે કે હમણા જઇને તરત જ હુ તારી પાસે પાછો ફરૂ છુ, તેથી કરીને એની ચાલ ત્વરિત થઈ છે, અને પછી તે ઝાડીમા દાખલ થઈ ગયો લાગે છે, કારણ પગલા દેખાતા નથી અહિ હવે ચન્દ્રના કિરણ પ્રવેશ કરી શકતા નથી, તેથી ચાલો, આપણે પાછા ફરીએ" પછી કૃષ્ણનો મેળાપ નહિ થાય એમ જાણી નિરાશ થઇને ગોપીઓ પાછી ફરી અને યમુનાને કાંઠે જઈ કૃષ્ણચરિત ગાવા લાગી, એટલામા ગોપીઓએ જોયુ કે વિકસિત મુખકમળવાળા, ત્રિલોકની રક્ષા કરનાર, શુદ્ધ કર્મવાળા કૃષ્ણ તેમની તરફ આવે છે. ગોવિંદને આવેલા જોઈ કોઈ એક ગોપી પુલકિત હર્ષિત થઈ કૃષ્ણ કૃષ્ણ બોલવા લાગી. તે સિવાય તે બીજુ કશુ બોલતી જ નહતી કોઈ એક ગોપીએ કપાળપરના ભવા ચઢાવી હરિને જોઇને, ઉચી આખોએ તેના મુખકમળનુ પાન અને આંખોરૂપી ભમરા વડે કરવા માડયુ કોઈ કોઈ ગોપીઓએ ગોવિંદને જોઈ નીચી નજરે યોગ સાધનારની માફક શોભી રહી તેના રૂપનુ ધ્યાન ધરવા માડયુ, પછી માધવે કોઇને હેતના વચન કહી, કોઇને આખના અણસારાથી તો કોઇને કરસ્પર્શ કરી મનાવી મોટા મનના હરિએ પ્રસન્ન ચિત્તવાળી ગોપીઓ સાથે માન આદરથી રાસમડળની ક્રીડા કરવા માડી, પરંતુ તેમાની કોઈ કૃષ્ણની પાસેથી ખસતી નહતી, અને એક જ જગ્યાએ કૃષ્ણના હાથ જો કોઈ ગોપીને કપાળે અડકતા તો તેથી શરીરના રૂંવાટા ઉભા થવા રૂપ ધાન્યની ઉત્પત્તિ માટે કૃષ્ણના હાથ ઉપરના પરસેવાના ટીપા વરસાદની બરાબરી પ્રાપ્ત કરતા. ઘણા ઉચા સૂર સાથે જ્યા સુધી કૃષ્ણે રાસગીત ગાવાનુ ચાલુ રાખ્યુ ત્યા સુધી ગોપીઓએ પણ 'સાધુ' કૃષ્ણ, સાધુ! કૃષ્ણ" બોલવુ ચાલુ રાખ્યુ કૃષ્ણ આગળ ખસતા તો તેઓ પાછળ જતી અને કૃષ્ણ પાછા ફરતા એટલે તેમને સામી

મળતી. એ પ્રમાણે સામા જતા અને પાછળ જતા ગોપીઓએ હરિને ભજ્યા. ગોપીઓ સાથે મધુસૂદને એવી રીતે ક્રીડા કરી, કે તેમના વગરની એક ક્ષણ તે તેમને એક કરોડ વર્ષ જેવી જણાઈ. ક્રીડા જેને પ્રિય હતી તેવી ગોપીઓએ, પતિ, પિતા, ભાઈ, સૌએ મના કર્યા છતાં પણ રાત્રે કૃષ્ણ જોડે ક્રીડા કરી. શત્રુનો નાશ કરનાર, અમેયાત્મા, મધુસૂદને પણ પોતાની કિશોરવય જાણી રાત્રે તેમની જોડે ક્રીડા કરી."

ઉપરના ભાષાંતરમા "રમ્" ધાતુપરથી આવેલા શબ્દોનો અર્થ ક્રીડા એવો કર્યો છે. જેમ કે, "**रतिप्रिया**" એટલે ક્રીડા જેને પ્રિય છે કારણ પૂર્વે "રમ્" ધાતુનો ક્રીડાના અર્થમા જ ઉપયોગ થતો હતો. તેનો જે બીજો અર્થ થયો છે તે ક્રીડાનો અર્થ થયા પછી જ થયો છે કૃષ્ણલીલાના સબધમા "**रति**" અને "**रतिप्रिय**" એ જ અર્થમા વપરાયા છે તેના ઘણા દાખલા છે હરિવંશના ૬૭ તથા ૬૮ મા અધ્યાયમા એ જ પ્રમાણે ઉપયોગ થયલો દેખાય છે * ત્યા ક્રીડાશીલ રમતીઆળ ભરવાડોને "રતિપ્રિય" ગોપાળ કહ્યા છે, અને તે જ અર્થ અહિ પણ લાગુ પડે છે કારણ "રાસ" એ એક જાતની રમત—ક્રીડા જ છે હજુ સુધી હિન્દુસ્તાનના કેટલાક ભાગમા એવી રમત રમાય છે. રાસનો અર્થ શ્રીધર સ્વામીએ પણ એવો જ કર્યો છે:—"**अन्योन्यव्यतिषक्तहस्तानां स्त्रीपुंसां गायतां मण्डलीरूपेण भ्रमतां नृत्यविनोदः रासो नाम**" એટલે કે સ્ત્રીપુરૂષ એક

---

* "स तत्र वयसा तुल्यैर्वत्सपालैः सहानघः ।
रेमे वै दिवसं कृष्णः पुरा स्वर्गगतो यथा ॥
तं क्रीडमानं गोपाला कृष्णं भाण्डीरवासिनम् ।
रमयन्ति स्म बहवो वन्यैः क्रीडनकैस्तदा ॥
अन्ये स्म परिगायन्ति गोपा मुदितमानसाः ।
गोपालाः कृष्णमेवान्ये गायन्ति स्म रतिप्रियाः ॥"

એ શ્લોકમા "रम्" ધાતુપરથી બનેલા શબ્દો ત્રણ વખત વપરાયા છે "रेमे, रमयन्ति, रतिप्रियाः" તેનો અર્થ ક્રીડા સિવાય બીજો થતો નથી, કારણ ત્યા ગોપગણ–ભરવાડો વિષે વાત છે.

-બીજાના હાથ પકડી ગાતા ગાતા કુંડાળામાં ફરતા ફરતા જે નાચ કરે તેનું નામ રાસ. નાના છોકરા ને છોકરીઓને એ પ્રમાણે નાચતા ઘણા માણસોએ જોયા હશે અને મોટી ઉમ્મરે પહોંચેલા માણસો પણ બીજા ઘણા દેશોમાં એ પ્રમાણે કરે છે એ નૃત્યમાં આદિરસ એટલે શૃંગારનું નામ કે ગંધ કાંઈ જ નથી

"રાસ" એટલે રમત અને "રતિ' એટલે પણ રમત, અને તેથી રાસ વર્ણવવામાં "રતિ" શબ્દનો ઉપયોગ થયો, અને તેથી અનુવાદ કરવામાં તેને બદલે "ક્રીડા" શબ્દ જ વપરાવો જોઈએ.

આ રાસલીલાવૃત્તાન્તમાં જે ગૂઢ અર્થ રહેલો છે તે સ્પષ્ટ કરવા "ધર્મતત્ત્વ" નામના ગ્રંથમાં જે કહ્યું છે તે ફરી કહેવાની જરૂર છે

તેમાં કહ્યું છે કે મનુષ્યત્વ એ જ માણસનો ધર્મ, એ મનુષ્યત્વના ધર્મનું ઉપાદાન તે આપણી વૃત્તિઓનું અનુશીલન, પ્રસ્ફુરણ તથા ચરિતાર્થતા એ વૃત્તિઓના ચાર વિભાગ થઈ શકે છે શારીરિકી, જ્ઞાનાર્જની, કાર્યકારિણી તથા ચિત્તરંજિની જે વૃત્તિઓ દ્વારા આપણે સૌંદર્યાદિનું અવલોકન કરી નિર્મળ અને અતુલ આનંદ ભોગવીએ છીએ, તેનું નામ ચિત્તરંજન કરનારી વૃત્તિ તેનું પૂરેપૂરૂં અનુશીલન થાય તો સચ્ચિદાનંદમય જગત્ તથા જગન્મય સચ્ચિદાનંદના સ્વરૂપનો સંપૂર્ણ અનુભવ થાય એ વૃત્તિનું અનુશીલન ન થાય તો ધર્મની હાનિ થવાનો સંભવ છે જે આદર્શ પુરૂષ, જે નમૂનારૂપ માણસ છે, તેની કોઈ પણ વૃત્તિ અનુશીલન વગરની વા સ્ફુતિહીન હોય એવો સંભવ જ નથી આ રાસલીલા તે કૃષ્ણ અને ગોપીઓ દ્વારા ચિત્તરંજિની વૃત્તિના થયલા અનુશીલનનું ઉદાહરણ

કૃષ્ણને તો એ એક ઉપભોગ માત્ર હતો, પણ ગોપીઓને મન તો તે ઈશ્વરોપાસનાના સમ હતું એક તરફથી અનંત સુંદર કૃષ્ણના સૌંદર્યનો વિકાસ, અને બીજી તરફથી તે અનંત સુંદરની ઉપાસના હતા ચિત્તરંજન કરનારી વૃત્તિનું એ છેલ્લામાં છેલ્લું અનુશીલન તે તે વૃત્તિને ઈશ્વરમુખી—ઈશ્વર તરફ દોરનારી—કરે છે પ્રાચીન ભરતખંડમાં સ્ત્રીઓને જ્ઞાનમાર્ગે જતા અટકાવેલી હતી, કારણ વેદ વગેરેનો અભ્યાસ કરવાની

તેમને રજા નહતી કર્મમાર્ગ પણ તેમને મહાકષ્ટે પ્રાપ્ત થાય એમ હતુ, પરતુ ભક્તિ સબધે તેમનો વિશેષ અધિકાર હતો એવુ કહેલુ છે કે ભક્તિ એટલે **परानुरक्तिरीश्वरे**, અર્થાત્ ઈશ્વર ઉપર પરમ પ્રીતિ અથવા અનુરાગ તે ભક્તિ. અનુરાગ (પ્રેમ) ઘણા કારણોથી જન્મ પામે છે, પરતુ સૌદર્યના મોહને લીધે જે અનુરાગ જન્મ પામે છે, તે માણસ જાતમા બીજા બધા કરતા ઘણી જ સત્તા ભોગવે છે, અને તેથી અનન્ત સુદર જે કૃષ્ણ તેના સૌદર્યનો વિકાસ, અને તેની આરાધના તે જ સ્ત્રી જાતની જીવનસાર્થકતાનો મુખ્ય ઉપાય, અને રાસલીલા તે એ તત્ત્વનુ રૂપક, બીજુ કાઈ નહિ જડ પ્રકૃતિનુ–કુદરતનુ–સૌદર્ય સમસ્ત તેમા હાજર હતુ શરદ્ ઋતુની પુનમનો ચન્દ્ર, શરદ્‌ના પ્રવાહથી પરિપૂર્ણ, શ્યામલ જલવાળી જમના, ખીલતા ફુલોના સુવાસથી મઘમઘતા કુજમા કલ્લોલ કરતા પક્ષીઓના ગાયનથી ગાજી રહેલી વૃદાવનની વનસ્થલી, અને તેમાં અનન્ત સુદર કૃષ્ણના શરીરનો વિકાસ (ખીલવુ), તેમા ઉમેરો કરવા-વાળી વળી કૃષ્ણની વિશ્વમોહિની વાસળી અને તેની જોડે ગવાતા ગીત. આવી રીતના સર્વ પ્રકારના ચિત્ત રજન કરનારા સાધનો મારફતે ગોપી-ઓની ભક્તિમા વધારો થયો, તેઓ કૃષ્ણની અનુરાગિણી થઈ અને તેથી પોતાને જ કૃષ્ણ તરીકે જાણવા લાગી, કૃષ્ણે બોલવાનુ પોતે બોલવા લાગી અને માત્ર જગદીશ્વરના સૌદર્યને વિષે જ અનુરાગિણી થઈ જીવાત્માપરમાત્માના અભેદનુ જે જ્ઞાન, જે યોગીના યોગનો અને જ્ઞાનીના જ્ઞાનનો છેલ્લામા છેલ્લો ઉદ્દેશ છે, તે તેમણે પ્રાપ્ત કર્યો અને ઈશ્વરમા લીન–એક–થઈ ગઈ

આપણા હાલના સસારની આખે જોતા, જુવાન પુરુષ ને જુવાન સ્ત્રીઓ એકઠા થઈ નાચે ને ગાયન કરે તે અયોગ્ય લાગે છે ખરૂ, પણ યૂરોપની તથા બીજી પ્રજાઓમા તેમ નથી * વખતે એમ બન્યુ હશે કે જ્યારે વિષ્ણુપુરાણ રચાયુ હશે ત્યારે પણ એવી જ સ્થિતિ હશે, અને પુરાણ લખનારના મનમા એવુ હશે કે એ વાત નિન્દનીય છે, માટે જ તેણે લખ્યુ હશે કે,

---

* હજી પણ સુરત જીલ્લામાં ચોધરા, નયડા, દુબળા વગેરે જાતિમા એ રિવાજ ચાલે છે. (ભા. ક.)

" ता वार्यमाणाः पतिभिः पितृभिर्भ्रातृभिस्तथा " એટલે " પતિઓએ, પિતાઓએ, તેમ જ ભાઇઓએ વારેલી " વળી તેથી જ એ અધ્યાયને અંતે કૃષ્ણના દોષ ધોઈ નાખવાને લખ્યુ છે કે—

"तद्भर्तृषु तथा तासु सर्वभूतेषु चेश्वरः ।
आत्मस्वरूपरूपोऽसौ व्याप्य वायुरिव स्थितः ॥
यथा समस्तभूतेषु नभोऽग्निः पृथिवी जलम् ।
वायुश्चात्मा तथैवासौ व्याप्य सर्वमवस्थितः "॥

" તેમના પતિઓમા તેમના પોતાનામા અને સર્વ ભૂતવસ્તુઓમા બધે ઇશ્વર આત્મસ્વરૂપે વાયુની માફક વ્યાપી રહેલો છે. જેમ ભૂત માત્રમા આકાશ, અગ્નિ, પૃથ્વી, જળ ને વાયુ છે તેમ તે પણ સઘળી જગ્યાએ વ્યાપીને રહેલો છે."

આ પ્રમાણે કૃષ્ણના દોષ ધોઈ નાખવાનુ કાંઈ પ્રયોજન હતુ નહિ યુવાન પુરૂષ અને યુવાન સ્ત્રીઓ એકઠા થઈ નાચગાયન કરે તેમા ધર્મનો ભગ થતો નથી, માત્ર સામાજિક દોષ થાય છે એમ કહીએ તો ચાલે, અને કૃષ્ણના સમયમા તો લોકો તેને દોષ સરખો પણ ગણતા નહતા, એમ જણાય છે, તો પછી ઉપર કહેલા ખુલાસા સિવાય એ શ્લોક બીજી રીતે સમજાવી શકાતો નથી.

પ્રકરણ ૬ ઠ્ઠું

વ્રજગોપી–હરિવંશ

આગલા પ્રકરણમા વિષ્ણુપુરાણમાથી જે ઉતારો કર્યો છે તે તેના પાચમા અંશના તેરમા અધ્યાયમાથી છે. એ અધ્યાય સિવાય વ્રજ-ગોપીની બાબત વિષ્ણુપુરાણમા બીજી કોઈ જગ્યાએ નથી. માત્ર કૃષ્ણ જ્યારે મથુરા ગયા ત્યારે તેમને જે દિલગીરી થયલી તે વર્ણવી છે એ જ પ્રમાણે હરિવંશમા ગોપીઓની કથા વિષ્ણુપર્વના ૭૭મા અધ્યાયમા અથવા બીજા ગ્રંથમા છે તેમ ૭૬મા અધ્યાય સિવાય

બીજે ક્યાંઈ નથી. એનો ઉતારો નીચે આપ્યો છે, પરંતુ તે સબંધમાં એટલું કહેવું જોઈએ કે હરિવંશમાં “ રાસ ” શબ્દ કોઈ જગ્યાએ વપરાયો નથી, તેને બદલે “ હલ્લીષ ” શબ્દ વપરાયલો છે. એ અધ્યાયનું નામ જ “ હલ્લીષક્રીડા.” (જેમકે, **इति श्रीमहाभारते खिलेषु हरिवंशे विष्णुपर्वणि हल्लीषक्रीडने सप्तत्यध्यायः**) હેમચન્દ્રના કોષમાં હલ્લીષનો અર્થ નીચે પ્રમાણે આપ્યો છે

मण्डलेन तु यन्नृत्यं स्त्रीणां हल्लीषकं तु तत् ।

વાચસ્પત્યમાં તારાનાથે કહ્યું છે કે, “ **स्त्रीणां मण्डलीकाकार-नृत्ये** ” મતલબ કે રાસ અને હલ્લીષનો અર્થ એક જ છે, એટલે કે એક જાતનો નાચ હરિવંશમાં કહ્યું છે કે—

कृष्णस्तु यौवनं दृष्ट्वा निशि चन्द्रमसो नवम् ।
शारदीं च निशां रम्यां मनश्चक्रे रतिं प्रति ॥
स करीषाङ्गरागासु व्रजरथ्यासु वीर्यवान् ।
वृषाणां जातदर्पाणां युद्धानि समयोजयत् ॥
गोपालांश्च बलोदग्रान् योधयामास वीर्यवान् ।
वने स वीरो गाश्चैव जग्राह ग्राहवद्विभुः ॥
युवतीर्गोपकन्याश्च रात्रौ सङ्काल्य कालवित् ।
कैशोरकं मानयन् वै सह ताभिर्मुमोद ह ॥
तास्तस्य वदनं कान्तं कान्ता गोपस्त्रियो निशि ।
पिबन्ति नयनाक्षेपैर्गां गतं शशिनं यथा ॥
हरितालार्द्रपीतेन सकौशेयेन वाससा ।
वसानो भद्रवसनं कृष्णः कान्ततरोऽभवत् ।
स बद्धाङ्गदनिर्यूहश्चित्रया वनमालया ।
शोभमानो हि गोविन्दः शोभयामास त व्रजम् ॥
नाम दामोदरेत्येव गोपकन्यास्तदाऽब्रुवन् ।
विचित्रं चरितं घोषे दृष्ट्वा तत्तस्य भाषतः ॥
तास्तं पयोधरोत्तानैरुरोभिः समपीडयन् ।
भ्रामिताक्षैश्च वदनैर्निरीक्षन्त वराङ्गनाः ॥

ता वार्यमाणाः पितृभिर्भ्रातृभिर्मातृभिस्तथा ।
कृष्णं गोपाङ्गना रात्रौ मृगयन्ते रतिप्रियाः ॥
तास्तु पंक्तीकृताः सर्वा रमयन्ति मनोरमम् ।
गायन्त्यः कृष्णचरितं द्वन्द्वशो गोपकन्यका ॥
कृष्णलीलानुकारिण्य कृष्णप्रणिहितेक्षणा ।
कृष्णस्य गतिगामिन्यस्तरुण्यस्ता वराङ्गनाः ॥
वनेषु तालहस्ताग्रै. कुट्टयन्त्यस्तथापरा ।
चेरुर्वै चरितं तस्य कृष्णस्य व्रजयोषित ॥
तास्तस्य नृत्यं गीतं च विलासस्मितवीक्षितम्
मुदिताश्चानुकुर्वन्त्य. क्रीडन्त्या व्रजयोषितः ॥
भावनिस्यन्दमधुरं गायन्त्यस्ता वराङ्गनाः ।
व्रजं गता सुखं चेरुर्दामोदरपरायणा· ।
करीषपांशुदिग्धाङ्गास्ता· कृष्णमनुवव्रिरे ।
रमयन्त्यो यथा नाग संप्रमत्तं करेणवः ॥
तमन्या भावविकचैर्नेत्रैः प्रहसिताननाः ।
पिबन्त्यतृप्ता वनिताः कृष्ण कृष्णमृगेक्षणाः ॥
मुखमस्याब्जसङ्काशं तृषिता गोपकन्यकाः ।
रत्यन्तरगता रात्रौ पिबन्ति रतिलालसाः ॥
हा हेति कुर्वतस्तस्य प्रहृष्टास्ता वराङ्गनाः ।
जगृहुर्निःसृतां वाणीं साम्ना दामोदरेरिताम् ॥
तासां ग्रथितसीमन्ता रतिश्रान्त्याकुलीकृताः ।
चारु विस्रसिरे केशाः कुचाग्रे गोपयोषिताम् ॥
एवं स कृष्णो गोपीनां चक्रवालैरलङ्कृत ।
शारदीषु सचन्द्रासु निशासु मुमुदे सुखी ॥

हरिवंशे ७७ अध्याय ।

"રાત્રે ચન્દ્રનું નવયૌવન અને શરદ ઋતુની રમણીય ચાંદની જોઈ કૃષ્ણને ક્રીડા કરવાની ઇચ્છા થઇ, તેથી વ્રજના સૂકા ગોમયવાળા રાજમાર્ગ પર બળવાન કૃષ્ણ માતેલા સાંઢની કોઈ કોઈ વાર સાંઢમારી

કરાવતા તો કોઈ કોઈ વાર બળવાન ગોવાળીઆઓ વચ્ચે લઢાઇઓ કરાવતા અને મગરની પેઠે ગાયોને વનમા ખેંચી જતા જેને કાળનુ જ્ઞાન છે એવા કૃષ્ણ પોતાની કિશોર વયના નમ્માનાર્થે જુવાન ગોપીઓને માટે વખત કાઢી રાત્રે તેમના સગમા આનદ અનુભવતા પૃથ્વીપર ઉતરી આવેલો મૂર્તિમાન ચન્દ્ર જાણે તે હોય નહિ તેમ તેમના સુદર ચહેરાનુ પોતાની આખો વડે તે ગોપ સુન્દરીઓ પાન કરતી. સુદર વસ્ત્રવાળા કૃષ્ણ હરતાળ જેવા પીળા હીરાગળ વસ્ત્ર સહિત વધારે સુદર લાગતા બાજૂબધ અને મુગટે ધારણ કરેલી વિચિત્ર વનમાળાથી શોભતા ગોવિદે વ્રજને શોભાવ્યુ ગોવાળીઆઓના રહેઠાણ મધ્યે વાસ્યાલાપી કૃષ્ણના વિચિત્ર ચરિત્ર જોઇને ગોપકન્યાઓ તેને દામોદર કહેતી પયોધરને લીધે ઉન્નત થયેલી છાતી સરસા તેમને ખૂબ દબાવી ભ્રમણ કરતા ચક્ષુઓ વડે તેમને ગોપીઓ નિરખતી પિતા, ભાઈ તેમ જ માતાએ વારેલી છતા ક્રીડાનુરાગિણી ગોપસ્ત્રીઓ રાત્રે કૃષ્ણ પાસે ગઈ ને બધીઆએ હારબધ ગોઠવાઈ મનોહર ક્રીડા કરી, અને બબ્બે બબ્બે ગોપકન્યાઓએ કૃષ્ણચરિત્ર ગાયુ. કૃષ્ણની લીલાના અનુકરણવાળી અને કૃષ્ણને વિષે જ દૃષ્ટિ સ્થિર કરેલી એવી તે તરુણ સ્ત્રીઓએ કૃષ્ણની ચાલનુ અનુકરણ કર્યું કોઈ કોઈ વ્રજબાળાઓ હાથમા તાળી આપી કૃષ્ણનુ આચરણ આચરવા લાગી. તે વ્રજબાળાઓ કૃષ્ણના નૃત્યનુ, ગાયનનુ તથા તેમના મન્દ હાસ્ય સહિત જોવાનુ અનુકરણ કરી હર્ષથી ક્રીડા કરવા લાગી કૃષ્ણમા અત્યત આસક્ત થઈ તે સુદર સ્ત્રીઓ ભાવ સહિત ગાયન કરતી વ્રજમા સુખે વિચરવા લાગી. જેમ મદોન્મત્ત હાથીને હાથણી રમાડે છે તેમ શરીરે શુષ્ક ગોમયના થયલા લેપ સહિત તે સ્ત્રીઓ ગમત કરતી કૃષ્ણની પાછળ ગઈ. કૃષ્ણમૃગની આખ જેવી આખવાળી તથા હસતા ચહેરાવાળી બીજી સ્ત્રીઓ ભાવથી વિકાસ પામેલા નેત્ર વડે કૃષ્ણનું પાન કરતા ધરાઈ નહિ ક્રીડા સબધે અસત ઇચ્છાની તૃષ્ણા રાખનારી ગોપકન્યાઓ અનન્ય ક્રીડામગ્ન થઈ રાત્રે કૃષ્ણના કમળ જેવા મુખનુ પાન કરવા લાગી હા, હા, એવો શબ્દ કરી કૃષ્ણ ગાન કરતા અને એ પ્રમાણે કૃષ્ણના મુખમાથી નીકળેલી વાણી

હર્ષ સહિત વરાંગનાઓ ગ્રહણ કરતી. ક્રીડાના પરિશ્રમથી ગોપબાળાઓના કેશની સીમન્તરચના વીખરાઈ જવાથી તેમના કેશ સ્તન ઉપર લટકતા પડેલા મનોહર લાગતા હતા. ગોપીઓના કુંડાળામાં શોભતા કૃષ્ણે એ પ્રમાણે શરદ્ ઋતુની ચાંદનીવાળી રાત્રિઓમાં સુખે આનંદ ભોગવવા માંડયો."

વિષ્ણુપુરાણના ઉતારાના ભાષાંતરમાં "રમ્" ધાતુ પરથી બનેલા શબ્દોનું ક્રીડાના અર્થમાં જે પ્રમાણે ભાષાંતર કર્યું છે તે જ પ્રમાણે અને તે જ કારણોને લઇને અહિં પણ તે બધા શબ્દના પર્યાય તરીકે ક્રીડા શબ્દ વાપરી ભાષાંતર કર્યું છે. એ શબ્દ બીજા કોઈ અર્થમાં વપરાય એમ છે જ નહિ જેમ કે,

" तास्तु पंक्तीकृताः सर्वा रमयन्ति मनोरमम् "

અહીં **रति** અર્થવાળો **रमयन्ति** શબ્દ ક્રીડાના અર્થ સિવાય બીજા કોઈ પણ અર્થમાં વપરાયો જ નથી જેમણે બીજો અર્થ કર્યો છે, તેમણે (પહેલાથી ચાલતા આવેલા) કુત્સિત સંસ્કારને લીધે જ કર્યો છે.

હવે આ " હલ્લીષક્રીડા "વર્ણન વિષ્ણુપુરાણની રાસલીલાના વર્ણનને પગલે જ ચાલે છે, એટલું જ નહિ પણ એકનો એક શ્લોક બંને ગ્રંથમાંથી મળી આવે છે, જેમકે વિષ્ણુપુરાણમાં

ता वार्यमाणाः पतिभिः पितृभिर्भ्रातृभिस्तथा ।
कृष्णं गोपाङ्गना रात्रौ मृगयन्ते रतिप्रियाः ॥

તેમ જ હરિવંશમાં પણ છે કે,

ता वार्यमाणाः पितृभिः भ्रातृभिर्मातृभिस्तथा ।
कृष्णं गोपाङ्गना रात्रौ रमयन्ति रतिप्रिया. ॥

વિષ્ણુપુરાણ કરતાં હરિવંશનું વર્ણન ટૂંકું છે, તોપણ બીજી દરેક બાબતમાં તેવું નથી ઉલટું તેમાં તો એમ જણાય છે કે વિષ્ણુપુરાણમાં જે સંક્ષેપ રૂપે છે, તે હરિવંશમાં વિસ્તારીને જણાવેલું છે અને વળી તેને અંગે નાના પ્રકારના અલંકારો ને વાર્તાઓનો વધારો કરેલો છે, પરંતુ રાસલીલાનું હરિવંશમાં જે ટૂંકું વર્ણન કર્યું છે, તેનું એક

કારણ છે. બન્ને ગ્રંથનો મુકાબલો કરતા જણાશે કે હરિવંશકાર ગાભીર્ય, પાંડિત્ય અને ઔદાર્યમાં વિષ્ણુપુરાણના લખનાર કરતા બહુ ઉતરતો છે વિષ્ણુપુરાણના રાસવર્ણનનું ગૂઢ તાત્પર્ય અને ગોપીઓના ભક્તિયોગ દ્વારા કૃષ્ણની જોડે તેમની થયલી એકાત્મતાનો વિષય તે સમજી શક્યો નથી, અને તેમ ન થઈ શકવાથી જ જ્યા વિષ્ણુપુરાણવાળાએ લખ્યુ છે કે **काचित् प्रविलसद्बाहुः परिरभ्य चुचुम्ब तम् ।** ત્યા હરિવંશવાળો લખી બેઠો છે કે **तास्तं पयोधरोत्तानैरुरोभिः समपीडयन् ।**

એટલે કે બન્નેમા ફેર એટલો જ કે વિષ્ણુપુરાણની ચપળ બાલિકાઓ આનન્દથી ચચળ બની રહેલી હતી, અને હરિવંશની તે જ ગોપીઓ વિલાસી સ્ત્રીઓના ભાવથી ભરપૂર હતી. એ ગ્રંથમા ઘણી જગ્યાએ માત્ર વિલાસપ્રિયતા જ અધિકતા ભોગવતી દેખાય છે

એ સિવાય તો વિષ્ણુપુરાણની રાસલીલાને માટે જે જે કહ્યુ છે તે તે હરિવંશની હલ્લીષક્રીડાને પણ લાગુ પડે છે.

ઉપરના શ્લોકો સિવાય હરિવંશમા ગોપીઓ સબધે બીજું કાઈ નથી.

પ્રકરણ ૭ મું

વ્રજગોપી—ભાગવત

વસ્ત્રહરણ

શ્રીમદ્ભાગવતમા કૃષ્ણનો ગોપીઓ જોડેનો સબધ કેવળ રાસલીલામા જ આવી રહેતો નથી, ભાગવતકારે એ સબધ વધારે વિસ્તાર્યો છે, અને કેટલીક જગ્યાએ તો હાલ લોકો જે જે વાતો પસદ કરે તેનાથી ઉલટો જ છે. એ સઘળા વર્ણનો ઉપર બહારથી–ઉપર ઉપરની–નજર નાંખતા તે હાલના વખતને અરૂચિકર લાગે છે ખરા, પણ તેમા

અંદરખાનેથી ઘણુ પવિત્ર ભક્તિતત્ત્વ સમાયલુ છે. હરિવંશકારની માફક ભાગવત લખનારને માથે વિલાસપ્રિયતાનો દોષ ચ્હોટતો નથી, તેના અભિપ્રાય તો સઘળા ઘણા જ નિગૂઢ અને વિશુદ્ધ છે

દશમા સ્કંધના ૨૧મા અધ્યાયમા સૌથી પહેલા તે ગોપીઓનો પૂર્વરાગ વર્ણવે છે, તેઓ કૃષ્ણની વાંસળીનો સ્વર સાભળી મોહિત થઈ પરસ્પર કૃષ્ણ ઉપરના પોતાના પ્રેમની વાતો કરે છે. આ પૂર્વાનુરાગના વર્ણનમા એ કવિ પોતાનુ અસાધારણ કવિત્વ બતાવે છે અને પછી તે વધારે સ્પષ્ટ કરવા માટે એક ઉપકથા કહે છે, તે ઉપકથા "વસ્ત્રહરણ" ને નામે પ્રસિદ્ધ છે એ વસ્ત્રહરણનો ઇશારો મહાભારત, વિષ્ણુપુરાણ. કે હરિવંશમા નથી, તેથી તે માત્ર ભાગવતકારની કલ્પના જ હોવી જોઈએ, એમ કહી શકાય એ વિષય હાલના લોકોની રૂચિ (Taste) વિરૂદ્ધ છે—તેમને બિલકુલ ગમતો નથી, પણ તેટલા માટે તે સબંધે જે કાંઈ કહેવાનુ છે તે અત્રે મૂકી દેવાય નહિ, કારણ ભાગવતમા જે રાસલીલા વર્ણવી છે તે આપણે તપાસવાની છે અને તે જ રાસલીલા જોડે એ પ્રસગને ઘણો સબધ છે

કૃષ્ણના હેતથી ગાડી બની ગયલી ગોપીઓએ ધણી રૂપે તેમને મેળવવા માટે કાત્યાયની વ્રત આદર્યું હતુ એ વ્રત એક માસ ચાલે તેવુ હતું, અને તે દરમ્યાન તે બધીઓ ટોળે મળી પરોઢીએ દરરોજ જમના નદીપર નહાવા જતી હતી સ્ત્રીઓનો નહાતી વખતનો એક ઘણો જ ખરાબ ચાલ હજુ પણ હિન્દુસ્તાનના અનેક ભાગમા ચાલુ છે, તેઓ કપડા કાઢી નદીને કિનારે મૂકી વિના વસ્ત્રે પાણીમા નહાય છે, તે જ પ્રમાણે એ ગોપીઓ નદીકિનારે વસ્ત્ર મૂકી પાણીમા ઉતરી નહાતી હતી મહીનાની આખરે જે દિવસે એ વ્રત સપૂર્ણ થવાનુ હતુ તે દિવસે પણ તેઓની એ જ સ્થિતિ–નહાતી વખતે હતી, તેમને તેમના કર્મનુ ફળ (બને અર્થમા—વ્રતનુ ફળ, તથા કપડા કિનારે મૂકી નહાવાનુ ફળ) આપવા શ્રીકૃષ્ણ તે દિવસે ત્યા આવી લાગ્યા, અને કિનારે પડેલા કપડાની પોટલી બાધી ને લઈ પાસેના કદમના ઝાડપર ચઢી ગયા

ગોપીઓને જ્યારે એ વાતની ખબર પડી ત્યારે તેઓ બહુ ગભરાઈ ગઈ, વગર વસ્ત્રે તેઓથી બહાર નીકળી શકાતુ નહતુ, તેમ શિયાળાના સવારના પવનથી તેમને ટાઢ પણ પુષ્કળ વાતી હતી, તેથી ગળા સુધી પાણીમા ઢંકાઈ રહી, ટાઢથી ધ્રુજતી જતી, તેઓ કૃષ્ણની પાસે કપડા માગવા લાગી કૃષ્ણ સહજમા કપડા આપે તેવા હતા નહિ, ગોપીઓને તેમના "કર્મનુ ફળ' તેમને આપવુ હતુ. ત્યાર પછી જે થયુ તે નીચે જણાવ્યુ છે —

माऽनय भोः कृथास्त्वां तु नन्दगोपसुत प्रियम् ।
जानीमोऽङ्ग व्रजश्लाघ्यं देहि वासांसि वेपिताः ॥
श्यामसुन्दर ते दास्यः करवाम तवोदितम् ।
देहि वासांसि धर्मज्ञ नोचेद्राज्ञे ब्रुवामहे ॥

श्रीभगवानुवाच ।

भवत्यो यदि मे दास्यो मयोक्तं च करिष्यथ ।
अत्रागत्य स्ववासांसि प्रतीच्छत शुचिस्मिताः ।
नोचेन्नाहं प्रदास्ये किं क्रुद्धो राजा करिष्यति ॥
ततो जलाशयात् सर्वा दारिका· शीतवेपिताः ।
पाणिभ्यां * · आच्छाद्य प्रोत्तेरुः शीतकार्शिताः ॥
भगवानाह ता वीक्ष्य शुद्धभावप्रसादितः ।
स्कन्धे निधाय वासांसि प्रीतः प्रोवाच सस्मितम् ॥
यूयं विवस्त्रा यदपो धृतव्रता व्यगाहतैतत्तदु देवहेलनम् ।
बद्ध्वाञ्जलिं मूर्ध्न्यपनुत्तयेंऽहसः कृत्वा नमोऽधोवसनं प्रगृह्यताम् ।
इत्यच्युतेनाभिहितं व्रजाबला मत्वा विवस्त्राप्लवनं व्रतच्युतिम् ।
तत्पूर्तिकामास्तदशेषकर्मणां साक्षात्कृतं नेमुरवद्यमृग्यतः ॥
तास्तथावनता दृष्ट्वा भगवान् देवकीसुतः ।
वासांसि ताभ्यः प्रायच्छत् करुणस्तेन तोषितः ॥+

श्रीमद्भागवतम् १०स्कधः २२ अध्यायः श्लो १४–२२ ॥

+ ગુજરાતીમા અનુવાદ આપવો યોગ્ય ન લાગવાથી માત્ર મૂળ જ આપ્યુ છે

આમાં રહેલુ ખરેખર ભક્તિનુ તત્ત્વ એ જ કે જે ગોપીઓએ કરી બતાવ્યુ—ભક્તિ દ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરવાનુ સાધન-ઈશ્વરને સર્વાર્પણ કરવુ તે

ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યુ છે કે —

यत् करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत् कुरुष्व मदर्पणम् ॥

અર્થ—તુ જે કરે, જે ભોગવે, જે હોમે, જે દાન કરે, જે તપ કરે, તે બધુ, હે કૌન્તેય! મને અર્પણ કર

ગોપીઓએ શ્રીકૃષ્ણને બધુ સમર્પી દીધુ, એનો અર્થ શો? સ્ત્રીઓ સઘળુ છોડી શકે, પણ લજ્જા છોડી શકતી નથી ધન, ધર્મ કર્મ, સૌભાગ્ય, સર્વ જાય તોપણ સ્ત્રીઓ લજ્જાશીલતા છોડતી નથી લજ્જા એ સ્ત્રીનુ મોટામા મોટુ રત્ન છે, તેથી જે સ્ત્રીએ બીજાને માટે લાજ છોડી, તે સ્ત્રીએ તેને બધુ આપી દીધુ એમ ગણીએ તો ચાલે એ ગોપીઓએ શ્રીકૃષ્ણને ખોળે લજ્જા પણ અર્પણ કરી દીધી, પરંતુ કામાતુરની લજ્જાનુ એ અર્પણ નહતુ જેનો લજ્જાપરથી અકુશ ખશી ગયલો, એવી લજ્જાવિવશા સ્ત્રીની લજ્જાનુ એ અર્પણ હતુ, અને તેથી જ તેમણે ઈશ્વરને સર્વસ્વ અર્પણ કરી દીધુ એમ આપણે કહીએ છીએ કૃષ્ણે પણ તેને પોતાના ભક્તો તરફનો ઉપહાર, પ્રસાદ ગણી કબૂલ રાખ્યુ તેમણે કહ્યુ કે "મારામા જેનુ મન આવેશ પામેલુ (લાગેલુ) છે તેની કામના માત્ર કામને લીધે જ છે, એમ કહેવાય નહિ જવને શેકીએ અને ઉકાળીએ, તો પછી તે બી તરીકે વપરાતો નથી" વળી તેમણે કહ્યુ કે "તમે જે માટે વ્રત કર્યું છે, તે હુ રાત્રે સિદ્ધ-પરિપૂર્ણ કરીશ" ગોપીઓએ કૃષ્ણને પતિ તરીકે મેળવવાનુ વ્રત લીધુ હતુ અને કૃષ્ણે તેમની ઇચ્છા પૂરી પાડવાની કબૂલાત આપી તેમના ધણીની જગ્યા સ્વીકારી હતી આ કારણથી જ તેમને બહુ અનીતિમાન કહેવામા આવે છે. એ ગોપીઓ પારકાની સ્ત્રીઓ હતી, અને તેમનુ પતિત્વ કબૂલ કર્યાથી પારકી સ્ત્રી જોડે ખરાબ ચાલ ચલાવવાનુ કૃષ્ણે માથે લીધુ કૃષ્ણે એવુ પાપનુ કામ શા માટે કર્યું હશે?

આનો જવાબ બહુ સ્હેલો છે, કારણ આગળ ઘણી વખત બતાવેલુ છે કે એ બધી કથાઓમા સત્યતાનો જરા પણ અંશ નથી, કારણ એ સઘળી બાબતો માત્ર પુરાણ લખનારાઓની કલ્પનાએ ઉપજાવી કાઢેલી છે. પુરાણકારોએ એ જ બાબતનો જૂદી રીતે પરીક્ષિત્ રાજાના પ્રશ્નના ઉત્તરમા શુકદેવને મોઢે જવાબ અપાવેલો છે. તે શુ છે તે યોગ્ય સ્થળે જણાવીશુ, પરંતુ એટલુ તો અત્રે કહી શકાય કે હિન્દુ ધર્મના ભક્તિવાદને અનુસરી કૃષ્ણને એ ગોપીઓનુ પતિત્વ સ્વીકાર્યા સિવાય છૂટકો નહતો. કૃષ્ણે પોતે જ ભગવદ્ગીતામા કહ્યુ છે કે –

" ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् । "

"જે મને જે ભાવે ભજે છે, તેનો હુ તે ભાવે અનુગ્રહ કરૂ છુ," મતલબ કે જે મારી પાસે વિષયયોગની ઇચ્છા રાખે છે, તેને હુ તે આપુ છુ, અને જે મોક્ષ માગે છે તેને મોક્ષ પણ આપુ છુ વિષ્ણુપુરાણમા છે કે દેવમાતા દિતિએ કૃષ્ણ(વિષ્ણુ)ને કહેલુ છે કે મે તમારી પુત્રભાવે કામના કરી હતી, તેથી તમે મને પુત્રભાવે મળ્યા વળી ભાગવતમા પણ છે કે વસુદેવ દેવકીએ કૃષ્ણને પુત્રભાવે માગેલા, અને તેને તે પુત્ર ભાવે મળ્યા, તેમ ગોપીઓએ કૃષ્ણને વ્રત કરી પતિભાવે માગ્યા તો તેમને તે પતિભાવે મળ્યા. અને જો તેમ હોય તો તેમા અધર્મ શો થયો કહેવાય? ઇશ્વરપ્રાપ્તિમા અધર્મ હોઈ શકે ખરો? પાપ દ્વારા પુણ્યમય, પુરુષનુ આદિભૂત સ્વરૂપ જગદીશ્વર મળી શકે ખરો? ખરી રીતે જોતા પાપ શુ તે આપણે જોઈએ. જે દ્વારા જગદીશ્વરની સન્નિધિ પ્રાપ્ત થઈ શકે તે જ પુણ્ય, તે જ ધર્મ, તેથી જે વિપરિત, તે બધુ પાપ, તે બધો અધર્મ.

આ વાત ચોખ્ખી કરવા માટે પુરાણ લખનારાએ કૃષ્ણને પાપનો સ્પર્શ થઈ શકે એવો માર્ગ જ ખુલ્લો રાખ્યો નથી ૨૦મા અધ્યાયમા તેણે કહ્યુ છે કે જેમણે કૃષ્ણની કામના પતિભાવે નહિ પણ ઉપપતિભાવે માત્ર જારકર્મને માટે જ–કરેલી તેમને તે સશરીર પ્રાપ્ત થયા નહિ, તેમના ધણીઓએ તેમને જવા જ દીધી નહિ. તેઓએ માત્ર કૃષ્ણનો વિચાર કરતા જ પ્રાણ છોડયો.

तमेव परमात्मानं जारबुद्ध्यापि सङ्गताः ।
जहुर्गुणमयं देहं सद्यः प्रक्षीणबन्धनाः ॥

કૃષ્ણ સિવાય બીજો પતિ જેમના સ્મરણ માત્રમા પણ હતો તેમણે જ કૃષ્ણની ઉપપતિ તરીકે ભાવના કરી. જેમના ધ્યાનમા બીજો પતિ હોય તેઓ અનન્ય ભાવે કૃષ્ણની ભક્તિ કરી શકે નહિ, અને તેઓ ઇશ્વરપ્રાપ્તિની અધિકારિણી પણ થઈ શકે નહિ જેટલો સમય તેમનામા જારબુદ્ધિ વાસો કરે તેટલો સમય તેમનામા પાપબુદ્ધિ પણ વાસો કરતી સમજવી, કારણ જારકર્મને માટે અનુરાગ હોવો એ પણ એક પાપ છે જ્યા સુધી જારબુદ્ધિ રહે, ત્યા સુધી કૃષ્ણનુ ઇશ્વિર તરીકે જ્ઞાન થાય નહિ, ત્યા સુધી તો કૃષ્ણ મેળવવાની કામના માત્ર કામ-કામનાજ એ ગોપીઓ કૃષ્ણના પર હેત રાખતી હતી,(ઇશ્વિરને નહિ પણ) કૃષ્ણને માગતી હતી તેથી સશરીર કૃષ્ણને મેળવવા અયોગ્ય હતી

એ પ્રમાણે જો કૃષ્ણની પતિભાવે ગોપીઓએ ભાવના કરી હોય તો તેમા કાઈ પાપ જેવુ નથી, એ ખરૂ, પરતુ કૃષ્ણને માટે કેમ ? એના જવાબમા વિષ્ણુપુરાણ લખનારનો જે જવાબ છે તે જ ભાગવત લખનારનો છે કે ઇશ્વિરને વળી પાપ પુણ્ય કેવુ ? તે આપણા જેવો શરીરવાળો નથી, અને જે શરીર વિનાનો હોય તેનામા ઇંદ્રિયપરતા અને તેના સબધી દોષ પણ હોય નહિ, તે તો સઘળી વસ્તુમા છે, ગોપી-ઓમા પણ વ્યાપી રહેલો છે, તેમના સ્વામીઓમા પણ રહેલો છે, એવાથી વ્યભિચાર રૂપી પાપ થવુ સભવે જ નહિ

આ ઉત્તરમા એક મુશ્કેલી છે ઇશ્વિરને અહિ શરીરી અને ઇન્દ્રિયો-વાળો કલ્પ્યો છે જ્યારે ઇશ્વિરે પોતાની ઇચ્છાને અનુસરી માનવ શરીર લીધુ છે ત્યારે તેણે મનુષ્યમા રહી. માનવ ધર્મોને અનુસરી કાર્યો કરવા માટે જ તે લીધુ છે આપણા એટલે મનુષ્યના સસારી કાયદાની દષ્ટિએ જોતા ગોપીઓ પરસ્ત્રી હતી, અને તેમની જોડેનો સબધ તે અલબત્ત પાપ જ કહેવાય કૃષ્ણે જ ગીતામા કહ્યુ છે કે હુ જે કામ કરૂ છુ તે લોકોને શીખવવા માટે જ કરૂ છુ. લોકશિક્ષક જો વ્યભિચારી હોય તો તે લોકોને પાપાચરણ જ શીખવે, અને તેથી પુરાણકારનો આપેલો

ખુલાસો બરાબર બંધબેસતો નથી, પણ મારૂ જોતા એનો ખુલાસો આપવાનુ કાંઈ કારણુ જ નથી ભાગવતકારે પોતે જ એ રાસમંડળમા કૃષ્ણને જિતેંદ્રિયનુ સંબોધન આપ્યુ છેઃ—

एवं शशाङ्कांशुविराजिता निशाःस सत्यकामोऽनुरताबलो गणः।
सिषेव आत्मन्यवरुद्धसौरतः सर्वाः शरत्काव्यकथारसाश्रया॥

એથી એવુ જણાય છે કે વિષ્ણુપુરાણુ લખનારના કરતા ભાગવત લખનાર પ્રગાઢતામા અને ભક્તિતત્ત્વનુ પારદર્શિપણુ બતાવવામા વધારે શ્રેષ્ઠ છે આખા જગત્મા સ્ત્રીજાત પોતાના પતિને જ વ્હાલામાં વ્હાલો ગણે છે જે સ્ત્રી જગદીશ્વરની પરમ ભક્તિ કરતી હતી તે સ્ત્રી તે જ પતિભાવ તેને મેળવવા આકાંક્ષિત હતી, એ પ્રસંગ વડે એ પુસ્તક લખનાર માણુસના હૃદયની લાગણીઓનુ કેટલુ બધુ જ્ઞાન તથા ભગવદ્ભક્તિનુ સૌદર્યગ્રાહીપણુ બતાવે છે વળી એટલુ જ નહિ પણ જેણે પતિભાવે તેમની ભાવના કરેલી તેને જ તે મળ્યા, જેની જારબુદ્ધિ હતી તેને ન મળ્યા, એ ઉદાહરણથી પણ ભક્તિની ઐકાન્તિકતા (સંપૂર્ણતા) કેટલી બધી સમજાય છે? પરતુ એક બાબતમા પુરાણુકારે ગફલત ખાધી છે પતિત્વ એ એક જાતનો ઈન્દ્રિયસંબંધ છે, અને તેથી જ એ ઇન્દ્રિયસંબંધ ઉપર જન્માવેલા ભાગવતમા વર્ણવેલા રાસમંડળમા દાખલ થઈ ગયો છે એ રાસ, વિષ્ણુપુરાણુ ને હરિવંશના રાસ માફક માત્ર નૃત્ય અને ગીત નથી તેમા તો કૈલાસના શિખરપર તપસ્વી શિવના કોપાગ્નિથી જે બળી ખાક થઈ ગયલો, અનંગ–કામ દેવતા—તે પાછો સજીવન થવાની આશાએ વૃન્દાવનના કિશોર રાસવિહારીના ચરણમા સ્થાન લે છે અને એ પ્રમાણે અહિ કામદેવ દાખલ થઈ ગયો છે પુરાણુકારનો અભિપ્રાય–ઉદ્દેશ—વખોડી કાઢવા જેવો નથી કારણ ઇશ્વરપ્રાપ્તિ થવાથી મુક્ત થયલા જીવને જે આનંદ થાય છે, તે “**ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यह**” વગેરે ધ્યાનમા રાખી તેણે સ્ફુટ કરી દર્શાવવા પ્રયત્ન કર્યો છે પરતુ લોકો તે સમજ્યા નહિ તેનુ રોપેલું ભગવદ્ભક્તિરૂપી કમળનુ મૂળ, અતલ ઉંડા જળમા ડૂબી ગયુ–ડૂબેલુ રહ્યુ, અને તેના ઉપર માત્ર કામરૂપી કુસુમના ઝાંખરા તરવા લાગ્યાં.

જેઓ સપાટીપર તર્યા અને તળીએ ગયા નહિ, તેમણે માત્ર એ જ કુસુમની માળા ગુથી, ઇન્દ્રિયસુખોથી ભરપૂર એવો વૈષ્ણવ ધર્મ ચલાવ્યો. ભાગવતમા જે ખરેખરૂ નિગૂઢ ભક્તિતત્ત્વ છે, તે જયદેવ ગોસ્વામીના હાથમા મદન–કામદેવના ધર્મનો ઉત્સવ થઈ પડયો, અને હજુ સુધી બગાળાની ભૂમિ તો તે જ મદનધર્મોત્સવના ભારથી દબાઈ ગયલી રહી ગઈ છે, અને તેટલા માટે જ કૃષ્ણચરિત્ર નવેસરથી સમજાવવાની જરૂર પડી છે.

પ્રકરણ ૮ મું

વ્રજગોપી—ભાગવત

બ્રાહ્મણની કન્યા

વસ્ત્રહરણનુ નિગૂઢ તત્ત્વ ઉપર કહ્યુ તેમા એક વાત કહેવાની બાકી રહી ગઈ છે

યત્ કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥

અર્થ—તું જે કરે, જે ભોગવે, જે હોમે, જે દાન કરે, જે તપ કરે, તે બધુ હે કૌન્તેય! મને અર્પણ કર

એ શ્લોકને અનુસરી જેઓ જગદીશ્વરને સઘળુ જ અર્પણ કરી શકે છે તેઓ જ તેને મેળવવા લાયક થાય છે વસ્ત્રહરણ વખતે ગોપીઓએ કૃષ્ણને સર્વસ્વ આપી દીધુ માટે તેઓ તેને મેળવવા અધિકારિણી થઈ એવુ જ એક બીજુ ઉદાહરણ આપી ભાગવતકાર એ તત્ત્વને વધારે ખુલ્લી રીતે સમજ પડે તેવુ કરે છે

એ ઉદાહરણ એવુ છે કે એક વખતે વનમા ગાયો ચારતા ચારતા ગોવાળીઆઓ બહુ ભૂખ્યા થયા અને કૃષ્ણ પાસે તેમણે ખાવાનુ માગ્યુ ત્યાથી થોડે છેટે કેટલાએક બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા, તેથી કૃષ્ણે તેમને કહ્યુ કે ત્યા જઈ મારૂ નામ દઈ થોડુ ખાવાનુ માગી લાવો. ગોવાળીઆઓએ તેમ કર્યું, પણ બ્રાહ્મણોએ તેનાપર ધ્યાન ન આપતા

તેમને હાંકી કાઢ્યા તેમણે પાછા આવી બધી વાત કૃષ્ણને જણાવી. કૃષ્ણે કહ્યું તમે પાછા જાઓ અને અંદરના ભાગમા જે બ્રાહ્મણીઓ બેઠી હોય તેમની પાસે મારે નામે ભિક્ષા માગજો તેમણે તેમ કર્યું બ્રાહ્મણીઓએ કૃષ્ણનુ નામ સાભળી તૈયાર હતુ તે બધુ ખાવાનુ તેમને આપી દીધુ એટલુ જ નહિ પણ કૃષ્ણ પાસે છે એમ સાભળી તરત તેમના દર્શન કરવા ત્યા આવી, કારણ તેઓ તેમને ઇશ્વર તરીકે જાણતી હતી. કૃષ્ણના દર્શન કર્યા પછી તેમણે તેમને કહ્યુ કે હવે તમને તમારે ઘેર જવાની રજા છે બ્રાહ્મણકન્યાઓએ કહ્યુ કે, "અમે તો તમારા જ ભક્ત છીએ. અમે પિતા, માતા, ભ્રાતા, પુત્રાદિનો ત્યાગ કરી તમારી પાસે આવ્યા છીએ, તેઓ પાછા અમને ગ્રહણ કરશે નહિ, અમે તો તમારે જ પગે પડીએ છીએ, તમે ચાહો તે ગતિ અમારી કરો" કૃષ્ણે તેમને ગ્રહણ કરી નહિ, અને કહ્યુ કે, "જુઓ, માત્ર શરીર-સબધ કઈ અનુરાગ(પ્રેમ)નુ કારણ નથી, તમે મારામા તમારૂ ચિત્ત પરોવો, તો હુ જલદી તમને પ્રાપ્ત થઇશ મારૂ શ્રવણ, મારા દર્શન, ધ્યાન અને અનુકીર્ત્તન કરવાથી જેવો હુ મળી શકીશ તેવો તમારી પાસે રહ્યાથી મળી શકીશ નહિ, માટે તમે તમારા ઘર તરફ પાછા ફરો" આ સાભળી તેઓ પાછી ઘેર ગઈ

હવે કૃષ્ણને મેળવવા યોગ્ય કર્મ એ બ્રાહ્મણકન્યાઓએ કયુ કરેલુ? પોતાના સઘળા સ્વજન, માબાપ વગેરેને છોડી તેઓ કૃષ્ણ પાસે આવી હતી કુલટા સ્ત્રીઓ માત્ર વ્યભિચાર માટે પણ એવુ કરે છે, પરતુ તેઓ ભગવાનને સર્વસ્વ અર્પણ કરી શકતી નથી, તેથી તેઓ તેની પ્રાપ્તિની અધિકારિણી પણ થઈ શકતી નથી, તેટલા માટે એ સીડીનુ પહેલુ પગથીઉં શ્રવણ, મનન, ધ્યાન આદિ વડે ચઢવા તેમને ઉપદેશ આપી કૃષ્ણે તેમને પાછી મોકલી. પવિત્ર કુળમા જન્મેલી બ્રાહ્મણકન્યાઓ સાધનાને અભાવે જે ઇશ્વરપ્રાપ્તિને માટે અધિકારિણી થઈ શકી નહતી તે જ ઇશ્વરપ્રાપ્તિ માટે માત્ર સાધનાના પ્રભાવે ગોવાળની સ્ત્રીઓ યોગ્ય થઈ હતી, એ ગોપીઓના શ્રવણ, મનન વગેરેની હકીકત ભાગવતમાં આગળના ભાગમા—જ્યા પૂર્વરાગનું વર્ણન કર્યું છે ત્યા—આપેલી છે

પ્રકરણ ૯ મું

વ્રજગોપી—ભાગવત

રાસલીલા

ભાગવતના દશમા સ્કંધના ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, એ પાંચ અધ્યાય તે **રાસપંચાધ્યાય** કહેવાય છે ૨૯મા અધ્યાયમા શરદ્પુનમની રાતે **કૃષ્ણે** મધુર વેણુ વગાડેલી તેનુ વર્ણન છે વાચનારને યાદ હશે કે **વિષ્ણુપુરાણમા** કહ્યુ છે કે તેણે કલપદ એટલે અસ્પષ્ટ પણ મધુર સ્વરે ગાયન કરેલુ **ભાગવતકારે** પણ એ શબ્દ રાખ્યો છે. જેમકે "**जगौ कलम्**" એના પર ટીકા કરનાર **શાસ્ત્રી** વિશ્વનાથ ચક્રવર્તીએ "**कल**" શબ્દમાથી કૃષ્ણમત્રનો બીજ શબ્દ "**क्लिं**" સિદ્ધ કર્યો છે તેણે તો એ ગીતને કામગીત જ કહ્યુ છે. એ પણ ટીકાકારનો મહિમા છે. પુરાણકારે પોતે તેને "**अनगवर्धनम्**" કહ્યુ છે

વાસળીનો ધ્વનિ સાભળી ગોપીઓ કૃષ્ણના દર્શન માટે દોડવા લાગી પુરાણમા તેમની ત્વરા અને વિભ્રમ–પ્રેમને લીધે ભાન ભૂલી જવાપણુ–વર્ણવ્યા છે, તે વાચતા પુરસુદરીઓ(ગૃહિણી)ના ત્વરા ને વિભ્રમનુ કાલિદાસે કરેલુ વર્ણન યાદ આવે છે કોણે કોનુ અનુકરણ કર્યું હશે તે કહેવાતુ નથી

બધી ગોપીઓ ભેગી થયા પછી જાણે કૃષ્ણ કાઈ જાણતા ન હોય તેમ અજાણ ભાવે તેમને પૂછે છે કે, "ખુશીમા છો કેની ? કહો તમને શુ ગમે છે, તે આપણે કરીએ વ્રજમા સઘળા કુશળ છે કેની ? તમે અહિ કેમ આવ્યા છો ?" એમ કહી વળી ફરી કહ્યુ કે, "આ રાત બહુ ઘોર છે, વળી અહિ ભયકર પશુઓ છે, તેથી સ્ત્રીઓને શોભવા લાયક આ જગ્યા નથી માટે તમે પાછા વ્રજ જતા રહો તમારા માબાપ, ભાઈ, છોકરા, ધણી તમને ન જોવાથી ચિતામા પડી ગયા હશે અને તમને શોધતા હશે આપણા સગાને ચિતા થાય તેવુ આપણે કોઈ દહાડો કરવુ નહિ પૂર્ણ ચન્દ્રથી વિરાજિત, જમનાના તીરપરથી આવતી

લહેકીથી ડોલતું, ઝાડપાનથી સુશોભિત, ફૂલોથી મઘમઘતું આ વન તો તમે જોયુ માટે હે સતીઓ ! હવે વગર વિલબે પાછા ફરો, અને જાઓ પતિની સેવા કરો તમારા બાળક ને વાછરડા રડે છે, તેમને દુધ પાઓ. અથવા–પ્રાણી માત્ર પ્રીતિવશ થઈ મારી ભણી આકર્ષાય છે તેમ–સ્નેહને લીધે, સ્નેહને તાબે થઈ, અહિ ખેચાઈ આવ્યા હો તોપણ હે કલ્યાણી સ્ત્રીઓ ! મારૂ તો તમને કહેવુ જ એ છે કે સ્ત્રીઓનો મોટામા મોટો ધર્મ તો નિષ્કપટ મનથી પતિસેવા, તથા સગાવહાલા અને છોકરાઓનુ પોષણ કરવુ એ જ છે પોતાનો ધણી ખરાબ સ્વભાવનો હોય, દુર્ભાગ્ય હોય, જડ હોય, રોગી હોય, ગરીબ હોય, તો પણ જે સ્ત્રી આ લોક ને પર-લોકમા પોતાનુ ભલુ ચહાય છે, તે સ્ત્રી તેનો પરિત્યાગ કરતી નથી કુળવતી સ્ત્રીઓ તો ઔપપત્ય–વ્યભિચારીપણુ–નરકમા લઈ જનારૂ, ગેર-આબરૂ કરનારૂં, ઘણુ તુચ્છ, ભય ઉત્પન્ન કરનારૂ અને સર્વ વાતે નિંદિત ગણે છે મારે માટેના ભાવનો ઉદય શ્રવણુ, દર્શન, કીર્તન, ધ્યાન વગે-રેથી થાય છે, પણુ મારી પાસે રહ્યાથી તો નથી જ થતો માટે તમે ઘર તરફ પાછા ફરો.”

કૃષ્ણુને મોઢે આવા વચન કહેવડાવી પુરાણુકાર એમ દેખાડવા માગે છે કે પતિવ્રતપણુાના માહાત્મ્યથી પોતે અજાણુ હોવાથી અથવા તો તેની અવજ્ઞા કરી કૃષ્ણુગોપીના ઇન્દ્રિયસબધનુ વર્ણુન તેણે કર્યું નથી એનો એ બાબતનો ખુલાસો પણુ આગળ આવી ગયો છે કૃષ્ણે એવો જ ઉપદેશ બ્રાહ્મણુકન્યાઓને કર્યો હતો, તે સાભળી તેઓ પાછી ફરી હતી, પરતુ ગોપીઓએ તેમ કર્યું નહિ તેમણે રડવા માડયુ તેઓએ કહ્યુ “ એવી વાત કરશો નહિ તમારી સેવા કરવા માટે તો અમે સઘળી બાબતનો ત્યાગ કર્યો છે. આદિપુરૂષ દેવ જેમ મુમુક્ષુનો ત્યાગ કરતા નથી તેમ તમારે અમારો ત્યાગ કરવો નહિ તમે ધર્મ જાણુનારા છો. તમે પતિ, છોકરાં, ભાઈ વગેરેની પરવરશી કરવી એ સ્ત્રીઓની ફરજ છે એમ કહો છો તે ખરૂ છે, પણુ તે પ્રમાણે તમે પોતે જ વર્તો. કારણુ તમે ઇશ્વર છો. તમે દેહધારી મનુષ્યના પ્રિય બધુ તથા આત્મા છો. હે આત્મા ! જે લોકો સુખી છે, તેને નિત્ય પ્રિય એવા જે તમે

તેની જોડે તેઓ રતિ (આત્મરતિ) કરે છે. દુ ખદાયક ધણી છોકરાઓ વડે શુ થવાનુ છે ? " વગેરે આ ઉપરથી પુરાણકાર એમ બતાવે છે કે ગોપીઓએ કૃષ્ણનુ ઇશ્વિર તરીકે ભજન કરી, ઇશ્વિરને માટે જ પતિનો ત્યાગ કર્યો હતો આ સિવાય બીજા ઘણા પ્રસગો છે કે જેના વડે એવુ જણાય છે કે કૃષ્ણનુ અનન્ત સૌદર્ય જોઈ ગોપીઓ મુગ્ધ બની ગઈ અને તેથી કૃષ્ણાનુસારિણી થઈ પછી વળી તે એમ પણ કહે છે કે શ્રીકૃષ્ણ પોતે જ આત્મારામ છે, એટલે કે પોતાના સિવાય તે કોઈ જોડે રતિવિરતિ કરતા જ નથી, છતા એ ગોપીઓની વાતથી સતુષ્ટ થઈ તેમણે તેમની જોડે ક્રીડા કરી, અને ગાયન કરતા કરતા જમનાને તીરે તેમની જોડે ફરવા માડ્યુ

કેટલાએક એમ કહે છે કે ભાગવતમા કહેલી રાસલીલામા ઇન્દ્રિય-સબધ કોઈ જાતનો નથી. જો એ વાત ખરી હોય તો રાસલીલાનો ખુલાસો ઉપર આપ્યો છે તે બરાબર કહેવાય નહિ પરતુ એ વાત ખરી નથી, તે એક બે ઉદાહરણ પરથી જણાશે આ જ પ્રસગનો એક શ્લોક એવો છે કે —

बाहुप्रसारपरिरम्भकरालकोरुनीवीस्तनालभननर्मनखाग्रपातैः।
क्ष्वेल्यावलोकहसितैर्व्रजसुन्दरीणामुत्तम्भयन् रतिपतिं
रमयाञ्चकार ॥ ४६ ॥

છેવટે કૃષ્ણનો સગ થવાથી વ્રજની ગોપીઓ બહુ મગરૂર થઈ ગઈ તેમનો મદ ઉતારવા શ્રીકૃષ્ણ અતર્ધાન થઈ ગયા

ત્રીશમા અધ્યાયમા ગોપીઓએ કૃષ્ણ માટે બતાવેલી ચિતા તથા ખેદ વર્ણવ્યા છે, તે વિષ્ણુપુરાણનુ મોટુ જોડુ અનુકરણ છે, અને તેમા ભાગવતકારે કવિતા તો તદ્દન બગાડી મૂકી છે

એકત્રીશમા અધ્યાયમા ગોપીઓ કૃષ્ણ સબધી ગાયન ગાતી ગાતી તેમને બોલાવે છે તેમા ભક્તિરસ તથા આદિરસ (શૃગાર) છે પણ કાઈ બીજુ જાણવા જેવુ નથી

બત્રીશમા અધ્યાયમા કૃષ્ણ પાછા તેમને મળે છે ગોપીઓનો ઇન્દ્રિયપ્રણોદિત વ્યવહાર સપ્રમાણ કરવા એ અધ્યાયમાથી એક શ્લોક લીધો છે—

काचिदञ्जलिनागृह्णात् तन्वी ताम्बूलचर्वितम् ।
एका तदंघ्रिकमलं सन्तप्ता स्तनयोर्न्यधात् ॥

એ અધ્યાયને છેડે કૃષ્ણ તથા ગોપીઓ વચ્ચે કેટલુક આધ્યાત્મિક કથોપકથન—ઉક્તિપ્રત્યુક્તિ—થાય છે.

તેત્રીશમા અધ્યાયમા રાસક્રીડા ને વિહારનુ વર્ણન છે. એમાથી રાસક્રીડા તે તો વિષ્ણુપુરાણમાની રાસક્રીડાની માફક માત્ર નૃત્યગીત જ છે. છતા ગોપીઓએ અહિઆ કૃષ્ણને પતિભાવે પ્રાપ્ત કરેલા હોવાથી જરા સરખો ઇન્દ્રિયસબધ પણ તેમા દેખાય છે ખરો. જેમકે—

कस्याश्चिन्नाट्यविक्षिप्तकुण्डलत्विषमण्डितम् ।
गण्डं गण्डे संदधत्याः प्रादात्ताम्बूलचर्वितम् ॥ १३ ॥
नृत्यन्ती गायती काचित् कूजन्नूपुरमेखला ।
पार्श्वस्थाच्युतहस्ताब्जं श्रान्ताऽधात् स्तनयोः शिवम् ॥१४॥

*　　*　　*　　*　　*　　*

तदंगसंगप्रमुदाकुलेन्द्रिया केशान् दुकूलं कुचपट्टिकां वा ।
नाञ्जः प्रतिव्योढुमलं व्रजस्त्रियो विस्रस्तमालाभरणाः कुरूद्वह॥१८

આ સિવાય ભાગવતમા બીજુ કાંઈ નથી, પુરાણકારે કૃષ્ણને પોતાને તો જિતેન્દ્રિય કહ્યા છે તે આગળ આપણે સપ્રમાણ કહી ગયા છીએ

પ્રકરણ ૧૦ મું

શ્રી રાધા

ભાગવતના એ રાસપચાધ્યાયમા રાધાનુ નામ કોઈ જગ્યાએ જડતુ નથી. પરતુ વૈષ્ણવ આચાર્યોની નસેનસમા એ નામ વ્યાપી રહ્યુ છે. તેમની ટીકા ને તેમની ટીપણીઓમા રાધાનુ નામ ડગલે ડગલે મળી આવે છે, પણ મૂળમા ક્યાઈએ એ નામ જડતુ નથી. ગોપીઓના અતિશય અનુરાગને લીધે જ જન્મેલી ઈર્ષ્યાનુ સ્વરૂપ બતાવવા કવિએ એક જગ્યાએ કહ્યુ છે કે, કૃષ્ણના પગલા જોઈ તેઓએ

એવુ અનુમાન કર્યું હતુ કે કોઈ એક ગોપીને લઈ કૃષ્ણ કોઈ એકાંત સ્થાનમા જતા રહ્યા છે, જો કે આ વાત પણ માત્ર ગોપીઓની અદેખાઈને લીધે જન્મેલો ભ્રમ જ હતો શ્રીકૃષ્ણ અતર્ધાન થઈ ગયા એવુ આપણે જાણીએ છીએ, પણ કોઈને જોડે લઈ તે પ્રમાણે જતા રહ્યા એવુ નથી, અને રાધાના નામની તો તેમા ગધ સરખી પણ આવતી નથી

રાસપચાધ્યાય તો શુ પણ ભાગવતમા પણ કોઈ જગ્યાએ રાધાનુ નામ નથી, તેમ જ વિષ્ણુપુરાણ, હરિવશ, મહાભારતમા પણ તેનુ નામ નથી છતા હાલ આપણે જોઈએ છીએ કે કૃષ્ણની ઉપાસનાનુ મુખ્ય અગ રાધા છે, રાધા સિવાય કૃષ્ણનુ નામ લેવાતુ નથી, રાધા વિનાની કૃષ્ણની મૂર્તિ હોતી નથી કે રાધા વગરનુ કૃષ્ણનુ મદિર જડતુ નથી વૈષ્ણવના કેટલાક આચારોમા તો કૃષ્ણ કરતા રાધાની વિશેષ પૂજા થાય છે, તો એ રાધા આવી ક્યાથી ?

આની રીતે રાધાનુ નામ પહેલવહેલુ બ્રહ્મવૈવર્ત્તપુરાણમા આવે છે. એ પુરાણને વિષે વિલસન સાહેબનો એવો મત છે કે સર્વે પુરાણો કરતા એ કનિષ્ઠમા કનિષ્ઠ છે તેની રચના જોતા તે આજકાલના કોઈ ભટ્ટાચાર્યે લખ્યુ લાગે છે એમા છઠ્ઠી અને નાગોની દેવી મનસાના નામ પણ આવે છે આદિ બ્રહ્મવૈવર્ત્તપુરાણ નાશ પામ્યુ છે એમ આપણે આગળ પ્રમાણ સહિત કહી ગયા હાલ જે હયાત છે તેમા એક નવુ દેવતત્ત્વ સસ્થાપિત થયુ છે અસલથી એ વાત તો જાણીતી છે કે કૃષ્ણ એ વિષ્ણુનો અવતાર છે પરતુ આ પુરાણમા તો ઉલટુ એવુ કહ્યુ છે કે કૃષ્ણે વિષ્ણુને સરજાવ્યા છે વિષ્ણુ વૈકુઠમા રહે છે, અને કૃષ્ણ ગોલોકમા રાસમડળમા રહે છે વૈકુઠ ગોલોકથી ઘણે નીચે આવેલુ છે કૃષ્ણે માત્ર વિષ્ણુને નહિ પણ બ્રહ્મા, રુદ્ર, લક્ષ્મી, દુર્ગા વગેરે દેવદેવીને તથા જીવમાત્રને સરજાવ્યા છે, જે ગોલોકમા એ વાસ કરે છે ત્યા ગાય, ગોવાળીઆ અને ગોપીઓ પણ રહે છે, અને તેથી તેઓ દેવદેવીના કરતા પણ શ્રેષ્ઠ છે એ ગોલોકના ધામની અધિષ્ઠાતા દેવી તે કૃષ્ણ જોડે વિલાસ કરનારી રાધા, રાધાની પહેલા કૃષ્ણે રાસમડળને, અને પછી રાસમડળમા રાધાને પેદા કરેલી. કારણ “ રાસ ” નો “ રા ”

અને "ધાવ્" ધાતુનો "ધા" મળી રાધા નામ નીકળ્યુ છે* એ ગોપ ગોપીના વાસનુ થાનક, એ રાધાદેવીનુ ગોલોક ધામ તે આગળના કવિઓએ વર્ણવેલા વૃન્દાવનની આબેહુબ નકલ છે રાસધારીઓના રાસમા વૃન્દાવનમા જેમ કૃષ્ણના જીવનમા ચન્દ્રાવળી નામની એક ગોપી રાધાની ભાગીયણ થાય છે, તેમ ગોલોકમા વિરજા નામની ગોપી રાધાની હરીફ નીવડે છે કૃષ્ણના રાસનો ખેલ બતાવતા રાસધારીઓ, રાધાના માનભગનો પ્રયોગ કરતા જેમ કૃષ્ણને ચન્દ્રાવળીના કુજમા લઈ જાય છે તેમ પુરાણકાર ગોલોકધામમા કૃષ્ણને વિરજાના કુજમા લઈ જાય છે વળી જેમ રાસધારીઓની રાધા ઇર્ષ્યા ને કોપથી રાતીપીળી થઈ જાય છે, તેમ બ્રહ્મવૈવર્ત્તની રાધા પણ ઇર્ષ્યાને લીધે ગુસ્સે થઈ જાય છે તેમા વળી એક બીજો ગડબડાટ પણ થાય છે, રાધા કૃષ્ણને વિરજાને ઘેર પકડવા રથમા બેસી તેના ઘર આગળ આવી ઉભી રહે છે. તે ઘરનો દ્વારપાળ શ્રીદામા—રાધિકાને બારણાથી આગળ જવા દેતો નથી આણી તરફ રાધિકાના ભયથી વિરજા પાણી પાણી થઈ જઈ નદીરૂપ બની જાય છે, તે જોઈ કૃષ્ણને બહુ ખોટુ લાગે છે, અને પોતે તરત તેને પાછુ પુનર્જીવન અને આગલુ રૂપ આપે છે, તેથી તે કૃષ્ણ જોડે અવિરત આનદ ભોગવવા માંડે છે, જેનાથી તેને એક પછી એક એવા સાત પુત્ર પેદા થાય છે. પરતુ એ પુત્રને તેમની માતા પોતાના આનદ ભોગવવામા વિઘ્ન રૂપે ગણી શાપ દે છે, જેથી તેઓ સાત સમુદ્ર થઈ

---

* रासे सम्भूय गोलोके सा दधाव हरेः पुरः ।
तेन राधा समाख्याता पुराविद्भिर्द्विजोत्तम ॥
ब्रह्मखंडे ५ अध्याय ।

અર્થ—રાસમા ઉત્પન્ન થઈ હરિની પહેલા ગોલોકમા દોડી ગઈ તેથી પુરાણ જાણનારાઓએ તેને "રાધા" કહી પણ બીજે ઠેકાણે કહ્યુ છે કે.—

*　　*　　*　राकारो दानवाचकः ।
धा निर्वाणश्च तद्दात्री तेन राधा प्रकीर्त्तिता ॥
श्रीकृष्णजन्मखंडे २१ अध्याय ।

અર્થ—"રા" નો અર્થ દાન, તથા "ધા" નો મુક્તિ, તે બે આપવાવાળી માટે "રાધા" કહેવાઈ.

જાય છે. બીજી તરફ રાધા, કૃષ્ણવિરજાની હકીકત સાભળી, કૃષ્ણને ખૂબ ધધડાવી નાખે છે અને શાપ દે છે કે તમે પૃથ્વીપર જઈ વાસો કરશો તે જોઈ કૃષ્ણના નોકર શ્રીદામાને બહુ રોષ આવે છે અને તે રાધાને આડી ને ઉભી લેવા માડે છે, તે સાભળી રાધા શ્રીદામાનો તિરસ્કાર કરી તેને શાપ દે છે કે તુ અસુર રૂપે જન્મશે શ્રીદામા રાધાને શાપ દે છે કે તુ પણ પૃથ્વીપર માનવીનો જન્મ લઈ રાયાણની સ્ત્રી થશે, અને કલકિની તરીકે ઓળખાશે

છેવટ બંને જણુ કૃષ્ણની પાસે આવી રડી પડે છે કૃષ્ણ શ્રીદામાને વરદાન આપે છે કે તુ અસુરોનો રાજા થઇશ, અને તને કોઈ મારી શકશે નહિ, અને છેવટ શકરના ત્રિશૂલના સ્પર્શથી તારો મોક્ષ થશે. રાધાને પણ દિલાસો આપી કહે છે કે "તુ જા, હુ પણ આવુ છુ" અને છેલ્લે પૃથ્વીનો ભાર ઉતારવા પોતે મનુષ્યનો અવતાર લઈ આ દુનીઆમા આવે છે.

આ બધી વાત નવી હતી અને સૌથી છેલ્લે પ્રચરિત થઈ, છતાયે બ્રહ્મવૈવર્ત્ત પુરાણે બંગાળાના વૈષ્ણવધર્મ ઉપર તો ઘણી સત્તા બેસાડી દીધી છે જયદેવાદિ બગાળી કવિઓની કવિતાનુ, બગાળાના સગીતનુ, બગાળાના રાસ વગેરે મોટા મોટા ઉત્સવોનુ મૂળ બ્રહ્મવૈવર્ત્ત જ છે પરતુ એ પુરાણમાની એક મૂળ વાત બગાળાના વૈષ્ણવો ગ્રહણ કરતા નથી, અને તેથી તે બગાળી વૈષ્ણવધર્મના ફાટામા આબેહુબ પરિસ્ફુટ થઈ નથી રાધિકાને રાયાણપત્ની તરીકે સૌ ઓળખે છે પરતુ બ્રહ્મવૈવર્ત્ત પ્રમાણે તો તે વિધિસર–કૃષ્ણને પરણી તેની સ્ત્રી થઈ હતી એ વિવાહની હકીકત આપતા પહેલા જયદેવે પોતાના ગીતગોવિદમા પહેલો શ્લોક લખ્યો છે, તે જોઇએ —

मेघैर्मेदुरमम्बरं वनभुवः श्यामास्तमालद्रुमैर्
नक्तं भीरुरयं त्वमेव तदिमं राधे गृहं प्रापय ।
इत्थं नन्दनिदेशतश्चलितयो· प्रत्यध्वकुंजद्रुमं
राधामाधवयोर्जयंति यमुनाकुले रहःकेलयः ॥

"હે રાધા! આકાશ વાદળાથી છવાઈ ગયુ છે તમાલના ઝાડોએ આખા વનમા અધકાર કરી મૂક્યો છે, તેથી તમે જ આને ઘેર લઇ

જાઓ આ પ્રમાણે નંદે કહ્યુ. રસ્તામા આવેલા ઝાડોના કુંજમા થઈ ચાલતા રાધામાધવના યુગ્મે યમુનાના કિનારાપર કરેલી એકાત કેલિ (ક્રીડાઓ) જય પામે છે ”

આનો અર્થ શો ? નથી ટીકાકાર કે નથી ભાષાન્તરકાર તે બરાબર સમજાવતા એક ભાષાતરકર્ત્તા કહે છે કે “ગીતગોવિંદનો પહેલો શ્લોક જરા અસ્પષ્ટ છે કવિએ નાયકનાયિકાની કઈ અવસ્થા ધ્યાનમા રાખી એ શ્લોક લખ્યો છે તે કહેવાતુ નથી ટીકાકારો એમ કહે છે કે રાધાની કોઈ સખીએ એવુ કહ્યુ હોવુ જોઇએ. એ ઉક્તિનો ભાવ ઘણો મધુર છે, પણ શબ્દાર્થમા અસગતિદોષ આવે છે.” ખરૂ જોતા એ રાધિકાની સખીની ઉક્તિ નથી જયદેવે બ્રહ્મવૈવર્ત્તમા લખેલી ઉપર જણાવેલી કૃષ્ણરાધાના વિવાહની વાત ધ્યાનમા રાખી એ શ્લોક લખ્યો છે. એ બાબતને લગતો ઉતારો બ્રહ્મવૈવર્ત્તમાથી નીચે આપ્યો છે છતા એટલુ કહેવુ જોઇએ કે શ્રીદામાના શાપને અનુસરી કૃષ્ણના કરતા રાધા કેટલાક વર્ષ અગાઉ પૃથ્વીપર આવી હોવી જોઇએ, અને તેથી કૃષ્ણ કરતા ઉમ્મરમા ઘણી મોટી હોવી જોઇએ જ્યારે તે જુવાન થઈ હશે ત્યારે કૃષ્ણ બાળક હશે

एकदा कृष्णसहितो नन्दो वृन्दावनं ययौ ।
तत्रोपवनभांडीरे चारयामास गोकुलम् ॥ १ ॥
सरस्सु स्वादुतोयं च पाययामास तत्पपौ ।
उवास वटमूले च बाल कृत्वा स्ववक्षसि ॥ २ ॥
एतस्मिन्नन्तरे कृष्णो मायाबालकविग्रहः ।
चकार माययाऽकस्मान्मेघाच्छन्नं नभो मुने ॥ ३ ॥
मेघावृत नभो दृष्ट्वा श्यामलं काननान्तरम् ।
झंझावात मेघशब्द वज्रशब्दं च दारुणम् ।
वृष्टिधारामतिस्थूलां कंपमानांश्च पादपान् ।
दृष्ट्वैवं पतितस्कन्धान् नन्दो भयमवाप ह ॥ ५ ॥
कथं यास्यामि गोवत्सं विहाय स्वाश्रम प्रति ।
गृहं यदि न यास्यामि भविता बालकस्य किम् ॥ ६ ॥

एव नन्दे प्रवदति रुरोद श्रीहरिस्तदा ।
मायाभिया भयेभ्यश्च पितु. कठ दधार स. ॥ ७ ॥
एतस्मिन्नन्तरे राधा जगाम कृष्णसंनिधिम् ।

ब्रह्मवैवर्तपुराणम् । श्रीकृष્ણजन्मखडे १५ अध्याय ।

"એક વખત કૃષ્ણને સાથે લઈ નન્દ વૃન્દાવનમા ગયા ને ત્યા ભાંડીર વનમા ગાયો ચરાવવા માડી તથા સરોવરનુ મીઠુ જળ ગાયોનો પાઈ, પોતે પી બાળક કૃષ્ણને ખોળામા લઈ વડની છાયા નીચે બેઠા. હે મુનિ! ત્યાર પછી માયા વડે બાળકનુ શરીર ધારણ કરનાર કૃષ્ણે અકસ્માત્ માયા દ્વારા આકાશ વાદળાથી ઘેરી નાખ્યુ આકાશ વાદળાથી છવાઈ ગયુ અને વનમા અધકાર વ્યાપી રહ્યો ઝઝાવાત, ગડગડાટ, દારુણ અવાજ, પુષ્કળ વરસાદ, અને સઘળા વૃક્ષ હાલી ઉઠી પડુ પડુ થઇ રહેલા જોઈ, નન્દ બ્હી ગયા, અને તેમણે બોલવા માડયુ કે 'ગાય-વાછરડાને છોડી ઘેર કેમ જવાય, અને ઘેર ન જાઉં તો આ બાળકનુ શુ થાય?' એટલામા કૃષ્ણે પણ રડવા માડયુ ભય રૂપી માયાથી બ્હી જઈ પોતે બાપને ગળે બાઝી પડયા એ વખતે રાધા કૃષ્ણની પાસે આવી ઉભી રહી."

રાધાનું અપૂર્વ લાવણ્ય જોઈ નન્દ અજબ થયા તેણે રાધાને કહ્યુ કે "મે ગર્ગને મોઢેથી સાભળ્યુ છે કે તુ પદ્મા કરતા હરિને વધારે વહાલી છે અને આ બાળક પરમ નિર્ગુણ અચ્યુત, મહાવિષ્ણુ જ છે, છતા હુ માનવ છુ, અને વિષ્ણુની માયામા મોહિત થઈ ગયલો છુ હે ભદ્રે! તેટલા માટે તમારા પ્રાણનાથને તમે લઈ લો, અને જ્યા તમે સુખી થાઓ ત્યા લઈ જાઓ અને પછી મનોરથ પૂર્ણ કરી મારો છોકરો મને પાછો આપી દેજો"

એમ કહી નન્દે રાધાને કૃષ્ણ આપી દીધા રાધા પણ કૃષ્ણને હાથમા–કેડમા લઈ ચાલી ગઈ. થોડે આઘે ગઈ એટલે તેને રાસમડળ સાભર્યું, તેથી ત્યા જ મનોહર વિહારભૂમિ ઉપજાવી કાઢી અને કૃષ્ણે પણ રાધાના હાથમાથી–કેડમાથી નીચે ઉતરી પડી, કિશોરાવસ્થા ધારણ કરી, અને રાધાને કહ્યુ કે, "જ્યારે ગોલોકની વાત યાદ જ આવી છે

ત્યારે જે મે કબૂલ કર્યું છે તે હુ પૂરૂ કરીશ." આવી પ્રેમની વાત એ બન્ને જણુ કરતા હતા એટલામા બ્રહ્મા ત્યા આવી પહોચ્યા, અને તેમણે રાધાની બહુ પ્રાર્થના કરી. છેવટે પોતે કન્યાદાનના દાતા થઈ, યથાવિધિ વેદ પ્રમાણે લગ્ન કરી, રાધિકાને કૃષ્ણ જોડે પરણાવી તેમની એ પ્રમાણે લગ્નગાઠ બાંધી બ્રહ્મા અતર્ધાન થયા રાયાણ જોડે રાધિકાના લગ્ન શાસ્ત્રાનુસાર થયલા કે નહિ અને જો થયલા તો તે પહેલા કે પછી તે એ પુરાણમાથી જડતુ નથી. આ વિવાહ પછી તેમના વિવાહનુ વર્ણન છે, અને એ પુરાણમાની રાસલીલા પણ એવી જ છે.

એ બધુ ગમે તેમ હોય તો પણ વાચનારને એટલુ તો જણાયું હશે જ કે બ્રહ્મવૈવર્તપુરાણે એક નવો જ વૈષ્ણવ ધર્મ સરજાવ્યો છે, કે જેનુ નામ સરખુ પણ ભાગવત કે બીજા કોઈ પુરાણમા છે નહિ. રાધા જ એ નવા ધર્મનુ કેંદ્ર છે જયદેવ કવિએ ગીતગોવિદ કાવ્યમા એ જ ધર્મનુ અવલબન કરી ગોવિદના ગીતો લખ્યા છે. વિદ્યાપતિ, ચંડિદાસ વગેરે બગાળાના કવિઓએ પણ તેનો દાખલો લઈ કૃષ્ણ-સગીતો રચ્યા છે એ જ ધર્મનો આધાર લઈ શ્રીચૈતન્ય દેવે એક નવો ભક્તિવાદ પ્રચારિત કર્યો છે ખરૂ કહીએ તો સઘળા કવિ, ઋષિ, પુરાણ, શાસ્ત્ર વગેરેના કરતા પણ વિશેષ બ્રહ્મવૈવર્તકારે બગાળાના લોકોના મન ઉપર અસર કરી દીધી છે, માટે એ નવા ધર્મનુ તાત્પર્ય અને તેનુ મૂળ શુ છે તે આપણે તપાસીએ

ભરતખડના બધાં દર્શનોમા છ દર્શન પ્રાધાન્ય ભોગવે છે છતાં તેમા પણ બે-વેદાત ને સાંખ્ય-બહુ મોટા ગણાય છે સામાન્યત ઘણાઓનુ એવુ માનવુ છે કે બ્રહ્મસૂત્રમાથી વેદાન્તદર્શન હયાતીમાં આવ્યુ છે ખરૂ જોતા વેદાતદર્શનનુ મૂળ બ્રહ્મસૂત્ર નહિ પણ ઉપનિષદો છે ઉપનિષદને પણ વેદાત કહે છે ઉપનિષદ્મા કહેલુ બ્રહ્મતત્વ તે ટૂકામા કહીએ તો ઈશ્વિર સિવાય બીજુ કાઈ નથી આ જગત્ અને આ જગત્ના જીવો તે ઈશ્વિરનો જ અશ છે તે એક જ હતો, પણ સૃષ્ટિ ઉપજાવવાની ઇચ્છા વડે તે બહુ થઈ ગયો. તે પરમાત્મા છે અને જીવાત્મા તે પરમાત્માનો અશ છે. ઈશ્વરની માયામાથી જીવાત્મા ઉપન્યો અને તે

માયામાથી મુક્ત થતા જ પાછો ઇશ્વરમા વિલીન થઈ જવાનો એ અદ્વૈતવાદ ભર્યો છે.

પહેલ વહેલા વૈષ્ણવધર્મનો પાયો એ વેદાંતિક ઇશ્વરવાદપર જ રચાયલો હતો. વિષ્ણુ અને વિષ્ણુનો અવતાર કૃષ્ણ તે વેદાંતનો ઇશ્વર, વિષ્ણુપુરાણ, ભાગવત અને એવા જ બીજા ગ્રંથોમા જે વિષ્ણુસ્તોત્ર વા કૃષ્ણસ્તોત્ર છે, તે સપૂર્ણ અથવા અસપૂર્ણ રીતે અદ્વૈતવાદને અનુસરતા જ છે. પરતુ એ વિષયનું મોટુ ઉદાહરણ શાન્તિપર્વમા ભીષ્મે કરેલી કૃષ્ણની સ્તુતિ છે.

પરતુ દ્વૈત ને અદ્વૈતવાદ પણ ઘણા પ્રકારના હોઈ શકે છે હાલ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય અને વલ્લભાચાર્ય એ ચાર જણાએ અદ્વૈતવાદની ચાર જૂદી જૂદી વ્યાખ્યાઓ આપી, અદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ, દ્વૈતાદ્વૈતવાદ, અને વિશુદ્ધાદ્વૈતવાદ સ્થાપ્યા છે, પણ અસલ એવુ કાઈ હતુ નહિ તે વખતે તો ઇશ્વર, અને ઇશ્વરસ્થિત જગત્ એ એને સબધે જ વ્યાખ્યા મળી આવે છે પ્રથમ તો એ જ કે ઇશ્વર સિવાય બીજુ કાઈ જ નથી ઇશ્વર જ જગત્ છે તેનાથી ભિન્ન જગત્મા બીજો કોઈ પદાર્થ નથી બીજો મત એ કે, જગત્ ઇશ્વર નથી કે ઇશ્વર જગત્ નથી પરતુ ઇશ્વરમા જગત્ છે— "**सूत्रे मणिगणा इव**" સૂતરમા મણકા પોરવેલા હોય તેમ સર્વ જગત્ના પદાર્થમા ઇશ્વર છે, પરતુ ઇશ્વર તેનાથી વિરક્ત છે પ્રાચીન વૈષ્ણવ ધર્મ આ પાછલા મત ઉપર રચાયલો છે

બીજુ મોટુ દર્શનશાસ્ત્ર સાંખ્ય છે કપિલનુ સાંખ્ય ઇશ્વરને કબૂલ કરતુ નથી પરતુ ત્યાર પછીના સાંખ્યમા ઇશ્વરનો સ્વીકાર થયલો છે સાંખ્યનો મત એવો છે કે, જડ જગત્ અથવા જડ જગન્મયી શક્તિ ને પરમાત્માથી સપૂર્ણ રીતે જૂદી છે પરમાત્મા અથવા પુરૂષ તદ્દન સગશૂન્ય છે તે કાઈ જ કરતો નથી, અને જગત્ની સાથે તેને કોઈ પ્રકારનો સબધ નથી જડ જગત્ અથવા જગન્મયી શક્તિને એ મત ધરાવનારા "પ્રકૃતિ" કહે છે એ પ્રકૃતિ જ બધુ સરજાવે છે, ચલાવે, રક્ષે છે, અને સહારે છે. એ પ્રકૃતિ–પુરૂષ–તત્ત્વમાંથી જે તા-

ત્રિક ધર્મ—શક્તિનો ધર્મ—કહેવાય છે, અને જેમાં પ્રકૃતિ મુખ્ય સ્થાન ભોગવે છે, તે નીકળ્યો છે. પ્રકૃતિ–પુરૂષના એકત્વ અથવા ગાઢ સબંધને લીધે પ્રકૃતિ પ્રધાનપણું ભોગવતી હોવાથી એ ધર્મ લોકોને ઘણો રૂચતો આવ્યો જેઓ વૈષ્ણવોના અદ્વૈતવાદથી અસતુષ્ટ થયા હતા તેમણે તાત્રિક ધર્મનો આશ્રય લીધો, એ તાત્રિક ધર્મનો સારાશ વૈષ્ણવધર્મમા ભેળવી દઈ વૈષ્ણવ ધર્મને પાછી જલેહ આપવા માટે બ્રહ્મવૈવર્તપુરાણકારે આ નવા વૈષ્ણવધર્મનો પુનસસ્કાર કર્યો છે, તેની સરજાવેલી રાધા તે સાંખ્યવાળાઓની મૂળ પ્રકૃતિની જગ્યા લેનારી શક્તિ. બ્રહ્મવૈવર્તના બ્રહ્મખડમા એવુ કહ્યુ છે કે કૃષ્ણે મૂળ પ્રકૃતિને સરજાવી, પછી રાધાને સરજાવી. પણ શ્રીકૃષ્ણજન્મખડપરથી એવુ દેખાય છે કે કૃષ્ણ પોતે જ રાધાને વારવાર મૂળ પ્રકૃતિ કહી બોલાવે છે. જેમકે—

ममार्द्धांशस्वरूपा त्वं मूलप्रकृतिरीश्वरी ।

श्रीकृष्णजन्मखण्डे १५ अध्यायः ६७ श्लोकः ।

"મારો અરધો અશ જેનુ સ્વરૂપ છે એવી તુ ઈશ્વરી મૂળ પ્રકૃતિ છે"

પરમાત્મા જોડે પ્રકૃતિને અથવા રાધા જોડે કૃષ્ણને શો સબધ છે, તે પુરાણકાર નીચે પ્રમાણે કહે છે કૃષ્ણોક્તિ—

यथा त्वं च तथाहं च भेदो हि नावयोर्ध्रुवम् ॥५७॥
यथा क्षीरे च धावल्यं यथाग्नौ दाहिका सति ।
यथा पृथिव्यां गन्धश्च तथाहं त्वयि सन्ततम् ॥ ५८ ॥
विना मृदा घटं कर्त्तुं विना स्वर्णेन कुण्डलम् ।
कुलालः स्वर्णकारश्च न हि शक्तः कदाचन ॥ ५९ ॥
तथा त्वया विना सृष्टिं न च कर्त्तुमहं क्षमः ।
सृष्टेराधारभूता त्वं बीजरूपोऽहमच्युतः ॥ ६० ॥

* * * *

कृष्णं वदन्ति मां लोकास्त्वयैव रहितं यदा ।
श्रीकृष्णं च तदा ते हि त्वयैव सहितं परम् ॥ ६२ ॥

त्वं च श्रीस्त्वं च सम्पत्तिस्त्वमाधारस्वरूपिनी ।
सर्वशक्तिस्वरूपासि सर्वेषां च ममापि च ॥ ६३ ॥
त्वं स्त्री पुमानहं राधे नेति वेदेषु निर्णयः ।
त्वं च सर्वस्वरूपासि सर्वरूपोऽहमक्षरे ॥ ६४ ॥
यदा तेजःस्वरूपोऽहं तेजोरूपासि त्वं तदा ।
न शरीरी यदाहं च तदा त्वमशरीरिणी ॥ ६५ ॥
सर्वबीजस्वरूपोऽहं यथा योगेन सुन्दरि ।
त्वं च शक्तिस्वरूपासि सर्वस्त्रीरूपधारिणी ॥ ६६ ॥

श्रीकृष्णजन्मखण्डे १५ अध्याय ।

"જ્યા તુ ત્યા હુ છુ, આપણા વચ્ચે જરૂર કાંઈ ભેદ નથી દૂધમા જેમ સફેતાઈ, અગ્નિમા જેમ બાળવાપણુ, પૃથ્વીમા જેમ ગન્ધ, તેમ હું સર્વદા તારામા જ છુ કુભાર માટી વિના વાસણુ બનાવી શકતો નથી, સોની સોના વિના કુડળ ઘડી શકતો નથી, તેમ હુ તારા સિવાય કાંઈ સરજાવી શકતો નથી તુ સૃષ્ટિની આધારભૂત છે હું અચ્યુત–અવિનાશી તેના બીજ રૂપે છુ * * જ્યારે હુ તારા વિના હોઉં છુ ત્યારે લોકો મને 'કૃષ્ણ' કહે છે, અને તારી સાથે હોઉં છુ ત્યારે શ્રીકૃષ્ણ કહે છે તુ **શ્રી** (લક્ષ્મી), તુ સપત્તિ, તુ આધારસ્વરૂપ છે બધાની તથા મારી શક્તિનુ સ્વરૂપ તુ છે હે **રાધા**! તું સ્ત્રી ને હુ પુરૂષ છુ (વેદ એનો નિર્ણય કરવા પાર પામતો નથી) હે અક્ષરા! (જેનો કદિ નાશ નથી એવી) તુ સર્વસ્વરૂપ છે, હુ સર્વરૂપ છુ હુ જ્યારે તેજસ્વરૂપ હોઉં છુ, ત્યારે તુ તેજોરૂપ હોય છે જ્યારે હુ શરીર વિનાનો હોઉં છુ ત્યારે તુ પણ અશરીરિણી હોય છે હે સુદરી! જ્યારે હુ યોગદ્વારા સર્વબીજ છુ ત્યારે તુ શક્તિસ્વરૂપ હોઈ સર્વ સ્ત્રીરૂપધારિણી છે"

વળી—

यथाहं च तथा त्वं च यथा धावल्यदुग्धयाः ।
भेद कदापि न भवेन्निश्चितं च तथावयोः ॥ ६६ ॥

* * * *

त्वत्कलांशांशकलया विश्वेषु सर्वयोषितः ।
या योषित् सा च भवती यः पुमान् सोऽहमेव च ॥६८॥
अहं च कलया वह्निस्त्वं स्वाहा दाहिका प्रिया ।
त्वया सह समर्थोऽहं नालं दग्धुं च त्वां विना ॥ ६९ ॥
अहं दीप्तिमतां सूर्यः कलया त्वं प्रभात्मिका ।
संगतश्च त्वया भासे त्वां विनाहं न दीप्तिमान् ॥७०॥
अहं च कलया चन्द्रस्त्वं च शोभा च रोहिणी ।
मनोहरस्त्वया सार्धं त्वां विना न च सुन्दरि ॥७१॥
अहमिन्द्रश्च कलया स्वर्गलक्ष्मीश्च त्वं सति ।
त्वया सार्धं देवराजो हतश्रीश्च त्वया विना ॥ ७२ ॥
अहं धर्मश्च कलया त्वं च मूर्तिश्च धर्मिणी ।
नाहं शक्तो धर्मकृत्ये त्वां च धर्मक्रियां विना ॥ ७३ ॥
अहं यज्ञश्च कलया त्वं च स्वांशेन दक्षिणा ।
त्वया सार्धं च फलदोऽप्यसमर्थस्त्वया विना ॥ ७४ ॥
कलया पितृलोकोऽहं स्वांशेन त्वं स्वधा सति ।
त्वयालं कव्यदाने च सदा नालं त्वया विना ॥ ७५ ॥
त्वं च सम्पत्स्वरूपाहमीश्वरश्च त्वया सह ।
लक्ष्मीयुक्तस्त्वया लक्ष्म्या निःश्रीकश्चापि त्वां विना ॥७६॥
अहं पुमांस्त्वं प्रकृतिर्न स्रष्टाहं त्वया विना ।
यथा नालं कुलालश्च घटं कर्तुं मृदा विना ॥ ७७ ॥
अहं शेषश्च कलया स्वांशेन त्वं वसुन्धरा ।
त्वां शस्यरत्नाधारां च बिभर्मि मूर्ध्नि सुन्दरि ॥७८॥
त्वं च शान्तिश्च कान्तिश्च मूर्तिर्मूर्तिमती सति ।
तुष्टिः पुष्टिः क्षमा लज्जा क्षुत्तृष्णा च परा दया ॥७९॥
निद्रा शुद्धा च तन्द्रा च मूर्च्छा च सन्ततिः क्रियाः ।
मुक्तिरूपा भक्तिरूपा देहिनां दुःखरूपिणी ॥ ८० ॥
ममाधाराः सदा त्वं च तवात्माहं परस्परम् ।

यथा त्वं च तथाहं च समौ प्रकृतिपूरुषौ ।
न हि सृष्टिर्भवेद्देवि द्वयोरेकतरं विना ॥ ८१ ॥

श्रीकृष्णजन्मखण्डे ६७ अध्याय: ॥

"જેમ દૂધ હોય ત્યા સફેતાઈ હોય છે, તેમ જ્યા હુ ત્યા તુ હોય છે. તારામાં ને મારામા કાંઈ અતર છે જ નહિ એ નક્કી છે આ દુનીઆની બધી સ્ત્રીઓ તારા કળાશની અશકળા છે જે જે સ્ત્રી છે તે તે તુ છે, જે જે પુરૂષ છે તે તે હુ છુ કળાદ્વારા હુ અગ્નિ છુ, તુ દાહ કરનારી મારી પ્રિયા સ્વાહા તુ જોડે હોય તો મારાથી કોઈને બાળી શકાય, તુ ન હોય તો તેમ થઈ શકે નહિ હુ દીપ્તિમાન (વસ્તુ) મધ્યે સૂર્ય છુ, તુ કળાશ વડે પ્રભા છે તુ જોડે હોય તો મારાથી દીપ્તિમાન થવાય, તુ ન હોય તો થવાય નહિ કળાદ્વારા હુ ચદ્ર છુ, તુ શોભા ને રોહિણી છે હે સુદરી ! તુ જોડે હોય તો હુ મનોહર જણાઉં, અને નહિતર નહિ હે સતિ ! કળાદ્વારા હુ ઇન્દ્ર જ છુ, તુ સ્વર્ગલક્ષ્મી છે તુ જોડે હોય તો હુ દેવરાજ, ન હોય તો હુ રાજલક્ષ્મી વિનાનો કળાદ્વારા હુ ધર્મ, તુ ધર્મિણી મૂર્ત્તિ છે ધર્મક્રિયાના સ્વરૂપ જેવી જે તુ તે તારા સિવાય મારાથી ધર્મકાર્ય થઈ શકે જ નહિ કળાદ્વારા હુ યજ્ઞ છુ, તુ પોતે દક્ષિણા છે તુ જોડે હોય તો હુ ફળદાતા થાઉં, તુ ન હોય તો તેમ થવાય નહિ કળાદ્વારા હુ પિતૃલોક છુ, અને હે સતિ ! તુ સ્વધા, તારા સિવાય પિડદાન વૃથા છે તુ સપત્તિનુ સ્વરૂપ છે તુ જોડે હોય તો હુ પ્રભુ થઈ શકુ તુ લક્ષ્મી છે, તારી સાથે હોઉં ત્યારે હુ લક્ષ્મીયુક્ત કહેવાઉં છુ, તારા વિના લક્ષ્મી વિનાનો થાઉ છુ. હુ પુરૂષ, તુ પ્રકૃતિ. તારા સિવાય મારાથી સ્રષ્ટા થવાય નહિ માટી સિવાય જેમ કુભાર વાસણ ઘડી શકતો નથી તેમ તારા સિવાય મારાથી સૃષ્ટિ પેદા થઈ શકે નહિ. હુ કળાદ્વારા શેષ છુ, તુ વસુધરા છે હે સુદરિ ! ધાન્ય તથા રત્નના આધારતુ તુ સ્વરૂપ તે તને હુ માથાપર લઈ ફરૂ છુ હે સતિ ! તુ શાન્તિ, કાન્તિ, મૂર્ત્તિ, મૂર્ત્તિમતી, તુષ્ટિ, પુષ્ટિ, ક્ષમા, લજ્જા, ક્ષુધા, તૃષ્ણા છે. તું પરમ દયા, શુદ્ધ નિદ્રા, તદ્રા, મૂર્ચ્છા, સતતિ, ક્રિયા, મૂર્ત્તિરૂપ, ભક્તિરૂપ અને જીવન દુખરૂપ છે તુ સદા મારો આધાર છે,

હુ તારો આત્મા છુ. જ્યા તું ત્યા હું, પ્રકૃતિ પુરૂષ સરખા છે. હે દેવિ! એમાંથી એકને અભાવે સૃષ્ટિ પેદા થાય નહિ."

આવા બીજા ઘણા ઉતારા આપી શકાય તેમ છે, પરતુ તેમા જે હકીકત છે તે બરાબર સાંખ્યવાદના પ્રકૃતિવાદને મળતી આવતી નથી તાન્ત્રિક ધર્મમા સાંખ્યની પ્રકૃતિ શક્તિ રૂપે બદલાઈ ગઈ છે. પ્રકૃતિવાદ અને શક્તિવાદ વચ્ચે ફેર એટલો છે કે પ્રકૃતિ પુરૂષથી તદ્દન અલગ છે સાંખ્યવાદીના કહેવા પ્રમાણે પ્રકૃતિ સાથે પુરૂષનો સબંધ તે સ્ફાટિક પાત્રમા પુષ્પની છાયા જેવો છે જો કે એ સ્ફાટિક પાત્ર તથા તેમાનુ જવાપુષ્પ એક બીજાથી તદ્દન જૂદા છે તો પણ પુષ્પની છાયા સ્ફાટિકપર પડે છે એટલો જ સબંધ એ બેને છે પરતુ આત્મા જોડે શક્તિનો સબંધ તો એવો છે કે આત્મા જ શક્તિનો આધાર છે જેમ આધારથી આધેય વસ્તુ ભિન્ન હોઈ શકે નહિ તેમ આત્મા અને શક્તિ વચ્ચે પાર્થક્ય (પૃથક્‌પણુ) નથી આ શક્તિવાદ માત્ર તાન્ત્રિકોમા છે એમ નથી વૈષ્ણવ પુરાણકારોએ સાંખ્યની પ્રકૃતિને વૈષ્ણવી શક્તિમા ફેરવી નાખી છે, જેમકે વિષ્ણુપુરાણમા કહ્યુ છે કે—

नित्यैव सा जगन्माता विष्णोः श्रीरनपायिनी ।
यथा सर्वगतो विष्णुस्तथैवेय द्विजोत्तम ॥ १५ ॥
अर्थो विष्णुरियं वाणी नीतिरेषा नयो हरि ।
बोधो विष्णुरियं बुद्धिर्धर्म्मोऽसौ सत्क्रिया त्वियम् ॥१६॥
स्रष्टा विष्णुरियं सृष्टिः श्रीर्भूमिर्भूधरो हरिः ।
सन्तोषो भगवान् लक्ष्मीस्तुष्टिर्मैत्रेय शाश्वती ॥१७॥
इच्छा श्रीर्भगवान् कामो यज्ञोऽसौ दक्षिणा तु सा ।
आद्याहुतिरसा देवी पुरोडाशो जनार्दन ॥ १८ ॥
पत्नीशाला मुने लक्ष्मीः प्राग्वंशो मधुसूदनः ।
चितिर्लक्ष्मीर्हरिर्यूप इध्मा श्रीर्भगवान् कुशः ॥१९॥
सामस्वरूपो भगवान् उद्गीतिः कमलालया ।
स्वाहा लक्ष्मीर्जगन्नाथो वासुदेवो हुताशन ॥ २० ॥
शंकरो भगवान् शौरिर्भूतिर्गौरी द्विजोत्तम ।

मैत्रेय केशवः सूर्यस्तत्प्रभा कमलालया ॥ २१ ॥
विष्णुः पितृगणः पद्मा स्वधा शाश्वततुष्टिदा ।
द्यौः श्रीः सर्वात्मको विष्णुरवकाशोऽतिविस्तरः ॥२२॥
शशांकः श्रीधरः कान्तिः श्रीस्तस्यैवानपायिनी ।
धृतिर्लक्ष्मीर्जगच्चेष्टा वायुः सर्वत्रगो हरिः ॥ २३ ॥
जलधिर्द्विज गोविन्दस्तद्वेला श्रीर्महामते ।
लक्ष्मीस्वरूपमिन्द्राणी देवेन्द्रो मधुसूदनः ॥ २४ ॥
यमश्चक्रधरः साक्षाद् धूमोर्णा कमलालया ।
ऋद्धिः श्रीः श्रीधरो देवः स्वयमेव धनेश्वरः ॥२५॥
गौरी लक्ष्मीर्महाभागा केशवो वरुणः स्वयम् ।
श्रीर्देवसेना विप्रेन्द्र देवसेनापतिर्हरिः ॥ २६ ॥
अवष्टम्भो गदापाणिः शक्तिर्लक्ष्मीर्द्विजोत्तम ।
काष्ठा लक्ष्मीर्निमेषोऽसौ मुहूर्तोऽसौ कला तु सा ॥२७॥
ज्योत्स्ना लक्ष्मीः प्रदीपोऽसौ सर्वः सर्वेश्वरो हरिः ।
लताभूता जगन्माता श्रीविष्णुर्द्रुमसंस्थितः ॥२८॥
विभावरी श्रीर्दिवसो देवश्चक्रगदाधरः ।
वरप्रदो वरो विष्णुर्वधूः पद्मवनालया ॥ २९ ॥
नदस्वरूपो भगवान् श्रीर्नदीरूपसंस्थितिः ।
ध्वजश्च पुण्डरीकाक्षः पताका कमलालया ॥ ३० ॥
तृष्णा लक्ष्मीर्जगत्स्वामी लोभो नारायणः परः ।
रतिरागौ च धर्मज्ञ लक्ष्मीर्गोविन्द एव च ॥ ३१ ॥
किं चातिबहुनोक्तेन संक्षेपेणेदमुच्यते ।
देवतिर्यङ्मनुष्यादौ पुनाम्नि भगवान् हरिः ।
स्त्रीनाम्नि लक्ष्मीर्मैत्रेय नानयोर्विद्यते परम् ॥ ३२ ॥

श्रीविष्णुपुराणे १ अंशे ८ अध्याय. ॥

" વિષ્ણુની શ્રી તે જ અક્ષય અને નિત્ય એવી જગતની માતા છે હે દ્વિજોમા ઉત્તમ ! વિષ્ણુ જેવા સર્વગત છે, તેવી જ તે છે એ વાણી, વિષ્ણુ અર્થ છે એ નીતિ, વિષ્ણુ નય છે. એ બુદ્ધિ, વિષ્ણુ

બોધ. એ ધર્મ, આ સત્ક્રિયા. વિષ્ણુ સ્રષ્ટા, એ સૃષ્ટિ. હરિ ભૂધર, શ્રી ભૂમિ. હે મૈત્રેય ! ભગવાન સંતોષ છે, આ લક્ષ્મી શાશ્વતી તુષ્ટિ છે શ્રી ઇચ્છા, ભગવાન કામ. તે યજ્ઞ, આ દક્ષિણા છે જનાર્દન પુરોડાશ, દેવી આધા આહુતિ છે હે મુનિ ! લક્ષ્મી પત્નીશાલા, મધુસૂદન પ્રાગ્વંશ હરિ યૂપ, લક્ષ્મી ચિતિ. ભગવાન કુશ, શ્રી ઇધ્મા ભગવાન સામ, કમળા ઉદ્‌ગીતિ લક્ષ્મી સ્વાહા, જગન્નાથ વાસુદેવ અગ્નિ હે દ્વિજોત્તમ ! ભગવાન શંકર, લક્ષ્મી ગૌરી હે મૈત્રેય ! કેશવ સૂર્ય કમળા તેની પ્રભા છે. વિષ્ણુ પિતૃગણ, અને પદ્મા, નિત્ય તુષ્ટિની આપનારી સ્વધા છે. શ્રી સ્વર્ગ, અને સર્વાત્મક વિષ્ણુ અતિ મોટા વિસ્તારવાળા આકાશ રૂપે છે શ્રીધર ચન્દ્ર અને લક્ષ્મી તેની અક્ષયકાન્તિ લક્ષ્મી જગચ્ચેષ્ટા ધૃતિ અને વિષ્ણુ બધે ફરનારો વાયુ છે, હે દ્વિજ ! ગોવિંદ જલધિ અને શ્રી તેનો તીર પ્રદેશ છે. લક્ષ્મી ઇન્દ્રાણી સ્વરૂપ અને મધુસૂદન દેવેન્દ્ર છે ચક્રધર પોતે યમ છે અને લક્ષ્મી ધૂમોર્ણા છે. શ્રી ઋદ્ધિ છે, શ્રીધર પોતે દેવ ધનેશ્વર છે. કેશવ પોતે વરુણ ને મહાભાગ્યવાન લક્ષ્મી ગૌરી છે. હે વિપ્રેન્દ્ર ! શ્રી દેવસેના, હરિ દેવસેનાપતિ છે. ગદાધર, પુરુષકાર અને હે દ્વિજોત્તમ ! લક્ષ્મી શક્તિ છે લક્ષ્મી કાષ્ઠા, ભગવાન નિમેષ, એ મુહૂર્ત. તે કળા, લક્ષ્મી દીપપ્રભા અને સર્વેશ્વર હરિ દીપ છે આખા જગતની માતા લક્ષ્મી લતા અને વિષ્ણુ વૃક્ષ. શ્રી વિભાવરી (રાત્રિ), અને ચક્રગદાધર દિવસ. વિષ્ણુ કલ્યાણકર્ત્તા વર અને પદ્મા કન્યા ભગવાન નદ સ્વરૂપ અને લક્ષ્મી નદી રૂપે. પુંડરીકાક્ષ ધ્વજા અને કમળા પતાકા. લક્ષ્મી તૃષ્ણા, અને જગત્‌સ્વામી નારાયણ પરમ લોભ. હે ધર્મજ્ઞ ! લક્ષ્મી રતિ, ગોવિંદ રાગ છે. વધારે કહેવાની જરૂર નથી, પણ ટૂંકામાં એટલું જ કહું છું કે દેવ, તિર્યક્, મનુષ્ય વગેરેમાં જે પુનામવાળો (પુલ્લિંગ) છે તે હરિ અને સ્ત્રીનામવાળી (સ્ત્રીલિંગ) લક્ષ્મી, એ બે સિવાય, હે મૈત્રેય ! બીજું કાંઈ જ (જગત્‌માં) નથી ”

વેદાંતમાં જે માયાવાદ તે સાંખ્યમાં પ્રકૃતિવાદ કહેવાય છે પ્રકૃતિમાંથી શક્તિવાદ થયો; ઉપરના કેટલાક શ્લોકોમાં શક્તિવાદ અને અદ્વૈતવાદ

ભેળાઈ ગયા છે, અને એવુ જણાય છે કે એ વાત ધ્યાનમાં રાખી બ્રહ્મ વૈવર્ત્તકારે કૃષ્ણ પાસે રાધાને કહેવડાવ્યુ હશે કે જો તુ ન હોય તો હુ "કૃષ્ણ" અને જો તું મારી સાથે હોય તો હુ "શ્રીકૃષ્ણ" કહેવાઊં. વિષ્ણુપુરાણમા કહેલી શ્રીને લીધે જ તે શ્રીકૃષ્ણ થયા વાચકે જોયુ હશે કે વિષ્ણુપુરાણમા શ્રી સબધે જે જે કહ્યુ છે, તે તે ઘણુ ખરૂ બ્રહ્મવૈવર્ત્તમા રાધાના સબધમા કહ્યુ છે. માટે રાધા એ જ શ્રી

આ પ્રકરણનુ નામ શ્રીરાધા આપ્યુ છે રાધા તે જ ઇશ્વરી શક્તિ. વિધિપૂર્વક થયેલુ બનેનુ લગ્ન તે શક્તિમાન ઇશ્વરની શક્તિની સ્ફૂર્તિ, અને શક્તિનો વિકાસ તે બનેનો વિહાર

હાલના બ્રહ્મવૈવર્ત્તમા જે "રાધાતત્ત્વ" છે તેનો ખુલાસો હવે વાચકને મળી શકયો હશે, પરતુ આદિ બ્રહ્મવૈવર્ત્તમા "રાધાતત્ત્વ" હતુ કે નહિ ? વખતે હશે પરતુ આ પ્રકારનુ નહિ હોય. "રાધા" શબ્દની વ્યુત્પત્તિ હાલના વૈવર્ત્તમા ઘણી રીતની જોવામા આવે છે તેમાની એક બે આગળ આપી છે અને ત્રીજી નીચે પ્રમાણે છે —

रेफो हि कोटिजन्माघं कर्मभोगं शुभाशुभम् ।
आकारो गर्भवास च मृत्यु च रोगमुत्सृजेत् ॥ १०६ ॥
धकार आयुषो हानिमाकारो भवबन्धनम् ।
श्रवणस्मरणोक्तिभ्यः प्रणश्यन्ति न संशयः ॥ १०७ ॥
राकारो निश्चलां भक्तिं दास्य कृष्णपदाम्बुजे ।
सर्वेप्सितं सदानन्द सर्वसिद्धौघमीश्वरम् ॥ १०८ ॥
धकारः सहवासं च तत्तुल्यकालमेव च ।
ददाति सार्ष्टिं सारूप्य तत्त्वज्ञानं हरे समम् ॥१०९ ॥

ब्रह्मवैवर्त्तपुराणम्, श्रीकृष्णजन्मखण्डे १३ अध्यायः ॥

"શ્રવણ, સ્મરણ, અને ઉચ્ચારણ કર્યાથી રેફ એટલે રકાર કોટિ જન્મના પાપ અને શુભ તથા અશુભ કર્મના ફળને ટાળે છે તથા આકાર ગર્ભવાસ, મૃત્યુ તેમ જ રોગને ટાળે છે, (તેમ) ધકાર આયુષ્યની હાનિનો, તથા આકાર ભવના બધનનો નિઃસશય નાશ કરે છે રકાર કૃષ્ણના પદકમળની નિશ્ચળ ભક્તિ તથા સેવા અને સઘળા જેની ઇચ્છા

કરે તેવા આનદને તથા સવ સિદ્ધિઓના સમૂહરૂપ ઇશ્વિરને આપવાવાળો છે. ધિકાર તેનો સહવાસ તથા સમકાલીનપણુ અને ઇશ્વિરતુલ્ય શક્તિ, તત્ત્વજ્ઞાન તથા તેની સમાનતારૂપ મુક્તિ આપે છે."

ખરૂ જોતા આ રાધા શબ્દની ખરી વ્યુત્પત્તિ નથી, "राध्" ધાતુ આરાધના, પૂજાને અર્થે વપરાય છે, જે કૃષ્ણની આરાધિકા તે રાધા અથવા રાધિકા, હાલના બ્રહ્મવૈવર્ત્તમા એ વ્યુત્પત્તિ નથી જે રાધા શબ્દની ખરી વ્યુત્પત્તિ છૂપાવી રાખી, અવૈયાકરણિક કળકુશળ બતાવી લોકોને ભ્રાન્તિમા નાખવા પ્રયત્ન કરે, અને તે ભ્રાન્તિના પ્રતિપોષણાર્થે સામવેદની સત્તા આગળ કરે,* તે માણુસ કદિ એ શબ્દનો બનાવનાર હોય નહિ, જે "રાધા" શબ્દની ખરી વ્યુત્પત્તિને અનુસરી તે શબ્દના રૂપકો રચે નહિ તેના મગજમાથી કદિ પણ એ શબ્દ નીકળ્યો હોય નહિ. તેથી એમ લાગે છે કે અસલ બ્રહ્મવૈવર્ત્તમા એ શબ્દ પહેલવહેલો વપરાયો હશે, અને ત્યા રાધા તે કૃષ્ણને આરાધનારી કોઈ આદર્શરૂપી ગોપી હશે એમા સદેહ નથી.

રાધા શબ્દનો એક બીજો પણ અર્થ છે વિશાખા નક્ષત્રનુ એક નામ રાધા છે†, કૃત્તિકાથી વિશાખા ચૌદમુ નક્ષત્ર પહેલા કૃત્તિકા નક્ષત્રથી વર્ષ ગણાતુ હતુ. કૃત્તિકાથી રાશિઓ ગણીએ તો વિશાખા મધ્યમાં આવે છે, તેથી રાસમડળમા રાધા મધ્યમા હો કિવા ન હો, પરતુ રાશિમડળ યા રાસમડળમા તો રાધા વચમા છે જ. આ "રાશિમડળ મધ્યવર્ત્તિની" રાધા જોડે "રાસમડળ" ની મધ્યવર્ત્તિની રાધાને કાંઈ સબધ છે કે નહિ તે મૂળ બ્રહ્મવૈવર્ત્તની ગેરહાજરીમા નક્કી કરી શકાતુ નથી.

---

* राधाशब्दस्य व्युत्पत्तिः सामवेदे निरूपिता ।–१२ अ. १५२

† राधाविशाखापुष्ये तु सिद्धतिष्यौ प्रविष्ठया । अमरकोष.

પ્રકરણ ૧૧ મું

વૃન્દાવનલીલાની સમાપ્તિ

વૃન્દાવનની લીલા સબંધી ભાગવતમા બીજી થોડી વાતો છે–

૧. એક દિવસ ન્હાતા ન્હાતા નન્દ જમનામા પડી ગયા વરુણના માણસો આવી તેમને પકડી વરુણની પાસે તેડી ગયા ત્યા જઈ કૃષ્ણ તેમને લઈ આવ્યા, ખરી વાત એટલી જ હશે કે નન્દ કોઈ દહાડો નદીમા પડી ગયા હશે અને કૃષ્ણે તેમને બહાર ખેચી કાઢયા હશે

૨ એક દિવસે એક સાપે નન્દને પકડયા હતા કૃષ્ણે તેના મોઢામાથી તેમને છોડાવી સાપને મારી નાખ્યો એ સાપ તે વિદ્યાધર, કૃષ્ણને હાથે મોક્ષ મળ્યાથી તે પાછો પોતાને ઠેકાણે ગયો ખરી વાત એ હશે કે સાપના મોઢામાથી કૃષ્ણે નન્દને બચાવી લીધા હશે

૩. શખચૂડ નામનો એક અસુર આવીને વ્રજની સ્ત્રીઓને પકડી જતો હતો કૃષ્ણ ને બળરામે તેની પૂઠે લાગી સ્ત્રીઓને છોડાવી શખચૂડનો વધ કર્યો. બ્રહ્મવૈવર્તપુરાણમા આ વાત જૂદી રીતે આપી છે, અને તેને માટે કાઈક આગળ કહ્યુ છે

૪ આ ત્રણે વાત વિષ્ણુપુરાણ હરિવશ કે મહાભારતમા નથી, પરતુ કૃષ્ણને હાથે થયલા અરિષ્ટાસુર તથા કેશી અસુરના વધની હકીકત હરિવશ તથા વિષ્ણુપુરાણમા છે, અને મહાભારતમા જ્યાં શિશુપાળ કૃષ્ણની નિદા કરે છે ત્યા પણ તેનો ઇશારો કરેલો છે. અરિષ્ટ બળદ રૂપે અને કેશી ઘોડા રૂપે હતો, અને શિશુપાળ તેઓને બળદ અને ઘોડો જ કહે છે, તેથી જેમ ઉપરની ત્રણ વાતો પુરાણકારરચિત ઉપન્યાસ કહી કાઢી નાખીએ તેમ અરિષ્ટ અને કેશીવધની હકીકત કાઢી નખાય તેમ નથી વળી કેશીવધની હકીકત અથર્વસહિતામા છે, એમ પણ કહ્યુ છે, ત્યા કેશીને કૃષ્ણકેશી કહ્યો છે. જેના કાળા વાળ તે કૃષ્ણકેશી. ઋગ્વેદસહિતામા પણ એક કેશીસૂક્ત છે (દશમા મડળનુ ૧૩૬ મુ સૂક્ત). એ કેશી દેવ હતો કે નહિ, તે નક્કી નથી. એ સંહિતાની ચોથી તથા પાચમી ઋક્‌પરથી એમ સમજાય

છે કે એ કોઈ મુનિ હશે, કારણ મુનિઓ લાબા વાળ રાખતા હતા, અને એ બને ઋકમા મુનિઓની જ પ્રશસા છે. મ્યૂર (Muir) સાહેબ પણ એમ જ કહે છે પણ પહેલી ઋકમા વળી જૂદુ કહ્યું છે.

"કેશી નામનો જે દેવ, તે અગ્નિ, જળ, ભૂલોક અને દ્યુલોકને ધારણ કરે છે. આખા સસારને કેશી તેજવડે જોવા યોગ્ય કરે છે. એ જે તેજ, તેનુ નામ કેશી"

જો એમ હોય તો જગદ્વ્યજક–જગતને દેખાડનાર જે જ્યોતિ–તેજ–તે કેશી, અને જગતને ઢાકી દેનાર તે કૃષ્ણકેશી કૃષ્ણે તેનો વધ કર્યો, મતલબ કે જગતને ઢાકી દેનાર જે તમ–અંધારૂ તેનો કૃષ્ણે નાશ કર્યો.

અહિ હવે વૃન્દાવનલીલાની સમાપ્તિ થાય છે, તેથી એ હકીકત-માથી આપણને શુ હાથ લાગ્યુ તે જોઈએ એમાથી કાઈ જ ઐતિહાસિક કથા મળી નથી, એમ કહીએ તો ચાલે. જે સઘળી પૌરાણિક હકીકત છે, તે અસ્વાભાવિક વાતોથી ભરપૂર છે, અને તેમા ઇતિહાસનુ તત્ત્વ ઘણુ દુર્લભ છે, પણ એટલું નક્કી છે, કે કૃષ્ણને માથે ચોરી અને વ્યભિચારના જે આરોપ મૂકાયા છે તે મુળ પાયા વગરના બનાવટી છે, અને જો ઐતિહાસિક કોઈ પણ વાત હાથ લાગી હોય તો તે એટલી જ છે કે જુલ્મી કસની બ્હીકથી વસુદેવે પોતાની પત્ની રોહિણી તથા બે પુત્ર બળરામ અને કૃષ્ણને નન્દને ઘેર છૂપાવી રાખ્યા, અને કૃષ્ણે બાળપણ અને કિશોરવય ત્યા જ કાઢયા. બાળપણમા પોતાના રૂપ તથા લાવણ્ય અને બીજા સારા ગુણોથી તે સૌને પ્રિય થઈ પડયા. કિશોરવયમા બહુ બળવાન હોવાથી વૃન્દાવનને પીડા કરનાર પશુ વગેરેનો વધ કરી તે ગોવાળીઆ વગેરેનુ હમ્મેશા રક્ષણ કરતા. ન્હાનપણથી જ તે બધાના ઉપર દયા રાખતા અને બધાપર ઉપકાર કરતા, ગોવાળીઆઓના છોકરાછોકરીઓપર તેમને ઘણું હેત હતુ, બધાની જોડે હસી બોલી આનદ કરતા, બધાને સતુષ્ટ રાખવા પ્રયત્ન કરતા અને ન્હાનપણથી જ ખરા ધર્મતત્ત્વનો ભાવ તેમના હૃદયમા ઉદ્ભવ્યો હતો, આટલુ પણ ઐતિહાસિક તત્ત્વ ખરેખર હશે એમ છાતી ઠોકી કહેવાતુ નથી, પણ એટલુ તો નક્કી છે કે એ ઉપરાત બીજુ કાઈ તો નથી જ.

ખંડ ત્રીજો

મથુરા–દ્વારકા

यस्तनोति सतां सेतुमृतेनामृतयोनिना ।
धर्मार्थव्यवहाराङ्गैस्तस्मै सत्यात्मने नमः ॥

शान्तिपर्वणि, ४७ अध्याय.

ખંડ ત્રીજો

મથુરા–દ્વારકા

પ્રકરણ ૧ લું

કંસનો વધ

કંસને ખબર પહોંચી ગઈ હતી કે કૃષ્ણ ને બળરામ વૃન્દાવનમાં બહુ જોરાવર થઈ પડયા છે પૂતનાથી માંડીને અરિષ્ટ સુધીના કંસ તરફથી આવેલા દરેક અનુચરનો તેમણે વધ કર્યો છે દેવર્ષિ નારદે પણ કંસને જઈને કહ્યું કે કૃષ્ણ ને બળરામ તે વસુદેવના જ પુત્ર છે, દેવકીની છોકરી ગણી કંસે જેની હત્યા કરેલી તે નન્દ–જસોદાની છોકરી હતી, વસુદેવે છોકરાઓની અદલાબદલી કરી કૃષ્ણને છૂપાવી નન્દને ઘેર રાખ્યા છે, આ બધા સમાચાર જાણતા જ ભયભીત કંસના ક્રોધની હદ રહી નહિ અને વસુદેવનો ઘાત કરવા તે તૈયાર થયો, અને કૃષ્ણ બળરામને પોતાની પાસે પકડી લાવવા અક્રૂર નામના એક મોટા યાદવને તેણે વૃન્દાવન તરફ મોકલ્યો. તે ઉપરાંત પોતાના પ્રખ્યાત મલ્લ વગેરે મારફતે એ બને ભાઈઓનો પ્રાણ લેવાના વિચારથી ધનુર્મખ નામનો યજ્ઞ પણ પોતે શરૂ કરાવ્યો. અક્રૂર * જેવા બળરામ તથા કૃષ્ણને

---

* કેટલીએક જગ્યાએ એમ લખ્યું છે કે રસ્તામાં કુબ્જા એ લોકોને પોતાને ઘેર લઈ ગઈ વિષ્ણુપુરાણમાં નિન્દનીય વાત જરાએ નથી કુબ્જાએ પોતે પોતાને સુંદર સ્ત્રી થઈ ગયલી જોઈ કૃષ્ણને પોતાને ઘેર આવવાનો આગ્રહ કર્યો, તે ખડખડ હસી પડયા. વિષ્ણુપુરાણમાં એટલુ જ છે, અને એમાં ગેરરીતભરેલુ કાંઈ નથી પરંતુ ભાગવત અને બ્રહ્મવૈવર્ત્ત પુરાણ લખનારાઓને એટલેથી સંતોષ વળ્યો નહિ. કુબ્જાની ભક્તિનો બદલો તેને તરત જ તે લોકો અપાવે છે અને રાસધારીઓ તો તેથી પણ આગળ જઈ કુબ્જાને કૃષ્ણની પટરાણી બનાવે છે ભાગવતમાં ઐતિહાસિક તત્ત્વ બિલકુલ ન હોવાથી હવે પછી માત્ર વિષ્ણુપુરાણપર જ આધાર રાખ્યો છે

લઈ આવ્યા અને તેઓ દરબારમા દાખલ થયા કે તરત જ કંસના કેળવાયલા હાથી કુવલયાપીડને તથા તેના મલ્લ ચાણૂર તથા મુષ્ટિકને તેમણે રામશરણ કરી દીધા એ જોઈ કંસે નન્દને પગે લોઢાની બેડીઓ પહેરાવવા, વસુદેવને મારી નાખવા, તથા કૃષ્ણ-બળરામને મથુરામાંથી હાંકી કાઢવાની આજ્ઞા કરી તે સાભળી, જે ઉંચા આસનપર મલ્લની સાઠમારી જોવા કંસ બેઠો હતો, તે માચડાપર કૂદકો મારી ચઢી જઈ કંસને પકડી, તેના માથાના વાળ ઝાલી તેને અગડમા નીચે નાખી દઈ તેના કૃષ્ણે તરત જ પ્રાણ લીધા, અને પછી પોતાના માતાપિતા, વસુદેવ, દેવકી વગેરે મ્હોટેરાંઓને પગે લાગી, કંસના બાપ ઉગ્રસેનને તેમણે રાજગાદી આપી કૃષ્ણ પોતે રાજા થયા નહિ

હરિવંશ અને સઘળા પુરાણોમા કંસના વધનુ ઉપર પ્રમાણે વૃત્તાન્ત આપેલુ છે. કંસનો વધ એ વાત ખરી છે, પરંતુ તેના સબંધે આ બધુ વર્ણન ઐતિહાસિક સચ્ચાઈ વગરનુ છે કારણ એ હકીકત જો માનીએ તો આપણે ઘણી અસ્વાભાવિક વાતો કબૂલ રાખવી પડે પહેલુ તો દેવર્ષિ નારદનુ અસ્તિત્વ જ માનવુ પડે, ત્યારપછી દેવવાણી કબૂલ કરવી પડે, કારણ કંસના મનમા જે ભય ઉત્પન્ન થયલો તે એ દેવવાણીની સ્મૃતિને લીધે જ તે સિવાય વળી બે ભરવાડના છોકરાએ આવી, વગર યુદ્ધે, સભામા બેઠેલા મથુરાધિપતિને મારી નાખે એ વાત પણ સહજ માની શકાય નહિ માટે સર્વેથી જૂના ગ્રંથ મહાભારતમા એ વિષે શી હકીકત છે તે આપણે જોઈએ. સભાપર્વના જરાસંધપર્વાધ્યાયમા કૃષ્ણ પોતે યુધિષ્ઠિરને પોતાનુ વૃત્તાન્ત સભળાવતા કહે છે કે—

" કેટલાક વખત પછી, કંસે યાદવોનો પરાભવ કરી, સહદેવ અને અનુજા નામની બૃહદ્રથના પુત્ર જરાસંધની બે કન્યા જોડે લગ્ન કર્યા એ દુરાત્માએ પોતાના બાહુબળથી પોતાના સગાવહાલાઓનો પરાજય કર્યો અને પોતે સર્વ કરતા મોટો થયો ભોજવંશના વૃદ્ધ ક્ષત્રિયે મૂઢમતિ કંસના જુલમથી બહુ કંટાળી ગયા અને જ્ઞાતિ તથા મથુરા છોડીને ચાલ્યા જવા મને કહેવા લાગ્યા મે તેથી આહુકની છોકરી અક્રૂર વેરે આપી, જ્ઞાતિવર્ગનુ હિત કરવાના વિચારથી બળભદ્રની મદદથી કંસ ને સુનામાનો સહાર કર્યો. "

આમા કૃષ્ણ તથા બળરામને વૃન્દાવનમાથી લઈ આવવા વિષેની હકીકત જરા પણ નથી, ઉલટુ એમ જણાય છે કે કંસનો વધ કર્યા પહેલાંના જ તે લોકો મથુરામા રહેતા હતા કૃષ્ણ કહે છે કે ઘરડા ઘરડા ક્ષત્રિયોએ તેને એવી સલાહ આપી કે તારે મથુરા છોડી જતા રહેવુ, અને પોતાનો જીવ બચાવવો કૃષ્ણે તેમ ન કરતા સૌના ભલાની ખાતર કંસનો જ વધ કર્યો તેમા બળરામ સિવાય બીજા કોઈની તેમને મદદ હતી કે નહિ તે કહેવાતુ નથી પરતુ એટલુ તો નક્કી છે કે બીજા યાદવોએ જો કે એમ ઉઘાડી રીતે મદદ નહિ આપી હોય તો પણ કંસને બચાવવાને તેઓએ પ્રયત્ન કરેલો નહિ જ. કંસ તે બધાના પર જુલમ કરતો હતો તે જોતા એમ જણાય છે કે વખતે બળરામ અને કૃષ્ણને શક્તિશાળી જોઈ તેમણે જ તેમને પોતાના નેતા નાયક–તરીકે કબૂલ રાખી કંસનો વધ કરાવ્યો હશે માટે આટલી જ હકીકત એ વાતમા ઐતિહાસિક ગણી શકાય

એ ઉપરાત બીજી માનવા જેવી હકીકત એ છે કે કૃષ્ણે કસનો વધ કરી કંસના પિતા ઉગ્રસેનને જ યાદવોનો અધિપતિ બનાવ્યો, કારણ મહાભારતમા પણ તેને એવી જ રીતે વર્ણવ્યો છે આપણા દેશની રીત એવી છે કે જે રાજાનો વધ કરે તે જ તેની ગાદીએ તેના પછી બેસે છે. અને તેમ જ કંસને જિતનાર કૃષ્ણ વગર મહેનતે મથુરાના સિહાસનપર બેસી શકત તેમણે તેમ કર્યું નહિ તેનુ એ જ કારણ કે ખરી રીતે, એ રાજ્ય ઉગ્રસેનનુ હતુ ઉગ્રસેનને ગાદીએથી ઉઠાડી મૂકી કંસ રાજ્યાસનપર બેઠો હતો સત્ય અને ધર્મ એ જ કૃષ્ણને મન મોટી વાત હતી, તે ન્હાનપણથી જ ધર્માત્મા હતા, અને તેથી જ જેનુ એ રાજ્ય હતુ તેને તેમણે તે પાછુ સોપી દીધુ ધર્મને લીધે જ તેમણે કંસનો ઘાત કર્યો હતો અને આપણે આગળ જતા જોઈશુ કે તે પોતે પણ ખુલ્લી રીતે કહે છે કે, પરહિત–પારકાનુ ભલુ કરવુ તે જ ખરો ધર્મ છે જુલ્મી, અત્યાચારી કંસનો વધ કર્યાથી આખી યાદવ કોમનુ ભલુ થતુ હતુ અને તેથી માત્ર ધર્મને ખાતર જ તેમણે કંસને મારી નાખ્યો એ કરુણહૃદય આદર્શ પુરુષે કંસને માર્યા પછી વિલાપ કર્યો

હતો, એવું પણ કેટલીક જગ્યાએ લખેલુ છે. આ કંસવધ એ ખરેખર ઐતિહાસિક વાત છે, અને તેના પરથી પણ જણાય છે કે કૃષ્ણ પર બળવાન, પરમ કાર્યદક્ષ, હુશીઆર, પરમ ન્યાયી, પરમ ધર્માત્મા, પ. હિત કરવામા જ મચેલા અને પારકાને ખાતર લાગણીવાળા હતા, અ. અહિથી જ એક આદર્શ પુરૂષ તરીકે તેઓ દેખા દેવા માડે છે

પ્રકરણ ૨ જું

શિક્ષણ–કેળવણી

પુરાણમા કહ્યુ છે કે કંસના વધ પછી કૃષ્ણ બળરામ કાશીમ સાન્દીપનિ ઋષિ પાસે અભ્યાસ કરવા ગયા, અને ત્યા ચોસઠ દિવસમ બધી શસ્ત્રવિદ્યા શીખી લઈ ગુરૂદક્ષિણા આપી પાછા મથુરા આવતા રહ્

આ સિવાય કૃષ્ણની કેળવણી વિષે પુરાણોમા બીજો કાંઈ ઇશા નથી, તેમ નન્દને ઘેર પણ તેમણે કાંઈ શિક્ષણ લીધુ હોય તેવો પ દાખલો મળતો નથી. નન્દ જાતે વૈશ્ય હતા અને વૈશ્યને વેદનો અધિ કાર છે, છતા વાણીઆને ઘેર રહીને કૃષ્ણ કાંઈ પ્રકારની કેળવણી પામ્ય નહિ, એ અજબ જેવુ છે વખતે એમ બન્યુ હોય કે શીખવા લાય ઉમ્મર થતા પહેલા જ તેમને મથુરા આવવુ રહેવુ પડયુ હોય આગલ પ્રકરણમા જે શબ્દો મહાભારતમાથી કૃષ્ણને મોઢે ઉચ્ચારાયલા ટાંક લીધા છે તે જોતા કંસના વધ પહેલા ઘણા વખત ઉપર તે મથુરામ આવી રહેલા જણાય છે, અને સભાપર્વમા શિશુપાળ કૃષ્ણની નિન્દા કરે છે તેમા તેને કંસનુ અન્ન ખાનાર કહે છે —

यस्य चानेन धर्मज्ञ भुक्तमन्न बलीयस ।
स चानेन हतः कस इत्येतन्न महाद्भुत ॥

महाभारत–सभापर्व, ४० अध्याय

"વળી આ કૃષ્ણે જે બળવાન કંસનુ અન્ન ખાધુ હતુ, તે કંસનો ત્હેણે નાશ કર્યો છે, આમા કાંઈ મહાન આશ્ચર્ય જેવુ નથી"

આ ઉપરથી એમ જણાય છે કે શીખવાનો સમય થતા ન થતામ એમને મથુરા લઈ આવ્યા હશે વૃન્દાવનમા ગોપીઓ વગેરે સાં

કીશોર વયમા તેમણે જે લીલા કરેલી તે માત્ર કલ્પિત વાત જ હોવી જોઇએ, તે પણ આ ઉપરથી સિદ્ધ થાય છે

તેઓ મથુરામા રહીને પણ કેવા પ્રકારની કેળવણી પામ્યા હશે તેનુ તફસીલવાર વૃત્તાન્ત કોઈ ઠેકાણે નથી. માત્ર સાન્દીપનિ ઋષિ પાસેથી ચોસઠ દિવસમા અસ્ત્રવિદ્યા શિખવાનો ઇશારો છે. જે લોકો કૃષ્ણને ઇશ્વર તરીકે માને છે તે લોકો તો એમ જ કહે છે કે જે સર્વજ્ઞ છે તેને શિક્ષાની જરૂર શી? તેને માત્ર એટલો જ જવાબ આપવો બસ છે કે એવા મહાત્માને વળી ચોસઠ દિવસ સાન્દીપનિ ઋષિ પાસે કેળવણી શું કામ લેવી પડે? આગળ કહ્યુ છે કે જો કે કૃષ્ણ ઇશ્વરનો અવતાર હતા તોપણ મનુષ્યદેહ ધારણ કરી મનુષ્યોના ધર્મને અનુસરી માનુષી શક્તિ દ્વારા જ સઘળા કામ કરતા, એ વાતની સાબિતી અહિં પણ મળે છે માનુષી શક્તિ દ્વારા કર્મ કરનારને તે શક્તિ શિક્ષણ વડે અનુશીલિત અને સ્ફુરિત કરવી પડે છે જો એ શક્તિનુ પોતાની મેળે જ સ્ફુરણ થાય અને તે બધા જ કાર્ય એવી રીતે કરી શકે તો પછી તે માનુષી નહિ, પણ ઇશ્વરી શક્તિ કહેવાય કૃષ્ણે પણ આપણી–મનુષ્યોની–માફક કેળવણી લીધેલી તેના સાન્દીપનિ ઋષિ સિવાય બીજા પણ આધાર છે તેમણે આખા વેદનુ અધ્યયન કર્યું હતુ મહાભારતના સભાપર્વમા અર્ધાભિહરણ અધ્યાયમા કૃષ્ણની પૂજ્યતા સબધે ભીષ્મે એક હેતુ એવો કહેલો છે કે કૃષ્ણ નિખિલ વેદવેદાગપારદર્શી છે, એવુ જ વેદ-વેદાગનુ જ્ઞાન હોય તેવો બીજો માણસ મળવો દુર્લભ છે.

वेदवेदांगविज्ञान बल चाप्यधिकं तथा ।
नृणां लोके हि कोऽन्योस्ति विशिष्टः केशवादृते ॥

महाभारतम्–सभापर्व, ३८ अध्यायः

"કૃષ્ણ વેદ અને વેદાગો જાણે છે, બીજું એમનામા સર્વ કરતાં બળ અધિક છે. વળી આ જગત્ વિષે મનુષ્યમા શ્રીકૃષ્ણ કરતા બીજો કોણ શ્રેષ્ઠ છે?"

એ સિવાય પણ કૃષ્ણના વેદના જ્ઞાન માટે મહાભારતમા બીજા ઘણા દાખલાઓ છે, અને એ વેદજ્ઞતા કાઈ તેમનામા પોતાની મેળે આવી

નહતી. છાંદોગ્ય ઉપનિષદ્માથી એવુ જડી આવે છે કે અગિરસ વંશના ઘોર નામના એક ઋષિ પાસે તેઓ અધ્યયન કરતા હતા.

તે વખતે શ્રેષ્ઠ પંક્તિના બ્રાહ્મણો તથા ક્ષત્રિયો ઉંચા પ્રકારની કેળવણીના ઉંચામા ઉંચા દરજ્જાને તપસ્યા કહેતા હતા મોટા મોટા રાજર્ષિઓએ કોઈ નહિ તો કોઈ વખતે તપસ્યા તો કરેલી જ, એવુ સાધારણ રીતે જોવામા આવે છે હાલ તપસ્યાનો જે અર્થ આપણે સમજીએ છીએ તે અસલ અર્થ નહતો, એમ વેદમાથી ઘણે ઠેકાણે મળ આવે છે. વનમા જઈ આખો મીંચી, શ્વાસ બંધ કરી, ખાવાપીવા છોડી દઈ ઇશ્વરનુ ધ્યાન ધરવુ, એવો તપસ્યાનો અર્થ આપણે કરીએ છીએ હવે દેવતાઓમાથી ઘણાઓએ અને મહાદેવે પોતે પણ તપસ્ કરેલી એવુ જોવામા આવે છે વળી શતપથ બ્રાહ્મણમા જ કહેલુ છે કે પરબ્રહ્મને પોતાને જ્યારે સૃષ્ટિ સરજવાનુ મન થયુ ત્યારે તેણે પ તપસ્યા દ્વારા જ તેને સરજાવી

सोऽकामयत। बहु स्यां प्रजायेयेति। स तपोऽतप्यत। स तपस्तप्त्वा इदं सर्वमसृजत। (२ वल्ली, ६ अनुवाक)

"તેણે ઇચ્છા કરી કે પ્રજાની સૃષ્ટિ કરવા માટે હુ બહુ થાઉ તેણે તપસ્યા કરી તપસ્યા કરી આ સકળ સૃષ્ટિ ઉપજાવી."

એ બધી જગ્યાએ તપસ્યાની મતલબ એ છે કે પોતાનુ ચિ અંકુશમા આણી, સમાહિત કરી, પોતાની સઘળી શક્તિઓનુ અનુશીલ તથા સ્ફુરણ કરવુ મહાભારતમા કહ્યુ છે કે કૃષ્ણે દશ વર્ષ હિમાલયપ તપસ્યા કરી હતી વળી ઐષિક પર્વમા પણ લખ્યુ છે કે અશ્વત્થામાએ છોડેલા બ્રહ્મશિરા અસ્ત્ર વડે ઉત્તરાનો ગર્ભપાત થશે એવી બ્હીક લાગ માંડી, ત્યારે તે ગર્ભ જો મરણ પામે તો તેને પાછો સજીવન કરવા કૃષ્ણ પ્રતિજ્ઞા લીધી હતી અને અશ્વત્થામાને કહ્યુ હતું કે તમે પણ મારૂ તપે બળ જોઈ લેજો

જે મનુષ્ય આદર્શ તેની કેળવણી પણ આદર્શ જ હોય અને તે ફળ પણ તેવુ જ આવે, પરતુ એ પ્રાચીન કાળનુ શિક્ષણ કેવુ હશે જાણી શકાતું નથી, એ મોટી દિલગીરીની વાત છે.

પ્રકરણ ૩જું

જરાસન્ધ

ભરતખંડમા હમેશા અને હમેશા નહિ તો તેના ઇતિહાસના પાછલા ભાગમા આપણે એ જોતા આવ્યા છીએ કે કોઈ નહિ તો કોઈ રાજા-મહારાજાની-એટલે શહેનશાહની પદવી ભોગવતો જ હતો, અને બીજા રાજાઓ તેનુ ઉપરિપણું કબૂલ કરતા, કેટલાક તેને ખંડણી આપતા, તો કેટલાક તેના હુકમ પ્રમાણે વર્ત્તતા, અને લઢાઈ વખતે સૌ તેને મદદ આપતા ચંદ્રગુપ્ત, વિક્રમાદિત્ય, અશોક, મહાપ્રતાપશાલી ગુપ્તવંશના મહારાજાઓ, હર્ષવર્દ્ધન શિલાદિત્ય, એ અસલના સમયના ને હાલના સમયના પઠાણ ને મોગલ શહેનશાહ એવા જ રાજાઓ હતા હિન્દુ રાજાઓના વખતમા મગધના રાજાઓ એ દરજ્જો ભોગવતા હતા આપણે જે વખતની વાત કરીએ છીએ તે વખતે પણ ભરતખંડના ઉત્તર ભાગનો મહારાજા તે મગધનો અધિપતિ જ હતો, અને તેનું નામ જરાસન્ધ હતુ તેના બળ તથા પ્રતાપનુ વર્ણન મહાભારત, હરિવંશ, અને પુરાણમા બધે બહુ વિસ્તારથી કરેલુ છે કુરુક્ષેત્રની લઢાઈવિખતે એમ કહેવાય છે કે, સઘળા ક્ષત્રિયોનો જમાવ થયો હતો, પરતુ બંને પક્ષના લશ્કર મળી એકત્ર સંખ્યા માત્ર અઢાર અક્ષૌહિણી થતી હતી, એવુ લખ્યુ છે, જ્યારે એકલા જરાસન્ધની સેના જ વીશ અક્ષૌહિણીની કહેવાતી હતી.

કંસ એ આ જરાસન્ધનો જમાઈ થતો હતો, કારણ તેની બંને છોકરીઓ જોડે એના લગ્ન થયા હતા. કંસના વધ પછી એ બન્ને વિધવા છોકરીઓ પોતાના પિતા પાસે ગઈ અને પોતાના ધણીની હત્યા કરનારના ઉપર વેર લેવાનુ જરાસન્ધને કહ્યુ જરાસન્ધ મોટુ સૈન્ય લઈ કૃષ્ણને મારવા મથુરા પર ચઢી આવ્યો. એ લશ્કરને મુકાબલે અલબત્ત જાદવોની સંખ્યા બહુ નાની હતી, છતા કૃષ્ણની સરદારી તળે તેઓએ જરાસન્ધને પાછો કાઢયો. પરતુ જરાસન્ધનું બળ તોડી પાડવા તેઓ અસમર્થ હતા, કારણ તેનુ લશ્કર ઘણું મોટુ હતું, તેથી ફરી ફરી જરાસન્ધ મથુરાપર

હુમલા લઈ આવતો, અને જો કે દરેક વખતે તેને હાર ખાઈ પાછુ ફરવુ પડતુ હતુ, તોપણ તે દરેક વખતે યાદવોના પક્ષને બહુ હાનિ થતી જતી હતી, કારણ તેમની સખ્યામા તે દરેક વખતે થોડા માણસોનુ નુકસાન લાગતુ, અને તેમ ને તેમ લાબો વખત ચાલતા તેમનો તો તદ્દન નાશ થઈ જવાનો વખત આવી લાગ્યો, પરતુ જેમ સમુદ્રમા ભરતીઓટ જણાતો નથી તેમ જરાસન્ધના અગાધ સૈન્યમા કોઈ રીતની ક્ષયવૃદ્ધિ નજરે પડી શકતી નહિ આ પ્રમાણે સત્તર ચઢાઈઓ થયા પછી, યાદવોએ કૃષ્ણની સલાહ માની, મથુરા છોડી, કોઈ એવા મુલકમા જઈ, કિલ્લા બાધી વાસ કરવાનો વિચાર કર્યો કે જ્યા તેને ચઢાઈ લઈ આવવી મુશ્કેલ પડે. દ્વારકા બેટ એવી જગ્યા હતી અને તેથી તેમને સારૂ ત્યા કૃષ્ણે એક નગર બાધવા માડયુ રૈવતક પર્વત કે જેનુ ચઢાણ બહુ મુશ્કેલ હતુ ત્યા એક કિલ્લો દ્વારકાના રક્ષણને માટે ઉભો કર્યો, પણ તેમના દ્વારકા જતા પહેલા પણ અઢારમી વખત જરાસન્ધ તેમનાપર ચઢી આવ્યો.

આ અરસામા જરાસન્ધની મદદમા કૃષ્ણપર હુમલો કરવા એક બીજો મોટો શત્રુ પણ ચઢી આવ્યો હતો ઘણા ગ્રંથોમા જોવામા આવે છે કે ભરતખડમા પ્રાચીન કાળમા ઠેકાણે ઠેકાણે યવનો રાજ કરતા હતા હાલના પડિતોએ એમ સિદ્ધ કર્યું છે કે અસલી ગ્રીક લોકોને ભરતખડવાસીઓ યવન કહેતા, જો કે એ વાત ખરી છે કે ખોટી, તે વિષે હજુ સદેહ છે. ખરૂ જોતા એમ લાગે છે કે શક, હૂણ, ગ્રીક વગેરે અહિન્દુ પણ સભ્ય જાતિઓને તે વખતે યવન કહેતા હશે તે ગમે તેમ હોય પણ આ વખતે કાળયવન નામનો એક બળવાન રાજા ભરતખડમા બહુ પ્રતાપશાલી થઈ પડયો હતો તેણે પોતાના લશ્કર સાથે આવી મથુરા ઉપર હલ્લો કર્યો પરતુ યુદ્ધનિપુણ સરદાર કૃષ્ણે પોતાના સૈન્યને તેની જોડે લઢાવવાનો વિચાર રાખ્યો નહતો, કારણ નાની સરખી યાદવસેના લઈ તેની જોડે યુદ્ધ કરવાથી એ સખ્યામા પણ બહુ કમીપણું થઈ જવાની ધાસ્તી હતી, અને વળી જે સખ્યા રહે તેના વડે જરાસન્ધને પણ પાછો કાઢી શકાય કે નહિ તે શકભરેલુ હતુ. વળી તે ઉપરાંત આપણે આગળ જતા જોઈશુ કે દયાળુ કૃષ્ણ જ્યા ધર્મને લીધે

પ્રાણીહત્યા કર્યા સિવાય ચાલે એવુ ન હોય તે સિવાય બીજી જગ્યાએ નકામો માણસોનો જીવ લેવા કદિ તત્પર થતા નહતા ઘણી વખતે ધર્મને લીધે જ યુદ્ધ કરવુ પડે છે, અને જો તેવી વખતે લઢાઈ કરવા આનાકાની કરીએ તો ધર્મની હાનિ થાય છે, એવુ કૃષ્ણે ગીતામા કહ્યુ છે. હવે અહિ કાળયવન અને જરાસન્ધ જોડેનું યુદ્ધ પણ ધર્મને લીધે જ હતુ. આત્મરક્ષા, સ્વજનરક્ષા અને પ્રજાની રક્ષા માટે જો યુદ્ધ ન કરે તો તે મોટામા મોટુ પાપ કહેવાય, પરતુ તેમ કરતા પણ જેમ બને તેમ ઓછા જીવની હાનિ થાય અને પોતાનુ કામ થાય એવી રીતે વર્ત્તવુ તે એવા ધાર્મિક માણસોનુ કર્ત્તવ્ય છે મહાભારતના સભાપર્વના જરાસન્ધવધ અધ્યાયમા આપણે જોઇશુ કે જે ઉપાયથી જરાસન્ધનો વધ થાય પરતુ તેમ કરતા કોઈ પણ માણસના જીવને હાનિ ન પહોચે તેવા ઉપાય સુઝાડવામા કૃષ્ણ તત્પર રહે છે કાળયવન જોડેના યુદ્ધમા પણ એમણે તેમ જ કર્યું પોતે લશ્કર લઈ સામા ન થયા, પણ કૌશલ્ય વાપરી તેનો વધ કર્યો પોતે એકલા કાળયવનની છાવણીમા જઈ ઉભા અને કૃષ્ણને ઓળખી જેવો તેમને પકડવા કાળયવને પોતાનો હાથ લબાવ્યો કે તરત પોતે પલાયન કરી ગયા કાળયવન તેમની પાછળ દોડયો. કૃષ્ણ જેવા વેદાગના જ્ઞાનમા પરિપૂર્ણ હતા, તેવા જ શારીરિક કસરતમા પણ હતા, તેથી કાળયવન તેમને પકડી શક્યો નહિ, પણ તેની પાસથી નાશી કૃષ્ણ એક પર્વતની ગુફામા જઈ ભરાઈ બેઠા એવુ કહેવાય છે કે ત્યા મુચકુદ નામના એક ઋષિ નિદ્રા લેતા હતા ગુફામાના અંધારાને લીધે કૃષ્ણને કાળયવન જોઈ શક્યો નહિ અને તેથી ઋષિને જ કૃષ્ણ ધારી પોતે તેને લાત મારી લાત વાગવાની સાથે જ ઋષિ ઉંઘમાથી જાગી ઉઠયા અને જેવી કાળયવનની સામે તેમણે નજર નાખી તેવો જ તે ત્યાનો ત્યા બળી મૂઓ

આ અતિપ્રકૃત વાત માની શકાય એવી નથી ખરી વાત એમ હશે કે પોતાનુ કૌશલ્ય વાપરી કૃષ્ણ કાળયવનને તેની છાવણી અને લશ્કરથી દૂર લઈ ગયા હશે, અને કોઈ છૂપે ઠેકાણે તેની જોડે એકલે હાથે લઢાઈ કરી, તેને મારી નાખ્યો હશે કાળયવન મરાયો એટલે તેના લશ્કરમા ભગાણુ પડયુ અને તેઓ મથુરા છોડી ચાલ્યા ગયા. આ થયા

પછી જરાસન્ધ અઢારમી વાર હુમલો લઈ આવ્યો અને તેમા પણ તેને હાર ખાવી પડી હતી

સદરહુ મજકૂર હરિવંશ અને વિષ્ણુ આદિ પુરાણમા છે. મહાભારતમા કૃષ્ણ પોતે જરાસન્ધ વિષે જે હકીકત યુધિષ્ઠિરને કહે છે તેમા આ અઢારમી ચઢાઈની વાત નથી જરાસન્ધ જોડે યાદવોને લઢાઈ થયલી તેનુ પણ સ્પષ્ટ વર્ણન નથી તેપરથી તો માત્ર એટલુ જ માલમ પડે છે કે જરાસન્ધ એક વખત મથુરાપર ચઢી આવેલો પણ તે વખતે હુસ નામના તેના એક સરદારને બળરામે મારી નાખેલો, તેથી દુખી થઈ તે પાછો પોતાના દેશમા ચાલ્યો ગયલો એ હકીકત નીચે પ્રમાણે છે

" કેટલોક સમય ગયા પછી યાદવોનો પરાભવ કરી સહદેવા અને અનુજા નામની જરાસન્ધની બે કન્યાઓ કુસ પરણ્યો હતો એ દુરાત્મા પોતાના બાહુબળ વડે જ્ઞાતિજનનો પરાજય કરી બધા કરતા સત્તાવાન થઈ પડયો. મૂઢમતિ કુસના જુલમથી અતિશય દુખી થઈ ભોજવશના વૃદ્ધ ક્ષત્રિયોએ જ્ઞાતિલાઓના પરિત્યાગ માટે મને આગ્રહ કર્યો તે વખતે અક્રૂરને આહુકકન્યા પરણાવીને જ્ઞાતિજનનુ હિત સાધવા મે અને બળરામે મળી કુસ અને સુનામાનો વધ કર્યો એથી કુસનો ભય તો દૂર થયો, પરતુ થોડા દિવસમા જરાસન્ધ અતિશય બળવાન થઈ પડયો ત્યારે અમારા જ્ઞાતિબંધુઓની સાથે મળી અમે વિચાર કર્યો કે જરાસન્ધની સેનાનો ત્રણસે વર્ષ સુધી નિરતર શત્રુનાશક અસ્ત્ર વડે વધ કર્યા જઈશુ તો પણ તેનો છેડો આવવાનો નથી દેવ સરખા તેજસ્વી મહાબળવાન હુસ અને ડિબક નામે બે વીર પુરૂષો તેના આશ્રિત છે, અસ્ત્ર વડે તેઓનો વધ કદિ પણ થવાનો નથી અમને ખાતરી છે કે એ બે શૂરવીર અને ત્રીજો જરાસન્ધ મળે તો ત્રણે ભુવન ઉપર જય મેળવવા તેઓ સમર્થ છે. હે યુધિષ્ઠિર! આ પ્રમાણે અમે એકલા જ માનીએ છીએ એમ નથી, બીજા રાજાઓ પણ એમ જ માને છે

" હંસ નામે એક વિખ્યાત રાજા હતો. બળદેવે યુદ્ધમા તેનો સહાર કર્યો હંસ મૂઓ એવી વાત લોકો પાસેથી સાભળી નામ સરખા હોવાથી ડિબકે એવુ માની લીધુ કે પોતાનો મિત્ર જે હંસ હતો તે મૃત્યુ પામ્યો મિત્ર વિનાનુ જીવવુ નિષ્પ્રયોજન છે જાણી જમનાજીમાં

ઝંપલાવી હિબકે પ્રાણત્યાગ કર્યો. હવે ' હંસ મૃત્યુ પામ્યો છે ' એવી ઉડતી વાત પોતાના પ્રિય મિત્ર હિબકને કાને પડતા તેણે આત્મઘાત કર્યો છે, એવુ સાભળી હંસે પણ દુ ખના માર્યા જમનામા પ્રવેશ કરી આત્મસમર્પણ કર્યું આ બે શૂરવીર મરણ પામ્યાની ખબર જાણી પોતાના જેવો કોઈ દુ ખી નહિ એમ ઉદાસ થઈ જરાસન્ધ પોતાના નગર તરફ પાછો ફર્યો પછી અમે પરમ હર્ષ પામી મથુરામા રહ્યા

" થોડા દિવસ પછી કંસની સ્ત્રી પતિના નાશથી દુ ખી થયલી પોતાના પિતા જરાસન્ધ પાસે જઈને આગ્રહપૂર્વક વારવાર કહેવા લાગી કે ' મારા પતિને મારનારનો નાશ કરો ' આગળ જરાસન્ધના બળ તથા પરાક્રમનુ માપ અમે કાઢ્યુ હતુ તે આ વખતે સ્મરણમા આવતા અમને ઘણી ચિંતા થઈ આવી પછી અમે અમારી મોટી સમૃદ્ધિ વહેચી લઈ સ્વભૂમિ છોડી પશ્ચિમ દિશામા ન્હાશી આવ્યા અહિ રૈવત પર્વતથી શોભાયમાન કુશસ્થલી (દ્વારકા) નામની નગરીમા રહીએ છીએ. એને ફરતો એવો કિલ્લો અમે બાધી લીધો છે કે જેથી વૃષ્ણિવશના મહારથીઓની વાત તો બાજૂએ રહી પરતુ સ્ત્રીલોક પણ અનાયાસે યુદ્ધ કરે. હે રાજન ! હાલ અમે નિર્ભયપણે એ નગરીમા નિવાસ કરીએ છીએ યાદવ સમસ્ત એ શ્રેષ્ઠ પર્વતને જોઈ પરમ હર્ષ પામ્યા છે હે કુરુકુલપ્રદીપ ! અમે સામર્થ્યવાન છતા જરાસન્ધના ઉપદ્રવના ભયથી બચવાને આ પર્વતનો આશ્રય લીધો છે આ રૈવતક ત્રણ જોજન લાબો, મથાળાના ભાગ પર એક જોજન કરતા અધિક પહોળો અને એકવીશ શિખરવાળો છે. એક એક જોજન મૂકી સો સો દ્વાર છે અને બધે ઊંચા ઊચા દરવાજા છે યુદ્ધમા જિતાય નહિ એવા મહાપ્રતાપશાલી ક્ષત્રિયો ત્યા સર્વદા નિવાસ કરીને રહે છે હે મહારાજ ! અમારા કુળમા અઢાર હજાર ભાઈઓ છે. આહુકના સો પુત્ર દેવતુલ્ય છે. ચારુદેષ્ણ અને તેના ભાઈ, ચક્રદેવ, સાત્યકિ, હુ, બળભદ્ર, યુદ્ધમા નિપુણ એવા શામ્બ–એ સાત અમે રથી છીએ, કૃતવર્મા, અનાધૃષ્ટિ, શમીક, સમિતિજય, કક્ષ, શંકુ અને કુંતિ–એ સાત જણ મહારથી, વળી અંધકભોજના બે વૃદ્ધ પુત્ર અને રાજા (ઉગ્રસેન)–એ મહા બળવાન દૃઢ શરીરવાળા દશ મહાવીર–એ સઘળા, જરાસન્ધના રાજ્યનું સ્મરણ થતા, જાદવોની સાથે મળી ગયા છે."

આ જરાસન્ધને લગતો ભાગ અસલ મહાભારતમા હશે એમ લાગે છે વખતે એક બે વાતો પાછળથી ઉમેરાઈ હશે પરતુ ઘણો ખરો ભાગ અસલનો જ હોવો જોઈએ, અને જો તેમ હોય તો કૃષ્ણ જરાસન્ધ વચ્ચેના વિરોધની ઉપલી હકીકત જ ખરી તરીકે આપણાથી ગ્રહણ થઈ શકે કારણ આગળ આપણે જોયુ છે કે હરિવશ અને બધા પુરાણોના કરતા મહાભારતનો અસલ ભાગ ઘણો જૂનો છે, તેથી જરાસન્ધ અઢાર વખત મથુરા ઉપર ચઢી આવ્યો અને અઢારે વખત હારી પાછો ગયો, એ બધી ખોટી વાત ખરૂ એમ જ હશે કે તે એક વાર હુમલો લઈ આવ્યો હશે અને તેમા પાછો પડવાથી ન્હાશી ગયો હશે બીજી વખત વખતે હલ્લો કરત ખરો, પણ કૃષ્ણે જોયુ કે સપાટ ભૂમિની વચ્ચે આવેલા મથુરા શહેરમા રહી જરાસન્ધના વારવારના હુમલા અને અસખ્ય સેના સામે ટકી શકાશે નહિ, તેથી જ્યા એવી રીતનો કિલ્લો ઉભો કરી શકાય કે જે કિલ્લાના આશ્રયથી નાની સેનાનુ રક્ષણ કરી જરાસન્ધને પાછો કાઢી શકાય તેવી જગ્યાએ તે રાજધાની લઈ ગયા તે જોઈ જરાસન્ધ પણ તેણી તરફ પછી બીજી વાર ગયો નહિ આ ઉપરથી માત્ર એટલુ જ જણાય છે કે યુદ્ધકૌશલ્યમા કૃષ્ણ ઘણા હુશીઆર અને રાજ્યનીતિને જાણનારા હતા નિરર્થક મનુષ્યનો વધ કરવો, એ તેમને લેશમાત્ર ગમતુ નહતુ આદર્શ મનુષ્યના બધા ગુણો તેમનામા ધીમે ધીમે ખીલતા જતા હતા

પ્રકરણ ૪થું

કૃષ્ણનો વિવાહ

કૃષ્ણની પહેલી સ્ત્રીનું નામ રૂક્મિણી હતું, અને તે વિદર્ભના રાજા ભીષ્મકની છોકરી થતી હતી, તેના રૂપગુણના બહુ વખાણ સાભળી તેની જોડે લગ્ન કરવા કૃષ્ણે તેના બાપ ભીષ્મકને વિનવ્યા. રૂક્મિણીનુ મન પણ કૃષ્ણપર ચોટયુ હતું, પરતુ કૃષ્ણના શત્રુ જરાસન્ધની સલાહથી ભીષ્મકે પોતાની પુત્રી કૃષ્ણવેરે આપવાની ના કહી,

અને તેના હરીફ શિશુપાળ જોડે તેના લગ્ન કરવાનુ નક્કી કરી, લગ્નને દિવસે હાજર થવા સૌ રાજાઓને નિમત્રણ કર્યાં, માત્ર તેમાથી યાદવોને જ બાતલ રાખ્યા. આણી તરફ કૃષ્ણે પણ મનમા નક્કી કરી રાખ્યુ હતુ કે યાદવોને સાથે લઈ ભીષ્મકની રાજધાનીમા જઈ રૂક્મિણીના સગાવહાલાઓની મરજી ઉપરાત તેનુ ગ્રહણ કરી તેની જોડે લગ્ન કરવુ.

કૃષ્ણે કર્યું પણ તેમ જ લગ્નને દિવસે દેવમદિરમાથી પૂજા કરી જેવી રૂક્મિણી બહાર આવી કે કૃષ્ણે તેને રથમા ઉચકી લીધી ભીષ્મક, તેના છોકરાઓ, જરાસન્ધ વગેરે સૌએ કૃષ્ણના આવ્યાની ખબર સાભળી એવુ ધારી રાખ્યુ જ હતુ કે આવુ કાઈ તોફાન થશે અને તેથી તેઓ તેને માટે તૈયાર જ હતા લશ્કર લઈ તેઓ કૃષ્ણની પાછળ દોડયા પણ કોઈ તેમનો પરાભવ કરી શકયુ નહિ કૃષ્ણ રૂક્મિણીને દ્વારકા લઈ આવ્યા અને ત્યા શાસ્ત્ર પ્રમાણે તેની જોડે લગ્ન કર્યું

આ બનાવને "હરણ" કહે છે પરતુ "હરણ" શબ્દના અર્થમા એવુ કાઈ નથી કે જેથી કન્યાની ઉપર કોઈ જાતનો અત્યાચાર થતો હોય એવુ કહેવાય વર કન્યાને પરણવા ખુશી હોય, કન્યા વરને વરવા ખુશી હોય, તો તેમા પછી કન્યા ઉપર જુલમ થયલો શેનો કહેવાય? રૂક્મિણીહરણમા કોઈ પ્રકારનો દોષ હતો જ નહિ, કારણ કન્યા તો ઉલટી કૃષ્ણને ચહાતી હતી. વળી આગળ ચાલતા જોઈશુ કે કૃષ્ણે અર્જુનને સમજાવી સુભદ્રાનુ હરણ કરાવેલુ તેમા પણ કોઈ રીતનો કન્યા તરફ અત્યાચાર થયલો હતો નહિ આવી રીતે સ્ત્રીઓને હરી જવી એ રીતમા કાઈ દોષ છે કે નહિ તેનો હવે પછી સુભદ્રાહરણ વખતે વિચાર કરીશુ.

એ સબધે એક બીજી વાત પણ ધ્યાનમા રાખવાની છે. તે સમયમાં ક્ષત્રિય રાજાઓમા લગ્ન કરવાની બે રીત હતી સ્વયવર અને કન્યાનું હરણ કેટલીક વખત એક લગ્નમાં બને રીતનો ઉપયોગ થતો, દાખલા તરીકે, કાશીના રાજાની કન્યા અંબિકા વગેરેના લગ્નમાં. એ લગ્ન સ્વયવરથી થવાના હતા પણ તેને ન અનુસરતાં આદર્શ ક્ષત્રિય દેવવ્રત ભીષ્મ ગગે કન્યાને ઉપાડી ગયા. વળી એવુ પણ અવશ્ય બનતું

કે હરણ કરીને અથવા કે સ્વયવરથી કન્યાને ગમે તે એક જણ કોઈ લઈ જતું કે તરત જ ઉદ્ધત સ્વભાવવાળા રણશૂરા ક્ષત્રિયો લઢાઈ મચાવી મૂકતા ઈતિહાસમા દ્રૌપદીના ને કવિતામા ઇન્દુમતીના સ્વયવરનો એવો દાખલો મળે છે કે અગર જો કે કન્યાનુ હરણ થયલુ નહિ તો પણ લઢાઈ તો થયલી જ મહાભારતના મૂળ ભાગમા રૂક્મિણીનુ હરણ થયુ, એવી હકીકત નથી. શિશુપાળવધપર્વાધ્યાયમા કૃષ્ણ કહે છે કે—

रुक्मिण्यामस्य मूढस्य प्रार्थनासीन्मुमूर्षतः ।
न च तां प्राप्तवान् मूढः शूद्रो वेदश्रुतीमिव ॥

शिशुपालवधपर्वणि, ४५ अध्याय, १५ श्लोक. ॥

"વળી હમણા જેને મરવાની તૈયારી છે, એવા મૂર્ખ શિશુપાળે પૂર્વે પોતાનો વિવાહ કરવા સારૂ રૂક્મિણીની માગણી કરી હતી, પણ તે રૂક્મિણી જેમ શૂદ્રને વેદની શ્રુતિ ન મળે તેમ તેને મળી નહિ"

શિશુપાળ ઉત્તર આપે છે કે—

मत्पूर्वा रुक्मिणीं कृष्ण संसत्सु परिकीर्त्तयन् ।
विशेषतः पार्थिवेषु व्रीडां न कुरुषे कथम् ॥ १८ ॥
मन्यमानो हि क. सत्सु पुरुषः परिकीर्त्तयेत् ।
अन्यपूर्वां स्त्रियं जातु त्वदन्यो मधुसूदन ॥ १९ ॥

शिशुपालवधपर्वणि, ४५ अध्याय, १८–१९ श्लोक ॥

"વાગ્દાનથી પ્રથમ મને મળેલી રૂક્મિણી સબધે સભામા, તેમા વળી વિશેષે કરી રાજાઓની સભામા, વાત કરતા તમે કેમ લજ્જા પામતા નથી? હે મધુસૂદન! તમારા સિવાય બીજો કયો પુરૂષ વાગ્દાનથી બીજાને અપાયલી છે એવુ માનવા છતા કોઈ સ્ત્રીને વિષે સત્પુરૂષો સમક્ષ વાત કરે?"

આમા એવુ કાઈ નથી કે જેથી એમ જણાય કે રૂક્મિણીનુ હરણ થયુ હોય અથવા કે તેને સબધે યુદ્ધ થયુ હોય. એ સિવાય ઉદ્યોગ-પર્વમા એક ઠેકાણે છે કે—

या रुक्मिणीमेकरथेन भोजान् उत्साद्य राज्ञ· समरे प्रसह्य ।
उवाह भार्यां यशसा ज्वलन्तीं यस्यां जज्ञे रौक्मिणेयो महात्मा॥

"એક જબરજસ્ત યુદ્ધમાં ભોજ નામના રાજાઓનો પરાભવ કરી એક રથમાં પોતાની યશસ્વિની ભાર્યા રૂક્મિણીને લઈ ગયા, જે ભાર્યાએ મહાત્મા પ્રદ્યુમ્નને જન્મ આપ્યો."

આ ઉપરથી જણાય છે કે યુદ્ધ થયલું, પરંતુ હરણ થયલું નહિ.

આ ઉપરાંત પણ એક જગ્યાએ રૂક્મિણીહરણની હકીકત છે. ઉદ્યોગ-પર્વમાં સૈન્ય નીકળતી વખતે રૂક્મિણીનો ભાઈ રૂક્મૈયો પાંડવોની છાવણીમાં આવી પહોંચે છે, અને તે વખતે લખેલું છે કે—

"બુદ્ધિમાન શ્રીકૃષ્ણે પૂર્વે કરેલા રૂક્મિણીના હરણને સહન નહિ કરનાર અને પોતાના બાહુબળથી ગર્વિષ્ઠ થયલા રૂક્મૈયાએ પ્રતિજ્ઞા લીધી કે 'કૃષ્ણને માર્યા વગર હું કદાપિ પાછો ફરીશ નહિ' તે પછી પાણીના પૂરથી રેલછેલ થયેલી ગંગાના પ્રવાહ સરખા વેગવાળી અને વિચિત્ર આયુધને ધારણ કરનારી ચતુરંગ સેનાને લઈને કૃષ્ણની સામે તેણે કૂચ કરી, પણ પાસે આવતાની સાથે જ પરાજય પામી લજ્જિત થઈને તે પાછો ફર્યો. પરંતુ જે ઠેકાણે વાસુદેવે એનો પરાભવ કર્યો હતો તે ઠેકાણે એક મોટા સૈન્ય તથા હાથી, ઘોડા સહિત ભોજકટ નામના એક વિખ્યાત નગરની તેણે સ્થાપના કરી હતી. તે નગરમાંથી એક અક્ષૌહિણી સેના લઈને તરત જ ભોજરાજ રૂક્મૈયો પાંડવોની પાસે આવ્યો અને તેઓ ન જાણે તેમ કૃષ્ણનું પ્રિય કરવાને કવચ, ધનુષ્, તલવાર, ખડ્ગ ધારણ કરી સૂર્ય સમાન તેજસ્વી ધ્વજ લઈને પાંડવોના સૈન્યમંડળમાં તેણે પ્રવેશ કર્યો."

આ કથા ઉદ્યોગપર્વના ૧૫૭મા અધ્યાયમાં છે. એ અધ્યાયને રૂક્મિપ્રત્યાખ્યાન કહે છે. પર્વસંગ્રહાધ્યાય વિષે જે હકીકત આપણે આગળ કહી છે, તેમાં છે કે ઉદ્યોગપર્વમાં ૧૮૬ અધ્યાય, અને ૬૬૯૮ શ્લોક છે.

उद्योगपर्वनिर्दिष्टं सन्धिविग्रहमिश्रितम् ।
अध्यायानां शतं प्रोक्तं षडशीतिर्महर्षिणा ॥
श्लोकानां षट्सहस्राणि तावन्त्येव शतानि च ।
श्लोकाश्च नवति प्रोक्तास्तथैवाष्टौ महात्मना ॥

महाभारतम् । आदिपर्व ॥

"એ સધિ વિગ્રહવાળુ ઉદ્યોગપર્વ મે તમને કહ્યું, તેના ૧૮૬ અધ્યાય છે, ને તેમા ૬૬૯૮ શ્લોકો કહ્યા છે"

હાલના મહાભારતમા ૧૯૭ અધ્યાય છે, તેથી પર્વસગ્રહાધ્યાય રચાયા પછી એ ૧૧ અધ્યાય લખાયલા, તેમ જ હાલના ઉદ્યોગપર્વમા શ્લોકની સખ્યા ૭૬૫૭ છે તેથી એક હજાર શ્લોક પણ તેમા પાછળથી દાખલ થઈ ગયલા એ અગીઆર અધ્યાય ને હજાર શ્લોક ક્યા હશે તે જોવુ જોઈએ ઉદ્યોગપર્વમા શી શી હકીકત છે તે કાઈ પર્વસગ્રહાધ્યાયમાથી જાણી શકાતુ નથી રૂક્મૈયાના આ સમાગમની તથા તેને પાછા હઠાવવાની કાઈ પણ વાત એ સગ્રહાધ્યાયમાથી જડતી નથી, તેથી આ ૧૫૭મો અધ્યાય તે એ નવા દાખલ થયલા અધ્યાયમાનો એક હોય, એ બનવા જેવુ છે આ રૂક્મિપ્રત્યાખ્યાનપર્વાધ્યાય જોડે મહાભારતને કાઈ સબધ નથી રૂક્મિ લશ્કર લઇને આવ્યો અને તેને અર્જુને હાકી કાઢયો, પછી તેને દુર્યોધને પણ હાકી કાઢયો અને પછી તે પાછો પોતાને ઠેકાણે ચાલ્યો ગયો, એ સિવાય મહાભારતની હકીકત જોડે તેને કાઈ બીજો સબધ નથી ઉપલા બે લક્ષણ ધ્યાનમા રાખી જો વિચાર કરીએ તો જરૂર જણાય છે કે ૧૫૭મો અધ્યાય નવો દાખલ થયલો છે, અને તેથી રૂક્મિણીહરણનુ વૃત્તાન્ત પણ મહાભારતમા પાછળથી ઉમેરાયલુ હોવુ જોઇએ એની બીજી સાબિતી એ છે કે વિષ્ણુપુરાણમા કહ્યુ છે કે મહાભારતની લઢાઈ પહેલા રૂક્મૈયો પાસાની (જુગારની) રમતથી ઉભી થયલી લઢાઇમા બળરામને હાથે માર્યો ગયો હતો રૂક્મિણીને પરણવાનુ શિશુપાળને મન હતુ એ વાત ખરી, તેને તે કન્યા મળી શકી નહિ અને કૃષ્ણ જોડે તેનુ લગ્ન થયુ, એ પણ ખરૂ, લગ્ન પછી એક લઢાઈ થયલી, "હરણ" ની વાત અસલ મહાભારતમા તો નથી જ, હરિવશ ને પુરાણમા જ છે

ભીષ્મનો તિરસ્કાર કરતી વખતે શિશુપાળે તેને કાશીના રાજાની કન્યાઓનુ હરણ કરી લાવવા માટે ગાળો દીધી છે, પરતુ કૃષ્ણનો તિરસ્કાર કરતી વખત રૂક્મિણીના હરણની કાઈ વાત તે કહેતો નથી, તેથી જણાય છે કે રૂક્મિણીનું હરણ તો થયલુ નહિ. એટલું પણ

નક્કી છે કે શિશુપાળે રૂકિમણીનો હાથ મેળવવા ભીષ્મકની પ્રાર્થના કરેલી, અને ભીષ્મકે તેને કૃષ્ણને આપી દીધેલી, તેથી તેના છોકરા રૂકમૈયાએ શિશુપાળનો પક્ષ લઈ લઢાઈ મચાવેલી રૂકમૈયો બહુ કજીઆળો હતો. અનિરૂદ્ધના લગ્નસમયે દ્યૂત રમતા બળરામની જોડે કજીઓ કરી, અંતે તેમા પોતાને હાથે જ તેણે પ્રાણ ખોયલો

પ્રકરણ ૫મું

નરકવધ-વગેરે

એવી કથા ચાલે છે કે નરકાસુર નામનો પૃથ્વીને એક છોકરો હતો, તેની રાજધાની પ્રાગ્જ્યોતિષ નગરમા હતી તે એટલો તો ખરાબ ને અસભ્ય હતો કે ઇન્દ્રને પોતાને દ્વારકા આવી તેની સામે કૃષ્ણને ફરીયાદ કરવી પડી હતી. બીજા એના કેટલાક દુષ્કર્મોમા એક એ પણ હતુ કે ઇન્દ્ર, વિષ્ણુ વગેરેની માતા દિતિના કુડળ નરક ચોરી ગયો હતો કૃષ્ણે ઇન્દ્રને વચન આપ્યા પ્રમાણે પ્રાગ્જ્યોતિષ જઈ નરકનો વધ કર્યો અને તેની સોળ હજાર કન્યા હતી, તે બધીને લઈ આવી તેની જોડે લગ્ન કર્યું, અને તેની માતા પૃથ્વીએ દિતિના કુડળ લઈ આવી તે કૃષ્ણને આપ્યા, અને કહી ગઈ કે જ્યારે કૃષ્ણે વરાહનો અવતાર લીધો હતો, ત્યારે પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે વરાહે જે પૃથ્વીનો સ્પર્શ કરેલો, તે સ્પર્શથી તે ગર્ભવતી થયલી અને તેને નરક નામનો પુત્ર પ્રસવેલો.

આ બધી વાત તદ્દન જ અસ્વાભાવિક ને ગલત છે. વિષ્ણુએ કદિ પણ વરાહનો અવતાર લીધેલો જ નહિ. વેદમા છે કે પ્રજાપતિએ પૃથ્વીનો ઉદ્ધાર કરવા વરાહનુ રૂપ ધારણ કરેલુ, કૃષ્ણના સમયમા પ્રાગ્જ્યોતિષનો રાજા નરક ન હતો, ભગદત્ત હતો, અને તે કુરૂક્ષેત્રના યુદ્ધમા અર્જુનને હાથે મરાયો હતો મતલબ કે ઇન્દ્રનુ દ્વારકા જવુ, પૃથ્વીનુ ગર્ભવતી થવુ અને એક જ બાપની સોળ હજાર કન્યા, વગેરે

બાબતો માત્ર ગપાટા છે. કૃષ્ણની સોળ હજાર રાણીઓ વગેરે પણ માત્ર આવી જ ગપ છે

વિષ્ણુપુરાણમા કહ્યા પ્રમાણે આ નરકાસુરના વધમાથી જ પારિજાતના ફૂલના હરણવાળુ પ્રકરણ ઉભુ થયલુ. દિતિના કુડળ લઈ સત્યભામાની જોડે કૃષ્ણ તે કુડળ પાછા આપવા ઈન્દ્રની સભામા ગયા, ત્યા સત્યભામાને પારિજાત લેવાનુ મન થઈ આવ્યુ અને તેથી કૃષ્ણને ઈન્દ્ર જોડે લઢાઈ થઈ, અને તેમા ઈન્દ્ર હાર્યો હરિવશમા એ વાત જરા જૂદી રીતે વર્ણવી છે, પરતુ વિષ્ણુપુરાણ હરિવશથી પહેલુ લખાયલુ છે, માટે એ પુરાણમા કહેલી હકીકતનો જ વિચાર કરીએ પરતુ એ બને ગ્રંથમાની હકીકત બહુ વિચિત્ર અને અસ્વાભાવિક છે. ઈન્દ્ર, ઈન્દ્રાલય અને પારિજાતના ફૂલનુ અસ્તિત્વ જ માની શકાય એવુ નથી, તો પછી તે ફૂલના હરણનુ વૃત્તાન્ત તો મનાય જ કેમ?

તેવુ જ વૃત્તાન્ત બાણાસુરવધનુ છે. માટે તે પણ આપણે છોડી દઈએ છીએ. ત્યાર પછી પૌંડ્ર વાસુદેવવધ અને કાશીને બાળી નાખવાની હકીકત લઈએ. એમા કાઇક ઈતિહાસ જણાય છે પૌંડ્રના રાજ્યની હકીકત ઐતિહાસિક છે, અને પૌંડ્ર કોમની હકીકત ઐતિહાસિક તેમ જ અનૈતિહાસિક વખતની છતા દેશી અને પરદેશી ગ્રથોમાથી મળી આવે છે રામાયણ ઉપરથી તે લોકો દક્ષિણમા વસતા હોય એમ જણાય છે, પરતુ મહાભારતના સમયમાં તો તેઓ બગાળાના પશ્ચિમ ભાગમા રહેતા જણાય છે. કુરુક્ષેત્રના યુદ્ધમા તેઓ હાજર હતા મહાભારતમા તેઓને અનાર્ય, જગલી જાતમા ગણ્યા છે દશકુમારચરિત્રમા પણ તેઓની હકીકત છે, અને વળી ચીન દેશનો એક જતિ મુસાફર તેઓને બગાળામા રહેતા જોઈ ગયલો, કારણ તેણે તેઓની રાજધાની પૌંડ્રવર્ધન પણ જોયલી કૃષ્ણના વખતમા તેઓનો જે રાજા હતો તેનુ નામ વાસુદેવ વાસુદેવ શબ્દના એક કરતા વધારે અર્થ થાય છે. વસુદેવનો પુત્ર તે પણ વાસુદેવ કહેવાય છે, અને જે સર્વનિવાસ એટલે કે જેનુ સ્થાન દરેક ચીજમા હોય તે પણ વાસુદેવ કહેવાય છે—

वसुः सर्वनिवासश्च विश्वानि यस्य लोमसु।
स च देवः परं ब्रह्म वासुदेव इति स्मृतः॥

તેથી જે ખરેખરો ઇશ્વરનો અવતાર હોય તે જ એ નામનો અધિકારી કહેવાય. આ પૌંડૂ વાસુદેવે એવી વાત ચલાવી કે દ્વારકાવાળો વાસુદેવ તે માત્ર ખોટો નામનો જ વાસુદેવ છે. ખરો વાસુદેવ–ઇશ્વરાવતાર તો હું છુ તેણે કૃષ્ણને કહેણ મોકલ્યુ કે તું મારી પાસે આવી, શખ, ચક્ર, ગદા, વગેરે સઘળુ ધારણ કરવાનો મારો અધિકાર છે, માટે તે મને આપી જા કૃષ્ણે "**तथास्तु**" કહી, પૌંડૂ દેશમા જઈ, ચક્ર વગેરે અસ્રો પૌંડૂકના પર ફેકી તેનો વધ કર્યો. કાશીના રાજાએ પૌંડૂકનો પક્ષ લીધો હતો, તેથી તેના વધ પછી પોતે કૃષ્ણ જોડે દુશ્મનાઈ કરી, તેમની જોડે યુદ્ધમા ઉતર્યો. કૃષ્ણે કાશી ઉપર હુમલો કરી, તેને મારી નાખી, કાશીને આગ લગાડી.

હવે અહિ જો કે શત્રુને મારી નાખવામા કઈ અધમ થયો કહેવાય નહિ, પરતુ કાશીને જે આગ લગાડી તે ધર્માનુસાર કહેવાય નહિ પરમ ધર્માત્મા કૃષ્ણને હાથે એ કામ કેમ થયુ હશે તેનો વિશ્વાસ કરવા લાયક ખુલાસો કોઈ જગ્યાએથી મળી શકતો નથી. વિષ્ણુપુરાણમા છે કે કાશીના રાજાનો કૃષ્ણને હાથે વધ થયા પછી તેના પુત્રે મહાદેવની તપસ્યા કરી, એવુ વરદાન માગ્યુ હતુ કે કૃષ્ણને મારી નાખવા "કૃત્યાને ઉત્પન્ન કરો." બીજાને હેરાન કરવા અથવા મારી નાખવા માટે જે મત્ર ભણાય છે તેનુ નામ "કૃત્ય" મતલબ કે એવા મત્ર ભણ્યાથી યજ્ઞમાથી શરીરવિશિષ્ટ અમોઘ કોઈ શક્તિ ઉત્પન્ન થઈ શત્રુનો વધ કરે, તે કૃત્યા કહેવાય. મહાદેવે માગ્યા પ્રમાણે વર આપ્યો. કૃત્યા ઉત્પન્ન થઈ, મોટુ ભીષણ શરીર ધારણ કરી, કૃષ્ણનો વધ કરવા દોડી કૃષ્ણે સુદર્શન ચક્રને આજ્ઞા કરી કે આ દેવી કૃત્યાનો સહાર તારે કરવો. એ ચક્રના જોર આગળ માહેશ્વરી કૃત્યાના પ્રભાવનો નાશ થતા તેણે પલાયન કરવા માડયુ ચક્ર તેની પાછળ દોડયુ, કૃત્યા કાશીમા પેશી ગઈ, તેથી ચક્રમાથી નીકળેલા અગ્નિએ કાશીને બાળી મૂક્યુ. આ ગેરકુદરતી અને વિશ્વાસ ન રાખવા જેવી હકીકત છે. હરિવંશમાં પૌંડૂકના વધની વાત છે, પણ કાશી બાળી મૂકવાની વાત નથી. પરતુ તે વિષે મહાભારતમા કાંઇક અણસારો છે, માટે કાશીની આગ

એ ખોટી વાત તો નહિ હોય, પરતુ કૃષ્ણને તેવુ શા માટે કરવુ પડયુ તેનો ખુલાસો મળતો નથી

આ સિવાય ઉદ્યોગપર્વના ૪૭મા અધ્યાયમા અર્જુનને મોઢે કૃષ્ણને હાથે થયલા ગાંધારજય, પાણ્ડ્યજય, કલિંગજય, શાલ્વજય, અને એકલવ્યના સહારની કથા કહેવાયલી છે આમાથી શાલ્વજયનું વૃત્તાન્ત વનપર્વમા છે તે સિવાય બીજા પ્રસંગોની હકીકત કોઈ ગ્રથમાથી મળી આવતી નથી, તેથી વખતે હરિવંશ અને પુરાણના રચાયા પહેલા જ એ સઘળા યુદ્ધની દતકથાનો લોપ થઈ ગયો હશે આ ઉપરાત પણ હરિવંશમા તથા ભાગવતમા ઘણી નવી વાતો છે, પરતુ મહાભારત તથા વિષ્ણુપુરાણમા તે ન હોવાથી, તેના સબધે અત્રે કાઈ કહેવુ જરૂરનુ નથી

પ્રકરણ ૬ઠ્ઠું

દ્વારકાવાસ—સ્યમન્તક મણિ

દ્વારકાના રાજા કૃષ્ણ ન હતા આસપાસની હકીકત જોતા યૂરોપમા જેને Oligarchy એટલે કે ચૂટી કાઢેલા કેટલાક મુખ્ય મુખ્ય માણસો વડે ચાલતુ રાજ કહે છે, તેવુ રાજ દ્વારકાના યાદવોમા ચાલતુ હતુ, એટલે કે તેમની સમાજનો ગમે તે કોઈ એક ઉપરિ–મુખ્ય માણસ હતો ખરો, પરતુ પરસ્પર સૌ સરખા જ હતા, કોઈ કોઇથી ચઢીઆતુ ન હતુ પોતાનામા જે ઉમ્મરે મોટા હોય તેને તેઓ પોતાનો વડો કહેતા હતા, અને તેથી ઉગ્રસેનને રાજાનુ નામ આપેલુ, પણ એવી રીતે જે વડપણ ભોગવતો, તેને ખરેખર જોતા બહુ કામ કરવાનુ હોતુ નહિ. જે પોતાની બુદ્ધિના જોરે મોટો હોય તે જ નેતૃત્વ–ઉપરિપણુ–ભોગવતો, બળ અને બુદ્ધિ બન્ને વડે યાદવોમા કૃષ્ણ સૌથી શ્રેષ્ઠ હતા, અને તેથી જ તે તેમના ઉપરિ જેવા હતા તેમનો મોટો ભાઈ બળરામ, કૃતવર્મા વગેરે ઉમ્મરમા મોટા યાદવો પણ તેમને તાબે રહેતા કૃષ્ણ પણ હમેશા તેમનુ ભલુ થાય તેમ વર્તતા કૃષ્ણ વડે જ તેમનુ રક્ષણ

થતુ અને કૃષ્ણે ઘણા રાજ્યો જિતેલા તેમા પણ પોતાની કોમના માણસોને ભાગ આપ્યા વગર તે પોતાનુ ઐશ્વર્ય—મોટાઈ કદિ ભોગવતા નહિ. તે બધાના ઉપર સમાન પ્રીતિ રાખતા. જ્ઞાતિબંધુ વગેરે જોડે આદર્શ પુરૂષે જેવો વ્યવહાર રાખવો જોઇએ તેવો તે રાખતા, પરતુ ન્યાતના લોકોની વૃત્તિ તો હમેશા એક જ સરખી, તેવી ને તેવી જ હોય છે તેમની બળબુદ્ધિને લીધે તેમના ન્યાતીલા તેમને તાબે રહેતા ખરા, પરતુ તેથી કાંઈ તેમની અદેખાઈ થોડી કરતા નહતા. એ વિષે કૃષ્ણે પોતે જે નારદને કહેલુ તે નારદને મોઢે સાભળી યુધિષ્ઠિર પાસે ભીષ્મે કહી સભળાવેલુ. એ વાત ખરી હોય કે ખોટી હોય, તોપણ લોકોની જાણ માટે, તેમના શિક્ષણ માટે શાન્તિપર્વમાથી તેનો ઉતારો અત્રે કરી લેવા યોગ્ય ધાર્યો છે·

“ મારા જ્ઞાતિબંધુઓને મારા ઐશ્વર્યનો અર્ધો ભાગ આપ્યા છતા પણ તેમના કડવા વેણ સાભળી તેમના દાસ તરીકે મારે વર્તવુ પડે છે અગ્નિ પાડનાર માણસ જેમ આખો વખત અરણીના લાકડાંને ઘસ્યા કરે છે તેમ જ્ઞાતિવર્ગના દુર્વાક્ય મારૂ મન હમેશા બાળ્યા કરે છે. બળને માટે બળદેવ, સુકુમારતા માટે ગદ અને મારો પુત્ર પ્રદ્યુમ્ન સૌન્દર્યને માટે અદ્વિતીય ગણાય છે તેમ જ અંધક અને વૃષ્ણિવશવાળાઓ પણ ઘણા બળવાન, ઉત્સાહવાળા અને ખતીલા ગણાય છે તેઓ જેને મદદ ન કરે તેનો નાશ થાય છે, અને જેને મદદ કરે તેને અનાયાસે અસાધારણ મોટાઈ મળે છે. આવા સઘળા માણસો મારી તરફેણમા છે, છતા જાણે હુ એકલવાયો હોઉં તેમ વખત કાઢુ છુ આહુક અને અક્રૂર બન્ને મારા પરમ મિત્રો છે, છતાં જો એ બેમાથી એકના ઉપર હુ વધારે હેત દેખાડુ તો બીજો ગુસ્સે થાય છે. તેથી કોઈના ઉપર હેત બતાવાતું નથી, તેમ તેમના ઉપર હેત હોવાને લીધે એકદમ તેમને છોડી દેવાતા પણ નથી. છતા મે એટલુ નક્કી કરી રાખ્યુ છે કે આહુક અને અક્રૂર જેના પક્ષમાં હોય તેના દુઃખની પરિસીમા રહેલી જાણવી નહિ, તેમ જ જેમના પક્ષમાં તેઓ ન હોય તેમના કરતા પણ વધારે દુઃખી કોઈને સમજવા નહિ. તે ગમે તેમ હોય છતા હાલ તો જુગાર રમનાર બે ભાઈઓની માતાની માફક હુ બન્નેનો જય ઇચ્છુ છુ. હે નારદ ! એ બને મિત્રોને તાબેદાર કરવા માટે હું આવું કષ્ટ વેઠુ છુ. ”

આના ઉદાહરણ તરીકે સ્યમન્તક મણિનુ વૃત્તાન્ત લઈએ. એ વૃત્તાન્તમા અસ્વાભાવિકતા ઘણી છે, તેમ જ તે અસ્વાભાવિક ભાગ બાદ કરતા જે રહે તેમા પણ સચ્ચાઈ કેટલી છે, તે કહી શકાતુ નથી.

સત્રાજિત્ નામનો એક યાદવ દ્વારકામા રહેતો હતો, તેના હાથમા સૌ જેને મેળવવા ચાહે એવો એક ચળકતો મણિ કોઈ જગ્યાએથી આવેલો હતો. તે મણિનું નામ સ્યમન્તક હતુ. કૃષ્ણને તે જોઈ એમ લાગ્યુ કે એ તો યાદવોના અધિપતિ ઉગ્રસેન પાસે રહેવા લાયક છે. પરતુ ન્યાતમા વિરોધ પ્રેસે એવી બ્હીકથી તેમણે સત્રાજિત્ પાસે તે માગેલો નહિ. આણી તરફથી સત્રાજિત્‌ને ભય લાગ્યો કે કૃષ્ણને એ મણિ જોઈએ છે, તેથી કૃષ્ણ માગશે તો પોતાનાથી રખાશે નહિ એમ ધારી તેણે તે પોતાની પાસે ન રાખતા પોતાના ભાઈ પ્રસેનને આપી દીધો તે પ્હેરી પ્રસેન એક દહાડો શિકાર રમવા નીકળ્યો, ત્યા એક સિંહે તેને મારી નાખ્યો ને મણિ પોતાના મોઢામા લઈને ચાલતો થયો જાબુ-વાને તે સિંહને મારી નાખી તે મણિ લઈ લીધો. જાબુવાન રીંછ હતો, અને દ્વાપરયુગમા રામની વાનરસેનામા રહી તેના તરફથી લઢ્યો હતો

પ્રસેનના મોતની ખબર દ્વારકાના લોકોને થતા તેમણે એમ ધાર્યુ કે એ મણિ લેઈ લેવાની કૃષ્ણની ઇચ્છા હોવાથી તેમણે જ પ્રસેનને મારી નાખી મણિ લઈ લીધો હશે. આવો આરોપ ન ખમી શકવાથી કૃષ્ણ તે મણિની શોધમા નીકળ્યા જ્યા પ્રસેનનુ મુડદુ પડેલુ હતુ, ત્યા તેમણે સિંહના પગલા પડેલા જોયા તે તેમણે સૌને બતાવી પોતાના ઉપરનુ કલક દૂર કર્યું. પછી સિંહની પગલી કાઢતા તેમને રીંછના પગલા જડ્યાં. તે પગલે પગલે તેઓ એક ગુફામા પેઠા. ત્યા જાબુવાનના છોક-રાને રાખનારી ચાકરડીના હાથમા તેમણે તે મણિ જોયો જાંબુવાન જોડે લઢાઈ કરી તેને હરાવ્યો, પછી તેણે તે મણિ આપી દીધો અને પોતાની છોકરી જાબુવતી પણ કૃષ્ણને પરણાવી. કૃષ્ણે સ્યમન્તક પાછો સત્રાજિત્‌ને આપ્યો, કારણ તે પારકાનુ લઈ લેવા માગતા જ નહતા. પરતુ સત્રાજિત્‌ના મનમા એમ આવ્યુ કે કૃષ્ણે જે કૃત્ય ન કરેલુ તેનો દોષ મે તેમને માથે મૂકી તેમને ખોટુ લગાડ્યુ છે, તેથી તેમની સાત્વના કરવા માટે પોતે પોતાની છોકરી સત્યભામાને તેમના વેરે આપી. એ

કન્યા બહુ રૂપવતી હોવાથી તેને માટે ઘણાઓના માગા થતા હતા, તેમા ત્રણ યાદવો મુખ્ય હતા શતધન્વા, મહાવીર કૃતવર્મા, અને કૃષ્ણનો પરમ ભક્ત ને મિત્ર અક્રૂર. સત્યભામા કૃષ્ણની વેરે ગઈ તેથી તેઓ પોતાનુ અપમાન થયુ સમજ્યા અને સત્રાજિત્‌ને મારી નાખવા કાવત્રુ રચ્યુ. અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને સમજાવ્યો કે તું સત્રાજિત્‌નો વધ કરી તેનો મણિ ચોરી લે. કૃષ્ણ જો તને કાંઈ હરકત કરશે તો અમે તને મદદ કરીશુ. શતધન્વાએ તે કબૂલ કર્યું અને કૃષ્ણ વારણાગત ગયા હતા તે લાગ જોઈ સત્રાજિત્‌ને ઉંઘતો મારી નાખી મણિ લઈ લીધો

બાપના મોતથી શોકાતુર થયલી સત્યભામાએ કૃષ્ણની પાસે રાવ ખાધી. કૃષ્ણે દ્વારકા પાછા આવી, બળરામની મદદ લઈ, શતધન્વાને મારી નાખવા કોશેશ કરવા માડી. તે સાભળી તેણે કૃતવર્મા ને અક્રૂરની મદદ માગી, પણ તેઓએ એ બે ભાઈઓ જોડે દુશ્મનાઈ કરવાની ના કહી. તેથી નછૂટકે અક્રૂરને મણિ આપી ઉતાવળી ચાલતી ઘોડી ઉપર બેસી શતધન્વા દ્વારકાથી નાસી ગયો કૃષ્ણ બળરામ રથમા બેસી તેની પાછળ લાગ્યા, પણ ઘોડીને પકડી પાડી શક્યા નહિ. આણી તરફ શતધન્વાની ઘોડી પણ બહુ થાકી જવાથી મરી ગઈ, તેથી તે પગે નાસવા લાગ્યો હમેશા ન્યાય પ્રમાણે ચાલનાર કૃષ્ણ તે જોઈ બળરામને રથમાં બેસાડી પોતે પણ પગે ચાલતા તેની પાછળ લાગ્યા ને બેએક ગાઉ ઉપર તેને પકડી પાડી તેનુ માથુ કાપી નાખ્યુ, પણ તેની પાસેથી મણિ મળ્યો નહિ બળરામને આવી તેમણે તે વાત કહી, પણ તે તેણે માની નહિ, અને તેને એવો શક ગયો કે મણિમાથી ભાગ આપવો પડે એવા વિચારથી કૃષ્ણ જૂઠું બોલે છે. બળરામે કહ્યુ, "ધિક્ છે તને, તુ પણ આવો લોભી થઈ ગયો છે! જા, આ રહ્યો રસ્તો દ્વારકાનો. જા, તારે જવુ હોય તો, હુ તો એ શહેરમા હવે કદિ પગ મૂકીશ નહિ." એમ કહી, વિદેહ નગરમા જઈ પોતે ત્રણ વર્ષ ત્યા રહ્યો આણી તરફ અક્રૂર પણ દ્વારકા છોડીને જતો રહ્યો, પણ પાછળથી યાદવો અભયવચન આપી તેને પાછો લઈ આવ્યા. પછી એક દહાડો કૃષ્ણે બધા યાદવોને ભેગા કરી, તેમની વચ્ચે અક્રૂરને કહ્યુ કે સ્યમન્તક મણિ તારી પાસે છે તેની મને ખબર છે. એ મણિ ભલે તારી પાસે રહે, પરંતુ એક વખત

બધા યાદવોને તે બતાવ. અક્રૂરે વિચાર કર્યો કે જો હુ નામુક્કર જઈશ તો એ તેમ શોધસાધ કરી મારી પાસે એ મણિ છે એવુ કૃષ્ણ સાબિત કરશે, માટે તેણે ના ન કહેતા મણિ બહાર કાઢી બતાવ્યો તે જોઈ સતભામા તથા બળરામને તે લઈ લેવાનુ બહુ મન થયુ, પરતુ સત્ય-પ્રતિજ્ઞાવાળા કૃષ્ણે તે તેમને પણ લેવા દીધો નહિ અને પોતે પણ લીધો નહિ. અક્રૂરને જ પાછો આપ્યો (આ પ્રમાણે વિષ્ણુપુરાણમા છે. હરિવશ કહે છે કે કૃષ્ણે પોતે જ મણિ રાખ્યો)

આ હકીકતપરથી પણ કૃષ્ણનુ ન્યાયીપણુ, નિસ્વાર્થતા, સત્યપ્રતિજ્ઞત્વ અને કામ કરવાની કુશલતા જણાઈ આવે છે. પરતુ એ વાત માત્ર વાર્તા જ છે, સાચી વાત નથી એમ લાગે છે

પ્રકરણ ૭મુ

કૃષ્ણની ઘણી સ્ત્રીઓ

આ મણિની વાતમાથી કૃષ્ણની એક કરતા વધારે સ્ત્રીઓની વાત એની મેળે જ નીકળી આવે છે રૂક્મિણી જોડે તો તેમણે પહેલા લગ્ન કર્યું જ હતુ, પછી સ્યમન્તક મણિને લીધે બીજી બે સ્ત્રી, જાબુવતી અને સત્યભામા જોડે પણ તે લગ્નની ગાઠથી જોડાયા. વિષ્ણુપુરાણની આ હકીકત છે. હરિવશ એના કરતા એક પગથીયુ ઉપર છે મતલબ, તે કહે છે કે કૃષ્ણને બે નહિ, ચાર સ્ત્રીઓ મળી સત્રાજિત્‌ને ત્રણ છોકરી હતી—સત્યભામા, પ્રસ્વાપિની તથા વ્રતિની, અને તે ત્રણ તેણે કૃષ્ણને આપી દીધેલી પરતુ જ્યા છેવટનો સરવાળો સોળ હજાર ઉપર જાય છે, ત્યા બે કે ચારનો ક્યા વિચાર કરવો? વિષ્ણુપુરાણમા જ છે કે— भगवतोऽप्यत्र मर्त्यलोकेऽवतीर्णस्य षोडशसहस्राण्येकोत्तरशतानि स्त्रीणा-मभवन् ॥ કૃષ્ણને સોળ હજાર એક સો ને એક સ્ત્રી હતી. પરતુ એ જ પુરાણના પાચમા અશમા મુખ્ય સ્ત્રીનુ નામ દઈ પુરાણકાર કહે છે કે રૂક્મિણિ સિવાય પણ अन्याश्च भार्याः कृष्णस्य बभूवुः सप्त शोभनाः પછી વળી षोडशासन् सहस्राणि स्त्रीणामन्यानि चक्रिणः ને જો તેમ

હોય તો રહી સોળ હજાર ને સાત એમાની સોળ હજાર તો નરકાસુરની કન્યા હતી પણ તે વાત તો આપણે ટાઢપોહોરની ગપ ગણી કાઢી નાખી છે

એ ગપ કેવી જબરી છે તે આપણે જરા જોઈએ વિષ્ણુપુરાણના ચોથા અશના ૫૬રમા અધ્યાયમા છે કે એ બધી સ્ત્રીઓને પેટે કૃષ્ણને એક લાખ ને એશી હજાર છોકરા થયા હતા વળી એ જ પુરાણમા છે કે કૃષ્ણ ૧૨૫ વર્ષ આ દુનિયામા રહ્યા હતા, તેથી હિસાબ કરતા કૃષ્ણને દરેક વરસે ૧૪૪૦ છોકરા થયા હોવા જોઈએ, એટલે કે દરરોજ ચાર છોકરા જન્મતા હોવા જોઈએ, તેથી એમ ધારીએ તો ચાલી શકે કે માત્ર કૃષ્ણની મરજી થતા જ કૃષ્ણની રાણીઓને પુત્ર જન્મતા હશે.

એ વાત જવા દઈએ તો પણ કૃષ્ણની બીજી આઠ મુખ્ય રાણીઓની હકીકત બાકી રહે છે, તેમા એક રૂક્મિણી, બાકી બીજી સાત રહી પરતુ એ જ વિષ્ણુપુરાણના પાચમા અશના ૨૮મા અધ્યાયમા નામ આપ્યા છે આઠ જણના—

कालिन्दी मित्रविन्दा च सत्या नाग्नजिती तथा ।
देवी जाम्बवती चापि रोहिणी कामरूपिणी ॥
मद्रराजसुता चान्या सुशीला शीलमण्डना ।
सात्राजिती सत्यभामा लक्ष्मणा चारुहासिनी ॥

૧ કાલિન્દી, ૨ મિત્રવિન્દા, ૩ નગ્નજિત્‌ની પુત્રી સત્યા, ૪ જાંબુવતી, ૫ રોહિણી (એ કામરૂપિની હતી), ૬ મદ્રરાજની પુત્રી સુશીલા, ૭ સત્રાજિત્‌ની કન્યા સત્યભામા, અને ૮ લક્ષ્મણા. આમ રૂક્મિણી સાથે નવ જણીઓ થાય છે વળી ૩૨મા અધ્યાયમા બીજી જ વાત છે, તેમા કૃષ્ણના છોકરાઓના નામ ગણાવ્યા છે –

प्रद्युम्नाद्या हरे पुत्रा रुक्मिण्याः कथितास्तव ।
भानुं भैमरिकं चैव सत्यभामा व्यजायत ॥ १ ॥
दीप्तिमान् ताम्रपक्षाद्या रोहिण्यां तनया हरेः ।
बभूवुर्जाम्बवत्यां च शाम्बाद्या बहुशालिनः ॥ २ ॥

तनया भद्रविन्दाद्या नग्नजित्यां महाबलाः ।
संग्रामजित्प्रधानास्तु शैब्यायास्त्वभवन् सुता ॥ ३ ॥
वृकाद्यास्तु सुता माद्र्यां गात्रवत्प्रमुखान् सुतान् ।
अवाप लक्ष्मणा पुत्रा कालिंद्यां च श्रुतादयः ॥ ४ ॥

રૂક્મિણી સિવાય એમા નીચે પ્રમાણે ગણુત્રિ છે

૧ સત્યભામા (૭), ૩ જાંબુવતી (૪), ૫ શૈબ્યા (૧), ૭ લક્ષ્મણા (૮)
૨ રોહિણી (૫), ૪ નાગ્નજિતી (૩), ૬ માદ્રી (૬), ૮ કાલિન્દી (૧)

પરતુ ૪થા અંશના ૧૫મા અધ્યાયમા છે કે तासाञ्च रुक्मिणी सत्यभामा जाम्बवती जालहासिनी–प्रमुखा अष्टौ पत्न्यः प्रधाना' આમા બધા નામ તો નથી, પણ એક નવુ નામ જાલહાસિની મળે છે આ ગોટાળો વિષ્ણુપુરાણુમા છે હરિવંશમા એથી પણ વધારે ગોટાળો છે. હરિવંશમા છે કે—

महिषी' सप्त कल्याणीस्ततोऽन्या मधुसूदन. ।
उपयेमे महाबाहुर्गुणोपेताः कुलोद्भता ॥
कालिन्दी मित्रविन्दां च सत्यां नाग्नजितीं तथा ।
सुतां जाम्बवतश्चापि रोहिणीं कामरूपिणीम् ॥
मद्रराजसुतां चापि सुशीलां भद्रलोचनाम् ।
सात्राजितीं सत्यभामां लक्ष्मणां जालहासिनीम् ।
शैब्यस्य च सुतां तन्वीं रूपेणाप्सरसां समां ॥

१५ अध्याय' ६७ श्लोक ॥

આ ઉપરથી જણાય છે કે લક્ષ્મણા ને જાલહાસિની એક જ છે, અને તેમ ગણતા સખ્યા નીચે પ્રમાણે આવે છે—

૧ કાલિન્દી ૨ મિત્રવિંદા ૩ સત્યા ૪ જાંબુવતી ૫ રોહિણી. ૬ માદ્રી સુશીલા ૭ સત્રાજિત્‌કન્યા સત્યભામા ૮ જાલહાસિની લક્ષ્મણા અને ૯ શૈબ્યા

મતબલ કે રૂક્મિણી ઉપરાત નવ જણીઓ થઈ અધ્યાય ૧૧૮ પ્રમાણે એ યાદી મળે છે. હવે વળી ૧૬૨મા અધ્યાયમા જુદુ જ છે –

अष्टौ महिष्यः पुत्रिण्य इति प्राधान्यतः स्मृताः ।
सर्वाधारप्रजाश्चैव तास्वपत्यानि चे शृणु ॥
रुक्मिणी सत्यभामा च देवी नाग्नजिती यथा ।
सुदत्ता च तथा शैब्या लक्ष्मणा जालहासिनी ॥
मित्रविन्दा च कालिन्दी जाम्बवत्यथ पौरवी ।
सुभीमा च तथा माद्री * * * *

૧ સત્યભામા ૨ નાગ્નજિતી ૩ સુદત્તા ૪ શૈબ્યા ૫ લક્ષ્મણા જાલહાસિની ૬ મિત્રવિંદા ૭ કાલિન્દી ૮ જાંબુવતી ૯ પૌરવી. ૧૦ સુભીમા અને ૧૧ માદ્રી

હરિવંશકારે આઠ સ્ત્રી કહી, રૂક્મિણી ગણતા બારના નામ આપ્યા છે, પણ તેટલેથી પણ સંતોષ ન પામતા તેમાની દરેકના સંતાનના નામ આપતા વળી સંખ્યામા વધારો કરતો ગયો છે ૧૨ સુદેવા, ૧૩ ઉપાસંગા, ૧૪ કૌશિકી, ૧૫ સુતસોમા, ૧૬ યૌધિષ્ઠિરી આ સિવાય આગળ સત્રાજિત્‌ની બીજી બે કન્યા વ્રતિની અને પ્રસ્વાપિનીની હકીકત કહી છે

પરંતુ વળી મહાભારતમા એ ઉપરાંત બીજા બે નવા નામ છે ગાન્ધારી અને હૈમવતી (મૌસલ પર્વ ૭મો અધ્યાય*). મહાભારતના નામ આ પ્રમાણે છે–

૧ રૂક્મિણી ૨ સત્યભામા ૩ ગાંધારી ૪ શૈબ્યા ૫ હૈમવતી ૬ જાંબુવતી. એ સિવાય બીજા નામ નથી પરંતુ "એ સિવાય બીજીઓ" "अन्या" એવો શબ્દ છે હવે વિષ્ણુપુરાણના ૨૮મા અધ્યાયમા ૧-૨-૩ ના નામ છે તે છોડી દેતા બીજા વધારાના નામ આ પ્રમાણે છે

૭ કાલિન્દી. ૮ મિત્રવિંદા ૯ સત્યા નાગ્નજિતી. ૧૦ રોહિણી માદ્રી. ૧૨ લક્ષ્મણા જાલહાસિની. એ જ પુરાણના ૩૨મા અધ્યાયમા એ બધીએ સિવાય શૈબ્યાનું નામ છે તે આપણે ઉપર ગણાવી ગયા

* रुक्मिणी त्वथ गान्धारी शैब्या हैमवतीत्यपि ।
देवी जाम्बवती चैव विविशुर्जातवेदसम् ॥ मौसलपर्व, ७ अ.

છીએ હવે હરિવંશના ૧૧૮મા અધ્યાયમા જે નામ આપ્યા છે, તેમાં ઉપર ગણાવેલા સિવાય એકે નવુ નામ નથી. પરતુ ૧૬૨મામાં નવાં નામ છે ૧૩ સુદત્તા ૧૪ પૌરવી ૧૫ સુભીમા એ જ અધ્યાયમા સન્તાનની ગણુત્રિ કરતા તેમની માના નામ નીચે પ્રમાણે છે ૧૬ સુદેવા ૧૭ ઉપાસગા ૧૮ કૌશિકી. ૧૯ સુતસોમા ૨૦ યૌધિષ્ઠિરી અને એ સિવાય સત્યભામાના લગ્નવખતે મળેલી બીજી બે–૨૧ પ્રતિની ને ૨૨ પ્રસ્વાપિનીના નામ ઉમેરતા બાવીસ સ્ત્રીઓના પતિ કૃષ્ણ થાય છે

આઠને બદલે બાવીસના નામ મળ્યા એ પણ વાર્તાકારોના હાથની ખૂબી છે આમા ૧૩ થી ૨૨ નામ તો હરિવંશમા જ છે, તેથી એ ૧૦ નામ છોડી દેતા કાંઈ હરકત નથી, હવે રહ્યા બાર ગાંધારી ને હૈમવતીના નામ મૌસલપર્વ સિવાય બીજે ક્યાંઈ છે નહિ એ પર્વ મહાભારતમા પાછળથી દાખલ થયલુ છે, તે આગળ જતા જણાશે, તેથી એ બે નામ પણ બાદ કરવાના, તેથી બાકી રહે છે દશ નામ

વિષ્ણુપુરાણુના ૨૮મા અધ્યાયમા જાબુવતી નામ નીચે પ્રમાણે આપ્યુ છે

देवी जाम्बवती चापी रोहिणी कामरूपिणी ॥

હરિવંશમા એવુ છે કે —

सुता जाम्बवतश्चापि रोहिणी कामरूपिणी ॥

આનો અર્થ કરતા જાબુવાનની છોકરી જ રોહિણી એમ બધ-બેસતુ આવે છે, અને તેથી જાબુવતી ને રોહિણી તે એક જ ગણાય હવે રહી નવ

સત્યભામા ને સત્યા તે એક જ તેની સાબિતી નીચે મુજબ છે —

સત્રાજિતુના મરાયાની ખબર સાભળી કૃષ્ણે શુ કર્યું તે કહેતા ગ્રથકાર કહે છે કે —

"कृष्णः सत्यभामाममर्षताम्रलोचन प्राह, सत्ये, ममैषावहासना"

"ગુસ્સાથી આખ રાતી કરી કૃષ્ણે સત્યભામાને કહ્યુ કે 'સત્યે, આ તો મારી હાસી થઈ છે" વળી, આગળ ચાલતા પાચમા અંશના ૩૦મા અધ્યાયમા પારિજાતના હરણુ સબધે કૃષ્ણ સત્યભામાને કહે છે કે —

सत्ये ! यथा त्वमित्युक्तं त्वया कृष्णासकृत् प्रियम् ।

આ સિવાય પણ એની બીજી ઘણી સાબિતીઓ છે.

આ કારણને લીધે હવે માત્ર આઠ જ જણીઓ બાકી રહે છે ૧ રૂક્મિણી ૨ સત્યભામા ૩ જાંબુવતી ૪ શૈબ્યા ૫ કાલિન્દી ૬ મિત્રવિંદા ૭ માદ્રી અને ૮ જાલહાસિની લક્ષ્મણા આમાની પાચ જણીઓ શૈબ્યા, કાલિન્દી, મિત્રવિંદા, લક્ષ્મણા અને માદ્રી સુશીલાના **નામ** માત્ર જોવામા આવે છે, તે સિવાય બીજુ કાઈ–તેમના **કામ** જોવામા આવતા નથી, એમની જોડે ક્યારે અથવા શા માટે લગ્ન થયા તે કાઈ કોઈ કહેતું નથી કૃષ્ણની જીદગી જોડે તેમને કાઈ પણ સબધ હોય એમ લાગતું નથી તેમના પુત્રોની ગણત્રિ કૃષ્ણના પુત્રોની ગણત્રિ કરાવતી વખતે વિષ્ણુપુરાણવાળાએ કરાવી છે ખરી, પરતુ તેમના કાઈ પણ કામ જોવામા આવતા નથી તે કોની પુત્રીઓ, ક્યા રહેતી હતી, તે જણાતુ નથી માત્ર સુશીલા તે મદ્રરાજકન્યા હતી એટલું જાણીએ છીએ. કૃષ્ણના વખતમા મદ્રનો રાજા, તે નકુલ અને સહદેવનો મામો, કુરૂક્ષેત્રનો પ્રખ્યાત રથી, શલ્ય હતો. તે અને કૃષ્ણ દુશ્મનોની છાવણીમા સત્તર દિવસ સુધી રહેલા–કૃષ્ણ પાંડવોમા, અને શલ્ય કૌરવોમા, ઘણી વાર તેઓ એક બીજાને મળતા હશે, શલ્ય કૃષ્ણ સબધી અનેક વાત થતી અને કૃષ્ણ શલ્ય સબધી અનેક વાત થતી સાભળતા હશે, પણ કોઈ ઠેકાણે એવુ કહેલુ નથી કે કૃષ્ણ શલ્યના જમાઈ કે બનેવી કે એવી કોઈ રીતના સગા થતા હતા એમને સબધ માત્ર એટલો જ હતો કે શલ્યે કર્ણને કહેલુ કે “અર્જુન અને વાસુદેવને હમણા ને હમણા મારી નાખ” કૃષ્ણે યુધિષ્ઠિરને શલ્યને મારી નાખવાની ઉશ્કેરણી કરી તેના જમની જગ્યા સાચવેલી. આ ઉપરથી કૃષ્ણ તેની છોકરીને પરણ્યા હોય એ વાત ખોટી લાગે છે. તેમ જ શૈબ્યા, કાલિન્દી, મિત્રવિંદા અને લક્ષ્મણાના કુળ, દેશ વગેરેની કાઈ ખબર પડતી ન હોવાથી તે નામ માત્ર કવિના અલકાર જેવા લાગે છે.

કેવળ માદ્રીને માટે જ એવુ છે એમ નથી. જાંબુવતી, રોહિણી અને સત્યભામાનું પણ તેમ જ છે જાંબુવતી અને કાલિન્દી વગેરેમા

ફેર એટલો કે જાબુવતીના પુત્ર શાંબનુ નામ પાંચ યાદવોના નામમાં કોઈ કોઈ વખત જોવામા આવે છે. પરતુ શાંબનુ કરેલુ કામ માત્ર એક જ જાણવામા છે, તેણે લક્ષ્મણાનુ હરણ કરેલુ એ લક્ષ્મણા દુર્યોધનની પુત્રી થતી હતી. હવે જેમ મહાભારતમા પાંડવોનુ વૃત્તાન્ત આપેલુ છે, તેમ કૌરવોનુ પણ આપેલુ છે લક્ષ્મણાના હરણની હકીકત સાચી હોત તો મહાભારતમાથી તે મળી આવત, પણ તેમ નથી. જાબુવતી જાતે રીંછની છોકરી એટલે રીંછડી જ હોવી જોઇએ અને રીંછડી તે વળી કોઈ માણુસની સ્ત્રી થઈ શકે જ નહિ, તો કૃષ્ણની ક્યાથી થાય? રોહિણીને વળી કામરૂપિણી અર્થાત્ મરજી પ્રમાણે રૂપ લઈ શકનારી કહે છે, જેથી રીંછડી છતા માણુસનુ રૂપ લઈ શકતી કામરૂપિણી રીંછડીની વાત માની શકાય એમ નથી તેમ કૃષ્ણ રીંછડી સાથે પરણ્યા હોય, એ પણ ખરૂ લાગતુ નથી

સત્યભામાને છોકરો હતો એમ આપણે સાભળીએ છીએ, પણ તેનુ કોઈ કાર્ય કરેલુ જાણવામા નથી, એ જ તેને માટે સશયનુ પહેલુ કારણ છે એમ છતા રૂક્મિણીની માફક કેટલાક કામમા સત્યભામાનો હાથ કોઈ કોઈ વખત દેખાય છે એના લગ્નનો પ્રસગ તો સવિસ્તર આગળ આવી ગયો છે

હવે મહાભારતના વનપર્વમા માર્કંડેય—સમસ્યા—પર્વાધ્યાયમા સત્યભામાનુ નામ જડે છે એ પર્વાધ્યાય નવો ઉમેરાયલો છે, એની સાબિતી વનપર્વનો વિચાર કરતી વખત આપણને મળશે એમા દ્રૌપદી—સત્યભામાના સવાદનુ એક નાનુ સરખુ પર્વ છે, એ પણ નવુ દાખલ થયલુ છે, કારણ મહાભારતની કથા જોડે તેને કઈ જ સબધ નથી. પોતાના ધણી જોડે સ્ત્રીએ કેમ વર્તવુ તેના ઉપર એક નિબધ જેવુ એ પર્વ છે. તેના લક્ષણ ઉપરથી પણ તે તાજુ લખાયલુ લાગે છે

પછી ઉદ્યોગપર્વમા પણ સત્યભામા દેખા દે છે—યાનસધિ પર્વાધ્યાયમા. એ પણ પાછળથી ઉમેરાયલુ છે તે આપણે આગળ જતા જોઇશુ કૃષ્ણને કુરૂક્ષેત્રના યુદ્ધમા આવવાનુ હોવાથી તે ઉપપ્લવ્ય નગરમા આવી પહોચેલા. લઢાઈ ઉપર ચઢતી વખતે પોતાની સાથે તે સત્યભામાને

લે એ સભવતુ નથી, અને કુરુક્ષેત્રના યુદ્ધ વખતે સત્યભામા તેમની જોડે નહતી એવુ મહાભારત વાચતા જ જણાય છે. કારણ યુદ્ધપર્વ અને ત્યાર પછીના પર્વમા કોઈ જગ્યાએ પણ એને સબધે કઈ કહેલુ નથી

કૃષ્ણની માનવલીલા પૂરી થયા પછીના વર્ણનમા માત્ર મૌસલ-પર્વમા સત્યભામાનુ નામ છે પરતુ એ આખુ પર્વ જ નવીન ઉમેરાયલુ છે.

ટૂકામા, મહાભારતનો જે ભાગ વગર સદેહે મૌલિક–મૂળનો કહી શકાય તેમા કોઈ જગ્યાએ સત્યભામા સબધી ઈશારો નથી, નવા ઉમે-રાયલા બધા ભાગોમા છે, એ સત્યભામા વિષે સદેહનુ બીજુ કારણ

હવે વિષ્ણુપુરાણ લઈએ તેમા સ્યમન્તક મણિના ઉપાખ્યાનમા એના લગ્નનુ વૃત્તાન્ત આવેલુ છે જેવુ કૃષ્ણનુ રીંછડી સાથેનુ લગ્ન ગપ્પુ છે, તેવુ આ પણ એક ગપ્પુ જ છે પછી એ લગ્નને લીધે અદે-ખાઈ કરી શતધન્વાએ સત્યભામાના બાપ સત્રાજિત્‌ને મારી નાખ્યો એમ કહ્યુ છે. તે વખત કૃષ્ણ દ્વારકામા ન હતા, લાક્ષાગૃહ–લાખીઓ મહેલ બળી જવાની ખબર સાભળી પાંડવોની શોધમા વારણાવત ગયા હતા ત્યા સત્યભામાએ માણસ મોકલી આ બાબતની ફરીઆદ કરી એ વાત જ ખોટી છે કારણ કૃષ્ણ કદિ વારણાવત ગયા જ નહતા, ગયા હોત તો મહાભારતમા તે વાત હોત, પરતુ તેમા નથી સત્યભામા સબધી સદેહનુ આ ત્રીજુ કારણ

પછી વિષ્ણુપુરાણમા પારિજાતનુ ફૂલ લઈ આવવાનો અહેવાલ છે, તે પણ માની શકાય તેવો નથી જે જે બનાવો તથા હકીકત એ પુરાણમા માનવા જેવી છે, તેમા એનુ નામ જડતુ નથી સદેહનુ એ ચોથુ કારણ

આદિપર્વના સભવપર્વાધ્યાયના ૬૭મા અધ્યાયનુ નામ "અશા-વતરણ" છે મહાભારતના મુખ્ય પાત્રોમાથી દેવ, દેવી, રાક્ષસ વગે-રેમાથી કોનો કોનો અશ કોના કોનામા છે, તે તેમા કહ્યુ છે તેમા છેલ્લે લખ્યુ છે કે કૃષ્ણ નારાયણનો, બળરામ શેષ નાગનો, પ્રદ્યુમ્ન સનત્‌કુમારનો, દ્રૌપદી શચીનો, કુન્તી ને માદ્રી સિદ્ધિ અને ધૃતિનો અશ હતા. કૃષ્ણની સ્ત્રીઓ માટે લખ્યુ છે કે, તેની સોળ હજાર સ્ત્રીઓ

તે અપ્સરાઓનો અંશ, અને રૂક્મિણી તે લક્ષ્મીદેવીનો અંશ હતો. એ સિવાય કૃષ્ણની બીજી કોઈ સ્ત્રીનું નામ નથી. એ સંદેહનું પાંચમું કારણ

માત્ર સત્યભામાને સંબંધે જ સંદેહ લઈ જવાના આ કારણો નથી રૂક્મિણી સિવાય કૃષ્ણની બીજી સ્ત્રીઓને પણ તે લાગુ પડે છે નરકની સોળ હજાર કન્યા બાદ કરતાં કૃષ્ણને રૂક્મિણી સિવાય બીજી સ્ત્રી હતી નહિ, એમ મહાભારતના આ ભાગ ઉપરથી જણાય છે

રીંછની છોકરીના છોકરા શાંબ વિષે કહ્યું છે તે સિવાય રૂક્મિણીને બાદ કરતાં કૃષ્ણની બીજી કોઈ સ્ત્રીના છોકરાઓના કાંઈ પણ કામકાજ જાણવામાં આવ્યાં નથી રૂક્મિણીનો વંશજ રાજપદે આવ્યો, બીજા કોઈના વંશની કાંઈ ખબર જ મળતી નથી

આ બધા કારણો પરથી જણાય છે કે કૃષ્ણને એક કરતાં વધારે સ્ત્રી હતી નહિ, તેમ છતાં જો હોય તો તેમાં હરકત જેવું કાંઈ નથી, કારણ તે વખત એવો રિવાજ ચાલતો હતો પાંચે પાંડવોને એક કરતાં વધારે સ્ત્રીઓ હતી ધર્મના આદર્શ રૂપ ભીષ્મે, પોતાના નાના ભાઈને સારૂ કાશીના રાજાની ત્રણ છોકરીઓને હરણ કરી આણી હતી એક કરતાં વધારે સ્ત્રી જોડે લગ્ન કરવું કૃષ્ણને પસંદ નહતું એવું કોઈ ઠેકાણે નથી તેમ બધી જ અવસ્થામાં પુરૂષે એક કરતાં વધારે સ્ત્રી જોડે પરણવું એ અધર્મ છે, એવું પણ કોઈ જગ્યાએથી જડતું નથી એ વાત ખરી છે કે વગર કારણે પુરૂષ જો એક કરતાં વધારે સ્ત્રી કરે તો તે અધર્મ કહેવાય, પરંતુ બધી જ અવસ્થા માટે તેમ કહી શકાય નહિ કોઈની સ્ત્રીને કોઢ નીકળ્યો હોય અથવા એવી રીતના રોગે તેનાપર હુમલો કર્યો હોય કે કોઈ રીતે પણ સંસારના ધર્મમાં તેની સહાયતા મળી શકે નહિ, ને તે માણસ બીજી સ્ત્રી કરે તો તેમાં તે પાપ કરે છે, એમ કહી શકાય નહિ. જેની સ્ત્રી ધર્મભ્રષ્ટ, કુળને કલંક લગાડનારી નીકળે તો તે કોરટની સહાયતા લીધા વગર–કોરટ મારફતે છૂટાછેડા કર્યા વગર–બીજી બાઈરી ન કરી શકે, તેની યથાર્થતા ધ્યાનમાં ઉતરી શક્તી નથી કોરટમાં જઈ નામના મેળવવાના, એટલે કે ફજેત થવાનાં ઉદાહરણ આપણે સુધરેલી કોમોના ભવાડા ઉપરથી જોઇએ છીએ. જેને પોતાની

પાછળ ઉત્તરાધિકારી મૂકી જવાની જરૂર છે, અને તેની સ્ત્રી વાઝણી હોય તો તે ફરી લગ્ન શા માટે ન કરી શકે? યૂરોપીઅનોમા એવો રિવાજ છે કે ગમે તેમ હોય તો પણ એક સિવાય બીજી સ્ત્રી થાય નહિ જો આવો ધારો યૂરોપમા ન હોત તો બોનાપાર્ટને જોસેફાઈનને છોડી દેવાનુ જે ઘોર પાપ કરવુ પડયુ તે કરવુ પડત નહિ આઠમા હેનરીને પોતાની સ્ત્રીઓની હત્યા કરવી પડી તે કરવી પડત નહિ. હજુ હમણા પણ યૂરોપના સુધારાના ઝગઝગતા તેજમા એ જ કારણને લીધે ઘણીએ પત્નીહત્યા, ઘણીએ પતિહત્યા થાય છે. આપણા હાલના કેળવાયલા લોકો તો એમ જ સમજે છે કે જે સઘળુ વિલાયતી તે સઘળુ પવિત્ર, દોષશૂન્ય અને ઉપર નીચેની, આગળ પાછળની, ચૌદ પેઢીના ઉદ્ધારનુ સાધન છે. પણ ખરી વાત તો એ છે કે જેમ આપણે વિલાયત પાસેથી શીખવાનુ છે તેમ વિલાયતના લોકોને આપણી પાસેથી પણ ઘણુ શીખવાનુ છે, અને તેમા વિવાહતત્ત્વ સબધી આ એક વાત પણ શીખવાની છે.

કૃષ્ણ એક કરતા વધારે સ્ત્રી પરણેલા કે નહિ તેનુ કાંઈ સબળ પ્રમાણ મળતુ નથી, એ આપણે જોયુ છે જો તેમણે એ પ્રમાણે કર્યું હોય તો તેમ શા માટે કર્યું હશે તેના કારણ કે ખુલાસો પણ માલમ પડી આવતા નથી. જેણે જેણે તેમને સ્યમન્તક મણિ ભેટ આપ્યો તેણે તેણે સાથે સાથે પોતપોતાની કન્યા પણ વિના મૂલ્યે ભેટ આપી, એ વાત દાદીમા છોકરાને વાર્ત્તા કહી સભળાવે તેવી છે, અને નરકાસુરની સોળ હજાર કન્યા એ તેના કરતા ચઢીઆતી ગપ છે. એ બને વાતો વાચતા ગમ્મત પડે તેવી છે, પરતુ બિલકુલ માની શકાય તેવી નથી

ખંડ ચોથો

ઇન્દ્રપ્રસ્થ

अकुण्ठ सर्वकार्येषु धर्मकार्यार्थमुद्यतम् ।
वैकुण्ठस्य च यद्रूपं तस्मै कार्यात्मने नमः ॥

शान्तिपर्वणि, ४७ अध्यायः ॥



ખંડ ચોથો

ઇન્દ્રપ્રસ્થ

પ્રકરણ ૧ લુ

દ્રૌપદીસ્વયવર

મહાભારતમા કૃષ્ણને વિષે જે લખાયલુ છે તેમાનો કેટલોક ભાગ અસત્ય અને પાછળથી ઉમેરાયલો છે તે શોધવા માટે આપણે આગળ કેટલાએક નિયમો નક્કી કર્યા છે, તે વાચનારને યાદ હશે

મહાભારતમા કૃષ્ણ પહેલવહેલા દ્રૌપદીસ્વયવર વખતે જ દેખાય છે મહાભારતના એ ભાગના અમલપણા વિષે શક લઈ જવાનુ કોઈ કારણ રહેતુ નથી, જોકે લોમન સાહેબ તો પાંચાલ દેશમા વસતી પાચ જાતોનુ એકીકરણ તે પાંચાલી, એમ કહી દ્રૌપદી નામનુ કોઈ માણસ થઈ ગયુ હોય એ વાત જ ઉડાવી દે છે યજ્ઞના અગ્નિમાથી દ્રુપદને એ કન્યા મળી, અથવા કે એના પાચ વર હતા, એ વાત તો આપણાથી પણ કબૂલ થઈ શકતી નથી, છતા દ્રુપદને પેટે એવી કન્યા થઈ હતી અથવા તેણે એ કન્યાને માટે સ્વયવર કર્યો હતો, અને તેવા સમારભમા અર્જુને લક્ષ્યવેધ કર્યો હતો, એમા અસભવિત અથવા નહિ માનવા જેવુ કશુ નથી સ્વયવર પછી તેને પાચ સ્વામી થયા કે એક, તે નક્કી કરવાની આપણે અહિ જરૂર નથી ”

---

* મહાભારતના પર્વસગ્રહાધ્યાયમા કહ્યુ છે કે અનુક્રમણિકાધ્યાયમા વ્યાસદેવે ૧૫૦ શ્લોકમા મહાભારતનુ સંક્ષિપ્ત વૃત્તાંત આપ્યુ છે. એ દૃક

કૃષ્ણ જ્યારે મહાભારતમા પહેલવહેલી દેખા દે છે ત્યારે તેમના દેવત્વ વિષે કાંઈ પણ સૂચવાયલુ જોવામા આવતુ નથી. બીજા ક્ષત્રિયોની માફક તેમને તથા બીજા યાદવોને નિમત્રણ થયલા હોવાથી તેઓ પાંચાલ ગયલા દ્રૌપદીનો હાથ મેળવવાની આકાક્ષાથી બીજા ક્ષત્રિયોએ લક્ષ્યવેધ કરવા પ્રયત્ન કરેલો, પણ કોઈ યાદવે તેમ કરેલુ નહિ

પાંડવો પણ એ સમારભમા હાજર થયલા, પરતુ વગર નોતરે, કારણ દુર્યોધન તેઓને મારી નાખવા ભમતો હતો, તેથી તેઓ વેષ બદલી વન વન રખડતા હતા, ત્યા દ્રૌપદીના સ્વયવરની વાત સાભળી છૂપે વેષે આવી પહોચેલા

બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરેના ભેગા થયલા આ સમારભમા માત્ર કૃષ્ણે જ તેમના છૂપા વેષમા પણ પાંડવોને ઓળખી કાઢેલા, પણ પોતાની કોઈ રીતની દૈવી શક્તિને લીધે તેમણે તેમ કરેલુ એવો ત્યા ઇશારો પણ નથી મનુષ્યબુદ્ધિ વડે જ તેમણે એ પારખી કાઢેલુ એવુ તેમના બોલવા ઉપરથી જ જણાઈ આવે છે તેમણે બળદેવને કહ્યુ "ભાઈ' જે આ વિસ્તીર્ણ બાણ ખેચે છે, તે જ અર્જુન હોવો જોઇએ, એમા કાઈ શક નથી અને જે પોતાના બાહુબળથી ઝાડ ઉખેડી નાખી વગર ભયે રાજસભામા દાખલ થાય છે, તે જ વૃકોદર (ભીમ) હોવો જોઇએ" વગેરે ત્યાર પછી જ્યારે તેમની સૌની મુલાકાત થઈ ત્યારે યુધિષ્ઠિરે કૃષ્ણને પૂછ્યુ કે "તમે અમને શી રીતે ઓળખી કાઢ્યા?" એટલે કૃષ્ણે કહ્યુ 'રાખોડીએ ઢાકેલો દેવતા કાંઈ છૂપો રહી શકે છે?" પાંડવોને છૂપા વેશમા ઓળખી કાઢવા બહુ મુસ્કેલ હતુ. અને તેથી કોઈ તેમને પારખી ન કાઢે તો તેમા કાંઈ અજબ જેવુ ન હતુ, છતા

હકીકતમા દ્રૌપદીના સ્વયવરની વાત છે, પરતુ પાચ પાંડવો સાથે તેનુ લગ્ન થયુ એવુ નથી માત્ર અર્જુને તેને મેળવી, એટલુ જ છે

समवाये ततो राज्ञा कन्या भर्तृस्वयवराम् ।
प्राप्तवानर्जुनः कृष्णा कृत्वा कर्म सुदुष्करम् ॥ १२५ ॥

"ત્યાર પછી (દ્રૌપદીના સ્વયવરમા એકઠા થયલા) રાજાઓની સભામા મહા કઠણ કામ પાર પાડીને અર્જુન વર પસદ કરનારી કન્યા કૃષ્ણા દ્રૌપદીને પરણ્યા "

કૃષ્ણ તેમ કરી શક્યા તે માત્ર માનુષી શક્તિ વડે જ. તે ઉપરથી એટલુ તો સિદ્ધ થાય છે કે બીજા માણસો કરતા તેમની બુદ્ધિ વધારે તીક્ષ્ણ હતી. મહાભારતમા તેમની બુદ્ધિનુ એ લક્ષણ ચોખ્ખી રીતે કોઈ જગ્યાએ કહ્યુ નથી, પરતુ તેમના સઘળા કાર્યો ઉપરથી દેખાય છે કે કૃષ્ણ મનુષ્યબુદ્ધિથી કામ કરતા ખરા, પરતુ બધા માણસોના કરતા એમની બુદ્ધિ વિશેષ તીક્ષ્ણ હતી. એ બુદ્ધિમા કોઈ જગ્યાએ છિદ્ર જોવામા આવતુ નથી જેમ બીજી બધી બાબતો તથા વૃત્તિઓમા તે આદર્શ–નમૂનાદાર –મનુષ્ય હતા તેમ બુદ્ધિમા પણ તેવા જ હતા

અર્જુને મત્સ્ય વિધ્યો ત્યારે સભામા આવેલા બીજા રાજાઓ જોડે તેને બહુ વિવાદ થયો અર્જુન ભિક્ષુક બ્રાહ્મણને વેષે હતો અને તેવો એક બ્રાહ્મણ મોટા મોટા રાજાઓના મોઢામાનો કોળીઓ કાઢી લઈ જાય તે તેઓથી સહન થઈ શકયુ નહિ તેઓ સઘળાએ તેના ઉપર હુમલો કર્યો, અને જે કાઈ થોડી ઘણી લઢાઇ થઈ તેમા અર્જુન જિત્યો એ યુદ્ધ કૃષ્ણના બોલથી બધ રહ્યુ હતુ મહાભારતમા કૃષ્ણે કરેલુ પહેલુ કામ આ જ છે એ ઝઘડાનો કૃષ્ણે અત શી રીતે આણ્યો તે આપણે જોઈએ એ કજીઓ મટાડવાના ઘણા સાધન હતા તે પોતે બહાદૂર હતા, તેમ બળદેવ, સાત્યકિ વગેરે બીજા પ્રખ્યાત લડવૈયાઓ તેમની મદદમા પણ હતા અર્જુન તેમનો સગો–ફોઈનો છોકરો થતો હતો જો તે યાદવોને લઈને જ લઢાઈના મેદાનમા બહાર પડયા હોત તો તરત કજીઆનો અત આવત, ભીમ તો બહાર પડી ચૂકયો હતો, પરતુ કૃષ્ણ આદર્શ ધાર્મિક પુરૂષ હતા જે કામ લઢાઈ કર્યા વગર થાય તેવા કામમા કોઈ દિવસ તે લઢાલઢી કરવા તત્પર થતા નહિ મહાભારતમા કોઈ ઠેકાણે એવુ નથી કે તે ધર્માર્થ સિવાયના બીજા કોઈ પણ સબબને લીધે લઢવા તૈયાર થયા હોય આત્મરક્ષા અને પારકાના રક્ષણને સારૂ યુદ્ધ કરવુ તે ધર્મ, તેવે વખતે યુદ્ધ ન કરવુ તે અધર્મ. આ સિવાય કોઈ બીજા કારણથી કૃષ્ણ યુદ્ધ કરતા જ નહિ

ધર્મની સ્થાપના તથા રક્ષણ કરવા માટે યુદ્ધ કરવા તેમને કોઈ પ્રકારનો વાધો હતો નહિ. યુદ્ધ સિવાય ધર્મની ઉન્નતિ થાય નહિ, ત્યાં પણ યુદ્ધથી આઘા રહેવુ તે જ અધર્મ કહેવાય જેઓ માત્ર વ્યાસજી

ને કથા કરનારાઓને મોઢેથી મહાભારતની કથા સાભળે છે, તેમને મન તો દરેક લઢાઇનુ મૂળ કૃષ્ણ જ લાગે છે, પરતુ તેમ ખરી રીતે નથી. મૂળ મહાભારતનો જો બુદ્ધિપૂર્વક અભ્યાસ કરીએ તો એમ માલમ પડે છે કે ધર્મ સિવાય બીજા કોઈ કારણને લીધે કૃષ્ણ પોતે યુદ્ધ કરતા નહિ અથવા બીજાને કરવા સમજાવતા નહિ

આ પ્રસગે પણ કૃષ્ણે લઢાઈની વાત તો મનમા આણી જ ન હતી લઢવાને તૈયાર થઈ ગયલા સઘળા રાજાઓને તેમણે કહ્યુ કે "હે ભૂપાલો! એણે રાજકુમારી ધર્મત—ધર્મ પ્રમાણે મેળવી છે તેથી તમે શાત પડો, લઢાઈ કરવાની કાઈ જરૂર નથી" "ધર્મત'"—ધર્મની વાત તો ત્યા સુધી કોઇના મગજમા આવી જ નહતી તે વખતના અનેક ક્ષત્રિય રાજાઓ ધર્મથી બ્હીને ચાલતા પોતાની ખુશીથી જાણી જોઈને કોઈ અધર્મ કરતુ નહિ પરતુ આ પ્રસગે ગુસ્સાથી આધળા થઈ તેઓ ધર્મની વાત ભૂલી ગયા હતા, છતા જે ખરેખરા ધર્માત્મા હતા, ધર્મવૃદ્ધિ કરવી એ જ જેમની જીદગીનો ઉદ્દેશ હતો તે આ બાબતમા ધર્મ કોની તરફ હતો તે ભૂલી જાય તેમ ન હતુ જે લોકો ધર્મ ભૂલી જાય તેમને તેનુ સ્મરણ કરાવવુ, ધર્મથી અજ્ઞાન હોય તેને ધર્મ શુ છે તે શીખવવુ, ને જ તેમનુ કામ હતુ.

રાજાઓને કૃષ્ણે ઉપલા બોલ કહ્યા, એટલે તેઓ શાત પડી ગયા, લઢાઈ મટી ગઈ અને પાંડવો પોતાને મુકામે ગયા

હવે અહિ એ જોવાનુ છે કે જો કોઈ જેવા તેવા માણસે એ મગરૂર—દમ રાજાઓને ધર્મની વાતનુ સ્મરણ કરાવ્યુ હોત તો તેઓ કદિ લઢાઈનો અત લાવત નહિ, પરતુ જેણે એ વાત કહી તે પોતે મહા બળવાન અને ગૌરવવાળા હતા તેમણે બાહુબળ, જ્ઞાન, અને ધર્મ વડે સૌમા પ્રધાનપદ મેળવ્યુ હતુ બધી વૃત્તિઓને અનુશીલિત કરી હતી, તેનુ પરિણામ એ પ્રધાનપદ બધી વૃત્તિઓ અનુશીલિત ન થઈ હોય તો તેમાથી એક પણ ફળ આપે નહિ એ રીતે કૃષ્ણના ચરિત્રમાથી જ ધર્મતત્ત્વ સ્ફૂરી આવતુ દેખાય છે

પ્રકરણ ૨જું

કૃષ્ણયુધિષ્ઠિરસંવાદ

અર્જુન લક્ષ્ય વિંધી રાજાઓ જોડેની લઢાઈ સમાપ્ત કરી, પોતાના ભાઈઓ જોડે પોતાને મુકામે ગયો બીજા રાજાઓ પણ પોતપોતાને ઠેકાણે થઈ ગયા કૃષ્ણે હવે ત્યા શુ કરવુ જોઇતુ હતુ ? દ્રૌપદીનો સ્વયવર પૂરો થયો હતો, તેનો ઉત્સવ પણ પૂરો થયો હતો કૃષ્ણને હવે પાંચાલમા રહેવાનુ કાંઈ કારણ નહતુ, તે પાછા દ્વારકા જઈ શકત, કારણ બીજા રાજાઓએ પણ તેમ જ કર્યું હતુ પરતુ પોતે તેમ ન કરતા બળરામને સાથે લઈ ભાર્ગવકર્મશાળા કે જ્યા ભિક્ષુકોના વેષમા પાંડવો રહ્યા હતા, ત્યા જઈ યુધિષ્ઠિર જોડે મુલાકાત કરી

ખરૂ જોતાં ત્યા એમને કશુ કામ ન હતુ આગળ કોઈ વખત યુધિષ્ઠિર જોડે તેમને વાતચીત કે મુલાકાત પણ થઈ નહતી, કારણ મહાભારતમા જ કહ્યુ છે કે "વાસુદેવે યુધિષ્ઠિર રાજા પાસે જઈ ચરણવદન કરી, પોતે કોણ હતા તે તેમને કહ્યુ બળરામે પણ તેમ કર્યું." એટલે કે તેઓ જો એક બીજાને પહેલા મળ્યા હોત તો કૃષ્ણ આ પ્રમાણે ઓળખાણ આપત નહિ કૃષ્ણ અને પાંડવ વચ્ચેની આ મુલાકાત પહેલી જ હતી તેઓ પોતાની ફોઇના છોકરા થતા હતા તે સગપણને લીધે માત્ર પાંડવોને કૃષ્ણે શોધી કાઢી, તેમની જોડે મુલાકાત કરી, અને તેમ કરવામા જેમ સાધારણ લોકો દુનીઆના વ્યવહારમા જે મતલબથી કામ કરે છે તે મતલબ તેમની ન હતી, કારણ ફોઇના કે માસીના છોકરા રાજા કે ધનાઢ્ય હોય કે ઉંચો દરજ્જો ભોગવતા હોય તો કાંઈ ને કાંઈ માગવાની મતલબથી લોકો તેમને મળવા જાય છે, પરતુ પાંડવો તો તે વખતે માત્ર ભિખારી હતા તેમને મળવાથી કૃષ્ણને કાંઈ કોઈ પ્રકારનો લાભ મળી જાય એવુ હતુ નહિ. તેમ તેમને મળીને પણ કૃષ્ણે કાંઈ કામ તેમની પાસેથી કાઢી લીધુ હોય તેવુ દેખાતુ નથી યુધિષ્ઠિરની જોડે વિનયપૂર્વક વાતચીત કરી ક્ષેમકુશળ ચાહીને જ તે પાછા ફરેલા જણાય છે. ત્યાર પછી લગ્નની સમાપ્તિ થતા સુધી પાંચાલમા પોતાના મુકામમાં

જ તે રહેલા લગ્ન પતી ગયા પછી તેમણે ચાલ્લા (લગ્નના સરપાવ) તરીકે " વિચિત્ર જાતના મણિ, સોનાના દાગીના, જૂદી જૂદી જાતનાં કીમતી વસ્ત્ર, રમણીય બિછાના, ઘરકામની વિવિધ જાતની વસ્તુઓ, ઘણા દાસદાસી, કેળવેલા હાથીઓ, ઉંચી તોખમના ઘોડાઓ, અસખ્ય રથ અને પુષ્કળ સોનું રૂપુ " પાંડવોને મોકલ્યુ પાંડવો તે વખતે ભિખારી હતા, અને તેઓને એ બધી વસ્તુઓની તે વખતે તગી હતી, વળી તેમણે એક રાજાની કન્યાનુ પાણિગ્રહણ કર્યું હતુ, તેઓ ગૃહસ્થ થયા હતા, માટે તેમને એ વસ્તુઓની ઘણી જરૂર હતી, તેથી યુધિષ્ઠિરે " કૃષ્ણે મોકલાવેલી ચીજો બહુ હરખથી કબૂલ કરી, " પણ કૃષ્ણ પછી તેમની જોડે મુલાકાત ન કરતા પાછા પોતાને દેશ જતા રહ્યા, અને ફરી તેમને મળવા પ્રયત્ન કર્યો નહિ પાંડવોને પોતાનુ અરધુ રાજ્ય પાછુ મળ્યુ ને ઇન્દ્રપ્રસ્થ નગર વસાવી ત્યા તેઓએ રહેવુ શરૂ કર્યું એ બધુ થયા પછી કૃષ્ણને અને તેમને ફરી શી રીતે મુલાકાત થઈ તે આગળ ચાલતા જોઇશુ

જે માણસ આ પ્રમાણે વગર સ્વાર્થે આચરતા, જે દુરાવસ્થામા આવી પડેલાઓનુ હિત કરવુ, એ જ પોતાની જીદગીનુ વ્રત ગણતા હતા, તેમને અજ્ઞાન યૂરોપીઅનો અને તેના શિષ્યો કુકર્મી, લુચ્ચા, ક્રૂર અને પાપાચારી કહે છે, એ અજબ જેવુ છે ઇતિહાસની નજરે જોતા કઈ વાત ખરી ને કઈ ખોટી તે પારખવાની શક્તિ ન હોવાથી, અથવા તો તે ઉપર શ્રદ્ધા ન હોવાથી, તે શોધી કાઢવાનો યત્ન થાય નહિ ત્યા એવુ જ બને ટૂકામા એ જ કે એ આદર્શ મનુષ્યની બીજી સદ્વૃત્તિઓની પેઠે પ્રીતિવૃત્તિ પણ પૂરેપૂરો વિકાસ પામેલી અને પરિપક્વ થયલી (ખીલેલી). યુધિષ્ઠિર જોડે કૃષ્ણનુ આચરણ જે બે માણસોને આગળથી જ એક બીજા જોડે ઘણી દોસ્તી હોય, ત્યા સભવે યુધિષ્ઠિરના કુટુબ જોડે કૃષ્ણને પહેલેથી જ બેસતી હોત, ઓળખાણુ હોત, હેતભાવ હોત ને તેમણે તેમની જોડે આવી વર્તણૂક ચલાવી હોત તો તો એક માત્ર શિષ્ટ–સાધુ પુરૂષને છાજતી ચાલ તેમણે ચલાવી છે, એમ કહી શકાત. પરતુ જે વગર ઓળખાણે, દરિદ્ર અને ગરીબ અવસ્થામા આવી ગયલા

સગાઓને શોધી કાઢી પોતાનું કામ મૂકી, તેમના ઉપર ઉપકાર કરે, તેની પ્રીતિ તે આદર્શ–ધડો લેવા લાયક–પ્રીતિ કહેવાય કૃષ્ણનુ આ કામ જો કે નાનુ સરખુ હતુ, તો પણ એવી નાની નાની બાબતો ઉપરથી માણસના સ્વભાવનો ખરેખરો પરિચય થાય છે ખરાબ માણસ હોય તે ગમે તે પ્રકારે, નામ મેળવવા માટે, કાંઈ મોટુ કામ કરે, અને તેવાને હાથે તેવા કામ થયલા પણ છે, પણ જેના નાના નાનાં કામો ઉપરથી પણ જે ધર્માત્મતા દેખાઈ આવે તે જ ખરો ધર્માત્મા, અને તેટલા જ માટે મહાભારતમા કહેલા કૃષ્ણના નાના મોટા બધા જ કામો આપણે જોવા જોઈએ, તેમ હજુ સુધી થયુ નથી, એ આપણુ કમનસીબ તેને બદલે "અશ્વત્થામા મરાયો," એવી ખોટી વાત* કહેવા તેમણે યુધિષ્ઠિરને સમજાવેલુ તે આપણે ગોખી રાખ્યુ છે, અર્થાત્ જે સત્ય અને ઐતિહાસિક વાત છે તેની સામુ ન જોતા કેવળ ખોટી અને કલ્પિત બાબતો ઉપર જ આપણે આધાર રાખીએ છીએ

કૃષ્ણને માટે એક બહુ હસવા જેવી વાત વ્યાસદેવે આ વિવાહ સબધે કહેલી છે એવુ કહેવાય છે તે જો કે આ પુસ્તકના વિષયની જોડે બહુ સબધ ધરાવતી નથી તો પણ તેનો સહજ ઇશારો અત્રે કરવો જરૂરનો છે પોતાની છોકરીના પાચ વર થશે, એ સાભળી દ્રુપદને ખોટુ લાગ્યુ, તેનુ સાત્વન કરવાને વ્યાસે તેને એક વાત કહી, જેનો સાર એ છે કે ઇન્દ્ર એક વખત ગગાને કિનારે એક રડતી ખુબસૂરત સ્ત્રી જોઈ તેને પૂછ્યુ કે તુ શુ કામ રડે છે તેણે જવાબ આપ્યો, "ચાલો દેખાડુ", એમ કહી ઇન્દ્રને જોડે લઈ જઈ તેણે એક જુવાન સ્ત્રીપુરૂષનુ જોડુ જુગાર રમતુ બતાવ્યુ તેમણે ઇન્દ્રને જોઈ તેનુ યોગ્ય સન્માન ન કર્યું, તેથી તે ગુસ્સે થયો જુગાર રમનાર પુરૂષ મહાદેવ પોતે હતા ઇન્દ્રને ગુસ્સે થયલો જોઈ તે પણ ગુસ્સે થયા અને એક ગુફામા પેસવાનુ તેને કહ્યુ તેણે અદર જઈ જોયુ તો તેના જેવા બીજા

* આગળ ચાલતા, દ્રોણવધપર્વાધ્યાયની સમાલોચના વખતે, જોવામાં આવશે કે अश्वत्थामा हत इति गजः એવુ કશું મહાભારતમા નથી. એ તો માત્ર કથાભટ વ્યાસજીઓએ પાછળથી કરેલો સુધારો છે.

ચાર ઇન્દ્ર તેને દેખાયા. છેવટે મહાદેવે તે બધા ઇન્દ્રોને કહ્યુ કે "જાઓ તમે પૃથ્વી ઉપર મનુષ્યરૂપે અવતરો" તે ઉપરથી તે પાચે ઇન્દ્રે મહાદેવની પ્રાર્થના કરી કે હવે તમે એવુ કરો કે "જેથી અમારો જન્મ કોઈ સ્ત્રીને પેટે ઇન્દ્ર વગેરે પાચ દેવતાઓ વડે થાય" મહાદેવે તે કબલ કર્યું તે પાચ ઇન્દ્ર તે પાચ પાંડવ નિરપરાધી સુદરીને મહાદેવે હુકમ કર્યો કે જા, તુ પૃથ્વી ઉપર જઈ એ લોકોની પત્ની થજે તે સુદરી તે દ્રૌપદી. પેલી બાઈ કેમ રડતી હતી, તે કારણની પાછી કઈ ખબર ન પડી વળી વધારે ખુબીની વાત તો એ છે કે નારાયણે આ વાત સાભળી કે તરત પોતાના માથાના બે વાળ તોડી નાખી દીધા. તેમા એક વાળ કાચો ને એક પાકો હતો, પાકો વાળ તે બળરામ અને કાચો તે કૃષ્ણ

બુદ્ધિમાન વાચકને કહેવાની જરૂર નથી કે આ વાત મહાભારતનો ત્રીજો થર આપણે જેને કહીએ છીએ, તેનો ભાગ છે મૂળ મહાભારત જોડે તેને કાઈ સબધ નથી સૌથી પહેલા તો એ વાતની રચના તથા બધારણ હાલના હલકામા હલકા લેખકની કૃતિ કરતા પણ ઉતરતા છે. વળી મહાભારતની બીજી બધી હકીકત જોડે એને કાઈ સબધ નથી એ આખી વાત મહાભારતમાથી લઈ લઈએ તો પણ તે કાઈ અસ્પષ્ટ થતુ નથી, તેને નુકસાન પહોચતુ નથી દ્રુપદના મનનો સતાપ મટાડવા પણ એ કહેવાની જરૂર ન હતી, કારણ વ્યાસે બીજી એક વાત કહી તે મટાડયો હતો તે વાત પણ એ જ અધ્યાયમા છે. તે સરળ, સક્ષિપ્ત અને આદિ મહાભારતમા હોઈ શકે તેવી છે તે અને પહેલી વાત એકબીજાથી જુદી છે તે બીજી વાતમા પણ દ્રૌપદીના પૂર્વ જન્મની કેટલીક હકીકત છે, માટે એ બેમાથી એક વાત તો પાછળથી જ ઉમેરાયલી હોવી જોઈએ અને ઉપર કહેલી સાબિતીઓ ઉપરથી પહેલી જ વાત પાછળથી ઉમેરાયલી લાગે છે તે ઉપરાત મહાભારતના બીજા ભાગો જોડે એ વાતનો સબધ બધબેસતો નથી મહાભારતમા બધે જ કહ્યુ છે કે ઇન્દ્ર એક છે અહિ પાચ ઇન્દ્ર કહ્યા છે, વળી એમ પણ કહ્યુ છે કે પાંડવો તે ધર્મ, વાયુ, ઇન્દ્ર ને અશ્વિનીકુમારના ઔરસ પુત્ર હતા આ વાત તો તે સઘળાને ઇન્દ્ર જ બનાવે છે એ વિરોધ

મટાડવાની મતલબથી એ વાર્તા લખનાર મૂર્ખે એવુ લખ્યુ છે કે ઇન્દ્રે મહાદેવની પ્રાથના કરી કે "અમે સવળા મનુષ્યને પેટે જન્મીએ એવુ કરો" જગદ્વિજયી ગ્રથ મહાભારત આવા કોઈ ગધેડાને હાથે તો નહિ જ લખાયલો એ વાત નક્કી છે

આ ન માની શકાય એવી વાત અહિ કહેવાનો ઉદ્દેશ માત્ર એ જ છે કે મહાભારતના ત્રણ સ્તર--થર-ના વિભાગ કેવી રીતે કર્યા છે તેનું ઉદાહરણ વાચકને આપવુ વળી એ ઉપરાન્ત એના વડે એક રીતનુ ઐતિહાસિક તત્ત્વ પણ સ્પષ્ટ કરી શકાય છે. જે વિષ્ણુ વેદમા માત્ર સૂર્યની મૂર્તિ રૂપે છે, અને જે પુરાણરૂપી ઇતિહાસના ઉચામા ઉચા સ્તરોમા સર્વવ્યાપક ઇશ્વર તરીકે વર્ણવાયા છે, તે જ વિષ્ણુએ પાછલા હતભાગ્ય લેખકોને હાથે કેવી રીતે દાઢી, મૂછ, કાચો વાળ, પાકો વાળ વગેરે રૂપ ઇશ્વિરત્વ પ્રાપ્ત કર્યું છે, તે બધુ એ નવીન દાખલ થઈ ગયલી કથાઓ ઉપરથી સમજાય છે એ જ કથાઓમા હિન્દુ ધર્મની પડતીની તવારીખ આપણે વાચીએ છીએ કૃષ્ણને ધિક્કારનાર કોઈ શિવમાર્ગીની કલમથી એ કથા લખાયલી હશે એમ લાગે છે, કારણ તેમા મહાદેવને સર્વનિયતા બનાવ્યા છે, અને કૃષ્ણ તો માત્ર નારાયણનો એક વાળ છે એમ કહ્યુ છે મહાભારતમા પણ ઝીણી નજરે જોતા કૃષ્ણવાદી અને શિવવાદીઓના વિવાદના ઘણા ચિહ્ન મળી આવે છે જ્યા જ્યા એ નિશાની દેખાય તે ભાગ અસલનો નહિ, એમ કહેવામા જગએ અડચણ નથી એ ભાગ આદિ મહાભારતના રચાયા પછી ઘણે કાળે ઉમેરાયલો જ્યારે કૃષ્ણોપાસના અને શિવોપાસના બનેનુ પરિબળ વધેલુ ત્યારે એ વિવાદ પણ બહુ વધી ગયલો મહાભારત રચાયુ તે વખત અને ત્યાર પછી પણ થોડો વખત એ બે ઉપાસના મધ્યેથી એકેનુ બહુ જોર હતું નહિ જેમ જેમ જોર વધ્યુ તેમ તેમ ઝગડો વધ્યો અને તેમ તેમ મહાભારતનુ કદ વધતુ ગયુ બને પક્ષવાળા મહાભારતનુ નામ દઈ, પોતપોતાના દેવની બડાઈ કરવા લાગ્યા શિવમાર્ગીઓએ તેટલા માટે શિવનુ માહાત્મ્ય વધારવા ઘણો ભાગ મહાભારતમા દાખલ કરી દેવા માડયો, તેના જવાબમા વૈષ્ણવોએ વિષ્ણુ અને કૃષ્ણનુ

માહાત્મ્ય વધે એવી રચના ગોઠવી દેવા માડી અનુશાસનપર્વમા આ વાતના કેટલાક ખુલ્લા ઉદાહરણ મળી આવે છે

પ્રકરણ ૩જુ

સુભદ્રાહરણ

દ્રૌપદીના સ્વયવર પછી સુભદ્રાહરણ વખતે પાછા કૃષ્ણ દેખા દે છે. એ સુભદ્રાના વિવાહ વખતનુ કૃષ્ણનુ આચરણ વખતે હાલની નીતિના કાનૂનની આખે જોતા પસદ કરવા લાયક ગણાય નહિ, પણ હાલના નીતિશાસ્ત્રથી ચઢીઆતુ પણ એક બીજુ નીતિશાસ્ત્ર છે એ જગદીશ્વરનુ નીતિશાસ્ત્ર બધા સૈકામા અને બધા દેશોમા પ્રચલિત છે, માટે કૃષ્ણનુ આચરણ આપણે તે કાનૂનથી તપાસીશુ અગાળામા ઘણાઓને ઈનામી જમીન અસલના વખતમા એક જાતને ગજે ભરીને આપવામા આવેલી, હાલના સમયમા બીજી જાતના નાના માપના ગજે ફરીથી ભરી તેમાની ઘણી જમીન જમીનદારો ઈનામદારો પાસેથી લેઈ લે છે તે જ પ્રમાણે હાલના સૈકાનુ માપ બધી જ રીતે નાનુ થઈ ગયુ છે, અને તે માપ વડે આપણા ઐતિહાસિક વડવાઓએ મેળવેલી સપત્તિ આપણે ગુમાવીએ છીએ, તેથી હાલ આપણે અસલનો ગજ જ ચલાવીએ

કૃષ્ણના ભક્તો કહેશે કે એ ગજ ચલાવતા પહેલા સુભદ્રાહરણનુ વૃત્તાન્ત મૂળ મહાભારતમા છે ખરૂ કે નહિ, તેનો વિચાર કરવો જોઈએ. જો તે નવીન હોય તો તો પછી વધારે વિવેચન કરવાની કાઈ જરૂર જ નથી એ કથા મૂળ મહાભારતનો અશ છે, અને તે પહેલા સ્તરમા આવી જાય છે, એમા કાઈ શકા નથી. અનુક્રમણિકાધ્યાય અને પર્વ-સગ્રહાધ્યાયમા એનો પ્રસગ છે રચના પણ બહુ ઉત્તમ પ્રકારના કવિની રચના જેવી છે રચના તો બીજા સ્તરની પણ સુદર છે, પણ પહેલા અને બીજા વચ્ચે ફેર એટલો છે કે પહેલાની રચના સરળ અને સ્વાભાવિક છે, અને બીજામા અલકારનો અને અત્યુક્તિનો ઘણે દરજ્જે

ઉપયોગ થયો છે, સુભદ્રાહરણની રચના પણ તેવી સરળ ને સ્વાભાવિક છે. તેમા અલકાર વગેરેનો બહુ ઉપયોગ થયો નથી, તેથી એ પહેલા થરનો જ ભાગ ગણાય, બીજાનો નહિ વળી બીજુ કારણ એ છે કે જો એ વાત મહાભારતમાથી આપણે કાઢી લઈએ તો એ પુસ્તકમા ખામી આવી જાય છે સુભદ્રાથી અભિમન્યુ, અભિમન્યુથી પરિક્ષિત અને પરિક્ષિતથી જનમેજય સુભદ્રા અને અર્જુનના વશજોએ ઘણા સૈકાઓ સુધી ભરતખડ ઉપર રાજ્ય કર્યું છે, દ્રૌપદીના વશજોએ કર્યું નથી, તેથી એક વખત દ્રૌપદીસ્વયવર એ પુસ્તકમાથી કાઢી લઈએ તો કાઢી લઈ શકાય પણ સુભદ્રા તો નહિ જ.

દ્રૌપદીની માફક સુભદ્રાને પણ યૂરોપીઅન પડિતો તો ઉડાવી જ દે છે. લૅાસન સાહેબ કહે છે કે યાદવ સપ્રીતિ રૂપ જે મગળ તે સુભદ્રા વેબર સાહેબ તો વળી તેથી પણ આગળ જાય છે, કૃષ્ણની બ્હેન સુભદ્રાનુ માનવીપણુ જ તેને કબૂલ નથી તે શા માટે કબૂલતા નથી તે જણાવવા યજુર્વેદની માધ્યન્દિની શાખાના ૨૩મા અધ્યાયની ૧૮મા કડિકાના ૪થા મત્રનો ઉતારો કરે છે

"હે અબે! હે અબિકે! હે અબાલિકે! જુઓ આ ઘોડો હમણા હમ્મેશને માટે નિદ્રાવશ થયો છે હુ કાંપિલવાસિની સુભદ્રા છુ, તો પણ પોતે વરવાને માટે એની પાસે આવી છુ એ વિષે કોઈએ મને આજ્ઞા કરી નથી "

એ ઉપરથી વેબર સાહેબ કહે છે કે, કાંપિલ તે પાંચાલ દેશનુ એક શહેર છે, અને તે ઉપરથી સુભદ્રા તે દેશના રાજાની સ્ત્રી હોવી જોઈએ, વગેરે *

હવે કાંપિલવાસિનીનો અર્થ સાયણ એવો કરે છે કે "**काम्पिल-शब्देन श्लाघ्यो वस्त्रविशेष उच्यते**" પરતુ વેબર સાહેબના

---

* "Kampila is a town in the country of the Panchals Subhdra, therefore, would seem to be the wife of the King of that district,' &c. વેબર સાહેબ તેનુ માનવીપણુ કબૂલ રાખતા નથી, એ વાત આ ઉતારા સાથે બધબેસતી જણાતી નથી. ભા૦ ક૦

મનમા કે હુ સાયણના કરતા પણ સસ્કૃત સારૂ સમજુ છુ, અને તેથી એ અર્થ તેને કબૂલ નથી ભલે તેમ હોય. પરતુ કાંપિલની રહેનારી કોઈ સ્ત્રીનુ નામ સુભદ્રા હતુ, તેથી કૃષ્ણની બ્હેનનુ નામ પણ સુભદ્રા કેમ ન હોઈ શકે તે સમજી શકાતુ નથી જે કોઈ રાજા અશ્વમેધ કરે તેની રાણીએ એ મત્ર બોલવાનો છે અને તે કહે છે કે "હુ કાંપિલવાસિની સુભદ્રા છુ" સુભદ્રા એટલે કલ્યાણી–સૌભાગ્યવતી મહીધર કહે છે કે કાંપિલ નગરની સ્ત્રીઓ બહુ જ રૂપવતી તથા લાવણ્યવતી હતી, તેથી એ મત્રનો અર્થ એવો થાય છે કે "હુ સૌભાગ્યવતી અને રૂપલાવણ્યવતી છુ, છતા પણ ઘોડાની પાસે આવી છુ" આ મત્રના યોગથી કૃષ્ણની બ્હેન અને અર્જુનની પત્ની સુભદ્રાને બદલે પાંચાળ દેશની સુભદ્રા નામની કોઈ સ્ત્રીની કલ્પના શી રીતે થાય, તે સમજાતુ નથી યુધિષ્ઠિરે અશ્વમેધ કરેલો તેમ તેની પહેલા થઈ ગયલા ઘણા રાજાઓએ પણ એવા યજ્ઞ કરેલા, અને એમ જ સભવિત છે કે અશ્વમેધનો આ યજુર્મત્ર કૃષ્ણ–પાંડવોના કરતા પણ પ્રાચીન હોવો જોઈએ વળી હાલ જેમ કેટલાક કાવ્યો, નાટકો વગેરેના પુસ્તકોના નામ ઉપરથી લોકો પોતાના છોકરાના નામ પાડે છે (દાખલા તરીકે રસિક, કાન્તા વગેરે), તેમ તે સમયમા વેદમાથી લોકો પોતાના છોકરાના નામ પાડતા હોય તે બનવા જોગ છે આ મત્ર ઉપરથી જ કાશીના રાજાએ જેમ પોતાની ત્રણ પુત્રીઓના નામ, અબા, અબિકા, અબાલિકા રાખ્યા હતા તેમ કૃષ્ણે પોતાની બ્હેનનુ નામ સુભદ્રા રાખ્યુ હોય એ મત્ર ઉપરથી કાઈ એવુ સાબિત થતુ નથી કે કૃષ્ણની બ્હેન સુભદ્રા ન હોઈ શકે

હવે એ સુભદ્રાહરણનો વિચાર કરતા પહેલા વાચનારને એક વિનતિ કરવાની છે કે એ સબધે જે જે વાતો તેણે કથા કરનારા, નાટક લખનારા વગેરે પાસેથી સાભળી હોય તે સહુ ભૂલી જવી અર્જુનને જોઈ સુભદ્રા કામવશ થઈ ગઈ, ગાડી બની ગઈ, સત્યભામાએ સદેશા લાવલઈજા કર્યા, અર્જુન સુભદ્રાને ઉપાડી લઈ ગયો અને યાદવો જોડે તેને મોટી લઢાઈ થઈ, તેમા સુભદ્રાએ સારથિ થઈ આકાશમાર્ગે

તેનો રથ ચલાવ્યો, એ બધુ ભૂલી જવુ એ વાત છે બહુ રસિક, પણ તે મૂળ મહાભારતમા નથી મહાભારતમા જે કથા છે તેની મતલબ તો એ જ છે કે, દ્રૌપદી જોડે લગ્ન કર્યા પછી પાંડવો સુખેથી ઈન્દ્રપ્રસ્થમા રાજ્ય કરતા હતા, કાંઈ કારણથી ઈન્દ્રપ્રસ્થ છોડી અર્જુન બાર વર્ષ સુધી દેશ પરદેશ ફરતો હતો. તેમ કરતા કરતા છેવટે તે દ્વારકા જઈ પહોચ્યો. ત્યા યાદવોએ તેનો બહુ સત્કાર કર્યો, તેથી કેટલોક વખત તે ત્યા રહ્યો એક દિવસ યાદવોએ રૈવતક પર્વત પર મોટો ઓચ્છવ આરભ્યો ત્યા તેમના સ્ત્રી, પુરૂષ, સૌ મળી આનદ ભોગવતા હતા એ સમૂહમા સુભદ્રા પણ દાખલ હતી તે કુવારી તથા નાની હતી. અર્જુન તેને જોઈ તેના પર મોહી પડ્યો કૃષ્ણને ખબર પડતા તેમણે કહ્યું, “ભાઈ! જગલવાસી થઇને પણ કામના શરથી ચચલ થઈ ગયો કે શુ?” અર્જુને પોતાનો દોષ કબૂલ કર્યો અને સુભદ્રા શી રીતે તેની સ્ત્રી થાય તે વિષે કૃષ્ણની સલાહ પૂછી કૃષ્ણે કહ્યું “અર્જુન! સ્વયવરથી પરણવુ એ ક્ષત્રિયોને યોગ્ય છે, પરતુ સ્ત્રીઓના મનની વાત કાંઈ કળી શકાય નહિ, અને તેથી જ મને એ બાબતમા સશય રહે છે ઉલટુ ધર્મશાસ્ત્રકારોએ કહ્યુ છે કે વિવાહ કરવાના ઈરાદાથી બળજોરાવરી કરી સ્ત્રીને ઉપાડી જવી તે જ મહાવીર ક્ષત્રિયોને પ્રશસનીય છે, તેથી સ્વયવરગાળ પૂર્વે તમે મારી બ્હેનને જોરાવરીથી ઉપાડી જજો, કારણ તે વખતે તેનો અનુરાગ કોના ઉપર ઉતરશે, તે કોણ કહી શકે?” એ સલાહ માન્ય રાખી અર્જુને માણુસ મોકલી પહેલા કુન્તીની તથા યુધિષ્ઠિરની રજા મગાવી તેમની રજા આવી ગયા પછી એક વખત સુભદ્રા જ્યારે રૈવતક પર્વતની પ્રદક્ષિણા કરી દ્વારકા તરફ પાછી ફરતી હતી ત્યારે તેને જોરથી પકડી લઈ રથમા બેસાડી પોતે ઉપાડી ગયો.

આજકાલ લગ્ન કરવાને ઈરાદે પણ કોઈ માણુસ જો બીજાની છોકરી આવી રીતે ઉપાડી જાય તો જરૂર લોકોમા તેની નિદા થાય અને સરકારથી તેને સજા થાય, અને તેમ જ કોઈ માણુસ જો બીજાને એવી સલાહ આપે કે “તારે મારી બ્હેન જોડે લગ્ન કરવુ હોય તો તેને ઉપાડી લઈ જઈ નાસી જવુ,” તો તેને પણ જરૂર લોકો પીખી

ખાય તેમા પણ સંદેહ નહિ તેથી હાલના નીતિશાસ્ત્રના કાનુનથી જોતા,–અને તેમા એ નીતિશાસ્ત્રનો જરાએ દોષ કાઢવા જેવુ નથી– કૃષ્ણ અને અર્જુન બંનેએ બહુ નિંદિત કામ કર્યું એવુ કહેવામા જરાએ ખોટુ નથી લોકોની આખમા ધૂળ નાખી જો કૃષ્ણનો બચાવ કરવાનો આ પુસ્તકનો ઉદ્દેશ હોત તો જરૂર અહિ એમ જ જણાવત કે સુભદ્રાનો એ વૃત્તાન્ત પાછળથી ઉમેરાયલો છે, અથવા તો એવુ જ કાંઈ બીજુ બહાનુ કાઢી તેને ઉડાવી દેત, પરંતુ તેમ કરવાનુ કારણ નથી સત્ય સિવાયના ખોટા વખાણથી કોઈનો મહિમા વધતો નથી, અને ધર્મની ઉન્નતિને બદલે અવનતિ થાય છે

ત્યારે આપણે હવે આ વાતનુ પુરેપુરૂ પૃથક્કરણ કરીએ. કોઈ માણસ બીજાની છોકરીને ઉપાડી લઈ જઈ તેની જોડે લગ્ન કરે તો તેમા ખોટુ શુ ? આના જવાબમા ત્રણ સબબ બતાવી શકાય પહેલો એ કે એ પ્રમાણે બળજોરાવરીથી ઉપાડી લઈ જવાયલી કન્યાપર અત્યાચાર થયનો કહેવાય, બીજો, તેના માતા, પિતા, સગા વગેરે ઉપર જુલમ કરેલો કહેવાય, ત્રીજો, સમાજ ઉપર પણ અત્યાચાર કરેલો કહેવાય સમાજના રક્ષણનુ મૂળ સૂત્ર જ એ છે કે એક માણસ બીજાના ઉપર વગર કારણે ગેરકાયદે જુલમ કરી શકે નહિ જો તેવો જુલમ થાય તો તે સમાજની સ્થિતિ–તેના અસ્તિત્વપર જ ઘા કરે છે, માટે લગ્ન કરવાના વિચારથી કોઈ કન્યાને ઉપાડી જવી એ નિન્દનીય કામ ગણાય છે, તેના ત્રણ મોટા કારણ એ જ છે તે સિવાય ચોથુ કારણ નથી

હવે આપણે જોઈએ કે કૃષ્ણના આ કાર્યથી એ ત્રણેમાથી કોનાપર કેટલો જુલમ થયો છે એ ઉપાડી લઈ જવાયલી કન્યા ઉપર કેટલો અત્યાચાર થયો છે તેનો વિચાર કરીએ પહેલા સુભદ્રા લઇએ કૃષ્ણ તેના મોટા ભાઈ તથા કુળમા શ્રેષ્ઠ હતા જે રીતે સુભદ્રાનુ ભલુ થાય તે જ તેમનુ કર્તવ્ય હતુ, તે જ તેમનો ધર્મ અને હાલની ભાષામા બોલીએ તો તે જ તેમની ફરજ Duty હતી હવે સ્ત્રીનુ શ્રેય–બહેતર–તેને સારે ઠેકાણે નાખવામા જ રહેલુ છે, તેથી કૃષ્ણની સુભદ્રા તરફની ફરજ Duty તેને સારે ઠેકાણે પરણાવવી એ જ હતી. કૃષ્ણના ઓળખીતાઓમા

અર્જુનના કરતા વધારે કોઈ સુપાત્ર માણસ હતો નહિ, એમ મહાભારત વાચનાર દરેક જણ વગર અડચણે કહી શકશે, તેથી જે રીતે સુભદ્રા અર્જુનની પત્ની થાય તેમ કરવુ એ કૃષ્ણનુ કર્ત્તવ્ય હતું ઉપર એમણે જે સલાહ આપી છે તે ઉપરથી વાચનારે જોઈ લીધુ હશે કે બળપૂર્વક તેનુ હરણ કરાવ્યા સિવાય તેમ કરવાનો બીજો કોઈ રસ્તો નહતો, અથવા બીજે રસ્તે એ મતલબ પાર પાડી શકાત કે નહિ તે સદેહ પડતુ હતુ જેનુ ભાવિ ફળ હમેશને માટે ભલુ થાય તેવુ હોય તેમા જે રસ્તો સદેહ પડતો હોય તે લેવાય નહિ, જે રસ્તે મગળસિદ્ધિ જરૂર થશે જ એવુ હોય તે રસ્તો તેમા લેવાય આ સબબોને લીધે સુભદ્રાને હમ્મેશનુ પરમ સુખ જે રીતે મળે તે રસ્તો નિશ્ચિત કરી આપી તેના પ્રતિ જે પોતાની ફરજ હતી તે તેમણે પૂરેપૂરી બજાવી, તેમા તેના ઉપર કોઈ રીતનો જુલમ કર્યો નથી.

આને માટે પણ વખતે બે જાતની હરકત લઈ શકાય પહેલી એ કે જે કામ કરવાની આપણી ઇચ્છા જ ન હોય, તે ગમે તેટલુ આપણા ભલાને માટે હોય તો પણ આપણા ઉપર બળ વાપરી તે કામ આપણી પાસે કરાવવાનો કોઈને અધિકાર નથી દાખલા તરીકે કોઈ બ્રાહ્મણ એમ ધારે કે તેનો યજમાન તેને પોતાનુ સર્વસ્વ આપી દે તો તેનુ ઘણુ મગળ થાય, પરતુ તેને એવો અધિકાર નથી કે જોરજુલમથી તે બધુ પોતાને આપી દેવડાવે સારી મતલબને માટે ખગબ ઉપાય યોજવા તે ખોટુ છે The end does not sanctify the means

આના બે જવાબ આપી શકાય પહેલા તો સુભદ્રાને અર્જુન ઉપર અભાવ કે તેની તરફ અનિચ્છા હતી એવુ જાણવામા નથી. ઇચ્છા કે અનિચ્છા એમાથી એકે જાણવામા નથી તેમ ને આપણા જાણવામાં આવે તેવો સભવ થોડો છે હિન્દુના ઘરની કન્યા, તેમા કુવારી ને બાળક, પોતાના પાણિગ્રહણ કરનાર માટે ઇચ્છા કે અનિચ્છા બહુ જણાવતી જ નથી ખરૂ જોતા તેના મનમા તેને માટે પસદગી કે અણગમો ઉત્પન્ન થતો જ નથી. તે તો જ્યારે છોકરીઓને વગર પરણાવે ઘરમા રાખી

મ્હોટી ખાધ સમાણી કરવામા આવે ત્યારે જ બને હવે જે કામ આપણને ગમતુ ન હોય તેમ અણગમતુ પણ ન હોય, અને જે કર્યાથી આપણ ભલુ થતુ હોય, પણ યા તો તેને અંગે કરવી પડતી વિશેષ પ્રવૃત્તિને લીધે, અથવા તો શરમને મારે, કે તે કરવાના સાધન ન હોવાને લીધે તે કામ આપણે ન કરતા હોઈએ, એવુ હોય ત્યા જો કોઈ આપણાપર જોરજુલમ કરી તે કામ કરાવે તો, તેવી રીતનો જોરજુલમ શુ અધર્મ કહેવાય ? દાખલા તરીકે મોટા ઘરનો કોઈ છોકરો ખરાબ હાલતમા આવી પડયો હોય, અને તમારી જાણમા એક એવી નોકરી હોય કે જ્યા તે રહે અને તેથી તેનુ પોષણ થાય, પરતુ પોતે મોટા ઘરનો છોકરો છે એમ જાણી તે લેવાની તેની ઈચ્છા ન હોય, પણ તમે તેને પકડીને લઈ જઈને નોકરીએ લગાડો ને તેમા તેને અડચણ પણ ન હોય, અને વળી તે વડે તેના કુટુમ્બનુ પણ બહેતર થતુ હોય, તો શુ તેનો હાથ પકડી ઘસડી લઈ જઈ, વખતે જરૂર પડે તો ધમકાવી તેને નોકરીપર લઈ જઈ બેસાડવો, એ તેના પ્રત્યે અધર્મ આચર્યો કે તેને પીડા કરેલી કહેવાય ? સુભદ્રાની હાલત પણ કાઇંક તેવીજ હતી હિન્દુના ઘરની કુમારી છોકરી, તેને સમજાવીને કહો કે ધમકાવીને કહો તો પણ વરની જોડે જશે નહિ, તેથી તેને પકડી લઈ જવાનુ ડોળ કર્યા સિવાય બીજો રસ્તો જ નહોતો

જે કામ કરવાની આપણને ઈચ્છા ન હોય, અને તેના વડે આપણુ ગમે તેટલુ ભલુ થતુ હોય તોપણ આપણા ઉપર જુલમ કરી તે કામ આપણી પાસે કરાવવા કોઈનો હક્ક નથી, એ બાબતના બે જવાબમાથી એક ઉપર કહ્યો છે, અને તે પણ એમ ગણીને કે એ પ્રમાણે કોઈ કહે તો તે વાત યથાર્થ છે પણ એ નિયમ દરેક વખતે જ યથાર્થ હોતો નથી જેનાથી આપણુ ભલુ થતુ હોય, પણ જે કરવાની આપણી મરજી ન હોય, તે આપણી પાસે બળજોરાવરીથીએ કરાવવા બીજા કોઈને સત્તા નથી, એ વાત બધે લાગુ પડતી નથી કોઈ રોગીનો તેના રોગને લીધે પ્રાણ જતો હોય, અને તેની મરજી પ્રમાણે તેને મન ગમતુ ઔષધ ન મળતુ હોય અને તેથી તે ઔષધ લેતો ન હોય, તો શુ વૈદ્યને

કે તેના સગાવહાલાઓને જબરદસ્તીથી તેને ઔષધ આપવાનો અધિકાર નથી ? પાઠાવાળો રોગી પાઠા ઉપર શસ્ત્રવૈદ્યનુ શસ્ત્ર મૂકવા ન દે, તો બળ-પૂર્વક તેમ કરવાનો દાક્તરને અધિકાર છે છોકરો લખતાવાચતા શિખતો ન હોય તો તેને મારીઠોકીને પણ ભણાવવાનો અધિકાર માતા, પિતા તથા શિક્ષકને છે લગ્નની બાબતમા પણ તેમ જ જો કાચી ઉમ્મરનો છોકરો કે છોકરી અયોગ્ય ઠેકાણે પરણવાનુ મન કરે તો શુ તેમને તેમ કરતા અટકાવવાની માબાપને સત્તા નથી ? સુધરેલા યુરોપમા પણ આજે છોકરીના ઉપર જોર વાપરી સારે ઠેકાણે તેને પરણાવવાની પ્રથા છે. ન્હાની ઉમ્મરની હિન્દુની કન્યા જો કોઈ સુપાત્રને ઘેર જવાની આનાકાની કરે, તો શુ તેના માબાપ બળજોરાવરીથી તેને તેવે ઘેર પરણાવે, એ તેના ઉપર જોરજુલમ કર્યો ગણાશે ? તેમ કરી તેને સારે ઘેર મોકલવી, એ શુ કાંઈ નિન્દનીય કામ છે ? જો ન હોય, તો પછી સુભદ્રાના હરણને માટે કૃષ્ણની અનુમતિ તે પણ શી રીતે નિન્દનીય કહેવાય ?

આ પહેલી હરકતના એ ઉત્તર થયા. હવે બીજી હરકતનો વિચાર કરીએ કોઈ એમ કહેશે કે ભલે, સુભદ્રાનુ બહેતર વાચ્ચી કૃષ્ણે અર્જુનને એ સલાહ આપેલી, એ આપણે કબલ કરીએ તોપણ શુ એ પ્રમાણે બળ વાપરી તેનુ હરણ કરાવ્યા વગર અર્જુન વેરે સુભદ્રાને દેવાનો બીજો રસ્તો ન હતો ? સ્વયવરનો એ ભય હતો કે એ મૂઢ-મતિવાળી કન્યા વખતે માત્ર કોઈ બીજાનુ મોઢુ જ જોઈ લોભાઈ જઈ તેવા કોઈ અપાત્રને વરમાળ આરોપે, પણ તેથી તે સિવાય શુ બીજો કોઈ રસ્તો જ ન હતો ? કૃષ્ણ કે અર્જુન વસુદેવ વગેરે બીજા વડીલો પાસે તે બાબતની વાત કાઢી, તેમની સમ્મતિ લઈને પણ રીતિસર લગ્ન કરી શકત, કારણ યાદવો તો કૃષ્ણને તાબે હતા, કોઈ તેમનો શુકન ઉથાપત નહિ તેમ વળી અર્જુન પણ સુપાત્ર હતો, તેથી પણ કોઈ કાંઈ વાંધો લેત નહિ ત્યારે તેમણે એ રસ્તો કેમ લીધો નહિ ?

અર્જુન, કૃષ્ણ કે સુભદ્રા હાલના વખતમા જીવતા હોત તો આ રસ્તો લઈ શકાત. પરતુ તેઓ આજથી ચાર હજાર વર્ષ ઉપર થઈ ગયા, તે વખતની લગ્નપ્રથા હાલના વખતની લગ્નપ્રથા જેવી હતી નહિ, અને

જ્યા સુધી એ પ્રથા આપણે સમજીએ નહિ ત્યા સુધી કૃષ્ણની આદર્શ બુદ્ધિ અને આદર્શ પ્રીતિ સમજી શકીશુ નહિ

મનુએ આઠ જાતના લગ્ન કહ્યા છે (૧) બ્રાહ્મ, (૨) દૈવ, (૩) આર્ષ, (૪) પ્રાજાપત્ય, (૫) આસુર, (૬) ગાધર્વ, (૭) રાક્ષસ, અને (૮) પૈશાચ—આ અનુક્રમ ધ્યાનમા રાખવો એ આઠે પ્રકારના લગ્નનો લાભ લેવાનો બધી કોમને અધિકાર નહતો ક્ષત્રિયોને જે જે જાતના લગ્નનો અધિકાર હતો, તેને વિષે એ કહે છે કે, (૩જો અધ્યાય—શ્લોક ૨૩) "**षडानुपूर्व्या विप्रस्य क्षत्रस्य चतुरोऽवरान्।**" આની ટીકા કરતા કુલ્લૂક ભટ્ટ કહે છે કે, "**क्षत्रियस्य अवरानुपरितनानासुरादींश्चतुरः।**" એટલે કે ક્ષત્રિયોને, આસુર, ગાધર્વ, રાક્ષસ અને પૈશાચ એ ચાર જાતના લગ્ન કરવાનો અધિકાર હતો બાકીનાને માટે પ્રતિબંધ હતો હવે ૨૫ મા શ્લોકમા છે કે, "**पैशाचश्चासुरश्चैव न कर्त्तव्यौ कदाचन,**" એટલે કે પૈશાચ અને આસુર લગ્નો કરવાનો સઘળાને જ બાધ હતો, તેથી ક્ષત્રિયોને માટે માત્ર ગાધર્વ તથા રાક્ષસ વિવાહોનો માર્ગ જ ખુલ્લો હતો

હવે વર અને કન્યા એની મરજીથી જે વિવાહ થાય, તે ગાધર્વ વિવાહ કહેવાય છે અહિ જો સુભદ્રાની મરજી ન હોય તો તે રીતનો વિવાહ થઈ શકે તેમ હતુ નહિ, અને વળી તે વિવાહ "કામસભવ" કહેવાય, તેથી પરમ નીતિજ્ઞ કૃષ્ણ અર્જુનને તેવી સલાહ આપે જ નહિ અને તેથી રાક્ષસ વિવાહ સિવાયનો બીજો કોઈ વિવાહ ધર્મશાસ્ત્રાનુસાર ક્ષત્રિયને માટે વખાણવા લાયક ન હતો કન્યાને બળ વાપરી લઈ જઈ, તેની જોડે લગ્ન કરવુ તે રાક્ષસ વિવાહ કહેવાય ખરુ જોતા શાસ્ત્રમા તો એ પ્રમાણે કરેલો રાક્ષસ વિવાહ ક્ષત્રિયોને માટે બહુ પ્રશસ્ત—વખાણવા લાયક—ગણેલો છે મનુ ૩જા અધ્યાયના ૨૪મા શ્લોકમા કહે છે કે,

चतुरो ब्राह्मणस्याद्यान् प्रशस्तान् कवयो विदु ।
राक्षस क्षत्रियस्यैकमासुर वैश्यशूद्रयोः ॥

(સુજ્ઞ પુરુષો કહે છે કે પહેલા ચાર વિવાહ બ્રાહ્મણોને માટે પ્રશસ્ત

છે, રાક્ષસ વિવાહ ક્ષત્રિયને માટે પ્રશસ્ત છે અને એકચો આસુર વિવાહ વૈશ્ય અને શૂદ્રને માટે પ્રશસ્ત છે)

જે રીતનો વિવાહ ધર્મ્ય અને વખાણવા લાયક, જેના વડે પોતાના બ્હેનબનેવીનુ ગૌરવ વધે, પોતાના કુળની મોટાઈ વધે, તે રીતના વિવાહ માટે સલાહ આપવાને કૃષ્ણ બંધાયલા હતા અને તેમ કરવામા તેમણે ઉચિત જ કર્યું છે એ સલાહ ઉપરથી તેમની શાસ્ત્રજ્ઞતા, નીતિજ્ઞતા, યથાર્થ બુદ્ધિ અને સર્વ પક્ષના માનમરતબો જાળવવા માટેના હેતુ તથા ભલાની ઇચ્છા જણાઈ આવે છે

કોઈ એમ કહેશે કે, આમા મનુનો આધાર આપ્યો તે બરાબર નથી, કારણ મહાભારતના યુદ્ધસમયે મનુસહિતા હતી તેની સાબિતી શી? એ તકરાર વાજબી છે એટલા બધા પ્રાચીન કાળમા મનુની સહિતા રચાઈ હતી કે નહિ તે વિષે ઘણો વાદવિવાદ ચાલે, એ ખરૂ. પરતુ પ્રાચીન કાળમા જે રૂઢિ, રીતિ, નીતિ ચાલતી હતી તેનુ માત્ર સકલન તે જ મનુસહિતા છે, એવુ વિદ્વાનોનુ કહેવુ છે એ મત આપણે કબૂલ રાખીએ તો તો યુધિષ્ઠિરના સમયમા એ જ વિવાહરીતિ પ્રચલિત હશે, એમ માનવામા કાંઈ હરકત નથી. જો તે ન માનીએ તો મહાભારતમા જ એ વિષય સબધે આપણને શુ જડે છે તે જોવુ જોઈએ, અને સુભદ્રાહરણપર્વાધ્યાયમા એ વિષે શુ કહેલુ છે તે પણ જોવુ જોઇએ તેમ કરવામા આપણને બહુ શોધ કરવી પડે તેમ નથી ઉપર જે જવાબ વાચકને આપેલા છે તે જ જવાબ કૃષ્ણ બળદેવને આપે છે અર્જુન સુભદ્રાને ઉપાડી ગયો છે, તે સાભળી સઘળા યાદવો રોષે ભરાઈ લડાઈની તૈયારી કરવા લાગ્યા. બળદેવે કહ્યુ " લડાઈ કરતાં પહેલા એ બાબતમા કૃષ્ણને શુ કહેવાનુ છે તે આપણે સાભળી લઇએ, કારણ તે ચૂપ થઈ બેઠા છે " પછી બળદેવે કૃષ્ણને બોલાવ્યા ને અર્જુને પોતાના વશનુ અપમાન કર્યું છે એવુ કહી ને બહુ ગુસ્સે થઈ ગયા, અને તે વિષે તેમનો શો મત હતો તે પૂછ્યુ કૃષ્ણે કહ્યુ "અર્જુને આપણા કુળનુ અપમાન કર્યું નથી, ઉલટુ વધારે સન્માન કર્યું છે. તમે અર્થલોભી નહિ હો, એમ ધારી દ્રવ્ય દ્વારા તેણે સુભદ્રાનુ ગ્રહણ કરવાનો

વિચાર સરખો પણ કર્યો નથી સ્વયવરમા કન્યા મેળવવી એ બહુ મુશ્કેલ કામ છે, અને તેના માબાપની સમતિ લઈ પછી તેમની આપેલી કોઈ કન્યા જોડે લગ્ન કરવુ તે તેજસ્વી ક્ષત્રિયોને શોભે નહિ, તેથી નક્કી મને તો એમ લાગે છે કે, કુન્તીપુત્ર ધનજયે એ બધી બાબતોનો વિચાર કરી, બળજોરાવરીથી સુભદ્રાને ઉપાડી જવાનુ ઠીક ધાર્યું હશે એની જોડેનો સબધ બધી રીતે આપણા કુળને ઉચિત છે, અને કુળવાન, બુદ્ધિમાન, વિદ્વાન પાર્થ (અર્જુન) જોરજુલમથી સુભદ્રાને લઈ ગયો તેમા તેણે તેને પણ યશસ્વિની કરી છે, એમા સંદેહ નથી"

આ જવાબમા કૃષ્ણે ક્ષત્રિયોના ચાર પ્રકારના વિવાહ કહ્યા છે – ૧ અર્થ (એટલે પૈસા અથવા શુલ્ક) દ્વારા જે વિવાહ થાય તે અથવા આસુર ૨ સ્વયવર ૩ કન્યાના માતાપિતાની સમતિથી કરેલો વિવાહ–પ્રાજાપ્રત્ય ૪ બળપૂર્વક હરણ–રાક્ષસ આમાથી પહેલો પ્રકાર કન્યાના કુળ ઉપર અપકીર્તિ આણે છે, એ વાત સઘળાને કબૂલ છે બીજાનુ શુ પરિણામ આવે તે અનિશ્ચિત છે ત્રીજાથી વરનુ અગૌરવ–ગેરઆબરૂ થાય, માટે જ ચોથો પ્રકાર, તે જ વિહિત વિવાહ ગણી કૃષ્ણે પસદ કર્યો, એવુ એમના જવાબ ઉપરથી સાબિત થાય છે

આ ઉપરથી એમ કહેવાનો આશય નથી કે રાક્ષસ વિવાહ વખાણવા લાયક છે અથવા કે તેનો અત્રે બચાવ કરવો છે એ રીતિ બહુ નિંદાપાત્ર હતી, એ કહેવાની જરૂર નથી. તે વખતના ક્ષત્રિયોમા એ રૂઢિ પ્રચલિત હતી, તે માટે કૃષ્ણ જવાબદાર ન હતા, તેમ કૃષ્ણ તેનો બચાવ કરતા હતા યા તેને વખાણતા હતા એવુ કહેવાનુ આપણી પાસે

* મહાભારતના અનુશાસનપર્વમા વિવાહતત્ત્વ છે, તે અત્રે ધ્યાનમા લીધુ નથી, કારણ કે તે પાછળથી ઉમેરાયલુ લાગે છે ભીષ્મ પાસે રાક્ષસ વિવાહ ત્યા વખોડાવી કઢાવ્યો છે, પરતુ ભીષ્મ પોતે કર્તવ્યાકર્તવ્યનો વિચાર કરીને જ કાશીરાજની ત્રણે છોકરીનું હરણ કરેલુ, તે ભીષ્મ જ પાછા એ પ્રકારનો વિવાહ નિંદી કહાડે તે સભવતુ નથી ભીષ્મનુ ચરિત્ર જ એવુ છે કે જે નિષિદ્ધ અને નિંદિત કામ તે જીવ જાય તો પણ તે કરતા નહિ, તેથી જે કવિએ તેમની એવી જીંદગી ચીતરી હોય તે પાછો તેમને જ મોઢે એવી વાત બોલાવે નહિ.

ાઈ સાધન નથી. ઘણાઓનો એવો મત છે કે સુધારક (Reformer) l જ આદર્શ મનુષ્ય. તેથી, બ્રહ્મચારી જેવા સુધારક થઈ, એ ખરાબ ાલને ટેકો ન આપના તેને અટકાવવા પ્રયત્ન કરવો, એ તેમની ફરજ ્તી પરતુ એ જ રસ્તો ખરો છે ને બીજા ખોટા છે, એવુ હજુ નક્કી ાયુ નથી, તો એ બાબતનો વિચાર કરવો નિરર્થક છે

આપણે આગળ જોયુ છે કે કોઈ કન્યાનુ બળજોરાવરીથી હરણ ્રી જવુ, એ ત્રણ સમયોને લીધે નિંદાપાત્ર છે (જુઓ પૃઠ ૨૦૪). સુભદ્રાહરણથી કન્યા ઉપર કોઈ રીતનો જુલમ થવાને બદલે ઉલટુ તેનુ બહેતર થયુ છે એમ ઉપર બતાવ્યુ છે હવે તેના કુટુમ્બ ઉપર તેથી કોઈ રીતનો જુલમ થયો છે કે નહિ તે જોઈએ

કન્યાના હરણથી તેના કુટુમ્બ ઉપર બે કારણને લીધે જુલમ થયલો કહેવાય એક તો પોતાની કન્યા કોઈ અપાત્રને ઘેર જાય અથવા તો એવા જ કોઈ ક્ષુદ્ર માણસ જોડે પરણી જાય તે પરતુ આ જગ્યાએ અર્જુન નહતો અપાત્ર કે નહતો અનભિમત, બીજુ કારણ તેમને પોતાને અપમાન. પરતુ જે કહ્યુ છે તે ઉપરથી સમજાશે કે એમા યાદવોને અપમાન લાગવા જેવુ કશુ નહતુ યાદવોમા શ્રેષ્ઠ જે કૃષ્ણ તેમણે પોતે જ એ વાત કહી છે, અને તે બીજા યાદવોને બરાબર લાગવાથી તેઓ અર્જુનને પાછા લઈ આવ્યા અને સમારભ કરી તેમના લગ્ન કરી આપ્યા. તેમના ઉપર કોઈ રીતનો અત્યાચાર થયો છે, એમ આપણાથી કહેવાય નહિ

ત્રીજી હરકત, સમાજ (Society) ઉપર અત્યાચાર થાય તે છે. જે બળને સમાજના નિયમ ગેરકાયદેસર કહે તે બળનો ઉપયોગ સમાજના કોઈ પણ માણસ ઉપર થાય તો તે સમાજ ઉપર જ જુલમ થયો કહેવાય પરતુ જ્યારે તે વખતની આર્યસમાજ ક્ષત્રિયોને હાથે થતા આવા બળપ્રયોગને વખાણવા લાયક અને વિહિત ગણતી હતી, ત્યારે પછી તે લોકોને એમ કહેવાનો અધિકાર જ નહતો કે એવા કામ તે તેમના ઉપર જોરજુલમ જેવા છે.

ખરૂં જોતાં તો કૃષ્ણની નિંદા કરનારાઓ પણ સુભદ્રાહરણવાળા

પ્રકરણમા તેમને ગાળો દેતા નથી, તેથી એ વિષે લબાણથી વિવેચન કરવાની બહુ જરૂર પણ નહતી, છતા એટલા જ વિચારથી એ વિષય સવિસ્તર લખ્યો છે કે આપણે તેના વડે–હાલના વિચારની નાના ગજ વડે–તે વખતના લોકોની સપત્તિ માપી કેવી રીતે તે ગુમાવીએ છીએ, અને જે સારૂ છે તેને છોડી દઈએ છીએ તે આપણે જોઈ શકીએ

પ્રકરણ ૪થું

ખાંડવદાહ

સુભદ્રાહરણ પછી ખાંડવદાહ વખતે પાછા કૃષ્ણના દર્શન થાય છે પાંડવો ખાંડવપ્રસ્થમા રહેતા હતા. તેમની રાજધાની પાસે ખાંડવ નામે એક મોટુ વન હતું, તે કૃષ્ણ અને અર્જુને બાળી મૂક્યુ તેનુ વર્ણન નીચે આપ્યુ છે, તે શીળા પહોરના ગપાટા જેવુ લાગે છે

અસલના વખતમા શ્વેતકિ નામનો એક રાજા હતો તે યજ્ઞો બહુ કરતો તેને યજ્ઞો કરાવતા કરાવતા ઋત્વિક્ બ્રાહ્મણો પણ થાકી ગયા, અને તેઓએ સાફ કહ્યુ કે હવે અમારાથી એ કામ નહિ થઈ શકે, તમે રૂદ્ર પાસે જાઓ રાજા રૂદ્ર પાસે ગયો તેણે કહ્યુ, "યજ્ઞ કરાવવો એ મારૂ કામ નથી, બ્રાહ્મણોનુ છે દુર્વાસા નામનો બ્રાહ્મણ છે, તે મારો જ અશ છે, માટે હુ તેને તે વિષે ભલામણ કરી દઉં છુ" રૂદ્રની ભલામણથી દુર્વાસાએ રાજાને યજ્ઞ કરાવ્યો પરતુ એ યજ્ઞ બહુ જબરો હતો બાર વરસ સુધી નિરતર અગ્નિમા ઘીની ધારા પડયા જ કરતી ઘી ખાઈ ખાઈને અગ્નિને અપચો થયો, તેથી તે બ્રહ્મા પાસે ગયો અને કહ્યુ કે, "મહારાજ! ખાઈ ખાઈ મારૂ શરીર બહુ ગ્લાનિને પામ્યુ છે, માટે તેનો શો ઉપાય?" બ્રહ્માએ દવા બતાવી તે એ નિયમે કે ઝેરનો ઉતાર ઝેર. તેણે કહ્યુ "ઠીક, ખાવાથી પીડા થઈ આવી છે, માટે ઉલટુ વધારે ખાતુ ખાંડવ વન આખુ ખાઈ જા, તારી પીડા જતી રહેશે" તે સાભળી અગ્નિ ખાંડવ વન ખાવા લાગ્યો ચારે તર-

ફથી સડમડાટ કરતુ વન લાગી ઉઠયુ, પરતુ વનમા અનેક જીવજન્તુ રહેતા હતાં, તેમાથી હાથીઓએ સુંઢમા ભરીભરી અને નાગોએ પોતાની ફેણ પર ઉંચકી ઉંચકી પાણી આણ્યુ, અને એ રીતે સૌએ મળી આગ હોલવી નાખી એ પ્રમાણે સાત વાર આગ લાગી અને સાત વાર હોલવાઈ, તેથી કંટાળી અતે અગ્નિએ બ્રાહ્મણનુ રૂપ લીધુ ને કૃષ્ણ તથા અર્જુન પાસે ગયો ને કહ્યુ કે "મારૂ પેટ બહુ મોટુ છે, ને મારે ખાવા ઘણુ જોઇએ છે, માટે તમે મને ખવડાવી શકશો ?" તેઓએ હા કહી, તે ઉપરથી તેણે પોતાના અનુભવની વાત કહી વિનતિ કરી કે "મારે ખાંડવવન ખાવુ છે, હુ ખાવા ગયો હતો પણ ઇન્દ્રે વૃષ્ટિ કરી મને તેમ કરતો અટકાવ્યો અને ખાવા દીધુ નહિ." એટલે કૃષ્ણ ને અર્જુન અસ્ત્ર ધારણ કરી વનને બાળવા ગયા ઇન્દ્રે ત્યા આવી વૃષ્ટિ કરવા માડી, પણ અર્જુનના બાણને જોરે તે વૃષ્ટિ બધ થઈ ગઈ એ કેમ બન્યુ તે આપણે કળિયુગના માણસોને સમજાય નહી, નહિતર લીલા દુકાળમા પાક બચાવી લેત. દેવવાણીની એ મજા ક્યાથી આવી તેનો કંઈ વિચાર કરવાનો નથી, એ તો એમ જ થાય ઠીક, આ વૃષ્ટિ બધ થતા ઇન્દ્ર અર્જુન ઉપર ચીઢાયો અને તેની સામે યુદ્ધ કરવા આવ્યો અને બધા દેવતાઓ પણ તેની મદદે આવ્યા, પરતુ અર્જુનને પહોચી વળવાની કોઈનામા તાકાત હતી નહિ ઇન્દ્રે તેના પર પહાડ ગબડાવી પાડયો, તો અર્જુને પોતાના બાણ વડે તે પહાડના ચૂરેચૂરા કરી નાખ્યા. છેવટે ઇન્દ્રે વજ્રના પ્રહાર કરવા માડયા, ત્યારે દેવવાણી થઈ કે એ તો નરનારાયણ ઋષિઓ છે તે વાણી સાભળી દેવતાઓ જતા રહ્યા, અને તેથી કૃષ્ણ ને અર્જુન પોતાની મરજી પ્રમાણે વન બળવા દેવામા મડયા રહ્યા. આગની બીકથી પશુપક્ષીઓ નાસતા હતા તેનો તેઓ નાશ કરતા હતા, તેની ચરબી, માસ ખાઈ અગ્નિનો મદાગ્નિ સુધરી ગયો, ઝેરે ઝેરને હણ્યુ, અગ્નિએ કૃષ્ણ અને અર્જુનને વરદાન આપ્યુ હારી ગયલા દેવતાઓએ પણ તેમને વરદાન આપ્યુ. અને સૌ ખુશી થઈ ઘેર ગયા

" વાચનારે જોયુ હશે કે કૃષ્ણને કોઈ જગ્યાએ વિષ્ણુનો વાળ, તો કોઈ જગ્યાએ નરનારાયણ ઋષિ, તો કોઈ જગ્યાએ વિષ્ણુનો અવતાર કહ્યા છે, એ વાતનું ખંડન કરવાની જરૂર નથી.

આવી શીળા પહોરની ગપ ઉપર પાયો રચી ઐતિહાસિક સમાલોચકનુ કામ કરવુ, એ તદ્દન હાસીભરેલુ છે વળી કૃષ્ણને સબધે એમા સારૂ માઠુ પણ કાંઈ કહેલુ નથી, તેથી એ વિષય પડતો નાખીએ તો પણ અડચણ નથી એ વાતમા કાંઈ પણ સચ્ચાઈ હોય તો તે એટલી જ છે કે પાંડવોની રાજધાની પાસે એક મોટુ જગલ હતુ તેમા બહુ હિસક પશુઓ રહેતા હતા, તેથી કૃષ્ણ ને અર્જુને તેને દવ લગાડી તે પશુઓનો નાશ કરી જગલ ખેડી શકાય તેવુ આબાદ કર્યું તેમ કરવામા કૃષ્ણ તથા અર્જુનની ઇતિહાસ સબધે કીર્તિ કે અપકીર્તિ થતી નથી જગલવાળા પ્રદેશમા રહેનારા ખેડુતો હમ્મેશ તેમ જ કરે છે

પરતુ એ કથા હાથ ધરવાનુ એક બીજુ કારણ છે ખાંડવદાહપ્રકરણનો મોટો ભાગ વખતે ત્રીજા થરના વખતનો હશે, પરતુ એ સ્થૂલ બનાવની કાંઈ પણ સૂચના આદિ મહાભારતમા નથી એમ નથી પર્વસગ્રહ અને અનુક્રમણિકા અધ્યાયોમા એ પ્રસગ છે, અને એ જ ખાંડવદાહમાથી સભાપર્વની ઉત્પત્તિ થાય છે એ વનમા મય નામનો દાનવ રહેતો હતો, અને તેને પણ બળી મરવાનો વખત આવ્યો હતો તેણે અર્જુનની પ્રાર્થના કરી પોતાનો પ્રાણ બચાવ્યો, કારણ શરણાગતની રક્ષા કરવી, એ તે પોતાનો ધર્મ સમજતો હતો એ ઉપકારનો બદલો વાળવા મય દાનવે પાંડવો માટે બહુ ઉંચા પ્રકારનો સભામડપ બનાવી આપ્યો એ સભામડપ ઉપરથી સભાપર્વવાળી કથાનો પ્રસગ ઉત્પન્ન થયો છે

હવે સભાપર્વ મહાભારતમા અઢાર પર્વોમાનુ એક છે. મહાભારતના યુદ્ધનુ બીજ એમા જ રોપાય છે, અને તેથી તે તદ્દન મહાભારતમાથી બાદ કરી શકાય નહિ, અને એમ હોવાથી તેમાની કેટલીક હકીકત માનવા લાયક અને ઐતિહાસિક અને કેટલી કાઢી નાખવા જેવી છે તે નક્કી કરવુ જોઇએ સભામડપ અને રાજસૂયયજ્ઞને અસલ તથા ઐતિહાસિક ગણવામા કોઈ રીતની અડચણ દેખાતી નથી, અને જો મડપનુ અસ્તિત્વ ઇતિહાસ સાબિત કરી ચૂકે તો પછી તે મડપનો બાધનારો પણ કોઈ બીજો હોવો જોઇએ, અને તે મય દાનવ જ હોવો જોઈએ. તે અનાર્ય—જગલી—જાતનો હશે તેથી તેને દાનવ કહેતા હશે

એમ પણ બની શકે કે તે દુ ખમા આવી પડેલો હોય ને અર્જુનની સહાયતાથી તેનો જીવ બચ્યો હોય, અને તેથી કૃતજ્ઞતાની લાગણીને લીધે તેણે આ ઇજિનેરી કામ કર્યું હોય જો એ વાત બની શકે એમ હોય, તો પછી તે કેવી રીતે મુશ્કેલીમા આવી પડેલો ને અર્જુને તેને કેવી રીતે બચાવેલો તેનો પત્તો માત્ર ખાંડવદાહમાથી જ મળી શકે છે. એ વાત ખરી છે કે આ બાબતમા આપણે કેવળ અધકારમા ફાફા મારવા પડે છે, પણ પ્રાચીન ઈતિહાસના ઘણા તત્ત્વો એ જ પ્રમાણે અંધકારથી છવાઈ રહેલા છે.

વખતે એમ પણ બને કે મય દાનવની આખી વાત કવિએ પોતાના મગજમાથી જ ઉપજાવી કાઢી હોય તે ગમે તેમ હોય પણ તે ઉપરથી કૃષ્ણ ને અર્જુનની જે વર્તણુક કવિએ ચીતરી છે તે બહુ મનોહર છે, માટે તે જોયા વગર ચાલે તેવુ નથી મય દાનવને પ્રાણ-દાન મળવાથી તેણે અર્જુનને કહ્યુ "આપે મારૂ પરિત્રાણ કર્યું છે, તો મને આજ્ઞા કરો કે આપના ઉપકારનો બદલો હુ શી રીતે વાળુ ?" અર્જુને કહ્યુ "મારે કશો બદલો જોઇતો નથી. મારા ઉપર માત્ર પ્રીતિ રાખજે." પણ મય દાનવ એટલેથી પતે તેવો નહતો તેને કાઈ પણ કામ કરી બતાવવુ હતુ તેથી અર્જુને તેને કહ્યુ "હે કૃતજ્ઞ ! મોતના મોઢામાથી તુ છૂટયો છે, માટે તુ ઉપકારનો બદલો વાળવા માગે છે, પણ તે જ સબબને લીધે મારે તારી પાસેથી કાઈ પણ કામ કરાવ-વાની ઇચ્છા નથી " આનુ નામ તે નિષ્કામ ધર્મ, નિ સ્વાર્થી ધર્મ ખ્રીસ્તી યૂરોપમા એ કોઈ ઠેકાણે દેખાતો નથી. બાઇબલમા જે ધર્મ બતાવ્યો છે, તેની મતલબ સ્વર્ગ અથવા ઇશ્વરની પ્રીતિ મેળવવા એ છે. અર્જુનના વાક્યના પાછલા ભાગમાથી એ નિષ્કામ ધર્મ વધારે સ્પષ્ટ થાય છે. એ ઉપકારના બદલામા કાઈ પણ કામ કરશે ત્યારે જ મયના મનને શાતિ થશે એવુ જાણીને તેને નિરાશ ન કરવો એવી અર્જુનની ઇચ્છા થઈ, તેથી તેણે કહ્યુ "તારો અભિલાષ વ્યર્થ કરવો, એવી મારી ઇચ્છા નથી, તેથી તુ કૃષ્ણનુ કામ કરી આપ, તે હુ મારૂ જ કામ થયલુ સમજીશ," એટલે કે જો તારી પાસે કાઈ કામ કરાવવુ જ પડે

તો તે મારે માટે તો નહિ જ, બીજાને જ માટે હુ તો એ ઉપકારનો બદલો નહિ જ લઉ પછી મયે કૃષ્ણને પ્રાર્થના કરી, કે મને કાંઈ પણ કામ કરવાની આજ્ઞા આપો મય એ “ દાનવકુળનો વિશ્વકર્મા ” એટલે મુખ્ય મીસ્રી–Chief Engineer–હતો કૃષ્ણે પણ તેને પોતાનુ કાંઈ કામ તો કરવાનુ કહ્યુ જ નહિ તેણે કહ્યુ “ યુધિષ્ઠિરને સારૂ એક સભા બનાવ, અને તે પણ એવી બનાવ કે માણુસ જાત કોઈ દહાડો તેનુ અનુકરણ કરી શકે નહિ ” આ કામ કૃષ્ણનુ પોતાનુ હતુ એમ કહીએ તો ચાલે આપણે આગળ જોયુ છે કે કૃષ્ણે પોતાની જીદગીમા બે જ કામ કરવા ધાર્યા હતા, ધર્મપ્રચાર, અને ધર્મરાજ્યનુ સસ્થાપન હજુ સુધી પહેલા વિષય માટે તે કાંઈ ઝાઝુ કરી શક્યા નહતા, પરતુ આ સભા બનાવવાનુ કામ તે એ ધર્મરાજ્યના સસ્થાપનનુ પ્રથમ સૂત્ર હતુ એમના એ આશયની પહેલવહેલી નિશાની–પગલી–આપણને અહિ હાથ લાગે છે યુધિષ્ઠિરને સારૂ સભામડપ બન્યા પછી જે જે સઘળા બનાવો બન્યા તેનુ છેવટ પરિણામ ધર્મરાજ્યનુ સસ્થાપન એ થયુ ખરૂ જોતા એ કામ તો આખા જગતનુ અને જગત્ સબધી હતુ, પરતુ એ કૃષ્ણનો પોતાનો ઉદ્દેશ હતો અને તેથી એક રીતે તે તેમનુ પોતાનુ જ કામ હતુ

પાછલા અધ્યાયમા સમાજસસ્કરણ વિષે બોલવુ થયલુ આપણે જોયુ છે કે સમાજસુધારક Social Reformer થવા તેમણે પ્રયત્ન કરેલો નથી પોતાના દેશનુ નૈતિક અને રાજનૈતિક પુનર્જીવન–Moral and Political Regeneration–ધર્મપ્રચાર અને ધર્મરાજ્યસસ્થાપન, એ જ તેમનો ઉદ્દેશ હતો એ થાય તો સમાજ–સુધારો એની મેળે જ થઈ આવે, અને એ ન હોય તો કોઈ દિવસ પણ એવો સુધારો થાય નહિ આદર્શ મનુષ્ય એ વાત જાણે છે અને તેથી માત્ર ઝાડની ડાળ ઉપર પાણી સીંચી તેના ફળ મેળવવા ઇચ્છા કરતો નથી આપણે તે સમજતા નથી, અને સમાજનો સુધારો એ તેનાથી કાંઈ જૂદી બબત સમજી નકામો ખળભળાટ કરી મૂકીએ છીએ, કારણ સુધારાવાળામા પોતાનુ નામ ખપાવે તો માણસને બહુ નામના મળે છે, અને તેમા પણ ઇંગ્રેજી રીત પ્રમાણે સુધારો કરનારની આબરૂમા તો કાંઈ મણા જ

રહેતી નથી એ સઘળા માણુસો એટલું જ ધ્યાનમા રાખે કે રાજનૈતિક ઉન્નતિનુ મૂળ ધર્મની ઉન્નતિ છે, તો બસ છે તે હશે તો બીજા બધા સુધારા એની મેળે થશે

પ્રકરણ ૫મુ

કૃષ્ણની માનુષતા

કૃષ્ણચરિત્રની આ સમાલોચના–Review–મા માત્ર કૃષ્ણની માણુસ તરીકેની પ્રકૃતિનો વિષય જ ચર્ચ્યો છે તે ઇશ્વિર ખરા કે નહિ, તે વિષે કાંઈ પણુ કહ્યુ નથી, તે વાત જોડે વાચનારને કાંઈ સબધ નથી, કારણ કે મારો એ મત હોય એથી કાંઈ બધાયે એ જ મત ગ્રહણ કરવો જોઈએ, એવો આગ્રહ કરી શકાય નહીં એ તો દરેકના મનની, મરજીની વાત છે, એમા કાંઈ જબરદસ્તી ચાલે નહીં સ્વર્ગ એ કાંઈ જેલખાનુ નથી, તેમ સ્વર્ગને એક પણુ દરવાજો નથી એમ ન કહેવાય હા, ધર્મ એક છે પણુ તેને પહોચવાના ઘણુા માર્ગ છે. કૃષ્ણભક્તો અને ખ્રીસ્તીઓ બન્નેય ત્યા પહોચી શકે છે, માટે જો કોઈ કૃષ્ણધર્મને ન માને તો તેથી તેને પાપી નહીં કહેવાય, તેમ તેથી ઉલટુ કૃષ્ણદ્વેષીઓ અને ચુસ્ત વૈષ્ણવોએ આપણને પાખડી ન ગણવા જોઈએ. અહિ તેમને આદર્શ મનુષ્ય તરીકે બતાવ્યા છે, જેનો અર્થ એવો થાય છે કે મનુષ્યના કરતા વિશેષ શક્તિ, અથવા માણુસની પ્રકૃતિ કરતા બીજું કાંઈ વિશેષ તેમનામા હતુ નહિ આગળ કહ્યુ છે કે એમ બની શકે કે લોકશિક્ષાને માટે ઇશ્વિર પોતે માણુસનુ રૂપ લઈ દુનીઆમા જન્મે અને જો તેમ થાય તો પછી તે માત્ર માણુસની શક્તિથી જ દુનીઆમા માનુષિક કામ કરી શકે માણુસોને હાથે થતા સાધારણુ કામ તેનાથી કોઈ બીજી અલૌકિક શક્તિ વડે થઈ શકે નહિ, કારણુ માણુસમા તેવી અલૌકિક શક્તિ જ નથી અને તેથી જે તે શક્તિનો લાભ લઈ પોતાનુ કામ કરે તે આદર્શ મનુષ્ય થઈ શકે જ નહિ. જે શક્તિ માણુસમા હોય નહિ તેનુ

અનુકરણ માણસ શી રીતે કરી શકે* ?

એટલે, અગર જો કે શ્રીકૃષ્ણ ઇશ્વરનો અવતાર હોય તો પણ તેમનાથી કોઈ રીતનું અલૌકિક કામ કે અમાનુષી કાર્ય થઈ શકે એવું સંભવતુ નથી મહાભારતમા જે જે સ્થળે કૃષ્ણને માથે અલૌકિક શક્તિ

* We forget that Christ incarnate was such as we are, and some of us are putting him where he can be no example to us at all Let no fear of losing the dear great truth of the divinity of Jesus make you lose the dear great truth of the humanity of Jesus He took upon himself our nature, as a man of the like passions, he fought that terrible fight in the wilderness, year by year, as an innocent man was he persecuted by narrow-hearted Jews, and his was a humanity whose virtue was pressed by all the needs of the multitude and yet kept its richness of nature, a humanity which though given up to death on the cross, expressed all that is within the capacity of our humanities, and if we really follow him we shall be holy even as he is holy " Sermon by Dr Brookly, delivered at Trinity Church, Boston, March 25th, 1885.

"આપણે એ વિસરી જઇએ છીએ કે મૂર્ત્તિમત (સજીવ) ક્રાઇસ્ટ આપણે જેવા મનુષ્ય છીએ તેવો જ હતો, અને આપણામાના કેટલાક આપણને બિલકુલ દૃષ્ટાન્તરૂપ ન થાય એવા સ્થાને તેને ઉંચો ચઢાવીએ છીએ. જીસસના દિવ્યપણારૂપી વહાલા મોટા સત્યને ખોવાના કોઈ ભયથી જીસસની માનવતાના વહાલા મોટા સત્યને આપણે ગુમાવવા જેવુ ન કરવુ જોઇએ તેણે આપણી પ્રકૃતિ ધારણ કરી હતી, આપણા જેવી વૃત્તિઓવાળા મનુષ્ય તરીકે અરણ્યમા તે ભયંકર લડત લડયો; વર્ષો પર્યંત એક નિર્દોષ મનુષ્ય તરીકે સાંકડા મનના યાહુદીઓએ તેની ઉપર સીતમ ગુજાર્યા, અને તેની માનવતા એવી હતી કે, જેના સદ્ગુણ ઉપર જનસમૂહની સઘળી હાજતોએ દબાણ કર્યું અને તે છતા તેણે પ્રકૃતિની પોતાની ઉચ્ચતા જાળવી રાખી, જેની એવી માનવતા હતી કે જેણે જો કે ક્રોસ ઉપર મરણને શરણ થવું પડયુ છતા આપણી માનવતાના સામર્થ્યમા રહેલા સઘળા તત્ત્વોને પ્રકટ કર્યા, અને એ ખરેખર તેને આપણે અનુસરીએ તો તે જેવો પવિત્ર છે તેવા પવિત્ર આપણે થઇએ"

—બોસ્ટનના ટ્રીનીટી ચર્ચમા ડૉ બ્રુકલીએ આપેલો ઉપદેશ.

શ્રી કૃષ્ણને માટે પણ અમારૂ કહેવું એ જ છે

વાપર્યાનો આરોપ મકાયો છે, તે તે સઘળો ભાગ અસલ કે પાછળથી ઉમેરાયલો છે તેનો યથાસ્થાને વિચાર થશે. અત્રે એટલુ જ કહેવુ બસ થશે કે કૃષ્ણે પોતે પોતાને કોઈ જગ્યાએ ઇશ્વર તરીકે ઓળખાવ્યા નથી † કોઈ જગ્યાએ તે એવુ જણાવતા નથી કે મારામા માણસથી અધિક શક્તિ છે. કોઈ તેમને એમ કહેતુ કે તમારામા ઇશ્વરી શક્તિ છે, તો પોતે તે વાતને ટેકો આપતા નહિ, તેમ જ પોતે એવુ કાઈ પણ આચરણ કરતા ન હતા કે જેથી તેમનો તે વિચાર દૃઢ થાય. એક જગ્યાએ તો તેમણે ચોખ્ખુ જ કહ્યુ છે કે, મારાથી બને તેટલો—મનુષ્યથી બની શકે તેટલો—પ્રયત્ન હુ કરીશ, પરતુ મારાથી દૈવી કર્મ કરવાનુ કોઈ રીતે શક્યજ નથી.*

યત્નપૂર્વક મનુષ્યને ઉચિત એવા આચાર તથા વ્યવહાર તે આચરતા. જેના મનમા એમ હોય કે હુ દેવતા તરીકે ઓળખાઉ, તેના આચારો માણસ જાતના આચારો કરતા કાઈક ચઢીઆતા હોય, પણ કૃષ્ણનો એવો ભાવ ક્યાઈ પણ જોવામા આવતો નથી. આના ઉદાહરણ તરીકે, ખાંડવદાહ પછી યુધિષ્ઠિર પાસે રજા લઈ, તે પાછા દ્વારકા ગયા તે વખતનુ એમનુ આચરણ જોવુ બસ થશે તે તદ્દન માનુષિક હતુ એમ જણાઈ આવશે

"વૈશપાયને કહ્યું—પાંડવોએ પ્રીતિપૂર્વક તેમની પૂજા કર્યા પછી ભગવાન્ વાસુદેવ કેટલાક દિવસ ખાંડવપ્રસ્થમા રહ્યા આખરે પિતાને મળવા ઘણા ઉત્સુક થવાથી ઘેર જવાની ઇચ્છા બતાવી પ્રથમ ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞા માગી, પછી કુતી ફોઈને પગે પડયા તે પછી પોતાની બ્હેન સુભદ્રાને મળવાની ઇચ્છાથી તેની પાસે ગયા અને તેને અર્થવાળા, યથાર્થ, હિતકારી અને જેનુ ખડન ન થાય એવા નાના

† જે એક બે જગ્યાએ કહ્યુ છે તે ભાગ પાછળથી ઉમેરાયલો છે, એવુ આગળ જતા સાબિત થશે

* अहं हि तत् करिष्यामि परं पुरुषकारतः ।
दैवं तु न मया शक्यं कर्म कर्तुं कथञ्चन ॥
उद्योगपर्व, ७७ अध्याय.

પ્રકારના અલ્પાક્ષર વચન કહ્યા મીઠાબોલી સુભદ્રાએ પણ માતા વગેરે સગા સબધીને સદેશો કહેવાડી ફરી ફરીને શ્રીકૃષ્ણની પૂજા કરી તેમને પ્રણામ કર્યા તે પછી તેની રજા લઈ વૃષ્ણિવશના ભૂષણ શ્રીકૃષ્ણ દ્રૌપદી તથા ધૌમ્યાચાર્ય પાસે ગયા ધૌમ્યને યથાવિધિ વદન કરી, દ્રૌપદી સાથે સભાષણ કરી, તેની રજા લઈ, અર્જુનની સાથે ત્યાથી યુધિષ્ઠિર આદિ ચાર ભાઈઓ પાસે આવ્યા ત્યા દેવતાઓની મ'ધ્યમા જેમ ઈન્દ્ર શોભે તેમ પાચ પાંડવોની મધ્યમા ભગવાન્ વાસુદેવ શોભવા લાગ્યા

"ત્યાર પછી પ્રયાણસમયે કરવાના કાર્યની ઇચ્છા થતા શ્રીકૃષ્ણે સ્નાન કરી અલકાર ધારણ કર્યા અને માળા ફેરવી, જપ તથા નમસ્કાર કરી, નાના પ્રકારના ગધદ્રવ્ય વડે દેવ અને બ્રાહ્મણોની પૂજા કરી એ પ્રમાણે એક પછી એક તે સમયને યોગ્ય સર્વ કાર્યથી પરવારી દરવાજા બહાર નીકળ્યા સ્વસ્તિવાચન કરવા બ્રાહ્મણો દધિપાત્ર, સ્થલપુષ્પ, અક્ષત વગેરે માગલિક દ્રવ્યો હાથમા લઈ ત્યા આવી પહોચ્યા શ્રી કૃષ્ણે દાન આપી તેમની પ્રદક્ષિણા કરી પછી જેવા, ગદા, ચક્ર, ખડ્ગ, શાર્ઙ્ગ ઇત્યાદિ અસ્ત્રશસ્ત્ર લઈ ઉત્કૃષ્ટ તિથિ અને નક્ષત્રના યોગવાળા મુહૂર્ત્તે ગરૂડના ચિહ્નવાળી ધ્વજા જેના પર ઉડે છે તેવા, વાયુવેગે જનાગ, સુવર્ણના રથમા બેસી, પોતે પોતાના નગર તરફ ચાલવા માડે છે એટલામા સ્નેહને વશ થઈ, મહારાજ યુધિષ્ઠિર રથ ઉપર ચઢી ગયા અને દારુક સારથિને ઉઠાડી, તેને બીજે ઠેકાણે બેસાડી, પોતે સારથિ બની લગામ હાથમા લીધી મહાબાહુ અર્જુન પણ ઉપર ચઢી ગયા અને સુવર્ણની દાડીવાળા શ્વેત ચામર વડે પખો કરતા કરતા શ્રી કૃષ્ણની પ્રદક્ષિણા કરી મહા પ્રતાપવાન ભીમસેન, નકુલ અને સહદેવ, ઋત્વિક્ અને પુરોહિતોને સાથે લઈ તેમની પાછળ ચાલવા લાગ્યા. શિષ્યો પાછળ ચાલતા હોય તેથી જેમ ગુરૂ શોભે તેમ યુધિષ્ઠિર આદિ ભાઈઓ પાછળ ચાલતા હતા તેથી શત્રુનો સહાર કરનાર વાસુદેવ શોભતા હતા પછી તેમણે અર્જુનની રજા માગી અને તેને ગાઢ આલિગન દીધુ, યુધિષ્ઠિર અને ભીમસેનની પૂજા કરી અને નકુળ તથા સહદેવ સાથે સભાષણ કર્યું. યુધિષ્ઠિર, ભીમસેન તથા અર્જુને તેમને આલિગન દીધુ અને નકુળ

તથા સહદેવે તેમને પ્રણામ કર્યા. પછી ધીમે ધીમે અર્ધું જોજન સુધી ગયા, એટલે શત્રુનો સંહાર કરનાર શ્રી કૃષ્ણે યુધિષ્ઠિરને વિદાય થવા કહ્યું અને પગે લાગ્યા ધર્મરાજ યુધિષ્ઠિરે પતિતપાવન શ્રી કૃષ્ણને ઉઠાડી તેમનું મસ્તક સુંઘ્યું અને ઘેર સીધાવવાની રજા આપી પછી ભગવાન વાસુદેવે પાછા આવવાનું વચન આપી પાંડવોને મહા મહેનતે વિદાય કર્યા અને દેવતાઓનો રાજા ઈન્દ્ર જેમ અમરાવતી તરફ જાય તેમ શ્રી કૃષ્ણે દ્વારકા તરફ ચાલવા માંડયું જ્યાં સુધી કૃષ્ણ નજર બહાર ગયા નહિ ત્યાં સુધી પાંડવો એકી ટશે (આંખનો પલકારો માર્યા વિના) તેમની તરફ જોઈ રહ્યા અને તેમનું મન તેમની પાછળ ગયું. કૃષ્ણને જોતા જોતા તેમના મનને તૃપ્તિ થઈ નહિ ને કૃષ્ણ તો તેમની નજર બહાર ચાલ્યા ગયા પછી કૃષ્ણ નજરે ન પડવાથી નિરાશ થઈ તેમનું ચિંતન કરતા કરતા તેઓ ઘર તરફ પાછા ફર્યા. દેવકીનંદન કૃષ્ણ, તેમના માંથી મહાશૂરવીર સાત્વત્ અને સારથિ દારૂક સહિત વેગવાળા ગરૂડ જેવી ઝડપથી દ્વારકા પાસે આવી લાગ્યા યુધિષ્ઠિર ભાઈઓ અને સગાસંબંધીઓને લઈને પોતાના નગરમાં દાખલ થયા પછી ભાઈઓને, પુત્રોને, અને બીજા સગાંને વિદાય કરી દ્રૌપદીની સાથે ખુશીખુશાલીમાં કાળ નિર્ગમન કરવા લાગ્યા આ તરફ શ્રી કૃષ્ણે પણ પરમ હર્ષથી દ્વારકામાં પ્રવેશ કર્યો અને ઉગ્રસેન વગેરે શ્રેષ્ઠ યાદવોએ તેમની પૂજા કરી નગરમાં પેસતા વાસુદેવે પ્રથમ વૃદ્ધ પિતા આહુકને અને શ્રીમતી દેવકી માતાને અને બળભદ્રને પ્રણામ કર્યા. તે પછી પ્રદ્યુમ્ન, શામ્બ, નિશઠ, ચારૂદેષ્ણ, ગદ, અનિરૂદ્ધ અને ભાનુને આલિંગન દઈ વૃદ્ધોની આજ્ઞા લઈ રૂક્મિણીને મહેલે પધાર્યા ”

પ્રકરણ ૬ઠ્ઠું

જરાસંધના વધ સંબંધી મસલત

આણી તરફ સભામંડપ બંધાઈ રહ્યો અને યુધિષ્ઠિરે રાજસૂયયજ્ઞ કરવો, એવો વિચાર થવા માંડયો. સઘળાનો અભિપ્રાય યજ્ઞ તો કરવો જ

એવો થયો, પણ કૃષ્ણનો વિચાર જાણ્યા સિવાય તે મહાભારત કામ માથે લેવા યુધિષ્ઠિરની ઇચ્છા નહતી, કારણ કૃષ્ણ જ નીતિ શુ તે જાણતા હતા, પછી તેમણે કૃષ્ણને બોલાવવા માણસ મોકલ્યુ કૃષ્ણ પણ ખબર મળતા તરત જ ખાંડવપ્રસ્થ આવી પહોચ્યા

યુધિષ્ઠિરે તેમને પૂછ્યુ કે, "રાજસૂયયજ્ઞ કરવાની મારી ઇચ્છા છે, પરતુ માત્ર ઇચ્છા કરવાથી જ આ યજ્ઞ પૂરો થઈ જતો નથી એ કામ કેવી રીતે પાર પડે છે તે તમે જાણો છો તમને ખબર છે કે જે બધુ કરી શકે એવો હોય, જે સર્વત્ર પૂજ્ય હોય, જે આખી પૃથ્વીનો રાજા હોય, તે જ રાજસૂયયજ્ઞ કરવાને લાયક થાય છે"

યુધિષ્ઠિરની મતલબ કૃષ્ણને સવાલ પૂછવાની એ જ હતી કે "હુ એવો માણસ છુ કે નહિ, બધુ કરી શકે એવો હોય તેવો હુ છુ કે નહિ, હુ સર્વત્ર પૂજ્ય છુ કે નહિ? હુ આખી પૃથ્વીનો અધિપતિ છું કે નહિ?" તે જાણવુ યુધિષ્ઠિરે પોતાના ભાઈઓની મદદથી મોટુ રાજ્ય તો મેળવ્યુ હતુ પણ તેથી શુ તે એવો મોટો રાજા થઈ ગયો હતો કે જેથી તે રાજસૂયયજ્ઞ કરવાને લાયક થયો હોય? પોતાનુ ગૌરવ કેટલુ છે તેનો વિચાર પોતાને આવી શકે નહિ દાંભિક અને દુરાત્મા પુરુષો પોતાનુ મહત્ત્વ બહુ મોટા ગજથી માપી પોતે પણ કાઇક છે એમ સમજી સતોષ માને છે, પરતુ યુધિષ્ઠિર જેવો સાવચેત અને વિનયસપન્ન માણસ તેમ કરે તેવો જરા પણ સભવ નહતો* તેમણે મત્રિગણ તથા ભીમ, અર્જુન વગેરે પોતાના ભાઈઓને બોલાવી પૂછ્યુ હતુ કે, "કેમ, મારાથી રાજસૂયયજ્ઞ થઈ શકશે કે?" અને તેઓએ કહ્યુ હતુ, "જરૂર, શામાટે નહિ? તમે તે કરવાને યોગ્ય

---

* પાચે પાડવોનુ ચરિત્ર ઝીણી નજરે જોતા જણાઈ આવે છે કે, યુધિષ્ઠિરનો પ્રધાન ગુણ તેમની સાવચેતી (સાવધાનતા) હતી ભીમ દુ સાહસી, ગમાર જેવો હતો અર્જુન પોતાના બાહુબળનુ જોર જાણતો હોવાથી નિર્ભય અને નિશ્ચિત હતો યુધિષ્ઠિર હમ્મેશા સાવધાન રહેતા અને જગતમા સાવધાનતા એ જ ઘણી વખત ધર્મ ગણાય છે એ સાવધાનતા છતા યુધિષ્ઠિરની દ્યૂત રમવા ઉપર કેમ પ્રીતિ થઈ હતી અથવા તે વાત યુધિષ્ઠિરે કેમ પસદ કરી હતી તે બતાવવાની આ જગ્યા નથી.

છો " ધૌમ્ય. દ્વૈપાયન વગેરે ઋષિઓને બોલાવી પૂછતા તેમણે પણ કહ્યુ હતુ કે, " હા, તમારાથી થઈ શકશે, કારણ એ અનુષ્ઠાનને ઉપયુક્ત-પાત્ર તમે છો " તથાપિ હમ્મેશા સાવચેત અને સાવધાન રહેનાર યુધિષ્ઠિર જેવા માણસના મનને તે બાબતની ખાત્રી થયલી નહિ. ભલે અર્જુન એક વાત કહે, અને ભલે વ્યાસ તેને ટેકો આપે, પરતુ યુધિષ્ઠિરની ઓળખાણમાના મનુષ્યોમા જે સર્વોત્કૃષ્ટ મનુષ્ય તેને મોઢેથી એ બાબતનો જવાબ સાભળ્યા વિના યુધિષ્ઠિરનો સદેહ ભાગે તેમ નહતુ. તેથી તેમણે " મહાબાહુ, સર્વોત્તમ " કૃષ્ણની સલાહ લેવાનો નિશ્ચય કર્યો. કૃષ્ણ સર્વજ્ઞ અને સર્વકૃત્ છે તેથી તે જરૂર મને ખરી સલાહ આપશે જ એમ તેમની ખાત્રી હતી, તેથી જ તેમણે કૃષ્ણને તેડાવી મગાવ્યા, અને તે આવી પહોચ્યા પછી તેમને ઉપનો સવાલ પૂછ્યો, તેમ જ તે સવાલ પૂછવાનુ કારણ પણ ખુલ્લુ કરી દર્શાવ્યુ " મારા બીજા બધા સગાવહાલાઓએ એ યજ્ઞ કરવો એવી સલાહ આપી છે, પરતુ તમારો અભિપ્રાય જાણ્યા સિવાય તેમની સલાહ પ્રમાણે ચાલવુ નહિ, એવુ મે નક્કી કરી રાખ્યુ છે હે કૃષ્ણ! કેટલાક માણસો સગપણને લીધે આપણા દોષ કહી બતાવતા નથી, કેટલાક સ્વાર્થને લીધે સારૂ સારૂ બોલ્યા કરે છે, કેટલાક જેથી પોતાનુ હિત થાય તેવુ બોલી બોલી સારૂ લગાડે છે હે મહાત્મા! આ પૃથ્વી ઉપર એવી જાતના લોકોની સખ્યા જ વધારે છે, તેથી તેમની સલાહે કઈ કામ થઈ શકે નહિ તમારામા ઉપર જણાવેલા દોષ નથી, તમે કામક્રોધવિવર્જિત છો તેથી તમે જ મને યથાર્થ સલાહ આપો " વાચકે જોયુ હશે કે સગાવહાલા અને મિત્રો દરરોજ કૃષ્ણની રીતભાત, ચાલચલણ જોતા હતા તેમણે એમને વિષે કેવો મત બાધ્યો હતો અને હાલ આપણે તેથી ઉલટો તેમને માટે કેવો અભિપ્રાય બાધીએ છીએ! તેઓની જાણમા કૃષ્ણ કામક્રોધવિવર્જિત, સત્યવાદી,

* યુધિષ્ઠિરના મોઢામાંથી બરાબર આ જ શબ્દો નીકળેલા, અને તે કોઈએ લખી રાખી મહાભારતમા આ પ્રમાણે મૂક્યા છે, એમ અમારૂ કહેવું નથી અસલ મહાભારતમા તે વિષે શુ જણાવેલુ છે તે જ કહેવાની આ પુસ્તકની મતલબ છે

સર્વ દોષથી રહિત, સઘળામા ઉત્તમ, સર્વજ્ઞ અને સર્વકૃત્, હતા આપણે તેમને લપટ, દહિમાખણના ચોર, કુચાલવાળા, મિથ્યાવાદી, રિપુવશીભૂત, અને બીજા ઘણા દોષોથી ભરેલા જાણીએ છીએ અસલી ગ્રથોમા જેમને ધર્મના પરમ આદર્શ ગણેલા, તેમને જે લોકોએ આટલે બધે દરજ્જે ઉતારી પાડ્યા છે તે લોકોમા ધર્મનો લોપ થયલો હોય તો તેમા નવાઈ શી ?

યુધિષ્ઠિરે જે ધાર્યું હતુ તે જ થયુ અણગમતી પણ સાચી વાત જે કોઈએ કહેલી નહિ તે તેમણે યુધિષ્ઠિરને કહી તેમને ભલુ મનવવાનુ છોડી દઈ, તેમણે ચોખ્ખુ જ કહ્યુ કે, "તમે રાજસૂય યજ્ઞ કરવાને અધિકારી નથી, કારણ તમે સમ્રાટ્ એટલે શહેનશાહ અથવા રાજાઓના રાજા નથી હાલ તેવો તો મગધ દેશનો રાજા જરાસધ છે તેને જિત્યા વિના તમે રાજસૂયના અધિકારી પણ નહિ થઈ શકો, તેમ તમારાથી તે સપૂર્ણ થઈ શકશે પણ નહિ"

જેઓ કૃષ્ણને સ્વાર્થી તથા ઠગ કહેતા હશે તેઓ વખતે એમ કહેશે કે ઠગના ચરિત્રને એ યોગ્ય જ વાત કૃષ્ણે કરી જરાસધ તેમનો આગળનો શત્રુ હતો, કૃષ્ણ પોતે તેને દૂર કરી શક્યા નહતા અને તેથી હવે બરાબર લાગ આવેલો જોઈ બળવાન પાંડવો મારફતે તેનો વધ કરાવી, પોતાનુ કામ સાધી લેવા તેમણે આવી સલાહ આપી હશે

પણ હજુ એક વાત બાકી છે જરાસધ મોટો શહેનશાહ હતો અને વળી તૈમૂર અથવા પહેલા નેપોલીઅન જેવો તે જુલ્મી શહેનશાહ હતો આખી દુનીઆ તેના જુલમથી પીડાતી હતી જરાસધે પણ રાજસૂય કરવા માટે પ્રતિજ્ઞા લીધી હતી, અને પોતાના બાહુબળ વડે રાજાઓ સમસ્તને જિતી લઈ, જેમ સિહ કોઈ પર્વતની ખીણમા હાથીઓને કેદ કરી રાખે, તેમ તેણે તેમને પર્વત ઉપર આવેલા કિલ્લાઓમા કેદ રાખ્યા હતા રાજાઓને એ પ્રમાણે કેદ રાખવામા તેની એક ભયાનક મતલબ હતી તેનો ઈરાદો યજ્ઞ વખતે એ બધા રાજાઓના ભોગ આપી, મહાદેવને સતોષવાનો હતો. પૂર્વે કોઈ કોઈ વખત માણસોનું બલિદાન

યજ્ઞમા અપાતુ હતુ. એ સૌ જાણે છે* કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યુ "હે ભરતકુળના દીપક ! મોટા માનવતા રાજાઓ બલિપ્રદાનાર્થ કેદમા પકડાઈ જઈ, પશુની માફક પશુપતિને ઘેર મહા કષ્ટથી પોતાનુ જીવન ગાળે છે ક્રૂર જરાસધ જરૂર તેમનો વધ કરશે અને તેટલા જ માટે તેની જોડે યુદ્ધ કરવા પ્રવૃત્ત થવાની સલાહ હુ આપુ છુ એ દુરાત્માએ છયાશી ભૂપતિઓને તો પકડી આણ્યા છે, અને બીજા ચૌદને આણ્યા પછી તે બધાને મારી નાખશે હે ધર્માત્મા ! આ વખતે જે માણસ એ દુરાત્મા જરાસધના એ ક્રર કામમા વિઘ્ન નાખી શકશે તેના ગુણ ભૂમડળમા અખડ ગવાશે, અને જે એનો પરાજય કરી શકશે, તેને જ નિશ્ચય સામ્રાજ્ય એટલે શહેનશાહત પ્રાપ્ત થશે "

આ ઉપરથી જણાશે કે જરાસધને માટે જે સલાહ કૃષ્ણે આપી હતી તેમા તેમનુ પોતાનું હિત જરાએ નહતુ—યુધિષ્ઠિરનુ તેથી ઈષ્ટ થાય તેમ હતુ, છતા કૃષ્ણનો ઉદ્દેશ તે પણ નહતો કેદ પકડાયલા રાજાઓનુ હિત, જરાસધના જુલમથી દુખી થતા ભરતખડનુ હિત, સાધારણ લોકનું હિત, એ જ માત્ર તેમની મતલબ હતી કૃષ્ણ પોતે તો તે વખતે રવતક પર્વતના આશ્રય નીચે જરાસધના જોર અને સત્તાથી પણ અજેય—ન જિતી શકાય તેવા થઈ પડયા હતા, તેથી જરાસધના મોતથી તેમને કાઈ ઈષ્ટાનિષ્ટ હતુ જ નહિ જો તેમ હોય તો પણ લોકોનુ જેનાથી ભલુ થાય તેવી જ સલાહ આપવાને ધર્માનુસાર તેઓ બધાયલા હતા, પછી તે સલાહને અગે પોતાનો કાઈ સ્વાર્થ સિદ્ધ થતો હોય તો તેથી શુ ? આ કામ કર્યાથી લોકોનુ ભલુ થશે, તેમ થોડો મને પણ લાભ થશે, અને તેથી જો તે કામ કરવાની હુ કોઈને સલાહ આપીશ તો દુનીઆ મને સ્વાર્થી કહેશે. તેથી મારે તેવી સલાહ આપવી નહિ, આવી રીતનો જેને વિચાર આવે તે જ ખરેખરો સ્વાર્થપર અને અધાર્મિક છે એમ સમજવુ, કારણ તેણે પોતાની આબરૂનો

---

* તે સમયે નરબલિ ક્વચિત્ જ અપાતો, એ કઈ સાધારણ બનાવ નહતો. કૃષ્ણ એક જગ્યાએ કહે છે કે "મેં કોઈ જગ્યાએ પણ માણસનુ બલિદાન અપાયલું જોયુ નથી." ધાર્મિક માણસો એ ભયાનક પ્રથા સાખી જોતા પણ ન હતા.

જ વિચાર કર્યો, લોકહિતનો વિચાર કર્યો જ નહિ જે એનું કલંક-સ્વાર્થપરતાનું કલંક પણ માથે વહોરી લઈ દુનિયાનું ભલું કરે, તે જ આદર્શ ધાર્મિક મનુષ્ય કહેવાય શ્રીકૃષ્ણ સદા આદર્શ ધાર્મિક હતા.

યુધિષ્ઠિર પણ ચારે તરફ નજર રાખી કામ કરનાર માણસ હતા, તેથી જરા વારમા જરાસધ જોડે લડાઈ કરવા તૈયાર થાય તેવા ન હતા, પણ **ભીમ**ના મગરૂરીભરેલા અને જુસ્સાદાર, તેમ **અર્જુન**ના વીર્ય-શાલી વચન સાભળી, કૃષ્ણની સલાહથી છેવટ તે રસ્તો લેવાનુ તેમણે કબૂલ કર્યું જેની અગણિત સેનાના ભયથી બળવાન **યાદવો**ને રૈવતક પર્વતનો આશ્રય લેવો પડેલો તેને જિતવા માત્ર **ભીમ**, **અર્જુન** અને કૃષ્ણ એ ત્રણ જણે જ જવુ, એ કેવી રીતની સલાહ ? એ સલાહ આપનાર કૃષ્ણ. અને તે તેમણે પોતાના હમ્મેશાના આદર્શ ચરિત્રને અનુસરી જ આપેલી **જરાસધ** પોતે દુરાત્મા હતો, તેથી તે તો સજાને લાયક થયગો ગણાય, પણ તેના સૈનિકો, સિપાઈઓએ શો અપરાધ કરેલો કે તેમની સામુ લશ્કર લઈ જઈ લઢી, તેમનો વધ કરવો ? એમ લશ્કર સાથે લઢાઈ કરવાથી કેવળ નિર્દોષ મનુષ્યોની હત્યા થાય છે, એટલુ જ નહિ પણ ખરો અપરાધી માણસ બચી જાય છે **જરાસધ**નુ લશ્કર ઘણુ મોટુ અને **પાંડવો**નુ નાનુ હોવાથી તેઓ તેની બરોબરી કરી શકે તેમ હતુ નહિ તે વખતના ક્ષત્રિયો જો કોઈ તેમને દ્વૈરથ્ય યુદ્ધમા ઉતરવા-એટલે એકલે હાથે સામસામા લઢાઈમા ઉતરવા-duel રમવાનુ-વેણ સભળાવતુ યા તો તેડુ કરતુ તો તેને ના કહેવી, એ બાયલાપણુ સમજતા હતા,* તેથી કૃષ્ણનો બેત એવો હતો કે, નકામો લોકોનો મહાર ન કરતા તેમણે ત્રણ જણે જ માત્ર **જરાસધ** પાસે જઈ, તેને એકલે હાથે લઢાઈ કરવાનુ કહેવુ તે ત્રણ જણમાથી ગમે તે એક જણ જોડે તો તે જરૂર જ લઢાઈમા ઉતરવાની હા કહેશે તેમ થાય એટલે જેનુ શરીર વધારે મજબૂત, જેનુ સાહસ વધારે અને જેની કેળવણી વિશેષ તે જરૂર જિતવાનો જ આવી રીતની લઢાઈઓમા એ ચારે જણા શ્રેષ્ઠ હતા હવે જો કે આ પ્રમાણે યુદ્ધ કરવાનો વિચાર

---

* **કાલયવન ક્ષત્રિય નહતો**

કરી, એ ત્રણે જણા નીકળ્યા તોપણ સ્નાતક બ્રાહ્મણોનો છૂપો વેશ ધારણ કરી તેઓ ત્યાં ગયા, તેનું શું કારણ હશે તે સમજાતું નથી, કારણ છાનોમાનો જરાસંઘને પકડી મારી નાખવો, એ તેમનો ઈરાદો નહતો ગઢના બુરજ આગળ મૂકેલા નગારાના કકડે કકડા કરી નાખી, બુરજ ભાગી નાખી, શત્રુભાવે તેઓએ જરાસંઘની સભામાં પ્રવેશ કરેલો તેથી છૂપી રીતે કાંઈ કામ કરવું, એ તેમની મતલબ હોવી ન જોઈએ. કૃષ્ણ અને અર્જુનને એવો છૂપો વેષ જ અયોગ્ય હતો આ સિવાય એક બીજી પણ બાબત છે જે બહુ શોચનીય અને કૃષ્ણ તથા અર્જુનને શોભે નહિ તેવી છે જરાસંઘ પાસે ગયા પછી ભીમ અને અર્જુન "નિયમસ્થ" થઈ ગયા, એટલે કે તેમણે વાત કરવાની ના કહી, મુનિવ્રત લીધું હોય તેમ બતાવ્યું, તેથી જરાસંઘ જોડે વાતચીત કરવાનું કૃષ્ણને માથે આવી પડ્યું કૃષ્ણે કહ્યું "એ લોકોએ વ્રત લીધું છે તેથી હમણાં કોઈ જોડે વાતચીત કરશે નહિ પહેલી રાત ગયા પછી તમારી જોડે બોલશે" જરાસંઘ એ વાત સાંભળી તેમને યજ્ઞાલયમાં–યજ્ઞ કરવાની જગ્યામાં–ઉતારો આપી, પોતાને મહેલ ચાલ્યો ગયો, અને પાછો ફરી પાછલી રાત્રે તેમની પાસે આવ્યો

આમાં પણ એક જાતનું કળાકૌશલ્ય વાપરેલું જણાય છે, જોકે તે ઘણા ઉંચા પ્રકારનું નથી એને ચતુરાઈ કહીએ તો ચાલે, પરંતુ ધર્માત્માને છાજતી એ વર્તણૂક કહેવાય નહિ હવે એ કળાકૌશલ્ય અથવા ફંદનો ઉપયોગ કરવાની મતલબ શી હશે તે આપણે જોઈએ જે કૃષ્ણાર્જુનને આટલા બધા દિવસ થયા આપણે ધર્મના આદર્શ તરીકે ગણતા આવ્યા છીએ તેમની આ પ્રમાણે એકાએક અવનતિ–પડતી–તે કેમ થઈ? એ ચતુરાઈ કરવાની કાંઈ એવી મતલબ હોય કે જેના વડે પોતાનું ધારેલું કામ પાર પડે, એ ફંદ રમવાથી શત્રુનો ઘાત થાય એમ હોય તો તે આપણે સમજી શકીએ કે, એવા કળાકૌશલ્યનો આશ્રય એ લોકોએ તે માટે લીધો હશે, પણ જો તેમ જ હોય તો તો આપણે એટલું પણ કહેવું પડે કે, એ લોકો ધર્માત્મા તો કહેવાય જ નહિ જે રીતે કૃષ્ણના ચરિત્રને આપણે વિશુદ્ધ ગણતા આવ્યા છીએ તેવી રીતનું એ આચરણ નથી.

જે લોકોએ જરાસંધ-વધ-વૃત્તાન્ત પહેલેથી તે છેલ્લે સુધી વાંચ્યો ન હોય તે તો એમ જ કહેશે કે એ ચતુરાઈની મતલબ તો સહજ સમજાઈ જાય એવી છે મધ્ય રાત્રે જ્યારે જરાસંધ એકલો આવી મળે, ત્યારે તેના ઉપર એકાએક હુમલો કરી તેને મારી નાખવો એ જ તેમની મતલબ હોવી જોઈએ, અને તે પ્રમાણે જ્યારે રાત્રે જરાસંધ તેમની પાસે આવ્યો હશે ત્યારે તેમણે તેમ કર્યું જ હશે ખરૂ જોતા, એવી તેમની મતલબ હતી જ નહિ અને તેઓનો જ્યારે મધ્ય રાત્રે જરાસંધ જોડે મેળાપ થયો ત્યારે તેઓએ એવુ કાઈ કર્યું પણ નહિ તેઓ મધ્ય રાત્રે જરાસંધને મળ્યા, પણ એવો હુમલો કરવાનો પ્રયત્ન સરખો પણ તેમણે કર્યો નહિ મધ્ય રાત્રે યુદ્ધ પણ થયલુ નહિ, તે તો દિવસે જ થયલુ, તેમ છૂપી લઢાઈ પણ થયલી નહિ આખા શહેરના લોકની સમક્ષ યુદ્ધ થયલુ યુદ્ધ પણ એક દિવસ ચાલેલુ નહિ, ચૌદ દિવસ સુધી લંબાયલુ તેમ ત્રણ સાથે લઢેલા નહિ, પણ માત્ર એકએક જણ જરાસંધ સામે લઢાઈમા ઉતરેલો એકાએક જરાસંધ પર હુમલો કરેલો નહિ, પણ તેને લઢાઈમા ઉતરવા તૈયાર થવા ઘણો અવકાશ આપેલો વખતે આ યુદ્ધમા હુ મરી જઈશ તો પાછળથી પચાતી ન પડે, માટે તેણે પોતાના છોકરાને ગાદીએ સુદ્ધા બેસાડેલો એટલો બધો અવકાશ તેને આપવામા આવેલો જરાસંધને એ લોકો મળેલા તે વગર હથીઆરે વળી તેનાથી તેમણે કાઈ પણ છૂપુ રાખેલુ નહિ, કારણ તેણે તે બાબત સવાલ કરતા જ કૃષ્ણે પોતાનુ ઓળખાણુ આપેલુ લઢાઈ ચાલતી વખત જરાસંધનો ગોર લઢાઈમા કાઈ જખમ વગેરે થાય તેના ઉપાય કરવા સારૂ દવા લઈ તેની પાસે હાઝર રહ્યો હતો અને કૃષ્ણના પક્ષને તો તેવી જરાએ સહાયતા હતી નહિ, છતા એ યુદ્ધ અન્યાયી હતુ એવુ તેઓએ કહેલુ નથી લઢાઈમા જરાસંધને **ભીમે** બહુ હદ્દાની પીડા આપેલી, તેથી દયાવાન કૃષ્ણે ઉલટો તેમ કરતા **ભીમને** અટકાવેલો જેણે આ પ્રમાણે ચાલ ચલાવેલી, તેણે એ જ કામમા ચતુરાઈ, લુચ્ચાઈ શા માટે કરેલી ? તે એવી ઉદ્દેશ વગરની ચતુરાઈ કરે એવુ સભવે પણ ખરૂ ? જે મૂર્ખ હોય તે અલબત્ત એવી વગર મતલબની લુચ્ચાઈ કરે,

પરંતુ કૃષ્ણ ને અર્જુન ગમે તેવા હતા પણ બેવકૂફ નહના. એ વાત તો તેમના શત્રુઓ પણ કબૂલ કરે છે, અને જો તેમ છે તો આવા પ્રકારની લુચ્ચાઈની વાત આવી ક્યાંથી? આખા જરાસંધપર્વાધ્યાયની બીજી હકીકત જોડે જે વાત બંધબેસતી નથી, તે એમાં દાખલ શી રીતે થઈ ગઈ? એ કોઈએ તેમાં ગોઠવી દીધી હશે, એ સિવાય બીજો એનો ઉત્તર નથી, છતાયે તેનો આપણે વધારે વિચાર કરીએ

આપણે જોયું છે કે, મહાભારતમાં કોઈ જગ્યાએ આખો અધ્યાય તો કોઈ જગ્યાએ પર્વાધ્યાય પાછળથી દાખલ થઈ ગયલો છે અને તેમ જ્યારે અધ્યાય દાખલ થઈ જાય ત્યારે કેટલાક મૂળ અધ્યાયોમાં કેટલોક ભાગ યા કેટલાક શ્લોકો પણ પાછળથી શા માટે ઘુસાડી ન શકાયા હોય? એમાં અજબ થવા જેવું કશું નથી ઉલટું પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં બધે જ એવું થયું છે એ વાત જગજાહેર છે, તેથી જ વેદાદિની આટલી બધી જૂદી જૂદી શાખાઓ, રામાયણાદિ ગ્રંથોના જૂદા જૂદા પાઠો અને શકુન્તલા, મેઘદૂત વગેરે મુકાબલે નવા ગ્રંથોમાં પણ આટલો બધો પાઠફેર જોવામાં આવે છે એ બધા જ ગ્રંથોમાં અસલ ભાગમાં કાંઈ નહિ તો એક અથવા બે અથવા ચાર શ્લોક વચમાં વચમાં દાખલ થઈ ગયલા જણાય છે, તેમ જ મૂળ મહાભારતમાં પણ તેવું થયું હોય તો તેમાં નવાઈ જેવું કશુંએ નથી

હવે જે શ્લોક આપણા મતને મળતા ન હોય, તેનાથી ઉલટા હોય, તે સઘળા નવા ગણી તેને કાઢી નખાય નહિ કયા નવા અને ક્યા નહિ તેનું બરાબર નિદર્શન કરવું જોઈએ, અને જેમાં નવીનતાના ચિહ્ન બતાવી શકાય તે જ માત્ર કાઢી નાખવાનો આપણને અધિકાર રહે.

ઘણા પ્રાચીન કાળમાં જે થઈ ગયલો ભાગ તે શોધી કાઢવાને આભ્યંતરિક પ્રમાણ–Internal evidence–સિવાય બીજો રસ્તો નથી અને તે પ્રમાણમાં પણ સૌથી શ્રેષ્ઠ પ્રમાણ તે અસંગતિ–વિરોધ. જ્યારે કોઈ પુસ્તકમાં આપણે એવી વાત જોઈએ કે જે તે પુસ્તકના બીજા બધા અંશ જોડે બંધબેસતી ન હોય–તેનાથી વિરોધી હોય–ત્યારે તો એટલું નક્કીપણે કહી શકાય કે તે તે ગ્રંથ કરનાર યા લખનાર-

ની ભૂલ-ભ્રમ-પ્રમાદનુ પરિણામ હોવુ જોઈએ, યા તો તે પાછળથી દાખલ થયલી હોવી જોઈએ ભ્રમ અથવા પ્રમાદનુ પરિણામ કયુ અને નવો દાખલ થયલો અશ કયો, તે સહેલથી નક્કી થઈ શકે છે જેમ રામાયણની કોઈ નકલમા આપણે એવુ લખેલુ જોઈએ કે રામે ઉર્મિલા સાથે લગ્ન કર્યું તો તે નકલ કરનારની ભૂલ સમજીએ, પણ જ્યારે એવુ લખેલુ જોઈએ કે ઉર્મિલા જોડે લગ્ન કરવા માટે રામ-લક્ષ્મણને માહોમાહે તકરાર પડી અને છેવટે ઉર્મિલા લક્ષ્મણને જ આપવી એવો રામે નિશ્ચય કર્યો, ત્યારે આપણાથી એમ કહી ન શકાય કે એ માત્ર નકલ કરનાર યા ગ્રથ લખનારની ભૂલનુ પરિણામ હશે ભાઈઓભાઈઓના સૌહાર્દ-પ્રેમ-લાગણી બતાવવાના ઉત્સુક કોઈ રસિકના રમનુ એ પરિણામ, અને તે પાછળથી દાખલ થઈ ગયલુ હોવુ જોઈએ એમ કહી શકાય તેમ જ જરાસધપર્વાધ્યાયની આ કેટલીક બાબતો જેનો હાલ આપણે વિચાર કરીએ છીએ તે એ જ પર્વાધ્યાયના બીજા અશથી વિરોધી છે, એમ આપણે જોયુ છે તેમ તે ગ્રથ લખનાર યા નકલ કરનારની ભૂલ ગણીને કાઢી નખાય તેમ પણ નથી, અને તેથી તેને આપણે નવીન દાખલ થયલી કહી શકીએ,

આને માટે વખતે વાચક પ્રશ્ન કરશે કે, જો કોઈએ એવી બાબત દાખલ કરી દીધેલી હોય તો તે શુ એવો બેસમજ હશે કે અસલગ્રથ-બધ ન બેસે તેવો વિષય અદર દાખલ કરી દે? તેમ કરવામા તેની મતલબ શી હોય? આનો જવાબ એ છે કે, મહાભારતની રચનાના ત્રણ થર છે, તેનો છેલ્લો થર જૂદા જૂદા માણસોનો બનાવેલો છે, પરતુ અસલ મૌલિક થર માત્ર એક જ હાથની કૃતિ છે તેમ જ બીજો થર એ પણ એક જ હાથની રચના છે એ બન્ને થરના રચનાર શ્રેષ્ઠ કવિઓ હતા, પરતુ તેમની રચનાપ્રણાલિ, લખવાની શૈલી-ઢબછબ સ્પષ્ટ રીતે જૂદી જૂદી જાતની દેખાઈ આવે છે બીજો થર લખનાર છે, તેના કેટલાક ખાસ લક્ષણ છે યુદ્ધપર્વમા તો તેનો ઘણો જ હાથ છે, એ પર્વનો મોટો ભાગ તેની કલમથી જ લખાયલો છે, એ સઘળુ આગળ જતા આપણે જોઈશુ એ કવિની રચનાનાં

બીજા લક્ષણોમાં એક મુખ્ય લક્ષણ એ છે કે કૃષ્ણને ચતુરચુડામણિ–ચતુર (પહોંચેલા) માણસોનો સરદાર–બનાવવાની તેને બહુ હોંસ હતી કૃષ્ણને એવા વર્ણવવાનું તેને બહુ ગમતું હતું. બીજા બધા ગુણ કરતા બુદ્ધિનું કૌશલ્ય તેને બહુ મનભાવતું હતું એવા માણસો આજ પણ ઘણા મળી આવે છે,–ઘણા કેળવાયલા ઉચ્ચ જાતિના માણસો હાલ પણ મળી આવશે કે જેઓ કૌશલ્યવાળા, બુદ્ધિમાન, ચતુર નરોને જ મનુષ્યત્વના આદર્શ જેવા ગણે છે યૂરોપમા તો તેવા માણસો બધાને બહુ જ પ્રિય છે તેમનામાથી હાલની diplomacy મુસદ્દી વિદ્યાની ઉત્પત્તિ થઈ છે બિસ્માર્કને એક દિવસ આખી દુનીઆ વખાણતી હતી થેમિસ્ટોકિલસના કાળથી તે આજ સુધી એ વિદ્યામા જે ચાલાક તેને જ યૂરોપ વખાણતુ આવ્યુ છે Francis d' Assisi કે Imitation of Christ એ ગ્રંથ લખનારને પૂછે છે પણ કોણ? મહાભારતના બીજા કવિને પણ એ જ નમૂનાનો માણસ માન્ય હતો, તેમ કૃષ્ણના ઇશ્વરત્વ વિષે તેને પૂરેપૂરો વિશ્વાસ હતો, તેથી જ તેણે પુરૂષોમા ઉત્તમ એવા કૃષ્ણને ચતુરાઈથી પૂર્ણ બનાવ્યા દ્રોણહત્યા સબધે વિખ્યાત કથા જોડી કાઢનાર, જયદ્રથના વધવખતે સુદર્શન ચક્રથી સૂરજને ઢાકી દેનાર, કર્ણાર્જુનના યુદ્ધવખતે અર્જુનના રથનુ પૈડુ અટકી જવાથી તેના ઘોડાને બેસાડી દેનાર, તેમ જ કૃષ્ણની પાસે બીજા અદ્ભુત કામો કરાવનાર એ જ કવિ છે તેથી આ સ્થળે એટલુ જ કહેવુ બસ થશે કે જરાસધપર્વાધ્યાયમા આવી નહિ બધબેસતી, અર્થ વિનાની બાબતોના શ્લોક ઘુસાડી દેનાર તે જ હોવો જોઈએ, અને તેમ કરવામા તેની મતલબ માત્ર કૃષ્ણની ચતુરાઈ બતાવવાની જ હશે આ વિષે આટલી જ સાબિતી હોય તો વખતે એ હકીકત માનતા સશય રહે, પરતુ એ સિવાય એ અધ્યાયમા તેનો વિશેષ હાથ છે, એમ આપણે આગળ જતા જોઈશુ

પ્રકરણ ૭મું

કૃષ્ણ અને જરાસંધ વચ્ચે સંવાદ

મધ્ય રાત્રે જરાસંધે યજ્ઞાલયમા પાછા આવી સ્નાતક વેષધારી ત્રણે બ્રાહ્મણોની પૂજા કરી પરંતુ તેમણે જરાસંધની તે પૂજા સ્વીકારી કે નહિ, તે વિષે આ ઠેકાણે કશું જણાવેલું નથી, બીજી જગ્યાએ છે અસત્યના ઉપર કોઈ બીજો મોઈ કારીગરી કરવા જાય તો તેમાથી આવો જ ગડબડાટ ઉભો થાય છે.

જરાસંધ તેમને મળ્યો, અને એકબીજાની રીતસર કુશળ ખબર પૂછી પછી તેણે કહ્યું કે, "હે વિપ્રો ! મને ખબર છે કે સ્નાતક વ્રતવાળા બ્રાહ્મણો માત્ર સભામા જાય છે તે વખતે જ પુષ્પની માળા તથા ચંદન ધારણ કરે છે, બીજી વખત કરતા નથી, માટે તમે કોણ છો ? તમારા વસ્ત્ર રાતા રંગના છે, શરીર પુષ્પમાળાથી અને ચંદનના લેપથી સુશોભિત થઈ રહ્યું છે હાથ ઉપર ધનુષ્યો ખેંચવાના ચિહ્ન દેખાઈ આવે છે, સ્વરૂપપરથી ક્ષત્રિયતેજ સ્પષ્ટ દેખાઈ આવે છે છતા તમો બ્રાહ્મણ તરીકે પોતાને ઓળખાવો છો, માટે સત્ય બોલો, તમે કોણ છો ? રાજાઓ આગળ સાચું જ બોલવું સારૂં છે શા માટે તમો શહેરના દરવાજાને રસ્તે ન આવતા ચૈતક પર્વતના શિખરને તોડી તે રસ્તે દાખલ થયા ? બ્રાહ્મણો હમ્મેશા પોતાનું શૌર્ય બોલવામા બતાવે છે, ને તમોએ તમારૂં શૌર્ય કામ કરીને બતાવ્યું છે, તો એવું વિરૂદ્ધ આચરણ તમે

---

* આ પુષ્પની માળા તેમણે એક માળી પાસેથી જોરજુલમથી લઈ લીધેલી, એવું લખેલું છે જે લોકોની પાસ એટલી સમૃદ્ધિ હોય કે તે-રાજસૂય યજ્ઞ કરવા ઉભા થાય તેમની પાસે શું એટલા પૈસા નહિ હોય કે તેમને ત્રણ માળાઓ ખૂંચવીને લેવી પડે ? કપટથી દ્યુત રમાડી જેમની પાસેથી રાજ છીનવી લેવામા આવેલું અને જેઓ એટલા ધર્માત્મા હતા કે માત્ર પોતાના વચનના બંધનને લીધે પોતે રાજ છોડી દીધેલું તે શું આવી લૂંટ કરે ? આ બધામા બીજો થર લખનાર કવિનો હાથ છે મગરૂર ક્ષત્રિયોના સ્વભાવના વર્ણનને જ છાજતી, એ બધી હકીકત છે

શા માટે કર્યું હશે ? વળી તમો મારે ત્યાં આવ્યા ને મેં તમારી વિધિપૂર્વક પૂજા કરી તે તમે કેમ ગ્રહણ કરી નહિ ? માટે તમો અહિં શા માટે આવ્યા છો તે કહો "

આ ઉપરથી કૃષ્ણે સ્નિગ્ધ અને ગંભીર સ્વરે (અસલ મહાભારતમાં કોઈ જગ્યાએ એવું જોવામાં આવ્યું નથી કે કૃષ્ણે ઉતાવળીઆ થઈ યા ગુસ્સે થઈ જવાબ આપ્યો હોય, છએ રિપુ તેમને વશીભૂત હતા) જવાબ આપ્યો " હે રાજન્! તું અમને સ્નાતક બ્રાહ્મણ તરીકે ગણે છે, પરંતુ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ત્રણે જાતિઓ એ વ્રત લે છે, તેમાં કેટલાક વિશેષ ને કેટલાક સામાન્ય નિયમ પાળે છે ક્ષત્રિય જો વિશેષ નિયમ પાળે છે તો તેને ઘણી સંપત્તિ મળે છે જે ફુલની માળા પહેરે છે તે નક્કી શ્રીમંત થાય છે, એમ ધારી અમે તે માળા પહેરી છે ક્ષત્રિયો બાહુબળમાં જોરાવર હોય છે, વાણિમાં નહિ, એટલા માટે તેઓના માટે ધીટ—જુસ્સાદાર વચનનો પ્રયોગ કરવા ઠરાવાયલું છે "

આ વાત ભલે ચતુર માણસના મોઢામાં શોભે, પણ સત્યપ્રિય, ધર્માત્મા કૃષ્ણના મોઢામાં તે શોભતી નથી, પરંતુ જેણે છૂપો વેષ ધારણ કર્યો હોય તેને એવી વાત કર્યા સિવાય છુટકો જ નહિ છૂપા વેષની વાત બીજા થરના કવિએ દાખલ કરી દીધી હોય તો તો પછી આવી વાતચીત કરાવવાની જવાબદારી પણ તેને જ માથે રહે છે જેણે કૃષ્ણને ચતુરશિરોમણિ બતાવવાનો પ્રયત્ન કર્યો છે, તે આવો જ ઉત્તર તેની પાસે અપાવે તે ગમે તેમ હોય પણ એમ તો સ્પષ્ટ દેખાઈ આવે છે કે બ્રાહ્મણ તરીકે પોતાને છૂપાવવામાં કૃષ્ણની કાંઈ મતલબ હતી નહિ, કારણ ક્ષત્રિય તરીકે પોતાને તે ઓળખાવે છે એટલું જ નહિ પણ આગળ જતા પોતે શત્રુભાવે લડાઈ કરવા આવ્યા છે એવું પણ તે જણાવે છે " વિધાતાએ ક્ષત્રિયના બાહુમાં બળ મૂક્યું છે હે રાજા ! જો તારી ઇચ્છા અમારૂં બાહુબળ જોવાની હોય તો તે તું હમણાં જ જોઈ શકશે એમાં સંદેહ નથી હે બૃહદ્રથના પુત્ર ! ધીર પુરૂષ શત્રુને ઘેર છૂપી રીતે અને મિત્રને ઘેર ખુલ્લી રીતે જાય છે હે રાજા ! અમે શત્રુને ઘેર અમારૂં કામ સાધવા આવ્યા છીએ, તેથી તેની કરેલી

પૂજા કેમ ગ્રહણ કરીએ ? એ પૂજા ગ્રહણ ન કરવી, એ અમારૂ હ-મ્મેશનુ વ્રત છે "

અહિ સઘળુ સ્પષ્ટ થઈ જાય છે, કાંઈ સશય પડતી વાત રહેતી નથી અહિ અધ્યાય પૂરો થાય છે ને છૂપા વેષનો ઘોટાળો પણ પૂરો થાય છે પછીના અધ્યાયમા કૃષ્ણ જે વાત કહે છે તે તદ્દન જૂદા પ્રકારની છે અત્યારસુધી જેનુ એવુ ઉન્નત ચરિત્ર આપણે જોતા આવ્યા છીએ તેને જ તે યોગ્ય છે આગલા અને પાછલા અધ્યાયમા કૃષ્ણ-ચરિત્રનુ જે વર્ણન છે તેમા એટલો બધો તો તફાવત છે કે આપણે એમ કહીએ કે તે બે જૂદી જૂદી કલમની કૃતિ છે તો તેમા કાંઈ બાધ નથી

જરાસધના ઘરને કૃષ્ણે શત્રુનુ ઘર કહ્યુ તે સાભળી તેણે કહ્યુ "મે કોઈ વખત તમારી જોડે શત્રુતા કરી હોય યા તમારૂ ભૂડુ કર્યું હોય એવુ મને સાભરતુ નથી, તો પછી નિરપરાધે તમે મને શા માટે પોતાનો શત્રુ કહો છો ?"

તેના જવાબમા કૃષ્ણને જરાસધ જોડે શત્રુતાનુ ખરેખર કારણ હતુ તે તેણે કહી દીધુ તેમની પોતાની જોડે જરાસધને જે અણબ-નાવ હતો તે વિષે સ્હેજ પણ સવાલ તેમણે ઉઠાવ્યો નહિ તેમની સાથે કાંઈ પણ અણબનાવને લીધે કોઈ તેમનો શત્રુ થઈ શકે એમ હતુ જ નહિ, કારણ તે પોતે સર્વત્ર સમદર્શી હતા શત્રુ અને મિત્રને સમા-ન જ જોતા લોકો તેમને પાંડવના મળતીઆ ને કૌરવોના શત્રુ કહે છે, પરતુ વાસ્તવિક રીતે આદિ મહાભારત તપાસતા ઠેકાણે ઠેકાણે દેખાઈ આવે છે કે હમ્મેશા તે ધર્મનો પક્ષ પકડતા અને અધર્મની સામે થતા, એ સિવાય બીજો પક્ષાપક્ષ તેમણે કર્યો જ નથી, પણ તે વાત હાલ પડતી મૂકીશુ અહિ તો આપણે જોઈએ છીએ કે કૃષ્ણે એક ઉપયા-ચક—માગવા આવનાર તરીકે પોતાનુ ઓળખાણ જરાસધને કરાવ્યુ પોતાની જોડે અણબનાવ હતો તેને માટે તેમણે જરાસધને પોતાનો શત્રુ કહી બોલાવ્યો નથી જે મનુષ્યજાતિનો શત્રુ તેને કૃષ્ણે પોતાનો શત્રુ ગણ્યો, કારણ આદર્શ મનુષ્ય દરેક ચીજમા, દરેક માણસમા પોતા-ને જ દેખે છે, તે સિવાય તે પોતાને બીજી રીતે ઓળખતો જ નથી,

માટે જ તેમણે જરાસંધના સવાલના જવાબમા જરાસંધે તેમના ઉપર જે અપકાર કરેલા તે ન કહેતા માત્ર લોકોના ઉપર તેણે જે જુલમ કરેલો તે કહી બતાવ્યો તેમણે કહ્યુ "મહાદેવને બલિદાન આપવા તે રાજાઓને કેદ કરી રાખ્યા છે માટે યુધિષ્ઠિરની આજ્ઞા અનુસાર અમે તારી પાસે આવ્યા છીએ" વળી તેની જોડે શત્રુતા થવાનુ મુખ્ય કારણ કહેતા કૃષ્ણ કહે છે "બૃહદ્રથના પુત્ર! તારા કરેલા પાપને લીધે અમે પણ પાપી થઈશુ, કારણ અમે ધર્મચારીઓનુ અને ધર્મનુ રક્ષણ કરવાને સમર્થ છીએ" **(આનો અર્થ એ છે કે, કોઈ બળવાન રાજા નિરપરાધી રાજાઓને મારતો નથી. તુ દુર્બળ રાજાઓને બંદીખાને નાંખી રૂદ્રયજ્ઞ કરવા ઈચ્છે છે, એ જ તારો અમારી સમક્ષ અપરાધ છે, કારણ અમે ધર્મ પ્રમાણે ચાલનારા પુરૂષોની રક્ષા કરવા સમર્થ છીએ).** વાચનારનુ ધ્યાન આ ઉત્તર ઉપર વિશેષ ખેંચાય તેથી તે મોટે અક્ષરે છાપ્યો છે એ શબ્દો ઘણા પ્રાચીન છે, પણ એમા રહેલો અર્થ બહુ મહત્ત્વનો છે. જે ધર્મનુ રક્ષણ કરવા અને પાપનુ દમન કરવા સમર્થ હોય છતા તે તેમ ન કરે તો તે પાપીનો મદદગાર થાય છે એમ સમજવુ માટે આ લોકમા પોતાનાથી બની શકે તેટલુ પાપનુ નિવારણ કરવા પ્રયત્ન ન કરવો તે અધર્મ છે "હુ જાતે કાંઈ પાપ કરતો નથી, બીજાઓ કરે છે, તેમા મારો શો દોષ?" એવો બેપરવાઈનો જે વિચાર સરખો કરે તે પણ એ સૂત્રને આધારે પાપી જ ગણાય છે, પણ કેટલાક પરમ ધર્માત્મા પણ આમ વિચાર કરી નિશ્ચિંત બને છે અને એટલા માટે જ દુનિયામા જે જે સઘળા ઉત્તમ મનુષ્યો થઈ ગયા તેમણે એ જ સૂત્રનુ–ધર્મરક્ષા, અને પાપનિવારણનુ–વ્રત લીધેલુ. **શાક્યસિંહ (બુદ્ધ), ઈસુ ખ્રીસ્ત** વગેરે તેના ઉદાહરણો છે. એ વાક્ય જ તેમના જીવનનુ મૂળ સૂત્ર હતુ, શ્રીકૃષ્ણનુ પોતાનુ પણ તે જ વ્રત હતુ. આ મહાવાક્ય ધ્યાનમા ન રાખીએ તો એમનુ જીવન સમજાય જ નહિ **જરાસંધ, કંસ, અને શિશુપાળનો વધ, મહાભારતના યુદ્ધમા પાંડ**વોને કરેલી મદદ, અને ટૂંકમા કૃષ્ણને હાથે થયલા બધા કામને સમજવાની કૂંચી એ જ સૂત્ર છે એ જ કામને પુરાણ લખનારાઓ, "પૃથ્વીના

ભારનુ હરણુ” કહેતા આવ્યા છે ઇસુ ખ્રીસ્તને હાથે કે શાક્યસિહને હાથે કે કૃષ્ણને હાથે પાપનુ નિવારણુ થયલુ એ પાપના નિવારણુનુ જે વ્રત તેનું જ નામ ધર્મપ્રચાર હવે ધર્મનો પ્રચાર પણુ બે રીતે થઈ શકે છે, અને થયો છે એક વાણીથી એટલે કે ધર્મસબધી ઉપદેશ દ્વારા અને બીજો કાર્યત –એટલે કે પોતાના બધા કામ ધર્મના આદર્શ–નમૂના–પ્રમાણે કરવાથી સદરહુ ત્રણે જણાએ બને રીતે કામ કરેલા. પરતુ શાક્યસિહ ને ખ્રીસ્તકૃત ધર્મપ્રચારમા, ઉપદેશ મુખ્ય પદ ભોગવે છે કૃષ્ણના ધર્મપ્રચારમા કાર્ય–કામો–પ્રધાન પદ ભોગવે છે અને તે બને કરતા કૃષ્ણ વધારે મોટા જ કહેવાય, કારણુ બોલવુ સ્હેલુ છે, કામ કરવુ મુશ્કેલ છે, તેમ જ વિશેષ ફલદાયક પણુ છે

વળી અહિ એક વધારે વાતનો વિચાર કરવો પણુ ઘટે છે કૃષ્ણ કસ તથા શિશુપાળનો વધ કરવાને આવેલા તે વાતનો આ પ્રસગ ચાલે છે, પરતુ કોઈ સવાલ કરશે કે પાપી માણુસનો વધ કરવો, એ શુ આદર્શ મનુષ્યને શોભે છે? જે બધા ઉપર સમાન દૃષ્ટિ રાખે છે, જે પાપાત્માને પણુ પોતાના જેવો–આત્મવત્ ગણે છે, તે શુ તેનુ ભલુ કરવા મથે નહિ, તેનો હિતાકાક્ષી થાય નહિ? એ વાત ખરી કે પાપીને જીવતો રાખવાથી જગતનુ ભલુ થાય નહિ, પણુ તેનો વધ કરવો એ જ માત્ર શુ જગત્નો ઉદ્ધાર કરવાનો ઉપાય છે? પાપીને પાપથી વિરત એટલે દૂર કરવો, ધર્મ વિષે તેને પ્રવૃત્ત કરવો, અને તેથી જગત્ અને પાપી બનેનુ એકી વખતે શ્રેય સાધવુ, એ શુ તેનો વધ કરવા કરતા શ્રેષ્ઠ ઉપાય નથી? અને આદર્શ પુરૂષને શુ તેમ કરવુ ઘટતુ નથી? ઇસુ ખ્રીસ્ત, શાક્યસિહ અને ચૈતન્યે પાપીનો એ જ રીતે ઉદ્ધાર કરવા માગેલો

આ સવાલના બે જવાબ છે એક તો એ કે, કૃષ્ણના ચરિત્રમા એ ધર્મનો પણુ અભાવ નથી, છતા જ્યા ક્ષેત્રભેદ હોય ત્યા ફળભેદ પણુ હોય દુર્યોધન અને કર્ણુ નાશ ન પામે અને ધર્મનો રસ્તો પકડી જીવતા રહે અને રાજ્ય કરે, એવો પ્રયત્ન તેમણે વિધિપૂર્વક કરેલો અને આગળ ઉદ્યોગપર્વમા જે શ્લોક કહેલો છે કે “મારાથી બને તેટલો–મનુષ્યથી બની શકે તેટલો–પ્રયત્ન હુ કરીશ, પરતુ દૈવી કર્મ હુ કોઈ રીતે કરી

શકીશ નહિ ” તે એ જ સબંધે તેમણે કહેલો. કૃષ્ણ મનુષ્યની શક્તિ વડે કામ કરતા, તેથી કુદરતી રીતે જ તે શક્તિ વડે જે કામ થઈ શકે નહિ તે કરવા જતા કેટલીક વખત નિષ્ફળ થતા, પાછા પડતા. શિશુપાળના સો અપરાધ તેમણે ક્ષમા કરેલા તે ક્ષમાની વાત ઉપર અલૌકિક ઉપન્યાસનુ આવરણ આપણે જોઈશુ કસવધ વિષે તો આગળ કહેલુ જ છે

પાઈલેટને ક્રાઇસ્ટને હાથે ક્રિશ્ચિયન થવાનો જેટલો સભવ હતો તેટલો જ સભવ કૃષ્ણને હાથે કંસને ધર્મનો રસ્તો સ્વીકારાવવાનો હતો જરાસધ સબધે પણ તેવુ જ કહી શકાય, છતા તે વિષે જરાસધ જોડે કૃષ્ણને વાતચીત થયલી તે કૃષ્ણનો ધર્મોપદેશ સાભળે તો ક્યાથી, પણ ઉલટો તે જ વિષય ઉપર કૃષ્ણને પોતાને તે એક ભાષણ સભળાવે છે “જુઓ, ધર્મ કે અર્થનો ઉપઘાત કરવાથી–તેને તોડવાથી મનને ખેદ પ્રાપ્ત થાય છે જે માણસ ક્ષત્રિય કુળમા જન્મ ગ્રહણ કરી ધર્મ જાણનારો હોઈ, નિરપરાધે ધર્મને માટે લોકોનો નાશ કરે છે–સહાર કરે છે તેનુ આ લોકમા અમગળ થાય છે ને પરલોકમા તે નરકે જાય છે, એમા સદેહ નથી,” વગેરે જ્યા આવા માણસ હોય ત્યા ધર્મોપદેશ શુ કરી શકે? જરાસધને સન્માર્ગે આણવાનો બીજો શો ઉપાય હતો, તે અમારી અક્કલમા આવી શકતુ નથી હા, શ્રી કૃષ્ણ પોતે માણસના કરતા વધારે શક્તિ ધરાવે છે, એવો દાવો કરતા હોત તો તેમ થઈ શકત બીજા ધર્મપ્રચારકોએ એ રસ્તો પકડેલો છે, પણ કૃષ્ણચરિત્ર જ એ અતિમાનુષી શક્તિનુ વિરોધી છે ક્રાઇસ્ટની માફક ભૂત કાઢવા યા રોગ સાગ કરવા, એવા એવા ઉપાયો દ્વારા કૃષ્ણે ધર્મપ્રચાર કર્યો નથી, યા પોતાને દેવ ગણાવ્યા નથી

આ ઉપરથી એટલુ તો સમજાશે કે જરાસધનો વધ એ શ્રી કૃષ્ણની મનલબ ન હતી ધર્મની રક્ષા અર્થાત્ નિર્દોષ અને પ્રપીડિત રાજાઓનો છૂટકારો એ જ તેમનો ઉદ્દેશ હતો જરાસધને ઘણી વાતો સભળાવ્યા પછી જ તેમણે કહ્યુ હતુ કે, ““હુ તે વસુદેવનો પુત્ર કૃષ્ણ અને આ બે વીરપુરુષ તે પાંડુના પુત્ર. અમે તને લઢાઈનુ નોતરૂ

ઈએ છીએ, કા તો એ બધા રાજાઓને છોડી દે, કા તો અમારી જોડે લડાઈ કરી જમને ઘેર જા ” જરાસધે રાજાઓને છોડી દીધા હોત તો કૃષ્ણ તેને જવા દેત. જરાસંધે તેમ ન કરતા લડાઈ કરવા મરજી બતાવી તેથી યુદ્ધ થયુ જરાસધ લડાઈ કર્યા સિવાય બીજે કોઈ રસ્તે સીધો ઉતરે તેવુ હતુ જ નહિ

બીજો જવાબ એ છે કે, ખ્રીસ્ત કે બુદ્ધના ચરિત્રમા પાપીઓના ઉદ્ધાર માટે જેટલો પ્રયત્ન થયલો જોઇએ છીએ તેટલો કૃષ્ણના ચરિત્રમા મળી આવતો નથી, એ ખરી વાત છે પરતુ એ બે જણાનુ કામ જ ધર્મનો પ્રચાર કરવાનુ હતુ કૃષ્ણે પણ ધર્મપ્રચાર કર્યો છે ખરો, પણ ધર્મપ્રચાર એ તેમનો ઉદ્યમ–વ્યવસાય–ન હતો તે તો આદર્શ પુરૂષની નમૂનાદાર જીદગીનુ આનુષગિક ફળ માત્ર હતુ આ ઉપરથી ખ્રીસ્ત કે શાક્યસિહના કામને અથવા ધર્મપ્રચારકના વ્યવસાયને વખોડવાની મતલબ નથી એ બન્ને જણાઓને મનુષ્યોમા શ્રેષ્ઠ ગણી તેમની ભક્તિ કરવી ઘટે છે તેમના ચરિત્રોમાથી પણ ઘણુ શીખવાનુ મળે છે, ધર્મપ્રચારકનો વ્યવસાય (વ્યવસાય એટલે જે કામમા આપણે હમેશ મચ્યા રહીએ તે) સર્વથી શ્રેઠ છે, પરતુ જે આદર્શ મનુષ્ય છે તેનો તે વ્યવસાય હોઈ શકનો નથી, કારણ તેવા માણસ તરીકે માણસ જાતથી જેટલા કામ બની શકે તેટલા બધા જ તેણે કરવાના છે માત્ર એક જ કામને તે પોતાના વ્યવસાય તરીકે લઈ બેસી શકે નહિ, તેને બીજા કામો કરતા વધારે અગત્ય–પ્રાધાન્ય આપી શકે નહિ ઈસુ કે શાક્યસિહ આદર્શ પુરૂષો ન હતા, જો કે તેઓ મનુષ્યશ્રેષ્ઠ–માણસોમા બહુ ઉંચી પક્તિ ભોગવતા–હતા માણસોનો જે શ્રેષ્ઠ વ્યવસાય તે જ તેમને પકડવો લાયક હતો, તે જ રસ્તો પકડી તેઓ લોકોનુ ભલુ પણ કરી ગયા છે

આ વાત કેળવાયલા માણસો સમજી શકે તેટલા માટે વધારે સ્પષ્ટ કરવાની જરૂર છે આપણે હાલ આદર્શ પુરૂષનો પ્રસગ ચર્ચીએ છીએ આદર્શનો અર્થ ઘણાઓ “ Ideal ” એ શબ્દ વડે કરતા હશે, અને તે ખોટુ નથી. હવે આપણે “ Christian Ideal ” લો.

ખ્રીસ્તીઓનો આદર્શ પુરૂષ ઇસૂ ખ્રીસ્ત છે. નાનપણથી ખ્રીસ્તીઓનું સાહિત્ય શીખતા હોવાથી આપણા મન ઉપર એ આદર્શ પુરૂષની છાપ પણ પડી ગયલી છે કોઈ આદર્શ પુરૂષની વાત થતા તરત તેનો વિચાર પહેલો મનમા આવે છે, અને તે અને આ એ બે આદર્શો એક બીજા જોડે મળતા આવે નહિ તો આને કબૂલ રાખતા મન અચકાય છે. ખ્રીસ્ત પાપીઓનો ઉદ્ધાર કરતો, કોઈ દુરાત્મા–પાપીનો પ્રાણ તેણે લીધે નથી, લેવાની શક્તિ પણ તેનામા હતી નહિ શાક્યસિંહ ને ચૈતન્યમા આપણે તે જ ગુણ જોઈએ છીએ, માટે તેમને પણ આદર્શ પુરૂષ તરીકે સ્વીકારવા આપણે ઝટ તત્પર થઈએ છીએ, એથી ઉલટુ, જોકે કૃષ્ણનુ નામ પતિતપાવન છે, તો પણ પાપીઓના વધ કરનાર તરીકે જ ઇતિહાસ આપણને તેમની ઓળખ આપે છે અને તેથી તેમને આદર્શ પુરૂષ કહેવામા આવે છે ત્યારે એકાએક મન તે સમજી શકતુ નથી પરતુ આ સબંધે એક બીજી વાત વિચારવી જોઇએ આ Christian Ideal તે શુ યથાર્થ–ખરેખર મનુષ્યત્વનો આદર્શ છે? સઘળી કોમનુ જાતીય આદર્શસ્થાન શુ એવુ જ હોઈ શકે?

આ પ્રશ્નમાથી વળી બીજા એક પ્રશ્ન ઉભો થાય છે હિન્દુઓને પોતાનો જાતીય કોઈ આદર્શ છે કે નહિ? Hindu Ideal છે કે નહિ? છે તો તે કેવો છે? આ પ્રશ્ન જો કેળવાયલા હિન્દુઓને પૂછવામા આવે તો જરૂર તેમાના ઘણા તો માથુ જ ખજવાળવા માડશે. કોઈ જટાધારી ધોળા દાઢીમૂછવાળા વ્યાસ, વશિષ્ઠાદિ ઋષિને આગળ કરશે, તો કોઈ કહેશે માત્ર રાખ અને ભસ્મ ચોળવામા જ એ આદર્શ-સ્થાન આવી જતુ નથી, અને ખરી વાત પણ તે જ છે જો તેમા આદર્શસ્થાન આવી ગયુ હોત તો આપણી આવી દુર્દશા થાત જ કેમ? પરતુ એક દિવસ એવો પણ હતો કે જ્યારે હિન્દુ જાત પૃથ્વી ઉપર વસતી જાતોમા શ્રેષ્ઠ હતી, ત્યારે એ આદર્શ હિન્દુ કોણ? આનો જવાબ આગળ અમારી સમજ મુજબ આપ્યો છે રામચન્દ્ર વગેરે ક્ષત્રિયો તે આદર્શ પ્રતિમાને મળતા આવનારા ખરા, પરતુ યથાર્થ હિન્દુ આદર્શ તે તો શ્રીકૃષ્ણ જ. ખ્રીસ્ત વગેરેમા આદર્શની તેવી સપૂર્ણતા મળવાનો જરા પણ સભવ નથી.

આનુ કારણ કહીશુ ધર્મતત્ત્વ નામના ગ્રથમા મનુષ્યત્વ શુ તે સમજાવવા પ્રયત્ન કર્યો છે માણુસની બધી વૃત્તિઓની સપૂર્ણ સ્ફૂર્તિ અને સામજસ્ય તે મનુષ્યત્વ જેને તે બધી વૃત્તિઓની સ્ફૂર્તિ અને સામજસ્ય પ્રાપ્ત થયા હોય તે આદર્શ મનુષ્ય, ક્રાઇસ્ટમા તે ન હતું, શ્રીકૃષ્ણમા હતુ રોમના શહેનશાહે કદિ ઇસુને યાહુદીઓના હાકેમ તરીકે નીમ્યો હોત તો તે શુ પોતાનો ઓધ્ધો બરાબર જાળવી શકત? તેને રાજ કરતા આવડત ? ન આવડત, કારણ રાજ્યકાર્યને સબધે જે જે વૃત્તિઓનુ અનુશીલન કરવુ જરૂરનુ હતુ, તે તેનામા થયલુ હતુ નહિ, તેથી જો એનો ધર્માત્મા પુરૂષ રાજકર્તા થાય તો તેથી લોકોનુ જગએ ભલું થાય નહિ, એથી ઉલટુ શ્રી કૃષ્ણ તો સર્વથી શ્રેષ્ઠ નીતિજ્ઞ હતા, તે વાત પ્રસિદ્ધ છે શ્રેષ્ઠ નીતિજ્ઞ તરીકે મહાભારતમા તો તેમને ઠેકાણે ઠેકાણે વર્ણવ્યા છે, ને યુધિષ્ઠિર કે ઉગ્રસેન રાજકાજના કોઈ પણ મોટા કામમા તેમની સલાહ લીધા વગર કાઈ કામ કરતા નહિ એ જ પ્રમાણે કૃષ્ણે પોતે રાજા થયા વગર પણ પ્રજાનુ ઘણુ ભલુ કર્યું છે. જરાસંધને ત્યા પડેલા કેદીઓનો છૂટકારો એ જ તેનુ એક ઉદાહરણ છે વળી એમ ધારો કે યાહુદીઓએ રોમના શહેનશાહોનો જુલમ ન ખમાવાને લીધે સ્વતત્ર થવાના ઇરાદાથી બળવો કરી પોતાનુ સેનાપતિત્વ ઇસુને આપ્યુ હોત તો તે શુ કરત ? યુદ્ધ કરવાની તેનામા શક્તિ પણ ન હતી, તેમ તેની તે તરફ પ્રવૃત્તિ પણ ન હતી "Give unto Cæsar what is Cæsar's–સીઝરનુ સીઝરને આપો" એમ કહી તે રસ્તે પડત કૃષ્ણ પણ યુદ્ધ માટે કાઈ પ્રવૃત્ત હતા નહિ, છતા ધર્મને માટે પણ યુદ્ધની જરૂર છે, એમ તે જાણતા હતા તેથી ધર્મને માટે યુદ્ધ થાય ત્યા જરૂર તેમને પ્રવૃત્ત થવુ પડતુ, અને એક વખત યુદ્ધમા ઉતર્યા પછી તે અજેય હતા, કોઈ તેમને જિતી શકતુ ન હતુ ઇસુ અભણ, વગર કેળવાયલો હતો. કૃષ્ણ બધા શાસ્ત્રોમા પ્રવિણ હતા બીજા બધા ગુણોમા પણ તેમ જ હતુ બને જણા શ્રેષ્ઠ ધાર્મિક ને ધર્મજ્ઞ હતા આ બધા સબબોને લીધે ખરો આદર્શ મનુષ્ય તે શ્રીકૃષ્ણ જ અને Hindu Ideal તે Christian Ideal કરતા શ્રેષ્ઠ જ.

આવા પ્રકારનો સર્વગુણસંપન્ન મનુષ્ય એક જ કામ પકડી તેમાં પોતાનું જીવન સમર્પણ કરી શકે નહિ તેમ કરવાથી તેના બીજા કામો થતા નથી, યા તો થાય તો બરાબર થતા નથી. લોકો જૂદા જૂદા સ્વભાવ, જૂદી જૂદી અવસ્થા અને ઓછી અધિકી કેળવણીને લેઈને જૂદા જૂદા કર્મ અને સાધનના અધિકારી હોય છે, પણ આદર્શ મનુષ્યને બધી જાતના કાર્યમા આદર્શરૂપ હોવું ઉચિત છે તેટલા માટે જ શાક્યસિંહ ઈસુ કે ચૈતન્યની માફક સન્યાસ લઈ ધર્મપ્રચાર તે જ એક પોતાનો ઉદ્યમ સમજી તેને પકડી રહેવુ, એ શ્રીકૃષ્ણથી બની શકે તેવુ ન હતુ. કૃષ્ણ તો સંસારી, ગૃહસ્થાશ્રમી, રાજનીતિના જાણનારા, લઢવૈયા, દંડપ્રણેતા, તપસ્વી અને ધર્મપ્રચારક હતા સંસારીના, ગૃહસ્થાશ્રમીના, રાજાઓના, યોદ્ધાઓના, રાજપુરૂષોના, તપસ્વીઓના, ધર્મવેત્તાઓના, ટૂંકામા કહીએ તો મનુષ્યત્વ આખાના સઘળા અંગના આદર્શરૂપ હતા જરાસંધ વગેરેનો વધ કરવો તે આદર્શ રાજપુરૂષ ને દંડપ્રણેતાને અવશ્ય કરવા લાયક કામ હતુ Hindu Ideal તે આનુ નામ અસંપૂર્ણ બૌદ્ધ અને ખ્રીસ્તી ધર્મના આદર્શ પુરૂષને આપણે નમૂનાદાર માણસ ગણીએ છીએ અને સંપૂર્ણ એવા હિન્દુ ધર્મના આદર્શ પુરૂષને આપણે ઓળખી શકતા પણ નથી

પરંતુ એ વાત સમજવાની બહુ જરૂર છે, કારણ તેના પેટામા એક બીજી વિસ્મયકારક વાત સમાયલી છે ખ્રીસ્તી યૂરોપમા તેમ જ હિન્દુ ભરતખંડમા પોતાપોતાના આદર્શને અનુરૂપ ફળ થવાને બદલે તેનાથી બહુ વિપરીત ફળ થયા છે ખ્રીસ્તીઓનો આદર્શ પુરૂષ, નમ્ર, શાન્ત, નિર્વિરોધી, અને સન્યાસી જેવો હતો હાલના ખ્રીસ્તીઓ તેથી ઉલટા જ છે હાલનુ યૂરોપ તે આ દુનીઆનુ જ માત્ર સુખ શોધનારા લડાયક યોદ્ધાઓની એક વિસ્તીર્ણ છાવણી જેવુ છે હિન્દુસ્તાનનો આદર્શ પુરૂષ સર્વે કામ કરે તેવો હતો હાલના હિન્દુ બધા જ કામ કરવા નાલાયક છે. આવી રીતનું વિપરીત ફળ આવ્યુ તેનો સબબ શો ? આ પ્રશ્નનો ઉત્તર સહજ આપી શકાય બંને દેશના લોકોના મનમાથી એ મૂળ આદર્શ લોપ થઈ ગયો છે. એ બંને દેશમા એક વખત એ જ આદર્શ

પ્રબળ હતો પ્રાચીન ખ્રીસ્તીઓ ધર્મપરાયણ અને સહનશીલ હતા અને પ્રાચીન હિન્દુ રાજાઓ અને રાજપુરૂષો સર્વગુણસપન્ન હતા, એ આ વાતની સાબીતી છે જે દિવસથી હિન્દુઓના ચિત્તમાથી તે આદર્શ ખસવા લાગ્યો—જે દિવસથી આપણે કૃષ્ણચરિત્રની અવનતિ કરવા માડી તે દિવસથી આપણી સામાજિક અવનતિ—પડતી થવા માડી જયદેવના ગીતગોવિંદના કૃષ્ણનુ અનુકરણ બધે થવા લાગ્યુ મહાભારતના કૃષ્ણને કોઈ યાદ સરખુ પણ કરતુ નથી

હવે ફરી એ વખત આવી પહોચ્યો છે કે જ્યારે એ આદર્શ પુરૂષને ફરી આપણા જાતીય હૃદયમા જાગૃત કરવા જોઈશે ! આશા છે કે આ કૃષ્ણચરિત્રના વાચનથી એ જાગૃતિ કઇક ઉત્પન્ન થશે

જો કે જરાસંધવધના વિષયને આ ઉપર કહેલી બાબત જોડે વધુ સબધ નથી, પરતુ હિન્દુ આદર્શ સબધી આ હકીકત કોઈ જગ્યાએ કહેવાની જરૂર જ હતી, અને તે આ પ્રકરણમા કહી રાખવાથી હવે લેખક અને વાચક બંનેનો માર્ગ સુગમ થશે

પ્રકરણ ૮મું

ભીમ અને જરાસધ વચ્ચે યુદ્ધ

અત્યાર સુધી આપણે કૃષ્ણના ચરિત્રનુ જે અવલોકન કર્યું છે, તેમા મહાભારતમા તેને કોઈ જગ્યાએ વિષ્ણુ કહી ઓળખાવ્યા જોયા નથી, કોઈએ તેમને વિષ્ણુને નામે બોલાવ્યા સરખા નથી, તેમ જ તે વિષ્ણુ છે એવુ ગણી કોઈએ તેમની સાથે તેવી વાતચીત સરખી પણ કરી નથી, તેમજ વળી મનુષ્યની શક્તિની બહાર હોય તેવુ કાઈ કામ કરતા પણ તેમને જોયા નથી વિષ્ણુનો અવતાર તે હો, કિવા ન હો, પરતુ કૃષ્ણચરિત્રનો સ્થૂળ મર્મ મનુષ્યત્વ છે, દેવત્વ નહિ, એવુ વારવાર બતાવવામા આવ્યુ છે

હવે એવુ પણ કબૂલ કરવુ જોઈએ કે અત્યાર પછી મહાભારતમા ઘણે ઠેકાણે તેમને વિષ્ણુ એવુ સબોધન લગાડવામા આવે છે,

વિષ્ણુ તરીકે ઓળખવામા આવે છે, ઘણાઓ તેમની વિષ્ણુ તરીકે ઉપાસના કરે છે, કેટલીક વખત તેઓ અદ્ભુત વૈ'ણવી શક્તિથી કામ કરતા પણ દેખાય છે આટલે સુધી એવી રીતનો પરિચય થયો નથી, હવે થાય છે, ત્યારે એ ભાવ એક બીજાથી ઉલટા પરસ્પર વિરોધી ખરા કે નહિ

કોઈ કહેશે એ બે ભાવ પરસ્પરવિરોધી છે જ નહિ, કારણ જ્યા દૈવી શક્તિ કે દેવત્વ પ્રકાશ કરવાનુ પ્રયોજન જ ન હોય ત્યા કાવ્યમા કે ઇતિહાસમા કેવળ મનુષ્યભાવ જ પ્રકટ કરવામા આવે છે, જ્યારે તેનુ પ્રયોજન હોય ત્યારે દેવત્વભાવ પ્રકટ કરવામા આવે છે. આ વાત ખરી માનીએ તોપણ એ પ્રશ્નનો એ યથાર્થ ઉત્તર નથી, કારણ ઘણી જગ્યાએ નિષ્પ્રયોજને પણ દૈવી ભાવ પ્રકટ થયલો દેખાય છે તેના એક બે ઉદાહરણ જરાસંધવધની હકીકતમાથી જ લઇશુ

જરાસંધનો વધ કર્યા પછી કૃષ્ણ, ભીમ ને અર્જુન તેનો જ રથ લઈ તેમા બેસી ચાલી નીકળ્યા એ રથ દેવોનો બનાવેલો, એટલે એ લેવામા કઈ પણ વાધો તો નહતો, પણ ખામુખા કૃષ્ણ ગરૂડનુ સ્મરણ કરી તેને બોલાવે છે, ને તે તરત આવી રથના શિખર ઉપર બેસે છે હવે ગરૂડ આવીને પણ કાઈ ખાસ કામ કરતો નથી, તેને બોલાવવાનુ કાઈ ખાસ કારણ પણ હતુ નહિ એ આખી કથાનો જ કાઈ સબબ સમજાતો નથી. માત્ર કૃષ્ણનુ વિષ્ણુત્વ તેમા ગર્ભિત રહેલુ સૂચિત થાય છે. જરાસંધનો વધ કરતી વખત કાઈ પણ દૈવી શક્તિની જેને જરૂર નહિ પડેલી, તેને રથમા ચઢી બેસતા તેની જરૂર પડી!

એવી જ યુદ્ધ શરૂ થતા પહેલાની એક વાત છે. જરાસંધે યુદ્ધ જ કરવુ એવો દૃઢ સંકલ્પ કર્યા પછી કૃષ્ણે તેને પૂછ્યુ "હે રાજન્! અમારા ત્રણમાથી કોની સાથે યુદ્ધ કરવાની તમારી ઇચ્છા છે, તે બોલો કોણ તમારી જોડે યુદ્ધ 'કરવા તૈયાર થાય?" જરાસંધે ભીમ જોડે યુદ્ધ કરવા મરજી બતાવી હવે આ હકીકતની પૂર્વના બે શ્લોકમા એવુ લખ્યુ છે કે "યાદવ ગણોને હાથે જરાસંધનો નાશ થઈ શકે તેવુ નથી, એવુ યાદ આવતા બ્રહ્માની આજ્ઞા પ્રમાણે કૃષ્ણ પોતે તેનો સંહાર કરવા પ્રવૃત્ત થયા નહિ"

બ્રહ્માની આજ્ઞા શી હતી તે મહાભારતમા કોઈ જગ્યાએ કહ્યું નથી, પાછળના ગ્રથોમા છે આ ઉપરથી જરૂર વાચકને ભરોસો પડશે કે આ વાત આદિ મહાભારતના મૂળ ઉપર પાછળના લેખકની કારીગરી છે, અને તેમ કરી વચમા કૃષ્ણનુ વિષ્ણુત્વ ઉભુ રાખવાનો તેનો ઉદ્દેશ છે પહેલા—અસલ—સ્તરમા કૃષ્ણને વિષ્ણુ તરીકે કોઈ જગ્યાએ ખુલ્લી રીતે ઓળખવામા આવ્યા નથી, તેનુ કારણ કૃષ્ણનુ ચરિત્ર તે મનુષ્યનુ ચરિત્ર હતુ, દેવનુ નહિ. જ્યારે એ ભાગ કૃષ્ણના ઉપાસક એવા બીજા થર રચનારના હાથમા આવી પડ્યો ત્યારે તેને જરૂર લાગ્યુ હશે કે આ એક મોટી ખામી છે, અને તેથી તેણે એ અભાવ—એ ખામી પૂરી દીધી

એ જ પ્રમાણે કેદમાથી છૂટેલા રાજાઓ પોતાની મુક્તિ માટે કૃષ્ણનો ઉપકાર માને છે, ને ધર્મના રક્ષણ માટે તેમને ધન્યવાદ આપે છે, ત્યા પણ કાઈ ખાસ સબબ ન હોવા છતા તેઓ કૃષ્ણને "વિષ્ણુ" કહી સબોધે છે એ પહેલા અત્યાર સુધી કોઈએ તેમને "વિષ્ણુ" અગર તે જ અર્થવાળા બીજા કોઈ નામથી સબોધ્યા નથી જો આની પહેલા કોઈ કોઈ વખત પણ કૃષ્ણને એ ઉપનામથી સબોધેલા આપણા જોવામા આવ્યા હોત તો આ વાતને આપણે અસગત અથવા અનૈસર્ગિક કહેત નહિ લોકોનુ એવુ માનવુ હશે એમ ગણી લેત અથવા તો આ પ્રસગે કૃષ્ણે કાઈ અલૌકિક કામ કર્યું હોત, કે જે દેવતા સિવાય કોઈ મનુષ્યથી થઈ શકે તેવુ હતુ જ નહિ તો એકદમ આ "વિષ્ણુ" એવા સબોધનની ઉપયોગિતા આપણે જોઈ શકત પણ કૃષ્ણે તેવુ કાઈ જ કામ કર્યું નથી તેમણે પોતે જરાસધનો વધ સરખો પણ કર્યો નથી સર્વ લોકોની સમક્ષ તેને હણનાર તો ભીમ હતો એ કામ યોજનાર કૃષ્ણ હતા તે ખરૂ, પણ બદીખાને પડેલા રાજાઓને તે બાબતની કશી ખબર ન હતી, તેથી એકાએક એ રાજાઓને મ્હોડેથી નીકળી પડેલુ આ "વિષ્ણુ"નુ સબોધન અસલમા પણ ન હોઈ શકે તેમ ઐતિહાસિક પણ ન હોઈ શકે પરતુ ગરૂડના સ્મરણ અને બ્રહ્માની આજ્ઞાના સ્મરણ જોડે એ પ્રસગ બધબેસતો આવે છે ખરો, તેથી એ ત્રણે વાત

એક જ હાથની કારીગરી-અને એ ત્રણે વાતો મળ પુસ્તકમા પણ નહિ, એ વાત વાચકના ધ્યાનમા સ્હેજ આવી જશે.

જેમનો મત એથી ઉલટો હોય તેઓ આ ચરિત્રના અવલોકન ઉપર વિશેષ વખત ગાળવાથી કાંઈ ફળ પ્રાપ્ત કરી શકશે નહિ, કારણ એ બધી બાબતોના પ્રમાણનો બીજી રીતે સગ્રહ કરવો સભવિત નથી માત્ર આવી રીતની પુસ્તકની અદરની સાબિતીઓથી જ–internal evidenceથી જ–તે સાબિત થઈ શકે છે, અને આ ચરિત્રના જે જે વાચકોની એવી ખાત્રી થઈ હોય કે જરાસધવધના પ્રકરણમા આ વિષ્ણુ વિષેની સૂચના પાછળના કોઈ કવિને હાથે રચાઈ દાખલ થઈ ગઈ છે, તેને એવો પ્રશ્ન પૂછી શકાય કે કૃષ્ણના છૂપા વેશ અને કપટાચાર વિષે જે કેટલીક વાતો એ જ પર્વાધ્યાયમા મળી આવે છે, તે પણ એવી જ રીતની નવીન દાખલ થયલી ગણી શા માટે બાદ કરાય નહિ ? એ બને બાબતોનો આધાર એક જ પ્રમાણ ઉપર રહેલો છે

ખરૂ જોતા એ બને બાબતો એકસામટી લઈએ તો એ કવિની વિલક્ષણ કારીગરી એમાથી જણાઈ આવે છે, અને તે જ કારીગરીનુ ફળ એ સઘળી અસગતિ છે એમ પણ સમજાય છે એ કવિનો હાથ એમા છે તેનું એક વધારે પ્રમાણ નીચે આપ્યુ છે

જરાસધનો પૂર્વ વૃત્તાન્ત કૃષ્ણે યુધિષ્ઠિર પાસે ખુલાસાવાર કહેલો, એ વાત આગળ કહેલી છે તેમા કૃષ્ણને જરાસધ જોડે કસના વધને લીધે જે વિરોધ પડેલો તે પણ જણાવ્યુ છે, તેમાથી થોડો ભાગ ઉતારા તરીકે આગળ આપ્યો છે. ત્યાર પછી મહાભારતકાર તે વિષે જણાવે છે કે, "વૈશપાયન કહે છે, 'રાજા બૃહદ્રથ પોતાની બને સ્ત્રીઓને લઈ તપોવનમા ગયો ને ત્યા બહુ દિવસ તપ કરી પછી સ્વર્ગે ગયો. જરાસધે પણ ચડકૌશિકે આપેલા સઘળા વરદાનનો લાભ ભોગવી વગર અડચણે રાજ્ય કરવા માડ્યુ. એ અરસામા કૃષ્ણે કસ રાજાનો વધ કર્યો ' કસનો જેણે વધ કરેલો એવા કૃષ્ણ જોડે તેટલા માટે જરાસધને ઘણી ઘોર શત્રુતા પેદા થઈ."

આ સઘળી વાત કૃષ્ણે કહી છે, અને વિસ્તારપૂર્વક કહી છે, છતા પાછી તે ફરીથી કહેવાનુ પ્રયોજન શુ ? પ્રયોજન એ જ કે મૂળ મહાભારતનો રચનાર અદ્‌ભુત રસનો બહુ રસિક ન હતો, તેથી કૃષ્ણને મ્હોડે કાઈ અલૌકિક બનાવની વાત તેણે બોલાવેલી નહિ તે ખામી પાછળથી પૂરાતી ચાલી

વૈશપાયન કહે છે,–"મહાબળવાળા જરાસધે ગિરિશ્રેણીમા રહી કૃષ્ણનો વધ કરવા એક મોટી ગદા નવ્વાણુ વખત ફેરવી ફેકી તે ગદા અદ્‌ભુત કામ કરનાર વાસુદેવ જે મથુરાપુરીમા રહેતા હતા અને જે ત્યાથી નવ્વાણુ યોજન દૂર હતી ત્યા આવી પડી નગરવાસીઓએ એ ગદા આવી પડવાની હકીકત કૃષ્ણને કહી ત્યારથી મથુરા પાસે આવેલી એ જગા ગદાવસાન નામથી પ્રખ્યાત થઈ "

હજુ પણ કોઈ વાચકને એવો અદેશો રહેતો હોય કે જરાસધપર્વાધ્યાયનો આખો ભાગ મૂળ મહાભારતમા હોવો જોઇએ અને તે એક જ માણુસને હાથે લખાયલો છે, અને ખરેખર કૃષ્ણુ છૂપે વેષે જ ગિરિવ્રજ ગયલા, તો તેને એટલુ જ કહેવાનુ છે કે હિન્દુઓના પૌરાણિક ઇતિહાસમા ઐતિહાસિક તત્ત્વ છે એવુ શોધવાનો પ્રયત્ન છોડી દઈ તેણે કોઈ બીજુ શાસ્ત્ર વિચારવા લેવુ આમાથી તેને કાઈ જ ફળ પ્રાપ્ત થશે નહિ

જરાસધવધની બાકીની હકીકત કહી આ પ્રકરણુ સમાપ્ત કરીશુ.

ભીમ જોડે યુદ્ધ કરવુ એવુ ઠરાવી, જરાસધ " યશસ્વી બ્રાહ્મણો પાસેથી સ્વસ્તિવાચન લઈ ક્ષત્રિયોના ધર્મ પ્રમાણે કવચ, કિરીટ વગેરે કાઢી નાખી " લઢાઈ કરવા તૈયાર થયો " તે વખતે શહેરના બધા માણસો, બ્રાહ્મણુ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રીઓ અને વૃદ્ધ પુરુષો તે લઢાઈ જોવા ત્યા ભેગા થઈ ગયા લઢાઈનુ મેદાન માણસોની મેદનીથી ભરાઈ ગયુ " " ચૌદ દહાડા યુદ્ધ ચાલ્યુ " (જો આ હકીકત ખરી હોય તો વચમા વચમા વિશ્રામ લઈ યુદ્ધ ચાલતુ હશે) ચૌદમે દિવસે " વાસુદેવે જરાસધને થાકી ગયલો જોઈ મહાવીર **ભીમ**સેનને બોલાવી કહ્યુ કે,

હે કુંતીપુત્ર! થાકી ગયલા શત્રુને પીડવો ઉચિત નથી તેને બહુ પીડા કરવાથી તે પ્રાણ તજશે માટે તારે એને પીડવો જોઇએ નહિ હે ભરતર્ષભ! એની સાથે બાહુયુદ્ધ-હાથો હાથ લડાઈ-કર," (એટલે જેનો ધર્મ પ્રમાણે વધ કરવો ઘટે છે તે શત્રુને પણ પીડવો એ આપણું કર્ત્તવ્ય નથી), પણ ભીમે તો જરાસંધને પીડીને જ તેનો વધ કર્યો, કારણ ભીમનુ ધર્મજ્ઞાન કૃષ્ણના ધર્મજ્ઞાનની બરાબર ન હતુ

પછી કૃષ્ણ, અર્જુન અને ભીમે બંદીખાનેથી રાજાઓને છૂટા કર્યા જરાસંધવધની ખરેખરી અને માત્ર એક મતલબ તે એ જ હતી, તેથી તે રાજાઓને અથવા બીજા કોઈને કાંઈ પણ કર્યા વગર તેઓ સ્વદેશ તરફ પાછા ફર્યા તેઓને બીજાના રાજ્યો લઈ લેવાનો શોખ ન હતો-તેઓ annexationist હતા નહિ. પિતાના દોષને લીધે પુત્રનુ રાજ લઈ લે તેવા ન હતા, તેથી જરાસંધનો વધ કર્યો, પણ તેના પછી ગાદીએ પાછો તેના છોકરા સહદેવને જ બેસાડ્યો અને સહદેવે જે કાંઈ નજરાણું આપ્યુ તે કબૂલ કર્યું બંદીખાનેથી છૂટેલા રાજાઓએ પૂછ્યુ, કે "આપના સેવકો આપનુ શુ કામ કરે, તેની આજ્ઞા કરો" કૃષ્ણે તેમને કહ્યું "રાજા યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા થઈ છે, આપ સઘળા એ સમ્રાટ્પદ પ્રાપ્ત કરવાને ઉત્સુક ધાર્મિક રાજાને બનતી મદદ આપશો, એ જ અમારી પ્રાર્થના છે"

યુધિષ્ઠિરને કેન્દ્રરૂપે રાખી ધર્મરાજ્ય સ્થાપન કરાવવુ, એ જ એ ક્ષણે પોતાના જીવનનો ઉદ્દેશ હતો, અને તેથી દિનપ્રતિદિન તે જ બાબતનો ઉદ્યોગ કૃષ્ણ કર્યા કરતા હતા

જરાસંધવધ પ્રકરણમા કૃષ્ણચરિત્રનો મહિમા ઘણો જ પ્રકટ થાય છે, પરતુ પાછલા લેખકોનો દૌરાત્મ્યને લીધે તેમા બહુ ગડબડાટ દાખલ થઈ ગયો છે એ પછીના શિશુપાલવધમા તેઓએ એના કરતા પણ વધારે ગોટાળો કરી દીધેલો છે.

પ્રકરણ ૯મું

અર્ધાભિહરણ-શ્રીકૃષ્ણની પૂજા

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞની શરૂઆત થઈ, જૂદા જૂદા પ્રદેશોમાંથી રાજાઓ, ઋષિઓ અને બીજી બધી પંક્તિના માણસોના આવવાથી શહેર ભરાઈ ગયું એ મોટું કાર્ય બરાબર રીતે પાર પડે માટે તેનાપર નજર રાખવા તેમણે પોતાના જ માણસોને જૂદા જૂદા કામ ઉપર નીમી દીધા દુ:શાસન ભોજન વગેરે પદાર્થો ઉપર, સંજય રાજાઓની તજવીજ રાખવા ઉપર, કૃપાચાર્ય રત્નોના રક્ષણ તથા દક્ષિણાના દાન ઉપર, દુર્યોધન ઈનામો, નજરાણા વગેરે ઉપર, એમ સઘળાઓ જૂદા જૂદા કામો ઉપર ગોઠવાઈ ગયા પરંતુ શ્રીકૃષ્ણે કયું કામ માથે લીધું ? બીજા બધાના કામ સાથે એમનું પણ કામ મહાભારતમાં કહેવામાં આવ્યું છે, તેમણે બ્રાહ્મણોના પગ ધોવાનું કામ સ્વીકાર્યું

આનો અર્થ શો ? ચાકરોને કરવાના કામ ઉપર કૃષ્ણને શા માટે નીમ્યા હશે ? શું તેમને યોગ્ય કોઈ બીજુ સારૂ કામ ન હતું ? શું બ્રાહ્મણોના પગ ધોવા એ જ મોટું કામ હતું ? આદર્શ પુરૂષ કહ્યા એટલે શું જે બ્રાહ્મણોના વંશજો આજે રસોઈઆનું કામ કરે છે તેના પગ ધોવાના ? જો એમ જ હોય તો તેઓ આદર્શ પુરૂષ ન હતા એમ અમે કબૂલ કરીએ છીએ.

એ વિષે ખુલાસા ઘણા આપી શકાય બ્રાહ્મણો તરફથી અપાયલો અને હાલમાં મનાતો ખુલાસો એ છે કે બ્રાહ્મણોની મોટાઈ વધારવાના ઈરાદાથી જ કૃષ્ણે બીજા બધા કામ છોડી એ કામ માથે લીધેલું, પરંતુ એ ખુલાસા ઉપર આસ્થા બેસે એવું નથી. બીજા ક્ષત્રિયોની માફક શ્રીકૃષ્ણ પણ બ્રાહ્મણોનું યથાયોગ્ય સન્માન કરતા એ ખરૂ, પરંતુ તેમની મોટાઈ જ માત્ર વધારવા ખાતર તેમણે ઉદ્યોગ કરેલો એવું કોઈ જગ્યાએ જોવામાં આવ્યું નથી, ઉલટું ઘણી જગ્યાએ તેથી ઉલટો માર્ગ તેમણે પકડેલો દેખાય છે વનપર્વમાં દુર્વાસા ઋષિના આતિથ્યની જે

કથા છે તે કથા જો મૂળ મહાભારતનો ભાગ ગણાય તો તે ઉપરથી જણાશે કે તેમણે બ્રાહ્મણોને ગળચી સાહી પાડવોના આશ્રમ આગળથી બહાર કાઢી મૂક્યા હતા તે તો બહુ જ જબરા સામ્યવાદી, સૌને સરખા ગણનાર હતા–ગીતાનો ધર્મ જ કૃષ્ણનો કહેલો ધર્મ હોય તો,

विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिता समदर्शिन. ॥५।१७

તેમના મત પ્રમાણે વિદ્વાન તથા વિનયવાળા બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરા અને ચાડાલ એ સૌ સમાન ગણાવા જોઇએ તેમ હોવાથી માત્ર બ્રાહ્મણોનુ ગૌરવ વધારવાને જ તે તેમના પગ ધોવાનુ માથે લે એ સભવતુ નથી

કોઈ એવો પણ ખુલાસો આપશે કે કૃષ્ણ આદર્શ પુરૂષ હતા અને તેથી વિનય–નમ્રતાનો નમૂનો બતાવવા માટે જ તેમણે આ ચાકરોને લાયકનુ કામ કબૂલ કરેલુ એમાથી સવાલ એ ઉઠે છે કે ત્યારે માત્ર બ્રાહ્મણોના પગ ધોવાનુ કેમ કબૂલ કર્યું ? વયોવૃદ્ધ ક્ષત્રિયોના પાદપ્રક્ષાલનનુ કામ કેમ માથે ન લીધુ ? વળી એ પણ કહેવુ જોઈએ કે એવી નમ્રતાને આપણે આદર્શ રૂપ નમ્રતા પણ કહી શકીએ નહિ એ તો માત્ર નમ્રતાની વડાઈનો ડોળ કહેવાય

કોઇક એમ પણ કહેશે કે કૃષ્ણનુ ચરિત્ર વખતને અનુસરી ચાલનારા પુરૂષનુ છે તે વખતે બ્રાહ્મણો તરફ ભક્તિભાવ બહુ પ્રબલ હતો કૃષ્ણ લુચ્ચા–ધૂર્ત–હતા, તેથી લોકોને ઠગવાને તેમણે આમ અલૌકિક બ્રાહ્મણભક્તિ બતાવેલી

અમારો એવો મત છે કે, એ શ્લોક જ નવીન દાખલ થયલો છે, કારણ એ જ શિશુપાલવધપર્વાધ્યાયના બીજા એક અધ્યાયમા(૪૪ મામાં)થી એવુ દેખાય છે કે બ્રાહ્મણોના પગ ધોવાનુ કામ કૃષ્ણે માથે રાખ્યુ ન હતુ, તેમને તો ક્ષત્રિયો અને બહાદૂર લડવૈયાને યોગ્ય બીજુ એક કામ કરવાનુ હતુ. તેમા લખ્યુ છે કે "મહાબાહુ વાસુદેવ, શખ ચક્ર ને ગદા ધારણ કરી એ યજ્ઞની સમાપ્તિ થઈ ત્યા સુધી તેનુ રક્ષણ કરતા હતા." વખતે એ બને વાતો નવીન દાખલ થયલી હશે પરતુ

એ બને વાતો એટલા બધા મહત્ત્વની નથી કે તેને વિષે ચર્ચા કરવાની અત્રે જરૂર હોય કૃષ્ણચરિત્ર સબધે મહાભારતમા લખેલી ઘણી બાબતો ઘણી વખતે એક બીજાને બધબેસતી આવતી નથી, તેના ઉદાહરણ તરીકે જ આ દાખલો આપ્યો છે જૂદા જૂદા હાથના લખાણને લીધે જ એ અસગતિ થઈ છે

આ રાજસૂય યજ્ઞ વખતે કૃષ્ણને હાથે શિશુપાળ નામના એક મોટા બળવાન પ્રતાપી રાજાનો વધ થયલો પાંડવો જોડેના પોતાના સબધને લીધે માત્ર આ એક જ વાર કૃષ્ણને હથીઆર હાથમા લેવા પડેલા એમ કહીશુ તો ચાલશે ખાંડવદાહના યુદ્ધને માટે એવુ આગળ કહેલુ છે કે તે અસલ મહાભારતનો ભાગ હોય એવુ લાગતુ નથી તે વાચકને યાદ હશે

શિશુપાલવધપર્વાધ્યાયમા એક મોટુ ઐતિહાસિક તત્ત્વ રહેલુ છે એમ કહીએ તો ચાલે કે મહાભારતમા બીજે કોઈ ઠેકાણે એટલુ મહત્ત્વનુ તત્ત્વ જડતુ નથી આપણે જોયુ છે કે જરાસધવધ પૂર્વે અસલ મહાભારતમા કોઈ પણ જગ્યાએ શ્રીકૃષ્ણને દેવતા અથવા ઇશ્વરાવતાર રૂપ કહેલા નથી, અથવા તેમને તેવી રીતે કબૂલ પણ રાખ્યા નથી જરાસધવધ વખતે સહેજસાજ તે વાત પ્રકટ થાય છે પણ આ શિશુપાલવધ વખતે તો તેમના સમયના માણસો તેમનો ઇશ્વર તરીકે સ્વીકાર કરે છે, અને કુરુવશના તે વખતના નેતા, મોટામા મોટા પુરુષ ભીષ્મ તે જ એ મતનો પ્રચાર કરે છે

હવે ઇતિહાસની નજરે જોતા સ્થૂળ પ્રશ્ન એ જ ઉભા થાય છે કે જ્યારે પોતાના જીવનના પહેલા ભાગમા કૃષ્ણનો ઇશ્વર તરીકે સ્વીકાર થયલો નહિ, ત્યારે પહેલવહેલા તે રૂપમા લોકોએ તેમને ક્યારે કબૂલ રાખ્યા? તેમની હયાતીમા જ શુ લોકોએ તેમને ઇશ્વર તરીકે માન્યા હતા? આ શિશુપાલવધના પર્વાધ્યાયમા તથા ત્યાર પછી પણ મહાભારતમા તે રૂપે મનાયલા આપણે તેમને જોઇએ છીએ ખરા પરતુ એમ ન બન્યુ હોય કે શિશુપાલવધપર્વાધ્યાયનો તે ભાગ તથા મહાભારતના પણ તેવા ભાગો નવીન દાખલ થઈ ગયલા હોય? આ પ્રશ્નના ઉત્તરમા કયા પક્ષની સાબિતી મળી શકે છે તે જોઇએ.

આ પ્રશ્નનો જવાબ સ્પષ્ટપણે અત્રે આપીશુ નહિ. પણ આશા છે કે આ પ્રકરણમાથી જ ધીમે ધીમે તે અર્થ પોતાની મેળે ખુલ્લો થઈ આવશે હવે એટલુ તો કહેવાની જરૂર છે કે, જો શિશુપાલવધ-પર્વાધ્યાય આદિ મહાભારતનો ભાગ હોય તો, એ બનાવ બન્યો તે જ અરસામા કૃષ્ણને ઇશ્વિર તરીકે પ્રતિષ્ઠા મેળવવાની શરૂઆત થઈ હોવી જોઈએ, અને તે બાબતમા બે પક્ષ બધાઈ ગયલા હોવા જોઈએ. તેમના પક્ષના મુખ્ય માણસોમા ભીષ્મ તથા પાંડવો અને સામા પક્ષવાળાઓનો નાયક શિશુપાળ હશે શિશુપાલવધપર્વાધ્યાયનો સારાશ એ છે કે ભીષ્મ વગેરેએ તે સભા મધ્યે કૃષ્ણનુ પ્રધાનપદ સ્થાપવા પ્રયત્ન કરેલો અને શિશુપાળ તેમની સામે થયલો, તેમાથી બહુ તકરાર થઈ અને લઢાલઢી કરવાનો સમય આવ્યો, ત્યારે કૃષ્ણે તેનો વધ કર્યો, તેથી સઘળો ગડબડાટ શાત પડી ગયો, યજ્ઞમા પડેલા વિઘ્નનો નાશ થયો, અને વગર અડચણે યજ્ઞની સમાપ્તિ થઈ

હવે એ સઘળી હકીકતની અદર કાઈ ખરેખરી તવારીખી હકીકત રહેલી છે કે નહિ તેનો વિચાર કરતા પહેલા એ પર્વાધ્યાય આદિ મહાભારતનો ભાગ ખરો કે નહિ તે જોવુ જોઇએ આ કામ સહજ નથી શિશુપાલવધના બનાવ જોડે મહાભારતના સ્થૂળ બનાવોને ઘણો સબધ છે એમ તો કહેવાય નહિ, છતા એમ પણ તેટલા ઉપરથી કહી શકાય નહિ કે એ આખો પર્વાધ્યાય પાછળથી દાખલ થઈ ગયો છે એ બનાવ પહેલા મહાભારતના આગલા ભાગોમા શિશુપાળ નામના એક મહા બળવાન પ્રતાપી રાજાની હકીકત આવી ગયલી છે, પાછલા ભાગમા તેની બિલ્કુલ કથા આવતી નથી, માટે તે બે ભાગોમાં વર્ણવેલી હકીકતના સમયની મધ્યમા તેનુ મૃત્યુ થયલુ હોવુ જોઇએ, વળી પાંડવોની સભામા કૃષ્ણને હાથે તેનો વધ થયો તેથી ઉલટી હકીકત બીજી કોઈ જગ્યાએ જોવામા આવતી નથી. અનુક્રમણિકાધ્યાય અને પર્વસગ્રહાધ્યાયમા શિશુપાલવધની કથા છે, તેમ એ પર્વાધ્યાયની રચના જોતા પણ તે મૂળ મહાભારતનો ભાગ હશે એમ લાગે છે. આદિ મહાભારતના કેટલાક ભાગની માફક નાટકાશનો એમા વિશેષ ઉત્કર્ષ છે, તેથી અમૌલિક ગણી એકાએક તેને કાઢી નાખી શકાય એમ નથી.

પરતુ, એટલુ તો સ્પષ્ટ જણાઈ આવે છે કે જરાસધવધપર્વાધ્યાયની માફક એમા પણ બે હાથની કારીગરી છે, એટલુ જ નહિ પણ ત્યાના કરતા અહિ તેનુ વધારે વિચિત્રપણુ દેખાઈ આવે છે આને લીધે આપણે એટલુ ખાત્રીથી કહી શકીએ કે શિશુપાલવધપર્વાધ્યાયનો મુખ્ય ભાગ આદિ મહાભારતમા ખરો, પણ તેમા બીજો સ્તર લખનાર કવિનો અથવા ત્યાર પછીના લેખકોનો ઘણે ભાગે હાથ છે

એ શિશુપાળવધનુ વિસ્તારપૂર્વક વૃત્તાન્ત નીચે પ્રમાણે છે

આજે પણ આપણામા એવો ધારો છે કે કોઈ મોટા માણસને ઘેર સભા ભરાય ત્યારે તેમા જે પ્રધાન–મુખ્ય–માણસ હોય તેને હાર પહેરાવાય છે, યા કોઈ રીતે તેની પૂજા થાય છે–તેને માન અપાય છે, તેમા ઘણી વખત–દાખલા તરીકે, ન્યાતના સાજનામા–એવુ બને છે કે ગુણથી એવા માનને જે પાત્ર હોય છે તેને તે મળતુ નથી, પરતુ કુળ વડે જે મોટા હોય, ન્યાતનો શેઠ હોય ને તે મૂર્ખ હોય તોપણ તેને તે મળે છે–કૃષ્ણના સમયમા તેથી ઉલટી રીત હતી સભાસદોમા ગુણ વડે જ જે સૌથી મુખ્ય હોય, તેને અર્ઘ અપાતો હતો, તેની પૂજા થતી હતી કુળમર્યાદા ન જોતા માત્ર તે માણસની પાત્રતા–તેના ગુણ જ જોવામા આવતા

યુધિષ્ઠિરની સભામા પણ કોઈની પૂજા કરવાની–કોઈને અર્ઘ આપવાની જરૂર હતી આખા ભરતખડના રાજાઓ જે સભામા એકઠા થયા હતા તેમા તે માન પામવાને કોણ યોગ્ય હતુ એ મોટો સવાલ હતો ભીષ્મે તેનો જવાબ આપ્યો કે, "એ સૌમા શ્રેષ્ઠ કૃષ્ણ છે, તેમને અર્ઘ આપો"

હવે જ્યારે ભીષ્મે પહેલવહેલી એ વાત કહી, ત્યારે કૃષ્ણને દેવતા ગણીને જ તેમને સર્વશ્રેષ્ઠ સ્થાન આપેલુ એવો ભાવ જરાએ તેના ભાષણમાથી નીકળતો નથી કૃષ્ણ 'તેજ, બળ અને પરાક્રમથી શ્રેષ્ઠ" છે. ક્ષત્રિયગણમા ક્ષત્રિયગુણથી કૃષ્ણ શ્રેષ્ઠ હતા માટે તેમને માન આપવુ એવુ ભીષ્મનુ કહેવુ હતુ, માટે તેમને અર્ઘ આપવો એવુ તેમણે કહેલુ આથી જણાય છે કે ભીષ્મે કૃષ્ણનુ માત્ર મનુષ્યચરિત્ર જ નજરમા રાખેલુ.

ભીષ્મના એ વચનને અનુસરી કૃષ્ણની પૂજા થઈ. તેમણે પણ

તે કબૂલ રાખી તે શિશુપાળથી ખમી શકાયુ નહિ, તેથી એકી વખતે તેણે ભીષ્મ, કૃષ્ણ અને પાંડવોનો તિરસ્કાર કરતા જે ભાષણ કર્યું છે, જે વક્તૃત્વ બતાવ્યુ છે, તે જો વિલાયતની પાર્લામેંટમા પણ કરવામા આવ્યુ હોય તો ત્યા પણ ઉંચો દરજ્જો લે એવુ છે ભાષણના પહેલા ભાગમા એણે જે કહ્યુ છે તેમા સમાયલા મ્હેણાંટોણા બહુ ચોખ્ખા ને તીવ્ર છે. કૃષ્ણ રાજા નથી, છતા આટલા બધા રાજાઓ અહિ હાઝર હોવા છતા, એ શા માટે અર્ઘ પામે? વયોવૃદ્ધ ગણીને એમની પૂજા કરી હોય તો એમના બાપ વસુદેવને શા માટે પૂજ્યા નહિ? જો તેમને પાંડવોના આત્મીય અને વહાલા ગણી પૂજા કરી હોય તો તેમનો જ સસરો દ્રુપદ શુ તેમના પર ઓછુ હેત રાખે છે? કૃષ્ણને આચાર્ય * ગણી અર્ઘ આપ્યો હોય તો દ્રોણાચાર્ય હાઝર હોવા છતા કૃષ્ણને અર્ઘ અપાય જ કેમ? ઋત્વિક્—કુળગોર ગણી તેમની પૂજા કરી હોય તો વેદ-વ્યાસ ક્યા ગેરહાઝર હતા? કે કૃષ્ણ સુધી જવુ પડે?† ઇત્યાદિ

શિશુપાળ એ પ્રમાણે ભાષણ કરતા કરતા બીજા ભાષણકર્ત્તાઓની માફક તપી ગયો, Logic છોડી Rhetoric પર ઉતરી પડ્યો, વિચારપૂર્વક વાતો કહેવાને બદલે ગાળો દેવા મડી ગયો, પાંડવોને છોડી તેણે કૃષ્ણને પકડયા અલકારશાસ્ત્રમા શિશુપાળ બહુ નિપુણ હશે, કારણ "સામાને ગમતુ હોય તે જ કરવાવાળો," "અર્ઘ પામવાને માટે જે લક્ષણની જરૂર છે તે વિનાનો," એવી એવી ન્હાની ન્હાની ગાળોથી વધતા વધતા છેવટે "દુરાત્મા," "ધર્મભ્રષ્ટ," વગેરે મોટી મોટી ગાળો ઉપર આવી, છેવટે—climax પર આવતા, "હુતદ્રવ્યનો શેષ ભાગ મનુષ્ય વગરના સ્થળમાથી લઈ જનારો કૂતરો," "સ્ત્રીને પરણનાર નપુસક§" એવા એવા તીવ્ર ભાડણ વડે તેણે તેનુ ભાષણ પુરૂ કર્યું

* અભિમન્યુ, સાત્યકિ વગેરે મહારથીના આચાર્ય અને કદાપિ અર્જુ-નને પોતાને પણ યુધ્ધવિદ્યા શિખવનાર આચાર્ય કૃષ્ણ ગણાય.

† આ ઉપરથી કૃષ્ણ બહુ પ્રખ્યાત વેદજ્ઞ—વેદ જાણનાર હતા, એમ તે કબૂલ કરે છે.

§ કૃષ્ણ વગર સંતતિના હતા નહિ, પરતુ ઇંદ્રિયપરાયણ માણસો જિતેંદ્રિયને એવી જ રીતે ગાળો દે છે.

તે સાભળી ક્ષમાગુણના પરમાધાર, પરમયોગી આદર્શ પુરૂષે કાંઈ જ ઉત્તર આપ્યો નહિ કૃષ્ણમા એટલી શક્તિ હતી કે ધારત તો તે તે જ વખત તેને મારી નાખી શકત—કારણ પાછળથી વાચકને જણાશે કે તે બહુ થોડા વખતમા શિશુપાળનો વધ કરી શક્યા હતા. આગળ કૃષ્ણને કોઈ પણ વખત એવા કડવા વચન સાભળવા પડેલા એવુ જણાતુ નથી, છતા આ તિરસ્કારયુક્ત ભાષણ સાભળી તે જરા પણ ગુસ્સે થયા નહિ કોઈ બીજાની માફક તેમણે મ્હોડેથી તેને એવુ પણ કહ્યુ નહિ કે "શિશુપાળ! ક્ષમા એ મોટો ધર્મ છે, માટે જા, હુ તને ક્ષમા કરૂ છુ." વગર બોલે તેમણે પોતાના શત્રુને ક્ષમા કરી

યજ્ઞકર્તા યુધિષ્ઠિરે આ પ્રમાણે પોતે નોતરેલા રાજાને ક્રોધે ભરાયલા જોઈ તેમને શાત પાડવા માડયા—કારણ યજ્ઞમડળમા યજમાનનો એ ધર્મ હતો મીઠા મધુર વચન વડે તેમણે કૃષ્ણનુ ભૂડુ બોલનારાને ઠડા પાડવા પ્રયત્ન કરવા માડયો પરતુ વૃદ્ધ ભીષ્મ લોઢા જેવા સખત હતા, તેમને એ વાત ઠીક લાગી નહિ, તેથી તેમણે ચોખ્ખુ જ કહી દીધુ કે, "જેને કૃષ્ણની પૂજા ગમતી નથી, તેને શાન્ત પાડવાની જરૂર નથી"

પછી કુરૂવૃદ્ધ ભીષ્મે એક મોટુ ભાષણ કરી, કૃષ્ણની અર્ચના કરવા માટે તેમણે શા કારણથી સલાહ આપી હતી, તેનો ખુલાસો આપવા માડયો એ ભાષણનો માત્ર સાર જ અત્રે આપ્યો છે, પણ પહેલા આપણે જોઇએ કે તેમા કયુ મોટુ રહસ્ય સમાયલુ છે સઘળા મનુષ્યોમા, ખાસ કરીને ક્ષત્રિયોમા જે ગુણ હોવા જોઈએ તે ગુણો વડે કૃષ્ણ સર્વશ્રેષ્ઠ છે અને તેથી જ તે પૂજવા લાયક છે, એવો એ ભાષણના કેટલાક ભાગનો સાર છે, પરતુ તેમા ઠેકાણે ઠેકાણે એવા પણ વાકયો છે કે કૃષ્ણ પોતે જગદીશ્વર છે તેથી સઘળાએ તેમને પૂજવા જોઇએ ભીષ્મના ભાષણના એ બે પ્રકારના વાકયો છૂટા પાડી પાડી નીચે ઉતાર્યા છે, ને ઉપરથી વાચક તેનુ તાત્પર્ય જોઈ શકશે

ભીષ્મે કહ્યુ "આ મોટી સભામા એવો એક પણ રાજા દેખાતો નથી કે જેનો કૃષ્ણ પોતાના તેજોબળથી પરાજય કરી શકે નહિ." આ

તેના મનુષ્યત્વને ધ્યાનમા રાખીને કહ્યુ છે હવે દેવત્વને અંગે કહે છે "એ અચ્યુત કેવળ આપણે જ પૂજા કરવા લાયક છે એમ નથી એ મોટા બાહુવાળા તો ત્રણે લોકના પૂજનીય છે યુદ્ધમા તેમણે અસખ્ય ક્ષત્રિયોનો પરાજય કર્યો છે. અને અખડ બ્રહ્માડ તેમના વડે જ પ્રતિષ્ઠિત થઈ રહ્યુ છે "

વળી મનુષ્યત્વ સબધે કહે છે—" કૃષ્ણના જન્મથી અત્યાર સુધી તેમણે જે સઘળા કામ કર્યા છે તેની કીર્તિ કેટલા બધા માણસો મારી પાસે પુન પુનઃ ગાઈ ગયા છે તેમના બાળ વયથી જ મે તેમની પરીક્ષા કરી મૂકેલી છે કૃષ્ણના શૌર્ય, વીર્ય, કીર્ત્તિ, વિજય વગેરે સઘળુ મારી જાણમા છે " આની જોડે માહે માહે દેવત્વ પણ દાખલ કરી દીધુ છે, " તેથી સઘળી વસ્તુઓને સુખ આપનાર જગદર્ચિત અચ્યુતની પૂજા કરવા માટે મે સલાહ આપી છે " વળી મનુષ્યત્વ બાબત ચોખ્ખે ચોખ્ખુ કહે છે " કૃષ્ણની પૂજા બે કારણથી કરી છે, એક તો એ સમગ્ર વેદ અને વેદના અગોને જાણે છે, અને એમનામા સર્વ કરતા બળ અધિક છે, **તેથી મનુષ્ય લોકમાં એમના જેવો બળવાન તથા વેદવેદાંગને જાણનાર બીજો માણસ મળી આવવો બહુ કઠીન છે.** દાન, દક્ષતા, શ્રવણ, શૌર્ય, લજ્જા, કીર્ત્તિ, બુદ્ધિ, વિનયમા તે અનુપમ છે ધીરજ, સતોષ વગેરે ગુણોનો સમુદાય એમનામા વિરાજી રહ્યો છે, તેટલા માટે એવા સર્વગુણસપન્ન આચાર્ય, પિતા અને ગુરૂસ્વરૂપ પૂજાને લાયક કૃષ્ણ પ્રતિ ક્ષમા પ્રદર્શિત કરવી એ તમારૂ કર્ત્તવ્ય છે. તે ઋત્વિક્—કુળાચાર, ગુરૂ, સબંધી, સન્યાસી, રાજા અને પ્રિય છે, એટલા માટે એ અચ્યુતની પૂજા કરી છે."* વળી પાછો દેવત્વવાદ દેખાય છે " કૃષ્ણ એ જ સચરાચર વિશ્વની સૃષ્ટિ, સ્થિતિ ને પ્રલયના કર્ત્તા છે, તે અવ્યક્ત પ્રકૃતિ, સનાતન, કર્ત્તા, સર્વ ભૂત વસ્તુના અધીશ્વર છે, તેટલા માટે તે પૂજનીય છે, તેમા સદેહ શો છે ? બુદ્ધિ, મન, મહત્તત્ત્વ, પૃથ્વી આદિ

---

* અનુશીલન ધર્મના પરમ આદર્શ કૃષ્ણ એવુ જે પહેલા પ્રકરણમાં કહ્યું છે, તે ભીષ્મ પોતાના ભાષણમા સ્પષ્ટ કરી બતાવે છે.

પચમહાભૂત વગેરે એક માત્ર કૃષ્ણમા જ પ્રતિષ્ઠિત થયા છે ચન્દ્ર સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, દિશાઓ વગેરે એક માત્ર કૃષ્ણમા જ રહ્યા છે "–વગેરે.

કૃષ્ણની પૂજા કરવાના ભીષ્મે બે કારણ બતાવ્યા છે (૧) બળમા તેમની સૌના કરતા શ્રેષ્ઠતા. (૨) તેમના જેવો વેદવેદાગપારદર્શી કોઈ ન હતો. કૃષ્ણના અદ્વિતીય પરાક્રમના ઘણા ઉદાહરણ આપણે જોયા છે તેમની અદ્વિતીય વેદજ્ઞતાનું પ્રમાણ ગીતા છે હાલ જેને આપણે ભગવદ્‌ગીતા તરીકે વાચીએ છીએ તે કૃષ્ણની બનાવેલી નથી, તે તો વ્યાસને હાથે લખાયલી ગીતા તરીકે જણાયલી છે. તેનુ નામ "વૈયાસિકી સહિતા" છે. એના બનાવનાર વ્યાસ હોય કે જે કોઈ બીજા હોય તેણે કૃષ્ણના વચન બહુ ઠીક રીતે ઉતારી રાખી આ ગ્રથમા સકલિત કર્યા લાગતા નથી તેમ જ એ ગીતા આદિ મહાભારતનો ભાગ હશે એમ આપણને લાગતુ નથી, છતા કૃષ્ણના ધર્મમતનુ સકલન ગીતામા છે, એટલુ ખાત્રીથી કહેવાય ખરૂ તેના મતાવલબી કોઈ જ્ઞાની પુરૂષને હાથે ગીતા આ આકારમા ગોઠવાઈ, મહાભારતમા દાખલ થઈ, પ્રચારિત થઈ હશે, એ જ સગત–સ્વાભાવિક લાગે છે કહેવાની મતલબ એ છે કે ગીતામા કહેલો ધર્મ જેણે રચેલો હશે તે ખરેખર અદ્વિતીય વેદવિત્ પડિત હોવો જોઈએ. ધર્મની બાબતમા તેણે વેદને સર્વથી ઉંચુ પદ આપ્યુ નથી, કોઈ કોઈ વખત તો વેદની નિદા પણ તેણે કરેલી છે, છતા જેણે વેદ અને ગીતા બનેનુ અધ્યયન કર્યુ હશે તેને સહજ જણાશે કે કોઈ અદ્વિતીય વેદજ્ઞ સિવાય બીજાને હાથે ગીતામા કહેલો ધર્મ પ્રણીત થઈ શકે જ નહિ

જે માણસ એ પ્રમાણે પરાક્રમ તથા પાણ્ડિત્ય, વીરત્વ તથા શિક્ષા, કર્મ તથા જ્ઞાન, નીતિ અને ધર્મ, દયા અને ક્ષમા, એ સર્વમા સરખી રીતે જ શ્રેષ્ઠ હોય તે જ માણસ આદર્શ પુરૂષ કહેવાય

પ્રકરણ ૧૦મું

શિશુપાળવધ

ભીષ્મે એ પ્રમાણે પોતાનુ ભાષણ સમાપ્ત કરી શિશુપાળની અવજ્ઞા–તિરસ્કાર–કરી કહ્યુ "જો કૃષ્ણની પૂજા શિશુપાળથી ન ખમાતી હોય તો જેમ તેને ગમે તેમ કરે," મતલબ કે ઠીક ન લાગે તો ચાલ્યો જાય.

પછી શુ થયુ તે મહાભારતમાથી જ ઉતારી લીધુ છે

"કૃષ્ણની પૂજા થયલી જોઈ સુનીથ નામે એક મહા બળવાન લડવૈયો ક્રોધથી કાપવા લાગ્યો, અને આખ રાતીચોળ કરી બીજા રાજાઓને કહેવા લાગ્યો કે "પૂર્વે હુ સેનાપતિ હતો, હાલમા યાદવો તથા પાંડવ કુળનો જડમૂળથી નાશ કરવા હમણા ને હમણા હુ લઢાઇરૂપી દરીયામા કૂદી પડવા તૈયાર છુ." બીજા રાજાઓનો પણ અવિચળ ઉત્સાહ જોઈ ચેદિરાજ શિશુપાળ ઉત્તેજિત થઈ યજ્ઞના કામમા કેમ વિઘ્ન ન ખાય તેની સલાહમસલત તે લોકો જોડે કરવા લાગ્યો, અને તેમને કહ્યુ કે જેથી યુધિષ્ઠિરનો યજ્ઞ ન થાય, ને કૃષ્ણની પૂજા રદ થાય એવુ કરવુ તે આપણુ કર્ત્તવ્ય છે તે રાજાઓને બીજાઓએ વાર્યા છતા ક્રોધને તાબે થઈ સલાહમસલત કરતા જોઈ, કૃષ્ણના મનને ખાત્રી થઈ કે તેઓ લઢાઈ કરવાને માટે જ વિચાર કરે છે.

સાગર જેવા રાજમડળને આ પ્રમાણે રોષને તાબે થઈ જતુ જોઈ રાજા યુધિષ્ઠિરે જ્ઞાનીઓમા શ્રેષ્ઠ એવા ભીષ્મ પિતામહને કહ્યુ કે, "હે પિતામહ ! આ મોટો રાજસમુદ્ર ખળભળી ઉઠયો છે, માટે આ ક્ષણે જે આપણુ કર્ત્તવ્ય હોય તે બતાવો."

શિશુપાળને મારી નાખવાનુ યથાર્થ કારણ આ જ છે તેનો વધ ન થયો હોત તો બીજા રાજાઓ જોડે મળી જઈ તે યજ્ઞ થવા દેત નહિ.

આ થયા પછી શિશુપાળે ભીષ્મ તથા કૃષ્ણને બહુ ગાળો દીધી. તે ગાળો પણ આગળની ગાળોના જેવી જ હતી "દુરાત્મા," "જેનો બાળકો પણ તિરસ્કાર કરે તેવો," ' ભરવાડ," "દાસ," વગેરે છતા પરમ યોગી કૃષ્ણે બીજી વાર પણ ચૂપકીદી પકડી તેને ક્ષમા કરી. કૃષ્ણ જેમ બળના તેમ જ ક્ષમાના પણ આદર્શરૂપ છે ભીષ્મ પહેલા તો કાંઈ બોલ્યા નહિ, પણ ભીમને બહુ ગુસ્સો ચઢવાથી એકદમ શિશુપાળપર ધસી જવા તે ઉભો થઈ ગયો. ભીષ્મે તેને પકડી લીધો, અને શિશુપાળનુ પૂર્વ વૃત્તાન્ત તેને સભળાવવા માડયુ તે અત્યન્ત અસભવિત તથા અસ્વાભાવિક છે અને બિલકુલ વિશ્વાસ રાખવા લાયક નથી એ વૃત્તાન્ત આ પ્રમાણે છે —

શિશુપાળ જન્મ્યો તે વખત તેને ત્રણ આખ ને ચાર હાથ હતા, અને ગધેડાના ભૂકવા જેવી તે ચીસ પાડી ઉઠયો હતો. તેથી એવા ખરાબ લક્ષણવાળા પુત્રનો ત્યાગ કરવો તે જ સારૂ એવો તેના માબાપે વિચાર કર્યો એટલામા આકાશવાણી થઈ તે વખતે જેઓ ગપ્પા હાકતા તેઓના આકાશવાણી વગર તે ગપ્પા જામતા નહિ એવી અહીં પણ પછી આકાશવાણી થઈ કે–" છોકરો બહુ સારો છે, માટે એને ફેકી દેશો નહિ, એની સારી રીતે સભાળ લ્યો જમ પોતે પણ એને કશુ કરી શકશે નહિ, છતા એને જે માણસ મારી નાખશે તેનો જન્મ થઈ ચૂકેલો છે " તે ઉપરથી તેના માબાપે પૂછ્યુ કે "હે આકાશવાણી ! એને કોણ મારશે તેનુ નામ પણ કહોની." દેવવાણીએ આટલુ બધુ કહ્યુ ત્યારે કૃષ્ણનુ નામ પણ દઈ દીધુ હોત તો બધા ગડબડાટનો ત્યા જ અત આવત. પરતુ જો તેમ થાય તો આ આખી ગપ જે ભૂમિકાપર રચાયેલી છે તેનુ Plot (વસ્તુ) બગડી જાય–તેનો નાશ થઈ જાય, તેથી માત્ર દેવવાણીએ તો એટલુ જ કહ્યુ કે, " જેના ખોળામા આપવાથી એ બાળકના વધારાના હાથ ખરી પડે, ને ત્રીજી આખ મીચાઈ જાય તે જ એને મારશે "

આ ઉપરથી પોતાના દેશના એક પછી એક સઘળા લોકોના ખોળામા શિશુપાળના બાપે તેને બેસાડી જોયો, પણ તેથી ન તેની

આખ મીંચાઈ કે ન તેના હાથ ખરી પડયા કૃષ્ણ ને શિશુપાળ લગભગ સરખી વયના હશે, કારણ રૂક્મિણીનો હાથ મેળવવા એકી વખતે બને તૈયાર થયા હતા વળી દેવવાણીએ જે કહેલુ હતુ કે, શિશુપાળને મારનારનો "જન્મ થઈ ચૂકયો છે," તેથી પણ એમ જ સમજાય છે. છતા, કૃષ્ણ દ્વારકાથી ચેદિ દેશ ગયા ને ત્યા એ બાળકને તેમણે ખોળામા બેસાડયો એમ થતા જ તેના બને હાથ ખરી પડયા ને ત્રીજી આખ બધ થઈ ગઈ

શિશુપાળની મા કૃષ્ણની ફોઈ થાય ફોઈએ જબરદસ્તીથી કૃષ્ણને પકડી કહ્યુ કે, "ભાઈ! ભાઈ! મારા પુત્રને મારતો નહિ" કૃષ્ણે કહ્યુ "ઠીક, જેથી તે વધને યોગ્ય થાય એવા શિશુપાળના સો અપરાધ હુ માફ કરીશ"

જે વાત ગેરકુદરતી હોય તે અમે માનતા નથી વાચક પણ નહિ માનતા હોય એવી આશા છે કોઈ ઈતિહાસની ચોપડીમા એવો બનાવ લખેલો જોવામા આવે તો તે લેખકની પોતાની અથવા તેના પહેલાના કોઈ માણસની કલ્પનાનુ પરિણામ તે ગણાય છે ક્ષમાગુણની મોટાઈ ન સમજી શકે અથવા કૃષ્ણચરિત્રનુ માહાત્મ્ય ન સમજી શકે તેવા કોઈ કવિએ કૃષ્ણની અદ્‌ભુત ક્ષમાશીલતાની કદર નહિ બૂજવાથી, અને લોકોને શિશુપાળ તરફ કૃષ્ણે જે ક્ષમાવૃત્તિ બતાવી તેનુ કારણ સમજાવવા આ અદ્‌ભુત કથા—ગપ—લખેલી લાગે છે જે અસુરનો વધ કરવાને કૃષ્ણે મનુષ્યનો અવતાર લીધેલો તે જ અસુરના અપરાધોની તે ક્ષમા કરે, એ અસગત વાત છે માત્ર અસુરનો વધ જ કરવા તે પૃથ્વી ઉપર અવતર્યા હોય તો પછી તેમનામા ક્ષમાગુણ શા માટે જોઈએ, અથવા બીજા કોઈ પણ ગુણ શા માટે હોવા જોઈએ તે સમજાતુ નથી પરતુ એથી ઉલટુ જો તેમનો આદર્શપુરૂષ તરીકે આપણે વિચાર કરીએ તો, તે આદર્શના વિકાસને માટે જ તે અવતરેલા ગણી શકાય, અને તેમના બધા કામ એ જ ધોરણે જોવાથી બરાબર સમજી શકાય. કૃષ્ણચરિત્રરૂપ રત્નભડાર ખોલવાની ચાવી તે એ આદર્શ પુરૂષતત્ત્વ જ.

શિશુપાળના કડવા વચન સહન કર્યા તેથી જ અત્રે કૃષ્ણના ક્ષમાગુણના વખાણ કર્યા છે તેવુ નથી શિશુપાળે તે પહેલા પણ શ્રીકૃષ્ણ

ઉપર બહુ જુલમ કરેલો. કૃષ્ણ પ્રાગ્જ્યોતિષપુર ગયા હતા, તે સમયનો લાભ લઈ દ્વારકાને આગ લગાડી તે ન્હાસી ગયો હતો કોઈ વખત યાદવો રૈવતક પર્વત ઉપર ઉજાણી વગેરે મોજમઝા કરવા જતા તો ત્યા એકદમ ચઢી આવી શિશુપાળ ઘણા યાદવોનો ઘાણ કાઢી નાખતો વસુદેવના અશ્વમેધનો ઘોડો તે ચોરી ગયલો એ અપરાધ તે વખતના ક્ષત્રિયોને મન બહુ મોટો ગણાતો આ બધા અપરાધો કૃષ્ણે તેને માફ કર્યા હતા તેમ માત્ર શિશુપાળનુ જ વૈરાચરણ તેણે માફ કર્યું હતુ એમ નથી જરાસધે પણ તેમને બહુ હેરાન કરેલા પોતાને માટે કે પરકાને માટે, ગમે તેમ હોય પણ કૃષ્ણ જરાસધનો વધ કરવા શક્તિવળા હતા, તે આપણે જોયુ છે પરતુ જ્યા સુધી જરાસધે રાજાઓને કેદખાને નાખી તેમના વડે મહાદેવનુ બલિદાન આપવાની તૈયારી કરી ન હતી, ત્યા સુધી કૃષ્ણે તેના પ્રતિ જરા પણ વેરી તરીકે આચરણ કરેલુ નહિ, ઉલટુ તેની જોડે યુદ્ધ કરવાથી નકામી લોકોની હાનિ થશે એમ જાણી પોતે જ મથુરા છોડી જઈ રૈવતક ગઢ બાધી ત્યા રહ્યા હતા એ પ્રમાણે જ્યા સુધી જરાસધે માત્ર તેમની પોતાની જોડે જ શત્રુતા રાખી હતી ત્યા સુધી કૃષ્ણે તેનુ લેશ માત્ર પણ ભૂડુ કર્યું નહતુ, પણ પછી જ્યારે પાંડવોના યજ્ઞમા વિઘ્ન અને ધર્મરાજ્યની સ્થાપનામા હરકત કરવા તૈયાર થયો ત્યારે જ માત્ર કૃષ્ણે તેનો વધ કર્યો આદર્શ પુરૂષની ક્ષમા, તે ક્ષમાપરાયણતાનો જ નમૂનો હોય, માટે જો કોઈએ તેનુ ભૂડુ કર્યું હોય તો પણ કોઈ પ્રકારે તેને માટે તે મનમા માઠુ લાવતો નથી ને તેને શત્રુરૂપે ગણતો નથી, છતા આદર્શ પુરૂષ દડપ્રણેતાનો પણ આદર્શ હોવો જોઈએ તેથી જો કોઈ લોકોનુ ભૂડુ કરવા તત્પર થાય તો તેનો દડ પણ તેણે કરવો જોઈએ

કૃષ્ણના ક્ષમાગુણના પ્રકરણમા કર્ણ તથા દુર્યોધન પ્રતિ તેમણે જે ક્ષમા બતાવેલી તેનો અહિ ઈશારો કર્યા વગર ચાલે તેમ નથી, જોકે એ વાત આગળ ઉદ્યોગપર્વમા તો આવશે, પરતુ કર્ણ અને દુર્યોધને જે અવસ્થામા એમને બદિવાન કરવાનો પ્રયત્ન કર્યો હતો, તે અવસ્થામા જો કોઈ બીજાને માટે તેવુ કરવા કોઈ તત્પર થાય તો તેવા શત્રુને ઈસૂ ખ્રીસ્ત જેવા નરમ સ્વભાવના માણસ સિવાય ભાગ્યે જ બીજો કોઈ

માણસ ક્ષમા કરી શકે પરતુ કૃષ્ણે તેમને ક્ષમા કરી એટલુ જ નહિ પણ બધુભાવથી કર્ણ જોડે વાતચીત કરી અને મહાભારતના યુદ્ધ વખતે પણ તેની સામુ કદિ પણ અસ્ત્ર ધારણ કર્યું નહિ

પછી પણ ભીષ્મ અને શિશુપાળ વચ્ચે થોડી બોલાચાલી થઈ. ભીષ્મે કહ્યુ "શિશુપાળ કૃષ્ણના તેજે કરીને તેજસ્વી દેખાય છે, હમણા જ શિશુપાળના તેજનુ તેઓ હરણ કરી લેશે " આથી શિશુપાળ બહુ તપી ઉઠયો ને ભીષ્મને તેણે બહુ ગાળો દીધી, અને કહ્યુ કે, "આ સઘળા રાજાઓની મહેરબાનીથી જ તુ જીવતો રહેલો છે બાકી એઓ ધારે તો હમણા તારો પ્રાણ લે " એ સાભળી તે વખતના ક્ષત્રિય યોદ્ધાઓમા ઘણા શૂરવીર ગણાતા ભીષ્મ બોલ્યા કે "એ બધાને તો હુ તરણાને તોલે પણ ગણતો નથી " એ વચનની સાથે જ ભેગા થયલા રાજાઓ એકદમ ગર્જના કરી બોલી ઉઠયા કે, "આ ભીષ્મને પશુની માફક વધેરી નાખો અથવા તો બળતા અગ્નિમા નાખી દો " ભીષ્મે જવાબ આપ્યો "તમારી મરજી પડે તે કરો, મે આ તમારા મસ્તક ઉપર પગ મૂક્યો છે" આમ કહી તેમણે પગ પછાડયો આ પ્રમાણે વૃદ્ધ યોદ્ધાને ન જોરથી કે ન બોલીથી આજવાનો એકે રસ્તો રહ્યો. તેથી એ તકરારનો નીવેડો લાવવાનો સ્હેલો ઉપાય ભીષ્મે તે લોકોને બતાવી દીધો તેમણે તે ઉપાય સૂચવ્યો તેની મતલબ એવી હતી કે, "કૃષ્ણની પૂજા કરી તેથી તમે આ સઘળો ગડબડાટ મચાવી મૂક્યો છે કૃષ્ણનુ શ્રેષ્ઠત્વ તમે કબૂલ કરતા નથી, પણ એ બધો ગડબડાટ કરવાનુ કાઈ કારણ જ નથી એ પોતે જ અહિ હાઝર છે તેમની એક વખત પરીક્ષા જ કરી જુઓની જેને મરવાની ચેળ થતી હોય તે એક વાર કૃષ્ણને યુદ્ધમા ઉતરવાનુ નોતરૂ દઇ જુઓ "

આ વાત સાભળી કાઈ શિશુપાળથી ચૂપ બેસી રહેવાય ? તેણે કૃષ્ણને કહ્યુ "આવ, મારી જોડે લઢાઇમા ઉતર, હુ તને તેમ કરવા નોતરૂ દઉં છુ "

હવે કૃષ્ણે મ્હો ઉઘાડયુ, પરતુ તે પણ શિશુપાળ જોડે વાત કરવાને તો નહિ જ ક્ષત્રિય તરીકે કૃષ્ણને લઢાઇમા ઉતરવાનુ કહેણુ

આવ્યા પછી તેમાથી નીકળવાનો તેમની પાસે બીજો રસ્તો જ ન હતો. તેમ એ યુદ્ધ કરવુ એવુ ધર્મને લીધે પણ તેમને કારણ મળેલુ જ હતુ. તેથી સભામા ભેગા મળેલા સઘળા લોકોને સબોધી શિશુપાળને હાથે થયલા સઘળા અપરાધનુ એક પછી એક તેમણે વિવેચન કરી બતાવ્યુ, અને છેવટે કહ્યુ કે, " આટલા દિવસ મે ક્ષમા કરી છે, પણ આજે હુ તેમ કરીશ નહિ "

આ કૃષ્ણના વચનોમા એવી વાત પણ છે કે તેમની ફોઈની આજીજીને લીધે એટલા બધા દિવસ સુધી તેના આગળના સઘળા અપરાધ પોતે ક્ષમા કર્યા હતા અત્યાર સુધી આ સબધે જે કાઈ કહેવામા આવ્યુ છે તે યાદ લાવી વખતે કોઈ વાચક એમ કહેશે કે એ વાત પણ પાછળથી દાખલ થયલી હશે અમારૂ કહેવુ એમ છે કે વખતે નવીન દાખલ થયલી હોય એમ પણ બની શકે, પરતુ તેમ ગણવાને કાઈ કારણ નથી, કેમકે એમા અસ્વાભાવિકતા કશી પણ નથી, ઉલટી એ વાત ઘણી રીતે સ્વાભાવિક ને સભવિત લાગે છે એ દુષ્ટ બાળપણથી જ કૃષ્ણની અદેખાઈ કરતો હશે, કૃષ્ણ બળવાન હતા, તેથી ધારે તો શિશુપાળને ચાચડની માફક મસળી નાખે એવી સ્થિતિમા હતા એવી વખતે ફોઈ પોતાના ભત્રીજાની મહેરબાની માગી લે, એ બનવા જોગ છે ક્ષમાપરાયણ કૃષ્ણે પોતાના સ્વભાવને લીધે શિશુપાળને ક્ષમા કરેલી તેમ જ પોતાની ફોઈની માગણી પણ ધ્યાનમા રાખી તેને તેના ગુન્હા માફ કરેલા હોય એ પણ સભવિત છે તેમ જ વળી ફોઈના છોકરાનો એકદમ વધ કરવો એ પણ બહુ નિદનીય કામ હોવાને લીધે, કૃષ્ણે પોતાની ફોઈને ખાતર પણ કાઈ ન કર્યું હોય, એમ પણ બની શકે, અને પોતે તે પ્રમાણે કરેલુ તેનો ખુલાસો કરવાની ઇચ્છાથી તેમણે એ સઘળી વાતનુ વિવેચન કર્યું હોય આ બધા સબબને લીધે કૃષ્ણના વચન સુસગત હોય એમ લાગે છે

આના પછી વળી પાછી થોડી અસ્વાભાવિક વાત આવે છે શિશુપાળને મારવા માટે કૃષ્ણે પોતાના ચક્રનુ સ્મરણ કર્યું, અને તેમ કરતા તરત જ ચક્ર આવી તેમના હાથમા પડ્યુ. તેનાથી કૃષ્ણે તેનુ માથુ કાપી નાખ્યુ

આ ન બની શકવા જેવી હકીકતને ઐતિહાસિક સત્ય તરીકે કોઈ પણ વાચક કબૂલ કરશે નહિ, છતા જો કોઈ એમ કહે કે કૃષ્ણ ઇશ્વરનો અવતાર હતા, તેમનાથી શુ ન થઈ શકે, તો તેને માત્ર એક જ પ્રશ્ન પૂછીશુ કે જો ચક્ર વડે શિશુપાળનો વધ કરી શકે એવુ હતુ તો પછી તે જ કામ કરવા માટે તેમને માણુસનુ શરીર શા માટે ધારણ કરવુ પડ્યુ ? કોઈ ચેતનવાળા જીવ માફક એ ચક્રને આપણે આજ્ઞા અનુસાર આવજાવ કરતુ જોઈએ છીએ, તો પછી વૈકુંઠમાથી જ વિષ્ણુએ તેને શિશુપાળનો શિરચ્છેદ કરવા શા માટે મોકલી ન દીધુ ? એટલુ જ કામ કરવા માટે મનુષ્યદેહ ધારણ કરવાનુ પ્રયોજન શુ ? પોતાના કુદરતી નિયમો વડે ઇશ્વર શુ કોઈ માણુસનુ મૃત્યુ લાવવુ હોય તો તે લાવી શકતો નથી ? તેની માત્ર ઇચ્છા જ એટલુ કરવાને સબળ નથી કે તેને ખાસ તેટલા માટે માણુસ રૂપે અવતરવુ પડે, ને તેમ કરીને પણ પછી તે શુ એટલો બધો કમતાકાત થઈ જતો હશે કે તેને એક બીજા માણુસનો વધ કરવાને સારૂ પોતાની માનુષી શક્તિ ઓછી માલમ પડવાને લીધે ઇશ્વરી શક્તિ દ્વારા દૈવી અસ્ત્રને સભારવુ પડે ? જો ઇશ્વર એટલી ઓછી શક્તિવાળો હોય તો પછી માણુસ અને ઇશ્વર વચ્ચેનો તફાવત બહુ ઓછો થઈ જાય છે અમે કૃષ્ણ ઇશ્વરાવતાર ન હતા એમ નથી કહેતા, પરતુ અમારો મત એવો છે કે કૃષ્ણ માનુષી શક્તિ સિવાય બીજી કોઈ શક્તિનો આશ્રય લેતા ન હતા, અને પોતે સઘળા કામ તે શક્તિ દ્વારા કરતા, માટે આ ચક્રસ્મરણ સુદ્ધાન્ત બધુ જ પાછળથી દાખલ થયલુ છે, અને કૃષ્ણે શિશુપાળને માનુષી શક્તિથી હણેલો તેની સાબિતી મહાભારતમાથી જ મળે છે ઉદ્યોગપર્વમા ધૃતરાષ્ટ્ર શિશુપાળવધની હકીકત કહેતા કહે છે કે--"પહેલા રાજસૂય યજ્ઞ વખતે, ચેદિરાજ અને કરૂષક વગેરે સઘળા ભૂપતિઓ સર્વ પ્રકારે ઉદ્યોગી થઈને બીજા અસખ્ય વીરપુરૂષોની સાથે ભેગા થયા હતા, તેમા ચેદિરાજનો પુત્ર સૂર્યના જેવો પ્રતાપશાળી, શ્રેષ્ઠ તિરદાજ, તથા યુદ્ધમા કોઈનાથી ન જિતાય તેવો હતો ભગવાન્ કૃષ્ણે ક્ષણ માત્રમા તેનો પરાજય કરી, ક્ષત્રિયોના ઉત્સાહનો ભગ કર્યો, અને બીજા રાજાઓ,

જેમનો પ્રમુખ કરૂષનો રાજા હતો, અને જેઓ શિશુપાળને બહુ માન આપતા હતા, તેઓ સિંહ સરખા કૃષ્ણને રથ ઉપર ચઢેલા જોઈ જેમ હરણ નાસી જાય તેમ ચેદિરાજને છોડી નાસી ગયા, પછી તેણે રમતા રમતા-સહેજમા શિશુપાળનો જીવ લીધો ને પાંડવોના યશ તથા માન વધાર્યા ”

અહિ ચક્રનુ નામ સરખુ પણ દેખાતુ નથી, કૃષ્ણ રથ ઉપર ચઢી જેમ બીજા માણસો લઢાઈ કરવા તૈયાર થાય તેમ તૈયાર થયલા જણાય છે અને તેવી જ લઢાઈમા તેમણે શિશુપાળ તથા તેના અનુચરોનો પરાજય કર્યો જણાય છે એક જ પુસ્તકમા એક જ બનાવના બે જાતના વર્ણન-એક સ્વાભાવિક ને એક તેથી ઉલટુ મળી આવે, તેમા બીજાને છોડી પહેલાને સાચા તરીકે ગણવુ જોઈએ પુરાણના ઈતિહાસમાથી કાઈ પણ સત્ય જેને શોધી કાઢવુ હોય તેણે આ નિયમ ધ્યાનમા રાખવો, નહિ તો તેનો શ્રમ નિષ્ફળ જશે

આ આખા અવલોકનમાથી સ્થૂળ ઐતિહાસિક વાત આપણને એટલી જ જડે છે કે રાજસૂયયજ્ઞની મહાસભામા બીજા બધા ક્ષત્રિયો કરતા કૃષ્ણને વધારે શ્રેષ્ઠ ગણવામા આવ્યા, તેથી શિશુપાળ અને બીજા કેટલાક રાજાઓ ગુસ્સે થયા, અને યજ્ઞને જ ભાગી પાડવા, તેઓએ લઢાઈ ઉભી કરી કૃષ્ણે તેમની જોડે યુદ્ધ કરી તેમનો પરાજય કર્યો, અને શિશુપાળનો વધ કર્યો, પછી યજ્ઞ નિર્વિઘ્ને સમાપ્ત થયો,

કૃષ્ણ લઢાઈમા ઉતરવા હમ્મેશ બહુ નારાજ રહેતા તે આપણે જોયુ છે, છતા, આ વખતે અર્જુન વગેરે બીજા પાંડવ યોદ્ધાઓ હોવા છતા ઉપલા લોકો જોડે લઢાઈમા ઉતરવુ તેમણે શા માટે પસંદ કર્યું હશે ? રાજસૂય યજ્ઞને સબધે જે કામ શ્રીકૃષ્ણને માથે કરવાનુ હતુ તે યાદ કરવાથી આ પ્રશ્નનો ઉત્તર મળશે યજ્ઞનુ રક્ષણ કરવાની જોખમદારી શ્રીકૃષ્ણને માથે હતી, અને જે કામ કરવાની જોખમદારી જે કોઈ માણસે પોતાને માથે રાખી હોય, તે કામ કરવુ એ તેની ફરજ છે, માટે પોતાની ફરજ અદા કરવા સારૂ જ તે યુદ્ધ કરવા પ્રવૃત્ત થયેલા અને તેમણે શિશુપાળનો વધ કરેલો

પ્રકરણ ૧૧મું

પાંડવોનો વનવાસ

યજ્ઞ પૂરો થતા કૃષ્ણ પાછા દ્વારકા ગયા ને પછી માત્ર એક ઠેકાણા સિવાય, સભાપર્વમા તેમનુ નામ આવતુ નથી

ઘતમા યુધિષ્ઠિર દ્રૌપદીને હારી ગયા, તે પછી દ્રૌપદીને તેનો ચોટલો પકડી સભામા આણી, તેના વસ્ત્ર ઉતારવામા આવ્યા હતા મહાભારતના આ ભાગમા કાવ્યની જે ઉત્કૃષ્ટ રચના જોવામા આવે છે તેવી દુનીઆના કોઈ બીજા પુસ્તકમા ભાગ્યે જ હશે પરતુ આપણે અહિ તે જોવાનુ નથી એ કથામા સચ્ચાઈ કેટલી છે તે જોવાનુ છે જે વખતે સભામા દુશાસને દ્રૌપદીના ચીર ઉતારવા માડયા તે વખતે ગભરાઈ ગયલી દ્રૌપદીએ કૃષ્ણનુ નીચલા શબ્દો વડે ધ્યાન ધરવા માડેલુ

गोविन्द द्वारकावासिन् कृष्ण गोपीजनप्रिय ॥

આ બાબતના સબધમા જે કહેવાનુ છે તે આગળ કહ્યુ છે

પછી વનપર્વ આવે છે, તેમા માત્ર ત્રણ વાર જ કૃષ્ણ દેખા દે છે (૧) પાંડવો વનમા ગયા સાભળી વૃષ્ણિ, ભોજ વગેરે કુળના યાદવો તેમને મળવા જાય છે, તેમની જોડે કૃષ્ણ પણ ગયલા હોય એ બનવા જોગ છે, પરતુ મહાભારતના જે ભાગમા તેનુ વર્ણન આપવામા આવ્યુ છે, તે પહેલા કે બીજા સ્તરને લગતો નથી રચનામા કશુ મળતાપણુ નથી કૃષ્ણના ચરિત્રમા પણ તેના આગલા ભાગ જોડે બધ બેસતુ તેમા કશુ નથી અત્યાર સુધી કૃષ્ણને ગુસ્સે થયલા આપણે કદિ જોયા નથી, પરતુ અહિ યુધિષ્ઠિર પાસે તે આવ્યા છે, છતા ગુસ્સાથી લાલચોળ થઈ ગયલા દેખાય છે, અને તેમ હોવાનુ કારણ કશુ સમજાતુ નથી નથી કોઈ શત્રુ પાસે આવ્યો, કે નથી કોઈ કાઈ બોલ્યુ માત્ર દુર્યોધન વગેરેને મારી નાખવા પડશે, એટલુ બોલવાથી તે એટલા બધા ગુસ્સે થઈ ગયા કે યુધિષ્ઠિરે જ્યારે બહુ નમ્રપણે વિનવી, સ્તુતિ કરી ત્યારે તે શાન્ત પડયા. જે કવિએ એવુ લખેલુ કે કૃષ્ણે એવી

પ્રતિજ્ઞા લીધી હતી કે મહાભારતના યુદ્ધમા હુ કદિ હથીઆર પકડીશ નહિ તે કવિ કદિ આનુ લખે નહિ, એ તો નક્કી છે પછી વળી કૃષ્ણ કહેવા બેઠા કે, "હુ હોત તો આટલુ થાત જ નહિ, પરતુ હુ ઘેર ન હતો" ત્યારે યુધિષ્ઠિરે પૂછયુ કે તમે ક્યા ગયા હતા ? તે ઉપરથી શાલ્વના વધની કથાનો પ્રસગ નીકળ્યો, અને કૃષ્ણને તેની જોડે લઢાઈ કરવી પડેલી તેનુ વર્ણન ત્યા આપ્યુ છે એ લઢાઈ પણ એક અદ્દભુત બનાવ છે સૌભ નામની એક રાજધાની હતી તે આકાશમા ઉડતી ફરતી હતી, અને શાલ્વ ત્યા રહી યુદ્ધ કરતો એવી રીતે કૃષ્ણ જોડે લઢાઈ કરતા કરતા કૃષ્ણને રડવુ પડયુ, કારણ શાલ્વે એક માયાવી ખોટો વસુદેવ બનાવી તેનો વધ કર્યો કૃષ્ણને એ જોઈ મૂર્છા આવી ગઈ આ ન જગદીશ્વરનુ ચિત્ર કહેવાય, કે ન કોઈ માણસનુ કહેવાય અનુક્રમણિકા તથા પર્વસગ્રહ અધ્યાયોમા એનો કાઈ પણ પ્રસગ નથી. આ ઉપરથી આશા છે કે એ વાત વિષે કાઈ અવલોકનની જરૂર છે, એવુ કોઈ વાચકને લાગશે નહિ

(૨) આના પછી દુર્વાસાના શિષ્ય સહિત ભોજનનો પ્રસગ છે. એ બહુ ગેરકુદરતી હકીકત છે અનુક્રમણિકા અધ્યાયમા એ પ્રસગ હોય તોપણ તેમા કાઈ ઐતિહાસિક મૂલ્ય નથી તેથી એના અવલોકનની પણ જરૂર નથી.

(૩) છેલ્લે વનપર્વના આખરને ભાગે માર્કંડેયસમસ્યાપર્વઅધ્યાયમા વળી પાછા કૃષ્ણના દર્શન થાય છે પાંડવો કામ્યક વનમા આવ્યા સાભળી પાછા તે તેમને મળવા ગયલા આ વખત તે એકલા નહતા, જોડે તેમની છેલ્લા લગ્નવાળી સ્ત્રી હતી એ પર્વાધ્યાય એક મોટો ગ્રથ છે એમ કહીએ તો ચાલે, છતા મહાભારત જોડે સબધ રાખતી હકીકત તેમા જરાએ નથી, તેથી એ ભાગ નવીન દાખલ થયલો હોવો જોઈએ પર્વસગ્રહાધ્યાયમા એ બાબતનો મજકૂર છે, અનુક્રમણિકાધ્યાયમા નથી, તેમ મહાભારતના પહેલા કે બીજા બેમાથી એકે સ્તરની રચનાને એ ભાગ મળતો આવતો નથી પરતુ આદિ મહાભારતનો એ અશ છે કે નહિ તેનો વિચાર કરવાનુ અહિ કાઈ પણ પ્રયોજન નથી,

કારણ કૃષ્ણ અહિ કશુ કામ કરતા નથી પાંડવોને મળી યુધિષ્ઠિર દ્રૌપદી વગેરેની જોડે મીઠી મીઠી વાતો કરી તેના જવાબમા મીઠી મીઠી વાતો સાભળીને પછી બધાઓ ભેગા થઈ ઋષિ મહારાજની શીળા પહોરની ગપ સાભળવા બેઠા

માર્કંડેય ઋષિની કથા પૂરી થયા પછી દ્રૌપદી અને સત્યભામાને થોડી વાતચીત થઈ પર્વસગ્રહાધ્યાયમા દ્રૌપદી સત્યભામાનો સવાદ ગણાવેલો છે, પરતુ અનુક્રમણિકાધ્યાયમા એ વિષે કાંઈ ઇશારો નથી. એ ભાગ પણ નવીન દાખલ થયલો છે તે આગળ કહ્યુ છે

પછી વિરાટપર્વ આવે છે વિરાટપર્વમા કૃષ્ણ દેખાતા નથી માત્ર છેક છેલ્લે ઉત્તરાના વિવાહ ઉપર આવી ઉભા રહે છે ખરા ત્યા જે સઘળી વાત થાય છે, તે ઉદ્યોગપર્વમા કહી છે ઉદ્યોગપર્વમા કૃષ્ણની ઘણી વાતો છે તેનુ હવે ક્રમવાર અવલોકન કરીશુ

ખંડ ૫મો

ઉપપ્લવ્ય

सर्वभूतात्मभूताय भूतादिनिधनाय च ।
अक्रोधद्रोहमोहाय तस्मै शान्तात्मने नम ॥

शान्तिपर्व, ४७ अध्यायः

ખંડ ૫મો

ઉપપ્લવ્ય

પ્રકરણ ૧ લું

મહાભારતના યુદ્ધને માટે સૈન્યની તૈયારી

હવે આપણે ઉદ્યોગપર્વનુ અવલોકન કરીએ

પૃથ્વી ઉપર ઘણા માણસો અપરાધી હોય છે માણસો હમ્મેશા એક બીજા પ્રત્યે અપરાધ તો કરે જ છે તે ગુન્હા શમાવી દેવા એ સમાજનુ–લોકોનુ–એક મુખ્ય કામ છે રાજનીતિ, રાજદડ, વ્યવસ્થા-શાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, કાયદા, કોરટ વગેરેની મુખ્ય મતલબ એ જ છે

અપરાધીના સબધમા શુ શુ કરવુ, તેની જોડે કેમ કામ લેવુ, એ વિષે નીતિશાસ્ત્રના બે મત છે એક એવો છે કે સજા કરીને–એટલે કે બળની સત્તા વાપરી ગુન્હા શમાવી દેવા, બીજો મત એવો છે કે ગુન્હાની ક્ષમા કરવી હવે બળ ને ક્ષમા એ બે એક બીજાથી ઉલટા રસ્તા છે, તેથી બને રસ્તા યથાર્થ ખરા હોઈ શકે નહિ, તેમ જ એ બેમાથી એક રસ્તો બિલકુલ છોડી દેવાય પણ નહિ બધા જ અપરાધોની જો ક્ષમા કરવામા આવે તો મનુજસમાજનો નાશ થાય, બધા જ ગુન્હા માટે સજા કરવામા આવે તો માણસ પછી પશુ જેવો થઈ જાય, તેથી બળ અને ક્ષમાનુ સામજસ્ય–ક્યા બળ વાપરવુ ને ક્યા ક્ષમા કરવી તેની યોગ્યાયોગ્યતા–એ નીતિશાસ્ત્રનુ એક કઠિનમા કઠિન

તત્ત્વ છે હાલની સુધરેલી યૂરોપીઅન પ્રજાને પણ હજુ તે સામજસ્ય હાથ લાગી શક્યુ નથી યૂરોપનો ખ્રીસ્તી ધર્મ કહે છે કે સઘળા અપરાધની ક્ષમા કરવી જોઈએ, યૂરોપની રાજનીતિ કહે છે કે સઘળા ગુન્હા માટે સજા થવી જોઈએ, યૂરોપમા ધર્મ કરતા રાજનીતિ વધારે જોરાવર છે, તેથી ક્ષમાગુણ ત્યા નાશ પામ્યો છે અને બળનુ જોર વધી ગયુ છે

બળ અને ક્ષમાનુ સામજસ્ય, યોગ્યાયોગ્યતા—ઉદ્યોગપર્વમા પ્રધાનપદ ભોગવે છે એ તત્ત્વના મીમાસક શ્રીકૃષ્ણ છે ઉદ્યોગપર્વના નાયક જ શ્રીકૃષ્ણ છે એમ કહી શકાય પોતાના આચરણમા બળ અને ક્ષમા વાપરવા વિષે જે આદર્શ તેમણે બતાવ્યા છે તે આપણે આગળ જોયા છે જે તેમનુ પોતાનુ ભૂડુ કરે, તેને તે ક્ષમા કરતા, પણ જે લોકોનુ—મનુષ્યસમાજનુ—બગાડે, તેના ઉપર બળસત્તા વાપરી તેને તે સજા કરતા, છતા એવા ઘણા પ્રસગ આવે છે કે જ્યા એ નિયમ પ્રમાણે ચાલવાનુ બની શકતુ નથી, અથવા કે જ્યા ક્ષમા કે બળ એમાથી શુ વાપરવુ તેનો વિચાર કરવો કઠણ થઈ પડે છે દાખલા તરીકે ધારો કે કોઈ આપણી વસ્તુ લૂટી જાય હવે પોતાની દોલત પાછી મેળવવી એ સામાજિક ધર્મ છે, લોકોની ફરજ છે, કારણ જો બધા જ એવો વિચાર કરે કે જે જાય તે જવા દેવુ, તે પાછુ લેવા પ્રયત્ન ન કરવો, તો થોડી વારમા સમાજનો નાશ થાય, તેથી કોઈ કાઈ વસ્તુ લૂટી જાય તો તે પાછી લેવા પ્રયત્ન થવો જ જોઈએ. હાલની સુધરેલી સમાજોમા, કાયદા, અદાલત વગેરે મારફત સૌ પોતપોતાની વસ્તુ પાછી લઈ શકે છે પરતુ જ્યા કાયદા કે કોરટનુ બધારણ નથી હોતુ ત્યા એવે પ્રસગે બળ વાપરવુ, એ ધર્મ કહેવાય કે નહિ? બળ અને ક્ષમા સબધે એ વાત પણ જોવા જેવી છે દુનીઆના આચરણ જોતા દેખાશે કે બળવાન્ માણસ હમ્મેશા બળનો પ્રયોગ કરવા તરફ જ દોડે છે, અને નિર્બળ બિચારો ક્ષમાનો રસ્તો પકડે છે પણ એથી ઉલટુ જે બળવાન તથા ક્ષમાપરાયણ બન્ને હોય તેણે શુ કરવુ જોઈએ? મતલબ કે એવી જગ્યાએ જે આદર્શ પુરુષ હોય તેણે

શુ કરવુ જોઈએ, એની મીમાસા ઉદ્યોગપર્વની શરૂઆતમા કૃષ્ણને મોઢેથી જ આપણને મળે છે

જુગટુ રમતા પાંડવો શકુનિને હાથે રાજ્ય હારી ગયા પછી એ શરતથી તેઓ બધાયલા કે દુર્યોધનને પોતાનુ રાજ્ય સોપી દેવુ અને વનવાસે જવુ પોતાની હોડ પ્રમાણે તેઓ વનવાસે ગયા હતા ને હોડની બીજી શરત એ હતી કે તેરમુ વર્ષ તેમણે છૂપે વેષે રહેવુ જો તે અરસામાં કોઈ તેમને ઓળખી કાઢે તો પોતાનુ રાજ્ય પાછુ મેળવવાનો તેમને હક્ક રહે નહિ, પણ તેમણે ફરીથી બાર વર્ષનો બીજો વનવાસ ભોગવવો જો કોઈ તેમને પારખી ન કાઢે તો દુર્યોધને તેમને તેમનુ રાજ્ય પાછુ આપી દેવુ હાલના પ્રસગે બાર વર્ષ વનવાસ ભોગવી તેઓ વિરાટ નગરમા એક વર્ષ છૂપે વેષે એવી રીતે રહેલા કે તેમને કોઈ ઓળખી શકેલુ નહિ, તેથી ન્યાય અને ધર્મ બને રીતે જોતા દુર્યોધન પાસેથી પોતાનુ રાજ્ય પાછુ લેવાનો તેમનો હક્ક થયો હતો પરતુ દુર્યોધન કયા રાજ્ય પાછુ આપી દે તેવો હતો? અને એ રાજ્ય પાછુ ન આપે ત્યારે પાંડવોએ કરવુ પણ શુ? યુદ્ધ કરી તેનો વધ કરી, રાજ્ય ફરી લઈ લેવુ, એ તેમનુ કર્તવ્ય ખરૂ કે નહિ?

છૂપા વેષનુ વર્ષ પૂરૂ થયે પાંડવોએ વિરાટના રાજાને પોતે કોણ હતા, તેની જાણ કરી તે જાણી રાજા બહુ ખુશ થયો અને પોતાની છોકરી ઉત્તરાને અર્જુનના છોકરા અભિમન્યુ વેરે પરણાવી લગ્નપ્રસગે અભિમન્યુના મામા કૃષ્ણ, બળદેવ તથા બીજા યાદવો પણ આવ્યા હતા, તેમ પાંડવોનો સસરો દ્રુપદ, અને તેમના બીજા સગાવહાલા તથા કુટુબીઓએ પણ ત્યા હાઝરી આપી હતી તે બધાઓની સભા વિરાટના રાજાની દરબારમા મળી હતી ત્યા પાંડવોએ રાજ્ય પાછુ શી રીતે મેળવવુ તે પ્રસગ નીકળ્યો રાજાઓ "શ્રીકૃષ્ણની સામુ જોઈ ચૂપ બેસી રહ્યા" ત્યારે શ્રીકૃષ્ણે તે રાજાઓને સબોધી તે વખતની બધી સ્થિતિ કહી સભળાવી જે જે બનાવ બન્યા હતા તે સૌના ધ્યાનપર લાવી કહ્યુ કે, "હવે કૌરવ તથા પાંડવ બનેનુ જેથી ભલુ થાય, તેમજ જે વાત હિતકારી, ધર્માનુસાર, યશવાળી અને ઉપયુક્ત હોય, તે વિષે આપણે વિચાર કરવાનો છે."

કૃષ્ણે એવુ કહ્યુ નહિ કે જેથી રાજ્ય પાછુ મળે તેવો પ્રયત્ન આપણે કરવો જોઇએ, કારણ હિત, ધર્મ, અને યશ વિનાનુ જે રાજ્ય હોય તે મેળવવુ કોઈને પણ ઘટે, એવુ તે કોઈ દહાડો કહે જ નહિ, તેથી તેમણે ફરી પાછુ કહ્યુ કે, "ધર્મરાજ યુધિષ્ઠિર અધર્મથી દેવલોકનુ રાજ્ય મળે તો પણ તે લેવાની ઈચ્છા કરે નહિ, પરતુ ધર્માર્થ જેને જોડાયલો હોય તેવુ એક નાનાસરખા ગામડાનુ આધિપત્ય મળે તો તે લેવાની વધારે ઇચ્છા કરે એવા છે" આપણે પૂર્વે જોયુ છે કે આદર્શ પુરૂષ સન્યાસી થાય તો તે ચાલી શકે નહિ, તેણે તો સસારી જ રહેવુ જોઈએ સસારીને ઉપર કહેલી વાત જ નજરમા રાખવાની છે અધર્મથી મળે તેવી રીતે સ્વર્ગનુ રાજ્ય લેવાની પણ ઇચ્છા કરવી નહિ, પણ જેનો તે ખરેખરો–ધર્મત–અધિકારી હોય તેમાથી તલ માત્ર પણ દગલબાજને લેવા દેવુ નહિ, કારણ તેમ કર્યાથી તે એકલો જ દુખી થાય તેમ નથી, વખતે તે તો દુખી ન પણ થાય, પણ સમાજના નાશરૂપી પાપનો રસ્તો લેવાનો આરોપ તેને માથે આવે છે

પછી કૌરવોના કાવાદાવા તથા લોભ, યુધિષ્ઠિરની ધાર્મિક્તા, તેમનો પરસ્પર સબધ, એ સઘળુ ધ્યાનમા લઈ, પાડવોનુ શુ કર્ત્તવ્ય છે તે નક્કી કરવા માટે કૃષ્ણે વિનતિ કરી, તેની સાથે પોતાનો ગો મત હતો તે પણ થોડો ઘણો કહ્યો દુર્યોધન પોતાનુ અર્ધુ રાજ્ય યુધિષ્ઠિરને આપે એવી રીતની સધિ થાય, તેમ કરવા કોઈ ધાર્મિક પુરૂષને તેની પાસે મોકલવો એવુ તેમણે જણાવ્યુ લઢાઈ ન કરવી, સલાહ રાખવી, એ તેમનો અભિપ્રાય હતો લઢાઈ કરવી એ મતની તે એટલા બધા સામે હતા કે માત્ર અર્ધુ જ રાજ્ય લઈ સતોષ પામવો એવી તેમની સલાહ હતી, એટલુ જ નહિ પણ છેવટે જ્યારે યુદ્ધ કરવુ જ પડે એવો વખત આવે ત્યારે, પોતે તો એવી જ પ્રતિજ્ઞા લીધી કે, હુ તો અસ્ત્ર ધરી લોકોના લોહી વહેવડાવવામા વધારો નહિ જ કરૂ

કૃષ્ણના બોલી રહ્યા પછી બળદેવે તેમને અનુમતિ આપી યુધિષ્ઠિર જુગટુ રમ્યા માટે થોડી તેમની નિદા કરી અને છેવટે કહ્યુ કે સધિદ્વારા મેળવેલો અર્થ જ ખરો અર્થ છે, લઢાઈ કરી મેળવવામાં

આવેલો અર્થ તે અર્થ ન કહેવાય મદ્યપ્રિય બળદેવની આ સલાહને સોનાના અક્ષરે લખી યૂરોપમા ઘેર ઘેર રાખી હોય તો મનુષ્યજાતિનુ કંઇક ભલુ થાય ખરૂ.

બળદેવનુ ભાષણ પૂરૂ થયુ, એટલે સાત્યકિ ઉઠયો–તે વખતે પણ જે રીતે પાર્લામેટમા ભાષણ કરવાની પદ્ધતિ હાલ ચાલે છે તેવી ચાલતી હતી, અને તેણે તે મત કબૂલ ન કરતા તેનો રદીઓ આપ્યો સાત્યકિ બહુ બળવાન ને બહાદૂર હતો, ને કૃષ્ણનો શિષ્ય હતો, અને મહાભારતના યુદ્ધમા માત્ર અર્જુન અને અભિમન્યુ જ તેનાથી ચઢીઆતા ગણાતા. કૃષ્ણે સલાહનો રસ્તો કહ્યો ને વખતે તો તે તેની વિરૂદ્ધ કાંઈ બોલી શકયો નહિ, પરતુ બળદેવને મોઢે તે વાત સાભળી તેનો મિઝાજ ગયો, અને બળદેવને નપુસક, કાયર વગેરે શબ્દો વડે તેણે બહુ અપમાન આપ્યુ. દ્યૂત રમવા માટે બળદેવે યુધિષ્ઠિરની નિન્દા કરેલી તેનો જવાબ સાત્યકિએ આપ્યો, અને પોતાનો અભિપ્રાય શો છે તે જણાવતા કહ્યુ કે જો કૌરવો પાંડવોને તેમનુ બાપીકુ રાજ્ય પાછુ ન આપે તો તેમનો સમૂળો નાશ કરવો, એ જ આપણુ કર્તવ્ય છે

પછી વૃદ્ધ દ્રુપદનુ ભાષણ શરૂ થયુ તેણે સાત્યકિના મતને ટેકો આપ્યો અને લઢાઈ માટે તૈયારી કરવા, લશ્કર એકઠુ કરવા, તથા મળતીયા રાજાઓને તેડવા માણસો મોકલવા એવી પાંડવોને સલાહ આપી, છતા તેનુ કહેવુ એમ પણ હતુ કે દુર્યોધન પાસે એક દૂતને તો મોકલી જોવો

આખર કૃષ્ણને વળી પાછુ ભાષણ કરી, આ સઘળી તકરારનો રદીઓ આપવો પડયો દ્રુપદ વૃદ્ધ અને વડો હતો, તેથી ખુલ્લી રીતે તેના મતથી ઉલટો વિચાર પોતે બતાવ્યો નહિ, છતા એમ કહ્યુ કે જો એમ કરતા યુદ્ધ થશે તો તેના વેગમા ઘસડાવાની મારી ઇચ્છા નથી, કારણ "કૌરવ અને પાંડવો સાથે મારે સરખો સબધ છે, તેઓએ હજુ સુધી કશો અસભ્ય વ્યવહાર ચલાવ્યો નથી, લગ્નમા ભાગ લેવા અમને અહિ નિમત્રણ કરવામા આવેલુ છે, તેમ આપ સૌ પણ તે જ પ્રસગ માટે અહિ આવેલા છો. તે પ્રસગ સમાપ્ત થયો છે, તો ખુશા-

લીથી આપણે ઘેર પાછા જવુ જોઈએ ” આ ઉપરાત વડીલ માણસોને બીજો શો ઠપકો પોતે આપી શકે ? છતા તેમણે એટલુ પણ કહી સભળાવ્યુ કે “ જો દુર્યોધન સધિ ન કરે તો બીજા બધાઓને તેડાવી મગાવ્યા પછી મને બોલાવજો, ” “ મતલબ કે, એ યુદ્ધમા આવવાની મારી બહુ ઈચ્છા નથી ’, આટલુ કહી કૃષ્ણ દ્વારકા જતા રહ્યા.

આપણે જોયુ કે યુદ્ધ કરવા માટે કૃષ્ણ બહુ જ વિરૂદ્ધ પડયા હતા, એટલુ જ નહિ પણ તે કારણને લીધે પોતાનુ અર્ધું રાજ્ય પણ છોડી દેવા તેમણે પાંડવોને સલાહ આપેલી વળી પાંડવ કે કૌરવ કોઈની તરફેણમા પણ તે નહતા બનેની જોડે પોતાને સરખો સબધ હતો એમ તેમણે કબૂલ કર્યું હતુ હવે આગળ જે બનાવો બને છે, તે ઉપરથી એ બને વાતો વધારે સબળ થયલી દેખાશે

આણી તરફ બને પક્ષ તરફથી લઢાઇને માટે લશ્કર ભેગુ કરવાની કોશેશ થવા માડી, પોતપોતાના મળતીઆ રાજાઓની પાસે સૌએ મદદ માટે માણસો મોકલવા માડયા કૃષ્ણને યુદ્ધ માટે લઈ આવવા અર્જુન પોતે દ્વારકા ગયા દુર્યોધને પણ તેમ કર્યું બને જણા એકે દિવસે અને એકી વખતે કૃષ્ણની પાસે જઈ પહોચ્યા તે પછી શુ થયુ તે મહા ભારતમાથી ઉતારી લીધુ છે—

“ વાસુદેવ તે વખતે પલગપર સૂતેલા હતા, તેમના સૂવાના ઓરડામા રાજા દુર્યોધન પહેલો દાખલ થયો અને તેમના માથા આગળ એક ઉત્કૃષ્ટ આસન હતુ ત્યા જઈ બેઠો અર્જુન પછીથી દાખલ થયો અને નમ્ર તથા વિનીત ભાવે કૃષ્ણના પગ આગળ બેઠો જ્યારે કૃષ્ણ જાગ્યા ત્યારે પહેલા ધનજય અને પછી દુર્યોધનપર નજર પડવાથી તેમનો બનેનો તેમણે સત્કાર કર્યો અને પોતાની પાસે આવવાનુ કારણ તેમને પૂછ્યુ

“ દુર્યોધને હસ્તે મોઢે કહ્યુ ‘ હે યાદવ ! આ યુદ્ધ જે થવાનુ છે, તેમા તમારે મદદ આપવી પડશે અમારે બનેને તમારી જોડે સરખો સબધ છે, તથાપિ હુ પહેલો આવ્યો છુ સાધુ પુરૂષ હમ્મેશા પહેલા આવનાર માણસને જ મદદ આપે છે તમે સાધુ, શ્રેષ્ઠ ને માન આપવા લાયક છો, તેથી હવે તે જ સદાચાર પ્રમાણે ચાલો ”

"કૃષ્ણે કહ્યુ 'હે કુરુવીર! તમે પહેલા આવ્યા હશો તે બાબત મને જરાએ સશય નથી પરતુ મે કુન્તીપુત્રને પહેલા જોયા છે તેથી પરિણામે હુ તમને બનેને મદદ કરીશ. પરતુ એ નિયમ તો પ્રસિદ્ધ છે કે પહેલા બાળકને મનગમતુ આપવુ, માટે પહેલા કુન્તીકુમાર જે માગે તે તેને આપવુ, એમ કહી વાસુદેવ ભગવાને ધનજયને પૂછ્યુ કે 'કૌંતેય! પહેલુ તને મનગમતુ આપીશુ મારા જેવો જ એક નારાયણ નામે વિખ્યાત ગોપ યોદ્ધા એક તરફ પોતાની દશ કરોડની સેના લઈ આવશે, અને બીજી તરફ લડાઈમા ન ઉતરનાર તથા હથીઆર ધારણ ન કરનાર એવો હુ આવીશ માટે એ બેમાથી જે વાત તને ગમતી હોય તે પસદ કરી લે'

"શત્રુને મારે એવા જનાર્દન લડાઈમા નહિ ઉતરે તેવુ સાભળી અર્જુને તેમને પસદ કરી લીધા, અને રાજા દુર્યોધન વિખ્યાત ગોપ નારાયણની દશ કરોડની સેના લઈ અને વળી કૃષ્ણ લડાઈમા નહિ ઉતરે એવી મનવાચ્છિત વાત સાભળી, આનદની પરાકાષ્ઠાએ પહોચ્યો."

ઉદ્યોગપર્વના આ ભાગપરથી એટલુ સમજાય છે કે (૧) અગર જો કે કૃષ્ણનો અભિપ્રાય એવો હતો કે પોતાનો ધર્મસયુક્ત અધિકાર કોઈએ છોડી દેવો ન જોઈએ, છતા ક્ષમા તેમના મત પ્રમાણે એટલી ઉત્કૃષ્ટ હતી કે બળ વાપરવા કરતા અર્ધો હક્ક છોડી દેવો એ વધારે સારૂ (૨) કૃષ્ણ બધે જ સમાન દૃષ્ટિ રાખતા લોકોનુ સાધારણ રીતે માનવુ એવુ છે કે તે પાંડવોનો પક્ષ પકડતા અને કૌરવોના વિરુદ્ધપક્ષી હતા એમના પોતાના જ વચન બતાવે છે કે તે બને પ્રત્યે પક્ષપાતશૂન્ય હતા (૩) પોતે અદ્વિતીય યોદ્ધા હતા, છતા યુદ્ધ કરવુકરાવવુ તેમને ગમતુ નહોતુ પહેલા તો લડાઈ ન જ થાય એવી સલાહ તેમણે આપી, છતા જ્યારે એવુ જ જણાયુ કે લડાઈ થયા વિના રહેશે જ નહિ અને બેમાથી એક પક્ષને મદદ કરવી પડશે ત્યારે તેમણે પોતે હથીઆર નહિ લઉં એવી પ્રતિજ્ઞા લીધી આવુ મોટાપણુ કોઈ ક્ષત્રિયે બતાવ્યુ નથી, જિતેદ્રિય અને સર્વત્યાગી એવા ભીષ્મ પિતામહે પણ બતાવ્યુ નથી.

આ થયા પછી કોઈ રીતે પણ યુદ્ધ ન થાય એવા ઘણા પ્રયત્ન કૃષ્ણે કરેલા, છતા આશ્ચર્યની વાત એ છે કે જે સકળ ક્ષત્રિયોમા યુદ્ધના શત્રુ, બધે જ સમાન દૃષ્ટિ રાખનાર હતા તેને જ લોકો આ યુદ્ધ કરાવનાર, મુખ્ય સલાહકાર, યુદ્ધ કરનાર તથા પાંડવોના પક્ષમા રહી ઘણી લુચ્ચાઈ કરનાર માને છે આ જ કારણને લીધે એમનુ ચરિત્ર આટલા વિસ્તારથી અવલોકવુ પડે છે

નિરસ્ત્ર કૃષ્ણને લઈ કયુ કામ તેમની પાસ કરાવવુ એનો વિચાર કરી અર્જુને પોતાનુ સારથિપણુ–રથ હાકવાનુ કામ–તેમને સોપ્યુ એ કામ ક્ષત્રિયોને બહુ જ હલકુ લગાડનારૂ કહેવાતુ હતુ કર્ણનો સારથિ થવા મદ્રરાજ શલ્યને કહેતા તે બહુ ગુસ્સે થઈ ગયો હતો પરતુ આદર્શ પુરૂષ અહકારશૂન્ય–હુપદ વિનાનો હોય છે, તેથી તે વખતે જ કૃષ્ણે અર્જુનના સારથિ થવાની હા કહી, કારણ પોતે સર્વ દોષરહિત અને સર્વ ગુણોથી ભરપૂર હતા

પ્રકરણ ૨જું

સજયયાન

બને પક્ષે યુદ્ધની તૈયારીઓ કરવા માડી જો કે દ્રુપદની સલાહ પ્રમાણે યુધિષ્ઠિરના તરફથી દ્રુપદ રાજાના ગોરને ધૃતરાષ્ટ્ર પાસે સધિ કરવાને માટે મોકલવામા આવ્યો, તોપણ તેનાથી કાઈ વળ્યુ નહિ, કારણ વિના યુદ્ધે એક સોયના નાકા જેટલી જમીન પણ પાછી આપવા દુર્યોધન રાજી નહતો લડાઈમા ભીમ અર્જુન તથા* કૃષ્ણની બીક

* પાંડવના સામા પક્ષવાળા પણ આ વખત કૃષ્ણનુ સર્વપ્રાધાન્ય કબૂલ કરતા હતા, તેના ઘણા દાખલા ઉદ્યોગપર્વમાથી મળી આવે છે પાંડવોને સહાય કરનાર જૂદા જૂદા માણસોના નામ દીધા પછી છેવટે ધૃતરાષ્ટ્ર કહે છે કે "વૃષ્ણિ કુળના સિહરૂપી કૃષ્ણ જેને મદદ કરે તેનો પ્રતાપ કોનાથી સહન થાય ?" (૨૧મો અધ્યાય) વળી કહે છે "તે જ કૃષ્ણ હમણાં પાંડવની રક્ષા કરે છે જિતવાની આશા રાખનારો કયો શત્રુ તેની જોડે

ધૃતરાષ્ટ્રને લાગતી હતી, જેથી કોઈ પણ રીતે પાંડવો યુદ્ધમાં ન ઉતરે એવી સલાહ આપવા તેણે પોતાના મત્રી સજયને પાંડવોની પાસે મોકલ્યો કે "તમારૂ રાજ્ય તમારા પર અધર્મ-જુલમ કરી અમે તમારી પાસેથી પડાવી લીધુ હોય તોપણ તમે પાછુ લેવા માટે લડાઈ કરશો નહિ એ સારૂ કામ નથી" આવી પરસ્પર વિરૂદ્ધ વાત કોઈ છેક બેશરમો માણસ હોય તે જ કરે, બીજા કોઈથી કહેવાય નહિ. પરતુ દૂત-કાસદને શરમ હોતી નથી, તે તો ચીઠ્ઠીનો ચાકર, તેથી સજયે પાંડવની સભામા આવી એક બહુ મોટુ ભાષણ કર્યું તેની મતલબ એ હતી કે "લડાઈ કરવી એ અધર્મ છે તમે તેમ કરવા તૈયાર થયા છો, તેથી તમે બહુ અધર્મી છો" યુધિષ્ઠિરે તેના ઉત્તરમા ઘણી વાતો કહી, જેમાથી જરૂર જેટલી અત્રે ઉતારી લીધી છે—

"હે સજય! આ પૃથ્વી ઉપર દેવતા જેની ઈચ્છા રાખે છે તેવા ધનસપત્તિનો સમુદાય, પ્રજાપતિનુ સ્વર્ગ અને બ્રહ્મલોક સુદ્ધા પણ જો અધર્મેથી મળતા હોય તો તે લેવા મને વાસના નથી તે ગમે તેમ હોય પણ મહાત્મા કૃષ્ણ જે ધર્મપ્રદાતા, નીતિસપન્ન અને બ્રાહ્મણોના ઉપાસક છે, જે પાંડવ તથા કૌરવ બંનેનુ ભલુ ચાહનાર છે, જેમણે ઘણા મોટા અને બળવાન ભૂપતિઓને પણ શાસન કર્યુ છે તેઓ જ આ ક્ષણે સલાહ કરવાનુ કહે અને તેમની એ વાત જો હુ કબુલ ન રાખુ તો હુ નિંદાપાત્ર થાઉં, તેમ યુદ્ધ નહિ કરતા નિવૃત્તિથી બેસી રહુ તો મે મારો પોતાનો ધર્મ છોડયો કહેવાય, અને મે મારી ફરજ અદા

દ્વંદ્વયુદ્ધમા સામો ઉભો રહે તેવો છે? હે સજય! કૃષ્ણ પાંડવો માટે જે પરાક્રમ દેખાડે છે, તે મે સાભળ્યુ છે એક ક્ષણ વાર પણ તેમના કામનુ સ્મરણ કરતા મારા મનની શાન્તિ નાશ પામે છે જેને મોખરે કૃષ્ણ ઉભા રહે તેનો પ્રતાપ સહન કરવા કયો માણસ સમર્થ હોઈ શકે? કૃષ્ણે અર્જુનના સારથિ થવાનુ કબૂલ કર્યુ છે તે સાંભળી મારૂ હ્રદય કપે છે" વળી એક બીજી જગ્યાએ પણ ધૃતરાષ્ટ્ર કહે છે "અધૃષ્ય (અજેય), ત્રણ લોકના અધિપતિ, મહાત્મા, આખા જગતના જે એક જ માત્ર વરેણ્ય (સર્વોત્કૃષ્ટ) એવા કેશવની સામે કયો માણસ ઉભો રહી શકે?" આવી રીતનાં ઘણા વાકયો છે.

ન કરી કહેવાય તો એ બેમાથી આ સ્થળે મારૂ કર્તવ્ય કયુ ? મોટા પ્રભાવવાળા સાત્યકિ (શિનિના પૌત્ર), ચેદિ, અધક, વૃષ્ણિ, ભોજ, કુકુર, અને સૃજયના વશજો વાસુદેવની બુદ્ધિને જોરે કરીને જ પોતાના શત્રુઓને હરાવી પોતાના મિત્રોને આનદ આપે છે, ઇન્દ્ર સમાન ઉગ્રસેન વગેરે યોદ્ધાઓ, અને પુષ્કળ બળવાળા, પ્રતાપશાલી, મનસ્વી અને સચ્ચાઈને ચાહનાર યાદવો હમ્મેશા કૃષ્ણનો જ ઉપદેશ લે છે. કૃષ્ણને ત્રાતા તથા કર્તા ગણીને જ કાશીરાજ બભ્રુએ આટલી બધી લક્ષ્મી મેળવી ગ્રીષ્મ ઋતુના તાપ પછી જેમ વાદળુ પાણી આપે છે તેમ વાસુદેવે કાશીરાજને તેની અભિલાષા પ્રમાણેનુ સઘળુ દ્રવ્ય આપ્યુ કર્મનિશ્ચયજ્ઞ કેશવ જે આવા ગુણસપન્ન છે, તે હમ્મેશા મને પ્રિય છે, તે સાધુઓમા ઉત્તમ છે, તેમના કહેવાથી ઉલટુ આચરણ હુ કદિ કરીશ નહિ ”

વાસુદેવે કહ્યુ “ હે સજય ! હુ સદા પાંડવોનો અવિનાશ, સમૃદ્ધિ તથા હિત, અને ધૃતરાષ્ટ્ર તથા તેના પુત્રોનો ઉદય ચહાતો આવ્યો છુ કૌરવો અને પાંડવો વચ્ચે સધિ થાય એવો જ મારો અભિપ્રાય પણ છે, અને તેમ કરવુ તે સિવાય બીજી સલાહ પણ હુ ને લોકોને આપતો નથી બીજા, પાંડવો પાસે વાત કરે છે તે વખતે મે રાજા યુધિષ્ઠિરને ઘણી વાર સધિ કરવા વિષે બોલતા સાભળ્યા છે પરતુ મહારાજ ધૃતરાષ્ટ્ર અને તેમના પુત્રો પૈસાના બહુ લોભી છે, તેથી પાંડવોની જોડે તેમની સલાહ થવી બહુ મુશ્કેલ છે, અને તેટલા માટે આ વિરોધ જો ધીમે ધીમે વધતો જાય તો તેમા આશ્ચર્ય શુ ? હે સજય ! ધર્મરાજ યુધિષ્ઠિર અને હુ કદિ પણ ધર્મથી ચલિત થઈએ એવા નથી, એવુ જાણ્યા છતા શામાટે તુ પોતાની મતલબ સાધવા માટે ઉત્સાહવાળા, પોતાના કર્મના સાધનો માટે તત્પર, અને પોતાના કુટુબ-પાલક રાજા યુધિષ્ઠિરને અધાર્મિક વાત કહે છે ? ”

આટલુ બોલી ધર્મ શાને કહેવો, તેની વ્યાખ્યા શ્રીકૃષ્ણે આપવા માડી. કૃષ્ણના ચરિત્રમા એ પ્રસગ બહુ જ જરૂરનો છે તેમની જીદ-ગીમા તેમને બે જ કામ—ધર્મરાજ્યનુ સસ્થાપન અને ધર્મપ્રચાર—કરવાના

હતા, એવું આપણે આગળ કહ્યું છે તેમની મદદ વડે સ્થપાયલા ધર્મ-રાજ્યનું વર્ણન વિસ્તારથી મહાભારતમાં આપેલું છે પરંતુ તેમણે પ્રચલિત કરેલા ધર્મની હકીકત તો માત્ર મુખ્યત્વે કરીને ભીષ્મપર્વમાં આવેલા ગીતાપર્વાધ્યાયમાંથી જ મળી આવે છે, અને તેને સંબંધે એવો સંશય પેદા થાય છે કે ગીતામાં જે ધર્મ વર્ણવાયલો છે, તે જો કે ગીતાકારે કૃષ્ણને મોઢે કહેવડાવ્યો છે તો પણ તે ધર્મ શ્રીકૃષ્ણે પ્રચારિત કરેલો કે માત્ર ગીતાકારે પોતે રચી કાઢેલો એમાં ખરૂં શું ? આપણે સારે નસીબે ગીતાપર્વાધ્યાય સિવાય પણ મહાભારતમાં બીજી જગ્યાએ કૃષ્ણનો કહેલો ધર્મોપદેશ નજરે પડે છે તે ધર્મના વ્યાખ્યાન અને ગીતામાં જે નવા ધર્મનું વ્યાખ્યાન આપ્યું છે, તેમાં જો એકતા–સરખાપણું–મળી આવે તો આપણથી એમ કહી શકાય કે ગીતાનો ધર્મ તે કૃષ્ણનો બતાવેલો–કૃષ્ણપ્રણીત–તથા કૃષ્ણપ્રચારિત જ હોવો જોઇએ મહાભારતનું ઐતિહાસિકપણું કબૂલ રાખીએ, અને આપણને જો તેમાંથી એટલું જડે કે તે પુસ્તક બનાવનારે ધર્મની એકની એક વ્યાખ્યા ઠેકાણે ઠેકાણે કૃષ્ણને મોઢે કહેવાયલી બતાવેલી છે, તેમ જ તે વ્યાખ્યાવાળા ધર્મ પ્રમાણે ચાલનારો માણસ ધાર્મિક કહેવાયલો છે એમ મળી આવે, અને વળી પાછું એમ પણ મળી આવે કે તે ધર્મથી ઉલટી રીતે ચાલનાર માણસ અધાર્મિક કહેવાયલો છે તો એમ કહી શકાય કે તે ધર્મનો પ્રચાર કરનાર કૃષ્ણ હોવા જોઇએ તે સિવાય એમ પણ જણાય કે ગીતામાં જે ધર્મનું સવિસ્તર અને સંપૂર્ણતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે, તેની જોડે સદરહુ કૃષ્ણપ્રચારિત ધર્મ મળતો આવે છે–અને એક જ છે, પેલો માત્ર તેની આંશિક વ્યાખ્યા જ છે તો એમ કહેવાય કે ગીતાનો ધર્મ પણ કૃષ્ણે પ્રચારેલો ધર્મ જ છે

કૃષ્ણ સંજયને શું કહે છે તે જોઇએ

" શુદ્ધ રહી અને કુટુંબનું પાલણપોષણ કરતા કરતા વેદનો અભ્યાસ કરી જીંદગી ગાળવી, એવી શાસ્ત્રની આજ્ઞા છતાં બ્રાહ્મણો જૂદી જૂદી જાતના તર્ક દોડાવે છે કોઈ એમ જ માની બેઠા છે કે માત્ર કર્મથી મોક્ષલાભ થાય છે. બીજાઓ એમ ધારે છે કે કર્મ છોડી દઈ

માત્ર વેદનુ જ્ઞાન મેળવવાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે પરતુ જેમ ભોજન ન કરીએ તો પેટ તૃપ્ત થતુ નથી, તેમ જ કર્મનો પરિત્યાગ કરી, માત્ર વેદજ્ઞ-વેદ જાણનાર-થવાથી બ્રાહ્મણોનો કદિ મોક્ષ થવાનો નથી જે સમસ્ત વિદ્યા વડે કર્મનુ સસાધન થઈ શકે, તે જ વિદ્યા ફળવતી છે, જે વિદ્યા એવુ શીખવે કે કર્મ કરવાની જરૂર નથી તે નિરૂપયોગી, નિષ્ફળ જાણવી માટે જેમ તરસ્યો માણસ પાણી પીએ કે તરત તૃષા શાન્ત થાય છે, તેમ અહિંઆ જે કર્મના ફળ પ્રત્યક્ષ દેખી શકાય તેવા જ કર્મ કરવા એ આપણુ કર્તવ્ય છે હે સજય ! કર્માધીનતાને લીધે આ વિધિ જ કર્તવ્ય ગણાયો છે, માટે કર્મ જ સૌમા મોટુ ગણાય છે જે માણસ કર્મ સિવાય બીજા કોઈ વિષયને ઉત્કૃષ્ટ ધારે, તો તેના સઘળા કર્મ નિષ્ફળ જાય છે

" જુઓ કે દેવતાઓ કર્મબળથી આટલો પ્રભાવ મેળવી શક્યા છે, પવન કર્મબળથી નિરતર સચાર કરે છે, સૂર્ય કર્મબળ વડે આળસ છોડી રાત દિવસ પર્યટન કરે છે, ચન્દ્ર કર્મબળ વડે નક્ષત્રમડળથી વિટાઈ પખવાડીએ પખવાડીએ ઉગે છે, અગ્નિ કર્મબળ વડે લોકોના કર્મનુ સસાધન કરી નિરતર તેમને ગરમી આપે છે, પૃથ્વી કર્મબળ વડે જ આટલો બધો ભાર જાણે કાઈ ન હોય તેમ વહે છે, વહેતી નદીઓ સઘળી કર્મબળ વડે પ્રાણીઓને તૃપ્તિ આપી વહ્યા કરે છે, અમાપ બળવાળા દેવતાઓના રાજા ઇન્દ્રે તેમના પર આધિપત્ય લેવા બ્રહ્મચર્ય પાળ્યુ હતુ, તે જ કર્મબળ વડે તે દશે દિશા અને આખા નભમડળમા ગડગડાટ કરતો વરસાદ વરસાવે છે, તેણે સાવધાન ચિત્તથી ભોગેચ્છાને તથા પોતાની પ્રિય વસ્તુઓને છોડી દેવાથી શ્રેષ્ઠત્વ મેળવ્યુ એટલુ જ નહિ પણ દમ, ક્ષમા, સમતા, સત્ય અને ધર્મ પાળવાથી દેવતાઓપરના રાજ્યનો તે અધિકારી થયો ભગવાન બૃહસ્પતિએ એકાગ્રચિત્ત થઈ પોતાની ઈંદ્રિયોને અકુશમા રાખી બ્રહ્મચર્ય પાળ્યુ, તો તેને દેવગણનુ આચાર્યપદ-ગોરપદુ મળ્યુ રૂદ્ર, આદિત્ય, યમ, કુબેર, ગધર્વ, યક્ષ, અપ્સરા, વિશ્વાવસુ અને નક્ષત્રો પોતાના કર્મના પ્રભાવે જ બિરાજે છે મહર્ષિઓએ પોતાનુ શ્રેષ્ઠત્વ બ્રહ્મવિદ્યા, બ્રહ્મચર્ય અને બીજી એવી જ ક્રિયાઓના અનુષ્ઠાન કરી મેળવેલુ છે "

કૃષ્ણના સમય પહેલા પણ કર્મવાદ ચાલતો હતો, પણ તે મત પ્રમાણે તો વૈદિક ક્રિયાકાડ વગેરે જ કર્મ ગણાતુ–કહેવાતુ મનુષ્યજીવનમા કરવાના જે સઘળા કામ–જેને અગ્રેજો Duty કહે છે તે અર્થમા તે વખતના ચાલતા ધર્મમા "કર્મ" શબ્દ વપરાતો નહતો, પરતુ આપણે જોઈએ છીએ કે ગીતામા "કર્મ" શબ્દનો અસલ અર્થ ફરી જઈ, જે આપણુ કર્તવ્ય, જે અનુષ્ઠેય–જે કરવા જેવુ, જે Duty (ફરજ) તેને સાધારણ રીતે "કર્મ" કહ્યુ છે અહિ પણ તેમ જ છે, જો કે તે જ મતલબ કહેવા ભાષા જૂદી રીતની વપરાઈ છે, તો પણ તેનો મર્માર્થ એક જ છે, તેથી જે માણસ અહિ તે વાત કહે છે, તે જ માણસ ત્યા–ગીતામા–પણ તે જ વાત કહેનાર હશે એમ કહી શકાય

અનુષ્ઠેય કર્મ એટલે કરવા યોગ્ય કામનો–યથાવિધિ એટલે રીતસર–નિર્વાહ (ફરજ અદા કરવી તે), તેનુ બીજુ નામ સ્વધર્મપાલન–પોતાનો ધર્મ પાળવો તે ગીતાની શરૂઆતમા જ કૃષ્ણ અર્જુનને પોતાનો ધર્મ પાળવાનો ઉપદેશ કરે છે. અહિ પણ તે તેવો જ ઉપદેશ આપે છે

"હે સજય ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે સઘળા લોકોના ધર્મની તને સારી માહીતી છતા તુ શા માટે કૌરવોનુ ભલુ કરવાની ઇચ્છાથી પાંડવોનુ અયોગ્ય તાકે છે ? ધર્મરાજ યુધિષ્ઠિર વેદજ્ઞ છે, અશ્વમેધ ને રાજસૂય યજ્ઞો કરવા એ તેનુ કર્તવ્ય છે, યુદ્ધવિદ્યામા બહુ હુશીઆર તેમ જ હાથી ઘોડા ને રથ ચલાવવામા પણ તેટલા જ નિપુણ છે હવે જો પાંડવો કૌરવોનો વધ ન કરતા કોઈ રીતે ભીમસેનને શાન્ત પાડી શકે અને પોતાનુ રાજ્ય પાછુ મેળવવા લઢાઈ સિવાય કોઈ બીજો રસ્તો લઈ શકે તો જરૂર ધર્મનુ રક્ષણ ને પુણ્યનુ કામ થાય અથવા તો તેઓ ક્ષત્રિયોનો ધર્મ પાળવા માટે પોતાનુ કર્મ સસાધન કરતા કમનસીબે મોતના મોઢામા પડે તો તે પણ વખાણવા લાયક છે. સધિ સ્થાપન કરી, અલબત્ત તુ બનેનુ હિત ઇચ્છતો હશે, પરતુ હુ એમ પૂછુ છુ કે ક્ષત્રિયો યુદ્ધ કરે તો તેમના ધર્મની રક્ષા થાય, કે ન

કરે તો ધર્મની રક્ષા થાય ? એ બેમાની જે શ્રેષ્ઠ હોય તે કહી દે અમે તે પ્રમાણે ચાલીશુ '

પછી ચારે વર્ણના શા શા ધર્મ છે તે શ્રીકૃષ્ણે કહી સભળાવ્યા. ગીતાના અઢારમા અધ્યાયમા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય ને શૂદ્રના જે ધર્મ કહ્યા છે, તેવા જ અહિ પણ કહ્યા છે એ જ રીતે મહાભારતના બીજા ભાગોમાથી પણ એવી ઘણી સાબિતીઓ જડી આવે છે કે જેથી ગીતામા કહેલો ધર્મ અને ત્યા કહેલો ધર્મ એક જ કહી શકાય, તેથી ગીતામા કૃષ્ણને નામે કહેલો ધર્મ તે માત્ર કૃષ્ણને નામે જ પરિચિત થયલો ધર્મ નહિ, પણ ખરેખરો કૃષ્ણ-પ્રણીત ધર્મ છે, એ એક રીતે સાબિત થાય છે કૃષ્ણે એ સિવાય પણ થોડી બીજી વાતો સજયને સભળાવેલી જે હવે પછી જોઇશુ

પારકાના રાજ્ય લઈ લેવા તેના કરતા બીજુ કાઈ વધારે મોટાઇનુ કામ-કર્મ-યૂરોપીઅનોના મત પ્રમાણે નથી એ કર્મને તેઓ conqv est (વિજય) glory (કીર્ત્તિ) extension of Empire (રાજ્યમા વધારો) વગેરે કહે છે જેમ અગ્રેજોમા, તેમજ યૂરોપના બીજા દેશોમા પણ પરરાજ્યહરણના એ ગુણના બહુ વખાણ થાય છે માત્ર એકલા 'glory' શબ્દના મોહથી મુગ્ધ થઈ પ્રશીઆના રાજા બીજા ફ્રેડરીકે યૂરોપમા ત્રણ વખત યુદ્ધનો અગ્નિ સળગાવી લાખો માણસોનો સહાર કરેલો. લોહીના તરસ્યા રાક્ષસ સિવાય બીજુ કોઈ પણ માણસ સહજ કબલ કરશે કે એવી glory (કીર્ત્તિ) અને તસ્કરવિદ્યા એ બેમા કશો જ ભેદ નથી માત્ર પારકાના રાજ્ય લઈ લેનાર મોટા ચોર ને બીજાઓ તે ન્હાના ચોર કહેવાય, પરતુ સાથે સાથે એટલુ પણ કહેવુ જોઈએ કે દિગ્વજયમા એવી કોઈ મોહિની રહેલી છે કે જેથી આર્ય ક્ષત્રિયો પણ મોહ પામી જઈ અનેક વખતે ધર્માધર્મ ભૂલી ગયા છે યૂરોપમા એકલા Diogenes ડાયોજિનિસે જ એલેકઝાડરને કહેલુ કે " તુ કોઈ નહિ પણ એક માત્ર લૂટારો છે " ભારતખડમા શ્રીકૃષ્ણે પણ પારકા રાજ્ય હરી લેનારને એ જ કહ્યુ છે-તેમના ક્હેવા પ્રમાણે ન્હાના ચોર છૂપાઇને ચોરી કરે છે, મોટા ખુલી રીતે કરે છે તેઓ કહે છે કે —

"ચોર છૂપાઈને કે ખુલ્લી રીતે-ગમે-તેમ-સર્વસ્વ હરણ કરી જાય છે, તે બન્ને કામ નિંદાલાયક છે તેથી દુર્યોધનનુ કામ પણ એક જાતની ચોરી જ કહી શકાય "

આવા ચોરને હાથે પોતાનો માલ લૂટાઈ જતો અટકાવવો-તેનુ રક્ષણ કરવુ-તેને કૃષ્ણ પરમ ધર્મ કહે છે હાલના નીતિજ્ઞોનો પણ તેવો જ મત છે ન્હાના ચોરને હાથે ચોરાઈ જતુ અટકાવવુ-તેનુ રક્ષણ કરવુ તેનુ નામ Justice મોટા ચોરને હાથે ચોરાઈ જતુ હોય તેનુ રક્ષણ કરવુ તેનુ નામ patriotism (દેશદાઝ) એ બન્નેને આપણી ભાષામા-સ્વધર્મપાલન-પોતાનો ધર્મ પાળવો કહે છે. કૃષ્ણ કહે છે —

"એ કામને માટે પ્રાણ સુદ્ધા છોડવો તે પ્રશસાપાત્ર છે, પરતુ બાપીકુ રાજ્ય ફરી લેવાને માટે કાંઈ ન કરતા મોઢુ ફેરવી બેસવુ, એ કોઈ પણ રીતે યોગ્ય ગણાય નહિ "

ધર્મ સબધી સજયનો છળ જોઈ કૃષ્ણે તેનો કેટલોક તિરસ્કાર પણ કરેલો "તુ હમણા રાજા યુધિષ્ઠિરને ધર્મોપદેશ કરવાને અભિલાષી થયો છે, પરતુ તે વખતે (જ્યારે દુ શાસને ભરી સભામા દ્રૌપદી ઉપર ન સાભળી શકાય તેવો જુલમ કરેલો ત્યારે) દુ શાસનને ધર્મોપદેશ કરી શકયો નહિ" કૃષ્ણ બનતા સુધી કોઇને ખોટુ લાગે તેવુ બોલતા નહતા, પણ જ્યારે યથાર્થ રીતે કોઈના દોષ બતાવી આપવા હોય ત્યારે તે બહુ જ સ્પષ્ટવકતા બની જતા, તેમને સદા સત્ય જ સુઝતુ

સજયનો તિરસ્કાર કરી કૃષ્ણે કહી સભળાવ્યુ કે બને પક્ષનુ ભલુ થાય એવા ઈરાદાથી હુ પોતે જ હસ્તિનાપુર આવીશ, "જેથી પાંડવોને અર્થહાનિ થાય નહિ અને કૌરવો પણ સધિ કરવાની હા કહે, તેવી રીતની હવે કોશેશ કરવાની છે, અને જો તેમ થશે તો તે એક મોટુ પુણ્યનુ કામ થયુ સમજવુ, અને કૌરવો પણ મોતના પાશમાથી છૂટયા સમજવા."

લોકના હિત માટે, અસખ્ય મનુષ્યના પ્રાણરક્ષણ માટે, તેમ કૌરવોના પોતાના રક્ષણ માટે, કૃષ્ણે પોતે આ મુશ્કેલ કામ પાર પાડવા ઉપયાચક તરીકે કોશેશ કરવા માડી મનુષ્યશક્તિ માટે એ બહુ કામ

મુશ્કેલ હતુ, કારણ એ વખતે પાંડવોએ તેમને પોતાના પક્ષમા લઈ લીધા હતા, અને તેથી તેમને શત્રુ તરીકે ગણવા કૌરવોને અધિકાર મળી ચૂક્યો હતો, છતા લોકોના ભલા ખાતર વગર હથીઆરે પણ શત્રુના શહેરમા પ્રવેશ કરવાની આનાકાની ન કરતા તે જ પગલુ વધારે હિતભરેલુ તેમણે ગણ્યુ

પ્રકરણ ૩જુ

યાનસંધિ

સંજયયાનપર્વાધ્યાય અહિ પૂરો થાય છે. એ અધ્યાયના છેલ્લા ભાગમા કહ્યા પ્રમાણે કૃષ્ણ હસ્તિનાપુર ગયલા, પરતુ એ બે પર્વાધ્યાયની વચમા બીજા ત્રણ પર્વાધ્યાય મહાભારતમા છે, "પ્રજાગર" "સનત્સુજાત," અને "યાનસધિ", પહેલા બે પાછળથી દાખલ થયલા તેમા કાઈ શક જેવુ નથી તેમા મહાભારત સબધી કાઈ હકીકત નથી, બહુ ઉંચા પ્રકારના ધર્મની તથા નીતિની વાતો છે કૃષ્ણ સબધે કઈ પણ વાત તેમા નથી, તેથી તે અત્રે છોડી દીધા છે

સજય હસ્તિનાપુર પાછો આવ્યો, અને ધૃતરાષ્ટ્રને જે જે કહ્યુ, તથા તે સાભળતા ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, વગેરે બીજા કૌરવોએ જે માહોમાહે તકરાર કરી, તેનુ વર્ણન "યાનસધિ" પર્વાધ્યાયમા છે તેમાના ભાષણો લાબા, ફરી ફરીને તેની તે જ વાત જણાવનારા, તથા ઘણી જગ્યાએ તો તદ્દન વગર પ્રયોજનના છે, છતા તેમા કૃષ્ણને સબધે એએક જગ્યાએ ઇશારા કરેલા છે

પહેલો, અઠ્ઠાવનમા અધ્યાયમા છે. સજયને મોઢે બહુ વિસ્તારથી અર્જુનની કહેલી વાતો સાભળી, ધૃતરાષ્ટ્ર પૂછે છે, "વાસુદેવ અને ધનજયે જે જે કહ્યુ તે સાભળવા હુ ઉત્સુક છુ માટે તે કહી સભળાવ"

તે ઉપરથી સભામા જે હકીકત બનેલી તે ન કહી સભળાવતા સજય એક ટાઢા પહોરની ગપ મારે છે પોતે ચોરની માફક કેવી રીતે પાંડવોના જનાનામા, જ્યા અભિમન્યુ વગેરે પણ જઈ ન શકે ત્યા

જઈ કૃષ્ણ અને અર્જુનને જોઈ આવેલો તેનુ વર્ણન આપે છે. ત્યા દારૂ પી કૃષ્ણ અને અર્જુનને તેણે ગાડા જેવા થઈ ગયલા જોયા અર્જુન દ્રૌપદી ને સત્યભામાના પગ પર પગ નાખી બેઠેલા હતા કાંઈ નવી વાતચીત તેઓ વચ્ચે થઈ ન હતી પણ માત્ર કૃષ્ણ દભ કરી કહેતા હતા કે "હુ અર્જુનની મદદે છુ એટલે તે સૌને મારી નાખશે."

આ સાભળી અર્જુને શુ કહ્યુ તે અહિ જણાતુ નથી અને ધૃતરાષ્ટ્રને તો તે સાભળવુ હતુ એ અધ્યાયના છેલ્લા ભાગમા છે કે, "છેવટે મહાવીર અર્જુને કૃષ્ણની વાત સાભળી રૂવાડા ઉભા થાય એવા વાક્ય કહ્યા" આ ઉપરથી વાચકને એમ લાગશે કે અર્જુને જે કાંઈ કહ્યુ હશે તેનુ વર્ણન ઓગણસાઠમા અધ્યાયમા હશે, પરતુ તેમા તો ધૃતરાષ્ટ્રે કઇંક ઠપકો દઈ દુર્યોધનને સલાહ કરવા સમજાવવાની હકીકત છે, તેથી વિશેષ તેમા કાંઈ નથી સાઠમા અધ્યાયમા તેના જવાબમા દુર્યોધન પોતાના બાપને કેટલાક ન કહેવા જેવા કડવા વેણ કહે છે. તે પછીના અધ્યાયમા કર્ણ આવી વચ્ચે પડી થોડુ ઘણુ ભાષણ કરે છે ભીષ્મે તે વિષે પણ તેને ખૂબ મહેણા માર્યા અને બને લઢી પડયા. પછીના અધ્યાયમા ભીષ્મ દુર્યોધનને તેમ થાય છે ત્રેસઠમામા ભીષ્મનુ ભાષણ છે ચોસઠમામા બાપદીકરો લઢે છે. પછી થોડા દિવસ બાદ ધૃતરાષ્ટ્રને જાણવાનુ મન થાય છે કે અર્જુને શુ કહ્યુ, તેથી અઠાવનમા અધ્યાયમા કહેતા જે વાત તૂટેલી તે પાછી જોડી દઈ સજય અર્જુનના વાક્યો એને સભળાવે છે આથી સ્હેજ સમજાશે કે ૫૯–૬૦–૬૧–૬૨–૬૩–૬૪ અધ્યાયો પાછળથી દાખલ થયલા છે, તેમાની કહેલી હકીકતથી મહાભારતના બનાવો જરા જેટલો પણ આગળ વધારો કરી શકતા નથી

જે કારણને લીધે એ છ અધ્યાયો નવા કહીએ છીએ તે જ કારણને લીધે અઠાવનમો અધ્યાય પણ નવો જ દાખલ થયલો કહેવાય અઠાવન પછીના અધ્યાયો એ અધ્યાયને લીધે જ ઘૂસી ગયા છે અઠાવનમો અધ્યાય કેવળ અપ્રાસગિક અને સબધ રહિત છે, એટલુ જ નહિ પણ તે પહેલા જે જે વાત કૃષ્ણે કહેલી તેનાથી ઉલટી જ વાત

તેમા છે વળી એ સઘળી હકીકતનો ઇશારો સરખો પણ અનુક્રમણિક ધ્યાય કે પર્વસગ્રહાધ્યાયમા નથી અસુરનો સહાર કરનાર શૌરિ (વિષ્ણ અને દેવતાઓને અવળે રસ્તે લઈ જનાર સુરા–દારૂના કોઈ રસિક ભક્ આ વૃત્તાન્ત દાખલ કરી દીધુ હશે

બીજો ઇશારો સડસઠથી સીત્તેર સુધીના ચારે અધ્યાયમા છે ધૃતરાષ્ટ્રના કહેવા મુજબ સજય અહિ કૃષ્ણના મહિમાનુ વર્ણન ક છે જે કૃષ્ણને પહેલા સજયે દારૂડીઓ અને ઉન્મત્ત કહેલો તે કૃષ્ણ અહિ તે જગદીશ્વર કહે છે આ પ્રસગ પણ એમ લાગે છે કે પાછ ળથી દાખલ થયલો, પણ તેમ હોય કે ન હોય તે જોવાની આપ જરૂર નથી, કારણ બીજી કોઈ રીતે આપણને એમ વિશ્વાસ બેસતે હોય કે કૃષ્ણ ઇશ્વિર જ હતા, તો પછી સજયની કહેલી હકીકતન આપણે જરૂર નથી, અને તેવો મત થતો જ ન હોય તો પછી સજય ના કહેવાની તેની અસર થવાની નથી, તેથી સજયે જે કહ્યુ છે તપાસવુ બીનજરૂરી છે કૃષ્ણની એક માણસ તરીકેના ચરિત્રની તેમ કાઈજ વાત નથી, અને આપણે તેમનુ માનવચરિત્ર જ અવલોકીએ છીએ અહિ યાનસધિપર્વાધ્યાય પૂરો થાય છે

પ્રકરણ ૪થુ

શ્રીકૃષ્ણની હસ્તિનાપુર જવાની તૈયારી

શ્રીકૃષ્ણે આગલા પ્રકરણમા કહ્યા પ્રમાણે હસ્તિનાપુર જવાન તૈયારી કરવા માડી તે વખત પાંડવોએ તથા દ્રૌપદીએ એમને કેટલી વાતો કહેલી, અને તેના જવાબ પણ તેમણે આપેલા આ સઘળી વાત ચીત અવશ્ય ઐતિહાસિક હશે એમ કહેવાતુ નથી, છતા જે કવિ તથ ઈતિહાસવેત્તાએ કૃષ્ણને મોઢે જે જે વાતો કહેવડાવી છે તે ઉપરથી તેણે પોતે કૃષ્ણને કેવા રૂપમા જોયલા તે સમજી શકાય છે એમાથ થોડા થોડા ઉતારા નીચે આપ્યા છે

યુધિષ્ઠિરને જવાબ આપતા કૃષ્ણ એક ઠેકાણે કહે છે " હે મહા

રાજ! બ્રહ્મચર્ય વગેરે પાળવાની ક્ષત્રિયોને જરૂર નથી આશ્રમીઓએ ક્ષત્રિયોને ભિક્ષા માગવાનો નિષેધ કરેલો છે, લડાઈમા જિતવુ યા મરવુ એ જ ક્ષત્રિયનો ધર્મ વિધાતાએ નિર્માણ કર્યો છે, તેથી દીનતા ક્ષત્રિયોને માટે હમ્મેશા જ નિંદાયુક્ત છે હે શત્રુને જિતનાર યુધિષ્ઠિર! જો તમે દીનતા પકડશો તો કદિએ તમારો ભાગ તમે મેળવી શકવાના નથી, તેવી બહાદૂરી બતાવી તમારા શત્રુઓનો નાશ કરો ”

ગીતામા પણ કૃષ્ણે **અર્જુ**નને એવો જ બોધ આપેલો આ ઉપરથી શુ સાબિત થાય છે, તે આગળ જણાવ્યુ છે વળી તે **ભી**મને જવાબ આપતા કહે છે –“ પુરૂષપ્રયત્ન છોડી દઈ માણુસ કેવળ દૈવ ઉપર યા તો દૈવ છોડી માત્ર પુરૂષપ્રયત્ન ઉપર આધાર રાખી શકતો નથી જે મનુષ્ય એવો નિશ્ચય કરી કામ કરવા બેસે છે, તેનુ કા તો કામ થતુ નથી ત્યારે દુ ખી થતો નથી, અથવા કામ થાય છે ત્યારે સતુષ્ટ થતો નથી ” ગીતામા પણ એમ જ છે *

અર્જુનને જવાબ આપતા કહે છે “ગમે તેવુ ફળદ્રુપ ખેતર હોય તેમા હળ ચલાવી બી વાવ્યા હોય તો પણ વરસાદ પડયા સિવાય તેમાથી કદિ પણ ફળની પ્રાપ્તિ થતી નથી. માણુસ ગમે તેટલો પુરૂષપ્રયત્ન કરી તેમા પાણી સીંચે તો પણ દૈવના પ્રભાવ વિના તે સૂકુ જ રહે છે તેથી આપણા પૂર્વેના મહાત્માઓ કહી ગયા છે કે જ્યા સુધી પુરૂષપ્રયત્ન ને દૈવકૃપા બે એકઠા થાય નહિ ત્યા સુધી કોઈ કામની સિદ્ધિ થતી નથી, તેથી મારાથી બનશે તેટલો હુ પુરૂષપ્રયત્ન કરીશ દૈવનુ કામ કરવા મારી શક્તિ નથી ”

આ છેલ્લુ વાક્ય આગળ પણ આપણે ઉતારા તરીકે લીધુ છે કૃષ્ણ અહિ દૈવત્વ એકે અવાજે નાકબૂલ કરે છે ઈશ્વરી શક્તિ વડે કર્મસાધન કરવુ તે ઈશ્વરનુ કામ છે, તેના અવતારની કઈ જરૂર રહેતી નથી

બીજાઓને જે કહેવુ હતુ તે થઈ રહ્યા પછી દ્રૌપદીએ થોડી વાતો કૃષ્ણને સભળાવી તેમા તેને મોઢે એવી વાત કહેવડાવાઈ છે કે જે સ્ત્રીના મોઢામા બહુ અજબ જેવી લાગે છે. તેણે કહ્યુ કે,

---

* सिद्ध्यासिद्ध्यो: समो भूत्वा समत्व योग उच्यते ।४८।

“નહિ મારવા યોગ્ય માણસને મારવાથી જે પાપ થાય છે, તે જ પાપ મારવા લાયક માણસને ન મારવાથી થાય છે.”

એક સ્ત્રીને મોઢે આવી વાત કહેવડાવાય એ નવાઈ જેવુ છે, પણ દ્રૌપદી જેવી પ્રભાવશાળી સ્ત્રીનુ વ્યક્તિત્વ જોતા આ અસગત નથી. વળી એક સ્ત્રીને મોઢેથી આવા શબ્દો સાભળવા ઠીક લાગે કે ન લાગે તે વાત જૂદી છે, પરતુ ખરેખરો ધર્મ તે એ જ, અને કૃષ્ણનો પોતાનો પણ એવો જ મત હતો, એ પૂર્વે જરાસધવધના પ્રકરણમા આપણે જોઈ ગયા છીએ

દ્રૌપદીના આ વખતના ભાષણનુ વર્ણન કરતા કવિએ અપૂર્વ કૌશલ બતાવ્યુ છે, તેથી તે અત્રે ઉતારી લીધુ છે

“સ્યામનેત્રવાળી દ્રુપદપુત્રી આ વાત સાભળી પોતાનો કુટિલાગ્ર (જેનો આગલો ભાગ વાકો છે તેવો), પરમ સુદર, સુગધથી મઘમઘ થતો, બધા લક્ષણોથી ભરપૂર, મોટા નાગના શરીર જેવો ચોટલો હાથમા પકડી, આસુથી ભરેલી આખો અને દીન વદન વડે ફરીથી કૃષ્ણને કહેવા લાગી કે, ‘હે જનાર્દન ! દુષ્ટ દુઃશાસને મારો આ જ ચોટલો ઝાલેલો જો એ શત્રુઓ સલાહ કરવાનો મત દેખડાવે તો મારા આ ચોટલાનુ તમે સ્મરણ કરજો ભીમ ને અર્જુન ગરીબડા થઈ જઈ સધિ કરવાનો સકલ્પ કરી બેઠા છે, તો તેની ફિકર નહિ મારા વૃદ્ધ પિતા તેના મહારથી શૂરવીર પ્રતાપશાલી છોકરાઓને લઈ શત્રુ જોડે સગ્રામ કરશે; મારા મહાબળવાન પાચે છોકરા અભિમન્યુને અગાડી કરી, તેની સરદારી નીચે કૌરવોનો સહાર કરશે દુરાત્મા દુઃશાસનનો કાળો હાથ કપાયલો, પૃથ્વી ઉપર પડેલો, ધૂળમા રગદોળાયલો, જ્યા સુધી હુ દેખુ નહિ ત્યા સુધી મારા હૃદયને શાન્તિ થાય એવો જરાએ સભવ નથી હૃદયક્ષેત્રમા સળગાવેલા અગ્નિ જેવા ક્રોધને મે તેર વરસ દાબી રાખ્યો છે. આ ક્ષણે તે તેર વરસ પૂરા થયા છે, છતા તે અગ્નિને શમવાના કશા ચિહ્ન હુ જોતી નથી હજુ હમણા પણ ધર્મપથાવલબી વૃકોદરના કાટારૂપી વચનોથી મારૂ હૃદય વિધાઈ જાય છે.”

"ભારે નિતંબ અને મોટી આંખોવાળી કૃષ્ણાએ (દ્રૌપદીએ) આ પ્રમાણે બોલી ક્રોધથી ગદ્દગદ થયલા સ્વરે, ધ્રુજતે શરીરે, રડવા માડ્યુ, પ્રવાહી થઈ ગયલા અગ્નિના જેવા અતિ ઘણા ઉષ્ણ, ગરમ આંસુઓ વડે તેના બંને સ્તનો પલળી ગયા તેથી મહાબાહુ વાસુદેવે તેને દિલાસો આપવા કહ્યું કે, 'હે કૃષ્ણે ! ઘણા થોડા દહાડામા તુ કૌરવોની સ્ત્રીઓને રૂદન કરતી જોઇશ જે રીતે આજે તુ રડે છે તે જ રીતે પોતાના વહાલાઓનો નાશ થયલો જોઈ કુરૂકુળની સ્ત્રીઓ રડશે યુધિષ્ઠિરના હુકમને તાબે થઈ ભીમ, અર્જુન, નકુળ અને સહદેવની મદદ લઈ કૌરવોનો વધ કરવા હુ પ્રવૃત્ત થઇશ જેને માથે કાળ ભમે છે તેવાઓની માફક ધૃતરાષ્ટ્રના છોકરાઓ મારા કહેવાનો અનાદર કરશે કે તરત જ તેમનો વધ થશે અને શિયાળ અને કુતરાનો ભક્ષ થઈ તેઓ જમીન ઉપર પડશે અગર જો કે હિમાલય હાલે, પૃથ્વી ઉંચકાઈ જાય અને નક્ષત્રો સાથે આખુ આકાશમંડળ નીચે તૂટી પડે તો પણ મારૂ વાક્ય મિથ્યા થવાનું નથી. હે કૃષ્ણે ! તારો ક્રોધ શમાવ હુ તને ખરૂ કહુ છુ, તુ થોડા જ વખતમા જોશે કે તારા પતિઓએ શત્રુનો સંહાર કરી પોતાનુ રાજ્ય પાછુ મેળવ્યુ છે '"

લોહીના તરસ્યા વધ કરવા માટે એકે પગે થઈ રહેનાર યા ક્રોધમા આવી જઈ ક્રોધવશ થઈ બોલનાર માણસના આ વચન નથી સર્વત્રગામી, સર્વકાલવ્યાપી, ભવિષ્યમા જે થવાનુ છે તે બુદ્ધિના પ્રભાવે જોઈ શકનાર માણસના એ વચન છે, ને ભવિષ્યમા શુ થશે તે એ કહે છે કૃષ્ણને પૂરેપૂરી ખાત્રી હતી કે દુર્યોધન રાજ્ય પાછુ આપવાની હા કહી કદિ પણ સલાહ કરવાનો નથી આવી ખાત્રી હોવા છતા સંધિ કરવા માટે કૌરવોની સભામા જવા તે તૈયાર થયા હતા, તેનુ કારણ એ જ કે માણસને જે અનુષ્ઠેય-કરવાનુ હોય તે તેણે કરવુ જ, પછી તેમાથી ફળ પ્રાપ્ત થાય કે ન થાય કામની સિદ્ધિ કે અસિદ્ધિ તેણે તો સરખા જ જાણવા. ગીતામા પણ પોતાને મોંઢે તેમણે એ જ અમૃતમય ધર્મ કહી સભળાવ્યો છે અર્જુનને તેમણે પોતે જ શિખવેલુ છે કે—

सिद्ध्यसिद्ध्यो समो भूत्वा समत्व योग उच्यते।

(કર્મનુ ફળ મળે તો પણ શુ ને ન મળે તો પણ શુ એવી સમબુદ્ધિ રાખી કર્મો કરવા તેને યોગ કહે છે)

નીતિના એ કાનૂન પ્રમાણે ચાલી, આદર્શરૂપ યોગીરાજ શ્રીકૃષ્ણ, જો કે ભવિષ્ય જાણતા હતા તો પણ, કૌરવો પાસે જવા તૈયાર થયા.

પ્રકરણ ૫મુ

કૃષ્ણની મુસાફરી

મુસાફરી વખતના કૃષ્ણના સઘળા આચરણ તે વખતના રીત-રિવાજોને અનુસરતા તથા કોઈ પણ માણસને છાજે તેવા હતા "કાર્ત્તિક માસમા જે દહાડે રેવતી નક્ષત્ર હતુ તે દહાડે મૈત્ર મુહૂર્ત્તમા કૌરવોની સભામા જવાની ઇચ્છાથી તેમણે સવારના પહોરનુ કર્મ આટોપી, નાહી ધોઈ, વસ્ત્રાલકાર પહેરી, સૂર્ય ને અગ્નિની ઉપાસના કરી, સારા ભણેલા બ્રાહ્મણો પાસેથી રસ્તે માગલ્ય રહે એવા પુણ્યના વચનો સાભળ્યા, ગાયના પૂછડાના દર્શન કરી, બ્રાહ્મણોને પગે લાગી, અગ્નિની પ્રદક્ષિણા કરી, અને બીજા સઘળા સારા શુકનો જોઈ" મુસાફરી શરૂ કરી

ગીતામા જે ધર્મ કૃષ્ણે કહ્યો છે તેમા તે સમયમા ચાલતા કામ્ય-કર્મપરાયણ વૈદિક ધર્મની નિદા કરી છે, છતા તે વેદ જાણનારા બ્રાહ્મણોનો કદિ તિરસ્કાર કરતા નહિ પોતે આદર્શ મનુષ્ય હતા, તેથી બ્રાહ્મણો વગેરે જોડે તે વખતમા જે રીતે વર્ત્તાતુ તે રીતે પોતે પણ વર્ત્તતા તે સમયના બ્રાહ્મણો વિદ્વાન, જ્ઞાનવાન, ધર્માત્મા અને સ્વાર્થ-રહિત હતા ને લોકોનુ ભલુ કરવામા તત્પર રહેતા, તેથી બીજી વર્ણના લોકો તેમને પજતા, તે બરાબર હતુ કૃષ્ણ પણ તેથી તેમની યોગ્ય પૂજા કરતા દાખલા તરીકે રસ્તામા ઋષિઓના થયેલા સમાગમનુ વર્ણન આપ્યુ છે,–

"આ પ્રમાણે કેટલેક દૂર ગયા પછી મહાબાહુ કેશવે રસ્તાની બને બાજૂએ બ્રહ્મતેજથી ચળકતા, કેટલાક મહર્ષિઓને જોયા તેમને

જોતા જ એકાએક રથ ઉપરથી ઉતરી પડી, તેમને વદન કરી, તેમણે પૂછ્યુ, " હે મહર્ષિઓ ! સૌ કુશળ તો છો ? ધર્મ ઉત્તમ રૂપે પળાય છે ? ક્ષત્રિય વગેરે ત્રણે વર્ણો બ્રાહ્મણોની આજ્ઞામા રહે છે કે ? તેઓ બ્રાહ્મણોનુ બરાબર રક્ષણ તથા કામકાજ કરે છે ? આપ સૌ ક્યા જવા તૈયાર થયા છો ? આપને કાઈ કામ છે ? મારાથી આપનુ કાઈ પણ કામ થઈ શકે તેમ છે ? આપ શા માટે પૃથ્વી ઉપર ઉતરી પડયા છો ?' "

આ ઉપરથી મહાન ભાગ્યવાળા જામદગ્ન્યે કૃષ્ણને ભેટી પડી કહ્યુ " હે મધુસૂદન ! અમારામાથી કેટલાક દેવર્ષિ, કેટલાક બહુશ્રુત બ્રાહ્મણ, કેટલાક રાજર્ષિ ને કેટલાક તપસ્વી છે અમારે ઘણી વખત દેવતા અને અસુરોનો સમાગમ થયો છે, તેથી હવે સઘળા ક્ષત્રિય, સભામા બિરાજનારા રાજાઓ વગેરેને તથા આપને જોવાની ઇચ્છાથી અમો ગમન કરતા હતા કૌરવોની સભામા આપને મોઢે ધર્માર્થ સબધી જે વચનો નીકળે તે સાભળવાની અમને અભિલાષા છે હે યાદવશ્રેષ્ઠ ! ભીષ્મ, દ્રોણ, વિદુર, વગેરે મહાત્માઓ અને આપ જે સાચી અને હિતકર વાતો કહેશો, તે સાભળવા અમે સૌ તળેઉપર થઈ ગયા છીએ

" હવે આપ સત્વર કુરૂઓના રાજ્ય તરફ પધારો ત્યા સભામ-ડપમા દિવ્ય આસન ઉપર બેઠેલા અને તેથી તેજ પ્રદીપ્ત થયલા આપને જોઈ વળી ફરી ત્યા આપની સાથે વાતચીત કરીશુ "

અહિ એટલુ કહેવુ જરૂરનુ છે કે જમદગ્નિનો પુત્ર પરશુરામ જાણે કૃષ્ણના વખતમા જીવતો હોય તેમ આ ઉપરથી સમજાય છે રામાય-ણમા તે રામના વખતમા જીવતો હતો એમ છે, અને પુરાણમા રામ અને કૃષ્ણ બનેની પહેલા થઈ ગયલા વિષ્ણુના અવતાર પછી તે થઈ ગયો એમ છે પુરાણમા કહેલા દશાવતાર એક બીજાની જોડે કેટલા મળતા આવે છે તે આપણે બીજા ગ્રથમા જોઈશુ

વળી હસ્તિનાપુરની આ મુસાફરીના વર્ણન ઉપરથી એટલુ પણ જણાય છે કે કૃષ્ણને તે વખતના સાધારણ લોકો પણ પૂજનીય ગણતા. એ વર્ણનમાથી બીજુ થોડુ નીચે ઉતાર્યું છે —

" સઘળા ધાન્યોથી પરિપૂર્ણ, અતિરમ્ય, સુખકર, પરમ પવિત્ર

શાલિભવન (ગામ), તેમ જ ઘણા મનોહર, હૃદયને સંતોષ પમાડે તેવા જાતજાતના પશુઓ જોતા જોતા, ઘણા ગામ અને રાજ્યો છોડી શ્રીકૃષ્ણ આગળ વધ્યા ઉપપ્લવ્ય નગરમાથી બહાર આવી, રસ્તા ઉપર કૌરવોના રક્ષણ નીચે વસનાર, હમ્મેશા રાજી રહેનાર, ઉત્કંઠા રહિત, સુખી નગરવાસીઓ કૃષ્ણના દર્શન કરવાની ઇચ્છાથી આવી તેની વાટ જોતા બેસી રહ્યા હતા થોડી વારમા વાસુદેવ ત્યા આવી પહોચ્યા, તેની તેમણે વિધિ પ્રમાણે પૂજા કરી

"હવે ભગવાન સૂર્યદેવે પોતાના કિરણો ખેચી લઈ રક્તવર્ણું સ્વરૂપ ધારણ કર્યું, એટલે શત્રુસંહારક મધુસૂદન વૃકસ્થલ પાસે આવી લાગતા રથ ઉભો રખાવી ઉતરી પડયા, અને શૌચ વગેરે કર્મ કરી, રથના ઘોડા છોડી નાખવાની આજ્ઞા આપી અને સંધ્યાની ઉપાસના કરવા લાગ્યા તે પ્રમાણે દારૂકે ઘોડા છોડી નાખ્યા, અને શાસ્ત્રમા કહ્યા પ્રમાણે તેમની ચાકરી કરી, તેમના શરીરપરથી સાજ વગેરે કાઢી લઈ તેમને છૂટા મૂક્યા. સંધ્યા પૂરી થતા કૃષ્ણે પોતાની જોડેના માણસોને કહ્યુ કે, 'યુધિષ્ઠિરના કહ્યા પ્રમાણે આપણે રાત અહિ જ ગાળવાની છે' એ મત જાણતા જ તેઓએ તુરત તબુ ઊભો કરી દીધો અને જૂદી જૂદી જાતની રસોઈ તૈયાર કરી પછી તે ગામના આર્ય કુલીન બ્રાહ્મણો અને બીજાઓએ મહાત્મા હૃષીકેશ(કૃષ્ણ)ની પાસે આવી વિધિપૂર્વક તેમની પૂજા કરી, તેમને આશીર્વાદ આપી સૌ પોતપોતાને ઘેર આવવા કૃષ્ણને આમત્રણ કરવા લાગ્યા મધુસૂદન તે કબૂલ કરી, તેમની જોડે ત્યા જઈ આવી, પાછા તેમની સાથે પોતાને તબુએ આવ્યા, અને તે સઘળી બ્રાહ્મણમડળી સાથે સુદર પકવાનો આરોગી તેમણે રાત્રિ પરમસુખથી ત્યા ગાળી"

આ માણસનુ ચરિત્ર છે, ઇશ્વરનુ નહિ પરતુ તે સાધારણ નહિ પણ આદર્શ મનુષ્યનુ

દેવતા ગણીને કોઇએ એમની પૂજા કરી હોય એમ અહિ દેખાતુ નથી, છતા માણસોમા શ્રેષ્ઠ જે હોય તે જેવી પૂજા પામે છે તેવી જ પૂજા તે પામેલા, અને આદર્શ પુરૂષ લોકો જોડે જેવી રીતે વર્તે તેવી રીતે વર્તેલા.

પ્રકરણ ૬ ઠું

હસ્તિનાપુરમાં પહેલો દિવસ

કૃષ્ણ આવે છે એવુ સાભળી, તેમનો સત્કાર કરવા વૃદ્ધ ધૃતરાષ્ટ્રે બહુ બહુ સામગ્રીઓ તૈયાર કરી ન્હાના ન્હાના પ્રકારના રત્નથી જડિત સભામડપ નિર્માણ કરાવી, તેમને નજરાણામા આપવા હજારો હાથી, ઘોડા, રથ, દાસ, " અજાનાપત્સ (જેને છોકરા નહિ થયલા તેવી) સો દાસીઓ," મેષ, ખચ્ચર, મણિ, માણેક વગેરેનો સગ્રહ કરવા માડયો

એ બધી તજવીજ જોઈ વિદુર કહે " એ બધુ તો ઠીક. તમારામા જેટલી ધાર્મિકતા છે તેટલી જ બુદ્ધિ લાગે છે, પરતુ રત્ન વગેરે આપી તમે કૃષ્ણને ઠગી શકશો નહિ તે અહિ જે કામ માટે આવે છે, તે કરો, તે થયે તેમને સતોષ થશે, બાકી પૈસા વગેરેથી લોભાઈ તે તમારે વશ થવાના નથી "

ધૃતરાષ્ટ્ર ધૂર્ત-ઠગારો હતો, અને વિદુર, સરળ, ચોખ્ખા મનના હતા દુર્યોધનમા બંને ગુણ હતા, તેથી તેણે કહ્યુ " કૃષ્ણ પૂજા કરવા લાયક છે ખરા, પણ આપણે તેમની પૂજા કરવી નથી, કારણ યુદ્ધ કર્યા વિના આપણે રહેવાના નથી, ત્યારે પછી તેમનો સત્કાર શા માટે કરવો જોઈએ? લોકો વખતે એમ સમજશે કે આપણે ભયથી તેમની ખુશામદ કરીએ છીએ મ્હે તો એક સરસ યુક્તિ શોધી કાઢી છે આપણે તેમને અહિ જ બાંધી રાખીશુ. પાંડવોના બળ, બુદ્ધિ, કૃષ્ણ છે, તે કૃષ્ણ જ જો અહિ અટકી પડે તો પછી તેમનો પરાજય ઝટ થઈ જશે "

એ સાભળી ધૃતરાષ્ટ્રને પણ પોતાના પુત્રનો તિરસ્કાર કરવાની જરૂર પડી, કારણ કૃષ્ણ દૂત તરીકે આવતા હતા, અને દૂતને એ પ્રમાણે બાંધી રાખવો એ બહુ જ મોટુ પાપ ગણાય કૃષ્ણના ભક્ત ભીષ્મ તો દુર્યોધનને કેટલાક કડવા વચન સભળાવી સભામાથી ઉઠી જતા જ રહ્યા

નગરવાસીઓ તથા કૌરવો બહુ સમ્માનથી કૃષ્ણને કુરુસભામાં લેઈ આવ્યા તેમને માટે જે સભામડપ બનાવવામા આવ્યો હતો, જે

જનો એકઠા કરવામા આવ્યા હતા, તેના ઉપર નજર સરખી પણ તેમણે નાખી નહિ. તેઓ ધૃતરાષ્ટ્રને ત્યા થઈ કૌરવોની સભામા આવ્યા, જેમ જેની જોડે ઘટે તેમ સભાષણ કર્યું, અને પછી તે મહેલ છોડી, તે દીન-બધુ (ગરીબોના મદદગાર) એક ગરીબને ઘેર જઈ ઉતર્યા

વિદુર એક રીતે ધૃતરાષ્ટ્રના ભાઈ થાય, કારણ બને વ્યાસદેવના ઔરસ પુત્ર થતા હતા, પરતુ ધૃતરાષ્ટ્ર રાજા વિચિત્રવીર્યના ક્ષેત્રજ–વિવાહિત સ્ત્રીને પેટે (પણ વ્યાસદેવથી) થયેલા–પુત્ર હતા વિદુર તેવા ન હતા, વિચિત્રવીર્યની એક વૈશ્ય દાસીને પેટે તેમનો જન્મ થયલો તેમને વિચિત્રવીર્યના ક્ષેત્રજ પુત્ર કહીએ, તો પણ તેમની જાત નક્કી થઈ શકશે નહિ, કારણ બ્રાહ્મણના વીર્યથી ક્ષત્રિયના ક્ષેત્રમા વૈશ્ય દાસીને પેટે તેમનો જન્મ થયલો તે જો કે હતા તો સાધારણ પક્તિના

* મહાભારતના સઘળા મુખ્ય પુરુષોની જાતિ સબધે એવી જ અનિશ્ચિતતા છે પાંડવો સબંધે પણ તેમ જ છે તેમની દાદી સત્યવતી દાસ-કન્યા–શૂદ્ર વર્ગની હતી ભીષ્મની મા કયા વર્ણની હશે તે છૂપાવવાનુ વિશેષ કારણ લાગે છે, માટે તેને ગગાપુત્ર કહે છે ધૃતરાષ્ટ્ર ને પાડુ બને બ્રાહ્મણ વ્યાસદેવના વીર્યથી ક્ષત્રિય સ્ત્રીઓને પેટે જન્મેલા વ્યાસ પોતે માછીની દીકરી સત્યવતીના કાનીન પુત્ર (કન્યાકાળમા, પરણ્યા પહેલા થયલા) હતા આવા કારણોને લીધે ધૃતરાષ્ટ્ર ને પાંડુની ન્યાત નક્કી કરવામા એવો ગરબડાટ થઈ જાય છે, કે હાલના વખતમા તો કોઈ તેમની જોડે પક્તિ-વ્યવહાર પણ રાખે નહિ પાંડુના છોકરા કુન્તિના પેટના ખરા, પરતુ પોતાના બાપથી નહિ, કારણ પુત્ર ઉત્પન્ન કરવાની શક્તિ પાંડુ પાસથી શાપને લીધે જતી રહી હતી, તેથી તે લોકો ઇન્દ્ર વગેરેથી પેદા થયલા કહેવાય છે તેમ જ દ્રોણાચાર્યના પિતા ભારદ્વાજ ઋષિ ખરા, પણ તેનો જન્મ એક માટીના ઘડામાથી થયલો ઘડો ગર્ભ ધરી શકે એવુ જેઓ ન માની શકે તેમને મન દ્રોણના માતૃકુલ સબધી વાત સદેહ પડતી જ રહી જશે. જેવી પાડુના પુત્ર સબધી હકીકત છે, તેવી કર્ણ સબધી પણ છે ઘણે ભાગે તે પણ કુન્તિનો કાનીન (કન્યાકાળમા સૂર્યથી થયલો) પુત્ર હતો દ્રૌપદી અને તેના ભાઈ ધૃષ્ટદ્યુમ્નના માબાપ કોણ તે કહી શકાતુ નથી, કારણ તેઓ યજ્ઞકુડમાથી બહાર આવ્યા હતા.

એમ છતા, તે વખતે વિવાહ–લગ્ન સબધી કાઈ અધેર ચાલતુ ન હતુ.

માણુસ, તો પણ બહુ ધાર્મિક હતા રાજમહેલ છોડી કૃષ્ણ તેમને ત્યા ગયા, અને ત્યા તેમની પરોણાગત સ્વીકારી તેથી આજ પણ આપણામા "વિદુરજીની ભાજી" એ કહેવત ચાલે છે. પાંડવોની મા ને કૃષ્ણની ફોઈ, કુન્તિ ત્યા જ રહેતી હતી, કારણ પાંડવો વનમા જતી વખત ત્યા તેને મૂકી ગયા હતા કૃષ્ણ કુન્તિને પ્રણામ કરવા ગયા છોકરા-વહુનુ દુ ખ સભારી કુન્તિ બહુ રડવા લાગી તેને દિલાસો આપવા કૃષ્ણે જે વચન કહ્યા તે અમૂલ્ય છે મનુષ્યચરિત્રના આખા પ્રદેશથી સપૂર્ણ રીતે જે માણસ જાણીતો થયો હશે, તે જ તેનુ અમૂલ્યત્વ સમજી શકશે. શ્રીકૃષ્ણ કહે છે કે,

"પાંડવો, ઉંઘ, થાક, ક્રોધ, હર્ષ, ભૂખ, તરસ, શરદી અને ગરમીનો પરાજય કરી, જેવી રીતે વીર મનુષ્યોને ઉચિત સુખ ભોગવવુ જોઇએ તેવુ ભોગવે છે, ઈન્દ્રિય સુખ છોડી દઈ, વીર પુરુષો જેવુ સુખ ભોગવે છે, તેવા સુખથી સતોષ માની બેઠા છે. તે મહાબળવાન, મોટા ઉત્સાહવાળા વીરગણો એથી જરા પણ થોડુ સુખ હોય તો કદાચ સતુષ્ટ થાય નહિ જે વીર મનુષ્ય હોય તેને તો ઘણો ક્લેશ હોય યા ઘણુ સુખ હોય તો પણ તેને તે સરખા જ લાગે છે **જેને ઇંદ્રિયસુખની ઈચ્છા હોય તેવા માણસો બેમાંથી વચલી અવસ્થામાં રહી સતોષ પામે છે, પરતુ એ અવસ્થા દુ:ખની ખાણ છે; રાજ્યલાભ અથવા તો વનવાસ એ જ સુખનુ નિદાન-મૂળ કારણ-છે."**

કારણ લગ્ન તો થતા જ હતા, અનુલોમપ્રતિલોમ લગ્ન વિષે અત્રે કાંઈ કહેવાની જરૂર નથી ઘણા ઋષિઓની ધર્મપત્ની ક્ષત્રિઓની છોકરીઓ હતી, જેમકે અગસ્ત્યની સ્ત્રી લોપામુદ્રા, ઋષ્યશૃંગની સ્ત્રી શાન્તા, ઋચીકની સ્ત્રી, જમદગ્નિની (કેટલાક કહે છે પરશુરામની) સ્ત્રી રેણુકા, વગેરે વળી એમ પણ કહેવાય છે કે પરશુરામે પૃથ્વી નક્ષત્રી કરી, ત્યાર પછી બ્રાહ્મણોના બીજથી ક્ષત્રિયાણીને પેટે પાછળના ક્ષત્રિયો પેદા થયા વળી પાછલા સમયમા ક્ષત્રિય રાજા યયાતિની સ્ત્રી તે એક બ્રાહ્મણની છોકરી દેવયાની હતી ભોજનવ્યવહાર વિષે કોઈ પણ તરેહનો અટકાવ હતો નહિ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, એકબીજાનુ ખાતા હતા

"રાજ્યલાભ કે વનવાસ *" એ વાત હાલના હિન્દુ સમજી શકતા નથી, કારણ જો સમજતા હોય તો આટલા દુખી થાય નહિ જે દિવસે એ વાત સમજશે, તે દિવસે તેઓ દુખમાથી છૂટશે હિન્દુઓના અસલ ઇતિહાસમા આવી કથાઓ હોવા છતા, આપણે શા માટે મેમસાહેબોની લખેલી નોવેલો વાચીને દિવસ ગુજારતા હોઇશુ ? અથવા કે પાચ જણા મળી, સભા ભરી, પક્ષીઓની પેઠે કચકચ કરતા હોઇશુ ?

વળી કૃષ્ણે તેને એમ પણ કહ્યુ કે, "પોતાના શત્રુનો વિનાશ કરી, સઘળા લોકો પર આધિપત્ય તથા અતુલ સપત્તિ ભોગવતા તેમને તમે જોશો"

કૃષ્ણ નક્કી જાણતા હતા કે, સલાહ તો થવાની નથી, છતા તે હસ્તિનાપુર આવ્યા હતા, તેનુ કારણ આપણે ઉપર જોઈ ગયા છીએ કે પોતાના કર્મનુ ફળ મળશે કે નહિ મળે તેની આસક્તિ રાખ્યા વગર જે કામ કરવાનુ છે, તે તો માણસે કરવુ જ જોઈએ ગીતામા જેને કર્મયોગ રહ્યો છે, તે આ જ ધર્મ. લઢાઈ કરતા સલાહ હમ્મેશા મનુષ્યનુ વધારે ભલુ કરનાર છે, તેથી સધિ કરવા પ્રયત્ન કરવો એ માણસનુ કર્તવ્ય છે, છતા જ્યારે પ્રયત્ન કર્યા છતા પણ સધિ ન જ સ્થાપન થઈ, ત્યારે યુદ્ધ ઉપર શ્રદ્ધા ખોઈ બેઠેલા અર્જુનને ઉત્સાહ આપનાર, તેને સહાય કરનાર કૃષ્ણ જ હતા, કારણ જ્યારે સધિ અસાધ્ય થઈ, ત્યારે યુદ્ધ એ જ પાંડવોનો અનુષ્ઠેય ધર્મ હતો, તેથી જે કર્મયોગનો તેમણે ગીતામા ઉપદેશ કર્યો છે, તેને અમલમા લાવનાર તે પોતે જ થયા

---

* ક્ષુદ્રબુદ્ધિવાળો, મિલ્ટનનો શેતાન કહે છે કે, "It is better to reign in hell than serve in heaven નર્કમા રાજ્ય કરવુ સારુ, પણ સ્વર્ગનુ દાસત્વ ન જોઇએ" એ વાક્યમા અને ઉપર લખેલાં કૃષ્ણના મહત્વચનમા કાઈ પણ ભેદ કેટલાક વાચકોને લાગશે નહિ પરતુ લઘુબુદ્ધિવાળો પારકાનુ મહત્ત્વ સહન કરી શકતો નથી, મહાત્મા પોતાના કર્ત્તવ્યને લીધે તેમ કરી શકે છે, કારણ, તે જાણે છે કે, મહા સુખ કે મહા દુઃખ વગર માણસની બહુ વિસ્તાર પામવાને આકાક્ષિત ચિત્તવૃત્તિ સપૂર્ણ રીતે સ્ફૂર્તિને પામી શકતી નથી

કુન્તિની પાસેથી વિદાય થઈ કૃષ્ણ પાછા કૌરવોની સભામા આવ્યા ત્યા તેમને દુર્યોધને જમવાનુ નોતરૂ દીધુ, પણ તેમણે ના કહેવાથી દુર્યોધને તેમ કરવાનુ કારણ તેમને પૂછ્યુ તેના જવાબમા પહેલા તો લોકોમા ચાલતા રીતરિવાજને અનુસરીને તે બોલ્યા " જે દૂત થઈને આવ્યો હોય તે તો પોતાનુ કામ પૂરૂ થયા પછી જ ભોજન અથવા પૂજાનુ ગ્રહણ કરી શકે, તેથી મારૂ કામ થઈ રહેશે કે હુ તમારી પૂજાનો સ્વીકાર કરીશ." પણ એટલેથી તે તેમને છોડે તેમ ન હતુ, તેથી તેણે ફરી આગ્રહ કરવા માડ્યો, ત્યારે કૃષ્ણે કહ્યુ

" લોકો કા તો પ્રીતિને લીધે અથવા તો દુખમા આવી પડે છે તો જ પારકાનુ ખાય છે તમે પ્રીતિને લીધે કાઈ મને જમાડવાની ઇચ્છા રાખતા નથી, તેમ હુ કાઈ દુખમા આવી પડ્યો નથી, માટે મારે શા નિમિત્તે તમારૂ અન્ન ખાવુ ? "

જમવાનુ નોતરૂ કબૂલ કરવુ એ માત્ર એક સાધારણ વાત હતી, પરતુ આપણુ રોજનુ જીવન તે એવા જ સામાન્ય કર્મોના સમુદાયનુ બનેલુ છે, માટે એવા સામાન્ય કર્મો માટે એક જાતનો નિયમ હોય તો સારૂ મોટા મોટા કામો માટે ઘડાયલા નિયમનુ જે મૂળ છે તે જ નાના નાના કામો માટેના નિયમનુ પણ મૂળ છે એ મૂળ-પાયો તે ધર્મ છે ઉદ્ધતચરિત્ર અને ક્ષુદ્રબુદ્ધિ મનુષ્ય વચ્ચે તેથી ભેદ એટલો જ છે કે ક્ષુદ્રબુદ્ધિવાળો માણસ જો કે ધર્મથી પરાગમુખ થતો નથી, ધર્મ છોડતો નથી, તોપણ ક્ષુદ્ર-નાની બાબતોમા તે નીતિનિયમ પ્રમાણે ચાલી શકતો નથી, કારણ કે એ નિયમનુ મૂળ જે ધર્મ તેને તે પાળતો નથી જ્યારે આદર્શ મનુષ્ય તેવી નાની નાની બાબતમા પણ તે નિયમોને વળગી રહે છે કૃષ્ણે જોયુ કે એ નોતરૂ સ્વીકારવુ અને ચોખ્ખુ મન રાખવુ, સત્યતા રાખવી, એ બે વિરૂદ્ધ વાત થશે, તેથી દુર્યોધનને સરળ અને સાચો જવાબ આપતા, સ્પષ્ટ વાત કહેવી હતી છતા તેને કહેતા પોતે જરા પણ મનમા સકોચ રાખેલો નહિ ઘણી વખતે અકપટ વ્યવહાર, સ્પષ્ટ બોલવુ તે જ ખરેખરો ધર્મ હોય છે, ત્યા પણ તેમ કરવાથી કોઈને ખોટુ લાગશે, એમ કહી તે રસ્તો આપણે લેતા નથી,

અને તેથી જ એવી ધર્મવિરૂદ્ધની લાજ ઘણી વખત નાની નાની બાબતમા આપણી પાસ અધર્મ કરાવે છે.

કૃષ્ણ પછી ત્યા ઉઠી વિદુરને ઘેર ગયા ત્યા રાત્રે બે જણા વચ્ચે ઘણી વાતચીત થઈ વિદુરે તેમને કહ્યુ કે તમે હસ્તિનાપુર આવ્યા તે ઠીક કર્યું નથી, કારણ ગમે તેમ થશે તો પણ દુર્યોધન સલાહ કરવાનો નથી કૃષ્ણના જવાબમાથી નીચેનો ઉતારો ટાકી લીધો છે

"જે હાથી, ઘોડા, રથ, વગેરે સહિત છિન્નભિન્ન થયલી પૃથ્વીને મૃત્યુપાશમાથી મુક્ત કરી શકે તેને જ ઉત્કૃષ્ટ ધર્મનો લાભ થાય છે"

સિમલા અને દિલ્હીમા, યૂરોપના દરેક રાજમહેલ ઉપર આ વાક્ય સોનાના અક્ષરે લખી રાખવુ જોઈએ વળી કૃષ્ણ એમ પણ કહે છે

"પોતાના દુખમા પડેલા ભાઈને જે માણસ મુક્ત કરવા પોતાનાથી બને તેટલો પ્રયત્ન ન કરે તેને પડિતો નૃશસ-નિર્દય કહે છે પ્રાજ્ઞ-જ્ઞાની માણસ પોતાના મિત્રના વાળ પકડીને પણ ન કરવા જેવુ કામ કરતા તેને અટકાવે છે . જો તે (દુર્યોધન) મારી હિતકર વાત સાભળવા છતા મારા ઉપર શકા લઈ જશે તો તેમા મને કાઈ નુકસાન નથી પોતાના મિત્રો તથા સગાઓને સારો ઉપદેશ આપવાની દરેક માણસની ફરજ છે, તે અદા કર્યેથી મને પરમ સતોષ થશે, અને તે ઋણમાથી હુ છૂટીશ માહોમાહે ફાટફુટ થવાનો સમય આવે તે વખતે જે માણસ સારી સલાહ ન આપે તે આત્મીય-પોતાનો કહેવાય નહિ"

યૂરોપીઅનો માને છે કે કૃષ્ણ માત્ર એક પરસ્ત્રીલપટ પાપી મનુષ્ય હતા આપણા દેશના કેટલાક લોકોનો મત પણ એવો જ છે કેટલાક વળી એમ માને છે કે મનુષ્યહત્યા કરવા માટે જ તેમણે અવતાર લીધેલો અને કેટલાકો એમ માને છે કે તે બહુ લુચ્ચા ને ખટપટી હતા પોતાનો સ્વાર્થ સાધવા પારકાઓ પાસે ગમે તેમ કરાવતા. તેમનામા આ બધામાથી એકે અવગુણ નહતો તેનાથી ઉલટુ લોકોનુ ભલુ કરવા હમ્મેશા તે તત્પર રહેતા, જ્ઞાનીઓમા અને ધર્મોપદેશકોમા શ્રેષ્ઠ હતા, એવુ આ સઘળા ઉતારા ઉપરથી સહજ જણાશે.

પ્રકરણ ૭ મું

હસ્તિનાપુરમાં બીજો દિવસ

બીજે દિવસે સવારે દુર્યોધન પોતે અને શકુનિ આવીને શ્રીકૃષ્ણને સભામા લઈ ગયા નારદ વગેરે દેવર્ષિ, જમદગ્નિ વગેરે બ્રહ્મર્ષિ ત્યા હાજર હતા એવી મહાન સભામા કૃષ્ણે બહુ છટાદાર ભાષણ કરી, ધૃતરાષ્ટ્રને સલાહ કરવા માટે સમજાવવા માડયુ ઋષિઓએ પણ તેમ જ કર્યું પણ કોઈનુ કાઈ વળ્યુ નહિ ધૃતરાષ્ટ્રે કહ્યુ કે “એ વાત મારા હાથમા નથી, તમે દુર્યોધનને કહો ” કૃષ્ણ, ભીષ્મ, દ્રોણ, વગેરેએ તેને ઘણો સમજાવ્યો, પણ દુર્યોધન એકનો બે થયો નહિ સલાહ કરવાની વાત તો દૂર રહી, પણ તેણે કૃષ્ણને કડવા વચન કહેવા માડયા કૃષ્ણે પણ તેના ઉત્તરમા દુર્યોધનના દુષ્ટ કર્મ તથા પાપાચરણ કહી સભળાવ્યા, તેથી ગુસ્સે થઈ તે સભામાથી ઉઠી ગયો

પછી આખી પૃથ્વી ઉપરની રાજનીતિનુ જે મૂળ સૂત્ર તે પ્રમાણે કામ લેવા, કૃષ્ણે ધૃતરાષ્ટ્રને સલાહ આપી રાજકારભારનુ મૂળ સૂત્ર એ જ છે કે, પ્રજાનુ રક્ષણ કરવા માટે દુષ્ટ કામ કરનારને સજા કરવી, એટલે કે ઘણાનુ ભલુ કરવા માટે એકને સજા કરવી પડે તો તે કરવી, સમાજ એટલે લોકના હિતને માટે હત્યાકારી–ખરાબ કામ કરનાર-નો વધ કરવો યોગ્ય છે, જેને કેદ ન કર્યાથી તેના પાપાચરણથી હજારો પ્રાણીઓનો સહાર થાય તેવુ હોય ત્યા જ્ઞાનીઓ એવો જ ઉપદેશ કરે છે કે તેને કેદ જ કરવો યૂરોપના સઘળા રાજા તથા મત્રીઓએ મસલત કરી, એટલા જ માટે ઈ સ ૧૮૧૫ મા નેપોલીઅનને જીવતા સુધી કેદમા નાખેલો, અને એ જ ધોરણ ઉપર રાજનીતિજ્ઞ કૃષ્ણે પણ ધૃતરાષ્ટ્રને સલાહ આપી કે દુર્યોધનને કેદ કરી પાંડવો જોડે સલાહ કરવી. આખા યદુવશનુ રક્ષણ કરવા માટે તેમણે પોતે કસ જો કે પોતાનો મામો થતો હતો, તોપણ તેનો વધ કર્યો હતો, એવુ તેમણે ઉદાહરણ આપ્યુ, પરતુ એ કહેવાની જરૂર નથી કે એ સલાહ કબૂલ રાખવામા આવી નહિ

આણી તરફ ગુસ્સે થયલા દુર્યોધને કૃષ્ણને પકડી બાંધી રાખવા માટે કર્ણ જોડે મસલત ચલાવવા માંડી

સાત્યકી, કૃતવર્મા વગેરે કૃષ્ણના પક્ષના માણસો સભામા હાજર હતા સાત્યકી તો હમ્મેશા તેમની જોડે જ રહેતો ને કૃષ્ણની તેના ઉપર બહુ પ્રીતિ હતી અસ્ત્રવિદ્યામા તે અર્જુનનો શિષ્ય હતો, અને ઘણે ભાગે અર્જુનના જેવો જ બહાદુર હતો કેટલીક હિલચાલ ઉપરથી બુદ્ધિમાન સાત્યકી એ કાવત્રુ સમજી ગયો કૃતવર્માને લશ્કર સાથે નગરના દ્વાર આગળ જઈ તૈયાર થઈ રહેવાનુ કહી પોતે તે વાતની ખબર કૃષ્ણને કરી, અને ખુલ્લી રીતે સભામા ધૃતરાષ્ટ્ર વગેરેને પણ દુર્યોધનનો શો ઇરાદો છે તે જણાવી દીધુ તે સાભળી વિદુરે ધૃતરાષ્ટ્રને કહ્યુ

“જેમ પતગીઆ દીવામા પડી નાશ પામે છે, તેવી દશા પણ શુ આમની નહિ થાય? જનાર્દન જો તેવી જરા પણ ઇચ્છા બતાવે તો યુદ્ધકાલે એ સઘળાને પોતે યમને દ્વારે મોકલી શકે તેમ છે ”

પરતુ પછી શ્રીકૃષ્ણ જે બોલ્યા તે તો દરેક રીતે આદર્શ પુરુષને છાજે તેવુ જ બોલ્યા પોતે બળવાન હતા છતા ક્રોધશૂન્ય અને ક્ષમાવત હતા, તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યુ —

‘એમ સાભળ્યુ છે કે દુર્યોધન વગેરે બીજા સઘળા ગુસ્સે થઈ ગયા છે, ને મને બાધી પકડી રાખવા માગે છે, પરતુ આપ રજા આપો ને પછી જુઓ કે એઓ મને જિતી શકે છે કે હુ એમને જિતુ છુ? મારામા હમણા એટલુ બળ છે, કે હુ એકલો એ બધાને પકડી કેદ કરી શકુ, પરતુ હુ કોઈ પણ પ્રકારે એવુ નિન્દિત, પાપી કામ કરવાનો નથી. આપના પુત્રો પાંડવોનુ પડાવી લેવાના લોભથી સ્વાર્થ વડે આધળા થઈ ગયા છે ખરૂ જોતા તો મને અહિ પકડી રાખવાની ઇચ્છાથી યુધિષ્ઠિરનુ તો તેઓ કામ કરી આપે છે, કારણ હમણા ને હમણા હુ તેમને તથા તેમના અનુચરવર્ગને પકડી લઈ જઈ પાંડવોને સોપી શકુ તેમ છે, અને તેમ હુ કરૂ તો તે શુ કોઈ રીતે દુષ્ટ કામ ગણાય? પરતુ આપની પાસે એવુ—ક્રોધ અને પાપબુદ્ધિ કરાવે તેવુ—નિન્દિત કામ કરવા હુ રાજી નથી. દુર્નીતિપરાયણ પુરુષો દુર્યોધનની મરજી પ્રમાણે ભલે ચાલે.”

પછી દુર્યોધનને ધૃતરાષ્ટ્રે બોલાવી મગાવી, બહુ કડવા વેણુ કહી તેને ઠપકો દીધો "તુ બહુ નિર્દય, પાપી અને નીચવૃત્તિવાળો છે, અને તેથી જ ન બની શકે તેવુ, ગેરઆબરૂભરેલુ, સારા માણુસ નિંદે એવુ, પાપ કરવાની ઇચ્છા કરે છે પોતાના કુળની બેઆબરૂ કરનાર મૂર્ખ માણુસની માફક ખરાબ ટોળીમા મળી જઈ, જેનો પરાભવ થાય એમ નથી, એવા જનાર્દનને પકડી કેદ કરવાનો તારો ઈરાદો છે જેમ બાળક ચન્દ્રને પકડવાને ઉત્સુક થાય છે, તેમ તુ જેને ઇન્દ્રાદિ દેવો પણુ પકડી ન શકે તેવા કેશવને કેદ કરી બાધી રાખવા મન કરે છે દેવ, મનુષ્ય, ગધર્વ, અસુર, સર્પ પણુ જેની સાથે લઢવા સમર્થ નથી, તેવા કેશવને તુ શુ ઓળખતો નથી? પુત્ર! હાથ વડે કોઈ દહાડો પવન ઝલાતો નથી, હાથેલીમા કદિ દેવતા પકડાતો નથી, માથા ઉપર કોઈ દહાડો પૃથ્વી ઉંચકી શકાતી નથી, તેમ કોઈ દહાડો કેશવને પણુ બળ વડે પકડી શકાય તેમ નથી"

વિદુરે પણુ ત્યાર પછી દુર્યોધનને ખૂબ સપડાવ્યો તેનુ ભાષણુ પૂરૂ થતા કૃષ્ણુ ખડખડ હસી પડયા, અને સાત્યકિ અને કૃતવર્માના હાથ પકડી, પોતે સભાની બહાર ચાલ્યા ગયા

મહાભારતમા આટલે સુધી કૃષ્ણુના આગમનનુ જે વણુન આપ્યુ છે તે બરાબર બધબેસતુ અને સ્વાભાવિક છે, તેમા માની ન શકાય તેવુ કશુ નથી. પરતુ પાછળથી મહાભારતમા શ્લોકો વધારી દેનારની કલમ આવુ વર્ણુન જોઈ સતોષ પામેલી નહિ એમ જણાય છે, અને આવા મોટા દૂતકાર્યમા કૃષ્ણુ તરફથી કોઈ પણુ પ્રકારનુ અનૈસર્ગિક-અદ્ભુત કામ ન થયુ એ તેને ઠીક નહિ લાગવાથી તેણે કૃષ્ણુના હાસ્ય તથા પ્રયાણુ (સભા છોડીને જવુ) એ બેની વચમા તેમના સ્વરૂપમા વિશ્વદર્શન કરાવ્યુ છે આ જ મહાભારતના ભીષ્મપર્વના ભગવદ્-ગીતાપર્વાધ્યાયમા (એ અધ્યાય પાછળથી વધેલો હો કે ન હો પણુ તેમા) એક વાર કૃષ્ણુ અર્જુનને એવી જ રીતે વિશ્વરૂપનુ દર્શન કરાવે છે પરતુ તે અને આ વિશ્વરૂપ પ્રદર્શનના વર્ણુનમા કેટલો બધો આશ્ચર્યકારક તફાવત છે? ગીતાના અગીયારમા અધ્યાયનુ વિશ્વરૂપ-

દર્શન એ ઉત્તમ પ્રકારના કવિની રચના દેખાય છે. આખુ સાહિત્યરૂપ જગત્ ખોળીએ તોપણ એવી રીતનુ ઉચ્ચ પ્રકારનુ વર્ણન મળવુ દુર્લભ છે, તેથી ઉલટુ અહિ જેણે એ વર્ણન રચ્યુ છે, તે જોતા તે રચનારને માટે એ કાવ્યરચના એક મહાભારત કાવ્ય જેવી લેખાય. વળી ગીતામા કહ્યુ છે કે, ભગવાને અર્જુનને એમ કહ્યુ કે, "તારા સિવાય પહેલા આ આ વિશ્વદર્શન કોઈને થયુ નથી," પરતુ જો અહિ લખેલી હકીકત આપણે માનીએ તો કૌરવ સભામા બેઠેલા દુર્યોધને સૌ સભાસદોની સમક્ષ જ કૃષ્ણનુ એ વિશ્વરૂપ દર્શન અર્જુનની પહેલા જ જોયલુ વળી ગીતામા કૃષ્ણે એમ પણ પણ કહ્યુ છે કે, "મનુષ્ય લોકમા તારા સિવાય વેદાધ્યયન, યજ્ઞાનુષ્ઠાન, દાન, ક્રિયા, લય અને અતિકઠોર તપસ્યા દ્વારા, કોઈ પણ મારૂ આવુ રૂપ જોઈ શકે તેવુ નથી" પરતુ હલકા કવિઓને હાથે એ વિશ્વરૂપ તો ગમે તે માણસ આ ઠેકાણે તો જોઈ શકે છે વળી ગીતામા છે કે "ઘણી અસાધારણ પ્રકારની ભક્તિ વડે જ મારા આ રૂપનુ જ્ઞાન થાય છે, મારૂ દર્શન કરી શકાય છે, મારામા પ્રવેશ કરી શકાય છે" પરતુ અહિ તો દુષ્કર્મી, પાપાત્મા, ભક્તિશૂન્ય શત્રુઓ પણ તે રૂપ જુએ છે

વગર કારણે મૂર્ખ પણ કાઈ કામ કરતો નથી, તો પછી જે પોતે જાતે જ વિશ્વરૂપ હોય તેનુ તો કહેવુ જ શુ? અહિ કૃષ્ણને વિશ્વરૂપ બતાવવાનો કાઈ સબબ જ હતો નહિ દુર્યોધન વગેરે બળજોરાવરીથી કૃષ્ણને પકડી રાખવા વિચાર કરતા હતા, પણ તે અમલમા મૂકાયો ન હતો, તેના પિતા તથા કાકાએ તેનો તિરસ્કાર કર્યો તેથી દુર્યોધન નિરુત્તર થઈ ગયો હતો, વળી જો બળજોરાવરી વાપરી હોત તો તેમા દુર્યોધનનુ કાઈ વળત નહિ, તે પણ કૃષ્ણ જાણતા હતા કારણ તે પોતે એટલા જોરાવર હતા કે માત્ર બળથી કોઈ તેમને પકડી રાખી શકે તેમ હતુ નહિ ધૃતરાષ્ટ્ર, વિદુર, અને કૃષ્ણ પોતે પણ તેવુ બોલી ગયા હતા કૃષ્ણ પોતે પોતાનુ રક્ષણ કરવા પોતાની શક્તિ ન વાપરે તો પણ સાત્યકી, કૃતવર્મા વગેરે બહાદૂર વૃષ્ણિવંશના લડવૈયા તેમની મદદમા તૈયાર હતા, તેમનુ લસ્કર પણ દરવાજે તૈયાર હતું, તેથી

માત્ર બળથી તો એ કામ પાર પડે એવો સંભવ હતો જ નહિ આવી સ્થિતિમા માત્ર બહુ ક્રોધી અથવા તો દાંભિક માણસ સિવાય બીજુ કોઈ પોતાના શત્રુને ભય દેખાડવા વિચાર કરે નહિ પણ જે કૃષ્ણ વિશ્વરૂપ હોય તે કૃષ્ણમા ક્રોધ અને દાંભિકતા હોય ખરા? માટે વિશ્વરૂપદર્શનની હકીકત કોઈ હલકા પ્રકારના કવિએ દાખલ કરી દીધી છે, એમ ગણી તેને છોડી દેવી જોઈએ.

સભામાથી ઉઠી કૃષ્ણ કુન્તીની પાસે ગયા, અને ત્યાથી ઉપપ્લવ્ય નગર જ્યા પાંડવો રહેતા હતા ત્યા પાછા ફર્યા, પણ થોડે સુધી કર્ણને પોતાની જોડે રથમા બેસાડી લીધો

કૃષ્ણને પકડી બાધી રાખવાની મસલત કરનારાઓમા એક કર્ણ પણ હતો, છતા કૃષ્ણ તેને પોતાની જોડે રથમા બેસાડી લઈ ગયા તેનુ શુ કારણ હશે તે હવેના પ્રકરણમા આપણે જોઇશુ એ હકીકતથી કૃષ્ણનુ ચરિત્ર વધારે ખીલેલુ-સ્પષ્ટ થયલુ જોવામા આવશે સામ અને દંડ એ બે બાબતમા કૃષ્ણની નીતિજ્ઞતા આપણે જોઈ છે, હવે ભેદનીતિમા પણ તે તેવા જ હુશીયાર આપણને દેખાશે, અને જોડે એ પણ દેખાશે કે તેમની દયા, લોકોનુ ભલુ કરવાની વૃત્તિ તથા બુદ્ધિ એ બધા અલૌકિક હતા

પ્રકરણ ૮મુ

કૃષ્ણ-કર્ણ સંવાદ

કૃષ્ણ પ્રાણી માત્ર ઉપર દયા રાખતા હતા આ મહાન યુદ્ધને લીધે જે અસંખ્ય પ્રાણીઓનો સંહાર થવાનો તેથી માત્ર એકલા કૃષ્ણને જ દુઃખ થતુ હતું બીજા કોઈ ક્ષત્રિયના મનને કશી પણ વ્યથા થતી નહતી વિરાટ નગરમા પણ જ્યારે પહેલવહેલી યુદ્ધની વાત થઈ, ત્યારે કૃષ્ણે તો તેની વિરૂદ્ધ જ મત આપેલો, અર્જુન જ્યારે તેને લઢાઈમા મદદ કરવા આમંત્રણ કરવા ગયા ત્યારે પોતે અસ્ત્ર ધારણ નહિ કરે, અને યુદ્ધમા ભાગ નહિ લે એવી પ્રતિજ્ઞા કરેલી, પરંતુ તેથી કાંઈ

લઢાઈ બંધ રહે એવુ લાગ્યુ નહિ ત્યારે, અને બીજો કાઈ ઉપાય ન દેખાયો ત્યારે, પોતે જાતે ધૃતરાષ્ટ્રની સભામા ગયા ત્યા પણ કાઈ વળ્યુ નહિ, પ્રાણીહત્યા અટકવાનો કાઈ પણ સભવ દેખાયો નહિ, તેથી રાજનીતિજ્ઞ કૃષ્ણે એ સઘળા લોકોને બચાવવા બીજો કાઈ રસ્તો શોધી કાઢવા મથન કરવા માડયુ

કર્ણ મહા વીરપુરૂષ હતો, તે અર્જુનની બરોબરીઓ રથી–રથમા બેસી યુદ્ધ કરનાર–ગણાતો હતો તેના જોર ઉપર દુર્યોધન કૂદતો હતો, અને તેના જ બળને લીધે ખરૂ જોતા મોટે ભાગે તે પાંડવો જોડે યુદ્ધ કરવા પણ તૈયાર થયો હતો કર્ણની મદદ ન મળે તો કદિ તે લઢાઈ કરે નહિ એવો મામલો હતો, અને જો પોતાના શત્રુઓને સહાય કરતો તે કર્ણને જુએ તો તો લઢાઈ કરતો જ અટકી જાય એવુ હતુ, માટે કોઈ રીતે તેવુ બની શકે તો તેમ કરવુ, એવા ઈરાદાથી કૃષ્ણ તેને પોતાના રથમા બેસાડી પોતાની જોડે લઈ ગયા કર્ણ જોડે એકાતમા વાત કરવાની ઘણી જરૂર હતી

કૃષ્ણનો આ ઇરાદો પાર પાડવામા બીજા કોઈને જે વાતની ખબર નહતી, તેવી એક વાતની કૃષ્ણને ખબર હતી, અને તેનો ઉપ-યોગ તે કરવા ધારતા હતા

અધિરથ નામના સારથિના પુત્ર તરીકે કર્ણ ઓળખાતો હતો, ખરૂ જોતા તે તેનો ખરો પુત્ર નહતો તેણે તો માત્ર કર્ણને પાળી-પોષીને ઉછેર્યો હતો, પણ તેની કર્ણને ખબર નહતી પોતાનો જન્મ-વૃત્તાત તે જાણતો નહતો સારથિની સ્ત્રી રાધાના ગર્ભથી તે જન્મેલો નહિ, કુન્તીને સૂર્યથી તેનો ગર્ભ રહેલો, પરતુ તે વખત કુન્તી પર-ણેલી નહતી, કન્યા હતી તેથી છોકરો જન્મતા તરત જ તેને પોતે તજી દીધેલો, તેથી તે ખરૂ જોતા તો તે યુધિષ્ઠિર વગેરેનો સહોદર–મોટો ભાઈ થાય, પણ કુન્તીના સિવાય એ વાતની કોઈને ખબર ન હતી, જો કે પોતાની અલૌકિક બુદ્ધિના પ્રભાવ વડે કૃષ્ણને એ વાતની કાઈક માહીતી હતી કુન્તી એમની ફોઈ થતી અને ભોજરાજના ઘરમા રહેતી હતી તે વખતે જ એ બનાવ બન્યો હતો, તેથી સ્વાભાવિક

રીતે મનુષ્યબુદ્ધિથી પણ કૃષ્ણને એ વાતની ખબર પડે તો તેમા અ-સભવિત કશુ નથી

એ વાત કૃષ્ણે પોતાની જોડે રથમા બેઠેલા કર્ણને કહી. તેમણે કહ્યુ કે,

"શાસ્ત્ર જાણનારાઓ એમ કહે છે કે જે પુરુષ કોઈ પણ કન્યાનુ પાણિગ્રહણ કરે તે જ તે કન્યાના વિવાહપૂર્વે* તથા વિવાહ પછી* થયલા પુત્રોનો પિતા થાય છે હે કર્ણ ! તુ પણ તારી માના કન્યાકાળ વખતે જન્મેલો છે, તેથી ધર્મત તુ પણ પાંડુનો પુત્ર કહેવાય, માટે ધર્મશાસ્ત્ર પ્રમાણે તુ રાજેશ્વર થઈ શકશે"

તેમણે કર્ણને સમજાવ્યુ કે તુ જ્યેષ્ટ-મોટો ભાઈ છે. તેથી રાજા થઈશ, બાકીના પાચ પાડવો તારા તાબેદાર થઈ રહેશે અને તારી સેવા-ચાકરી કરશે

કૃષ્ણની આ સલાહ બધાના ધર્મની વૃદ્ધિ કરનારી તથા હિત કરનારી હતી. પહેલવહેલા તો કર્ણનુ પોતાનુ જ હિત તેમા સમાયલુ હતુ, કારણ તે પ્રમાણે ચાલ્યાથી તે પોતે ગાદીપતિ થાય વળી તેને માટે તે ધર્માનુસાર પણ હતુ, કારણ તેથી તે પોતાના ભાઈઓ જોડે શત્રુભાવ છોડી દઈ મિત્રભાવ ધારણ કરે દુર્યોધનાદિનુ પણ તેથી પરમ ભલુ થાય તેમ હતુ, કારણ જો યુદ્ધ થાય તો તેનુ એકલુ રાજ્ય જાય તેમ ન હતુ, તેના આખા વશનો નાશ થવાનો સભવ હતો, યુદ્ધ ન થાય તો તે જીવતો રહે, રાજ્ય પણ તેની પાસે રહે, માત્ર પાંડવોનો ભાગ જ તેમને પાછો આપી દેવો પડે. વળી એમા પાંડવોના પણ હિત ને ધર્મ સમાયલા હતા. યુદ્ધ જેવુ અણગમતુ કામ ન કરતા, પોતાના સગાવહાલાઓનો વધ ન કરતા, પોતાનુ રાજ્ય કર્ણની જોડે રહી તેઓ ભોગવી શકે, અને તે બધા ઉપરાત એ સલાહની મોટામાં મોટી ધર્મ્યતા અને હિતકારિતા તો એ હતી કે તેથી અસખ્ય માણસો મરતા બચે.

---

* જે પુત્ર તેની માતાના વિવાહ વખતે તેના ગર્ભમા હોય ને વિવાહ પછી જન્મે તેને સહોઢ કહે છે, ને જેનો જન્મ તેની માતાના વિ-વાહપૂર્વે (કુમારી અવસ્થામા) થાય તેને કાનીન કહે છે શાસ્ત્રમા બાર જાતના પુત્ર ગણાવ્યા છે. ભા. ક

કર્ણે પણ કૃષ્ણની સલાહની ઉપયોગિતા કબૂલ કરી, તે પોતે પણ જાણતો હતો કે આ લડાઈમા દુર્યોધન વગેરે બચવાના નથી, પરતુ કૃષ્ણના કહેવા પ્રમાણે ચાલવાથી તે કેટલાએક બહુ મોટા અપરાધનો અપરાધી થાય એમ તેને લાગ્યુ અધિરથ અને રાધાએ તેને પાળેલો, તેમને ત્યા રહી સારથિના વશમા તે પરણેલો, અને તે સ્ત્રીથી તેને પુત્ર, પૌત્ર વગેરે થયલા તેમનો કોઈ રીતે પોતે ત્યાગ કરી શકે તેમ ન હતુ વળી તેર વરસ સુધી દુર્યોધનને આશ્રયે રહી તેણે રાજ્ય કરેલુ અને દુર્યોધન તેના પર પૂરેપૂરો વિશ્વાસ રાખતો હતો, તેથી જો હવે પોતે દુર્યોધનને છોડી પાંડવોના પક્ષમા ભરાય તો લોકો તેને કૃતઘ્ની, પાંડવો પાસેથી ઐશ્વર્ય મેળવવાનો લાલચુ, અથવા તેમના ભયથી બ્હીનો એવો કાયર પુરૂષ કહે. એટલા માટે કર્ણે કૃષ્ણની સલાહ પ્રમાણે ચાલવાની ના કહી

કૃષ્ણે તે સાભળી કહ્યુ "જ્યારે મારી વાત તારા મનમા નથી ઉતરતી, ત્યારે તો હવે નક્કી એમ જ સમજવુ કે આ વસુધરા–પૃથ્વીના સહારની દશા નજદિક આવી લાગી છે,"

ઘટે તેવો તેનો ઉત્તર આપી, કૃષ્ણને હેતથી ભેટી, મનમા ખેદ પામી કર્ણ ત્યાથી વિદાય થયો

કૃષ્ણનું ચરિત્ર સમજવા કર્ણચરિત્ર વિસ્તારથી અવલોકવાની જરૂર નથી, તેથી અત્રે તેમ કર્યું નથી, બાકી કર્ણનુ ચરિત્ર પણ બહુ મહત્તાવાળુ ને મનોહર છે

પ્રકરણ ૯ મું

ઉપસહાર

કૃષ્ણ ઉપપ્લવ્ય નગરમા પાછા ફર્યા એટલે યુધિષ્ઠિર વગેરેએ તેમને પૂછ્યુ કે તમે હસ્તિનાપુરમા શુ કરી આવ્યા તે કહો

કૃષ્ણે પોતે જે કર્યું હતુ અને બીજાઓએ તેમને જે કહ્યુ હતુ, તે બધુ તેમને કહી સભળાવ્યુ પરતુ આગળ જે જે રીતે તેનુ વર્ણન

થયુ છે તે, અને કૃષ્ણ અહિં જે કહે છે તે બિલકુલ એક બીજા જોડે મળતુ આવતુ નથી, કારણ જો તેમ મળતું જ આવતુ હોય તો બહુ મોટી પુનરૂક્તિ થાત, તેને તે જ વાત ફરી ફરી કહ્યાથી ગ્રથ મોટો થઈ જાત, તેથી મુશ્કેલીમાથી નીકળી નાસવા કોઈ મહાપુરૂષે નવી નવી બાબતો અદર દાખલ કરી દીધી લાગે છે

અહિં ભગવદ્યાનપર્વાધ્યાય સમાપ્ત થાય છે પછી સૈન્યનિર્વાણ-પર્વાધ્યાય આવે છે તેમા બહુ હકીકત નથી જો કે તેનો કેટલોક ભાગ અસલ છે, ને કેટલોક નવો છે, તો પણ કૃષ્ણ સબધે તેમા બહુ જ થોડી બાબત છે કૃષ્ણ અને અર્જુનના વિચાર પ્રમાણે પાંડવોએ ધૃષ્ટદ્યુમ્નને સેનાપતિનો ઓદ્ધો આપ્યો અને બળરામે દારૂ પીને આવી કૃષ્ણને થોડા મીઠામીઠા મર્મના વાક્ય કહી ઠપકો દીધો, કારણ તેને મન કૌરવ-પાંડવો સરખા ન હતા તે ઉપરાત કૌરવોની સભામા જે થયુ હતુ, તેની થોડી વાત સિવાય એ અધ્યાયમા બીજુ કાંઈ વધારે નથી.

આના પછી ઉલૂક દૂત રૂપે આવે છે તે પર્વાધ્યાય છે. એ તદ્દન જ માલ વગરનો છે, કારણ બને પક્ષ પરસ્પર ગાળાગાળી કરે છે તે સિવાય તેમા બીજુ કાંઈ નવલ વિશેષ નથી. દુર્યોધને શકુનિ વગેરેની સલાહથી પાંડવો તથા કૃષ્ણને માત્ર ગાળો દેવાની મતલબથી જ ઉલૂકને ત્યા મોકલ્યો હતો ઉલૂકે પણ આવી તે છએ જણને ખૂબ ગાળો દીધી પાંડવોએ તેને જવાબ પણ તેવા જ આપ્યા. કૃષ્ણ પોતે તો કાંઈ બહુ બોલ્યા નહિ, કારણ જેને ક્રોધ નહિ તેવા માણુસ ગાળાગાળી કરે નહિ, છતા બહુ બોલાચાલી ન થાય તેવા વિચારથી પાંડવો કાંઈ જવાબ આપે તે પહેલા તેમણે ઉલૂકને પાછો વિદાય કરી દેવા પ્રયત્ન કર્યો તેમણે કહ્યુ "તુ એકદમ પાછો જા, અને દુર્યોધનને કહે કે, પાંડવોએ તારો મોકલાવેલો સદેશો સાભળ્યો છે, ને તેનો યથાર્થ અર્થ પણ તેઓ સમજ્યા છે. માટે હવે તમને જેમ ઠીક લાગે તેમ કરો." તેણે કૃષ્ણ તથા અર્જુનને પણ ખૂબ ગાળો દીધી

પણ ઉલૂક(ઘુવડ)ની દુર્બુદ્ધિ ઉલૂક છોડે તેમ ન હતુ. તે પણ

દુર્યોધનનો ભાઈ હતો તેણે તો ફરી ગાળાગાળી કરવા માડી. પછી પાંડવોએ એક પછી એક તેને જવાબ આપતા વ્યાજ સાથે તેની મુડી પાછી આપી કૃષ્ણે પણ કહ્યુ "મે અર્જુનના સારથિ થવાની હા કહી છે, અને હું લડાઈમા ઉતરવાનો નથી, એમ મનમા ખાતરી હોવાથી તમે કોઈ હવે બ્હીતા નથી પણ જેમ અગ્નિ ઘાસ બાળી નાખે છે, તેમ આખર વખતે મારા ક્રોધના જોરે હુ બધા પાર્થિવગણ-નો સહાર કરીશ, એમ બેશક જાણજો."

મહાભારતના બનાવો જોડે ઉલૂકદૂતાગમનપર્વાધ્યાયને કશો સબધ નથી, વળી તેમા નથી તેવી નિપુણ રચના કે નથી તેવો ઉંચો કવિ-ત્વનો અશ, ઉલટુ કેટલીક જગ્યાએ મહાભારતમા કહેલી બીજી હકીક-તથી વિરૂદ્ધ હકીકત તેમા નજરે પડે છે અનુક્રમણિકાધ્યાયમા સજય તથા કૃષ્ણ દૂત તરીકે ગયલા તે વાત છે, ઉલૂકની નથી આ બધા કારણોને લીધે આદિ મહાભારતનો એ ભાગ નહિ, એમ જણાય છે

પછીના અધ્યાયોમા રથ, ઘોડા વગેરેની હકીકત છે કૃષ્ણને લગતુ કાઈ નથી અહિ ઉદ્યોગપર્વ પૂરૂ થાય છે

ખંડ ૬ ઠ્ઠો

કુરૂક્ષેત્ર

यो निषण्णो भवेद्रात्रौ दिवा भवति विष्ठितः ।
इष्टानिष्टस्य च द्रष्टा तस्मै द्रष्टात्मने नमः ॥

शान्तिपर्व, ४७ अध्यायः



ખંડ ૬ ઠ્ઠો

કુરૂક્ષેત્ર

પ્રકરણ ૧ લું

ભીષ્મનું યુદ્ધ

હવે મહાભારતનુ મોટુ યુદ્ધ શરૂ થાય છે. એ યુદ્ધની હકીકત ચાર પર્વોમા વર્ણવી છે, તે ચારેના નામ, દુર્યોધનના ચાર સેનાપતિઓના નામ ઉપરથી, ભીષ્મપર્વ, દ્રોણપર્વ, કર્ણપર્વ, અને શલ્યપર્વ રાખેલા છે

આ યુદ્ધપર્વો મહાભારતનો હલકામા હલકો ભાગ છે. પુનરૂક્તિ, અણગમો ઉપજાવે તેવા લાબા લાબા વર્ણન, અસ્વાભાવિકતા, અત્યુક્તિ, અસગતિ વગેરે ઘણા ઘણા દોષો તેમા નજરે પડે છે. એનો ઘણો જ થોડો ભાગ અસલ મહાભારતમા હશે, પણ તે કયો તે નક્કી કરવુ બહુ અઘરૂ છે જ્યા આખુ વન કાટાથી ભરેલુ હોય ત્યા ફૂલ વિણવા એ બહુ દુસાધ્ય છે, છતા એ ભાગમા જ્યા જ્યા કૃષ્ણને લગતુ કાંઈ કાંઈ કહેલુ હશે, ત્યા ત્યા આપણે તે અસલ છે કે નહિ તે નક્કી કરવા પ્રયત્ન કરીશુ.

ભીષ્મપર્વમા પહેલા અધ્યાય–જમ્બુખડ–વિનિર્માણપર્વાધ્યાય–ને અને એ યુદ્ધને–બલકે મહાભારતને પણ કશુ લાગતુવળગતું નથી. કૃષ્ણને વિષે પણ તેમા કશુ છે નહિ પછી ગીતાપર્વાધ્યાય આવે છે, તેના પહેલા ચોવીશ અધ્યાય છોડી પછી ગીતાની શરૂઆત થાય છે.

કૃષ્ણને માટે એ ચોવીશ અધ્યાયમા કાંઈ જીવ જેવુ કહેલુ નથી. કૃષ્ણે અર્જુનને સલાહ આપી હતી કે લઢાઈ શરૂ થતા પહેલા તારે દુર્ગા-સ્તવનો પાઠ કરી જવો, અને અર્જુને તેમ કર્યું કોઈ મહાન કામ આરભતા પહેલા દરેક માણુસ પોતાને જે દેવ પર આસ્થા હોય તેની સ્તુતિ કરી જાય છે, કારણુ એ પણુ એક રીતે ઈશ્વરની જ પ્રાર્થના છે

ત્યાર પછી ગીતા આવે છે કૃષ્ણુચરિત્રનો પ્રધાન અશ એમા જ છે. ગીતામા કહેલા અનુપમ પવિત્ર ધર્મનો પ્રચાર એ જ કૃષ્ણુના આદર્શ પુરૂષત્વ અથવા દેવત્વનો ખ્યાલ આપણુને આપે છે *

પછી ભીષ્મવધપર્વાધ્યાય આવે છે અહિથી યુદ્ધનો ખરેખરો આરભ થાય છે લઢાઈમા કૃષ્ણુ માત્ર અર્જુનના સારથિ હતા હવે એ સારથિઓનુ કામ કાંઈ બહુ અદેખાઈ કરવા લાયક હતુ નહિ, કારણુ તે વખતની લઢાઈઓનુ જે ખ્યાન મહાભારતમા આપેલુ છે તે ઉપરથી જણુાય છે કે જ્યારે રથમા બેસી બે યોદ્ધાઓ એક બીજા જોડે યુદ્ધ કરતા ત્યારે તેમની પહેલી નજર સારથિ તથા ઘોડાઓ ઉપર પડતી, અને જેમ બને તેમ પહેલુ તે બેનુ કાસળ કાઢવા તેઓ મથતા, કારણુ સા-રથિ કે ઘોડાનો નાશ થાય એટલે રથ ચાલતો અટકી પડે સારથિઓ કાંઈ લઢવૈયા હોય નહિ, તેથી તેઓ વગર દોષે, વગર લઢાઈએ માર્યા જતા કૃષ્ણુના નસીબમા પણુ એ જ સુખ ભોગવવાનું હતુ તે મરી તો ન ગયા, પણુ લઢાઈના અઢારે દહાડા ઘડીએ ઘડીએ તેમના ઉપર બાણો આવીને પડતા તેથી બહુ જખમી થતા બીજા સારથિઓ કાંઈ ક્ષત્રિયો હતા નહિ, તેઓ વૈશ્ય જાતિના હતા તેથી તેઓ પોતાનુ રક્ષણુ કરવા અસમર્થ હતા. કૃષ્ણુ પોતાનો બચાવ કરવા સમર્થ હતા, છતા પોતે લીધેલી પ્રતિજ્ઞાને લીધે બેઠા બેઠા માર ખાયા કરતા હતા.

છતા એક દિવસ તેમને અસ્ત્ર હાથમા લેવા પડયા હતા, જો કે તેનો ઉપયોગ તેમણે કર્યો ન હતો, કારણુ તેમ કરે તો તો પછી પોતાની

* બાબુ બકિમચદ્રે બે જૂદા જૂદા ગ્રથોમા—ધર્મતત્ત્વ અને શ્રીમદ્ભગવદ્ગીતા ઉપર બગાળીમા ટીકામા—એ વિષે પોતાનો મત સકારણુ બતાવ્યો છે, તેથી અહિ તે વિષે તેમણે કાઇ લખ્યુ નથી, છતા એ અભિપ્રાયનો ઇશારો આ પુસ્તકના આગલા ભાગમાં આવી ગયો છે.

પ્રતિજ્ઞા છોડી કહેવાય ભીષ્મ દુર્યોધનના સેનાપતિ તરીકે યુદ્ધમા ઉતર્યા હતા લઢાઇમા ને એટલા નિપુણ હતા કે પાંડવોના પક્ષમા અર્જુન સિવાય કોઈ તેમની સામુ ટક્કર ઝીલે તેવુ હતુ નહિ પણ ભીષ્મ અર્જુનના પિતામહને ઠેકાણે હતા ન્હાનપણમા બાપ વિનાના પાંડવોનુ તેમણે પાલણપોષણ કર્યું હતુ, એવા એવા કારણને લીધે અર્જુન પોતાની ખરેખરી શક્તિનો ઉપયોગ કરી તેમની સામુ ઉભો રહેતો નહતો. હાલ જો કે દુર્યોધનની તરફેણ લઈ નિરૂપાયે ભીષ્મ પાંડવોના શત્રુ તરીકે તેમનુ ભૂડુ કરવા તૈયાર થયા હતા, તેથી ધર્મની નજરે જોતા અર્જુને તેમનો વધ કરવો યોગ્ય હતો, છતા આગલી વાતો સભારી અર્જુન કોઈ પણ રીતે ભીષ્મને મારવા તૈયાર થતો ન હતો ભીષ્મની જોડે લઢાઈ કરવાની શરૂઆત કરતા જ અર્જુન જેમ તેમ ફાંફા મારતો. વખતે ભીષ્મ મારે હાથે મરાશે એવી લાગણીને લીધે તેનું મન બહુ સકોચ પામતુ આને લીધે ભીષ્મે, એ લાગ છોડવો નહિ એમ ધારી, પાંડવોની બહુ મોટી સેનાનો સહાર કરી નાખ્યો. આ જોઈ ભીષ્મનો વધ કરવાનો વિચાર કરી, કૃષ્ણે એક દિવસ પોતાના હાથમા ચક્ર લઈ, રથ ઉપરથી ઉતરી પડી, તેમના તરફ દોડવા માડ્યુ તે જોઈ કૃષ્ણના ભક્ત ભીષ્મ બહુ ખુશ થયા અને બોલ્યા —

एह्येहि देवेश जगन्निवास नमोऽस्तु ते शार्ङ्गगदासिपाणे ।
प्रसह्य मां पातय लोकनाथ रथोत्तमाद् भूतशरण्य संख्ये ॥

"આવો આવો, દેવેશ! જગન્નિવાસ! હે શાર્ઙ્ગગદાખડ્ગધારી! તમને હુ નમસ્કાર કરૂ છુ હે લોકોના નાથ! ભૂતોના શરણ્ય! યુદ્ધમા રથ ઉપરથી એકદમ મને નીચે નાખી દો!"

અર્જુન પણ કૃષ્ણની પાછળ દોડ્યો, અને તેમને પાછા વાળી કહ્યુ કે હુ હવે ભીષ્મ જોડે બરાબર યુદ્ધ કરીશ

આ બનાવનુ બ્યાન બે વખત આપવામા આવ્યુ છે, એક વખત યુદ્ધને ત્રીજે દિવસે અને બીજી વખત નવમે દિવસે શ્લોકો એકના એક જ છે, તેથી એમ લાગે છે કે લખનારની ભૂલથી યા જાણી જોઈને તે બે વાર લખાયા હશે સસ્કૃત ગ્રથોમા એવુ ઘણી વખત નજરે પડે છે.

એ શ્લોકની રચના વગેરે જોતા, એ મહાભારતના પહેલા થર-માથી જ હશે એમ લાગે છે કવિત્વ પહેલી શ્રેણિનુ, ભાવ અને ભાષા ઉદાર તથા જટિલતા (ગૂઢાર્થ–ગુચવણ) વિનાના છે, માટે જેટલે અંશે પહેલો સ્તર અસલ ગણાય તેટલો જ અંશે એ બનાવ પણ મૌલિક ગણાવો જોઇએ

આ ઉપરથી કૃષ્ણના ભક્તોએ અનેક વિચાર દોડાવ્યા છે. કેટલા-એકે તો આ પ્રતિજ્ઞાભગપરથી કૃષ્ણનુ માહાત્મ્ય સાબિત કર્યું છે. તેઓ કહે છે કે લઢાઈ થતા પહેલા ભીષ્મે કૃષ્ણની મુલાકાત લઈ કહેલુ કે જેમ તમે પ્રતિજ્ઞા લીધી છે કે મારે યુદ્ધમા હથીઆર ધારણ કરવા નહિ, તેમ મે પ્રતિજ્ઞા લીધી છે કે મારે તે ધારણ કરાવવા, આને લીધે ભક્તવત્સલ કૃષ્ણે પોતાની પ્રતિજ્ઞા તોડી પોતાના ભક્તની પ્રતિજ્ઞા પાળી

આમ કરવાનો કાંઈ સબબ જણાતો નથી ભીષ્મની આ પ્રતિજ્ઞા મૂળ મહાભારતમા જડતી નથી, તેમ કૃષ્ણની પ્રતિજ્ઞાનો કોઈ રીતે ભગ થયલો પણ જણાતો નથી. તેમની પ્રતિજ્ઞાનો મર્મ તે એ જ હતો કે હુ યુદ્ધ કરીશ નહિ દુર્યોધન અને અર્જુન બને એકે વખતે તેમની મદદ લેવા આવેલા, અને બંનેની સાથે સરખી રીતે ચાલવુ એવા વિચારને લીધે, તેમણે કહેલુ કે "મારા જ જેટલા બળવાળી મારી **નારાયણી** સેના એક જણ લો, અને એક જણ મને લો." **अयुध्यमान संग्रामे न्यस्तशस्त्रोऽहमेकतः** આટલી જ તેમની પ્રતિજ્ઞા હતી, અને તે પ્રતિજ્ઞા તૂટી નથી, કારણ કૃષ્ણે યુદ્ધ કર્યું નથી. ભીષ્મના સબંધમા જે આ બનાવ બનેલો તેની મતલબ માત્ર એટ-લી જ કે પોતાનુ પૂરેપૂરૂ બળ ન બતાવતો હતો એવા અર્જુનને તેમ કરવા માટે ઉત્તેજિત કરવો, અને સારથિઓ તેમ કરતા હતા તેમનો ઉદ્દેશ સફળ થયો તે પણ આપણે જોયુ

યુદ્ધના નવમા દિવસની રાતે પણ કૃષ્ણે એવો જ વિચાર દર્શા-વેલો ભીષ્મનો પરાજય ન થતો જોઈ યુધિષ્ઠિરે પોતાના ભાઇભાડુઓને બોલાવી, તેમનો વધ શી રીતે કરવો તે વિષે મસલત કરવા માડી કૃષ્ણે

કહ્યુ, મને રજા આપો તો હુ તેમને મારૂ, નહિ તો એ કામ અર્જુનને માથે નાખો, તે પણ તેમ કરવા સમર્થ છે

પરતુ યુધિષ્ઠિરે કૃષ્ણને હા કહી નહિ જો કૃષ્ણ ધારે તો ભીષ્મને મારી શકે એ વાત તેમણે કબૂલ કરી, છતા કહ્યુ કે, " મારી પોતાની મોટાઈ વધારવા માટે તમને હુ જુઠ્ઠા પાડવા ચાહાતો નથી તમારે તો લઢાઇમા ન ઉતરવુ પડે એવી રીતે અમને મદદ કરવી " અર્જુને સબધે તેમણે કાઈ કહ્યુ નહિ પછી કૃષ્ણની સમતિ લઈ, બીજા પાંડવો કૃષ્ણને માથે લઈ ભીષ્મનો વધ શી રીતે થાય તે તેમને પૂછવા ગયા

ભીષ્મે તેમને તે રસ્તો બતાવ્યો બહારથી જોતા ને જ રીતે તે કામ પાર પડયુ, પણ ખરી રીતે તેમ થયલુ નહિ. ખરૂ તો કૃષ્ણે કહ્યુ હતુ તેમ જ થયુ અર્જુને જ ભીષ્મને બાણના બીછાનાપર સુવાડયા ને રથપરથી નીચે પાડી નાખ્યા મૂળ મહાભારતમા સુધારો કરી કોઈ કવિએ શિખડી સબધી એક સગતિશૂન્ય, નિષ્પ્રયોજન, પણ મનોહર કથા તેમા ઘુસાડી દીધી છે, પણ કૃષ્ણની જોડે તેને કાઈ સબધ ન હોવાથી તેનુ અવલોકન અત્રે છોડી દીધુ છે.

પ્રકરણ ૨જું

જયદ્રથવધ

ભીષ્મની પછી સેનાપતિ દ્રોણાચાર્ય થયા એ પર્વની શરૂઆતમા કૃષ્ણ કાઈ બહુ કામ કરતા જણાતા નથી નિપુણ સારથિની માફક માત્ર પોતે સારથિપણુ જ કર્યા કરતા હતા. કુરૂક્ષેત્રના યુદ્ધના નેતા–મુખ્ય માણસ–કર્તાહર્તા એ જ હતા, એ હકીકત અહિ ખરી લાગતી નથી, વખતો વખત યુધિષ્ઠિરને અને અર્જુનને સદુપદેશ આપ્યા સિવાય બીજુ કાઈ કામ કરતા તે જણાતા નથી દ્રોણાભિષેકપર્વાધ્યાયના અગીઆરમા અધ્યાયમા સજયને મોઢે કૃષ્ણના બળનો મહિમા ગવાડયો છે, તેની જરૂર લા જણાતી નથી, તેથી એ અધ્યાય કાઈ અસલ

નહિ પણ નવો દાખલ થયલો હોવો જોઈએ કૃષ્ણના મહિમાનો મહાભારતમા અભાવ નથી કે તે ફરી વળી ત્યા કહેવાની જરૂર હોય. આપણે તેમનુ માનવચરિત્ર અવલોકીએ છીએ, માણસનુ ચરિત્ર તેના કામોપરથી દેખાય છે, તેથી આપણે તો તેમના માત્ર કામો જ જોઈશુ

ભગદત્તના વધસમયે પહેલવહેલુ એ પર્વમા કૃષ્ણ કાઈ કામ કરે છે ભગદત્ત બહુ જબરો યોદ્ધો હતો. પાંડવોમાથી કોઈ તેની સામે લઢાઈમા ઉતરી શકયુ નહિ, તેથી છેવટે અર્જુને તેની જોડે યુદ્ધ કરવા માડયુ ભગદત્તે જોયુ કે તેની જોડે લઢવાની મારામા શક્તિ નથી, તે ઉપરથી તેણે તેના ઉપર વૈષ્ણવાસ્ત્ર નામનુ એક બાણ ફેકયુ તે બાણ પાછુ વાળવા શુ અર્જુન કે શુ કોઈ બીજુ સમર્થ નહતુ, તેથી કૃષ્ણે અર્જુનની આડા ઉભા રહી તેને ઢાકી તે અસ્ત્ર પોતાની છાતી ઉપર ઝીલી લીધુ ત્યા પડતા તે બાણ વૈજયતી માળા જેવુ શોભવા લાગ્યુ

આ અસ્ત્રની વાત અનૈસર્ગિક, ન બને તેવી છે, તેથી તે માનવા માટે વાચકને આગ્રહ નથી અને એવી વાતો ઉપર સત્યનો પાયો રચાય નહિ, માટે આ વાત માનવા જેવી જ નથી

દ્રોણપર્વમા ખરેખરો કૃષ્ણનો હાથ તો અભિમન્યુના મરાયા પછી દેખાય છે જે દિવસે ચક્રવ્યૂહમા સાત મહારથિઓએ ભેગા થઈ અન્યાયપૂર્વક અભિમન્યુનો વધ કર્યો તે દિવસે કૃષ્ણ અને અર્જુન તે રણક્ષેત્ર ઉપર હતા નહિ તેઓ કૃષ્ણની નારાયણી સેના—જે કૃષ્ણે દુર્યોધનને આપી હતી તેની જોડે યુદ્ધ કરવા ગયા હતા

લઢાઈ પૂરી કરી સધ્યાકાળે છાવણીમા પાછા ફરતા તેઓએ અભિમન્યુ પડયાના સમાચાર સાભળ્યા પોતાના પુત્ર અને કૃષ્ણના ભાણેજ અભિમન્યુની માઠી ખબર સાભળી, અર્જુન મોટા શોકસાગરમા ડૂબી ગયો યોગીશ્વર કૃષ્ણ પોતે શોકમોહશૂન્ય હતા, તેથી તેમણે અર્જુનને દિલાસો આપવો એ જ પોતાની પહેલી ફરજ ધારી જે જે વચન કહી તેમણે અર્જુનના મનની સાત્વના કરી છે, તે તેમને પૂરેપૂરા છાજતા છે ગીતામા જે ધર્મ વર્ણવ્યો છે, તે ધર્મ પ્રમાણેના મહાવાકયો દ્વારા

મણે અર્જુનની દિલગીરી શમાવી યુધિષ્ઠિરને ઋષિઓએ એવો ઉપ-
શ આપેલો કે, આ દુનીઆમા બધુ જ નાશવત છે, પણ કૃષ્ણે તેવુ
। કહેતા, ઉલટુ એમ કહ્યુ કે,

"યુદ્ધ જેનુ ઉપજીવન છે એવા ક્ષત્રિયોનો તો એ જ રસ્તો છે.
યુદ્ધ કરતાં કરતાં મરવું તે જ ક્ષત્રિયોનો સનાતન ધર્મ છે."

પોતાની બહેન સુભદ્રા-અભિમન્યુની માને પણ કૃષ્ણે એ જ
પદેશ આપ્યો —

"સારા ખાનદાનના, ધૈર્યશાલી ક્ષત્રિયને જે રૂપે મરવુ ઘટે છે
। જ રૂપે તારો પુત્ર મુવો છે, તેથી શોક કરવાની જરૂર નથી મહારથી,
ીર, અને પોતાના બાપના જેટલો જ પરાક્રમી અભિમન્યુ સુદૈવથી
ાદ્ધાઓ જેવી રીતે મરવા ઇચ્છે તેવી રીતે મુવો છે બળવાન અ-
મમન્યુ મોટા મોટા શત્રુઓનો સહાર કરી માત્ર પુણ્યથી જ મળે એવા
ર્વકામપ્રદ સ્વર્ગમા ગયો છે સાધુઓ, તપસ્યા અને બ્રહ્મચર્ય, શાસ્ત્ર
મને પ્રજ્ઞા વડે પોતાની જેવી ગતિ થવા ચાહે છે, તેવી જ ગતિ તારા
ત્રની થઈ છે હે સુભદ્રા ! તુ વીર પુરૂષની માતા છે, વીર પુરૂષની પત્ની
', વીર પુરૂષની પુત્રી છે, અને વીર પુરૂષોની બહેન છે, તેથી તારા પુત્રને
ાટે શોક કરવો તને ઉચિત નથી"

આણી તરફ પોતાના પુત્રના શોકથી બહુ ક્રોધમા આવી જઈ
મર્જુને એક જબરી પ્રતિજ્ઞા લીધી બધી હકીકત સાભળવાથી તેને
ામ લાગેલુ કે અભિમન્યુના વધનુ મુખ્ય કારણ જયદ્રથ છે, તેથી
હુ આકરા શપથ લઈ તેણે પ્રતિજ્ઞા કરી કે બીજે દિવસે સૂર્યાસ્ત
હેલા પોતે જયદ્રથનો વધ કરશે, જો તેમ નહિ થાય તો અગ્નિમા
ડી પોતે પોતાનો પ્રાણ તજશે.

એ વાતની ખબર પડતા બંને છાવણીઓમા બહુ હાહાકાર થઈ
ગો પાંડવસૈન્યે બહુ કોલાહલ કરી મૂક્યો, વાજા વગાડનારાઓ ખૂબ
જા વગાડવા મડી ગયા, તેથી કૌરવો બહુ ચમકી ગયા, અને તેના
રણની ખબર કઢાવતા અર્જુનની પ્રતિજ્ઞાની વાત સાભળી જયદ્રથનુ
ક્ષણ કરવાનો બદોબસ્ત કરવા તેઓ મડી ગયા.

કૃષ્ણે પણ જોયુ કે પ્રસગ બહુ વિષમ આવી પડયો છે, અર્જુને બહુ વિચાર ન કરતા મહાન કઠણ પ્રતિજ્ઞા લીધી છે, તે પાર પડવી બહુ મુશ્કેલ છે જયદ્રથ પોતે મહારથી છે, સિધુ સૌવીર દેશનો રાજા, અસખ્ય મોટા સૈન્યનો અગ્રેસર અને દુર્યોધનનો બનેવી થાય છે, તેથી કૌરવના પક્ષમાના અપરાજેય–નહિ જિતાય તેવા યોદ્ધાઓ સઘળા તેને પડખે ઉભા રહેવા તૈયાર થશે પાંડવના પક્ષના સઘળા લઢવૈયાઓ, તેથી ઉલટા–અભિમન્યુના શોકને લીધે વિહ્વળ થઈ ગયા છે, તેથી કોઈ પણ જાતની સલાહ આપી શકે તેવી સ્થિતિમા તેઓ નથી તેથી કૃષ્ણે પોતે જ એ કામમા આગળ પડતો ભાગ લેવાનુ નક્કી કર્યું તેમણે કૌરવની છાવણીમા છૂપા જાસૂસો મોકલી ત્યાની વાત જાણી લીધી, કે કૌરવોને અર્જુનની પ્રતિજ્ઞાની ખબર પડી છે, વ્યૂહ-રચના દ્રોણ કરવાના છે, અને તેની પાછળ કર્ણ વગેરે સમસ્ત કૌરવોના બહાદૂર લઢવૈયાઓ ઉભા રહી જયદ્રથનુ રક્ષણ કરવાના છે અદર ન જઈ શકાય એવા અભેદ્ય વ્યૂહને ભેદી, એકસામટા એ બધા લઢવૈયાઓને હરાવી, મહાવીર જયદ્રથને મારવો, એ અર્જુનથી ન બની શકે એવુ તેમને લાગ્યુ, અને જો અર્જુનથી જયદ્રથને મરાય નહિ, તો અર્જુન પોતે મરશે એ પણ નક્કી હતુ

હવે પોતાને આ વખતે શુ કરવુ તે બાબતનો વિચાર કરી, કૃષ્ણે પોતાના સારથિ દારૂકને બોલાવી હુકમ કર્યો કે કાલે મારો પોતાનો રથ, ઉચી તોખમના ઘોડા જોડી, તેમા હથીઆર વગેરે ગોઠવી, તૈયાર રાખવો. તેમનો ઇરાદો એવો હતો કે જો એક દિવસમા અર્જુન વ્યૂહને ભેદી અદર જઈ સઘળા વીરગણોને હરાવી ન શકે તો પછી મારે પોતે જ જાતે યુદ્ધ કરી, કૌરવના અગ્રેસરોને મારી નાખી, જયદ્રથને મારવાનો રસ્તો ખુલ્લો કરી આપવો

પણ કૃષ્ણને પોતાનો ઇરાદો અમલમા મૂકવાનો પ્રસગ જ આવ્યો નહિ, કારણ અર્જુને પોતે જ પોતાની બહાદૂરીથી પોતાની પ્રતિજ્ઞા પાળી પરતુ હવે આપણે વિચાર એ કરવાનો છે કે જો કૃષ્ણને યુદ્ધ કરવુ પડયુ હોત તો **अयुध्यमान: संग्रामे न्यस्तशस्त्रोऽहमेकत:**

એ પ્રતિજ્ઞા છોડવી પડત કે કેમ ? ખરૂ જોતા એ વચન ભગ ન થાત, કારણુ જે યુદ્ધમા ન ઉતરવાની પોતે પ્રતિજ્ઞા લીધી હતી તે યુદ્ધ આ ન હતુ, કૌરવપાંડવને રાજ્ય માટે જે યુદ્ધ થતું હતુ તે યુદ્ધ આ ન હતુ એ તો માત્ર **અર્જુનની** પ્રતિજ્ઞાને લીધે ઉપસ્થિત થયલી એક લઢાઇ હતી એ લઢાઈની મતલબ જૂદી હતી, એક તરફ **અર્જુનનો** જીવ અને બીજી તરફ જયદ્રથનો જીવ, તેને સબધે એ યુદ્ધ હતુ યુદ્ધમા જો **અર્જુન** હાર્યો હોત તો તે અગ્નિમા પડી બળી મરી આત્મહત્યા કરત. પ્રથમ ઉપસ્થિત થયલુ એ યુદ્ધ નહિ, તેથી "**अयुध्यमान सग्रामे**" વગેરે પ્રતિજ્ઞા એને લાગુ પડે નહિ **અર્જુન** કૃષ્ણનો મિત્ર, શિષ્ય અને બનેવી થતો હતો તેથી તેને આત્મહત્યા કરતો અટકાવવો, એ તેમની ફરજ હતી.

આના પછી કૃષ્ણ અને બીજા સઘળાઓ ઉંઘી જાય છે, અને ઉંઘમા સ્વપ્ન જુએ છે, એવી રીતના કેટલાક ગપ્પા આવે છે સ્વપ્નમા કૃષ્ણ **અર્જુનની** પાસે આવે છે, બને રાત્રે **હિમાલયપર** જઈ **મહાદેવની** ઉપાસના કરે છે, અને જે **પાશુપત** અસ્ત્ર માત્ર **અર્જુનને પહેલા** (એટલે વનવાસમા) મળેલુ હતુ તે જ પાછુ ફરી માગે છે ને મેળવે છે એ બધુ ખોટુ હોવાથી તેના ઉપર ધ્યાન આપવાની જરૂર નથી

બીજે દિવસે **સૂર્યના** આથમતા પહેલા **અર્જુને** જયદ્રથને માર્યો, તે કામમા કૃષ્ણને કાંઈ **અર્જુનને** મદદ કરવી પડેલી નહિ, છતા એવી વાત ચાલે છે કે કૃષ્ણે બપોર પછી માયા દ્વારા સૂર્યને ઢાકી દીધો, અને જયદ્રથના મરાયા પછી પાછો તેનો પ્રકાશ પડવા દીધો. આમ કરવાનુ કારણુ સૂર્યાસ્ત થઈ ગયો અને **અર્જુનની** પ્રતિજ્ઞા તૂટી એમ ધારી જયદ્રથ તેની સામુ આવે, પરતુ એવી ભ્રાંતિનો ભોગ થઈ પડી, જયદ્રથ અને તેના રક્ષકો એકદમ આનદમા આવી જાય, એમ બતાવાય છે. ખરૂ જોતા અહિ અસલ થરના ઉપર એક બીજો થર ચઢાવી દેવામા આવ્યો છે, એમ ખુલ્લુ દેખાઈ આવે છે એક રીતે વિચાર કરતા જણાય છે કે એવી રીતની ઠગાઈ કરવાની બિલકુલ જરૂર હતી નહિ, કારણુ એ પ્રમાણે **સૂર્યના** ઢકાઈ જવા પહેલા પણુ **અર્જુને** જયદ્રથને જોયો

હતો, તેણે જયદ્રથના ઉપર પ્રહાર કરવા માંડયા હતા અને જયદ્રથે પણ તેના ઉપર સામા પ્રહાર કરવા શરૂ કર્યા હતા, અને સૂર્યના ઢંકાઈ જવા પછી પણ તે વ્યાપાર તો ચાલુ જ રહ્યો તે પહેલા અર્જુનને જે કરવાનુ હતુ તે તે વખતે પણ તેને કરવાનુ બાકી જ રહ્યું હતુ, કારણ જ્યા સુધી બધા કૌરવ યોદ્ધાઓને તે મારી નાખે નહિ ત્યા સુધી જયદ્રથને અર્જુન મારી શકે નહિ, માટે એ કામ તો તેને માથે ઉભુ જ હતુ બીજી તરફ એ બધી હકીકત જોડે બધ ન બેસે તેવો સૂર્યને ઢાકી નાખનાર યોગમાયાનો વિકાસ નજરે પડે છે, તેનુ એટલે એ ભ્રાતિ ઉભી કરવાનુ કારણ હવે પછીના પ્રકરણપરથી સમજાશે

પ્રકરણ ૨જું

બીજા થરનો રચનાર કવિ

અત્યાર સુધી આપણો રસ્તો સરળ હતો, તેથી વગર મુશ્કેલીએ તે આપણે કાપી શક્યા પરતુ હવેથી મોટી ગુચવણ શરૂ થાય છે મહાભારત એક દરીઓ છે, છતા અહિ સુધી તેના સ્થિર પાણી ઉપર કોમળ, મધુર શબ્દો સાભળતા સાભળતા સુખે મુસાફરી કરી આપણુ વહાણ આપણે લઈ આવ્યા છીએ પણ હવે તોફાની પવનથી ઉછળતા મોજાને લીધે આપણે ઉંચે ઉછળવુ ને નીચે પડવુ પડશે, કારણ હવે આપણે મુખ્ય કરીને મહાભારતનો બીજો થર ચણનાર કારીગર કવિના હાથમા આવી પડયા છીએ તેને હાથે કૃષ્ણચરિત્રનુ રૂપ જ બધુ ફેરવાઈ ગયુ છે જે ઉદાર હતુ તે હવે સાકડુ ને નાનુ થઈ જાય છે, જે સરળ હતુ તે હવે કૌશલ્યભરેલુ કુટિલ થઈ પડે છે, જે સત્યમય હતુ તે હવે અસત્ય અને ઠગાઈની ખાણ થઈ જાય છે, જેના ઉપર ન્યાય ને ધર્મ બને દીપી નીકળતા હતા તે હવે અન્યાય અને અધર્મના ડાઘથી કલુષિત થઈ જાય છે, એ કવિના હાથમા કૃષ્ણચરિત્ર આવો વિકાર પામે છે

પણ આમ થવાનુ કારણ શુ હશે ? એ ભાગ રચનાર કવિ કાઈ જેવો તેવો ન હતો, કારણ તેનુ સૃષ્ટિકૌશલ્ય પણ બહુ જાજવલ્યમાન છે તે ધર્માધર્મના જ્ઞાન વગરનો ન હતો, છતા તેણે કૃષ્ણની એવી દશા કેમ આણી દીધી હશે ? એ પ્રશ્નના ખુલાસામા એક ગૂઢ તાત્પર્ય રહેલુ છે

આપણે વારવાર જોયુ છે ને ફરી પણ જોઈશુ કે પ્રથમ અશ રચનાર કવિને હાથે કૃષ્ણનો ઈશ્વરાવતાર લેશમાત્ર પણ પરિસ્ફુટ—ખુલ્લો થયો નથી, તેમ કૃષ્ણને પોતાને મોઢેથી તો એ વાત નીકળી જ નથી, ફરી ફરીને તેઓ પોતે તો પોતાના મનુષ્ય તરીકેના જ ગુણ, ધર્મ ને સ્વભાવનો પરિચય કરાવે છે, અને માણસની શક્તિ વડે થાય તે જ કામો કરે છે કવિએ પણ તેમને તે જ ભાવથી વર્ણવ્યા છે પ્રથમ સ્તર વાચતા એવો સદેહ પણ થઈ આવે છે કે જ્યારે તે રચાયલો ત્યારે કૃષ્ણનો ઈશ્વરાવતાર સર્વ લોકોમા સ્વીકાર પામેલો જ નહિ હોય તેમના પોતાના મનમા પણ બધી વખતે એ ભાવ હશે નહિ ખરી વાત એ છે કે મહાભારતનો પહેલો થર તે સમયના લોકોમા ચાલતી વાયકા—વાતોનો કવિની કલમથી અલકાર વડે શોભાયમાન કરેલો સગ્રહ છે પણ જ્યારે બીજો થર રચાયલો ત્યારે એમ લાગે છે કે કૃષ્ણનુ ઈશ્વરત્વ બધે મનાતુ હશે, અને તેથી તે સ્તરના કવિએ તેમને ઈશ્વરાવતાર રૂપે જ સ્થાપિત કરેલા—ઠરાવેલા તેની કવિતામા કૃષ્ણ પોતે પોતાને ઘણી વખત ઈશ્વર તરીકે ઓળખાવે છે, અને ઈશ્વરી શક્તિ વડે કામકાજ કરે છે, છતા ઈશ્વર પુણ્યમય છે, એવી તે કવિને ખબર હતી, તેથી કૃષ્ણના ચરિત્રનુ એક અમુક તત્ત્વ પરિસ્ફુટ કરવામા એ બહુ ગુચવાઈ ગયલો લાગે છે યૂરોપીઅનો પણ તે બાબતમા તેવા જ ગુચવાઈ પડયા છે તેઓ કહે છે કે ઈશ્વર દયામય છે, માત્ર કરૂણા—દયા ખાતર જ તેણે જીવોને પેદા કર્યા છે, એ જીવોનુ—પ્રાણીઓનુ—મગળ કરવુ, ભલુ કરવુ—એ જ તેની કામના છે, અને જ્યારે એમ જ છે, ત્યારે પૃથ્વી ઉપર દુખ શા માટે જોવામા આવે છે ? તે પોતે પુણ્યમય છે, પુણ્ય તેને વહાલુ છે, તો પછી પૃથ્વી ઉપર પાપ આવ્યુ ક્યાથી ? આ

તત્ત્વની મીમાંસા ખ્રીસ્તીઓને બહુ અઘરી થઈ પડી છે હિન્દુઓ પાસે ખુલાસો સહજ છે, કારણ હિન્દુઓના અભિપ્રાય પ્રમાણે ઈશ્વર જ જગત્ છે, તે પોતે સુખદુઃખ પાપપુણ્યથી વિરક્ત છે, આપણે જેને સુખદુઃખ કહીએ છીએ તે તેની પાસે સુખદુઃખ નથી, જેને આપણે પાપપુણ્ય કહીએ છીએ તેને તે પાપપુણ્ય ગણતો નથી, માત્ર લીલાને ખાતર જ તેણે આ જગત્ સરજાવ્યુ છે, જગત્ તેનાથી જૂદુ નથી, તેનો જ એક અંશ-ભાગ છે પોતાની સત્તાને માત્ર અવિદ્યાના ઢાંકણથી ઢાંકી દીધેલી હોવાથી તે સુખદુઃખ, પાપપુણ્યનો આધાર થયો છે, અને તેથી સુખ-દુઃખ પાપપુણ્ય તેની માયાને લીધે જ જન્મેલા છે, તેનાથી જ સુખ-દુઃખ ને પાપપુણ્ય કે દુઃખ ભોગવીએ છીએ તે પણ તેની માયા છે, પાપ કરીએ છીએ, તે પણ એની જ માયા છે કૃષ્ણને હાથે પીડા પામતા કાળીનાગને મોઢે વિષ્ણુપુરાણમા કવિએ કહેવડાવ્યુ છે કે —

यथाहं भवता सृष्टो जात्या रूपेण चेश्वर ।
स्वभावेन च सयुक्तस्तथेदं चेष्टितं मम ॥

"તમે જ મને સર્પની જાતિ આપી છે, અને તેથી જ હુ હિંસા કરૂ છુ "

પ્રહ્લાદ વિષ્ણુની સ્તુતિ કરતા કરતા કહે છે —

विद्याविद्ये भवान् सत्यमसत्य त्वं विषामृते ॥
(विष्णुपुराण ॥ १ अंश, १९ अध्याय.)

તમે જ વિદ્યા, તમે જ અવિદ્યા, તમે જ સત્ય, તમે જ અસત્ય, તમે જ ઝેર, તમે જ અમૃત છો "

તેના સિવાયનુ, તેનાથી ભિન્ન જગત્મા કશુ જ નથી ધર્મ, અધર્મ, જ્ઞાન, અજ્ઞાન, સત્ય, અસત્ય, ન્યાય, અન્યાય, સદ્બુદ્ધિ, દુર્બુદ્ધિ, એ બધુ જ તેના વડે છે ગીતામા પોતે જ કહે છે કે —

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान् विद्धि न त्वहं तेषु ते मयि ॥७।१२॥

'સાત્ત્વિક ભાવ રાજસ કે તામસ, બધુ મારાથી જ છે એમ જાણવુ હુ તેને વશ નથી તે સૌ મારે વશ છે "

ભીષ્મ શાન્તિપર્વમા જ્યા કૃષ્ણની **सत्यात्मने नमः। धर्मात्मने**

नम। વગેરે કહી સ્તુતિ કરે છે, ત્યા જ **कामात्मने नमः। घोरात्मने नम**। **क्रौर्यात्मने नमः। कुप्त्यात्मने नम**। વગેરે શબ્દો વડે પણ તેને નમસ્કાર કરે છે અને છેવટ કહે છે કે **सर्वात्मने नम**। અસલ હિન્દુ શાસ્ત્રમાથી જો એવા વાકયોના ઉતારા કરીએ તો પાનાના પાના ભરાઈ જાય.

આ પ્રમાણે હોવાથી દુનીઆમાના માણુસને એક મહાન વાત સમજાવી શકાય છે દુ ખ જગદીશ્વરના તરફથી આવે છે, તેના વિના તેનુ કાઈ બીજુ કારણુ નથી, તેથી જે લોકો પાપ કરે છે, અને તેટલા માટે જે લોકો તેમની નિંદા કરે છે, યા તેમને શિક્ષાને પાત્ર ગણે છે, તેમને આપણે કહી શકીએ કે એમની પાપબુદ્ધિ જગદીશ્વરે પ્રેરી છે, તેથી તેની સજાનો વિચાર કરનાર તે છે, તમે કોણ?

આ બીજા ભાગનો કવિ એ તત્ત્વ એવી રીતે સમજ્યો લાગે છે, કારણુ તેની કૃતિમા વચમા વચમા તે તરી આવે છે આપણા સમયના લેખકોની માફક શ્રેષ્ઠ કવિએ, પોતાના લેખની પૂર્વે પ્રસ્તાવના રચી, તેમા પોતાના કાવ્યની મતલબ કહી ગયલા નથી તેમના લખવાનો મર્મ યત્ન કરી શોધી કાઢવો પડે છે શેકસપીઅરના એક એક નાટકનો મર્માર્થ સમજવા કેટલા વિદ્વાનોએ વિચાર કર્યા છે, કેટલાએ પુસ્તકો લખ્યા છે, ને તે સમજવા આપણે કેટલી મહેનત લઈએ છીએ? છતા આપણા આ અપૂર્વ મહાભારત ગ્રથના એક અધ્યાયનો મર્મ સમજવા એક કલાકની પણુ આપણે તસ્દી લેતા નથી, અને કોઈ સમજાવે તો સમજવાની ઇચ્છા પણુ બતાવતા નથી.

ઈશ્વર પોતે સર્વ છે, ઈશ્વરમાથી જ સમસ્ત સરજાયુ છે, તેના વડે જ જ્ઞાન, તેને લીધે જ જ્ઞાનનો અભાવ યા ભ્રાંતિ, તેને લીધે જ સારી યા નરસી બુદ્ધિ, તેને લીધે જ અસત્ય, તેને લીધે ન્યાય, તેને લીધે અન્યાય, મનુષ્યજીવનના પ્રધાન ઉપાદાન જે જ્ઞાન ને બુદ્ધિ, સત્ય ને ન્યાય, અને તેને અભાવે, ભ્રાન્તિ, દુર્બુદ્ધિ, અસત્ય ને અન્યાય, એ સઘળા ઈશ્વરપ્રેરિત છે જ્ઞાન, બુદ્ધિ, સત્ય ને ન્યાય, તેને લીધે જ છે, એ સમજાવવાની જરૂર નથી, કારણુ હિન્દુઓ પાસે તે વાત સ્વત સિદ્ધ, પોતાની મેળે જ સાબિત થયલી છે પરતુ ભ્રાન્તિ, દુર્બુદ્ધિ, વગેરે પણુ તેને જ લીધે છે, એ વાત માણુસના મનમા ઉતારવાની જરૂર છે- ખાસ

કરીને મહાભારતના એ ભાગ લખનાર કવિનો એવો અભિપ્રાય હોવો જોઇએ, એમ લાગે છે હાલના ખગોળવેત્તાઓ કહે છે કે ચન્દ્રનો એક જ ભાગ આપણે હમ્મેશા જોઇ શકીએ છીએ, તેનો બીજો-પૃષ્ઠ ભાગ-પીઠ આપણે કદિ જોતા નથી એ કવિ જગદ્રહસ્યની તે નહિ દેખાતી પીઠ આપણને બતાવવા માગે છે જયદ્રથવધવખતે તે બતાવે છે કે ભ્રાન્તિ તે માત્ર ઇશ્વરપ્રેરિત જ છે, અને ઘટોત્કચવધવખતે પણ એ જ રીતે બતાવે છે કે દુર્બુદ્ધિને પણ ઇશ્વર જ પ્રેરે છે દ્રોણવધવખતે દેખાડે છે કે અસત્ય પણ ઇશ્વરને લીધે જ છે, દુર્યોધનવધવખતે કહે છે કે અન્યાયની પ્રેરણા પણ તે જ કરે છે. વળી એક બીજી પણ વાત તે કહે છે બાહુબળ પાસે જ્ઞાનબળ, બુદ્ધિબળ, સત્યબળ, ન્યાયબળ, કાંઈ જ નથી રાજ ચલાવવામા મુખ્ય જરૂર બાહુબળની પડે છે, ને તે જ પ્રાધાન્ય ભોગવે છે ખરૂ જોતા મહાભારત રાજનૈતિક કાવ્ય અર્થાત્ ઐતિહાસિક કાવ્ય (Political Epic) છે, કારણ ઇતિહાસના બનાવો ઉપર એ કાવ્ય રચાયુ છે, તેથી એ કાવ્યમા બાહુબળની યોગ્ય જગ્યા જ્ઞાન અને બુદ્ધિની ઉપર છે એ કવિએ ધાર્યું હશે કે કેવળ જ્ઞાન, ભ્રાન્તિ, બુદ્ધિ, દુર્બુદ્ધિ, સત્યાસત્ય, ન્યાયાન્યાય, ઇશ્વરના હુકમને આધીન છે, એટલુ કહેવાથી રાજનીતિનુ તત્ત્વ સપૂર્ણ થતુ નથી, કારણ બાહુબળ અને બાહુબળનો અભાવ પણ તેમા જરૂરના છે અને એ વિચાર સ્પષ્ટ રીતે દેખાડવા માટે જ તેણે માસલપર્વ રચ્યુ લાગે છે, કારણ તેમા કૃષ્ણની ગેરહાજરીને લીધે ખુદ અર્જુન પણ હથીઆર વગરના દકુભીઆ ગામડીઆઓને હાથે હારી ગયલો તેણે દેખાડયો છે

જેને અહિ ઇશ્વરી નિયોગ-હુકમ કહ્યો છે, જેને એ કવિ ઇશ્વરપ્રેરણા કહે છે, તેની જગ્યાએ યૂરોપીઅનો Law(કાયદા, નિયમ) ને મૂકે છે એ "Law" ને એ કવિની બુદ્ધિમા કાંઈ સ્થાન મળેલુ કે નહિ તે કહી શકાતુ નથી છતા એટલુ તો કહેવાય કે જે Law ની પણ પર છે, જેના વડે Law હસ્તીમા આવે છે તે તત્ત્વ ને સારી રીતે સમજતો હતો, કારણ તે તો એમ જ કહે છે કે બધુ જ ઇશ્વરેચ્છાથી થાય છે કૃષ્ણને કર્મક્ષેત્રમા ઉતારી એ કવિ ઇશ્વરેચ્છા મનાવવાનો જ પ્રયત્ન કરે છે

પ્રકરણ ૪ થુ

ઘટોત્કચવધ

જયદ્રથના વધ સબધે કૃષ્ણને વિષે એક વિશેષ અસ્વાભાવિક વાત કહેવાય છે અર્જુને જયદ્રથનુ માથુ કાપી નાખવા માડતા કૃષ્ણે તેને એક ઉપદેશ આપ્યો, કે એના બાપે પોતાના છોકરા માટે તપસ્યા કરી એવુ વરદાન માગી લીધુ છે કે જે માણસ જયદ્રથનુ માથુ જમીન ઉપર ફેકે તેના પોતાના માથાના વિધાઈ હજારો કડકા થઈ જાય, માટે તુ એનુ માથુ જમીન ઉપર ફેકતો નહિ, પણ બાણ વડે એનુ માથુ એવી રીતે ઉડાવી દેજે કે જ્યા એનો બાપ સધ્યા વગેરે કરવા બેઠો છે, ત્યા જઈ તેના ખોળામા પડે અર્જુને તેમ કર્યું બુઢ્ઢો સધ્યા કરીને ઉઠ્યો કે તરત જ તે માથુ તેના ખોળા ઉપરથી ગબડી ભોય પર પડ્યુ, તેથી તેનુ પોતાનુ મસ્તક ફાટી તેના હજારો કડકે કડકા થઈ ગયા!

આ વાત બની શકે એવી નથી, તેથી આપણે છોડી દઈએ છીએ. હવે ઘટોત્કચનો ઇતિહાસ તપાસીએ

હિડિબ નામના રાક્ષસને હિડિબા નામની એક બ્હેન હતી ભીમે એક વખત તે રાક્ષસને મારી, તેની બ્હેન જોડે લગ્ન કરેલુ એ રાક્ષસીને પેટે જે પુત્ર થયો તેનુ નામ ઘટોત્કચ તે પણ રાક્ષસ અને બહુ બળવાન હતો, અને તેથી કુરૂક્ષેત્રના યુદ્ધમા લશ્કર લઈ પોતાના બાપકાકાને મદદ કરવા આવ્યો હતો રાક્ષસ છતા પણ કોઈ રીતની માણસ કરતા જૂદી પ્રેરણાથી તે ચાલતો નહતો, દાખલા તરીકે પોતાની સામે લડવા આવનારાઓને ખાઈ જતો નહતો, પણ માણસોની માફક બાણ વગેરેથી તેમની જોડે લઢાઈ કરતો હતો, માત્ર તેને કમનસીબે દુર્યોધનના પક્ષમા પણ એક રાક્ષસ હતો, તેથી એ બે રાક્ષસોની ખૂબ લઢાઈ જામતી

હવે એક દહાડો રોજના કરતા બહુ ભયકર યુદ્ધ ચાલ્યુ હતુ. હમ્મેશા તો દિવસના ભાગમા લઢાઈ ચાલી રાત્રે બંધ રહેતી, પણ તે દિવસે તો મશાલની રોશનીની મદદથી યુદ્ધ ચાલુ રહેલુ રાત્રે નિશાચ-

રતુ–રાત્રે ફરનારા રાક્ષસોનુ–જોર બહુ વધે છે, જેથી ઘટોત્કચ (રાક્ષસ, નિશાચર હોવાથી) તો કોઇથી ગાજ્યો ન જાય તેવો બળવાન થઈ બેઠો કૌરવોમાથી કોઈ તેની સામે જઈ ઉભુ રહી શકતુ નહતુ, કૌરવો-વાળો રાક્ષસ પણ માર્યો ગયો હતો તેથી એકલો કર્ણ જ તેની સામે થઈ એ રાક્ષસ જોડે લઢાઈ કરવા લાગ્યો છેવટ કર્ણને પણ લાગ્યુ કે હવે હુ પણ ઝાઝી વાર ટકી શકીશ નહિ, પણ તેની પાસે ઈન્દ્રની આપેલી, પુરૂષનો ઘાત કરે એવી, એક શક્તિ હતી એ શક્તિને વિષે અદ્ભુતમા અદ્ભુત ગપ્પા મહાભારતમા મારેલા છે, પણ તે અત્રે ન કહેતા એટલુ જ માત્ર કહીશુ કે તેનામા એવો ગુણ હતો કે એ શક્તિ કદિ વ્યર્થ જતી નહિ કોઈ એક માણસની ઉપર ફેકવામા આવે તો તે માણસ તો જરૂર માર્યો જતો, પણ તે શક્તિ પાછી ફરતી નહિ, કારણ તે એક જ માણસને મારી શકતી કર્ણે એ અમૂલ્ય શક્તિ માત્ર અર્જુનની સામે વાપરવા રાખી મૂકી હતી, પરતુ ઘટોત્કચની જોડેના યુદ્ધમા પોતાને સપડાઈ ગયલો જોઈ તે શક્તિ તેના ઉપર ફેકી, તેથી ઘટોત્કચ મુઓ મરતી વખત વિધ્યાચળ જેટલુ તેનુ શરીર મોટુ થઈ ગયુ, અને તેના ભારથી એક અક્ષૌહિણી સેના કચડાઈ મરી ગઈ ! !

આવી આવી ગપને માટે આપણે વખતે એ પ્રાચીન હિન્દુ કવિને ક્ષમા કરી શકીએ, કારણ બાળક અને બીનકેળવાયલી સ્ત્રીઓને એ વાત બહુ પસદ પડે છે, પરતુ ત્યાર પછી જે લખ્યુ છે તે તો માત્ર તેને પોતાને જ તે મનોહર લાગતુ હશે તેથી લખ્યુ હશે તે કહે છે કે ઘટોત્કચ મરાયો તે સાભળી પાંડવો શોક કરવા લાગ્યા, પણ કૃષ્ણે તો રથ પર ચઢી નાચવા માડયુ તે હવે નાના મરખા ગોવાળીઆ નહતા, તેમના છોકરાને ઘેર છોકરા થયા હતા, તેમ જ તેમને અકસ્માત્ વાયુનો રોગ થયો હતો એવુ પણ કવિ કહેતો નથી કે જેથી એમ સમજાય કે તે રોગને લીધે તેમણે એવુ કરવા માડયુ હશે ત્યારે એ રથ પર ચઢી નાચ્યા શા માટે હશે ? માત્ર નાચતા નહતા, જોડે મોટી મોટી બૂમ પાડી હાથના તાબોટા–તાળીઓ પાડતા હતા અર્જુને પૂછ્યુ કે 'તમને શુ થયુ છે શુ ? નાચો છો કેમ ?" કૃષ્ણે કહ્યુ કે કર્ણની પાસે

જે શક્તિ હતી, અને જે તારી સામે વાપરવા તેણે સઘરી રાખી હતી તે ઘટોત્કચ સામે તેણે વાપરી દીધી છે, તેથી હવે તને કાઈ બીક નથી તુ કર્ણની જોડે લડાઈ કરી શકશે " જયદ્રથવધના વૃત્તાન્તમા છે કે અર્જુનને ઘણી વખતે કર્ણ સામે લડવુ પડતુ, અને તેમા કર્ણ હારતો છતા તે વખત નાઈને એ શક્તિની વાત યાદ આવી નહિ કવિને પણ આવી નહિ પણ કદાચ તે વખતે યાદ આવે તો જયદ્રથ મરાય નહિ, કારણ કે કર્ણ જયદ્રથનો રક્ષક હતો તેથી સૌ ચૂપચાપ બેઠેલા ! ટૂકામા એ શક્તિનુ આખુ વૃત્તાન્ત જ અનૈસર્ગિક છે, અને તેથી આપણે તેની સામે જોવુ જ જરૂરનુ નથી. પરતુ ઘટોત્કચવધને સબધે જે વાત કહેવાની છે તે એ છે કે, કૃષ્ણે અર્જુનને જવાબ આપતા કહેલુ કે, " તે ગમે તે હોય તો પણ હે ધનજય ! તારૂ ભલુ કરવા માટે વિવિધ ઉપાયો દ્વારા એક પછી એક, મહાબળવાન જરાસઘ, શિશુપાળ, નિષાદ એકલવ્ય, વગેરેને મારી નાખ્યા, ને હિડિબ, કિર્મીર, બક, અલાયુધ, ઉગ્રકર્મા, ઘટોત્કચ, વગેરે રાક્ષસોનો મે વધ કરાવ્યો છે "

આ હકીકત ખરી નથી કૃષ્ણે શિશુપાળને મારેલો, પણ તે અર્જુનના હિતને સારૂ નહિ તેણે ભરી સભામા તેમનુ અપમાન કરેલુ તથા તેમને પોતાની જોડે લઢાઈમા ઉતરવાનુ કહેલુ તેથી અને યજ્ઞનુ રક્ષણ કરવા માટે જરાસઘનો વધ પણ તેમણે કરેલો નહિ, માત્ર રસ્તો સઝાડેલો, તે પણ અર્જુનના હિત માટે નહિ પણ કેદ પકડાયલા રાજાઓને છોડવવા પરતુ હિડિબ, કિર્મીર વગેરે રાક્ષસોનો વધ કરવામા, અને એકલવ્યનો અગુઠો કાપી નાખવામા કૃષ્ણે લેશ માત્ર પણ ભાગ લીધેલો નહિ તેમને તે વાતની ખબર નહતી, એમ બન્યુ તે વખતે પોતે ત્યા હાજર પણ નહતા મહાભારતમા એક જગ્યાએ એવુ છે ખરૂ કે કૃષ્ણે એકલવ્યને માર્યો, પણ આ અગુઠો કાપી નાખવાની વાત તેથી ઉલટી જ હકીકત કહે છે ખરી રીતે જોતા તો રાક્ષસોનો વધ અને એ અગુષ્ઠચ્છેદન, એ બનાવો બનેલા જ નહિ

ત્યારે કૃષ્ણને મોઢે એવુ જૂઠુ બોલાવવાની મતલબ શી હશે ?

તેનો ખુલાસો વખતે આવો હશે, કૃષ્ણના ભક્તો એમ કહેશે કે

પોતાની મરજી વડે કૃષ્ણ બધુ કરી શકતા, તેમની ઇચ્છા વડે જ હિડિંબનો વધ થયેલો અને કર્ણ દ્વારા ઘટોત્કચ પર શક્તિ કે કાયલી એ વાત બરાબર બધ બેસતી નથી, કારણ કૃષ્ણ કહે છે કે મે વિવિધ "ઉપાયો' દ્વારા એ કામ કર્યા છે વળી ઇચ્છામય એવા જે સર્વકર્તા તે પોતાની મરજી વડે જ સર્વ કામ કરી શકે છે તો પછી મનુષ્યશરીર લઈ તેને પૃથ્વી ઉપર અવતરવાની જરૂર શી ? આપણે વારવાર જોયુ છે કે પોતાની ઇચ્છાશક્તિ વડે કૃષ્ણ કાઈ જ કામ કરતા નથી, માત્ર પુરૂષશક્તિથી જ કરે છે તે પોતે પણ તેમ કહે છે વળી આપણે જોયુ છે કે પાંડવ-કૌરવ વચ્ચે સલાહ કરાવવાની તેમની ઇચ્છા હતી, છતા તેમ કરવા પ્રયત્ન કર્યા છતા, તે ફાવ્યા નહિ તેમ કર્ણને યુધિષ્ઠિરના પક્ષમા પણ ખેચી લાવી શક્યા નહિ, અને જ્યારે પોતાની ઇચ્છા વડે જ તે કામ કરી શકતા હતા તો પછી જડપદાર્થ એવી એક એ શક્તિ(નામના અસ્ત્ર-ને) લીધે તે ઇચ્છામય એટલી બધી ચિતામા કેમ પડી ગયા હતા ?

પરતુ આની અદરની મુખ્ય વાત-એમાનો મૂળ મર્મ-તો આગલા પ્રકરણમા જણાવ્યા પ્રમાણે છે જેમ મારી બુદ્ધિ ઇશ્વર પ્રેરે છે, તેમ કુબુદ્ધિનો પ્રેરનાર પણ એ જ છે, એવુ કહેવાનો કવિનો આશય છે કર્ણે ઇન્દ્રવાળી શક્તિ અર્જુનને માટે રાખી મૂકી હતી, છતા તે ઘટોત્કચ ઉપર વાપરી એ તેની દુર્બુદ્ધિનુ પરિણામ કૃષ્ણ કહે છે કે તે મે કરાવ્યુ છે, મતલબ કે એ દુર્બુદ્ધિ ઇશ્વરે પ્રેરેલી શિશુપાલે સભામા દુર્બુદ્ધિને તાબે થઈ કૃષ્ણને અપમાન આપેલુ જરાસધ જો લશ્કર લઈ લઢાઈના મેદા-નમા બહાર પડે તો તે જિતાવો મુશ્કેલ હતો યાદવોની સહાયતાથી કૃષ્ણ પોતે જ તેને જિતી ન શક્યા હતા તો પછી પાંડવોનો તો પત્તો જ ક્યાથી ખાય ? પરતુ શારીરિક બળમા ભીમ તેનાથી વધારે જોગ-વર હતો ભીમની એકલાની જોડે મોટા રાજેશ્વર થઈ, સાધારણ મલ્લના જેવુ બાહુયુદ્ધ કરવુ, એ તેની દુર્બુદ્ધિ હતી, તેને શોભતુ નહતુ, માટે કૃષ્ણના કહેવાનો અર્થ એ કે એ દુર્બુદ્ધિ મે જ મોકલેલી દ્રોણાચાર્યે અનાર્ય-જગલી-ભિલ્લ એકલવ્યની પાસે ગુરૂદક્ષિણા તરીકે તેનો અગુઠો માગેલો, એ અગુઠો જો જાય, તો મહામહેનતે મેળવેલી એકલવ્યની

ધનુર્વિદ્યા નિષ્ફળ જાય તેમ હતુ, છતા તે ભિલ્લે પોતાના ગુરૂએ માગેલી દક્ષિણા આપી, એ તેની મોટી દુર્બુદ્ધિ કૃષ્ણનુ કહેવુ એ છે કે એ બુદ્ધિ તેમણે પ્રેરેલી, ઇશ્વિરે પ્રેરેલી રાક્ષસોના સબધમા પણ તેવો જ અર્થ નીકળે છે, પણ એટલુ યાદ રાખવાનુ છે કે એ બધો ભાગ બીજા થર-ને લગતો છે

પ્રકરણ ૫મુ

દ્રોણવધ

પ્રાચીન ભરતખડમા એકલા ક્ષત્રિયો જ લઢાઈમા ઉતરતા એમ નહતુ બ્રાહ્મણ અને વૈશ્ય યોદ્ધાઓની કથા પણ મહાભારતમા છે દુર્યો-ધનના સેનાપતિઓ ત્રણ બ્રાહ્મણો હતા, દ્રોણ, તેમનો સાળો કૃપ, અને પુત્ર અશ્વત્થામા જેમ બીજી વિદ્યામા તેમ યુદ્ધવિદ્યામા પણ બ્રાહ્મણો આચાર્યપદ ભોગવતા હતા, તેવી રીતે કૃપ ને દ્રોણ યુદ્ધાચાર્ય હતા, તેટલા માટે તેઓ દ્રોણાચાર્ય ને કૃપાચાર્ય કહેવાતા

બ્રાહ્મણો જોડે લઢાઈ કરવામા બહુ આપત્તિ હતી કારણ રણક્ષેત્ર-પર પણ જો બ્રાહ્મણનો વધ થાય તો બ્રહ્મહત્યાનુ પાપ ચ્હોટતુ, તેથી મહાભારત લખનારને પણ બ્રાહ્મણ યોદ્ધાઓ વિષે લખતા ગુચવણ પડે છે, એવુ સ્પષ્ટ દેખાય છે. તેથી જ કૃપ અને અશ્વત્થામા લઢાઈમા મરતા નથી જો કે કૌરવોના પક્ષના સઘળા માણસો મરાયા તો પણ એ બે મરાયા નહિ. તેઓ અમર હતા, એમ કહી ગ્રથકાર પોતાની મુસ્કેલીનો અત આણે છે, પરતુ જો દ્રોણાચાર્ય મરાય નહિ તો ચાલે નહિ, કારણ ભીષ્મ પછી મોટામા મોટા યોદ્ધા તે હતા તે જીવતા રહે તો પાંડવોનો વિજય થાય નહિ છતા એમ દેખાય છે કે ગ્રથકારની એમ પણ કહેવાની ઇચ્છા નથી કે, ધાર્મિક રાજાઓમા બ્રહ્મહત્યાનુ પાપ માથે લેવા કોઈ રાજી હતો. વળી દ્વદ્વયુદ્ધમા દ્રોણાચાર્યને જિતે એવો પાંડવોના પક્ષમા અર્જુન સિવાય બીજો કોઈ નહતો, પણ દ્રોણાચાર્ય અર્જુનના ગુરૂ થતા હતા તેથી અર્જુન તેમને મારે એમ નહતું, તેથી ગ્રથકારે એક યુક્તિ શોધી કાઢી તેનો આધાર લીધો છે.

પાંડવોની સ્ત્રી દ્રૌપદીના પિતા દ્રુપદ જોડે દ્રોણને આગળ બહુ તકરાર થયલી દ્રુપદ દ્રોણના જેવો બળવાન નહતો, તેથી તેને પોતાના માન આબરૂ ખોવા પડયા હતા, તેથી તેણે દ્રોણનો વધ કરવા માટે યજ્ઞ કરેલો તે યજ્ઞમાથી દ્રોણનો વધ કરે એવો એક ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર પેદા થયો હતો. એ જ ધૃષ્ટદ્યુમ્ન કુરુક્ષેત્રના યુદ્ધમા પાંડવોનો સેનાપતિ હતો, તેથી તે જ દ્રોણનો વધ કરશે એવો પાંડવોને ભરોસો હતો કારણ જેને દૈવે બ્રાહ્મણોનો વધ કરવા જ ઉત્પન્ન કરેલો, તેને બ્રહ્મહત્યાનુ પાપ ચ્હોટે નહિ

પણ મહાભારત એક હાથે લખાયુ નથી, તેથી જૂદા જૂદા લખનારાઓને જેમ ઠીક લાગ્યુ તેમ બનાવોના વર્ણન તેઓ કરતા ગયા છે પદર દિવસ સુધી યુદ્ધ ચાલ્યુ છતા ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યને કાઈ જ કરી શક્યો નહિ, ઉલટો તેમને હાથે હાર ખાતો ગયો, તેથી દ્રોણ હવે મરશે એવી આશા રહેતી નહતી દરરોજ પાંડવોની વધારે ને વધારે સેનાનો સહાર થતો ચાલ્યો જતો હતો. તેથી દ્રોણનો વધ કરવા એક ઘોર પાપ કરવાનો પાંડવોએ વિચાર કર્યો, અને તે પાપ કરવાની સલાહ આપવાનુ કલક કૃષ્ણને માથે ચ્હોટાડયુ છે, એ પાપના પ્રવર્ત્તક તે જ હતા, એમ કહેવાયુ છે.

કૃષ્ણે કહ્યુ "હે પાંડવો ! બીજાની વાત તો દૂર રહેવા દો, પણ સાક્ષાત્ ઈન્દ્ર પણ સગ્રામમા દ્રોણનો પરાજય કરી શકવા સમર્થ નથી પણ જો એ અસ્ત્રશસ્ત્ર છોડી દે તો કોઈ પણ માણસ એમને મારી શકે, માટે હવે તો તમે ધર્મ છોડી દઈ, એમને મારવા પ્રયત્ન કરો "

આશરે દશેક પાના પૂર્વે જ કવિએ જેને મોઢે એવુ વાક્ય બોલાવેલુ કે,

"હુ શપથ લઈને કહુ છુ કે જ્યા બ્રહ્મ, સત્ય, દમ, શૌચ, ધર્મ, શ્રી,* લજ્જા, ક્ષમા અને ધૈર્ય સ્થાન કરે છે, ત્યા જ હુ પણ રહુ છુ "

જેમણે ભગવદ્ગીતાપર્વાધ્યાયમા કહેલુ કે "ધર્મનુ સરક્ષણ કરવા જ હુ યુગે યુગે જન્મ લઉં છુ," જેમનુ ચરિત્ર અત્યાર સુધી માત્ર ધાર્મિક

---

* ઘટોત્કચપર્વાધ્યાય, ૧૮૨મા અધ્યાયમા.

મનુષ્યના ચરિત્ર જેવુ જ દેખાયુ છે, ધર્મમા જેમની દઢતા જેમના શત્રુઓ પણ કબૂલ કરતા† તે શુ એમ કહે કે, " તમે ધર્મનો ત્યાગ કરો? " આવા આવા કારણોને લીધે જ કહેવુ પડે છે કે મહાભારત જૂદા જૂદા માણસોને હાથે રચાયલો ગ્રથ છે જેને જે ઠીક લાગ્યુ તે તેણે અદર દાખલ કરી દીધુ

કૃષ્ણે કહ્યુ " મને ખાત્રી છે કે અશ્વત્થામા પડ્યો સાભળશે એટલે દ્રોણ વધારે વાર યુદ્ધ કરશે નહિ, તેથી કોઈ તેની પાસે જઇને કહો કે અશ્વત્થામા મરાયો છે "

જૂઠુ બોલવાની અર્જુને તો હા કહી જ નહિ, યુધિષ્ઠિરે માત્ર મહા મુસ્કેલીથી કબૂલ કર્યું ભીમે તો કશુ બોલ્યા ચાલ્યા વગર અશ્વ-ત્થામા નામના એક હાથીને મારી નાખીને દ્રોણને જઇને કહ્યુ કે, "અશ્વ-ત્થામા મરાયો " પોતાનો પુત્ર બહુ બળવાન, પરાક્રમી અને શત્રુઓ જેની સામે ટકી ન શકે તેવો હતો, તેની દ્રોણને ખબર હતી, તેથી તેણે ભીમનુ કહ્યુ માન્યુ નહિ ધૃષ્ટદ્યુમ્નને મારવાનો વિચાર કરી પાછા તે યુદ્ધ કરવા લાગ્યા છતા તેણે ફરીથી એક વાર યુધિષ્ઠિરને પૂછ્યુ કે અશ્વત્થામાના મરવાની વાત સાચી કે ખોટી ? તે કોઈ દિવસ જૂઠુ બોલે કે અધર્મ કરે નહિ એવી તેની ખાત્રી હતી, તેથી તેમને પૂછ્યુ તેમણે જવાબ આપ્યો " અશ્વત્થામા હાથી મરાયો છે ' પરતુ " હાથી " શબ્દ બહુ ધીમે બોલ્યા *

પરતુ આનુ પરિણામ શુ થયુ ? દ્રોણ પહેલા તો જરા વિચારમા

---

† ધૃતરાષ્ટ્રના વચન જુઓ

* " अश्वत्थामा हत इति गजः અશ્વત્થામા હણાયો છે, પણ હાથી" એ વાક્ય મૂળ મહાભારતમા નથી કોઈ કથા કરનારે દાખલ કરી દીધેલું. મહાભારતમા તો છે કે —

" तमतथ्यभये मग्नो जये सक्तो युधिष्ठिरः ।

अव्यक्तमब्रवीद्वाक्य हत कुजर इत्युत ॥ १९१ ॥.

અસત્યના ભયથી નિરાશ અને જય વિષે આસક્ત યુધિષ્ઠિર " હાથી હણાયો " એવુ વાક્ય અસ્પષ્ટ બોલ્યા.

પડી ગયા ખરા, પણ જરા વાર પછી પાછુ ઘોર યુદ્ધ જારી થયુ તેના મૃત્યુસ્વરૂપ ધૃષ્ટદ્યુમ્ને પોતે પોતાની શક્તિ બહાર યુદ્ધ કરવા છતા, તે હથીઆર વગરનો થઈ રથ ઉપરથી ઉતરી પડી દ્રોણને હાથે મરવાની તૈયારીમા હતો તે વખત **ભીમે** ત્યા જઈ તેને બચાવ્યો ને દ્રોણના રથને અટકાવી તેમને કેટલીક વાતો સભળાવી, કે જે દ્રોણને યુદ્ધમાથી પાછા ફેરવવા માટે બહુ ઉપયોગની થઈ પડી **ભીમે** કહ્યુ —

" હે બ્રહ્મ! પોતાના ધર્મથી અસતુષ્ટ થઈ, અસ્ત્રવિદ્યા શીખી, અધર્મી થઈ, બ્રાહ્મણ લઢાઈમા ઉતરે નહિ ત્યા સુધી ક્ષત્રિયોનો કદિ ક્ષય થાય નહિ પ્રાણીહિસા ન કરવી, એ જ મોટો ધર્મ છે, એવી પડિતોની આજ્ઞા છે અને તે ધર્મ પ્રમાણે ચાલવુ એ બ્રાહ્મણોનુ અવશ્ય કર્તવ્ય છે તમે પણ બ્રાહ્મણ છો, પરતુ ચાડાલની માફક અજ્ઞાન અને અધ થઈને પુત્ર અને પત્નીને જેનાથી લાભ થાય એવો પૈસો મેળવવાની લાલસાના બધનમા પડી જઈ, જૂદી જૂદી જાતના મ્લેચ્છો તથા બીજા પ્રાણીઓનો જીવ લ્યો છો માત્ર એક પુત્રના ભલા ખાતર પોતાનો ધર્મ ભૂલી જઈ, પોતાની શક્તિનો ઉપયોગ કરી, અસખ્ય જીવનો નાશ કરતા તમને લજ્જા કેમ નહિ આવતી હોય ?"

એ વાત બધી સાચી હતી આના કરતા બીજો તીવ્ર તિરસ્કાર કેવો હોઈ શકે ? દુર્યોધન જેવો દુરાત્મા કાઈ એવા તિરસ્કારથી ફરી બેસે નહિ, પણ દ્રોણાચાર્ય ધર્માત્મા હતા, તેથી **ભીમ**નુ કહેવુ તેમને બરાબર લાગ્યુ આવી લાગણી થયા પછી અશ્વત્થામાના મૃત્યુની વાત ન ઉઠાવી હોત તોપણ ચાલત, છતા તે વાત ફરીથી અહિ કહેવામા આવી છે.

આ વાત સાભળી દ્રોણે અસ્ત્રશસ્ત્ર છોડી દીધા, એટલે ધૃષ્ટદ્યુમ્ને તેમનુ માથુ કાપી નાખ્યુ,

હવે એ સબધે આપણે જરા વિચાર કરીએ. ઉપર વર્ણવેલા બનાવો જો ખરેખરી રીતે બન્યા જ હોય તો જે જે માણસોએ તેમા ભાગ લીધેલો તે તે બધાઓ ઘોર પાપમા ખરડાયલા સમજવા ગ્રથકાર પોતે પણ તે સમજતો હોય એમ લાગે છે, કારણ તેણે કહ્યુ છે કે પહેલા ધર્માત્મા યુધિષ્ઠિરનો રથ જે પૃથ્વીથી ચાર આગળ ઉચો રહેતો

હતો, તે હવે પૃથ્વીને સ્પર્શ કરી ચાલવા માડયો એ અપરાધને લીધે તેમને નરક પણ જોવુ પડેલુ એમ કહ્યુ છે ખરૂ જોતા જો એનો વિશ્વાસ-ઘાત ને ઠગાઈનો ખરેખરો ગુન્હો કરી ગુરૂહત્યા તેમણે કરી હોય તો માત્ર નરકનુ દર્શન એ તેની યોગ્ય સજા ગણાય નહિ, તેમણે તો સદા જ નરકમા વસવુ જોઈએ

એ પાપકર્મ યોજનાર કૃષ્ણને પણ એટલા જ માટે અપરાધી ગણવા જોઇએ. પરતુ તેનો જવાબ એમ આપવામા આવે છે કે પાપ-પુણ્યના કર્તા અને વિધાતા તે પોતે જ છે પાપપુણ્ય તેમણે પોતે જ સરજાવેલા છે, તો પછી તેમને પોતાને પાપપુણ્ય અડકે શી રીતે ? એ વાત ખરી, પણ તેથી શુ મનુષ્યદેહ ધારણ કરે તે વખત ઇશ્વરને-કૃષ્ણને-પાપ કરવુ ઘટે ખરૂ ? તેમણે પોતે જ કહ્યુ છે કે હુ ધર્મની સસ્થાપના કરવા અવતર્યો છુ, તો પછી પાપ કર્યાથી શુ ધર્મનુ સસ્થા-પન થતુ હશે ? તે પોતે તો એમ કહેતા નથી તેમણે ગીતામા જ કહ્યુ છે કે —

" જનક વગેરેએ કર્મ કરી પોતાને જે જોઈતુ તે મેળવેલુ, લોકોને પોતાના ધર્મમા પ્રવૃત્ત કરવાને માટે (દૃષ્ટાત દ્વારા) તમો કર્મ કરો જેમ મોટા માણુસ કરે છે, તેમ તેમનુ જોઈ બીજાઓ કરે છે મોટા માણસો જે માને તે બીજાઓ પણ માને છે હે પાર્થ ! ત્રણે લોકમા મારૂ કર્તવ્ય કશુ નથી, મારે મેળવવા જેવુ કશુ નથી, ન મેળવવા જેવુ કશુ નથી, છતા હુ કર્મ કરૂ છુ, કારણ હુ જો સાવધાન થઈ કોઈ દિવસ કર્મ ન કરૂ તો સર્વે મનુષ્યો સર્વથા મારા માર્ગને જ અનુસરે "

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા. ૩ અ ૨૦-૨૩

માટે માનવ અવતાર ધારણ કરીને ધર્મનુ સસ્થાપન પોતાના કામોના દૃષ્ટાત વડે કરવુ, એ કૃષ્ણના પોતાના જ શબ્દોમા, તેમના ઉદ્દેશોમાનો એક હતો, અને તેથી તે પોતાની જાતે પાપાચરણ કરી તેવુ દૃષ્ટાત લોકોને આપે નહિ

ત્યારે એ બનાવ કેવા પ્રકારનો હોવો જોઇએ ? એનો ખુલાસો મળે નહિ તો કૃષ્ણચરિત્ર બરાબર આપણે સમજ્યા કહેવાઇએ નહિ, કારણ

વૃન્દાવનની ગોપીઓ સાથેનો સબધ અને " अश्वत्थामा हत इति गजः " એ બે વાતો કૃષ્ણને માથે મોટામા મોટા આરોપ છે

એનો ખુલાસો એ છે કે એ બધો બનાવ જ અલૌકિક છે આ- ટલે સુધી આ ગ્રથ વાચનારે હવે તો ખાત્રીથી જાણી લીધુ હશે કે હાલ જે મહાભારત કહેવાય છે તે એક હાથે નહિ પણ ઘણે હાથે લખા- યલો ગ્રથ છે તેનો કેટલોક ભાગ મૂળ–અસલ છે, બાકીનો પાછળના કવિઓની કલમથી વધારાયલો છે કયો અસલ ને કયો નવો તે બરાબર નક્કી થઈ શકતુ મુશકેલ છે, છતા તેમ કરવા માટે કેટલાક નિયમો પ્રમાણે આપણે ચાલ્યા છીએ તે વાચકને યાદ હશે, તેમાનો એક એ છે કે ઉંચા પ્રકારના કવિને હાથે લખાયલુ ચરિત્ર સુસગત હોય છે જ્યા ફેરફાર દેખાય તે કોઈ બીજાને હાથે લખાયલો ભાગ હોવો જોઈ એ તેના ઉદા- હરણમા કહેલુ છે કે જ્યા ભીષ્મને વ્યભિચારી કે ભીમને બીકણ કહેલો જોવામા આવે ત્યા એમ જાણવુ કે તે ભાગ નવો દાખલ થયલો હોવો જોઇએ

(૧) અહિ પણ તેવો જ મામલો છે, અને તે એક નહિ પણ ત્રણ જણના સબધમા પરમ ધર્માત્મા યુધિષ્ઠિરના ચરિત્રને જેટલુ અસગત આ ઘોર વિશ્વાસઘાત અને ઠગાઇભરેલુ ગુરૂહત્યા કરાવવાનુ પાપ છે, તેટલુ અસગત આ દુનીઆમા ભાગ્યે જ બીજુ કાઈ મળી આવશે તેમ જ મહા તેજસ્વી, પોતાના બળથી મગરૂર, ભયરહિત ભીમના ચરિત્રને પણ એ કામ બધબેસતુ આવતુ નથી ભીમને બાહુબળ સિવાય બીજા કશા ઉપર શ્રદ્ધા હતી નહિ, અને શત્રુ સામે બળ સિવાય તે બીજુ કશુ વાપરતો પણ ન હતો, પછી તેથી રાજ્ય મળતુ હોય તો પણ શુ, અને જીવ બચતો હોય તો પણ શુ એ યુદ્ધનો પ્રસગ વર્ણવતા એક જગ્યાએ કહ્યુ છે કે અશ્વત્થામાએ નારાયણાસ્ત્ર નામનુ એક દિવ્યાસ્ત્ર મૂકેલુ, કે જેના જોરથી આખી પૃથ્વીનો નાશ થઈ જાય જેની પાસે દિવ્યાસ્ત્રો હતા તેવો અર્જુન પણ તેને પાછુ વાળવા અશક્ત હતો, અને તેથી આખુ પાંડવોનુ સૈન્ય નાશ પામવા લાગ્યુ આ આપદામાથી છૂટવાનો માત્ર એક જ ઉપાય હતો. લઢાઈ કરતા અટકી જનાર માણ-

સને એ અસ્ત્ર હાનિ કરતુ નહિ, તેથી પોતાનો જીવ બચાવવા કૃષ્ણની આજ્ઞાને અનુસરી પાંડવોના લશ્કરના માણસો તથા સરદારો, રથ અને વાહન ઉપરથી જમીન પર ઉતરી પડી, અસ્ત્રશસ્ત્ર છોડી દઈ, લઢાઈ કરવાની રહેવા દઈ બેસી ગયા અર્જુને પણ કૃષ્ણની આજ્ઞા માની, માત્ર **ભીમે** તે કબૂલ કર્યું નહિ, અને કહેવા લાગ્યો કે, " હુ બાણનુ ભાથુ ખાલી કરી, અશ્વત્થામાના એ અસ્ત્રને પાછુ કાઢીશ આ સોનેરી મોટી ગદા વડે દ્રોણપુત્રના નારાયણાસ્ત્રના ચૂરેચૂરા કરી નાખી, યમની માફક હુ રણ-સ્થળપર ફરીશ આ ભૂમડળમા કોઈ પણ તેજવાળો એવો પદાર્થ નથી કે જે સૂર્યની બરાબરી કરી શકે, તેમ મારા જેવો પરાક્રમવાળો મનુષ્ય-લોકમા બીજો કોઈ છે નહિ ઐરાવત હાથીની સૂઢ જેવો મારો આ સુદૃઢ હાથ તમે જુઓ છો ? એ હિમાલય પર્વતને પાડી નાખવા પણ સમર્થ છે અયુત (દશ હજાર) નાગના જેટલુ મારામા બળ છે દેવ-લોકમા પુરદરની સામે કોઈ લઢી શકતુ નથી, તેમ નરલોકમા મારી સામે કોઈ ટકી શકે તેવુ નથી એ દ્રોણના પુત્રના અસ્ત્રનુ નિવારણ હુ આજે કરૂ છુ માટે સૌએ મારા બાહુનુ બળ જોવુ એ અસ્ત્રની સામે કોઈ જ ઉભુ નહિ રહે, છતા હુ પાંડવ કૌરવ સર્વેની સમક્ષ તેની સામા ટક્કર ઝીલવા તૈયાર છુ. " આ બડાઈ બહુ જબરી, અને વાત તદ્દન ગપાષ્ટક જેવી છે, તે આપણે કબલ કરીએ છીએ, અને તે સાચી છે એમ માનવાનુ અમે કાંઈ કહેતા પણ નથી, કારણ એ કવિના લખેલા ચરિત્રનો એક ભાગ બીજા જોડે બંધ બેસે છે કે નહિ તે માત્ર આપણે જોવાનુ છે નારાયણાસ્ત્રને લગતી હકીકત મૂળમા નહિ ખરી, પરતુ **ભીમ**નુ આખુ ચરિત્ર જે કુલડીમા ઢાળેલુ છે, તેની જોડે શિયાળવાના જેવી લુચ્ચાઇભરેલી, આ, દ્રોણને ઠગવાની હકીકત કેટલે દરજ્જે બધ બેસે છે ? સ્ત્રીઓ પણ જેના ઉપર તિરસ્કારની નજરે જુએ તેવી રીતે એ જ **ભીમ** શત્રુનો વધ સાધવાનુ કબૂલ કરે ? દ્રોણાચાર્યના કરતા નારા-યણાસ્ત્ર સહસ્ત્રગણુ વિશેષ ભયકર હતુ. છતા તેની સામે સિહના જેવો મગરૂર થઈ જે **ભીમ** ઉભેલો ને જેને ત્યાથી બળજોરીથી ખસેડીને કૃષ્ણ અને અર્જુનને લઈ જવો પડેલો, તે **ભીમ** જેવો એક યોદ્ધો શુ દ્રોણ-

ણના ભયથી અધમ શિયાળના જેવી યુક્તિ કરે ? ભીમનુ ચરિત્ર એવી રીતે વર્ણવવામા કવિત્વ ક્યા આવ્યુ તે જ સમજાતુ નથી

દ્રોણને આ પ્રમાણે મારવા માટે યુધિષ્ઠિર કે ભીમ યુક્તિ કરે એવુ તેમના ચરિત્ર ઉપરથી લાગતુ નથી પણ જો એ બનાવ કોઈ પણ રીતે એ બે જણાના ચરિત્રને બંધબેસતો ન હોય, તો શ્રીકૃષ્ણના ચરિત્રને તો તેથી પણ વિશેષ અસગત છે. અત્યાર સુધી કૃષ્ણને સબધે આપણે જે જે જોયુ છે, તેટલુ જ એ અસગતિ સાબિત કરવાને બસ છે અધારાને ને અજવાળાને, કાળાને ને ધોળાને, ગરમી ને શરદીને, મધુરતાને ને કર્કશતાને, રોગને ને નિરોગિતાને, ભાવને ને અભાવને જેટલુ મળતાપણુ છે, તેટલુ એ બનાવને ને કૃષ્ણના ચરિત્રને છે, માટે એક નહિ પણ ત્રણ મૂળ ચરિત્રોને અને એ હકીકતને અસગતિ હોવાને લીધે જ કોઈ બીજા કવિની રચના ગણી આપણે તેને છોડી દઈ શકીએ છીએ

(૨) મૌલિક અમૌલિક અશ નક્કી કરવાના જે નિયમો કર્યા છે, તેમાના એક વડે તપાસતા ઉપલી હકીકત પાછળથી દાખલ થયલી લાગે છે હવે તે જ વાત બીજા એક નિયમ વડે તપાસીએ આપણે આગળ એક નિયમ એવો કહ્યો છે કે એક જ વાતના બે વર્ણન એક બીજાથી ઉલટા મળી આવે તો જરૂર તેમાનુ એક પાછળથી વધારાયલુ હોવુ જોઈએ હવે મહાભારતમા આ અશ્વત્થામા હાથીની વાત જોડે દ્રોણવધની બીજી એક હકીકત પણ જણાવેલી છે એ બેમાથી એક હકીકત ખરી હોવી જોઈએ, પરતુ બને એક બીજા જોડે જોડાઈ એકત્ર થઈ ગઈ છે એ હકીકતનો ઉતારો મહાભારતમાથી નીચે આપ્યો છે તે સમજવા એટલુ જાણવાની જરૂર છે કે દ્રોણ અધર્મ યુદ્ધ કરતા હતા ભારતમા ઘણા દૈવાસ્ત્રો કહ્યા છે, તેમા એક બ્રહ્માસ્ત્ર પણ છે આજે પણ એવો કોઈ ઉપાય હોય છે કે જેના વડે ધારેલુ કામ પાર પડયા વિના રહે નહિ, તેને આપણા દેશના લોકો તે કામનુ "બ્રહ્માસ્ત્ર" કહે છે હવે એ અસ્ત્રને માટે ઋષિઓ વગેરેનો એવો અભિપ્રાય હતો કે જેને અસ્ત્રવિદ્યા આવડતી ન હોય તેના ઉપર એ અસ્ત્રનો પ્રયોગ કરવો નિષિદ્ધ

તથા અધર્મયુક્ત હતો. દ્રોણ એ અસ્ત્ર વડે તેવા માણસોનો નાશ કરતા હતા તે સમયે, ' વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, વશિષ્ઠ, અત્રિ, ભૃગુ, અંગિરા, સિક્ત, પ્રશ્નિ, ગર્ગ, વાલખિલ્ય, મરીચિ અને બીજા ન્હાના ન્હાના સાગ્નિક ઋષિઓ આચાર્યને ક્ષત્રિઓનો વધ કરવાનો નિશ્ચય કરી રહેલા જોતા તેમને બ્રહ્મલોકમા લઈ જવાની ઇચ્છાથી એકદમ ભેગા થઈ કહેવા લાગ્યા ' હે દ્રોણ ! તમે અધર્મયુદ્ધ કરો છો, તેથી હવે તમારો મરવાનો વખત પાસે આવ્યો છે તમે હથીઆર છોડી દઈ એક વાર અમારા તરફ નજર કરો હવે વધારે વાર તમારે આવુ કામ કરવુ યોગ્ય નથી તમે વેદવેદાગ જાણનારા છો, સત્યધર્મપરાયણ છો, તેથી આવુ કામ કરવુ તમને જરા પણ ઘટતુ નથી તમે મોહ છોડી દઈ હથીઆર તજી શાશ્વત પથે ચાલવા માંડો મૃત્યુલોકમા રહેવાનો તમારો કાળ હવે સપૂર્ણ થયો છે હે વિપ્ર ! અસ્ત્રોની ખબર નહિ એવા માણસોનો બ્રહ્માસ્ત્રથી નાશ કરી તમે બહુ અસત્કાર્ય કર્યું છે, તેથી વગર ઢીલે તમે હથીઆર છોડી દો. વધારે વાર એ ક્રૂર કામ કરવુ તમને ઘટતુ નથી "

આથીદ્રોણાચાર્ય યુદ્ધ કરતા શાત પડી ગયા આગળ કહ્યુ છે કે યુધિષ્ઠિરને મોઢેથી પોતાના પુત્રના મોતની ખબર સાભળી તે લડના અટકેલા નહિ, કારણ ત્યાર પછી તેમણે ધૃષ્ટદ્યુમ્નને મારવા માટે હુમલો કરેલો અને યદુવશી સાત્યકીએ આની ધૃષ્ટદ્યુમ્નને બચાવેલો એ સાત્યકીની સામુ લડવાનુ કોઈનામા સામર્થ્ય હતુ નહિ, અને દ્રોણ પણ તેમ કરતાં અટકી ગયા તે વખતે યુધિષ્ઠિરે પોતાના પક્ષના યોદ્ધાઓને કહ્યુ કે,

" હે યોદ્ધાઓ ! તમે ખૂબ કોશેશ કરી દ્રોણ પર હલ્લો કરો મહાવીર ધૃષ્ટદ્યુમ્ન દ્રોણને મારવા બહુ પ્રયત્ન કરે છે દ્રુપદના પુત્રનુ લડાઈના મેદાનમા કામ જોતા સ્પષ્ટ રીતે દેખાય છે કે ક્રોધના આવેશમા આવી જઈ હવે તે દ્રોણને પાડશે, તેથી હવે તમે તેની જોડે મળી જઈ દ્રોણ જોડે યુદ્ધનો આરભ કરો "

આ ઉપરથી તેઓ દ્રોણની સામા થવા દોડયા.

" મહારથી દ્રોણ પણ મરવુ એવો જ નિશ્ચય કરી ધસી આવતા

યોદ્ધાઓની સામે થયા સત્યપ્રતિજ્ઞાવાળા મહાવીર દ્રોણાચાર્યને એ મહા-રથીઓ સામે દોડતા જોઈ પૃથ્વી કાપવા લાગી, અને સેનાને જાણે બીવડાવતો હોય તેમ પ્રચડ વાયુ જોરથી વાવા લાગ્યો ઉલ્કાપાત થયો. સૂર્યના તેજમાથી મોટી મોટી અગ્નિશિખા નીકળવા માડી, જેના તેજ વડે સૌ શકામા પડી ગયા દ્રોણાચાર્યના બધા હથિયાર પ્રજ્વલિત થઈ ઉઠયા, રથોનો ખડખડાટ ભડભડાટ થવા માડયો ને ઘોડાઓની આખ-માથી આસુ પડવા માડયા, તે વખતે મહારથી દ્રોણ નિસ્તેજ થઈ ગયા. તેમની ડાબી આખ ને ડાબો હાથ કપવા લાગ્યા ધૃષ્ટદ્યુમ્નને સામો જોઈ વ્યાકુળ થઈ ગયા અને બ્રહ્મવાદી ઋષિઓના વચનો સભારી ધર્મ-યુદ્ધ કરતા કરતા પ્રાણત્યાગ કરવાની તેમણે ઇચ્છા કરી ”

વાચકે જોયુ કે દ્રોણના પ્રાણત્યાગની અભિલાષા સબધે કારણો આપવામા ગ્રથકારે અશ્વત્થામાનુ મૃત્યુ કારણરૂપ ગણ્યુ નથી આપણા લાભમા આ એક જ સાબિતી બસ છે તથાપિ દ્રોણે યુદ્ધ કરવુ રહેવા દીધુ નહિ મહાભારતમા દશહજારથી ઓછા માણસ મરાવાની વાત તો હોતી જ નથી અહિ દ્રોણે ત્રીશ હજાર સિપાઈઓનો ઘાણ કાઢી ધૃષ્ટ-દ્યુમ્નને પાછો હરાવ્યો આ વખત ભીમ તેની મદદે આવ્યો અને દ્રોણાચાર્યનો રથ પકડી, આગળ કહેલા તિરસ્કારના વચન * તેમને કહી સભળાવ્યા, તે સાભળી દ્રોણે પોતાના હથીઆર છોડી દીધા

“ એટલે પછી રથ ઉપરના સઘળા અસ્ત્રશસ્ત્ર ભેગા કરી, યોગ સાધી, સમસ્ત જીવને તેમણે અભયદાન આપ્યુ તે વખતે મહાવીર ધૃષ્ટદ્યુમ્ન આ છિદ્ર જોઈ ભયકર ધનુષબાણને મૂકી હાથમા તરવાર લઈ દ્રોણ તરફ દોડયો એ રીતે દ્રોણ ધૃષ્ટદ્યુમ્નથી વશ થયા જાણી લઢાઇ-ના મેદાનમા હાહાકાર વર્તી રહ્યો આણી તરફ જ્યોતિર્મય મહા તપ કરનાર દ્રોણાચાર્યે હથીઆર છોડી દઈ, શમતા પકડી, યોગ સાધી, અનાદિ પુરૂષ વિષ્ણુનુ ધ્યાન ધરવા માડ્યુ, અને મુખ જરા ઉચુ, છાતી સ્થભિત, અને બન્ને આખો મીંચેલી, એવે રૂપે વિષયોની વાછના છોડી દઈ સાત્ત્વિક ભાવથી એકાક્ષરી મત્ર ઓકાર તથા પરાત્પર દેવદેવેશ વાસુદેવનું

* જુઓ પૃષ્ઠ ૩૩૨

સ્મરણ કરતા સાધુજનને પણ દુર્લભ એવા સ્વર્ગ લોકમા ગયા."

પછી ધૃષ્ટદ્યુમ્ને આવી તે શબનુ માથુ કાપી લીધુ

આ પ્રમાણે દ્રોણના મૃત્યુ સબધે મહાભારતમા બે જૂદા જૂદા વૃત્તાન્ત મળી આવે છે બને એક બીજાથી તદ્દન ઉલટા નથી, પરતુ એકમા બીજુ ગુથાઈ ગયુ છે છતા તે ગુથણ બરાબર બેસતુ નથી, તેમા ઠેકાણે ઠેકાણે ફાફા પડે છે—ખુલ્લી જગ્યાઓ રહી જાય છે એટલુ તો કહી શકાય કે એ બે વૃત્તાન્તોમાથી એક ખરૂ હશે, એક જ કવિ એવી જાતના બે જૂદા જૂદા વૃત્તાન્તો ગાડી દેવાનો પ્રયત્ન કરે નહિ માટે બે જૂદા જૂદા સ્તરના બે કવિઓએ એ લખ્યા હશે, એમ સમજાય છે ત્યારે એ બેમાથી મૂળ કયુ ને બનાવટી કયુ ? દ્રોણના મૃત્યુની ઈચ્છા થવાના કારણો જે ઉપર બતાવ્યા છે તેમા અશ્વત્થામાનુ મોત ગણાવ્યુ નથી, તેથી અશ્વત્થામાના વધ સબધી જે બનાવ બનાવી કાઢવામા આવ્યો છે તે ખરો હોઈ શકે નહિ

હવે આપણે આગળ કહ્યુ છે કે બે પરસ્પર વિરોધી વૃત્તાન્તોમાથી ક્યાને પ્રક્ષિપ્ત થયલુ કહેવુ, તે નક્કી કરવા માટે એ પણ જોવાની જરૂર છે કે તે વૃત્તાન્તના બીજા લક્ષણો જોતા જો તે અમુક વૃત્તાન્ત પાછળથી દાખલ થયલુ જણાય, તો બેમાથી તેને જ તેવુ ગણવુ પૂર્વે આપણે જોયુ કે અશ્વત્થામાના વધ સબધે જોવામા આવતી વર્ત્તણૂક યુધિષ્ઠિર, ભીમ કે કૃષ્ણ ત્રણેમાથી એકેના ચરિત્રને બધબેસતી નથી એ લક્ષણ નવા દાખલ થયલા ભાગનુ છે, માટે આ નિયમને અનુસરીને પણ અશ્વત્થામાવધવૃત્તાન્ત પાછળથી દાખલ થયલુ કહેવામા કાઈ હરકત નથી.

(૩) વળી એક વધારે વાત જોવાની છે અશ્વત્થામાના વધની વાત સાભળી દ્રોણ લઢતા અટકેલા નહિ, એ આપણે જોયુ છે છતા કૃષ્ણે એવી વાત કહેવડાવી શા માટે ? દ્રોણ લઢતા અટકશે એવો સભવ હોવાથી ? પરતુ એવો સભવ હોય જ શી રીતે, એ સવાલ થાય છે, કારણ અશ્વત્થામા અમર છે તે દ્રોણ જાણતા હતા છતા એ વાત અસ્વાભાવિક છે એમ ગણી, આપણે આગળ છોડી દીધેલી. સામાન્ય માણસના જેટલી બુદ્ધિ જો કૃષ્ણમા હોય તો કદિ પણ તે

એવી સલાહ આપે નહિ, કારણ દ્રોણ હોય કે તેની જગ્યાએ બીજુ ગમે તે હોય, છતા આત્મહત્યા કરવા તૈયાર થતા પહેલા તે માણસ પોતાની તરફના કોઈ માણસને સ્વાભાવિક રીતે પૂછે કે અશ્વત્થામા મરાયો છે કે નહિ ? વળી અશ્વત્થામાની ભાળ કાઢવા પણ કોઈને મોકલે કે નહિ ? તેમ તે કરે તેવો સપૂર્ણ સભવ હતો, અને જો તેમ થાય તો બધી લુચ્ચાઈ તરત પકડાઈ આવે

એ વૃત્તાન્ત તેથી પહેલુ તો પ્રક્ષિપ્ત અને પછી ખોટુ લાગે છે તેમ એમ પણ આપણે કહી શકતા નથી કે ઋષિના વચનોને લીધે દ્રોણે અસ્ત્ર છોડી દીધા, એ વાત સાચી છે ઋષિઓ એ પ્રમાણે લઢાઈના મેદાનપર આવે એ બનવા જેવી વાત નથી, માટે તે પણ આપણે છોડી દઈ શકીએ છીએ આ બધી હકીકતમા બનવા જેવી વાત માત્ર એટલી જ હોઈ શકે કે દ્રોણે અધર્મનુ કામ કરેલુ ને ભીમના તીવ્ર તિરસ્કારને લીધે તેમના મનમા પણ એમ આવેલુ કે મે ખોટુ કામ કર્યું છે યુદ્ધ છોડી જવુ તે પણ બની શકે તેમ હતુ નહિ, કારણ કે તેને લીધે અકુશળતા—ગેરઆવડત—અને આફતના વખતમા દુર્યોધનનો પરિત્યાગ, એ બે દોષથી તેમને દૂષિત થવુ પડે, તેથી મરવુ જ, એમ પોતે નક્કી કર્યું હોય એમ પણ બની શકે તે અરસામા વખતે એવી વાત લોકોમા ચાલતી હોય અને તેના ઉપર મહાભારતનો પહેલો સ્તર રચાયો હોય જો તેમ હોય તો તે પણ બરાબર નથી, કારણ સાચી હકીકત તો એ જ હોવી જોઈએ કે દ્રોણ દ્રુપદના પુત્રને હાથે મરાયલા હવે પછીની હકીકત ઉપરથી પણ તેમ જ સમજાય છે પ્રતાપી પાંચાલ વશને બ્રહ્મહત્યાના પાપમાથી ઉગારવા પાછળથી આવી આવી નાના પ્રકારની વાતો રચાયલી હોવી જોઇએ

(૪) હવે અનુક્રમણિકાધ્યાય અને પર્વસગ્રહાધ્યાયમા શુ છે તે જોઇએ અનુક્રમણિકાધ્યાયમા ધૃતરાષ્ટ્રનો વિલાપ છે, તેમા છે કે,

यदाश्रौषं द्रोणमाचार्यमेकं धृष्टद्युम्नेनाभ्यातिक्रम्य धर्मम् ।
रथोपस्थे प्रायगत विशस्तं तदा नाशंसे विजयाय सजय ॥

"એટલે હે સજય, જ્યારે મે સાભળ્યુ કે અનશન વ્રત લઈ મૃત્યુની

રાહ જોતા બેઠેલા દ્રોણાચાર્યને ધૃષ્ટદ્યુમ્ને ધર્મનુ ઉલ્લઘન કરી, રથ ઉપર ચઢી જઈ મારી નાખ્યા ત્યારે જય થશે તેની મને આશા રહી નહિ, " તેથી અહીં પણ જણાય છે કે દ્રોણને મારવાનો અધર્મ ધૃષ્ટદ્યુમ્ન સિવાય કોઈ બીજાએ કર્યો નથી ધૃષ્ટદ્યુમ્નનો અપરાધ એટલો કે અનશન વ્રત લઈ મૃત્યુની રાહ જોતા બેઠેલા વૃદ્ધને તેણે માર્યા. એ પ્રમાણે દ્રોણાચાર્યે પ્રાયોપવેશન કરવાનુ કારણ આ જગ્યાએ કહેવામા આવ્યુ નથી યુધિષ્ઠિરના વચનથી કે ભીમના તિરસ્કારથી, કે ઋષિઓના કહેવાથી દ્રોણ એ પ્રમાણે અન્નપાન છોડી બેઠા તે કઈ જણાવેલુ નથી. આની પાછળ કહ્યુ છે કે, પછી શ્રમિત થવાથી તેમનો વધ થયો જેનુ મૃત્યુ પાસે આવેલુ છે એવા બ્રાહ્મણે આ પ્રાયોપવેશન વ્રત લેવુ એ ઉચિત છે.

(૫) પર્વસગ્રહાધ્યાયમા માત્ર એટલુ જ છે કે-**द्रोणे युधि नि-पातिते** " 'દ્રોણ યુદ્ધમા પડયા, એટલે હાથી મરાયાની વાત નથી જો તે હકીકત સાચી હોત તો જરૂર તેને વિષે અહિ ઈશારો કર્યો હોત અભિમન્યુ યુદ્ધમા અધર્મથી મરાયો તે પ્રસગ છે, તેથી દ્રોણની વાત પણ ખરી હોત તો એમા હોત પરતુ એ બનાવટ તે વખતે ઉભી થઈ નહિ હોય, તેથી દાખલ થયલી નહિ.

(૬) આ સિવાય દ્રોણપર્વના સાતમા અને આઠમા અધ્યાયમા દ્રોણયુદ્ધનુ સક્ષિપ્ત વર્ણન છે, તેમા પણ આ ઠગાઈની હકીકત નથી, માત્ર એટલુ જ છે કે ધૃષ્ટદ્યુમ્ને દ્રોણને માર્યો માટે એમ લાગે છે કે જ્યારે એ અધ્યાય લખાયો હશે ત્યારે પણ એ વાત જોડી કઢાઈ નહિ હોય

(૭) આશ્વમેધિક પર્વમા છે કે જ્યારે કૃષ્ણ પાછા દ્વારકા ગયા ત્યારે વાસુદેવે તેમને કહ્યુ કે મને યુદ્ધની હકીકત સભળાવો શ્રી કૃષ્ણે ટૂકામા વર્ણન કરી સભળાવ્યુ તેમા આ બાબત વિષે તો એટલુ જ કહ્યુ કે દ્રોણ અને ધૃષ્ટદ્યુમ્નને પાચ દિવસ યુદ્ધ થયુ તેમા આખરે દ્રોણ લઢાઈના શ્રમથી ઘણા થાકી ગયા, અને તેથી ધૃષ્ટદ્યુમ્નને હાથે મરાયા આ જ હકીકત સાચી લાગે છે, અને જુવાન જોડે યુદ્ધ કરતા વૃદ્ધ માણસ થાકી ગયા તેથી તેમણે યુદ્ધ કરવુ છોડી દીધુ, એ જ તેમના વધનું ખરૂ કારણ હશે બીજુ બધુ માત્ર કવિકલ્પનાજનિત સમજવુ અને

તેમ સમજવાને માટે આપણે આ સુદ્ધા સાત સાબિતિઓ જોઈ છે, છતા એ કલ્પનામા એ આખી ઠગાઈમા પ્રવર્તક તરીકે કૃષ્ણને હોમવાનુ કરાણ શુ હશે, તે આગળ જણાવ્યુ છે જેમ જ્ઞાન ઇશ્વરદત્ત છે, તેમ અજ્ઞાન તથા ભ્રાન્તિ પણ તેવા જ છે જયદ્રથવધ વખતે કવિએ બતાવ્યુ છે કે ભ્રાન્તિ ઇશ્વરપ્રેરિત છે, ઘટોત્કચવધ વખતે તેણે દેખાડયુ છે કે જેમ બુદ્ધિ તેમ દુર્બુદ્ધિ પણ ઇશ્વર જ આપે છે, તેમ દ્રોણવધમા બતાવે છે કે સત્ય અને અસત્ય બને ઇશ્વરના આપેલા છે

પછી નારાયણાસ્ત્રમોક્ષપર્વાધ્યાય છે તેનુ વર્ણન સક્ષેપમા કર્યુ છે તે વિસ્તારીને અવલોકવાની જરૂર નથી, કારણ તે અસ્વાભાવિક છે, અને તેથી છોડી દેવા લાયક છે, છતા તેમા એક રહસ્યની વાત રહેલી છે.

દ્રોણ પડયા તેથી અર્જુન પોતાના ગુરૂને માટે બહુ શોકથી ગળગળો થઈ ગયો જૂઠુ બોલી પોતાના ગુરૂનો વધ કરાવવા માટે તેણે યુધિષ્ઠિરનો બહુ તિરસ્કાર કર્યો, અને ધૃષ્ટદ્યુમ્નની નિદા કરી યુધિષ્ઠિર ભલા માણસ હોવાથી કાઈ બોલ્યા નહિ, પણ ભીમે તો અર્જુનને ખૂબ વાતો સભળાવી, ધૃષ્ટદ્યુમ્ને પણ તેને છોડયો નહિ, તે ઉપરથી અર્જુનના શિષ્ય યદુવશી સાત્યકીએ તેનો પક્ષ લઈ ધૃષ્ટદ્યુમ્નને ઘણી ગાળો દીધી, તેણે તેને તે વ્યાજ સાથે પાછી આપી, તેથી બને જણા એક બીજાનો વધ કરવા તત્પર થઈ ગયા કૃષ્ણના કહ્યાથી ભીમે તથા સહદેવે તેમને ઠડા પાડયા અત્રે એ વિષય વિષે બોલવાની મતલબ એ છે કે દ્રોણને માર્યા એ બરાબર હતુ કે નહિ, તેટલી જ બાબત ઉપર તકરાર ચાલતા બે પક્ષ બધાઈ ગયા, પણ તેમાથી એક પણ પક્ષે કૃષ્ણનુ નામ તે સબધે સારા કે નરસા માટે દીધેલુ નહિ, કોઈએ એવો શબ્દ પણ ઉચ્ચારેલો નહિ કે કૃષ્ણને લીધે એ કામ થયુ હતુ, માટે જો મહાભારતની આ સઘળી હકીકત એક હાથે લખાઈ હોત તો કદિ એમ થાત જ નહિ કૃષ્ણનુ નામ વચમા ગવાઈ જ જાત, પણ જ્યા જૂદે જૂદે હાથે એક ગ્રથ લખાય ત્યા આવી ખામીઓ રહી જ જાય.

પ્રકરણ ૬ ઠું

કૃષ્ણે કહેલુ ધર્મતત્ત્વ

જે કવિએ અશ્વત્થામાના વધ વિષેના સવાદનુ વૃત્તાન્ત રચ્યુ છે તેણે અર્જુનને બહુ જ ઉચુ સ્થાન આપ્યુ છે કૃષ્ણ, યુધિષ્ઠિર, અને ભીમ કરતા પણ તેની ધાર્મિકતા વિશેષ હોય તેમ બતાવ્યુ છે, કારણ, જે જૂઠુ બોલવાનુ ઉપાસન કૃષ્ણે કરી આપેલુ, જે જૂઠુ બોલવા આખરે યુધિષ્ઠિર અને ભીમે હા કહી, તેવુ જૂઠાણુ ચલાવવા અર્જુને ના કહી અને તેટલા માટે યુધિષ્ઠિરને પોતે ઠપકો સુદ્ધા આપ્યો આમ છતા હવે જે પ્રસગ આપણે અવલોકવાનો છે તેમા અર્જુનને બહુ જ લુચ્ચો અને ઠગારો હોય તેવો બતાવ્યો છે, અને માત્ર કૃષ્ણ પાસેથી ઉપદેશ મેળવીને સાચો રસ્તો તેણે પકડયો હોય તેમ દર્શાવ્યુ છે એ હકીકત નીચે પ્રમાણે છે —

દ્રોણના પછી દુર્યોધનનો સેનાપતિ કર્ણ થયો, તેના યુદ્ધને લીધે પાંડવોનું લશ્કર ખળભળી ઉઠયુ દુર્ભાગ્યથી દોરાઈ યુધિષ્ઠિર પોતે તેની સામે લઢવા ગયા, ત્યા કર્ણે તેમને એટલા તો પજવ્યા કે યુધિષ્ઠિરને બીકના માર્યા લઢાઈનુ મેદાન છોડી પોતાની છાવણીમા આવી છૂપાઈ સુઈ રહેવુ પડયુ અર્જુન લઢાઈમા ફાવેલો હોવાથી યુદ્ધક્ષેત્ર ઉપર યુધિષ્ઠિરને ન જોવાથી ફિકરમદ થઈ તેને શોધવા છાવણીમા ગયો, પરતુ તે વખતે કર્ણ મરાયલો નહિ યુધિષ્ઠિરે જ્યારે એમ સાભળ્યુ કે હજુ પણ કર્ણ જીવતો છે, ને અર્જુને તેને માર્યો નથી, ત્યારે બહુ ગુસ્સે થઈ અર્જુન ઉપર ઉતરી પડયા. બીકણ માણસનો સ્વભાવ જ એવો હોય છે કે જે વાત પોતાનાથી બની શકે નહિ, તે જો બીજા ન કરી આપે તો તેના ઉપર ગુસ્સે થઈ જવુ, તેથી યુધિષ્ઠિરે અર્જુનને બહુ વાતો સભળાવી અને કહ્યુ કે જ્યારે તુ પોતે પણ લઢાઈમાથી ભયને લીધે પાછો આવતો રહ્યો છે, ત્યારે તારૂ ગાંડીવ ધનુષ્ય કૃષ્ણને આપી દે.

એ વાત સાભળતા જ અર્જુન તરવાર લઈ યુધિષ્ઠિરને મારવા તૈયાર થયો. કૃષ્ણે કારણ પૂછયુ, ત્યારે કહ્યુ કે " મારૂ એવુ વ્રત છે કે

જે માણસ મને એમ કહે કે તારૂ ગાંડીવ ધનુષ્ય* ફલાણાને આપી દે, તો તેમ કહેનારનુ માથુ મારે કાપી નાખવુ તમારા દેખતા જ મહારાજ યુધિષ્ટિરે મને એમ કરવાનુ કહ્યુ છે માટે આ, ધર્મથી કાયર રાજાનો વધ કરી હુ મારી પ્રતિજ્ઞા પાળીશ, અને સત્ય પાળવાના ઋણમાથી છૂટી નિશ્ચિત થઇશ "

આ વાત મૂઢ તેમ જ પાખડી માણસના મોઢામાથી નીકળે, અર્જુન જેવાના મોઢામાથી નહિ ગાંડીવ કોઈ ને આપી દો, એમ કહે ને માણસનુ ખૂન કરવુ, એવી પ્રતિજ્ઞા લેનાર માણસ મૂઢ જ હોઈ શકે વળી પોતાનો મોટો ભાઈ ઉત્તેજન આપવા–પાનો ચઢાવવા કાઈ વાત કહે તેટલા માટે તેનો વધ કરવા તૈયાર થવુ, એ મૂર્ખ માણસનુ લક્ષણ કહેવાય પરતુ ખરૂ જોતા એ હકીકતમા એક મોટુ રહસ્ય રહેલુ છે, તેની મીમાસા વિસ્તારીને કૃષ્ણે કહી છે, તેથી આ વાતનો પ્રસગ આપણે અત્રે લેવો પડયો છે

રહસ્ય એ છે કે સત્ય એ જ પરમ ધર્મ છે, ને તે બતાવવાનો એ વાતનો આશય છે જો અર્જુન પ્રતિજ્ઞા પ્રમાણે યુધિષ્ઠિરનો વધ ન કરે તો તેણે સત્ય છોડયુ કહેવાય અર્જુને તેથી કૃષ્ણને પૂછ્યુ કે સાચ જાળવવા માટે મારે યુધિષ્ઠિરને મારવા એ મારૂ કર્તવ્ય ખરૂ કે નહિ? તમારો અભિપ્રાય શો છે! મારી ફરજ આ ક્ષણે શી છે?

કૃષ્ણે શો જવાબ દીધો તે જોતા પહેલા દરેક વાચક એ પ્રશ્નનો ઉત્તર પોતે જ આપી જોશે તો વધારે ઠીક પડશે ઘણુ ખરૂ બધાઓનો એવો જ મત થશે કે આવી સાચવટ જાળવવા યુધિષ્ઠિરને મારવા એ અર્જુનની ફરજ કહેવાય નહિ કૃષ્ણે પણ એ જ ઉત્તર આપેલો પરતુ યુરોપી નીતિ શીખેલા હાલના પડિતો જે કારણને લીધે એવો જવાબ આપે તે કારણને લીધે કૃષ્ણે તે જવાબ આપેલો નહિ, કારણ તે તો આપણી પ્રાચીન હિન્દુસ્તાનની નીતિના અનુયાયી હતા, અને તેથી તેમણે તેને જ અનુસરીને જવાબ આપેલો

---

* આ ધનુષ્ય અર્જુનને દેવતાઓએ આપ્યુ હતુ, તેનો નાશ કોઈનાથી થઈ શકે તેવુ નહતુ, તથા જૂદી જૂદી જાતના ધનુષ્યોમા એ બહુ ભયકર કહેવાતુ

અર્જુનને એ તત્ત્વ સમજાવવા કૃષ્ણે જે લબાણુથી સવાદ કરેલો તેનો માત્ર મર્મ—તેની મતલબ જ—અત્રે આપી છે, અને જ્યા તકરારી વિષય લાગે ત્યા જ ઉતારા કર્યા છે

અહિંસા પરમ ધર્મ, એ તેમની કહેલી મુખ્ય વાત છે આ નિયમ અમલમા મૂકતા પહેલી મુશ્કેલી એ આવે છે કે બધી જગ્યાએ અહિસા એ ધર્મ ગણી શકાય નહિ, અને બીજી એ કે કૃષ્ણે પોતે જ ગીતાપર્વાધ્યાયમા અર્જુનને જે ઉપદેશ આપી યુદ્ધમા ઉતરવા તૈયાર કર્યો તે ઉપદેશથી એ નિયમ વિરૂદ્ધ જાય છે

હવે અહિસા તત્ત્વનો યથાર્થ મર્મ જે માણસ સમજતો નથી તેને જ મન પહેલી મુશ્કેલી ખડી થાય છે એ તત્ત્વનો અર્થ એવો નથી કે બધી જ વખતે કોઈ પણ રીતે પ્રાણીહિસા કરવી તે અધમ ગણાય. ખરૂ જોતા તો પ્રાણીહિસા વિના આપણાથી એક ક્ષણ માત્ર પણ જીવાય નહિ, અને પ્રાણીહિસા એ એક રીતનો ઇશ્વરી નિયમ છે દાખલા તરીકે પાણીના એક ઘુટડામા સૂક્ષ્મદર્શક યત્ર વડે દેખાય એવા હજારો ઝીણા ઝીણા જતુઓને આપણે પેટમા ઉતારી દઇએ છીએ, શ્વાસોચ્છ્વાસ લેતાં તેવા જ અસખ્ય નાના જતુઓ દમમા લઇએ છીએ, ચાલતા દરેક પગલે તેવા હજારો જતુઓને આપણે કચડી નાખીએ છીએ, ભાજીના એક પાતરા જોડે, અથવા એક નાના સરખા રીંગણાના શાકમા હજારો નાના જીવડાઓને આપણે રાધી નાખીએ છીએ કોઈ એમ કહેશે કે એ પ્રાણીહિસા તો આપણે અજ્ઞાન હોવાથી કરીએ છીએ માટે તેમા કોઈ પ્રકારનુ પાપ નથી. તો તેનો જવાબ એ છે કે જાણી જોઇને પણ પ્રાણીહિસા કર્યા સિવાય આપણાથી આપણો જીવ બચાવી શકાય જ નહિ આપણા ઘરમા કે બીછાનાતળે ઝેરી સાપ કે વીંછી હોય તેને જો આપણે મારી ન નાંખીએ તો તે આપણને મારી નાખે આપણને પકડી કોળીઓ કરવા જે વાઘ તૈયાર થઈ ઉભો હોય તેનો જો વધ ન કરીએ તો તે આપણો જીવ લે આપણુ ખૂન કરવા નક્કી વિચાર કરી હાથમા હથીઆર લઈ જે શત્રુ ઉભો હોય તેનો આપણે નાશ ન કરીએ તો તે આપણો નાશ કરે. હાથમા કટાર લઈ આપણા પરનુ સર્વસ્વ લૂટી જવા જે ચોર રાત્રે

ઘરમા ભરાયો હોય, તેના હાથમાથી બચવાનો ઉપાય તેને મારી નાખવા સિવાય જો બીજો ન હોય તો તેને મારવો એ જ આપણી ફરજ છે જે કોઈ ઇનસાફ કરનારની સમક્ષ ખૂનીનુ ખૂન સાબિત થયુ હોય, અને તેને ફાસીની સજા જ કાયદા પ્રમાણે ઘટતી હોય તો ધર્મ એમ જ કહે છે કે તેને સબધે તેવો જ હુકમ કરવો તે જ પ્રમાણે જેનો વધ કરવો ગોગ્ય હોય તેનો વધ કરવાની જવાબદારી જે રાજાને માથે હોય, તેનો ધર્મ છે કે તેણે તે માણસનો વધ કરવો જ જોઇએ. સિકદર, મહમૂદ ગઝનવી, એટીલા, ચગીઝ, તૈમૂર, નાદર, બીજો ફ્રેડરીક અને નેપોલીઅન, એમના જેવા પારકાનુ પડાવી લેવા અને પર-રાજ્યો લઈ લેવા તૈયાર થયલા રાજાઓ હજારો કેળવાયલા લૂટારાઓને લઇ પારકા રાજ્યોમા દાખલ થઈ જાય છે, તેવા જો લાખો માણસો હોય તો પણ તેમાના દરેકે દરેકનો વધ કરવો એવી ધર્મની આજ્ઞા છે અહિ હિસા એ જ ધર્મ કહેવાય છે

એથી ઉલટુ, આકાશમા ઉડતુ પક્ષી હોય, તેનો ભોજન માટે યા શિકાર માટે નાશ કરવો, એ અધર્મ છે પોતાનો ખોરાક શોધવા મીઠા પદાર્થ ઉપર જે માખી ભમતી હોય, તેને પકડી રમતીઆળ છોકરા મારી નાખે છે, એ અધર્મ છે જે હરણ કે જે કૂકડો આપણી માફક આ દુનીયામા જીવનયાત્રા કરવા આવ્યા છે, તેનો વધ માત્ર પેટના પોષણને અર્થે કરવો તે અધર્મ છે જેમ આપણે વાયુ, હવામા જીવીએ છીએ, તેમ માછલા પાણીમા જીવે છે, માટે તેને પકડી ખાવા, એ પણ અધર્મ છે

તેથી અહિસા પરમધર્મ એ વાકયનો ખરો અર્થ એ જ છે કે ધર્મ્ય–ધર્માનુસારી પ્રયોજનને માટે જે હિસા કરવી પડે તે કરવી, તે સિવાયની હિસા ન કરવી તે જ પરમ ધર્મ હિસા કરનારથી છૂટવા માટે જે હિસા કરે તે અધર્મ ન કહેવાય, તે તો ઉલટો ધર્મ કહેવાય. એ વાત ચોખ્ખી કરી સમજાવવા માટે કૃષ્ણે અર્જુનને બલાકનો ઇતિહાસ સભળાવેલો, જેનો સારાશ એ હતો કે બલાક નામના એક શિકારીએ હજારો માણસ મારી નાખનાર એક જગલી પ્રાણીને મારી નાખ્યુ, તે ઉપરથી "તેના

ઉપર આકાશમાથી પુષ્પવૃષ્ટિ થઇ, અપ્સરાઓ મનોહર ગીત ગાવા માડયા અને તે પારધીને સ્વર્ગમા લઈ જવા વિમાન આવી ઉભુ " શિકારીનુ પુણ્ય એટલુ જ કે તેણે હિસા કરનાર પ્રાણિની હિસા કરી

અહિસા પરમ ધર્મ ઉપરના અર્થમા સમજવાનો છે. હવે ધર્મ્ય-એટલે યોગ્ય કારણુ વિના હિસા કરવી નહિ, એ નિયમને લીધે બહુ ગુચવાડો ઉત્પન્ન થાય છે, અને ખરૂ જોતા લાખો વખત થયા દુની-આમા એ ગુચવાડો ચાલતો આવે છે કારણુ ધર્મ્ય પ્રયોજન શાને કહેવુ? ધર્મ શાને કહેવો? એ સવાલોનો નિર્ણુય કરવો બાકી જ રહે છે ખ્રિસ્તી કેથોલીક ધર્મનુ inquisition ધર્મ્ય પ્રયોજન માટે જ છે, એવે બ્હાને કરોડો માણુસને પાદરીઓએ જમપુરીમા મોકલેલા, સેન્ટ બાર્થેલોમ્યુની કતલ તે પણુ ધર્માર્થે જ થયલી, ધર્મને ખાતર જ ક્રૂઝેડની લઢાઇથી પૃથ્વી માણુસના લોહીથી ખરડાયલી, અને ધર્મનો વિસ્તાર કરવા માટે જ મુસલમાનોએ લાખો માણુસોનો સહાર કરેલો ખરૂ જોતા તો ધર્મ્ય પ્રયોજનને માટે પોતે કામ કરે છે, એવી ભ્રાન્તિમા પડી માણુસે જેટલા જીવોનો પ્રાણુ લીધો છે તેટલો બીજા કોઈ કારણુને લીધે કોઇએ લીધો નથી

અર્જુનના મનમા પણુ આ વખતે એ જ ભ્રાન્તિ ઉઠેલી તેના મનમા એમ આવ્યુ કે મારૂ સત્ય જાળવવા માટે યુધિષ્ઠિરનો પ્રાણુ લેવો જ મારે યોગ્ય છે, તેથી અહિસા પરમધર્મ એટલો જ તેને ઉપદેશ આપ્યાથી તેના મનની ભ્રાન્તિ દૂર થાય એવુ નહતુ, તેથી કૃષ્ણે બીજો ઉપદેશ પણુ આપ્યો

આ ઉપદેશ એ હતો કે જરૂર પડે એક વખત જૂઠુ બો-**લવું પડે તો બોલવુ, પરતુ કોઈ પણુ વખત પ્રાણીહિસા કરવી, એ આપણો ધર્મ નથી.*** એનુ તાત્પર્ય એ કે સત્ય અને

---

* મૂળ સસ્કૃત શ્લોક, જેનો ભાવાર્થ આ વાક્ય છે, તે નીચે મુજબ છેઃ

प्राणिनामवधस्तात सर्वज्यायान्मतो मम ।
अनृता वा वदेद्वाचं न तु हिंस्यात् कथञ्चन ॥

આ ઉપરથી જણાશે કે "અહિંસા પરમ ધર્મ" એ વાક્ય ઉપલા

અહિસા એ બે મધ્યે અહિસા વધારે શ્રેષ્ઠ ધર્મ છે જેમ કે, જૂદી જૂદી જાતના પુણ્યો કરવા તે પણ ધર્મ કર્યો કહેવાય છે, જેવા કે દાન, તપ, દેવભકિત, સત્ય, શૌચ, અહિસા, વગેરે હવે એ બધા એક સરખા દરજ્જાના હોઈ શકે નહિ કોઈ એક બીજાના કરતા વિશેષ પણ હોય, શૌચનુ માહાત્મ્ય કે દાનનુ માહાત્મ્ય તે સત્યના કે અહિસાના માહાત્મ્ય બરાબર ગણી શકાય ? ન ગણાય, અને તેના વચ્ચે ફેર હોય તો તેમા સર્વેથી શ્રેષ્ઠ કયુ ? કૃષ્ણ કહે છે કે અહિસા, સત્યનો દરજ્જો તેનાથી ઉતરતો છે

હાલ આપણે યૂરોપી એટલે પશ્ચિમ દિશાના રહેવાશીના શિષ્ય થયા છીએ, અને આ હકીકત સાભળી કપી ઉઠીએ છીએ, કારણ તે લોકો–પાશ્ચાત્યો–તો એમ જ કહે છે કે કોઈ પણ વખતે જૂઠુ તો બોલાય જ નહિ તે વાત ખરી હશે, પરતુ ને પ્રશ્નનો નિકાલ અહિ કરવાનો નથી યૂરોપીઅનોમા પણ કોઈ એમ કહેનાર ભાગ્યે જ નીકળશે કે એક જૂઠુ બોલનાર માણુસ તે એક ખૂનીના કરતા વધારે પાપી ગણવો જોઈએ યા તો ખૂની ને જૂઠો બને સરખા દરજ્જાનુ જ પાપાચરણ કરે છે તે લોકોનો એવો અભિપ્રાય નથી, તેની સાબીતી તેમના ગુન્હેગારોને શિક્ષા કરવાના કાયદા જ છે આને લીધે કૃષ્ણના ઉપદેશ અને પાશ્ચાત્ય શિષ્ટોના અભિપ્રાયમા મતભેદ હોવાનુ કાંઈ કારણ દેખાતુ નથી, કારણ આપણે તો માત્ર પાપના તારતમ્યની વાત કરીએ છીએ. ખરૂ જોતા કોઈ પણ વખતે કોઈ પણ અધર્મનુ કામ કરવુ જોઈએ નહિ, ન માણુસની હિસા કરવી, ન તો જૂઠુ બોલવુ પરતુ કૃષ્ણના ઉપદેશનુ ફળ એ છે કે, છતા જો કોઈ માણુસ એવી મુસ્કેલીમા આવી પડે કે કા તો તેને જૂઠુ બોલવુ પડે, નહિ તો કોઈ માણુસનો તે બદલ જીવ લેવો પડે, તો તેણે જૂઠુ બોલવુ, પણ માણુસની હત્યા કરવી નહિ. તેમ છતા એવો કોઈ ધર્માત્મા નીતિજ્ઞ નીકળે કે જે કહે કે બસ હું

શ્લોકનો બરાબર તરજુમો નથી "મારા અભિપ્રાય પ્રમાણે પ્રાણીઓની અહિસા સર્વ કરતા શ્રેષ્ઠ છે," એવો તેનો અર્થ છે, પરતુ બને અર્થોમા બહુ ફેર નથી.

તો માણુમ માગીશ, પણુ જૂઠુ નહિ બોલુ, તો તેને તો બીજો શો જવાબ દેવો? માત્ર એટલુ જ કહીશુ કે તારો ધર્મ તને મુબારક, અમારા હિન્દુસ્તાનમા તે જોઇતો નથી

કૃષ્ણુનો આવો અભિપ્રાય હતો જો અર્જુન તે પ્રમાણે ચાલે તો ભાઇનો જીવ લેવાના પાપમાથી બચવાને માટે તેને તે યોગ્ય ઉપાય હતો, પરતુ અર્જુન એવો સવાલ ઉઠાવે કે, એ તો માત્ર તમારો પોતાનો અભિપ્રાય છે, પરતુ લોકોમા સાધારણુ રીતે ચાલતો ધર્મ કેવો છે? જો વાત તમારા અભિપ્રાય પ્રમાણે બરાબર હોય, પરતુ લોકો તેને તેવી ન ગણુતા હોય તો તમારા કહ્યા પ્રમાણે ચાલ્યાથી લોકોમા તો મને સત્ય છોડનારા પાપાત્મા તરીકે બટ્ટો બેસે આવા કારણુને લીધે પોતાનો અભિપ્રાય જણાવ્યા પછી કૃષ્ણુ લોકોમા ચાલતો ધર્મ પણ કહી બતાવે છે તેણે કહ્યુ "હે ધનજય! કુરૂપિતામહ ભીષ્મ, ધર્મરાજ યુધિષ્ઠિર, વિદુર અને યશસ્વિની કુન્તિએ જે ધર્મરહસ્ય કહ્યુ છે, તે હવે હુ તને કહી બતાવુ છુ, માટે તે સાભળ'

સાધુ માણુસો જ સાચી વાત કહે છે, સત્યથી શ્રેષ્ઠ બીજુ કાઈ નથી* સત્યત્વ બહુ દુર્જ્ઞેય છે "સાચુ બોલવુ એ જ અવશ્ય કર્તવ્ય છે" આમા સ્થૂલ નીતિ શુ તે જ માત્ર કહ્યુ છે હવે શુ તજવુ તે એટલે વર્જિત તત્વ કહે છે

"પરતુ જ્યા અસત્ય સત્ય સ્વરૂપ જેવુ હોય, અને સત્ય અસત્ય સ્વરૂપ જેવુ હોય, ત્યા અસત્ય બોલવાથી દોષ લાગતો નથી."

કોઈ પૂછશે કે વળી એવુ કોઈ વખતે બને પણ ખરૂ કે ખોટુ સત્યસ્વરૂપ હોય અને સત્ય મિથ્યાસ્વરૂપ હોય? એનો જવાબ આગળ જતા આપીશુ કૃષ્ણુ કહે છે કે,

---

*"न सत्याद्विद्यते परम्" આગળ કૃષ્ણે કહ્યુ છે કે "प्राणिनामवधस्तात सर्वज्यायान्मतो मम।" આ બે મત એક બીજાથી ઉલટા છે, તેનુ કારણુ એ છે કે, એક કૃષ્ણુનો પોતાનો મત છે, અને બીજો ભીષ્મ વગેરેએ કહેલો તે વખત ચાલતી ધર્મનીતિ પ્રમાણેનો મત છે.

" વિવાહ, રતિક્રીડા, પ્રાણ જવાનો સમય અને સર્વસ્વ લૂટાવાની વખતે તેમ જ બ્રાહ્મણને નિમિત્તે બ્રાહ્મણના રક્ષણ માટે જૂઠુ બોલવાથી પાપ થતુ નથી "

આ વાક્ય વાચી તેના આપેલી સલાહ ઘણાઓ તકરારી ગણશે, પણ તે તકરારનો વિષય દૂર રાખી એનુ મૂળ આપણે તપાસીએ મૂળમા આને વિષે બે શ્લોક છે –

(१) प्राणात्यये विवाहे च वक्तव्यमनृतं भवेत् ।
सर्वस्वस्यापहारे च वक्तव्यमनृतं भवेत् ॥

(२) विवाहकाले रतिसम्प्रयोगे प्राणात्यये सर्वधनापहारे ।
विप्रस्य चार्थे ह्यनृतं वदेत पञ्चानृतान्याहुरपातकानि ॥

આ બે શ્લોકનો અર્થ એક જ થાય છે. માત્ર પહેલામા બ્રાહ્મણને વિષે કાઈ નથી એટલો જ ફેર છે તેથી વાચકના મનમા સહજ સવાલ ઉઠશે કે એક જ અર્થવાચક બે શ્લોક લખવાનો સબબ શો હશે ?

એનો જવાબ એ છે કે એ બને શ્લોક કોઈ બીજી જગ્યાએથી લીધેલા–એટલે Quotation–અવતરણવ છે, તે કૃષ્ણના પોતાના બોલ નથી સસ્કૃત ગ્રથોમા વારવાર એવુ જોવામા આવે છે કે બીજી ચોપડીઓમાથી વાક્યો લઈ તેમા લખેલા હોય છે, પરતુ સ્પષ્ટ રીતે તેમા એમ કહેલુ હોતુ નથી કે બીજા ગ્રથમાથી લીધેલો તે ઉતારો માત્ર છે મહાભારતના ગીતાપર્વાધ્યાયમાથી તેના ઉદાહરણ મળી આવે છે.

એ બે શ્લોક ઉતારા છે, એમ અનુમાનથી કહ્યુ નથી, કારણ બીજો શ્લોક તે વશિષ્ઠનુ જ વચન છે તે વશિષ્ઠના સોળમા અધ્યાયનો પાત્રીશમો શ્લોક છે મહાભારતના આદિપર્વના ૩૪૧–૨મા શ્લોકમા, જ્યા કૃષ્ણને તે પ્રસગે જોડે કાઈ સબધ નથી, ત્યા પણ સ્હેજસ્હાજ ફેરફાર સાથે એ શ્લોક દાખલ થઈ ગયલો છે

न नर्मयुक्तं वचनं हिनस्ति न स्त्रीषु राजन्न विवाहकाले ।
प्राणात्यये सर्वधनापहारे पञ्चानृतान्याहुरपातकानि ॥

અહીં ચાર સિવાય પાચમો પ્રસગ બતાવ્યો નથી, છતા વશિષ્ઠનુ વાક્ય " **पञ्चानृतान्याहुरपातकानि** છે. તેનુ કારણ કે એક

મોઢેથી બીજાને ને બીજાને મોઢેથી ત્રીજાને જતા જતા પ્રચલિત વચનોમા એવી વિકૃતિ સ્હેજ થઈ જાય છે

૧લો શ્લોક અને તેની પૂર્વેનો શ્લોક એમ બે શ્લોકો નીચે લખ્યા છે

(क) भवेत् सत्यमवक्तव्यं वक्तव्यमनृतं भवेत्।
(ख) यत्रानृतं भवेत् सत्य सत्यञ्चाप्यनृत भवेत्
(ग) प्राणात्यये विवाहे च वक्तव्यमनृत भवेत् ॥
(घ) सर्वस्वस्यापहारे च वक्तव्यमनृतं भवेत् ॥

નીચેનો શ્લોક મહાભારતના આદિપર્વમાથી (૧૩૮—૭૪ મો) લીધો છે તેને પણ કૃષ્ણ જોડે કાઈ સબધ નથી

(च) प्राणान्तिके विवाहे च वक्तव्यमनृत भवेत्।
(छ) अनृतेन भवेत् सत्यं सत्येनैवानृतं भवेत्।

આ ઉપરથી જણાશે કે (ग) ને (च) તેમ (ख) ને (छ) એકજ છે શબ્દો પણ લગભગ એકસરખા છે તેથી તે વખતમા ચાલતા પુરાતન વચન એ હોવા જોઇએ

હવે એ કૃષ્ણનો પોતાનો મત નહતો, તેમ પોતે તે પસદ કરે છે એમ પણ તેમનુ કહેવુ ન હતુ ભીષ્મ વગેરે પાસેથી જે પોતે સાભળેલુ તે જ કહે છે પોતાને એ નીતિ પસદ હો કે ન હો, પરતુ શા કારણથી તે વચન તેમને અર્જુનને સભળાવવા પડેલા તે આગળ કહ્યુ છે, માટે કૃષ્ણનુ ચરિત્ર અવલોકતા એ નીતિની યથાર્થતા કે અયથાર્થતા જોવાની જરૂર નથી છતા કૃષ્ણનો પોતાનો મત તો બાકી રહે છે જ કે, કેટલેક પ્રસગે સત્ય મિથ્યા અને મિથ્યા સત્ય હોય છે, અને તેવી જગ્યાએ જૂઠુ જ બોલવુ ઉચિત છે

હવે સાચુ જૂઠુ અને જૂઠુ સાચુ કદિ હોઈ શકે ખરૂ, તે જોવાનુ છે. આ વાક્યનો સ્થૂલ અર્થ એ છે કે જેને ધર્મ અનુમોદન આપે તે જ સત્ય કહેવાય, જેને અધર્મ અનુમોદન આપે તે અસત્ય કહેવાય ધર્મના અનુમોદનવાળુ કામ મિથ્યા ન હોય, અધર્મવાળુ સત્ય ન હોય, એટલે કે સત્યાસત્યનો નિર્ણય ધર્માધર્મ ઉપર આધાર રાખે છે

અને તેથી જ શ્રીકૃષ્ણ પહેલવહેલો ધર્માધર્મના નિર્ણય કરે છે ને તેમા ગીતાની ઉદાર નીતિના ગભીર શબ્દોનો પ્રતિઘોષ થતો આપણને સભળાય છે. તે કહે છે —

" ધર્મ અને અધર્મનો નિર્ણય કરવા માટે કેટલાક ખાસ લક્ષણો નક્કી થયલા છે કેટલેક સ્થાને માત્ર અનુમાન–તર્કથી–બિલકુલ દુર્બોધ એટલે ન સમજી શકાય તેવા–ધર્મનો નિર્ણય કરવો પડે છે '

યૂરોપમા પણ આથી વધારે ઉદાર નિયમ જોવામા આવતો નથી. વળી —

" ઘણાઓ શ્રુતિને ધર્મનુ પ્રમાણ ગણે છે, તેનો હુ દોષ કાઢતો નથી, પરતુ શ્રુતિમા સમસ્ત ધર્મતત્ત્વ નક્કી કરેલુ નથી, માટે જ ઘણી જગ્યાએ માત્ર અનુમાનથી ધર્મ નક્કી કરવો પડે છે "

આવી જ હકીકતને લીધે આજે પણ દુનીઆમા સત્ય ગેને કહેવુ તે બાબત ગુચવણ ચાલે છે, કારણ જે લોકો એમ કહે છે કે દેવવાણી–ઈશ્વરના વચન–પછી તે વેદ, કે કોરાન કે બાઈબલમા હો–તે જ ખરો ધર્મ છે, ને વચનોની બહારનુ જે કાઈ હોય તે ધર્મ ન કહેવાય–તે લોકોનો પક્ષ બહુ સબળ છે તેમનુ કહેવુ એ છે કે ધર્મ એ ઈશ્વરની વાણીએ નક્કી જ કરી આપેલો .છે, તેમા .અનુમાનને ઉભા રહેવાનુ સ્થળ જ નથી ખરૂ જોતા એ હકીકત મનુષ્ય જાતિની ઉન્નતિના રસ્તામા ખરેખરા કાટા રૂપ છે, આપણા દેશની વાત દૂર રાખીએ, તોપણ આજે યૂરોપમા પણ ઉન્નતિના માર્ગમા એ જ મત મુશ્કેલી નાખી ઉભો છે, તેમ આપણા દેશની પડતીનુ એક મુખ્ય કારણ પણ એ જ છે આજે પણ ભરતખડનુ ધર્મજ્ઞાન બધુ વેદ, મનુ અને યાજ્ઞવલ્ક્ય વગેરેની સ્મૃતિઓમા આવી રહેલુ છે, અને તેથી અનુમાનનો રસ્તો બધ થઈ ગયો છે આ જ કારણ લોકોની ઉન્નતિ થવામા મોટી મુશ્કેલી રૂપે આવી પડશે, એવુ દૂરદર્શી શ્રીકૃષ્ણ ઘણા પ્રાચીન કાળમા પણ પામી ગયા હતા અને તેથી હિન્દુઓનુ હાલનુ ધર્મજ્ઞાન જોઈ પીડિત થયલુ મન શ્રી કૃષ્ણને શરણ જવા ઈચ્છા કરે તો તેમા આશ્ચર્ય નથી.

પરતુ અનુમાનને પણ મૂળ જોઈએ, જેમકે અગ્નિ ન હોય

તો ધૂમાડો હોય નહિ એ મૂળ ઉપર અનુમાન કરી, આપણે સામેનો ધૂમાડાવાળો પર્વત અગ્નિવાળો છે એમ નક્કી કરીએ છીએ તેમ જ આવા અનુમાનને માટે પણ તેવા એક લક્ષણની જરૂર છે કે જે જોતા આપણને એમ લાગે કે અમુક કામ ધર્મરહિત કહેવાઈ શકે નહિ શ્રીકૃષ્ણ પોતે જ તે લક્ષણ કહે છે

" ધર્મ સર્વ પ્રજાને ધારણ કરે છે, અર્થાત્ તેની રક્ષા કરે છે, તેથી તેને ધર્મ કહે છે, **માટે જેના વડે જીવોનુ રક્ષણ થાય તેનુ જ નામ ધર્મ.** "

ધર્મનુ લક્ષણ કૃષ્ણે આ પ્રમાણે નક્કી કર્યું છે હાલના ફિલસુફો હર્બર્ટ સ્પેન્સર, બેન્થામ, મિલ વગેરેના શિષ્યો પણ એ મત કબૂલ રાખશે, પરતુ કેટલાકો એમ પણ કહેશે કે એ બહુ જબરો હિતવાદ—Utilitarian જાતનો ધર્મ થઈ ગયો કહેવાય તે વાત ખરી છે, પણ " ધર્મતત્ત્વ " નામના ગ્રથમા બતાવ્યુ છે તેમ ધર્મતત્ત્વ હિતવાદથી છૂટુ પાડી શકાય જ નહિ જગદીશ્વરની સાર્વભૌમિકતા તથા સર્વમયતાના લક્ષણમાથી જ એ અનુમાન નીકળે છે સાકડા ખ્રીસ્તી ધર્મ જોડે હિતવાદને વિરોધ આવી શકે ખરો, પરતુ જે હિન્દુ ધર્મમા એમ કહેલુ છે કે દરેક સરજાયલી ચીજમા ઈશ્વર રહેલો છે, તે ધર્મનો હિતવાદ એ એક ખરેખરો ભાગ છે, અને તેથી કૃષ્ણનુ ઉપલુ વાક્ય ધર્મનુ યથાર્થ જ લક્ષણ છે.

ધર્મનુ જેને અનુમોદન તે સત્ય, જેને તેનુ અનુમોદન નહિ તે અસત્ય, એમ આગળ કહ્યુ છે તેથી સર્વ લોકોનુ જેનાથી હિત થાય તે સત્ય કહેવાય, જેનાથી અહિત થાય તે મિથ્યા કહેવાય એ જ અર્થમા જેને લોકો સત્ય કહે તે ધર્મની આખે જોતા મિથ્યા હોઈ શકે, અને લોકો જેને મિથ્યા કહેતા હોય તે સત્ય હોઈ શકે અને તેથી તેવી જગ્યાએ મિથ્યા સત્યસ્વરૂપ અને સત્ય મિથ્યાસ્વરૂપ હોઈ શકે છે.

એના ઉદાહરણમા શ્રી કૃષ્ણ કહે છે કે, " કોઈ અમુક માણસને મારી નાખવા માટે એક માણસ કોઈ બીજા માણસને પૂછે કે તે માણસ ક્યા છે, તો **જેને સવાલ પૂછયો હોય તે માણસે ચૂપ-**

ટીદી પકડવી એ જ તેને ઉચિત છે. છતા જો તેને જવાબ આં-પવો જ પડે, તો તેણે જૂઠું બોલવુ જ ઉચિત છે એ જગ્યાએ જૂઠું સત્ય સ્વરૂપ કહેવાય છે ”

આ વાત કહેતા પહેલા તેની પ્રસ્તાવના તરીકે કૃષ્ણે અર્જુનને કૌશિકની કથા સભળાવેલી, તે એવી છે કે —

“ કૌશિક નામે એક બહુ ભણેલો તપસ્વી બ્રાહ્મણ પોતાના ગામથી બહુ આઘે નદીઓના સગમ પર વાસ કરી રહેતો હતો એ બ્રાહ્મણ હમ્મેશા પોતે લીધેલા વ્રત મુજબ સાચુ બોલતો, અને તે વખતના સત્યવાદી માણસ તરીકે જાણીતો થયલો હતો એક વખત કેટલાક મા-ણસો લૂટારાઓના ભયથી નાસતા નાસતા તે વનમા આવ્યા, તેમની પાછળ તેમને શોધતા શોધતા ક્રોધભરેલા લૂટારા પણ ત્યા આવી પહોચ્યા અને કૌશિકને જોઇને પૂછ્યુ કે, મહારાજ ! આણી તરફ કેટલાક મા-ણસો આવ્યા છે, તેઓ કયે રસ્તે ગયા છે તેની આપને ખબર હોય તો સાચેસાચુ કહો લૂટારાઓનો આ પ્રશ્ન સાભળી કૌશિકે પોતાની સાચવટ જાળવવા કહ્યુ કે કેટલાક માણસો આ ઝાડથી વીટાયેલા વનમા પેસી ગયા છે આ ઉપરથી તે ક્રૂર લૂટારાઓએ તે માણસોને શોધી કાઢી તેમને મારી નાખ્યા સૂક્ષ્મ ધર્મથી અજાણ એવો કૌશિક પણ સત્ય વાક્ય બોલવાને લીધે જે પાપ થયુ તેનો બદલો પામવા નરકમા પડયો ”

આમ કહેવાની મતલબ એ છે કે કૌશિકને ખબર હતી કે તેને સવાલ કરનારાઓ લૂટારા હતા અને તેઓ ન્હાસી ગયેલા માણસનો જીવ લેવા તેમની પાછળ લાગેલા હતા, કારણ જો તેને તે બાબતની ખબર ન હોય તો લૂટારાઓને જવાબ આપવામા તેણે પાપ કર્યું કહેવાય નહિ, અને જો જો ખબર હોય તો કૃષ્ણના કહેવા મુજબ સાચુ બોલી પાપ કર્યું કહેવાય આ વિષયમા પૂર્વ અને પશ્ચિમમા બહુ મતભેદ ચાલે છે યૂરોપીઅન શિક્ષકોના હાથ તળે આપણે શિખ્યા છીએ કે સત્ય નિત્ય છે, તે કોઈ દહાડો મિથ્યા—જૂઠુ થતુ નથી, અને જૂઠું કદિ પણ બોલવુ યોગ્ય નથી, માટે એ શિક્ષણ પામેલાઓ અલબત્ત કૃષ્ણના મતને નિંદનીય જ ગણે પરતુ

એવા નિદકોને આપણે એક જ સવાલ પૂછીશુ કે કૌશિકે આ ઠેકાણે શુ કરવુ જોઈતુ હતુ ? વખતે કોઈ કહેશે કે એનો જવાબ તો સહેલ છે, તેણે ચૂપ રહેવુ હતુ. કૃષ્ણે એ વાત તો આગળ કહી જ છે, માટે એ સબધે કાઈ મતભેદ નથી, પણ લૂટારાઓ કૌશિકને ચૂપ બેસી ન રહેવા દેતા તેને મારી ઠોકી તેની પાસેથી જવાબ કઢાવે તેનુ કેમ ? કેટલાક વળી જવાબ આપશે કે પીડા તો શુ પણ મોત પણ સહન કરી કૌશિકે ચૂપ જ રહેવુ જોઇતુ હતુ, એ પણ બરાબર છે, પણ સવાલ એટલો જ ઉભો રહે છે કે એની રીતનો ધર્મ પૃથ્વીપર સાધારણ રીતે ચાલી શકે ખરો ? સાંખ્ય દર્શનવાળા કપિલે કહ્યુ છે કે **नाशक्योपदेशविधिरुपदिष्टेऽप्यनुपदेशः** (અધ્યાય પહેલો, ૯ મુ સૂત્ર) આની રીતનો ધર્મપ્રચાર કરવો નિષ્ફળ જાય એવુ દેખાય છે, છતા ફળીભૂત થાય તો માણસ જાતનુ પરમ સૌભાગ્ય સમજવુ

આપણે તેટલા માટે વિચારવાનુ એ છે કે જ્યારે બોલવુ તો પડે જ, જવાબ તો દેવો જ પડે, ત્યારે શુ કરવુ ?

अवश्यं कूजितव्ये वा शङ्केरन् वाप्यकूजतः ।

આવુ હોય ત્યા શુ કરવુ ? સાચુ બોલીને જાણી જોઇને નરહત્યા કરવામા મદદગાર થઈ પડવુ ? જે એવી રીતે વર્ત્તવામા જ પોતાનો ધર્મ રહેલો સમજતો હોય તેનો ધર્મ યથાર્થ હોય કે અયથાર્થ હોય પણ નૃશસ–નિર્દય તો કહેવાય જ

આ મતથી ઉલટા અભિપ્રાયવાળા વખતે એમ કહેશે કે કૃષ્ણોક્ત નીતિનુ ફળ એક એ પણ થશે કે ખૂનીનો જીવ બચાવવા પણ જૂઠુ બોલવુ તે ધર્મ ગણાય એમ કહેનારા આ તત્ત્વ બરાબર સમજ્યા કહેવાય નહિ ખૂનીને સજા કરવી એ મનુષ્યજીવનના રક્ષણને માટે જરૂરનુ છે, કારણ જો તેમ ન થાય તો જેમ જેની મરજીમા આવે તેમ એક બીજાને મારી નાખે, માટે ખૂનીને સજા કરવી તે જ ખરો ધર્મ કહેવાય, તેનુ રક્ષણ કરવા જૂઠુ બોલવુ તે તો ઉલટો અધર્મ થાય,

કૃષ્ણનુ કહેલુ આ સત્યતત્ત્વ નિર્દોષ અને તે પ્રમાણે માણસોએ સાધારણ રીતે ચાલવા જેવુ છે કે નહિ તે કહેવાની અહિ જરૂર નથી,

કારણ માત્ર કૃષ્ણચરિત્ર સમજાવવા ખાતર જ તેના ઉપર આટલુ વિવેચન કરવુ પડયુ છે, છતા યૂરોપીઅનો જે કહે છે કે સત્ય સર્વદા સત્ય જ છે, હમ્મેશા સત્ય બોલવુ જોઇએ, સત્ય કદિ પણુ તજવુ નહિ, તે સબધે પણ કેટલોક વિચાર કરવાનો છે, કારણ જ્યા માણસનુ હિત થતુ હોય ત્યા જ સત્ય એ ધર્મ ગણાય, જ્યા હિતકારી નહિ ત્યા અધર્મ ગણાય એવુ ધર્મતત્ત્વ માનીને બેસતા મનુષ્યજીવન અને મનુષ્ય-સમાજ તદ્દન અકુશ વગરના થઈ જાય એવો ભય રહે છે, લોકોનુ હિત કરવાનો જે ઉદ્દેશ તે ધમડાઈ જાય છે, અમુક વખતે સાચુ બોલવુ જરૂરનુ છે કે જૂઠુ બોલવુ જરૂરનુ છે, તેનો નિર્ણય કોણ કરે ? ગમે તે કરે, એમ જો હોય તો પછી કદિ ધર્મને અનુમોદનવાળો નિર્ણય બની શકે જ નહિ, કારણ દુનીઆમા ઘણા મોટા ભાગમા બુદ્ધિ, જ્ઞાન, કેળવણી બહુ સાધારણ પ્રકારના હોય છે તે સબધે કોઈનામા સપૂર્ણતા તો છે જ નહિ વિચારશક્તિ પણ મૂળમા ઘણી થોડી હોય છે, તેમા ઈન્દ્રિયો એક તરફ ખેચે, સ્નેહ, મમતા બીજી તરફ ખેચે, અને ભય, લોભ, મોહ વગેરે ત્રીજી તરફ ખેંચે, તેથી સત્ય તો હમ્મેશ પાળવુ જોઈએ, એવો ધર્મ ન હોય તો મનુષ્યજાતિ સત્ય વગરની થઈ જાય, એવો સભવ બહુ અશે રહે છે

આ મુશ્કેલી પ્રાચીન હિન્દુ ઋષિએ સમજતા હતા, તેથી તેમણે કઈ કઈ અવસ્થામા મિથ્યા બોલવુ યોગ્ય છે તે નક્કી કરી આપેલુ છે "પ્રાણ જવાની વખતે," વગેરે પ્રસગો ઉપરના શ્લોકમા બતાવેલા છે તે તેમના જ કહેલા છે મનુ, ગૌતમ વગેરેનો પણ તેવો જ મત છે હવે તેમણે જે કેટલાક પ્રસગો તથા વિધિએ બતાવ્યા છે તે ધર્માનુ-મત છે કે નહિ તેનો વિચાર કરવાની આપણે જરૂર નથી, કારણ કૃષ્ણ-નુ કહેલુ સત્યતત્ત્વ જ આપણે અવલોકવાનુ છે હાલના યૂરોપીઅનોની માફક કૃષ્ણ પણ જાણતા હતા કે કેટલાક ખાસ પ્રસગો બતાવ્યા સિવાય, જો એક સાધારણ વિધિ જ લોકોને બતાવી દીધો હોય, તો તે પ્રમાણે ચાલવુ તેમને બહુ અઘરૂ થઈ પડે છે, તેમને "પ્રાણ જવાને પ્રસગે" ઇત્યાદિ થોડા ખાસ પ્રસગો બતાવી દીધાથી તેઓ તેઓ ધર્મ

પ્રમાણે સત્યાચરણ શુ તે સમજી શકે નહિ, માટે શેને સારૂ અને કેવી અવસ્થામા સાધારણ નિયમ તોડી તેથી ઉલટુ ચાલવુ યોગ્ય છે, તે પણ કૃષ્ણે સ્પષ્ટ કરીને કહ્યુ છે

દાન, તપ, શૌચ, આર્જવ, સત્ય વગેરે ઘણા કામો ધર્મ કહેવાય છે એ સાધારણ રીતે ધર્મ છે, પરંતુ કેટલાક અમુક પ્રસંગોએ એ અધર્મનુ સ્વરૂપ પણ લે છે અનુચિત પ્રયોગ કે વ્યવહાર તે અધર્મ. દાનનો જ દાખલો આપતા કહે છે કે, "આપણી પાસે ગમે તેટલી સમૃદ્ધિ હોવા છતા પણ ચોરને દાન કરવુ એ કદાપિ આપણુ કર્ત્તવ્ય કહેવાય નહિ, પાપાત્માને ધનદાન કરવાથી અધર્માચરણના બધનથી દાતાને પણ પીડાવુ પડે છે." સત્ય સબધે પણ એવુ જ છે શ્રીકૃષ્ણે તેના બે ઉદાહરણ આપ્યા છે, તેમાનુ એક ઉપર આપણે કહી ગયા છીએ, અને બીજુ એ છે કે, "મિથ્યા શપથથી જો ચોર લૂટારાઓ પાસેથી છૂટી શકાતુ હોય તો તે જગ્યાએ જૂઠુ બોલવુ સારૂ છે, એ જૂઠુ સત્ય સ્વરૂપ છે" એ સિવાય "**प्राणात्यये विवाहे**" વગેરે પણ વાક્યો ફરીથી કહી સભળાવ્યા છે

ટૂકામા કૃષ્ણના કહેલા સત્યતત્ત્વનુ સ્થલ તાત્પર્ય એ છે કે,

૧ જેને ધર્મનુ અનુમોદન હોય તે સત્ય, ધર્મ વિરૂદ્ધ તે અસત્ય.

૨ જેનાથી લોકોનુ ભલુ થાય તે ધર્મ.

૩ માટે જેનાથી લોકોનુ ભલુ થાય તે જ સત્ય, તેનાથી વિરૂદ્ધ તે અસત્ય.

૪. એવી રીતનુ સત્ય હોય તે સર્વદા સર્વ સ્થાને કહેવું યોગ્ય છે.

આ ઉપરથી કૃષ્ણના ભકતો એમ કહી શકે કે જો આનાથી વધારે ઉત્કૃષ્ટ સત્યતત્ત્વ કોઈ જગ્યાએ કહેવાયલુ બતાવવામા આવે તો અમે કૃષ્ણનો મત છોડી દેવા તૈયાર છીએ, ને જો તેવુ ન જડે તો તો પછી આદર્શ મનુષ્યના વાક્ય તરીકે એ માન્ય રાખ્યા સિવાય છૂટકો જ નથી.

પ્રકરણ ૭મુ

કર્ણવધ

અર્જુને કૃષ્ણનો ઉપદેશ તો સાભળ્યો, પણ પોતે ક્ષત્રિય હતો અને તેથી પોતાની પ્રતિજ્ઞા પાળવા માટે તે વ્યાકુળ થઈ ગયો, તેથી બને પક્ષની રક્ષા થાય એવો રસ્તો લેવો કૃષ્ણે તેને સૂઝાડ્યો

કૃષ્ણે તેને કહ્યુ કે, અપમાન તે માનનીય માણસને મૃત્યુ જેવુ લાગે છે, માટે યુધિષ્ઠિરનુ અપમાન થાય એવુ એક વેણ તુ તેને સભળાવ, એટલે તેનો જીવ લીધા બરાબર તે થશે, તેથી અર્જુને યુધિષ્ઠિરને અપમાનભરેલા વચનો કહી ઠપકો આપ્યો, પણ તેમ કરીને તેણે કૃષ્ણને બીજી આપત્તિમા આણી મૂકયા તેણે કહ્યુ કે, "મારા મોટાભાઈનુ મે અપમાન કર્યું તેથી મે મોહુ પાપ કર્યું છે, અને તેથી હુ મારો પોતાનો જીવ લઈશ," એમ કહી પોતે તરવાર ખેચી, પણ કૃષ્ણે તેનો પણ ઉપાય શોધી કાઢ્યો. તેમણે કહ્યુ, "પોતાના વખાણ પોતાને મોઢે કરવા એ સારા માણસને મન મોત બરાબર છે, માટે તુ તેમ કર" અર્જુને બહુ આત્મશ્લાઘા કરી, એટલે એ મુશ્કેલીનો પણ અત આવ્યો

કૃષ્ણ ખરૂ જોતા અર્જુનના સારથિ હતા, પરતુ જેમ તેના ઘોડાને અકુશમા રાખતા હતા, તેમ વારવાર અર્જુનને પોતાને પણ તે અકુશમા રાખતા હતા કોઈ વખત અર્જુનની આજ્ઞા પ્રમાણે કૃષ્ણ રથ ચલાવતા તો કોઈ વખત કૃષ્ણની આજ્ઞા પ્રમાણે અર્જુનને ચાલવુ પડતુ કૃષ્ણે હવે તેને કર્ણનો વધ કરવાનુ કહ્યુ

કર્ણનો વધ મહાભારતમા બહુ મહત્ત્વનો બનાવ છે કર્ણ જ અર્જુનનો બરોબરીઓ કહેવાતો હતો જ્યારે ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ ચારે જણ મળીને યુધિષ્ઠિરને માટે દિગ્વિજય કરવા શક્તિવાન થયલા ત્યારે માત્ર કર્ણે એકલાએ દુર્યોધનને માટે તેવો જ વિજય મેળવેલો અર્જુન દ્રોણનો શિષ્ય હતો, પણ કર્ણ તો દ્રોણના ગુરૂ પરશુરામનો શિષ્ય હતો અર્જુન પાસે "ગાંડીવ' ધનુષ્ય હતુ તો તેથી ઉત્કૃષ્ટ ધનુષ્ય "વિજય" કર્ણ પાસે હતુ અર્જુનના સારથિ કૃષ્ણ હતા

તેમ મહા બહાદુર લડવૈયો શલ્ય કર્ણનો સારથિ હતો બને જણાને અનેક દિવ્યાસ્ત્રોની વિદ્યા આવડતી હતી એક બીજાનો જીવ લેવાને બનેએ લાખો વખત થયા પ્રતિજ્ઞા લઈ મૂકી હતી ભીષ્મ અને દ્રોણનો વધ કરવા અર્જુને કાંઈ પણ પ્રયત્ન કરેલો નહિ, પરતુ કર્ણને મારવાનો તેનો દૃઢ વિચાર હતો કુન્તીએ જ્યારે કર્ણને તેના જન્મની ખરેખરી હકીકતથી જાણીતો કર્યો ત્યારે તેણે પોતાની માને વચન આપ્યુ હતુ કે હુ યુધિષ્ઠિર, ભીમ, નકુલ અને સહદેવને નહિ મારૂ, પણ તેણે અર્જુનને જીવતો રાખવા માટે તેની વિનતિ કબૂલ રાખી ન હતી કા તો તેને મારીશ, યા તો તેને હાથે મરીશ, એવો પોતાનો નિશ્ચય કુન્તીને કહી સભળાવ્યો હતો

એવા મહા યુદ્ધમા કૃષ્ણ હવે અર્જુનને દોરી ગયા એટલા જ માટે કૃષ્ણ અર્જુનને યુધિષ્ઠિરની છાવણીમા લઈ આવ્યા હતા યુધિષ્ઠિરને મળવા ભીમે અર્જુનને કહેલુ ખરૂ, પરતુ લઢાઈ પૂરી થયા સિવાય તેમ કરવાની અર્જુનને ઇચ્છા હતી નહિ, છતા કૃષ્ણ જીદ્દ કરીને અર્જુનને ત્યા લઈ આવેલા હતા તેમના મનમા એમ હતુ કે ભલે લઢાઈ કરી ચાલતા યુદ્ધમા ભાગ લઈ કર્ણ થાકી જાય, અને અર્જુન તેટલા વખતમા આસાયેશ લઈ પાછો તૈયાર થઈ જાય, તેમ વળી લઢાઈમા જતી વખતે તેને વિશેષ ઉત્તેજન આપવા પોતે અર્જુનની બહાદૂરીના વખાણ કરવા માડયા, અને આગળ ઉપર તેણે કરેલા શૌર્યના કામોની યાદ તાજી કરી આપી દ્રૌપદીને આપેલુ અપમાન, અન્યાયયુક્ત યુદ્ધમા કરેલો અભિમન્યુનો વધ, વગેરે કર્ણને હાથે થયલો પાડવો ઉપરનો જુલમ તેને સભારી આપ્યો એ બધા વચન અત્રે ઉતારી લેવાનો કાંઈ સબબ નથી માત્ર એટલુ જ જણાવવુ જરૂરનુ છે કે ' પૂર્વે જેવી રીતે વિષ્ણુએ દાનવોનો નાશ કરેલો, " " પૂર્વે જેમ દાનવો વિષ્ણુને હાથે હણાયલા " એવા એવા વાકયો કૃષ્ણને મોઢે નીકળેલા હોવાથી હજુ સુધી પણ પોતે પોતાને વિષ્ણુના અવતાર તરીકે ઓળખાવતા નથી, એટલુ નક્કી થાય છે પોતે દેવ છે એવો અધિકાર પહેલા સ્તરમા કૃષ્ણ કોઈ જગ્યાએ લેતા નથી, બીજા સ્તરમા એથી જ જૂદુ જ નજરે પડે છે.

કર્ણને અર્જુન વચ્ચે જે યુદ્ધ થયલુ તેનુ વર્ણન કરવુ જરૂરનું નથી, પણ એમ કહેવાય છે કે કર્ણના સર્પબાણથી અર્જુનને કૃષ્ણે બચાવેલો એ બાણનુ નિવારણ કરવા અર્જુનમા શક્તિ ન હતી, તેથી પોતાના પગથી દબાવી કૃષ્ણે અર્જુનનો રથ જરા પૃથ્વીમા પેસાડી દીધો અને તેથી ઘોડાઓ ઘુટણભર થઈ ગયા, તેથી અર્જુનનુ માથુ બચી ગયુ, માત્ર મુગટનો ઉપરનો ભાગ જરા ઉડી ગયો અર્જુને પોતે જરા માથુ નીચુ કર્યું હોત તો પણ એ જ પરિણામ આવત માટે એ બનાવ ઉપર વિશેષ વિચાર કરવાની જરૂર નથી, જો કે કૃષ્ણના સારથિપણાના વખાણ વારવાર મહાભારતમા તો કરેલા છે

લઢાઈનો આખરના ભાગમા કર્ણના રથનુ પૈડુ જમીનમા ખૂચી ગયુ તેને ઉચકવા કર્ણ જમીન ઉપર ઉતર્યો, અને જ્યા સુધી પૈડુ ઉંચકી પાછુ બરાબર કરે ત્યા સુધી લઢાઈ કરતા અટકવાનુ તેણે અર્જુનને કહ્યું. અર્જુને તેમ કર્યું હોય તેમ જણાય છે, કારણ રથ ઉપર ચઢી કર્ણે પાછુ આગળની માફક જ યુદ્ધ કરવા માડયુ એવુ મહાભારતમા કહ્યુ છે પરતુ કર્ણને કમનસિબે તેણે અર્જુનને એમ પણ કહ્યુ કે આ પ્રમાણે લઢતા અટકવુ એ તેનો ધર્મ છે, તેની ફરજ છે કૃષ્ણ હમ્મેશા અધર્મની સજા કરનાર હતા, તેથી તેમણે કર્ણને કહ્યુ કે,

"હે સૂતપુત્ર! તુ આ વખતે ધર્મ સભારે છે નીચ પુરૂષો જ્યારે દુઃખી થાય છે ત્યારે સાધારણ રીતે ઈશ્વરને નિદે છે, પણ પોતાના દુષ્કર્મનો વિચાર સરખો કરતા નથી, દાખલા તરીકે જ્યારે દુર્યોધન, દુઃશાસન અને શકુનિએ તારા કહેવા પ્રમાણે એક વસ્ત્રથી આચ્છાદિત દ્રૌપદીને સભામા પકડી આણી હતી, ત્યારે તારો ધર્મ કયા ગયો હતો? જ્યારે નિઘ હેતુને વશ થઈ તારા અભિપ્રાય પ્રમાણે દ્યૂતવિદ્યાથી અજ્ઞાન રાજા યુધિષ્ઠિરને દુષ્ટ શકુનિએ હરાવ્યા, ત્યારે તારો ધર્મ કયા ગયો હતો? જ્યારે તારા મતને અનુસરી દુર્યોધને ભીમને ભોજનમા ઝેર ખવડાવ્યુ હતુ, ત્યારે તારો ધર્મ કયા ગયો હતો? જ્યારે લાક્ષાગૃહમા વારણાવત નગરમા સૂતેલા પાંડવોને તે તે ઘર સળગાવી મૂકાવી બાળી દેવાનો બદોબસ્ત કર્યો હતો, ત્યારે તારો ધર્મ કયા ગયો હતો? જ્યારે દુઃશાસનને

હાથ પડેલી રજસ્વલા દ્રૌપદીને સભા મધ્યે આણી 'હે કૃષ્ણ! પાંડવો પાયમાલ થયા છે ને હમ્મેશને માટે તેઓ નરકમા ગયા છે, તેથી હવે તુ બીજા પતિને પરણ' એ શબ્દો બોલી તેની મશ્કરી કરી હતી, ત્યારે તારો ધર્મ ક્યા ગયો હતો? હે કર્ણ! દુષ્ટ લોકોએ પૂર્વે જ્યારે નિરપરાધી દ્રૌપદીને દુખ દેવા માડયુ ત્યારે તુ પાસે બેસીને જોયા કરતો હતો, તે સમયે તારો ધર્મ કયા ગયો હતો? જ્યારે રાજ્યલોભને વશ થઈ શકુનિ ઉપર આધાર રાખી જુગટુ રમવા પાંડવોને તે બોલાવ્યા હતા. ત્યારે તારો ધર્મ કયા ગયો હતો? જ્યારે મહારથીઓને એકઠા કરી બાળક અભિમન્યુને ઘેરી લઈ મારી નાખ્યો ત્યારે તારો ધર્મ કયા ગયો હતો? હે કર્ણ! તે જ્યારે આવી વખતે અધર્મ કરેલા છે, તો પછી આ સમયે "ધર્મ ધર્મ" કરી નકામુ તાળવુ સૂકવ્યાથી શુ થવાનુ હતુ? આ વખતે તુ ધર્મપરાયણ થશે, અને તેથી તારો જીવ બચશે, એવુ જરા પણ ધારીશ નહિ. પૂર્વે જેમ નિષધ દેશના રાજા નળે પુષ્કરની જોડે પાસા રમી રાજ્ય ખોઈ ફરી પાછુ તે મેળવ્યુ હતુ તેમ ધર્મપરાયણ પાંડવો પોતાના બાહુબળથી સોમ વગેરે સહિત શત્રુઓનો નાશ કરી પોતાનુ રાજ્ય પાછુ મેળવશે, ધૃતરાષ્ટ્રના પુત્રો ધર્મ વડે સરક્ષિત પાંડવોને હાથે જરૂર હણાશે

કૃષ્ણના વચન સાભળીને શરમના માર્યા કર્ણે પોતાનુ માથુ નીચુ ઘાલી દીધુ, પછી આગળની માફક જ યુદ્ધ કરતા કરતા અર્જુનના બાણ વડે તેણે પોતાનો પ્રાણ ખોયો

પ્રકરણ ૮મું

દુર્યોધનનો વધ

કર્ણના મુવા પછી દુર્યોધને શલ્યને સેનાપતિ નીમ્યો. આગલા દિવસના યુદ્ધમા ક્ષત્રિયને કલક લગાડે એવી નામર્દી યુધિષ્ઠિરે બતાવી હતી, ને કલક કાઢી નાખવાની જરૂર હતી, તેથી સર્વદર્શી શ્રીકૃષ્ણે આ-

જના મોટા યુદ્ધ માટે યુધિષ્ઠિરને નીમ્યા તેમણે પણ સાહસ કરી શલ્ય જોડે યુદ્ધ કરી તેને માર્યો

તે જ દિવસે પાંડવોને હાથે આખુ કૌરવસૈન્ય નાશ પામ્યુ અને માત્ર બે બ્રાહ્મણ કૃપ ને અશ્વત્થામા, યદુવંશી કૃતવર્મા અને દુર્યોધન પોતે એ ચાર જ જણ જીવતા રહ્યા દુર્યોધન પણ ન્હાસી જઈ દ્વૈપાયન નામના તળાવના પાણીમા નીચે ઉતરી બેસી ગયો ત્યા જઈ પાંડવોએ તેને શોધી કાઢયો, પણ વગર લઢાઈ કર્યે તેને માર્યો નહિ

યુધિષ્ઠિર હમ્મેશના જ સ્થલબુદ્ધિ-મદ અક્કલવાળા હતા અને તેમના એ ગુણને લીધે જ પાંડવોને આટલુ બધુ કષ્ટ વેઠવુ પડયુ હતુ તેમના સ્વભાવ પ્રમાણે આ પ્રસગે પણ તેમની બુદ્ધિએ પોતાનો ભાવ ભજવ્યો તેમણે દુર્યોધનને કહ્યુ, તારે જે જોઈએ તે હથીઆર લઈ અમારામાથી જે કોઇને તુ પસદ કરે તેની જોડે યુદ્ધ કર બાકીના અમે બધા રણસ્થળ આગળ ઉભા રહી તે લડાઈ જોયા કરીશુ વળી હુ એમ પણ કહુ છુ કે અમારામાના ગમે તે એક જણને તું મારશે તો આખુ રાજ્ય તારૂં થશે ” દુર્યોધને કહ્યુ “હુ ગદાયુદ્ધ કરીશ ” કૃષ્ણને ખબર હતી કે ગદાયુદ્ધમા **ભીમ** સિવાય કોઈ બીજુ દુર્યોધન સામુ ટકી શકે તેવુ ન હતુ, અને તેથી દુર્યોધન જો **ભીમ** સિવાય બીજા કોઈ પાંડવ જોડે લઢાઈ કરવાનુ કહેશે તો પછી પાછી પાંડવોને તો ભિક્ષાવૃત્તિ જ નસીબે ચ્હોટવાની બધા પોતપોતાના મદથી મગરૂર થઈ ગયા હતા, તેથી કોઈ કાઈ બોલ્યુ નહિ યુધિષ્ટિરને ઠપકો આપવાનુ કામ કૃષ્ણને માથે આવી પડયુ તે તેમણે સારી રીતે પાર પણ પાડયુ

દુર્યોધનને પોતાને પણ પોતાના બળ માટે બહુ મગરૂરી હતી અને તેથી યુધિષ્ટિરની બુદ્ધિએ દોષ કર્યો હતો, તેનો બદલો વળી ગયો તેણે કહ્યુ, “જેની મરજીમા આવે તે મારી જોડે ગદાયુદ્ધમા ઉતરે, હુ બધાનો વધ કરી શકુ તેમ છુ ” આ ઉપરથી **ભીમ** જ ગદા લઈ લઢાઈ કરવા બહાર પડયો

અહિ પાછો **મહાભારતનો** સૂર બદલાય છે અઢાર દિવસ સુધી લઢાઈ ચાલી તેમા **ભીમ** દુર્યોધન ઘણી વખત એક બીજા જોડે લઢતા

ગદાયુદ્ધ પણ કરતા, અને તે યુદ્ધમા **ભીમ**ને હાથે દુર્યોધને ઘણી વખત હાર પણ ખાધેલી, પરતુ હવે આજનુ યુદ્ધ વર્ણવતા કવિ કહે છે કે ગદાયુદ્ધમા **ભીમ** દુર્યોધનનો બરોબરીઓ ન હતો. **ભીમ** આજે હારવાની અણી ઉપર હતો, પણ તેને પોતાની આગલી પ્રતિજ્ઞા યાદ આવી દ્યુતક્રીડા પૂરી થયા પછી, દુર્યોધને જિતી લીધેલી દ્રૌપદીને તેના કહેવાથી દુ શાસન રજસ્વલા સ્થિતિમા એક વસ્ત્ર પહેરેલીને તેના કેશ પકડી સભા મધ્યે ખેચી લાવી તેના ચીર ખેચનો હતો, તે વખતે **ભીમે** પ્રતિજ્ઞા કરી હતી કે હુ દુ શાસનને મારી નાખી તેની છાતી ચીરી તેનુ લોહી પીશ. **ભીમે** મહા શ્મશાન જેવા વિકટ રણક્ષેત્ર ઉપર દુ શાસનને મારી રાક્ષસની માફક તેનુ ઉંનુ લોહી પી, સઘળાના સાભળતા કહ્યુ હતુ કે "મે આજે અમૃત પીધુ." તે જ સભામા દુર્યોધને "હસતા હસતા દ્રૌપદી તરફ નજર નાખી વસ્ત્ર ઉઘાડી સર્વ લક્ષણથી સપૂર્ણ, વજ્રના જેવી દૃઢ, અને કેળના થડ જેવી, હાથીની સુઢ સરખી પોતાની ડાબી સાથળનો મધ્ય ભાગ તેને બતાવ્યો હતો " તે વખતે **ભીમે** પણ લીધુ હતુ કે "મહા યુદ્ધમા ગદાના પ્રહાર વડે જો એ સાથળ હુ ભાગુ નહિ તો હુ નરકમા જાઉં," તેથી તે જ સાથળ ગદાના પ્રહારથી તેને આજે ભાગવાની હતી તેમ કરવામા તેને એક અડચણ આવે તેમ હતુ. ગદાયુદ્ધનો નિયમ એવો હતો કે નાભિની નીચે કોઈના ઉપર ગદાનો પ્રહાર થાય નહિ જો તેમ કોઈ કરે તો તે ગેરવાજબી–અન્યાયી યુદ્ધ કહેવાય, માટે જો રીતસર યુદ્ધ કરે અને દુર્યોધનને **ભીમ** મારે તો પણ તેની પ્રતિજ્ઞા જળવાય નહિ

જે રાક્ષસે પોતાના મોટા કાકાના છોકરાના હૃદયનુ રૂધિર પી નાચ કરેલો તે રાક્ષસને મન માથા ઉપર ગદા મારવી ને સાથળ ઉપર મારવી તેમા ફેર શો ? દ્રોણના ભયથી જે વૃકોદર ઠગાઈ કરવાને તત્પર થયલો એવો જેને કવિએ ચીતરેલો છે, તેને સાથળ ઉપર ગદા મારવા માટે કોઈ બીજાના તરફથી ઉપદેશ અથવા સૂચનાની જરૂર હોય નહિ. પણ એવુ કાઈ બન્યુ નહિ **ભીમ** સાથળ ભાગવાનુ પોતાનુ પણ જ ભૂલી ગયો ! આપણે આગળ જોયુ છે કે બીજો સ્તર રચનાર કવિ (અને આ પ્ર-

સગના ખ્યાનમા તેનો જ હાથ જણાય છે) ચરિત્ર સુસગતિ જાળવવામા બહુ જ ઓછી આવડતવાળો હતો આ ઠેકાણે **ભીમ**ના ચરિત્રનુ બંધ બેસતાપણુ તેણે જરા પણ જાળવ્યુ નથી, અને **અર્જુન**નુ પણ તેમ કર્યુ છે **ભીમ** ભૂલી ગયો કે મારે સાથળ ભાગવાનુ પણ છે અને જે પરમ ધાર્મિક **અર્જુન**ને દ્રોણનો વધ કરતી વખત, પોતાને આયુધકળા શિખવનાર, પોતાના ધર્મના આચાર્ય, મિત્ર, અને પરમ શ્રદ્ધાને પાત્ર કૃષ્ણની વાતને પણ મિથ્યા કહી તે પ્રમાણે ચાલેલો નહિ તે આ વખત પોતાની મેળે જ ગેર રીતિથી યુદ્ધ કરવા **ભીમ**ને તૈયાર કરવા બેઠો! છતા એ વાત કૃષ્ણના તરફથી જન્મ પામેલી ન હોવાથી કવિની મતલબ પાર પડેલી નહિ, તેથી તેણે નીચે પ્રમાણે એ કથાનો પ્રકાર ઉઠાવ્યો

ભીમદુર્યોધનનુ યુદ્ધ થતુ જોઈ **અર્જુને** કૃષ્ણને પૂછયુ, કે એ બેમાથી ગદાયુદ્ધમા કોણ વધારે ચઢીયાતુ હશે? કૃષ્ણે કહ્યુ " **ભીમ**મા બળ વધારે છે, પરતુ દુર્યોધનમા યત્ન અને નિપુણતા વધારે છે. વળી જે શરૂઆતમા જીવ ખોવાની બ્હીકે લઢાઈ છોડી ન્હાસી જાય છે, અને પછી પાછા ફરી શત્રુની સામા ઉભા રહે છે તે લોકો મરણીઆ થઈ જાય છે, અને એકાગ્ર ચિત્તે લઢાઈ કરે છે જીવવાની આશા છોડી સાહસ કરી જે માણસ લઢાઈ કરે તેને કોઈ જિતી શકતુ નથી, માટે જો **ભીમ** અન્યાયથી દુર્યોધનને મારશે નહિ તો દુર્યોધન જિતશે અને યુધિષ્ઠિરના આપેલા વચન પ્રમાણે રાજ્ય ભોગવશે "

કૃષ્ણની વાત સાભળી **અર્જુને** " પોતાની ડાબી જાંઘ ઠોકી **ભીમ**ને નિશાની વડે સમજાવ્યો, એટલે **ભીમે** તેની સાથળ ભાગી નાખી તેને નીચે પાડયો."

જેમ ન્યાય ઈશ્વરપ્રેરિત છે, તેમ અન્યાય પણ ઈશ્વરપ્રેરિત જ છે, એ બતાવવુ એ જ બીજો સ્તર રચનાર કવિનો ઉદ્દેશ છે તે આપણે જોઈ ગયા છીએ.

લઢાઈ ચાલતી હતી તે જોનારામા **બળરામ** પણ હતા, **ભીમ** અને **દુર્યોધન** ગદાયુદ્ધ શિખવામા તેના શિષ્યો હતા. પરતુ દુર્યોધન ઉપર

તેને વિશેષ પ્રીતિ હતી, અને તેથી હમ્મેશ તે તેનો પક્ષપાત કરતા, તેથી આવુ અન્યાયી યુદ્ધ ચાલતુ જોઈ, તેમનો મિજાજ ગયો અને પોતાની ખાંધ ઉપર હળ—જેના પરથી તેમનુ ઉપનામ હળધર પડેલુ છે તે—લઈને ફરતા હતા તે ઉચકી ભીમની સામે દોડયા કૃષ્ણે તેમને સમજાવી શાન્ત પાડવા માડયા, પણ તે શાન્ત થયા નહિ ને ગુસ્સામા ને ગુસ્સામા ત્યાથી ન્હાસી ગયા

એ થયા પછી એક વિચારવા યોગ્ય બનાવ બનેલો કહેવામા આવે છે ભોયે પડેલા દુર્યોધનના માથા ઉપર ભીમે લાત મારેલી કહેવાય છે. યુધિષ્ઠિરે તેને તેમ કરતા વાર્યો, પણ ભીમે તેમનુ કહ્યુ સાભળ્યુ નહિ તેને તેમ કરતા અટકાવવા યુધિષ્ઠિરે પણ વિશેષ પ્રયત્ન ન કર્યો, તેથી કૃષ્ણે તેનો તિરસ્કાર કર્યો ભીમની ફત્તેહ જોઈ પાંડવોએ તેના બહુ વખાણ કરવા માડયા ને દુર્યોધનની હાસી કરવા માડી કૃષ્ણે તેમને તેમ કરતા અટકાવી કહ્યુ કે

" મરણની અણી ઉપર આવેલા શત્રુને કડવા વચન કહેવા, એ આપણો ધર્મ કહેવાય નહિ "

કૃષ્ણને લગતી આ હકીકત આદર્શ મનુષ્યના જેવી છે, પરતુ ત્યાર પછી તેમણે જે કરેલુ કહેવાય છે તે તો તદ્દન અજાયબ જેવુ જ છે.

જેમણે હારેલા શત્રુને કડવા વેણ કહેવા નહિ એવો ઉપદેશ આપેલો તે જ કૃષ્ણ દુર્યોધનને કડવુ કહેવા લાગ્યા! તેનો જવાબ જે દુર્યોધને આપ્યો તે એથી વધારે અજાયબ જેવી હકીકત છે

દુર્યોધન મૂવો ન હતો, પણ ભાગેલી સાથળે ભોય ઉપર પડી રહ્યો હતો તેણે કૃષ્ણના કડવા બોલ સાભળી કહ્યુ કે, " હે કસના દાસના છોકરા ! તારા કહ્યાથી અર્જુને મારી સાથળ ભાગી નાખવાની નિશાની ભીમને કરી અને તેથી અધર્મ યુદ્ધમા ભીમે મને પાડયો છે તે જોઈ તને શરમ લાગતી નથી ? તારા અન્યાયી ઉપાયો વડે જ દરરોજ ધર્મયુદ્ધ કરનારા હજારો રાજા મરણ પામ્યા છે,* શિખડીને આગળ કરી તે

* આવી વાત મહાભારતમા કોઇ જગ્યાએ કહી નથી, તેમ તેના એકે સ્તરમાં પણ નથી

પિતામહને હરાવ્યા * અશ્વત્થામા નામનો હાથી મગયો તેનો લાભ લઈ લુચ્ચાઈ કરી આચાર્યના અસ્ત્રશસ્ત્ર તે છોડાવ્યા, તે વખતે દુરાત્મા ધૃષ્ટદ્યુમ્ન તેને મારવા તૈયાર થયો, છતા તે તેને અટકાવ્યો નહીં ‡ અર્જુનને મારવા જે શક્તિ નામનુ આયુધ કર્ણે ઘણા દહાડા થયા સાચવી રાખ્યુ હતુ તેનો ચતુરાઈ વાપરી ને ઘટોત્કચ ઉપર ઉપયોગ કરાવી નકામુ કરાવી નાખ્યુ * તારી લુચ્ચાઈ ને લીધે સાત્યકીએ હાથ કપાઈ ગયલા એવા ભૂરિશ્રવાને માર્યો $ બહાદૂર કર્ણ જ્યારે અર્જુનની સામે લઢતો હતો ત્યારે તેનુ સર્પબાણ વ્યર્થ કરાવનાર તુ જ હતો † છેવટે સૂતપુત્ર કર્ણના રથનુ પૈડુ જ્યારે જમીનમા ઉતરી ગયુ અને તેને બહાર ખેચી કાઢવા તે રોકાયલો હતો ત્યારે પહોચ વાપરી, અર્જુનને સમજાવી, તે તેનો વધ કરાવ્યો ** માટે તારા જેવા પાપાત્મા, નિર્દય, નિર્લજ્જ બીજો કોણ છે ? જો તે મારી, ભીષ્મની, દ્રોણની, અને કર્ણની જોડે ન્યાયની રીતે લઢાઈ કરી હોત તો કદાપિ પાંડવો જિતત નહિ તારી અનાર્ય યુક્તિઓને લીધે જ મારો અને ધર્મ પ્રમાણે ચાલનાર સહાયકોનો પરાભવ થયો ”

---

* આમા કૃષ્ણનો જરાએ હાથ હોય એવુ મહાભારતમા કોઈ ઠેકાણે નથી

‡ શત્રુને મારવા તૈયાર થાય તેમા અટકાવવો શા માટે જોઇએ ?

* કૃષ્ણે એ બાબતમા કશો પ્રયત્ન કરેલો નહિ, તેમ જ ચતુરાઈ પણ વાપરેલી નહિ મહાભારતમા તો ઉલટુ એમ છે કે કૌરવોની સમતિથી જ અને તેમના કહેવાથી જ કર્ણે ઘટોત્કચના ઉપર એ શક્તિ નામનુ આયુધ વાપરેલુ

$ આ હકીકત તદ્દન ખોટી છે કારણ મહાભારતમા એવી વાત કોઇ જગ્યાએ નથી સાત્યકીએ ભૂરિશ્રવાને મારેલો એ વાત ખરી, પરંતુ તેના હાથ કપાઇ ગયેલા હોવાથી તેને મારવાની કૃષ્ણે તો ઉલટી મના કરેલી

† એ કૃષ્ણની હુશીઆરીનુ લક્ષણ છે તેમણે પોતાના પગના જોર વડે રથનુ પૈડુ જમીનમા બેસાડી દીધેલુ એ રસ્તો બહુ ન્યાય્ય હતો, કારણ સારથિનો ધર્મ, રથમા બેસનાર માણસને બચાવવાનો છે

** એમા પહોચ શી તે સમજાતુ નથી મહાભારતમા કૃષ્ણે કોઈ પણ તરેહની પહોચ એ સબધમાં વાપરી હોય એવી હકીકત નથી માત્ર યુદ્ધમાં અર્જુને કર્ણનો નાશ કર્યો એટલુ જ છે

દુર્યોધનના આ ભાષણ સબધે તેની જે નીચે ટીકા આપી છે, તે ઉપરથી વાચકને સ્હેજ જણાશે કે તેમા જણાવેલી હકીકત બધી ખોટી છે આખા મહાભારતમા જૂઠાણાથી ભરેલા તિરસ્કારના એવા વચન બીજી કોઈ જગ્યાએ નથી માટે જ ઉપર કહેલુ છે કે દુર્યોધનનો જવાબ બહુ અજાયબ જેવો છે.

આશ્ચર્યની હજી ત્રીજી વાત એ છે કે આ ભાષણનો કૃષ્ણે જવાબ આપ્યો આપણે આગળ જોયુ છે, કૃષ્ણનો સ્વભાવ ગભીર અને ક્ષમાશીલ હતો, કોઈ તેમનુ અપમાન કરતુ તો પોતે તેનો જવાબ આપતા નહિ ભરી સભામા શિશુપાલે તેમની નિન્દા કરેલી તે એક પણ શબ્દ બોલ્યા વગર પોતે સાભળી રહેલા વળી વિશેષમા અહિ દુર્યોધનનો મરણકાળ પાસે આવેલો હતો, તેથી તેવા માણસને જવાબ આપી કડવા વેણ બોલવા તે જ કૃષ્ણની પોતાની નિન્દા કરાવવા જેવુ કામ હતુ. છતા મહા ભારતમા કહ્યુ છે કે કૃષ્ણે દુર્યોધનને જવાબ આપ્યો એટલુ જ નહિ પણ તેને ન ઘટે તેવા વેણ સભળાવ્યા. દુર્યોધનના બધા પાપાચરણ વિસ્તારથી તેને કહી બતાવ્યા ને છેલ્લે કહ્યુ કે, " તે નહિ કરવા જેવા કામ કર્યા છે, તો હવે તેનુ ફળ ભોગવ "

તેના ઉત્તરમા દુર્યોધને કહ્યુ " મે અધ્યયન કર્યું છે, વિધિપૂર્વક માન મેળવ્યુ છે, સાગરથી વીટળાયેલી પૃથ્વી ઉપર રાજ્ય ભોગવ્યુ છે, મારા શત્રુઓના માથા ઉપર પગ મૂકયા છે, બીજા રાજાઓને ન મળે તેવા સુખ ભોગવ્યા છે, ને બહુ ઉત્કૃષ્ટ ઐશ્વર્ય મેળવ્યુ છે, અને છેવટ ધર્મ પ્રમાણે ચાલનાર ક્ષત્રિય જેવુ માગે તેવુ મોત–લડાઈમા મૃત્યુ–મે પ્રાપ્ત કર્યું છે, તેથી મારા જેવો બીજો ભાગ્યશાળી છે જ કોણ ? હુ તો હવે મારા ભાઈભાડુઓ જોડે સ્વર્ગે જાઉં છુ, ને તમે સૌ તો શોકાતુર ચિત્તે મુએલા જેવા જ આ પૃથ્વી ઉપર રહી જશો "

આ જવાબમા કાઈ નવાઈ જેવુ નથી. જે શત્રુ પોતાનુ સર્વસ્વ હારી ગયો હોય, જે શત્રુ દુર્યોધન જેવો દાભિક હોય, તે જો પોતાના શત્રુને એમ કહે કે તુ હાર્યો છે, ને હુ જિત્યો છુ તો તેમા આશ્ચર્ય જેવુ કાઈ નથી તળાવમા પડયો પડયો દુર્યોધન એવી જ વાત કરતો

હતો લઢતા મરીશુ તો સ્વર્ગમા જઇશુ એવુ બધા જ ક્ષત્રિયો કહે છે, પરતુ એ નવાઈ જોઈને નવાઈ ન લાગે તેટલી તે જવાબનુ પરિણામ જોઈને લાગે છે, કારણ દુર્યોધન એ શબ્દો બોલી રહ્યો કે તરત જ "આકાશમાથી સુગધી ફુલોની વૃષ્ટિ થવા લાગી, ગાંધર્વોએ વાજીત્ર વગાડવા માડ્યા અને અપ્સરાઓએ રાજા દુર્યોધનના યશના ગીત ગાવા માડયા, સિદ્ધ પુરુષો તેને સાધુ સાધુ કહેવા લાગ્યા, સુગધવાળો સુખકર પવન ધીમે ધીમે વાવા લાગ્યો, સર્વ દિશાઓ અને આકાશ નિર્મળ થઈ ગયા, જેથી વાસુદેવ જેમા મુખ્ય છે તેવા પાંડવો દુર્યોધનના સમાનસૂચક બનાવ જોઈ બહુ શરમાઈ ગયા, અને તેઓએ ભીષ્મ, કર્ણ, દ્રોણ, અને ભૂરિશ્રવાને અધર્મ યુદ્ધમા મારી નાખ્યા એમ સાભળી શોક દર્શાવવા માડ્યો "

જેને મહાભારતમા પાપીઓમા પાપી ગણ્યો છે તે પાપી માણસનુ આવી અદ્‌ભુત રીતે સમાન થાય અને તેને સાધુવાદ મળે, અને જેને સર્વોત્કૃષ્ટ ધર્માત્મા ગણેલા છે તેવા કૃષ્ણને આવા અધર્માચરણને માટે લજ્જા પ્રાપ્ત થાય, એ પણ એક આશ્ચર્યની વાત છે સિદ્ધ, અપ્સરા અને દેવગણ મળી એવુ કહે કે પાપી દુર્યોધન તે ધર્માત્મા અને પાંડવ કૃષ્ણ મહા પાપાત્મા, એ પણ મહાભારતની ખૂબી, અને એને એ ગ્રથની ખૂબી કહેવી પડે છે, કારણ આખા મહાભારતમા જે કહેલુ છે તેનાથી એ તદ્દન ઉલ્ટી હકીકત છે દેવગણની વાત તો ઉચી રાખીએ પણ કોઈ માણસજાતને પણ આવા કામને માટે દુર્યોધનને સાધુવાદ આપ્યો હોય તો તે મહાભારતમા આશ્ચર્ય જેવી હકીકત કહેવાય, કારણ મહાભારતનો ઉદ્દેશ જ દુર્યોધનનો અધર્મ અને કૃષ્ણ તથા પાંડવોનો ધર્મ બતાવવાનો છે ખુબીની હદ તો ત્યા કે તેમણે દુર્યોધનને મોઢે જ સાભળ્યુ કે ભીષ્મ, દ્રોણ, કર્ણ અને ભૂરિશ્રવાને તેઓએ અધર્મથી મારેલા, અને તેથી જ તેઓ દિલગીર થવા લાગ્યા આટલો વખત જાણે એ વિષે તેમને કઈ ખબર જ હતી નહિ, તે હવે તેમણે પોતાના પરમ શત્રુ પાસેથી સાભળી સજ્જનો માફક પોતાનો તે સબધી શોક પ્રદર્શિત કરવા માડ્યો. તેમને તો માલમ હતુ કે ભીષ્મ

કે કર્ણને કોઈને તેમણે અધર્મથી માર્યો નથી છતા જ્યારે તેમના કટ્ટા વેરી દુર્યોધને તેમને તે વાત કહી, ત્યારે તેમને ગળે તરત ઉતરી ગયુ કે ખરેખર પોતે અધર્મથી જ એ યોદ્ધાઓને હણેલા, તેથી તેઓ દિલગીર થવા બેઠા તેઓ જાણતા હતા કે તેમણે કોઈએ તો ભૂરિશ્રવાને મારેલો નહિ, અને અર્જુન, ભીમ અને કૃષ્ણે પોતે પણ સાત્યકીને તેમ કરતા વારેલો, છતા એ અધર્માચરણ તમે કર્યું છે, એમ કહેતા જ ગરીબ બીચારા પાંડવોને તરત વાત ઉપર વિશ્વાસ બેસી ગયો, અને એ પાપને માટે પોતાનો શોક બતાવવા ઝટ તેઓ રડવા બેસી ગયા આવી આવી વાતોનુ અવલોકન કરવુ નકામુ છે, આટલુ કહેવાની જરૂર પણ એટલા માટે જ પડી છે કે આપણા દેશના લોકોના મનમાથી હજુ એ ખ્યાલ ખસતો નથી કે સસ્કૃત પુસ્તકોમા જે લખ્યુ હોય તે બધુ ઋષિવાક્ય ને તે બધુ જ માથે ચઢાવવુ તથા ખરૂ માનવુ, પછી તે સભવિત હો કે અસભવિત હો

આશ્ચર્યની વાત એટલેથી અટકતી નથી, કારણ કૃષ્ણને પોતાના અધર્માચરણને માટે જે લાજ લાગી, તે લાજને ન ગણકારતા તગત જ નિર્લજ્જ થઈ પાંડવો પાસે તેમણે પોતાના વખાણ કરવા માડયા *

---

* કૃષ્ણે કહ્યું કે "મહારથીઓમા મુખ્ય એવા ભીષ્મ અને રાજા દુર્યોધન અસાધારણ મોટા યોદ્ધાઓ હતા, તેમને કદિ તમે ધર્મયુદ્ધથી પણ જિતી શકત નહિ, મે માત્ર તમારૂ હિત વિચારી ઘણા ઉપાયો યોજી અને માયાબળ બતાવી તેમનો નાશ કર્યો છે, જો મે એવા કુટિલ કામ ન કર્યા હોત તો તમને જય, રાજ્ય અને અર્થ મળત જ નહિ જુઓ ભીષ્મ અને ચારે યોદ્ધાઓ દુનિયામા અતિરથને નામે પ્રખ્યાત થયલા છે આખી પૃથ્વીના રાજા ભેગા થાય તો પણ તેમને કોઇ જિતી શકે તેમ ન હતુ, તેમ જ જુઓ કે લઢાઇમા જે કદિ ન થાકે તેવા ગદાધારી દુર્યોધનને સાક્ષાત્ યમ પણ રીતસર યુદ્ધ કરી મારી શકે તેમ ન હતુ, તેથી ભીમે તેને અધર્મ ઉપાયથી માર્યો છે તેમા ચર્ચા કરવાની જરૂર નથી એ નિયમ તો પ્રસિદ્ધ છે કે શત્રુની સખ્યા ઝાઝી હોય તો તેને કપટથી હણવી મોટા મોટા દેવતાએ પણ આવી રીતે અસુરોને હણ્યા છે, માટે તેમનો દાખલો લેવો તે આપણું સદા કર્તવ્ય છે." આવો નિર્લજ્જ અધર્મ બીજે કંઈ જડી આવતો નથી.

કહેવાની જરૂર નથી કે દુર્યોધન સબધી તિરસ્કારનુ આખુ વૃત્તાન્ત જ અસલ ભાગમા નથી દ્રોણવધ સબધી પણ જે અમૌલિક હકીકત હતી તે આગળ સાબિત કરી આપી છે વળી અમૌલિક હકીકત જે કોઈ અમુક ભાગમા હોય તો તે પણ અવસ્ય અમૌલિક હોવી જ જોઈએ, તે સાથે એટલુ પણ કહેવુ જોઈએ કે અહિ બીજો સ્તર રચનાર કવિનો હાથ પણ દેખાતો નથી એ કામ ત્રીજો સ્તર લખનારનુ હોવુ જોઈએ બીજા સ્તરનો લખનાર કૃષ્ણનો ભક્ત હતો, ત્રીજો કૃષ્ણનો દ્વેષી હતો શૈવ વગેરે અવૈષ્ણવ અથવા વૈષ્ણવમતના દ્વેષીઓએ પણ મહાભારતનુ કદ વધાર્યુ છે, એમ આગળ કહ્યુ છે વખતે તે લોકોએ આ ભાગ રચ્યો હોય તો તે બની શકે એવુ છે, તેમ કૃષ્ણભક્તે પણ તેવુ વખતે લખ્યુ હોય, કારણ નિંદાના રૂપમા સ્તુતિ કરવી, એ ભરતખડના કવિઓની વિદ્યાની એક શાખા છે

આ ગમે તેમ હોય પણ આગળ જતા જણાય છે કે દુર્યોધન અશ્વત્થામાને કહે છે કે " ઘણા તેજવાળા વાસુદેવના માહાત્મ્યથી હુ અજાણ્યો નથી. તેમણે મને ક્ષત્રિય ધર્મથી ભ્રષ્ટ કર્યો નથી, તો મારે માટે શોક કરવાનુ તમારે શુ પ્રયોજન છે ? "

---

* આના દાખલા તરીકે બાબુ બકિમચદ્ર એક બગાળી પુસ્તકમાથી નીચેનો ફકરો આપે છે મદનના બળી ગયા પછી વિલાપ કરતા રતિ અગ્નિને ઉદ્દેશી કહે છે, કે

एकेर कपाले रहे, आरेर कपाल दहे
आगुनेर कपाले आगुन

છેલ્લા ચરણનો ભાવાર્થ અગ્નિને ગાળ દેનારો છે, પરતુ તેનો અર્થ એવો પણ થઈ શકે છે કે " અગ્નિ ! તારી શિખા જ્વાલાવિશિષ્ટ થાવ "

પ્રકરણ ૯મું

યુદ્ધની પૂર્ણાહુતિ

અધર્મ યુદ્ધમા દુર્યોધન મરાયો એ વાતને લીધે યુધિષ્ઠિરના મનમા એવો ભય પેસી ગયો કે મહાતપના પ્રભાવવાળી ગાંધારી એ હકીકત સાભળતા જ પાંડવોને બાળી મૂકશે, માટે તેમણે કૃષ્ણને વિનતિ કરી કહ્યુ કે તમે હસ્તિનાપુર જઈ ગાંધારી તથા ધૃતરાષ્ટ્રને શાન્ત પાડી આવો

આ હકીકત પહેલા સ્તરની હોય એમ લાગતુ નથી, કારણ અહિ યુધિષ્ઠિર કૃષ્ણને "અવ્યય, પૃથ્વીના સરજાવનાર તથા સહાર-કર્તા" કહે છે વળી આ વાત થતા પહેલા થોડા જ વખત ઉપર અર્જુનના રથ ઉપરથી કૃષ્ણ ઉતર્યા કે તરત તે બળી ભસ્મ થઈ ગયો હતો, તેનુ કારણ અર્જુને કૃષ્ણને પૂછ્યુ ત્યારે કૃષ્ણે કહ્યુ કે "બ્રહ્માસ્ત્રને જોરે એ રથ ક્યારનોએ બળી ગયો હોત પણ હુ તેના ઉપર બેઠો હતો તેથી અત્યાર સુધી તેને અગ્નિ સ્પર્શ કરી શક્યો નહિ" મતલબ કે કૃષ્ણ પોતે કહે છે કે હુ દેવતા અથવા વિષ્ણુ છુ આ બીજા કે ત્રીજા સ્તરનો ભાગ સમજવો

હસ્તિનાપુર જઈ કૃષ્ણે ગાંધારી તથા ધૃતરાષ્ટ્રને જે દિલાસો આપ્યો તેમા આપણે અવલોકન કરવા જેવી કાંઈ હકીકત નથી

પછી દુર્યોધને અશ્વત્થામાને સેનાપતિ થવાનુ કહ્યુ છે તે વાત છે, પરતુ તે વખતે લશ્કરમા માત્ર ત્રણ જ માણસ હતા અશ્વત્થામા, કૃપાચાર્ય ને કૃતવર્મા અહિ શલ્યપર્વ પૂરૂ થાય છે

શલ્ય પછી સૌપ્તિકપર્વ આવે છે, તે ઘણા જ ભયકર બનાવોથી ભરપૂર છે શરૂઆતના ભાગમા અશ્વત્થામા રાત્રે ચોરની માફક પાંડવની છાવણીમા દાખલ થઈ નિદ્રાવસ્થ ધૃષ્ટદ્યુમન, શિખડી, દ્રૌપદીના પાચ પુત્ર અને પાંચાલોના ખૂન કરે છે, તેમની આખી સેના તથા બધા સરદારોનુ કાસળ કાઢી નાખે છે, પાચ પાંડવો ને કૃષ્ણ સિવાય તેમના પક્ષમા કોઈ જીવતુ રહેતું નથી

ખરૂ જોતા આ કુરુક્ષેત્રનુ યુદ્ધ તે કૌરવો તથા પાંચાલો વચ્ચેનું યુદ્ધ હતુ અને તેથી બધા પાંચાલો નિર્મળ થતા એ યુદ્ધનો પણ અંત આવ્યો કહેવાય

આના પછી સૌપ્તિકપર્વમા એક ઐષીકપર્વાધ્યાય આવે છે આવુ ચોરના જેવુ કામ કરી પાંડવોની બ્હીકથી અશ્વત્થામા વનમા જઈ સતાઈ ગયા પાંડવો બીજે દિવસે તેમની શોધમા નીકળી પડયા તેમને હાથે પોતે પકડાઈ ગયા તેથી બહુ ભયકર એવુ બ્રહ્મશિરા અસ્ત્ર તેમણે તેમના ઉપર ફેંક્યુ તેને પાછુ વાળવા અર્જુને પણ તેવુ જ એક અસ્ત્ર તેની સામે નાખ્યુ એ બે અસ્ત્રોના તેજથી બ્રહ્માડનો નાશ થઈ જશે એવા ભયને લીધે ઋષિઓએ વચમા પડી તે તકરારનો નીવેડો આણ્યો પોતાના માથાનો સહજમણિ કાઢી, અશ્વત્થામાએ દ્રૌપદીને ભેટ આપ્યો અને બ્રહ્મશિરા અસ્ત્ર પાડવના પુત્રની વહુ ઉત્તરાના પેટમા પેસી ગયુ, ને ગર્ભનો નાશ કરી શાન્ત થઈ ગયુ

આ બધી અસ્વાભાવિક હકીકત છે, તેમા કૃષ્ણને લગતુ કાઈ નથી તેથી તે આપણે છોડી દઇએ છીએ

સૌપ્તિક પછી સ્ત્રીપર્વ આવે છે, તે પર્વ તેના કરતા વિશેષભયકર છે લઢાઈમા મરાયલા યોદ્ધાઓની સ્ત્રીઓનુ જેવુ ભયકર રૂદન એમા વર્ણવ્યુ છે તેવુ બીજા કોઈ ગ્રથમાથી ભાગ્યે જ જડી આવશે એમા કૃષ્ણ સબધી માત્ર બે જ વાત છે

૧ ભીમને ભેટતી વખત તેને દાબી મારી નાખવો એવો ધૃતરાષ્ટ્રે વિચાર કરી રાખેલો તે વાતની કૃષ્ણને ખબર હતી, તેથી એક લોઢાનો ભીમ બનાવી પોતે તૈયાર રાખ્યો હતો તેને ભેટતા આધળા ધૃતરાષ્ટ્રે તેના ચૂરેચૂરા કરી નાખ્યા આ અસ્વાભાવિક બનાવ હોવાથી તેને પણ આપણે છોડી દઇએ છીએ

૨ ગાંધારીએ કૃષ્ણની પાસે બહુ વિલાપ કરી અને તેમને જ શાપ દીધો કે, " હે જનાર્દન ' જ્યારે પાંડવો અને કૌરવો એક બીજાના ક્રોધાગ્નિથી બળતા હતા ત્યારે તે બાબતમા તેમની ઉપેક્ષા તે શા માટે કરી હશે ? તારી પાસે ઘણા નોકર ચાકર તથા લશ્કર છે, તુ શાસ્ત્રજ્ઞાનસપન્ન, વાક્યવિશારદ, ને બળ-વીર્યશાલી છે, છતા જાણી જો-

ઈને તે કૌરવોનો વિનાશ કરવા ઉપેક્ષા બતાવી છે, તેથી અવશ્ય તેનુ ફળ તારે ભોગવવુ જોઈએ પતિની સેવા રૂપે જે કાઈ તપ મે કર્યું છે તે દુર્લભ તપના પ્રભાવથી હુ તને શાપ દઉં છુ કે, જે રીતે પાંડવ અને કૌરવોના સગાવહાલાઓના વિનાશ માટે તે ઉપેક્ષા બતાવી છે, તેવી જ રીતે તારા સગાવહાલાઓનો પણ તારે લીધે વિનાશ થશે આજથી છત્રીશ વર્ષ પછી તુ અમાત્ય, સગાવહાલા અને પુત્ર વિનાનો થઇ વને વને રઝળી ઘણી માઠી રીતે મોત પામીશ ભરતવશી સ્ત્રીઓની માફક તારા કુળની સ્ત્રીઓ પણ પુત્ર અને બધુ બાધવ વિનાની થઈ વિલાપ અને પરિતાપ કરશે "

કૃષ્ણે હસીને ઉત્તર આપ્યો, " દેવિ ! મારા સિવાય યદુવશીઓનો વિનાશ કરે એવુ બીજુ કોઈ નથી હુ તે વશનો વિનાશ કરીશ એ હુ ઘણા દહાડા થયા જાણુ છુ, તેથી જે મારૂ કર્ત્તવ્ય છે તે તમે કહ્યુ છે યાદવોને માણસ કે દેવ દાનવો પણ મારી શકે તેમ નથી, તેથી તેઓ એક બીજાને મારી નાખશે "

અહિ બીજા સ્તરના કવિએ મૌસલપર્વમા જે હકીકત કહેવાની તેની આગળથી જ ગોઠવણ કરી રાખેલી જણાય છે, અને મૌસલપર્વ એ તે વખતની રચના છે, તે આપણે પણ અત્યારથી જ ધ્યાનમા રાખવાનુ છે.

પ્રકરણ ૧૦ મું

વિધિસસ્થાપન–કાયદાસર રાજ્ય

કુરુક્ષેત્રના યુદ્ધના મુશ્કેલીભરેલા વર્ણનમાથી હવે આપણે છૂટયા છીએ, કૃષ્ણનુ માનવચરિત્ર પાછુ નિર્મળ તેજથી ઝળહળતુ જણાય છે, જો કે માત્ર શાન્તિ અને અનુસાશનપર્વમા તેમને ઇશ્વર તરીકે માનેલા છે

લડાઈને અને મહાન બુદ્ધિમાન યુધિષ્ઠિરે પાછો એક ગોળો ગબડાવ્યો, તેમણે અર્જુનને કહ્યુ કે આટલા બધા સગાવહાલાઓનો વધ કર્યાથી મારા મનને બહુ દુખ થયુ છે, તેથી હુ તો વનમા જતો રહુ છુ ત્યા ભિક્ષા માગી મારૂ પૂરૂ કરીશ અર્જુનનો તે સાભળી મિજાજ ગયો, અને તેણે યુધિષ્ઠિરને બહુ ઠપકો દીધો. તે ઉપરથી બે જાણા

વચ્ચે બહુ ભારે વાદવિવાદ થયો પછી **ભીમ**, **નકુળ**, **સહદેવ** અને કૃષ્ણ તથા **દ્રૌપદીએ** તેમને બહુ સમજાવ્યા, પણ યુધિષ્ઠિરે કેમે કરી પોતાની હઠ છોડી નહિ **વ્યાસ**, **નારદ** વગેરે ઋષિઓએ પણ સમજાવ્યા તેમનુ પણ કાઈ વળ્યુ નહિ, છેવટ કૃષ્ણે કેટલીક વાત સભળાવી તે ઉપરથી તે સમજી ગયા અને મહા મોટા આડબર સાથે પોતે હસ્તિનાપુરમા પ્રવેશ કર્યો

કૃષ્ણે તેમનો રાજ્યાભિષેક કરાવ્યો, તેમણે કૃષ્ણની બહુ સ્તુતિ કરી, જેમ જગદીશ્વરની સ્તુતિ કરે તેમ, અને છેવટ તેમને પગે પડયા કૃષ્ણ યુધિષ્ઠિરથી ઉમ્મરમા નાના હતા, અને આગળ યુધિષ્ઠિરે કોઈ પણ વખત નહિ કૃષ્ણની સ્તુતિ કરેલી કે નહિ તેમને પગે પડેલા, એ હકીકત ધ્યાનમા રાખવાની છે

બીજી તરફ બાણની શય્યા ઉપર સૂતેલા **કૌરવો**મા શ્રેષ્ઠ એવા **ભીષ્મ**, દુ ખથી કટાળી ગયલા, ઉત્તરાયણની રાહ જોતા પોતાનુ શરીર પડવા દેતા ન હતા ઋષિઓથી વીંટળાયેલા એવા **ભીષ્મ** સર્વમય, સર્વાધાર, પરમ પુરૂષ કૃષ્ણનુ ધ્યાન ધરવા લાગ્યા તેમની સ્તુતિને લીધે કૃષ્ણનુ મન તેમના તરફ દોડયુ અને તેથી યુધિષ્ઠિર વગેરેને લઈ પોતે તેમને દર્શન દેવા ગયા રસ્તે જતા જતા યુધિષ્ઠિરે કૃષ્ણને વિનતિ કરી **પરશુરામ**ની કથા સાભળી લીધી

કૃષ્ણે યુધિષ્ઠિરને એવુ કહેલુ કે તમારે **ભીષ્મ** પાસેથી જ્ઞાનલાભ મેળવવો, કારણ **ભીષ્મ** સર્વધર્મવેત્તા—બધા ધર્મ જાણનારા છે, અને તેમનુ તે જ્ઞાન તેમના મોતની જોડે આ દુનીઆમાથી ચાલ્યુ જશે. વળી એ જ્ઞાન તેમના મરવા પહેલા જગતમા પ્રચાર પામે તો સારૂ એવી તેમની ઇચ્છા હતી, એટલા માટે જ ખરૂ જોતા તેમણે યુધિષ્ઠિરને તે જ્ઞાન પ્રાપ્ત કરી લેવાનો ઉપદેશ આપેલો, તેમ જ **ભીષ્મ**ને પણ યુધિષ્ઠિર વગેરે સૌને ધર્મોપદેશ કરવાનુ કૃષ્ણે કહેલુ

ભીષ્મે તેમ કરવા કબૂલ્યુ નહિ, કારણ તેમણે કહ્યુ ધર્મ, કર્મ વગેરે સઘળુ તમારા વડે જ છે, તમારી પાસેથી જ તે મળ્યા છે, સર્વ જ્ઞાન તમારામા જ સમાયલુ છે, માટે તમે યુધિષ્ઠિરને ઉપદેશ આપો. મારી બાણની શય્યા ઉપર સૂતા સૂતા મને બહુ કષ્ટ થાય છે, હુ મરવાની

સ્થિતિમા આવી ગયો છુ ને મારી બુદ્ધિનો પણુ લોપ થઈ ગયલો લાગે છે. વળી મારાથી ઉઠી શકાશે પણુ નહિ તે સાભળી કૃષ્ણે કહ્યુ, મારા વરદાન વડે તમારા સઘળા બાણુના ઘાતુ દુ ખ ઓછુ થઈ જશે, તમારૂ અત કરણુ જ્ઞાનના તેજથી ઉજ્જ્વળ થશે, બુદ્ધિ પ્રકાશ પામશે અને તમારૂ મન કેવળ સત્ત્વગુણી થઈ જશે ને દિવ્ય ચક્ષુ વડે તમે ભૂત ભવિષ્ય સઘળુ એકસરખી રીતે જોઈ શકશો

કૃષ્ણુની કૃપાથી સઘળુ તેમ થયુ ખરૂ, પણુ **ભીષ્મે** સ્વાભાવિક કૃષ્ણુને પૂછ્યુ કે, તમે પોતે યુધિષ્ઠિરને કેમ ઉપદેશ આપતા નથી ? કૃષ્ણે જવાબ આપ્યો કે સારૂ નરસુ બધુ મારા થકી જ થાય છે, જેવી રીતે ચન્દ્ર શીતળ કિરણુવાળો છે એ કહેવામા વિસ્મય પામવા જેવુ નથી, તેની જ રીતે હુ યશસ્વી છુ એવુ કહેવામા કાઈ નવાઈ જેવુ નથી, પણુ મારી ઇચ્છા તમને વધારે યશસ્વી કરવાની હોવાથી મે મારી બધી બુદ્ધિ તમને અર્પણુ કરી છે, ઇત્યાદિ

આ ઉપરથી **ભીષ્મે** પ્રફુલ્લિત ચિત્તે યુધિષ્ઠિરને ધર્મતત્ત્વ સભળાવવા માડયુ, ને **રાજધર્મ**, **આપદ્ધર્મ**, ને **મોક્ષધર્મ**, બહુ વિસ્તારથી સમજાવ્યા; **મોક્ષધર્મ** આગળ **શાન્તિપર્વ** પૂરૂ થાય છે

શાન્તિપર્વમા ત્રણે સ્તરો દેખાય છે એ પર્વનુ હાડપિજર તે પહેલો સ્તર, પછી તેના ઉપર જેમ જે ધર્મ પોતાને સૂઝયો ને ઠીક લાગ્યો તેમ તે તેણે **શાન્તિપર્વ**મા આણી તેના હાડ, માસ ને ચામડી બનાવી ચોટાડી દીધા, છતા એમા આપણે અવલોકવા જેવી એક મોટી વાત છે, અને તે એ છે કે માત્ર ધાર્મિક પુરૂષને રાજા બનાવ્યાથી દેશમા ધર્મનુ સસ્થાપન થયુ સમજવાનુ નથી, કારણુ આજે ધાર્મિક રાજા યુધિષ્ઠિર રાજ્ય કરતો હોય તો કાલે તેના પછી ગાદીએ બેસનારો બીજો રાજા પાપાત્મા નીકળે, તેટલા માટે ધર્મરાજ્યની સ્થાપના કર્યા પછી પણુ તે રાજ્ય જાળવી રાખવા માટે ધર્મ જેને અનુમતિ આપે તેવા કાયદાઓ બાધવાની જરૂર છે લઢાઈમા ફત્તેહ તે તો રાજ્ય સ્થાપવાનુ માત્ર પહેલુ પગલુ કહેવાય, પણુ તે રાજ્ય ચલાવવાને કાયદાની વ્યવસ્થા (legislation) કરવી તે જ ખરેખર મોટુ કામ છે, તે કામ કરવાનુ કૃષ્ણે **ભીષ્મને**

સોપ્યુ **ભીષ્મ**ને સોપવાનુ મુખ્ય કારણ એ હતુ કે જે માણસ **આદર્શ** નીતિજ્ઞ—નીતિ બરાબર રીતે જાણનારો—હોય તે જ એ કરી શકે તેમ હતુ કૃષ્ણ એ બધા કારણ **ભીષ્મ**ને સમજાવતા પોતે જ કહે છે કે "આપ ઉમ્મરે મોટા છો, શાસ્ત્રજ્ઞાન અને શુદ્ધાચારવાળા છો, રાજધર્મ અને બીજા ધર્મથી અજાણ નથી આપના જન્મથી તે અત્યાર સુધી આપનામા એકે દોષ દેખાયો નથી રાજાઓ આપને સર્વધર્મવેત્તા કહે છે, માટે જાણે તેમના પિતા હો તેવા ભાવથી આ રાજાઓને આપ નીતિનો ઉપદેશ કરો. આપે હમ્મેશા દેવતા અને ઋષિઓની ઉપાસના કરી છે હમણા આ રાજાઓ આપની પાસે ધર્મવૃત્તાન્ત સાભળવા ઉત્સુક થયા છે, તેથી આપને સવિસ્તર સમસ્ત ધર્મ કહેવો પડશે પડિતોના મત પ્રમાણે ધર્મોપદેશ આપવો, એ વિદ્વાનોનુ જ કર્તવ્ય છે "

પછી **અનુશાસનપર્વ** આવે છે તેમા પણ હિતોપદેશ જ છે **ભીષ્મ** તે ઉપદેશ આપે છે, યુધિષ્ઠિર સાભળે છે એ સિવાય પણ તેમા બીજી કેટલીક હકીકત છે તે ઉપરથી એ આખુ પર્વ જ ત્રીજા સ્તરનો ભાગ છે, અને તેમા આપણા કામનુ કાઈ નથી

છેવટ **ભીષ્મ**નો દેહ પડયો, તેમણે સ્વર્ગવાસ કર્યો, એ જ હકીકત માત્ર પહેલા સ્તરની છે

પ્રકરણ ૨૧ મુ

કામગીતા

ભીષ્મના સ્વર્ગવાસ પછી વળી પાછા યુધિષ્ઠિર રૂદન કરવા બેઠા ને હઠ લીધી કે હુ તો વનવાસ કરૂ છુ બધાએ બહુબહુ કહ્યુ, પણ કોઈનુ કહ્યુ તેમણે માન્યુ નહિ પરતુ આ વખતે એ રોગનુ ખરેખરૂ ઓસડ કૃષ્ણે શોધી કાઢ્યુ એમણે જે રોગની પરીક્ષા કરી તે બીજુ કોઈ કરી શકે તેમ ન હતુ યુધિષ્ઠિરનો ખરો રોગ અહકાર હતો એ અહકારનો પર્યાય અગ્રેજીમા pride કહેવામા આવે છે, પરતુ તે બરાબર નથી, કારણ અહકાર ને મત્સર એ જૂદા જૂદા દુર્ગુણો છે " હુ જ બધુ

કરૂ છુ," "આ મારૂ," "આથી મને સુખ છે," "આથી મને દુખ છે," એવી એવી જે મનની વૃત્તિઓ તેનુ નામ અહકાર યુધિષ્ઠિરના દુખનુ કારણ એ અહકાર હતુ મે આ પાપ કર્યું છે ને મને આ શોક થાય છે મારે લીધે જ આ બધુ ઉપસ્થિત થયુ છે માટે હુ વનમા જઇશ એવી એવી જાતનુ આત્માભિમાન આ યુધિષ્ઠિરના રૂદન તથા હઠનુ કારણ હતુ, તેથી તે રોગને મૂળમાથી છેદવો અને તેમાથી યુધિષ્ઠિરને બચાવવા એવી મતલબથી ધર્મવેત્તામા શ્રેષ્ઠ એવા કૃષ્ણે મહા કઠોર વાણીથી તેમને કહ્યુ કે, "હજુ તમારો એક શત્રુ બાકી છે તમારા શરીરની અદર જે ન જિતી શકાય એવો અહકારરૂપી દુશ્મન રહેલો છે, તેને શુ તમે જોઈ શકતા નથી?" એમ કહી તત્ત્વજ્ઞાન વડે એ અહકાર રૂપી દુશ્મનનો સહાર કરવા કૃષ્ણે એક રૂપક યુધિષ્ઠિરને સભળાવ્યુ અને પછી બહુ ઉત્તમ પ્રકારનો જ્ઞાનનો જે ઉપદેશ કર્યો તે બધો નીચે ઉતારી લીધો છે ગીતામા જે નિષ્કામ ધર્મ આપણે વાચીએ છીએ તે જ ધર્મનો અહિ પણ ઉપદેશ કરેલો છે

"હે ધર્મરાજ! વ્યાધિ બે પ્રકારના હોય છે, શરીરના અને મનના. તે બે એક બીજાની સહાયતાથી ઉત્પન્ન થાય છે. શરીરમા જે રોગ થાય તેને શારીરિક અને મનને જે પીડા થાય તેને માનસિક વ્યાધિ કહે છે કફ, પિત્ત ને વાયુ, એ ત્રણ શરીરના ગુણ છે જ્યારે એ ત્રણે સરખા પ્રમાણમા હોય છે ત્યારે શરીર સારૂ રહે છે, અને જ્યારે તેમા કાઈ ફેરફાર થાય છે ત્યારે શરીરને અસુસ્થ થયલુ કહેવાય છે પિત્ત વધે તો કફ ઓછો થાય છે ને કફ વધે તો પિત્ત ઓછુ થાય છે શરીરની માફક આત્માના પણ ત્રણ ગુણ છે. તેના નામ સત્ત્વ, રજ, અને તમ એ ત્રણ ગુણનો સમભાવ હોય તો આત્માને સ્વસ્થતા રહે છે. તેમાથી જો એકનો વધારો થાય તો બીજાનુ કમીપણુ થાય છે હર્ષ પેદા થાય તો શોક ને શોક પેદા થાય તો હર્ષ ઢકાઈ જાય છે. દુખવખત સુખનો અને સુખવખત દુખનો કોઈ અનુભવ કરી શકે છે ખરૂ? તે ગમે તેમ હોય છતા સુખદુખ બનેનુ સ્મરણ કરવાનો આ વખત નથી, કારણ સુખદુખથી ચઢીઆતો જે પરબ્રહ્મ તેનુ સ્મરણ

કરવુ આપણને યોગ્ય છે . પૂર્વે ભીષ્મ, દ્રોણ વગેરે જોડે જે ઘોર યુદ્ધ તમારે કરવુ પડયુ હતુ તેના કરતા વધારે ભયકર યુદ્ધ હવે તમારે અહકાર જોડે કરવાનુ છે એ યુદ્ધમા સામા ટકી રહેવુ, એ તમારૂ અવશ્ય કર્તવ્ય છે યોગ અને તેને ઉપયોગી બધા કાર્યોનુ અવલબન કરવાથી જ આ લડાઈમા ફત્તેહ મળી શકશે એ લડાઈમા નથી કામ આવતા ધનુષ્યબાણ, કે નથી કામ આવતા સગાવહાલા ને નોકર ચાકરો માત્ર પોતાના મનની સહાયતા લઈ એ લડાઈમા ઉતરવાનુ છે જો એમા ફત્તેહ ન મળે તો દુ ખની પરિસીમા રહેતી નથી, માટે મારા ઉપદેશ પ્રમાણે ચાલી એકદમ અહકારનો પરાજય કરી, શોક છોડી, સ્વસ્થ ચિત્તે તમારૂ બાપીકુ રાજ્ય ભોગવો

"હે ધર્મરાજ! માત્ર રાજ્યાદિ છોડી દીધાથી કદાપિ સિદ્ધિલાભ થવાનો સભવ નથી માત્ર ઇન્દ્રિને જિતવાથી પણ તે લાભ મળી શકે છે કે નહિ તે નક્કી નથી. જેઓ રાજ્યાદિ વિષય છોડી દીધા પછી પણ મનમા વિષયભોગની વાસના રાખતા હોય તેમનો ધર્મ અને તેમનુ સુખ ભલે તમારા શત્રુઓ પ્રાપ્ત કરે મમતા સસારપ્રાપ્તિનુ ને નિર્મમતા બ્રહ્મલાભનુ કારણ નિર્માણ થઈ ચૂકેલુ છે પરસ્પર વિરુદ્ધ ધર્મનો આશ્રય કરવાવાળી એ બન્ને-મમતા અને નિર્મમતા લોકના મનમા ન જણાય તેવી રીતે સ્થાન લઈ એક બીજા ઉપર હુમલા કરી એક બીજાનો પરાજય કરે છે ઇશ્વરનુ અસ્તિત્વ અનાદ્યનન્ત હોવાને લીધે જગતનુ અસ્તિત્વ પણ આદિ અત વિનાનુ માનનાર માણસ જીવોની હિસા કરે તો પણ તેને તે હિસાનુ પાપ લાગતુ નથી જે માણસ સ્થાવરજગમ મિશ્રિત આખા જગતનુ ઉપરિપણુ મેળવ્યા છતા, મમતાનો ત્યાગ કરી શકે છે, તે કદિ સસારના પાપોથી દૂષિત થતો નથી, પણ જગલમા રહી ફળ મૂળ ખાઈને જીવનાર માણસ પણ જો વિષયવાસના છોડી ન શકે તો જરૂર તે સસારની જાળમા સપડાઈ જાય છે! તેટલા માટે ઇન્દ્રિયસુખ તથા વિષય માત્રને માયામય ગણવા, એ તમારૂ કર્તવ્ય છે. જે માણસ તેના તરફ લેશ માત્ર મમતા કરતો નથી તે જરૂર સસારથી મુક્તિ મેળવે છે જે કામને વશ રહે છે તેના કોઈ વખાણ કરતુ નથી.

કામનાઓ મનમાથી ઉત્પન્ન થાય છે, અને પ્રવૃત્તિના આખા સમુદાયનુ મૂળ કારણુ તે જ છે જે બધા મહાત્માઓ બહુ જન્મના અભ્યાસને જોરે કામનાને અધર્મ રૂપ જાણી દાન, વેદનુ અધ્યયન, તપસ્યા, વ્રત, યજ્ઞ, વિવિધ નિયમ, ધ્યાન અને યોગફળ મેળવવાની ઇચ્છાથી કરતા નથી તેઓ તરત કામનાનો પરાજય કરી શકે છે કામનો નિગ્રહ એ જ ખરો ધર્મ અને મોક્ષનુ બીજ છે, તેમા કાઈ સદેહ નથી

"હવે પૂર્વવૃત્તાન્ત જાણનારા પડિતો જે કામગીતા કહી ગયા છે, તે હુ તમને કહુ છુ તે સાભળો કામનાએ પોતે જ કહ્યુ છે કે નિર્મમતા અને યોગાભ્યાસ સિવાય કોઈ મને જિતી શકતુ નથી માત્ર જપ વગેરે વડે જે મને જિતવા માગે છે, તેના મનમા હુ અહકાર રૂપે ભરાઈ તેનુ કામ ફળ વિનાનુ કરૂ છુ જે માણસ જૂદી જૂદી જાતના યજ્ઞો કરી મને જિતવા માગે છે, તેના મનમા જગમમા રહેતા જીવાત્માની માફક વ્યક્તરૂપે હુ દેખાઉ છુ જે માણસ વેદવેદાતના સમાલોચન દ્વારા મને જિતવા યત્ન કરે છે તેના મનમા હુ સ્થાવરમા રહેતા જીવાત્મા માફક અવ્યક્તરૂપે રહુ છુ જે માણસ ધૈર્ય દ્વારા મને જિતવા યત્ન કરે છે, તેના મનનાથી કદિ હુ ખસતી નથી જે માણસ તપસ્યા વડે મને જિતવા માગે છે, તેની તપસ્યામા જ હુ દેખાઉ છુ, અને જે માણસ મોક્ષને માટે મારો જય કરવાની ઇચ્છા કરે છે તેની હાસી કરી હુ નાચુ છુ પડિતો એમ કહી ગયા છે કે કોઈ માણસથી મારો વધ ન થાય, એવી હુ સનાતન છુ

"હે ધર્મરાજ! એ કામગીતા મે વિસ્તાર વડે તમને સભળાવી છે કામનાનો પરાજય બહુ મુશ્કેલ છે વિધિપૂર્વક અશ્વમેધ અને બીજા યજ્ઞો કરી તમે પણ તેને મેળવો હણેલા બધુઓ વિષે વારવાર શોક કરવો નકામો છે, કારણ તેમ કર્યાથી કદિ તમે તેને પાછા જોઈ શકશો નહિ, તેથી હવે મોટા આડબરથી મોટા મોટા યજ્ઞો કરો, તેમ કર્યાથી આ લોકમા અતુલ કીર્તિ ને પરલોકમા ઉત્કૃષ્ટ ગતિને તમે પ્રાપ્ત થશો"

પ્રકરણ ૧૨ મું

કૃષ્ણનું પાછું જવું

ધર્મરાજ્યનું સંસ્થાપન થયું, અને ધર્મનો પ્રચાર થવા માંડ્યો છે આ ગ્રંથમાં પાંડવો જોડે કૃષ્ણને લીધે જે સંબંધ આપણે રાખવો પડેલો અને કૃષ્ણે જ્યાં જ્યાં દેખા દીધેલી, તે સંપૂર્ણ થવાનો હવે વખત આવ્યો છે ઉપલી બે મતલબ પાર પડી એટલે હવે શ્રીકૃષ્ણ જો એ ગ્રંથમાંથી ખસી જાય તો કાંઈ અડચણ જેવું ન હતું, છતાં પોતાના રચેલા ગ્રંથો અંદર દાખલ કરી દેવાની ઈચ્છાવાળા કવિઓ કૃષ્ણને તેમ છોડે તેવા ન હતા તેઓએ અર્જુનને મોઢે તદ્દન ન બંધ બેસે તેવી એક અદ્ભુત વાત કહેવડાવી છે અર્જુને કૃષ્ણને કહ્યું કે, યુદ્ધ કરતી વખતે તમે જે ધર્મોપદેશ મને કરેલો તે બધો હું ભૂલી ગયો છું, માટે તે ફરી કહી સંભળાવો કૃષ્ણે કહ્યું તેમ બની શકશે નહિ, કારણ તે બધી વાત જ મારા મનમાંથી ખમી ગઈ છે, તે વખતે તો મેં યોગ સાધેલો હતો તેથી હું તે બધો ઉપદેશ કરી શક્યો હતો, તું પણ વળી બહુ નિર્બોધ અને શ્રદ્ધા વિનાનો થઈ ગયો છે, તેથી હું તને કાંઈ પણ સંભળાવવા ઈચ્છતો નથી, છતાં એક જૂનો ઇતિહાસ કહું છું

એ બહાને કૃષ્ણે અર્જુનને થોડું તત્ત્વજ્ઞાન સંભળાવ્યું પહેલાં જે જ્ઞાન આપેલું તે "ગીતા"ને નામે જણાવેલું હોવાથી હાલના ઉપદેશને ગ્રંથકારે "અનુગીતા"નું નામ આપ્યું છે. એ "અનુગીતા"ના એક ભાગને "બ્રાહ્મણગીતા" કહે છે

ભગવદ્ગીતા, પ્રજાગર, સનત્સુજાતીય, માર્કંડેયસમસ્યા, અનુગીતા વગેરે ધર્મ સંબંધી ઘણા ગ્રંથો મહાભારતમાં દાખલ હોવાથી આજે જાણે તે મહાભારતના જ અંશ હોય તેવી રીતે ઓળખાય છે. એ બધામાં શ્રેષ્ઠ ગીતા છે, પરંતુ બાકીના બીજા ગ્રંથો પણ ઉંચી પંક્તિના છે "અનુગીતા" પણ ઉત્તમ ગ્રંથ છે ભટ્ટ મેક્સમ્યૂલરે પોતાની **Sacred Books of the East** નામની ગ્રંથાવલિમાં તેને સ્થાન

આપ્યુ છે. છતા એ ગ્રથ ગમે તેવા પ્રકારનો હોય તેની જોડે આપણને કામ નથી, કારણ કે એ ઉપદેશ કૃષ્ણને મોઢે થયલો નથી એટલુ નક્કી છે. એ બનાવનારે જેમ તેમ કરી એને મહાભારતના મૂળ ગ્રથ જોડે જોડી દેવા પ્રયત્ન કર્યો છે, પણ તેનો તે પ્રયત્ન નિષ્ફળ થયો છે, એ સહજ જણાઈ આવે છે ગીતામા કહેલા ધર્મને અને અનુગીતામા કહેલા ધર્મને એવુ કોઈ પણ રીતનુ મળતાપણુ નથી કે, જેથી ગીતાનો રચનાર તે અનુગીતાનો રચનાર પણ કહી શકાય મર્હૂમ મી૦ કાશીનાથ ત્ર્યબક તેલગે ઉપલી ગ્રથાવલિમા અનુગીતાનુ ભાષાતર આપતા જે પ્રસ્તાવના લખી છે, તેમા પણ કેટલાક પ્રમાણો વડે તેણે સાબીત કરી આપ્યુ છે કે ગીતા લખાયા પછી અનુગીતા ઘણે લાબે વખતે, ઘણા સૈકા પછી લખાયલી હોવી જોઈએ વળી અનુગીતા અને બ્રાહ્મણગીતા (બ્રહ્મગીતા) મહાભારતમા પાછળથી દાખલ થઈ ગયલી તેની સાબીતીમા એટલુ જ કહેવુ બસ થશે કે પર્વસગ્રહાધ્યાયમા એને વિષે કાઈ પણ ઇશારો કરેલો નથી

અર્જુનને ઉપદેશ આપી યુધિષ્ઠિર વગેરે પાસેથી રજા લઈ કૃષ્ણ પાછા દ્વારકા ગયા કૃષ્ણે રજા લેતી વખતે માણસની પ્રકૃતિને જ માત્ર સુલભ એવા જે સ્નેહ વગેરેના ગુણો બતાવેલા, તે ઉપરથી તેમની માનવિકતાનુ એક વિશેષ ઉદાહરણ મળે છે

રસ્તે જતા ઉત્તક મુનિ સાથે કૃષ્ણને મુલાકાત થયલી તેનુ વર્ણન મહાભારતમા છે લઢાઈ થતી અટકાવી નહિ, તેથી એ મુનિ કૃષ્ણને શાપ દેવાને તત્પર થયા હતા કૃષ્ણે તેમને કહ્યુ કે તમે શાપ દેશો નહિ, કારણ તેમ કરશો તો તમારા તપમા ભગ પડશે સલાહ કરાવવા મે પ્રયત્ન કર્યો હતો, વળી હુ જગદીશ્વર છુ, માટે મને શાપ દેતા વિચાર કરજો આ ઉપરથી ઉત્તકે કૃષ્ણને પગે પડી તેમના સ્તુતિ કરી. પછી ઉત્તકે કૃષ્ણનુ વિશ્વરૂપ જોવાની ઇચ્છા કરી, અને કૃષ્ણે તે તેમને બતાવ્યુ અને તેમને કેટલાક વરદાન આપ્યા તેમા એક એવુ હતુ કે જ્યારે તેઓ પાણી વગરના મારવાડ દેશમા પાણીની ઇચ્છા કરશે ત્યારે તેમને પાણી મળશે. એક વખત એવી ઇચ્છા કરતા એક ચાડાળ

તરત પ્રકટ થયો, અને તેની જોડે એક કૂતરો પણ પ્રકટ થયો, અને મુનિને ચાડાળે કહ્યુ કે પાણી પીવુ હોય તો આ કૂતરાનો પિશાબ પીવો, વગેરે વગેરે ઘણી મલીન વાતોથી એ ભાગ ભરપૂર છે ઉત્તક જોડે કૃષ્ણની આ મુલાકાતનો પ્રસગ પર્વસગ્રહાધ્યાયમા નથી એ અસલ મહાભારતનો અશ નથી અને તેથી એને વિષે વધારે વિવેચન કરવાની જરૂર નથી. ત્રીજા સ્તરનો એ અશ હોય એમ લાગે છે

કૃષ્ણ દ્વારકા તરફ જઈ પોતાના ભાઈભાડુઓ વગેરેને મળ્યા તે વખતે વાસુદેવે યુદ્ધનુ વૃત્તાન્ત સાભળવા ઇચ્છા બતાવી કૃષ્ણે તે કહી સભળાવ્યુ છે વૃત્તાત ટૂકુ, અતિશયોક્તિ વિનાનુ અને કોઈ પણ જાતના અસ્વાભાવિક બનાવોથી તદ્દન વિરક્ત એવુ છે તેટલા ટૂક ઈતિહાસમા આખા યુદ્ધના બધા બનાવોનો સમાવેશ થઈ જાય છે માત્ર અભિમન્યુના વધની વાત તેમા આવતી નથી, પણ સુભદ્રા તેમની જોડે દ્વારકા ગયલા તેમણે તે વાત છેડી અને તેથી કૃષ્ણને પણ તે હકીકત માડીને કહેવી પડેલી

કૃષ્ણને રજા આપતી વખતે અશ્વમેધ યજ્ઞ કરતી વેળાએ પાછા આવવા યુધિષ્ઠિરે તેમને આગ્રહપૂર્વક કહ્યુ હતુ, તે સમય આની લાગ્યાથી યાદવો વગેરેને લઈ કૃષ્ણ પાછા હસ્તિનાપુર આવ્યા

કૃષ્ણના આવ્યા પછી અભિમન્યુની સ્ત્રી ઉત્તરાને એક મુવેલો છોકરો જન્મ્યો, તેને કૃષ્ણે જીવતો કર્યો, આ હકીકત ઉપરથી એમ આપણાથી કહી શકાતુ નથી કે કૃષ્ણે કોઈ ઈશ્વિરી શક્તિ વાપરી આ કામ કર્યું હશે હાલ પણ ઘણા ડાકટરો મુવેલા છોકરાનો પ્રસવ થયે તેને જીવતો કરી શકે છે, અને તે શી રીતે કરે છે તે પણ આપણે જાણીએ છીએ આ બનાવ ઉપરથી તો માત્ર એટલુ જ સાબીત થાય છે કે તે વખતના લોકોને જે વિદ્યા આવડતી નહતી, તેની કૃષ્ણને ખબર હતી. તે આદર્શ મનુષ્ય હતા, અને તેથી તેમની સઘળી જાતની વિદ્યા આવડતી ન હોય તો તેમા નવાઈ નથી

પછી યજ્ઞ નિર્વિઘ્ને પૂરો થયો, અને તેથી કૃષ્ણ પાછા દ્વારકા ગયા, પછી તેમની અને પાંડવોની બિલકુલ મુલાકાત થઈ નહિ

ખંડ સાતમો

પ્રભાસ

योऽसौ युगसहस्रान्ते प्रदीप्तार्चिर्विभावसु ।
संभक्षयति भूतानि तस्मै घोरात्मने नमः ॥

शान्तिपर्व ४७ अध्याय.

ખંડ સાતમો

પ્રભાસ

પ્રકરણ ૧લું

યાદવોનો નાશ

આશ્રમવાસિક પર્વ જોડે કૃષ્ણને કોઈ રીતનો સબધ નથી, પરતુ તેના પછીનુ પર્વ-મૌસલપર્વ મહા ભયાનક છે. બધા યાદવોનો-એક પણ બચ્યા સિવાયનો-સહાર તથા કૃષ્ણ અને બળરામનો દેહત્યાગ તેમા વર્ણવ્યો છે યાદવોએ એક બીજાને મારી નાખ્યા, કૃષ્ણને પોતાને એ મહા ભયાનક કૃત્ય થતુ અટકાવવાનો કોઈ ઉપાય સૂઝયો નહિ, અને ઉલટા ઘણા યાદવોનો કાળ એમને હાથે જ આવ્યો, એવુ એમા કહેલુ છે.

એ હકીકત નીચે પ્રમાણે છે ગાંધારીએ પોતાના શાપમા કહેલા છત્રીશ વર્ષ પૂરા થયા હતા, તેમ યાદવો પણ બહુ અનીતિથી ચાલતા હતા, એવામા વિશ્વામિત્ર, કણ્વ અને નારદ એ ત્રણે ઋષિઓ દ્વારકા આવી ચઢયા અનીતિથી પૂર્ણ એવા યાદવો કૃષ્ણના પુત્ર સામ્બને છોકરીના કપડા પહેરાવી, તેમની પાસે લેઈ ગયા ને તેમને પૂછ્યુ કે આ *છોકરી ગર્ભવતી છે, તેને શુ અવતરશે ? છોકરો કે છોકરી ?* પુરાણના પ્રતિહાસમા વર્ણવેલા ઋષિઓ બહુ જ તુંદમિજાજી હતા જરાજરામા તેઓ ગુસ્સે થઈ જતા કહેવાય છે ઠેકાણેઠેકાણે તેમના શાપની કથા આપણે વાચીએ છીએ ખરૂ જોતા તે ઉપરથી જિતેન્દ્રિય, ઈશ્વરપરાયણ ઋષિઓને બદલે મહા દુષ્ટ મનુષ્યની ચાલ ચલાવતા તેઓ નજરે પડે છે હાલના કોઈ સારા માણસ પાસે આવો તમાશો બતાવ્યો હોય તો તેઓ તેને હસી કાઢે અને તેટલેથી જ વાત પતે, વિશેષ થાય તો તમાશાખોર માણસોનું અપમાન કરી તેમને કાઢી મૂકે, પરતુ આ જિતે-

દ્રિય મહર્ષિઓએ પોતાની હાસી થઈ એમ ગણી, આખા યાદવકુળનો નાશ એકી વખતે થશે એવો શાપ યાદવોને દીધો ! તેમણે કહ્યુ, એને લોઢાનુ મૂસળ અવતરશે અને તે મૂસળ વડે કૃષ્ણ ને બળરામ સિવાયના બીજા બધા યાદવોનો સહાર થશે કૃષ્ણને એ વાતની ખબર પડી, તેમણે કહ્યુ, મુનિઓએ કહ્યુ છે તેમ જ થશે એ શાપનુ નિવારણ કરવાનો કાઈ ઉપાય નથી

આ શાપને લીધે, સામ્બને, પછી તે પુરૂપ હો કે સ્ત્રી હો તો પણ, એક મૂસળને જન્મ આપવો પડયો યાદવોના રાજા ઉગ્રસેને તે મૂસળને ભાગી ચૂર્ણ કરી નાખવાનો હુકમ કર્યો, તે પ્રમાણે મૂસળના ચૂરેચૂરા કરી દરીઆમા નાખી દીધા યાદવોએ પછી સઘળા ધર્મનો ત્યાગ કરી દીધેલો હોવાથી તેમનો " વિનાશ થાય એવી ઇચ્છાથી " કૃષ્ણે તેમને પ્રભાસપાટણની યાત્રા કરવા જવાનુ કહ્યુ

પ્રભાસપાટણમા આવી દારૂ પી, યાદવોએ નાના પ્રકારની મીજબાનીઓ ઉડાવવા માડી, અને તેમ કરતા છેવટ માહોમાહે લઢી પડયા કુરૂક્ષેત્રના મહારથી સાત્યકીએ જ પહેલો કલહ શરૂ કર્યો. કૃતવર્મા જોડે તે લઢતો હતો, તેમા પ્રદ્યુમ્ને તેનો પક્ષ લીધો, સાત્યકીએ કૃતવર્માનુ માથુ કાપી નાખ્યુ, તે ઉપરથી કૃતવર્માના કુટુબીઓએ સાત્યકીને અને પ્રદ્યુમ્નને મારી નાખ્યા તે ઉપરથી કૃષ્ણે ગુસ્સે થઈ એક મૂઠી ભરી એરકા * જાતનુ ઘાસ લઈ તેના વડે ઘણા યાદવોનો ઘાણ કાઢયો બીજા પુસ્તકમા એવુ કહ્યુ છે કે મૂસળનુ ચૂર્ણ કરી દરીઆમા નાખવામા આવેલુ તેમાથી તે તૃણ ઉત્પન્ન થયલુ મહાભારતમા એવું કાઈ નથી પરતુ તેમા તો ઉલટુ એવુ કહ્યુ છે કે કૃષ્ણે એરકા તૃણ હાથમા લીધુ કે તે મૂસળ રૂપે બદલાઈ ગયુ અને વળી એમ પણ કહ્યુ છે કે એ જગ્યાના એરકાના તૃણ બધા જ બ્રાહ્મણના શાપથી મૂસળ રૂપે બદલાઈ ગયા પછી યાદવોએ એ એરકાને હાથમા લઈ માહોમાહે લઢવા માડયુ અને એક બીજાને મારી નાખ્યા. તે ઉપરથી કૃષ્ણના સારથિ દારૂ

* એરકા, ઘાબાજરીઉં, જેને કાઠીઆવાડમાં ઘક્કુડી કહે છે પ્રભાસ સમા દરીઆકિનારે આ જાતનુ ઘાસ ઘણુ ઉગે છે ભા. ક.

અને બભ્રુ નામના એક યાદવે કૃષ્ણને કહ્યુ –" જનાર્દન ! આપે અહિ બહુ માણસોને મારી નાખ્યા, તેથી ચાલો પાછા, આપણે બલભદ્ર પાસે જઈએ "

કૃષ્ણે દારૂકને હસ્તિનાપુર અર્જુનની પાસે મોકલ્યો, અને કહેવડાવ્યુ કે તેણે દ્વારકા આવી યાદવોના કુટુંબની સઘળી સ્ત્રીઓને હસ્તિનાપુર લઈ જવી, પછી પોતે બળરામની પાસે ગયા અને તેમને યોગાસન કરી બેઠેલા દીઠા તેમના મોમાથી સહસ્ર મસ્તકવાળો એક સર્પ નીકળી, સાગર, નદી, વરૂણ તેમ જ વાસુકી વગેરે બીજા સર્પો તરફથી સત્કાર તથા સ્તુતિ પામી, સમુદ્રમા પેશી ગયો આથી બળરામનુ શરીર જીવ વિનાનુ થઈ પડયુ તે ઉપરથી કૃષ્ણે પોતે પણ આ મર્ત્યલોકનો ત્યાગ કરવાની ઇચ્છાથી યોગ સાધી, જમીન ઉપર લબાવ્યુ જરા નામના પારધીએ તેમને હરણ જાણી, તેમનો પગ વીંધાય એ પ્રમાણે બાણ માર્યું, પણ પાછળથી તેને પોતાની ભૂલ માલમ પડવાથી તે કૃષ્ણને પગે પડયો, કૃષ્ણે તેને દિલાસો આપ્યો અને આકાશમડળ પ્રકાશમય કરી સ્વર્ગગમન કર્યું

અર્જુને દ્વારકા આવી કૃષ્ણ બળરામ વગેરેની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી, યાદવ સ્ત્રીઓનો સમુદાય લઈ, હસ્તિનાપુર તરફ ચાલવા માડયુ. રસ્તામા લૂટારાઓએ લાકડીઓ લઈ તેના ઉપર હલ્લો કર્યો જેણે ભીષ્મ અને કર્ણ જેવા યોદ્ધાઓને માર્યા હતા, જેણે આખી પૃથ્વી જિતી હતી, તે અર્જુન આ ડાગધારી ભીલડાઓને હાકી કાઢી શકયો નહિ, ગાંડીવ ધનુષ્ય સુદ્ધા ઉચકી શકયો નહિ, અને રૂક્મિણી, સત્યભામા, હૈમવતી, જાબુવતી વગેરે કૃષ્ણની મુખ્ય મુખ્ય સ્ત્રીઓ સિવાય બીજી બધી સ્ત્રીઓને લૂટારા ઉપાડી ગયા

આ બધી હકીકત શુ અસલ મહાભારતનો ભાગ ગણાય ? મૂસળ, એરકા તૃણની હકીકત અસ્વાભાવિક છે, તેથી આપણા નિયમ પ્રમાણે તે આપણે છોડી દઈશુ, પણ તે છોડતા પણ બાકીની જે સ્થૂળ હકીકત રહે છે તે તેવી રીતે મૂકી દેવાય તેવી નથી યાદવો દારૂડીઆ તથા અનીતિવાન થઈ ગયા હતા એવુ આગળ કહ્યુ છે. તેઓ

એક વશના ન હતા, વૃષ્ણિ, ભોજ, અંધક, કુકુર, વગેરે જૂદા જૂદા વશના અને જૂદા જૂદા કુટુબના હોવાથી તેઓ હમેશા એકબીજાની જોડે લઢયા કરતા કુરૂક્ષેત્રના યુદ્ધમા પણ વૃષ્ણિ વશના સાત્યકી અને કૃષ્ણ પાંડવો તરફ હતા, ત્યારે અંધક અને ભોજ વશનો કૃતવર્મા દુર્યોધન તરફ હતા, વળી યાદવોનો કોઈ રાજા ન હતો, ઉગ્રસેનને આપણે કોઈ કોઈ વખત રાજા તરીકે ગણ્યો છે, પણ ખરી રીતે જોતા તેમનામા તે પદવી કોઈ ભોગવતુ ન હતુ, એ વાત પ્રસિદ્ધ છે પોતાના અધિક ગુણને લીધે કૃષ્ણ યાદવોના નાયક તરીકે લેખાતા, છતા તેમને પોતાના મોટા ભાઈ બળરામ જોડે મતભેદ ચાલ્યા જ કરતો વળી શાન્તિપર્વમા જ્યા ભીષ્મ કૃષ્ણ–નારદ–સવાદની હકીકત કહે છે ત્યા કૃષ્ણને નારદને મોઢે પોતાનુ દુખ રડતા બતાવ્યા છે કે મે મારી જ્ઞાતિના માણસો, યાદવોને ખુશ રાખવા ઘણા પ્રયત્નો કર્યા પણ તેમા મને ફત્તેહ મળી નથી, આ વાત આગળ આવી ગઈ છે, તેથી જ્યારે યાદવોને એકબીજાની અદેખાઈ કરનારા, પોતપોતાને મન મસ્તાન, અતિશય બળથી ગર્વિત, અનીતિથી ભરપૂર, અને દારૂના ફદમા પૂરેપૂરા ચઢી ગયલા જોઇએ છીએ * ત્યારે તેઓ માહોમાહે લઢી મરી, પોતાના કુળનુ નિકદન કાઢી નાખશે, અને તેથી કૃષ્ણ તથા બળરામનો મરજીથી કે કમરજીથી દેહાત થશે, એવુ ધારવુ અસ્વાભાવિક કે અસભવિત લાગતુ નથી કદાપિ એવી ને વખતે દતકથા ચાલતી હશે, અને તેના ઉપર પુરાણકારોએ યદુ વશના નાશની ઇમારત રચી કાઢી હશે, તેથી એ ભાગની મૌલિકતા જોવાની આપણે જરૂર નથી છતા માત્ર એ વાત વિષે કાઇંક કહેવાની જરૂર છે એવુ કહેવાય છે કે કૃષ્ણે યાદવોનો નાશ અટકાવવા કોઈ પણ રીતના ઉપાય લીધેલા નહીં, ઉલટુ ને કામ સફળ થાય તેવો રસ્તો લીધેલો જો એ વાત ખરી હોય તો પણ કૃષ્ણના ચરિત્રને બધ ન બેસતુ આવતુ હોય તેવુ તેમા કાઈ નથી. આદર્શ

* યાદવોને દારૂ પીવાની એટલી બધી લત પડી ગઈ હતી કે કૃષ્ણ-બલરામને એવો હુકમ કાઢવો પડેલો કે દ્વારકામા જે કોઇ દારૂ ગાળશે તેને શૂળીએ ચઢાવીશું.

પુરૂષને ઘટે તેવી જ રીતે તેમા તે વર્ત્તેલા લાગે છે આદર્શ પુરૂષને કોઇ સગાવહાલા, કોઈ પોતાનાપારકા હોતા નથી, ધર્મ એ જ તેનુ સગુ યાદવો અધર્મી થયા હોય તો પછી તેમને સજા કરવી અને જરૂર પડે તો તેમનો વિનાશ કરવો, એ જ તેમનુ કર્ત્તવ્ય હતુ. જરાસધ વગેરેનો જેણે અધર્મી હોવાથી નાશ કરેલો તે જ્યારે યાદવોને અધર્મી દેખી તેમનો નાશ ન કરે ત્યારે તે ધર્મબધુ ન કહેવાય, પોતાના સગા, પોતાના વહાલાનો બધુ–પોતાની જાતનો બંધુ કહેવાય, ધર્મનો બંધુ ન કહેવાય ધર્મમા પક્ષપાત હોતો નથી, જે પોતાનો પક્ષપાત કરે તે વશનો પણ પક્ષપાત કરે આદર્શ ધર્માત્માથી એવા પક્ષપાતી થવાય જ નહિ, અને કૃષ્ણ તેવા થયા પણ નહિ

કૃષ્ણના દેહાન્તનુ કારણ નક્કી થઈ શકતુ નથી, છતા ચાર કારણ તે વિષે ગણાવી શકાય ખરા

(૧) ટાલબોયસ વ્હીલરના સપ્રદાયીઓના કહેવા પ્રમાણે કહી શકાય કે જ્યુલીઅસ સીઝરની માફક દ્વેષથી ભરેલા, તેના ઝેરીલા બધુઓને હાથે તે હણાયા, પણ આવી હકીકત કોઈ ગ્રથમાથી જડતી નથી

(૨) યોગ સાધી, તેમણે વખતે દેહત્યાગ કર્યો હોય. યુરોપીઅન વિદ્વાનોના શિષ્યોને ગળે આ વાત ઉતરશે નહિ, પરતુ તેમા ન માની શકાય એવુ કશુ દેખાતુ નથી યોગાભ્યાસ કરતી વખતે પોતાનો શ્વાસો-ચ્છ્વાસ રૂંધી રાખવાની જે લોકોએ ટેવ પાડેલી હોય છે, તે લોકો પોતાનો શ્વાસ રોકી રાખી, પોતાનુ મૃત્યુ સપાદન ન કરી શકે, એવુ આપણાથી સાહસ કરીને કહેવાય નહિ, એવા બનાવો બન્યા પણ સાભ-ળવામા આવ્યા છે કેટલાકો એમ કહેશે કે એ આત્મહત્યા કરી કહેવાય અને તેથી તેમ કરનાર માણસે પાપ કરેલુ કહેવાય, અને તેથી આદર્શ માણસને તેવુ કરવુ લાયક ગણાય નહિ, પરતુ એ બરાબર વાત છે એમ કહી શકાતું નથી. વૃદ્ધ વયે, જીદગીનુ બધુ કામ સપૂર્ણ થઈ ગયા પછી ઇશ્વરમા લીન થવા માટે, મનથી તેનામા તન્મય થઈ જઈ શ્વાસ રોકવો તેને આત્મહત્યા કહેવી, કે "ઇશ્વરપ્રાપ્તિ" કહેવી, એ વિચાર

કરવા જેવુ છે આત્મહત્યા એ પાપ છે, એ ખરૂ, પરતુ જીવન પૂરૂ થયે યોગબળે પ્રાણત્યાગ કરવો તે આત્મહત્યા કહી શકાય ખરી ?

(૩) જરા વ્યાધના–એટલે જરા નામના શિકારીના બાણથી મૃત્યુ પામેલા

(૪) આ વખતે કૃષ્ણનુ વય સો વરસથી પણ વધારે થયલુ હતુ, એવુ વિષ્ણુપુરાણમા છે, તેથી જરા વ્યાધ તે જરા વ્યાધિ તો નહિ હોય ?–એટલે કે જરા નામનો શિકારી તે જ જરા–મોટી ઉમ્મર–બુઢાપો–તો નહિ હોય ?

જેઓ કૃષ્ણને માત્ર મનુષ્યરૂપે જ માને છે તેઓ આ ચારમાનુ ગમે તે કારણ ગ્રહણ કરી શકશે, પરતુ જેઓ તેમને ઇશ્વરરૂપે માને છે તેઓ એમ જ કહે છે કે તેમણે માત્ર પોતાની ઇચ્છા વડે જ દેહત્યાગ કર્યો.

માનુષી દેહ ધારણ કરી, મનુષ્યત્વના જ આદર્શોનો પ્રચાર કરવો, એ એમની ઇચ્છા હતી અને એ ઇચ્છા પૂરી કરવા માટે માનુષી શક્તિ વડે જ તેમણે સઘળા કાર્યો કર્યા, પણ ઇચ્છા રહેવાને લીધે જન્મ-મૃત્યુ તો એમની ઇચ્છાનુસાર ખરા, અને તેથી પોતાની ઇચ્છા વડે જ એમણે દેહત્યાગ કર્યો

મૌસલપર્વ આખુ અસલ મહાભારતનો ભાગ ખરો કે નહિ, તે વિચારવાની જરૂર નથી એમાના કેટલાક બનાવો ખરા બનેલા હશે, પણ તેથી તે પહેલા સ્તરનો અશ છે એમ કહી શકાય નહિ જે જે હકીકત પુરાણ તથા હરિવશમા કૃષ્ણચરિત્ર સબધે છે તે તે મહાભારતમાં નથી, એવુ આપણે આગળ કહ્યુ છે પરતુ આ એક જ હકીકત પુરાણો, હરિવશ અને મહાભારત ત્રણેમા છે. પાંડવો સબધે જે જે કૃષ્ણે કરેલુ તે સિવાય બીજી હકીકત મહાભારતમા નથી, તેમ તે ત્યા હોય એવુ સભવે પણ નહિ, છતા આ બાબત તે નિયમથી વિરૂદ્ધ જાય છે અહિ કૃષ્ણને ઇશ્વરનો અવતાર કહ્યો છે, એ બીજા કે ત્રીજા સ્તરનુ ચિહ્ન છે, એવુ પૂર્વે કહ્યુ છે, તેની બીજી પણ સાબિતીઓ છે, પણ તેને વિસ્તારવાની જરૂર નથી, માત્ર એટલુ જ કહેવુ બસ છે કે અનુક્રમણિકાધ્યાયમાં મૌસલપર્વનો જરા પણ પ્રસગ નથી પરિક્ષિત્‌ના જન્મના

વૃત્તાન્ત પછીની બીજી કોઇપણ હકીકત એ અધ્યાયમા નથી પરિક્ષિતૂનો જન્મ આદિ મહાભારતનો-છેલ્લો ભાગ છે. ત્યાર પછીની હકીકત તે બીજા કે ત્રીજા સ્તરની

પ્રકરણ ૨જું

ઉપસંહાર

પ્રસ્તુત સમાલોચકનુ કામ પોતાના વિષયપરત્વે બે રીતનુ હતુ એક તો જુના કુસસ્કારોનો નિરાસ, એટલે તે સબધે જે જડ ઘાલી ખોટા વિચારો બેસી ગયા હોય તેને મૂળથી ઉખેડી નાખવા, ને બીજુ સત્યનુ સગઠન કૃષ્ણચરિત્રમા પહેલુ કામ મુખ્ય પદ ભોગવે છે, તેથી તેમા બહુ વખત ગયો છે કૃષ્ણચરિત્રમા સત્યનુ નવુ સગઠન કરવુ એ બહુ મુશ્કેલ કામ છે, કારણ ખોટી અને અસ્વાભાવિક હકીકતોની ભસ્મથી એ અગ્નિ એટલો તો ઢકાઈ ગયો છે કે તે શોધી કાઢવો પણ અઘરો થઈ પડે છે જે સાધનોથી ખરૂં કૃષ્ણચરિત્ર ઘડીને ઉપજાવી કાઢી શકાય તે સઘળા ખોટાપણાના સાગરમા ડુબી ગયલા છે, માટે જ તેનું સત્યસ્વરૂપ જેટલુ બની શક્યુ તેટલુ ઉપરના પૃષ્ઠોમા ઘડી બતાવ્યુ છે

છેવટે આ પ્રકરણમા આપણી સઘળી મહેનતનુ પરિણામ, પુરાણ ઇતિહાસ વગેરેમાથી કેવા પ્રકારનુ કૃષ્ણચરિત્ર આપણે શોધી શક્યા છીએ, તે ટૂકામા જોઈ જઇએ

આપણે જોયુ છે કે ન્હાનપણમા-બાળવયમા-કૃષ્ણનુ શારીરિક બળ-જોર આદર્શરૂપ-નમૂનાદાર હતુ તેમના વગર કેળવાયલા બળને લીધે હિસા કરનારા પ્રાણીઓથી વૃન્દાવનનો બચાવ થતો હતો, તેમના તે જ બળના ભોગ કસના મલ્લો વગેરે થઈ પડેલા ગાયો ચરાવતી વખતે ગોવાળીઆઓની જોડે રમતો રમતા ને કસરત કરતા તેમણે તે બળને સ્ફુર્તિ આપી તેના પરિણામમા આપણે એ જોયુ કે દોડવામા કાળયવન પણ તેમની બરાબરી કરી શક્યો નહિ, વળી કુરક્ષેત્રની યુદ્ધભૂમિ ઉપર તેમની રથ ચલાવવાની આવડતના પુષ્કળ વખાણ થતા પણ આપણે જોયા છે.

એ જ બળ જ્યારે કેળવાયુ, શિક્ષણ પામ્યુ, ત્યારે તેણે તે સમયના સર્વ ક્ષત્રિયોમા શ્રેષ્ઠ એવા અસ્ત્રવિત્–હથીઆર વાપરતા જાણનાર કૃષ્ણને બનાવ્યા કોઈ પણ માણસ કદિ તેમને હરાવી શક્યો નથી તે વખતના મોટા મોટા યોદ્ધા કંસ, જરાસંધ શિશુપાળ વગેરે જોડે અને તે કાળના બીજા ઘણા રાજા, કાશી, પૌંડ્રક, ગાંધાર વગેરે જોડે તેમને યુદ્ધ કરવા પડેલા, તેમા તે બધાનો તેમણે પરાભવ કરેલો કોઈ તેમને જિતી શકેલુ નહિ. યુદ્ધવિદ્યાના તેમના શિષ્યો, સાત્યકી અને અભિમન્યુ લઢાઈમા તેમના જેવા જ, લગભગ ન જિતાય તેવા હુશીઆર થઈ ગયલા હતા અર્જુને પોતે પણ કેટલીક વખત તેમની પાસે એ જ સબંધી કેળવણી લીધેલી

લઢાઈના મેદાનમા દેખાડવાની કાબેલીઅત, જે માત્ર શારીરિક બળ અને તેની કેળવણી ઉપર જ આધાર રાખતી હોય તેવી કાબેલીઅતના પુરાણ વગેરેમા ઘણા વખાણ નજરે પડે છે, પરતુ એ કાબેલીઅત એક સાધારણ સિપાઈમા પણ હોઈ શકે યોદ્ધાનો ખરેખરો ગુણ તો સેનાપતિપણુ જ–કાબેલ સરદારી જ કહેવાય આવી સરદારીમાં તે વખતના યોદ્ધાઓ બહુ આવડતવાળા ન હતા મહાભારતમા કે પુરાણમા એ ગુણ કોઈ જગ્યાએ વર્ણવાયલો દેખાતો નથી, ભીષ્મ કે અર્જુનમા પણ તે ન હતો કૃષ્ણનો એ અમુક ગુણ જરાસંધ જોડેના યુદ્ધવખતે કાંઈક બહાર આવતો દેખાય છે, કારણ તે જ ગુણની મદદ વડે નાની સરખી યાદવસેનાએ જરાસંધના અસંખ્ય લશ્કરોને મથુરાથી વારવાર પાછા હાકી કાઢયા હતા, વળી તે જ સેનાનો નાશ યાદવોથી થઈ શકશે નહિ, એવુ જાણી મથુરા છોડી, નવુ નગર વસાવવાની યુક્તિ, તે નગર માટે દરીઆથી વિટળાયલા અને સામી બાજુએ આવી રહેલા રૈવતક પર્વતની દુર્ભેદ્ય પર્વતમાળાવાળા દ્વારકા બેટની પસંદગી, એ રણનીતિજ્ઞાન-ગુણનો પરિચય તે વખતના કોઈ પણ ક્ષત્રિયને સબધે આપણને પુરાણમા કે ઇતિહાસમા મળી આવતો નથી પુરાણ લખનારા ઋષિયોને પણ એ વિદ્યાની ખબર ન હતી અને તે ઉપરથી કૃષ્ણચરિત્ર એ માત્ર કલ્પનાનું જ પરિણામ નહિ હોય તેની એક વિશેષ સાબિતી આપણને મળે છે.

કૃષ્ણની જ્ઞાનવૃત્તિ પણ પૂરેપૂરી ખીલેલી આપણે જોઈ ગયા છીએ, તે અદ્વિતીય વેદજ્ઞ હતા. તેટલા માટે તેમની પૂજા થવી જોઇએ એવુ ભીષ્મે પણ કબૂલ કરેલુ અને શિશુપાળ જેવો કૃષ્ણનો શત્રુ પણ તેની ના પાડી શકેલો નહિ. તેણે માત્ર એટલુ જ કહેલુ કે, વેદવ્યાસ હાજર છતા કૃષ્ણને શા માટે પૂજવા જોઇએ ?

વળી એ વૃત્તિ પૂરેપૂરી સ્ફુરી હતી તેની બીજી સાબિતી તે કૃષ્ણે પ્રવર્ત્તાવેલો ધર્મ. એ ધર્મ માત્ર ગીતામા જ કહેલો છે એમ નથી, મહાભારતના બીજા ભાગોમા પણ તે કહેવાયલો આપણે જોયો છે કૃષ્ણ-પ્રચારિત ધર્મના કરતા વિશેષ ઉન્નત--ઉંચો, લોકોનુ ભલુ વિચારનાર, સઘળા લોકોને પાળવા લાયક, બીજો કોઇ ધર્મ પૃથ્વી ઉપર ભાગ્યે જ પ્રચાર પામ્યો હશે. એ ધર્મને સબધે કૃષ્ણનુ જ્ઞાન જોતા તે આપણને મનુષ્યની શક્તિ બહારનુ--ઈશ્વરી લાગે છે કૃષ્ણ પોતે સઘળા કામ માનુષી શક્તિથી કરતા હતા, એવુ આગળ સાબિત કરેલુ છે કેવળ આ ગીતાના સબધમા એમ લાગે છે કે તેમણે અનત જ્ઞાનનો અહિ આશ્રય લીધો છે.

સાધારણ લોકોના ધર્મ સબધી વાત છોડી હવે આપણે રાજધર્મ યા રાજનીતિપર આવીએ, તેમા પણ એ જ હકીકત માલમ પડે છે. તે સર્વશ્રેષ્ઠ અને સર્વમાન્ય રાજનીતિજ્ઞ છે એવુ જાણીને જ, વ્યાસદેવ જેવાની સલાહ હોવા છતા તેમની સલાહ લીધા વગર યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરવા આગળી સુદ્ધા હલાવેલી નહિ. શુ અણુકણાગરા યાદવો કે શુ કણાગરા પાંડવો તેમને પૂછ્યા વિના સળી સરખી ખસેડતા નહિ. જરાસધને મારી, કેદમા પડેલા રાજાઓનો છૂટકારો કર્યો તે પણ તેમની રાજનીતિનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે, કારણ સામ્રાજ્ય સ્થાપતા ઓછી મહેનત પડે તેનો એ મોટામા મોટો ને વળી ધર્મયુક્ત ઉપાય હતો. ધર્મરાજ્ય સ્થપાયા પછી તે રાજ્ય કેમ ચલાવવુ ને તેને માટે કેવા કાયદા ઘડવા તેનું જ્ઞાન ભીષ્મ દ્વારા જે એમણે અપાવ્યુ તે પણ એમની રાજનીતિનું બીજુ એવુ જ પ્રશસનીય ઉદાહરણ છે એવા એવા બીજા ઘણા દાખલા પૂર્વે વાચકે જોયા પણ છે.

આ પ્રમાણે તેમની બુદ્ધિ પૂરેપૂરી ખીલેલી હોવાથી, તે સર્વવ્યાપી,

સર્વદર્શી, અને સર્વ પ્રકારના ઉપાયો યોજનારી થઈ પડી હતી, એ ઘણી વાર આગળ કહેવામા આવ્યુ છે. માણસથી જેટલુ સર્વજ્ઞ બની શકાય તેટલા સર્વજ્ઞ કૃષ્ણ થયા હતા અપૂર્વ અધ્યાત્મવિદ્યા અને ધર્મતત્ત્વ, જેનો પાર આજે પણ માણસો પામી શક્યા નથી, ત્યાથી માડીને તે વૈદ્યક અને સગીતવિદ્યા, તેમ જ ઘોડાને કેમ રાખવા કે હાકવા વગેરેની વિદ્યા પણ તેમને આવડતી હતી ઉત્તરાના મુએલા છોકરાને જીવતો કર્યો, એ પહેલી વિદ્યાની આવડતનો દાખલો, એમની પ્રખ્યાત વાસળીને સૂર તે બીજી વિદ્યાની આવડતનો નમૂનો, અને જયદ્રથના વધને દિવસે ઘોડાના શરીરમાથી બાણ અને કાટા કાઢ્યા તે ત્રીજી વિદ્યાની આવડતની ખુબી

તેમની કામ કરવાની વૃત્તિ પણ એવી જ સ્ફુર્તિ પામી હતી તેમના સાહસ, દરેક કામમા ઝંપલાવવાની વૃત્તિ, અને તત્પરતા ઘણી વખત આપણે જોયા છે. તેમના સત્ય અને ધર્મ અવિચલિત હતા તેની આ ગ્રથમા પૂરેપૂરી સાબિતીઓ આવી ગઈ છે પ્રાણીમાત્ર ઉપર તેમની દયા અને પ્રીતિની કોઈથી ના પાડી શકાય તેમ નથી મહાબળવાળા, મગરૂર માણસોથી પણ પોતે બળવાન હોવા છતા જ્યા લોકોના હિતની વાત આવે ત્યા શાન્તિથી કામ લેવા પોતે દૃઢ યત્ન કરતા અને તેમ કરવા પોતે દૃઢ પ્રતિજ્ઞા કરી હતી વળી સર્વ મનુષ્યનુ પોતે ભલુ ચાહતા હતા એટલુ જ નહિ પણ ગાય, વાછરડા આદિ જાનવરો તરફ પણ તેમની તેવી જ દયામય વૃત્તિ રહેતી, એનુ ઉદાહરણ ગિરિયજ્ઞ વખતે મળે છે વાદરાઓ વગેરે માટે માખણ ચોરવાની ભાગવતકારની લખેલી વાતો કેટલે દરજ્જે લોકોમા ચાલતી આવેલી દતકથા હશે એ કહી શકાતુ નથી; પરતુ ગાય તથા વાછરડાના ઉત્તમ ભોજનને માટે ઈન્દ્રયજ્ઞ બધ પડાવ્યો, એ તેમના ચરિત્રની દયામયવૃત્તિને અનુમોદન આપે છે પોતાના સગા વહાલા, કુટુબીઓનુ ભલુ કરવા તે કેટલા તત્પર રહેતા તે આપણે જોયુ છે, એટલુ જ નહિ પણ તે સગાસબધી પાપાચારી થાય તો પોતે તેમની જોડે કેવા શત્રુ જેવા વર્ત્તતા તે પણ જોયુ છે તેમનો અપરિસીમ–અનહદ ક્ષમાગુણ આપણે જોયો છે, અને એ પણ જોયુ છે કે પ્રસગ આવે વગર સકોચે, વિનાભયે એ કેવી રીતે સજા પણ કરતા. તે પોતાનાં

સગાંને ચહાતા ખરા, પણ જો તેમના નાશથી લોકોનું ભલું થતું હોય તો પછી તે સગાવહાલાઓનો નાશ કરતા તે કદિ કમકમતા નહીં. કંસ તેમનો મામો થતો હતો, જેવું પાંડવો જોડે એમને સગપણ હતું તેવું શિશુપાળ જોડે પણ હતું તેઓ એમની ફોઈના છોકરા થતા હતા, છતાં કંસ અને શિશુપાળને તેમના કૃત્યનો ઘટતો બદલો પોતે આપ્યો અને છેવટે યાદવો પોતે પણ જ્યારે દારૂડીઆ અને અનીતિપરાયણ થઈ ગયા, ત્યારે તેમને પણ બચાવવા પોતે કાંઈ ઉપાય લીધા નહિ, ને તેમનો નાશ થવા દીધો.

આ બધી શ્રેષ્ઠ વૃત્તિઓ તેમનામાં પૂરેપૂરો વિકાસ પામી હતી, તેથી એમ સમજવાનું નથી કે ચિત્તને રંજન કરનારી, મનને ખુશ રાખનારી વૃત્તિઓનું સેવન તેમણે કરેલું નહિ, તે પણ તેમણે કર્યું હતું, કારણ પોતે આદર્શ મનુષ્ય હતા, તેટલા માટે વૃન્દાવનમાં વ્રજલીલા, અને પાકી ઉમ્મરે સમુદ્રવિહાર, યમુનાવિહાર, રૈવતકવિહાર વગેરે કરેલા તેનું વિસ્તારપૂર્વક વર્ણન જરૂર ન જણાયાથી આપ્યું નથી

માત્ર એક હકીકત હવે બાકી રહી છે ધર્મતત્ત્વ નામના ગ્રંથમાં કહ્યું છે તેમ ભક્તિ એ માણસની મુખ્યમાં મુખ્ય વૃત્તિ છે. કૃષ્ણ આદર્શ મનુષ્ય હતા, અને માણસને આદર્શ મનુષ્ય થવાનું શિખવવા જન્મ્યા હતા, પરંતુ તેમની ભક્તિની વૃત્તિ સંબંધે આપણે કાંઈ જોયું નથી; એનો જવાબ એ છે કે જો તે પોતે જ ઈશ્વરાવતાર હોય તો તો પછી તેમને ભક્તિની જરૂર જ રહે નહિ, કારણ ભક્તિ કોની કરે? પોતાની,* પોતે પરમાત્માથી અભિન્ન છે એવું જો તે માને તો જ તે પોતાની ભક્તિ કરી શકે આ રીતની વૃત્તિ તે જ્ઞાનમાર્ગનું છેક છેવટનું પગલું છે, તેને "આત્મરતિ" કહે છે છાંદોગ્ય ઉપનિષદ્‌માં તેને વિષે કહ્યું છે કે,

एष एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरतिरात्मक्रीड आत्ममिथुन आत्मानन्दः स स्वराड भवतीति ॥

"જે આ જોઈ, આ વિચારી, આ જાણી, આત્મામાં રત થાય,

---

* મહાભારતમાં કહ્યું છે કે કૃષ્ણ શિવભક્ત હતા, પરંતુ એ હકીકત પાછળથી દાખલ થઈ ગયલી હોય એવાં ચિહ્નો તેમાથી જડી આવે છે.

આત્મામાં જ રમે, આત્મા જેનો સહચર, સોબતી થાય, આત્મા જ જેનો આનન્દ થાય, તે સ્વરાજ (કહેવાય)."

ગીતામાં પણ એવું જ કહ્યું છે, કૃષ્ણ આત્મારામ, આત્મા જગન્મય છે તેથી જ તે જગત્ ઉપર પ્રીતિવાળા–પ્રીતિ રાખનાર હતા. પરમાત્માની આત્મરતિ એ સિવાય કોઇ બીજી રીતે સમજી કે સમજાવી શકાતી નથી.

છેવટ એટલુ કહેવાનુ છે કે કૃષ્ણ બધી જગ્યાએ, બધે વખતે બધા ગુણોના તેજથી પ્રકાશિત હતા, તે કોઇનાથી જિતાય તેવા ન હતા, કોઈનાથી જિતાયા ન હતા, વિશુદ્ધ, પુણ્યમય, પ્રીતિમય, દયામય હતા, પોતાના કર્ત્તવ્ય કરવામા કદિ પાછા પડતા નહતા, ધર્માત્મા, વેદજ્ઞ, નીતિજ્ઞ, ધર્મજ્ઞ, લોકહિતૈષી, ન્યાયી, ક્ષમાશીલ, નિષ્પક્ષપાત, શાસન કરનાર, મમતાહીન, અહકાર વિનાના, યોગી, અને તપસ્વી હતા, પોતે માણુસની શક્તિ વાપરી કામ કરતા હતા, છતા તેમનુ ચરિત્ર ઇશ્વરી હતું. એવી રીતની માનુષી શક્તિ વડે જે અમાનુષી ચરિત્ર વિકાસ પામે તેના ઉપરથી તેના મનુષ્યત્વ અથવા ઇશ્વરત્વ વિષે અનુમાન, તે માણુસ હશે કે ઇશ્વર હશે તેનો વિચાર, વાચક પોતાની શક્તિ મુજબ કરી લેશે. જેનો એવો નિર્ણય થાય કે તે માણુસ જ હતા, તો તે, મી० Rhys Davids (રીસ ડેવીડ્સ) શાક્યસિંહ (બુદ્ધ) વિષે જે શબ્દો કહે છે તે શ્રીકૃષ્ણને લાગુ પાડશે – The Wisest and Greatest of the Hindus–એટલે કે તે હિન્દુઓમાં મોટામા મોટા અને ડાહ્યામા ડાહ્યા માણુસ થઈ ગયા, અને જેનો એવો નિર્ણય થાય કે એ કૃષ્ણચરિત્રમા ઇશ્વરનો પ્રભાવ દેખાય છે, તો આ ગ્રથની સમાપ્તિ વખતે અમારી સાથે તે પણ હાથ જોડી નમ્ર ભાવે એવી પ્રાર્થના કરશે કે,

नाकारणात् कारणाद्वा कारणाकारणान्न च ।
शरीरग्रहणं चापि धर्मत्राणाय ते परम् ॥

સમાપ્ત